—: પ્રકાશક :—
શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા
અને શ્રી જૈન શ્રેયસ્કર મંડળ–મહેસાણા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः ॥

ગ્રંથાંક-૧૦૧

વાચકવર શ્રી ઉમાસ્વાતિ મહારાજ વિરચિત

# શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર

( ગુજરાતી વિવેચન સાથે )

卐

-: વિવેચનકાર :-

સ્વ. પૂ. આચાર્ય શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના
સમુદાયના મુનિરાજ શ્રી રાજશેખરવિજયજી મહારાજ

卐

-: સંશોધનકાર :-

પંડિત શ્રી પુખરાજજી અમીચંદજી કોઠારી

卐

-: પ્રકાશક :-

વકીલ ચીમનલાલ અમૃતલાલ શાહ
શ્રી બાબુલાલ જેસિંગલાલ મહેતા
ઓ. સેક્રેટરીઓ

શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાલા
અને
શ્રી જૈન ગ્રેયસ્કર મંડળ - મહેસાણા

ઈ.સ. ૧૯૭૫ | મૂલ્ય : રૂા. ૧૭=૦૦ | નકલ ૫૦૦
સંવત ૨૦૩૨ | | આવૃત્તિ પહેલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંપૂર્ણ દ્રવ્ય સહાયક

# પિંડવાડા (રાજસ્થાન) જૈન સંઘ

જ્ઞાન ખાતામાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય નિવેદન

પ્રસ્તુત ગ્રંથનું પઠન-પાઠન જૈન શ્વેતાંબર સંપ્રદાયમાં ચિરકાળથી ચાલ્યું આવે છે. પરમ પૂ. પંન્યાસ શ્રી આનંદસાગરજી મહારાજ સાહેબ તથા પરમપૂજ્ય કર્પુર વિજયજી મહારાજ સાહેબોએ પ્રેસ કોપી આદિ તપાસી આપેલ તેનું પ્રથમ પ્રકાશન વિક્રમ સં. ૧૯૭૨ માં અને બીજું પ્રકાશન વિક્રમ સંવત્ ૧૯૮૦ માં આ સંસ્થાએ કરેલ છે. ત્યાર બાદ સંસ્થાના ભૂતપૂર્વ મેનેજર સ્વર્ગસ્થ પંડિત શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખે વિસ્તૃત વિવેચનમાં લખી તૈયાર કરી આપેલ. તેનું પ્રકાશન બે ભાગમાં વિક્રમ સંવત્ ૨૦૧૬ માં આ સંસ્થાએ કરેલ છે. તે નકલો પણ હવે લગભગ ખલાસ થવા આવેલ છે. તે સિવાય અન્ય સંસ્થાઓ દ્વારા અનેક મહારાજ સાહેબોએ અને અનેક પંડિતોએ આ ગ્રંથનાં નાનાં મોટાં અનેક પુસ્તકો બહાર પાડેલ છે. પરંતુ મધ્યમ ક્ષયોપશમવાળા પૂ. સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો તેમજ વિદ્યાર્થીઓ વગેરે સમજી શકે તેવા સરલ અને મધ્યમ વિવેચન વાળા પુસ્તકોની અત્યંત આવશ્યકતા લાગવાથી અમોએ પરમ પૂજ્ય સ્વર્ગસ્થ પ્રેમ સૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન પ. પૂ. હીરસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન પરમ પૂ. લલિતશેખર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિજયજી મહારાજ સાહેબના શિષ્યરત્ન વિદ્વદ્વર્ય પ. પૂ. રાજશેખર વિજયજી મહારાજ સાહેબને તત્ત્વાર્થાધિગમ સૂત્રનું વિવેચન લખી આપવા વિનંતિ કરેલ. અને અમારી વિનંતિનો સ્વીકાર કરી તેઓશ્રીએ અથાગ પ્રયત્ન દ્વારા તે પ્રમાણે સુંદર વિવેચન તૈયાર કરી આપેલ. એને સંસ્થાના અધ્યાપક પુખરાજજી અમીચંદજીએ ઝીણવટ પૂર્વક અક્ષરશઃ તપાસેલ છે. અને તેમણે સૂચવેલા કેટલાક સ્થળોએ સુધારા વધારા પણ કરવામાં આવેલ છે. તેથી આ પુસ્તકનું પ્રકાશન કરવાનો લાભ આ સંસ્થાને મળ્યો છે. પુસ્તક પ્રકાશનમાં સંપૂર્ણ સહકાર પરમ પૂજ્ય મુનિ ભગવંત શ્રી રાજશેખર વિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી પિંડવાડા (રાજસ્થાન) જૈન સંઘ જ્ઞાન ખાતામાંથી મળ્યો છે તે બદલ અમો પૂજ્યશ્રીનો તથા પિંડવાડા જૈન સંઘનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

લેખકશ્રીએ અત્યંત કાળજી રાખવા છતાં છદ્મસ્થતા-આદિના કારણે અગર પ્રેસદોષ આદિના કારણે કંઈ પણ સ્ખલના રહી ગઈ હોય તે અમોને જણાવવા સુજ્ઞ મહાશયોને નમ્ર વિનંતિ છે.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિવેચકનું વિવેચન

પ્રસ્તુત વિવેચનમાં તત્ત્વાર્થ ભાષ્યના ઘણા ખરા પદાર્થોનું સ્પષ્ટીકરણ કર્યું છે. મારી દૃષ્ટિએ ભાષ્યના જે પદાર્થો તત્ત્વાર્થના પ્રાથમિક કે મધ્યમ અભ્યાસીઓને વધારે કઠીન પડે તેવા લાગ્યા અને એ પદાર્થોને વિવેચનમાં ન લેવાથી સૂત્રના વિષયને સમજવામાં વાંધો પણ ન જણાયો તે પદાર્થો આમાં લીધા નથી. આ સિવાયના ભાષ્યના લગભગ બધા પદાર્થોનું મારી શક્તિ મુજબ સ્પષ્ટીકરણ કર્યું છે. તથા તે તે સૂત્રના વિષયની વિશેષ સમજૂતી આપવા ભાષ્યમાં ન હોય તે વિષયો પણ કર્મગ્રંથ, વિશેષાવશ્યક ભાષ્ય આદિ ગ્રંથોના આધારે અહીં લીધા છે. આમાં ઉપદેશાત્મક વિવેચન જેટલું લખાય તેટલું ઓછું છે. છતાં પદાર્થોને જ વિશેષ સમજાવવાનો ઈરાદો હોવાથી બે ત્રણ સ્થળે સામાન્ય ઉપદેશ સિવાય કયાંય ઉપદેશાત્મક લખાણ લખ્યું નથી.

ગ્રંથ છપાયા પહેલાં અને પછી પણ મહેસાણા પાઠશાલાના પ્રધાન પ્રાધ્યાપક પંડિત વર્ય શ્રી પુખરાજજી અમીચંદજીએ સંપૂર્ણ ગ્રંથનું કાળજીથી સંશોધન કર્યું છે. પદાર્થની દૃષ્ટિએ રહી ગયેલી ક્ષતિઓ અહીં પાછળના ભાગમાં આર્થિક સ્પષ્ટીકરણ વિભાગમાં આપવામાં આવી છે. આ સિવાય બીજી ક્ષતિઓ જણાય તો એ તરફ મારું લક્ષ્ય દોરવા વાંચકોને નમ્ર વિનંતિ કરું છું. વાંચકો આ વિનંતિનો સ્વીકાર કરી મને પ્રોત્સાહન આપશે એવી આશા રાખું છું. સહુ કોઈ આ ગ્રંથના પઠન–પાઠન દ્વારા સ્વ–પરનું શ્રેય સાધે એ જ પરમ શુભેચ્છા.

મુનિ રાજશેખર વિજયજી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કૃતજ્ઞતાભાવ

જ્યારે હું એક તરફ મારી શક્તિનો વિચાર કરું છું, અને બીજી તરફ આ ગ્રંથને જોઉં છું ત્યારે મારી સામે હું આ શી રીતે કરી શકયો એ પ્રશ્નાર્થ ચિહ્ન ખડું થાય છે. પણ મારા વડિલોની કૃપાદૃષ્ટિનું સ્મરણ થતાં જ એ પ્રશ્નાર્થ ચિહ્ન અલોપ થઈ જાય છે. સ્વ. ત્રિશતાધિક મુનિગણના નેતા પરમાધ્યપાદ પ. પૂ. પ્રપરમ ગુરુદેવ આચાર્ય દેવેશ **શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** તથા પરમગીતાર્થ પ. પૂ. પરમ ગુરુદેવ આચાર્ય દેવ **શ્રીમદ્વિજય હીરસૂરીશ્વરજી મહારાજની** કૃપાદૃષ્ટિ વિના આવું સર્જન મારાથી ન થઈ શકે એમ મારું અંતઃકરણ સાક્ષી પૂરે છે. તથા પ. પૂ. પરાર્થપરાયણ ગુરુદેવ **શ્રી લલિતશેખર વિજય મહારાજે** પ્રુફ સંશોધન આદિમાં આપેલા સાધંત સહકારથી હું આ ગ્રંથનું સંપાદન કાર્ય સુખ પૂર્વક કરી શકયો છું. આ સ્થળે આ ત્રણે મારા પૂજ્ય વડિલોને નતમસ્તકે ભાવભરી અંજલિ સમર્પું છું. કયારેક કોઈ પદાર્થમાં મહત્ત્વની ચૂંચ ઊભી થતી કે સંશય જાગતો ત્યારે તત્ત્વાર્થ અને તત્ત્વાર્થ વિષયોને લગતા પ્રાચીન-અર્વાચીન, પ્રાકૃત-સંસ્કૃત; હિંદી-ગુજરાતી ગ્રંથો મદદ રૂપ બન્યા છે. આથી મૂળ ગ્રંથના પ્રણેતા મહાપુરુષો અને તેના સંપાદકો વગેરે પ્રત્યે કૃતજ્ઞતા પ્રદર્શિત કરવાનું મારા માટે અનિવાર્ય બની જાય છે. મહેસાણા સંસ્થાની પાઠશાલાના પ્રધાન પ્રાધ્યાપક પંડિતવર્ય શ્રી પુખરાજજી અમીચંદજીએ તત્ત્વાર્થની વિસ્તૃત નોટ વગેરે આત્મીય ભાવે કાળજી પૂર્વક તપાસ્યા બાદ અનેક પત્રો દ્વારા પ્રશંસાના પુષ્પો વેરીને આપેલું પ્રોત્સાહન ચિરસ્મરણીય રહેશે.

—મુનિ રાજશેખર વિજયજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રાક્કથન

ૐ હ્રીઁ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

ૐ હ્રીઁ શ્રી ચરમતીર્થાધિપતિ શ્રી મહાવીર સ્વામિને નમઃ

શ્રી સ્વવિદ્યાગુરુભ્યો નમઃ

**શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રની મહત્તાઃ**–જૈન દર્શનમાં અનુયોગ, એટલે કે સૂત્રનું વ્યાખ્યાન કરવાની પદ્ધતિ, ઘણી જ સુંદર છે. તેના ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ, ધર્મકથાનુયોગ, અને દ્રવ્યાનુયોગ એમ ચાર પ્રકાર છે. આ ચાર પ્રકારના અનુયોગ દ્વારા તે તે કક્ષાના બાલ, મધ્યમ કે પંડિત પુરુષો સુગમતાથી શાસનના હાર્દને પામી, સાધનાની દિશામાં આગળ વધી, શીઘ્ર સાધ્યની સિદ્ધિ હાંસલ કરી શકે છે.

પ. પૂ. યુગપ્રધાન શ્રી આર્યરક્ષિત સૂરીશ્વરજી મ. સા. ના કાળસુધી આ ચારે અનુયોગ સંકલિત એટલે કે એકીસાથે જોડાયેલા હતા. પરંતુ તેઓશ્રીએ દુઃષમાનુભાવ આદિના પ્રભાવથી અલ્પબુદ્ધિવાળા શિષ્યોને વ્યામોહ ન થાય, અને તેઓ સારી રીતે સમજી શકે, તે ઉદ્દેશથી ચારે અનુયોગોનું અલગ અલગ વિભાજન કરેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં આચારની પ્રધાનતા જેમાં બતાવેલ છે તેવાં આચારાંગ, દશવૈકાલિક સૂત્ર વગેરે આગમોમાં અને ત્રણ ભાષ્ય, શ્રાદ્ધવિધિ વગેરે પ્રકરણોમાં મુખ્યત્વે ચરણકરણાનુયોગનુ વ્યાખ્યાન છે. ગણિતનો વિષય જેમાં પ્રધાનતાએ દર્શાવેલ છે તેવાં ચન્દ્રપ્રજ્ઞપ્તિ, સૂર્ય પ્રજ્ઞપ્તિ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વગેરે આગમોમાં અને ક્ષેત્રસમાસ, બૃહત્સંગ્રહણી, છઠ્ઠો કર્મગ્રન્થ વગેરે પ્રકરણોમાં મુખ્યત્વે ગણિતાનુયોગનું સુંદર વ્યાખ્યાન છે. સાધકોની શ્રદ્ધાને સુદૃઢ કરવા માટે પૂર્વના મહાપુરૂષોનાં દૃષ્ટાંતો જેમાં દર્શાવવામાં આવ્યાં છે એવાં જ્ઞાતાધર્મકથા, ઉપાસક દશાંગ વગેરે આગમોમાં અને ઉપદેશમાલા, ઉપદેશ પ્રાસાદ વગેરે પ્રકરણોમાં ધર્મકથાનું વ્યાખ્યાન છે. છ દ્રવ્યો અને તેમના ગુણ–પર્યાયોની સુંદર અને સૂક્ષ્મતાભરી છણાવટ જેમાં જોવા મળે છે એવાં સૂયગડાંગ, સમવાયાંગ વગેરે આગમોમાં અને સમ્મતિતર્ક, તત્ત્વાર્થ સૂત્ર, દ્રવ્ય–ગુણ–પર્યાયનો રાસ, નવતત્ત્વ વગેરે પ્રકરણોમાં મુખ્યતયા દ્રવ્યાનુયોગનું વ્યાખ્યાન છે.

આ ચાર અનુયોગોમાં અપેક્ષાએ દ્રવ્યાનુયોગ સૌથી મહત્ત્વનું સ્થાન ધરાવે છે. કારણ કે જીવોને મોક્ષપ્રાપ્તિ કેવળજ્ઞાનથી થાય છે. કેવળજ્ઞાન શુકલ ધ્યાનથી પ્રગટે છે. શુકલ ધ્યાન દ્રવ્યાનુયોગના ચિંતન–મનન–નિદિધ્યાસનથી સુલભ બને છે. આ જ વાત મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સાહેબે દ્રવ્ય–ગુણ–પર્યાય રાસની પહેલી ઢાળની છઠ્ઠી ગાથામાં જણાવી છે. તેમજ સમ્મતિ તર્કમાં કહ્યું છે કેઃ–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચરણસિત્તરિ અને કરણસિત્તરિમાં સંપૂર્ણ સમ્યગ્ આહર ધરાવનાર મુનિઓ પણ સ્વશાસ્ત્ર અને પરશાસ્ત્રના અભ્યાસ વિના નિશ્ચયથી શુદ્ધ સારને જાણી શકતા નથી. અને શ્રી મહોપાધ્યાયજી પણ એ જ વાતને પુષ્ટ કરતા જણાવે છે કે દ્રવ્યાનુયોગની વિચારણા વિના ચરણ અને કરણનો કોઈ સાર નથી. સાથોસાથ એ વાત પણ જણાવે છે કેઃ— આ દ્રવ્યાનુયોગમાં જેમનો સતત ઉપયોગ છે એવા મહાપુરુષોને આધાકર્માદિક દોષો પણ લાગતા નથી.

આવી અનેક બાબતોને સાંકળી લેતી દ્રવ્યાનુયોગની પ્રશસ્તિ દ્રવ્ય–ગુણ–પર્યાય રાસની પ્રથમ ઢાળમાં મુક્ત કંઠે ગાઈ છે. વિશેષ જિજ્ઞાસુએ પ્રથમ ઢાળનું ચિંતન–મનન કરવું અત્યંત આવશ્યક છે.

આ ઉપરથી સહેજે ખ્યાલ આવી શકે છે કે શ્રી જિનશાસનમાં દ્રવ્યાનુયોગ કેવું આગવું સ્થાન ધરાવે છે. જેમ મોક્ષપુરુષાર્થના અભાવમાં પ્રથમના ધર્માદિ ત્રણ પુરુષાર્થો અને ધર્મપુરુષાર્થના અભાવમાં અર્થ અને કામ એ બે પુરુષાર્થો નિષ્ફળ છે, તેમ દ્રવ્યાનુયોગની વિચારણા વિના પ્રથમના ત્રણ અનુયોગો પણ નિષ્ફળ છે—સાધ્યની સિદ્ધિ કરાવી શકતા નથી એમ અપેક્ષાએ જરૂર કહી શકાય. માટે જ આત્માર્થીઓને દ્રવ્યાનુયોગની વિચારણા અત્યંત આવશ્યક છે.

આ સૂત્રમાં મુખ્યત્વે દ્રવ્યાનુયોગની વિચારણા છે, અને સાથોસાથ ગણિતાનુયોગ તેમજ ચરણકરણાનુયોગની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ સુંદર વિચારણા કરવામાં આવી છે. તેથી આ સૂત્ર શ્રી જૈનશાસનમાં અત્યંત મહત્વનું સ્થાન ધરાવે છે.

દિગમ્બર અને શ્વેતાંબર એમ બન્ને સંપ્રદાયમાં પ્રસ્તુત સૂત્રનું પઠન–પાઠન ઘણા લાંબા સમયથી ચાલુ છે. તેમાં પણ દિગમ્બર સંપ્રદાયમાં તો કેટલાંક સૂત્રોના ફેર ફાર સાથે આ સૂત્રને "सर्वोपरि मुख्य आगम मोक्षशास्त्र" તરીકે માનવામાં આવે છે. તેઓ આ સૂત્રના કર્તા "ઉમાસ્વાતિ" અથવા "ઉમાસ્વામી"ને શ્રી કુંદકુંદાચાર્યના શિષ્ય તરીકે માને છે. પરંતુ આ ગ્રન્થકર્તા શ્રી ઉમાસ્વાતિ દિગમ્બર સંપ્રદાયના નથી, પણ શ્વેતામ્બર સંપ્રદાયમાં (પરમ્પરામાં) જ થયેલા છે. તે માટે વિશેષ જિજ્ઞાસુઓએ પ. પૂ. આગમોદ્ધારક શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મ. સાહેબે લખેલ "तत्त्वार्थकर्तृत्वतन्मतनिर्णयः" નામનું પુસ્તક જોવું.

શ્વેતાંબર સંપ્રદાયમાં પણ પ્રસ્તુત ગ્રન્થ ઘણા મહત્વનું સ્થાન ધરાવે છે. આ ગ્રન્થ ઉપર બંને સંપ્રદાયોના અનેક આચાર્ય મહારાજોએ અનેક ટીકાઓ તેમજ અનેક પંડિતોએ હિન્દી તથા ગુજરાતી ભાષામાં નાનાં–મોટાં અનેક પુસ્તકો બહાર પાડેલ છે.

આ ગ્રન્થ માત્ર ૨૦૦ શ્લોકથી પણ ઓછા પ્રમાણવાળો હોવા છતાં તેમાં લગભગ જૈન દર્શનના મૌલિક બધા જ પદાર્થોનો સંગ્રહ કરવામાં આવેલ છે. માટે જ "ઉમાસ્વાતિ જેવા કોઈ સંગ્રહકાર નથી." એમ શ્રી સિદ્ધ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હેમ વ્યાકરણમાં કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્ર સૂરીશ્વરજી મ. સાહેબને પણ કહેવું પડયું છે. અને એથી જ પૂર્વના મહાપુરુષોએ આ ગ્રન્થને "અર્હત્પ્રવચન સંગ્રહ" તરીકે પણ ઓળખાવ્યો છે.

**સંક્ષેપમાં ગ્રંથ પરિચય:**—આ ગ્રન્થના દશ અધ્યાય છે. શરૂઆતમાં પ્રસ્તાવના રૂપે ૩૧ ગાથા પ્રમાણ સંબંધ કારિકા ગ્રન્થકારે પોતે જ રચેલ છે, જે ખાસ મનન કરવા લાયક છે. તે પછી પહેલા અધ્યાયમાં સમ્યક્ત્વ, જીવાદિ તત્ત્વો, તત્ત્વોની વિચારણા કરવાનાં દ્વારો, જ્ઞાન અને સાત નયનું સ્વરૂપ વર્ણવેલ છે. બીજા અધ્યાયમાં જીવોનું લક્ષણ, ઔપશમિકાદિ ભાવોના ૫૩ ભેદ, જીવના ભેદ, ઇંદ્રિય, ગતિ, શરીર, આયુષ્યની સ્થિતિ વિગેરે વર્ણવેલ છે. ત્રીજા અધ્યાયમાં સાત પૃથ્વી, નારક જીવોની વેદના તથા આયુષ્ય, મનુષ્ય ક્ષેત્રનું વર્ણન, તિર્યંચના ભેદો તથા સ્થિતિ વિગેરે આવે છે. ચોથા અધ્યાયમાં દેવલોક, દેવતાની ઋદ્ધિ અને જઘન્યોત્કૃષ્ટ આયુષ્ય વગેરે બાબતો બતાવી છે. પાંચમા અધ્યાયમાં ધર્માસ્તિકાયાદિ અજીવનું તથા દ્રવ્યોનાં લક્ષણોનું, છઠ્ઠામાં આસ્રવનું, સાતમામાં દેશવિરતિ અને સર્વવિરતિનું તથા તેમાં લાગતા અતિચારોનું, આઠમામાં મિથ્યાત્વાદિ હેતુથી થતા બંધનું, નવમામાં સંવર તથા નિર્જરાનું અને દશમા અધ્યાયમાં મોક્ષતત્ત્વનું વર્ણન છે. ઉપસંહારમાં ૩૨ શ્લોક પ્રમાણ અંતિમકારિકામાં સિદ્ધનું સ્વરૂપ વગેરે બહુ સારી રીતે વર્ણવેલ છે. પ્રાન્તે ગ્રંથકારની પ્રશસ્તિ આપવામાં આવેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સૂત્ર ઉપર અનેક વિદ્વાનોએ વિસ્તૃત વિવેચન લખ્યું છે. આ સૂત્ર ઉપર લખાયેલ સંસ્કૃત સાહિત્ય નીચે મુજબ છે.

## તત્ત્વાર્થસૂત્ર ઉપર વર્તમાનમાં લભ્ય-મુદ્રિત સંસ્કૃત-ગ્રંથો

(૧) સ્વોપજ્ઞભાષ્ય. (૨૨૦૦ શ્લોક પ્રમાણ.)

(૨) શ્રી સિદ્ધસેન ગણિકૃત ભાષ્યાનુસારિણી ટીકા. (૧૮૨૦૨ શ્લોકપ્રમાણ).

(૩) શ્રી હરિભદ્ર સૂરિકૃત ટીકા.[૧] (૧૧૦૦૦ શ્લોક પ્રમાણ ).

(૪) ચિરંતન નામના મુનિરાજશ્રીએ કરેલું તત્ત્વાર્થ ટિપ્પણ.

(૫) પ્રથમ અધ્યાય ઉપર મહોપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત ભાષ્યતર્કાનુસારિણી ટીકા.

(૬) ભાષ્યતર્કાનુસારિણી ટીકા ઉપર શ્રી હર્ષન સૂરિજી કૃત અતિવિસ્તૃત ટીકા.

(૭) યશોવિજયજી[૨] ગણિકૃત ગુજરાતી ટબો.

---

૧. શ્રી હરિભદ્રસૂરિજીએ પાંચ અધ્યાય સુધીની ટીકા બનાવી છે. અધૂરી રહેલી એ ટીકા શ્રી યશોભદ્રસૂરિજીએ પૂરી કરી છે.

૨. આ યશોવિજયજી ગણી સુપ્રસિદ્ધ ન્યાયવિશારદ યશોવિ. મ. નહિ, પણ બીજા સમજવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૮) સંબંધકારિકા અને અંતિમ કારિકા ઉપર શ્રી સિદ્ધસેન ગણિકૃત ટીકા.

(૯) સંબંધ કારિકા ઉપર શ્રી દેવગુપ્તસૂરિકૃત ટીકા.

## તત્ત્વાર્થસૂત્ર ઉપર લખાયેલ અલભ્ય ગ્રંથો

(૧) શ્રી દેવ ગુપ્તસૂરિએ સંબંધ કારિકાની પોતાની ટીકાના અંતે–इतीयं कारिकाटीका, शास्त्रटीकां चिकीर्षुणा । संदब्धा देवगुप्तेन, प्रीतिधर्मार्थिना सता ॥ १ ॥ એમ જણાવ્યું છે. આથી તેઓશ્રીએ કદાચ આ સૂત્ર ઉપર ટીકા લખી હોય.

(૨) શ્રી મલયગિરિ સૂરિ મહારાજ પ્રજ્ઞાપના (પન્નવણા) સૂત્રની પોતાની ટીકામાં કહે છે કે—

यथा च प्रमाणबाधितत्वं तथा तत्त्वार्थटीकायां भावित-मिति ततोऽवधार्यं ॥

આ ઉપરથી સંભવિત છે કે શ્રી મલયગિરિસૂરિ મહારાજે પણ તત્ત્વાર્થ ઉપર ટીકા બનાવી હશે.

(૩) મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજની પ્રથમ અધ્યાય ઉપર લખાયેલી ટીકા ઉપલબ્ધ હોવાથી સંપૂર્ણ તત્ત્વાર્થ ઉપર ટીકા રચી હોય એવું અનુમાન થઈ શકે છે.

દિગમ્બર આમ્નાયમાં આ ગ્રન્થ ઘણો પ્રચલિત છે. સૂત્રોના કેટલાક ફેરફારો સાથે આ ગ્રન્થ તેઓ પોતાના સંપ્ર-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાયમાં થયેલા ઉમાસ્વામીજીનો બનાવેલ માને છે. તેમનામાં પણ આ સૂત્ર ઉપર સર્વાર્થસિદ્ધિ, શ્લોકવાર્તિક, રાજવાર્તિક, શ્રુતસાગરી વિગેરે સંસ્કૃત ટીકાઓ તથા હિન્દી–ગુજરાતી અનુવાદો ઘણા રચાયેલા છે.

આ ગ્રન્થકારે ૫૦૦ પ્રકરણ રચ્યા કહેવાય છે. તે પૈકી તત્ત્વાર્થાધિગમ સૂત્ર, પ્રથમરતિ પ્રકરણ, જંબૂદ્વીપ સમાસ પ્રકરણ, ક્ષેત્ર સમાસ, શ્રાવક પ્રજ્ઞપ્તિ અને પૂજા પ્રકરણ હાલમાં લભ્ય છે.

કલકત્તાની રોયલ એસીયાટીક સોસાયટી મારફત છપાયેલ તત્ત્વાર્થ ભાષ્યની એપેન્ડીક્ષ ડી. (પૃષ્ઠ ૪૪–૪૫) માં જણાવેલાં બીજા ગ્રન્થોમાં સાક્ષીરૂપે લભ્ય થતાં ઉમાસ્વાતિ મહારાજનાં વચનોથી તેઓશ્રીની ૫૦૦ ગ્રંથના પ્રણેતા તરીકેની પ્રસિદ્ધિને પુષ્ટિ મળે છે. તદુપરાંત નીચેના ફકરાઓ પણ તેમના ગ્રન્થોના હોય એમ જણાય છે. આ ફકરાઓમાં વાચક શબ્દ વાપર્યો છે, તેથી ઉમાસ્વાતિ મહારાજનાં આ વચન છે એમ માની આ ફકરા ઉતાર્યા છે.

-ભાવવિજયજી વિરચિત ઉત્તરાધ્યયન સૂત્રની વૃત્તિમાં નીચે મુજબ લખાણ છે.

અધ્યયન ૧૦, શ્લોક ૧, પૃષ્ઠ ૨૪૪ બી

उक्तं वाचकमुख्यैः–

परिभवसि किमिति लोकं, जरसा परिजर्जरीकृतशरीरम् ।
आशाखमपि गमिष्यसि, यौवनगर्वं किमुद्वहसि ॥ १ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાન્ત્યાચાર્ય વિરચિત ઉત્તરાધ્યયન સૂત્રની વૃત્તિમાં નીચે મુજબ લખાયું છેઃ–

(૧) અધ્યયન ૨, શ્લોક ૧૩, પાનું ૯૩ એ

सम्यक्त्वज्ञानशीलानि तपश्चेतीह सिद्धये ।
तेषामुपग्रहार्थाय, स्मृतं चीवरधारणम् ॥ १ ॥
जटी कूर्ची शिखी मुण्डी, चीवरी नग्न एव च ।
तप्यन्नपि तपः कष्टं, मौढ्याद्धि सो न सिद्धयति ॥२॥
सम्यग्ज्ञानी दयावांस्तु, ध्यानी यस्तप्यते तपः ।
नग्नश्चीवरधारी वा, स सिद्धयति महामुनिः ॥३॥
इति वाचकवचनम् ।

(૨) અધ્યયન ૨, શ્લોક ૧૩, પાનું ૯૫ બી ૮–

उक्तं च वाचकैः–

शीतवातातपैर्दंशै-र्मशकैश्चापि खेदितः ।
मा सम्यक्त्वादिषु ध्यानं न सम्यक् संविधास्यति ॥१॥

(૩) અધ્યયન ૪, પૃષ્ઠ ૧૮૦ (એ)

" सूरिभिरुक्तम् "

धर्मोपकरणमेवैतत् न तु परिग्रहस्तथा ॥
जन्तवो बहवस्सन्ति दुर्दृशा मांसचक्षुषाम् ।
तेभ्यः स्मृतं दयार्थं तु रजोहरणधारणम् ॥१॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आसने शयने स्थाने निक्षेपे ग्रहणे तथा
गात्रसङ्कोचने चेष्टे तेन पूर्वं प्रमार्जनम् ॥२॥

तथाः– सन्ति सम्पातिमाः सत्त्वाः, सूक्ष्माश्च व्यापिनोऽपरे ।
तेषां रक्षानिमित्तं च विज्ञेया मुखवस्त्रिका ॥ ३ ॥

किंचः– भवन्ति जन्तवो यस्मा-दन्नपानेषु केषुचित् ।
तस्मात्तेषां परीक्षार्थं पात्रग्रहणमिष्यते ॥ ४ ॥

अपरं चः–सम्यक्त्वज्ञानशीलानि तपश्चेतीह सिद्धये ।
तेषामुपग्रहार्थाय स्मृतं चीवरधारणम् ॥ ५ ॥

शीतवातातपैर्दंशै – र्मशकैश्चापि खेदितः ।
मा सम्यक्त्वादिषु ध्यानं न सम्यक् संविधास्यति ॥६॥

तस्य त्वग्रहणे यत् स्यात्, क्षुद्रप्राणिविनाशनम् ।
ज्ञानध्यानोपघातो वा, महान् दोषस्तदैव तु ॥७॥

(४) અધ્યયન ૪, શ્લોક ૫મું પાનું ૧૯૧ એ–

आह च वाचक :–इह चेन्द्रियप्रसक्ता निधनमुपजग्मुः, तद्यथा–गार्ग्यः सत्यकिर्नैकर्द्धिगुणं प्राप्तोऽनेकशास्त्रकुशलोऽनेकविद्याबलसम्पन्नोऽपि ॥

(५) અધ્યયન ૪, શ્લોક ૧, પાનું ૧૯૧ બી–

उक्तं च वाचकैः–

मङ्गलैः कौतुकैर्योगै-र्विद्यामन्त्रैस्तथौषधैः ।
न शक्ता मरणात् त्रातुं, सेन्द्रा देवगणा अपि ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીર્થકલ્પમાં શ્રી જિનપ્રભસૂરિજીએ, પ્રશમરતિમાં શ્રી હરિભદ્રસૂરિજીએ, અને પંચાશકની ટીકામાં શ્રી અભયદેવસૂરિએ, શ્રી ઉમાસ્વાતિ મહારાજે ૫૦૦ ગ્રંથોની રચના કરી છે એવો ઉલ્લેખ કર્યો છે.

**ગ્રન્થકર્તા તથા તેનો સમય વગેરેઃ**—ઉમાસ્વાતિ મહારાજના સમયનો ચોક્કસ નિર્ણય નથી. તત્ત્વાર્થ ભાષ્યની પ્રશસ્તિના પાંચ શ્લોક, જે આ ગ્રંથના પ્રાંતે અર્થ સાથે આપેલ છે, તેનો મતલબ એ છે કે—શિવશ્રી વાચકના પ્રશિષ્ય અને ઘોષનંદિ ક્ષમણના શિષ્ય ઉચ્ચ નાગરી શાખામાં થયેલ ઉમાસ્વાતિ વાચકે તત્ત્વાર્થાધિગમ શાસ્ત્ર રચ્યું. તેઓ વાચના ગુરુની અપેક્ષાએ ક્ષમણમુંડપાદના પ્રશિષ્ય અને મૂળ વાચકાચાર્યના શિષ્ય હતા. તેમનો જન્મ ન્યગ્રોધિકામાં થયો હતો. વિહાર કરતાં કરતાં કુસુમપુર (પાટલીપુત્ર—પટના) નામના નગરમાં આ ગ્રંથ રચ્યો. તેમનું ગોત્ર કૌભીષણિ અને તેમની માતાનું ગોત્ર વાત્સી હતું. તેમના પિતાનું નામ સ્વાતિ અને માતાનું નામ ઉમા હતું.

ઉમાસ્વાતિ મહારાજ કૃત જંબૂદ્વીપ સમાસ પ્રકરણના ટીકાકાર વિજયસિંહસૂરિ તે ટીકાની આદિમાં જણાવે છે કે ઉમા માતા અને સ્વાતિ પિતાના સંબંધથી તેમનું ઉમાસ્વાતિ નામ પડ્યું. વાચકનો અર્થ પૂર્વધર હોવો. કેમ કે પન્નવણા સૂત્રની ટીકામાં કહેલ છે કે—

वाचकाः पूर्वविदः ।

તેમજ "જૈન પરંપરાનો ઇતિહાસ" ભાગ ૧ માં પૃષ્ઠ ૩૬૨ થી ૩૬૮ માં નીચે પ્રમાણે જણાવેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્પસૂત્રના ઉલ્લેખથી સમજી શકાય છે કે આર્ય દિન્ન-સૂરિના મુખ્ય શિષ્ય આર્ય શાંતિશ્રેણિકથી ઉચ્ચનાગર શાખા નીકળી છે. આ ઉચ્ચનાગર શાખામાં પૂર્વજ્ઞાનના ધારક અને વિખ્યાત એવા વાચનાચાર્ય શિવશ્રી થયા હતા. તેમને ઘોષનંદિ શ્રમણ નામના પટ્ટધર હતા. જેઓ પૂર્વધર ન હતા, કિન્તુ અગિયાર અંગના જાણનારા હતા.

પંડિત ઉમાસ્વાતિએ ઘોષનંદિ પાસે દીક્ષા લીધી અને અગિયાર અંગનું અધ્યયન કર્યું. તેમની બુદ્ધિ તેજ હતી. તેઓ પૂર્વનું જ્ઞાન ભણી શકે તેવી યોગ્યતાવાળા હતા. એટલે તેમણે ગુરુઆજ્ઞાથી વાચનાચાર્ય શ્રી મૂળ, કે જેઓ મહાવાચનાચાર્ય શ્રી મુંડપાદ ક્ષમાશ્રમણના પટ્ટધર હતા, તેમની પાસે જઈ પૂર્વનું જ્ઞાન મેળવ્યું.

તત્ત્વાર્થાધિગમ ભાષ્યમાં ઉમાસ્વાતિ ઉચ્ચ નાગરી શાખાના હતા તેમ લખાણ છે. ઉચ્ચ નાગરી શાખા શ્રી મહાવીર પરમાત્માની પાટે થયેલા આર્યદિન્નના શિષ્ય આર્ય શાંતિ શ્રેણિકના વખતમાં નીકળી છે. આ ઉપરથી વાચકવર ઉમાસ્વાતિજી વિક્રમના પહેલાથી ચોથા સૈકા સુધીમાં થયા હોય તેમ લાગે છે. તે સિવાય એમનો ચોક્કસ સમય હજુ સુધી ઉપલબ્ધ થયેલ નથી. તેઓશ્રીના સંબંધમાં ઘણા લેખકોએ ઘણું લખ્યું છે. તેથી વિશેષ હું લખી શકું તેમ નથી અને કદાચ થોડું–ઘણું લખું તો પણ જૈન ઇતિહાસના જ્ઞાતાઓની આગળ માતાની આગળ મોસાળની કથા કર્યા જેવું જ ગણાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પુસ્તક પ્રકાશનનો પ્રસંગ–વિક્રમ સંવત્ ૨૦૧૮ માં સ્વર્ગસ્થ પંન્યાસ પ્રવર પ. પૂ. ક્ષાન્તિવિજયજી મ. સા.ની સાથે આ પુસ્તકના લેખક પ. પૂ. શ્રી રાજશેખર વિ. મ. સાહેબે મહેસાણા પધારી બે માસની સ્થિરતા કરી હતી. તે દરમિયાન અહીંથી કાશીના પંડિતજી છુટા થયા હતા અને ભાઈશ્રી રતિલાલ તથા પુનમચંદ એ બન્ને વિદ્યાર્થીઓને સિદ્ધહેમ શબ્દાનુશાસન બૃહદ્વૃત્તિના છેલ્લા ૩ અધ્યાયનો અભ્યાસ બાકી હતો. બાકી રહેલ તે અભ્યાસ તેમણે પૂજ્યશ્રી પાસે કર્યો. તે વખતે તેઓશ્રીનો સામાન્ય પરિચય થયેલ. ત્યારબાદ તેઓશ્રીને તેમજ મને તત્ત્વ-જ્ઞાનનો શોખ હોવાથી અવાર-નવાર પ્રસંગોપાત્ત પત્ર વ્યવહાર ચાલુ રહેવાથી વિશેષ ગાઢ પરિચય થયો. વિ. સંવત્ ૨૦૨૩ના અમદાવાદ શાન્તિનગરના ચોમાસા દરમિયાન તેઓશ્રીએ પોતાના દ્રવ્યાનુયોગના વિષયને વિશેષ રીતે દૃઢ કરવા તેમ જ ષદ્રવ્યાદિકના જિજ્ઞાસુ વિદ્યાર્થીઓને સરળતાથી સારી રીતે સમજાવી શકાય તે માટે તત્ત્વાર્થસૂત્ર ઉપર એક નોટ તૈયાર કરેલ. અને પછી તો સૂરત જિલ્લામાં તેઓશ્રીના પૂ. ગુરુદેવશ્રીની નિશ્રામાં બે સ્થળે યોજાએલ શિક્ષાયતનમાં (ગ્રીષ્મકાલીન ધાર્મિક શિબિરમાં) વિદ્યાર્થી-ઓને તે વિષય સમજાવેલ. પછી ૨૦૨૬ માં મુંબઈ દાદરના ચાતુર્માસ દરમ્યાન તેઓશ્રીએ સવારના તત્ત્વજ્ઞાનના વર્ગમાં આરાધના ભવનના આરાધકોની આગ્રહ ભરી વિનંતિથી તત્ત્વાર્થસૂત્ર રાખેલ.

અનુપયોગ આદિથી કોઈ સ્થળે અશુદ્ધ પદાર્થ લખાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગયેા હેાય અને એથી જિજ્ઞાસુઓને અશુદ્ધ સમજાવી દેવાય એ સુસંભવિત છે. આમ બને તેા મહા દેાષ લાગે. આવા આશયથી તત્ત્વાર્થની નેાટ તપાસવા મને મેાકલેલ. મેં તે નેાટને બાઈ શ્રી રતિલાલ પાસે વંચાવી તેમાં રહેલ કેટલીક સ્ખલનાઓ તેઓશ્રીને જણાવેલ.

આ બાજુ તત્ત્વાર્થાધિગમ સૂત્રનું અત્યંત મહત્ત્વ હેાવાથી જૈન શ્વેતાંબર સંપ્રદાયમાં ઘણાં વર્ષોથી તેનું પઠન પાઠન તેા ચાલું જ હતું. વિશિષ્ટ ક્ષયેાપશમવાળા સાધકેા ટીકાઓ વિગેરેથી તેનું જ્ઞાન કરી શકતા હતા. પરંતુ મધ્યમ ક્ષયેાપશમવાળા સાધકેાને માટે તત્ત્વાર્થ સૂત્ર ઉપર લખાયેલ વિવેચનનાં કેાઈ પુસ્તકેા છપાયેલાં ન હેાવાથી. અને જે છપાયેલાં હતાં તે પણ ઉપલબ્ધ થતાં ન હેાવાથી મધ્યમ કક્ષાવાળા દરેક તત્ત્વ જિજ્ઞાસુઓ આ સૂત્રના અભ્યાસ દ્વારા ષડ્દ્રવ્યાદિકનું સ્વરૂપ સારી રીતે સમજી આત્મતત્ત્વને સમજી શકે તે માટે તત્ત્વાર્થ સૂત્રના અર્થના પુસ્તકની સંસ્થાને પ્રકાશન કરવાની આવશ્યકતા જણાઈ. પરંતુ સંસ્થામાં તે દરમિયાન લખીને તૈયાર કરી શકે તેવા વિદ્વાનેા ન હેાવાથી તેમ જ જે હતા તેઓને પણ સમયનેા અભાવ હેાવાથી પ્રસંગેાપાત્ત મેં સંસ્થાના કાર્યવાહકેાને પૂજ્ય શ્રીની તત્ત્વાર્થની નેાટ સંબંધી વિગત જણાવેલ અને તેથી અમારી સંસ્થાના કાર્યવાહકેાએ પૂજ્યશ્રીને વ્યવસ્થિત રીતે સુંદર શૈલીમાં તત્ત્વાર્થનું વિવેચન લખી આપવા વિનંતી કરેલ. અને તેઓશ્રીને પણ આ વિષયનેા રસ હેાવાથી તેમજ ઉપર જણાવ્યા મુજબ તેઓશ્રી પાસે અમુક લખાણ તૈયાર હેાવાથી કાર્યવાહકેાની વિનંતીનેા સ્વીકાર કરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રીએ સતત અથાગ પ્રયત્ન કરી ફરીથી તે નોટ તપાસી પુનઃ સરળ અને સુંદર ભાષામાં લખી પ્રેસકોપી તૈયાર કરાવી છપાવવાની રજા આપેલ. તેથી આ પુસ્તક પ્રકાશનનો લાભ આ સંસ્થાને મળેલો છે. પ્રુફ જોવાનું કામ પણ તેઓશ્રીએ તેમના ગુરુદેવ પ. પૂ. શ્રી લલિતશેખર વિ. મ. ની સંપૂર્ણ સહાયથી કાળજી પૂર્વક કરી આપેલ છે. પ્રેસ કોપી તેમજ છપાયેલ ફરમાઓ પણ બરાબર સૂક્ષ્મતા પૂર્વક તપાસી તેમાં રહેલ સ્ખલનાઓ પણ પૂજ્ય શ્રીને જણાવી સુધારેલ છે. મેં જણાવેલી તથા તેઓશ્રીને પણ પાછળથી ધ્યાનમાં આવેલી સ્ખલનાઓ પાછળના ભાગમાં આર્થિક સ્પષ્ટીકરણ વિભાગમાં આપી છે. છતાં છદ્મસ્થતા અગર પ્રેસદોષાદિના કારણે સ્ખલનાઓ રહેલી જણાય તો સંસ્થાને તથા લેખકશ્રીને જણાવવા સુજ્ઞ મહાશયોને મારી વિનંતી છે.

આ પુસ્તકના પ્રકાશન દ્વારા આ ગ્રન્થના મધ્યમ ક્ષયોપશમવાળા અભ્યાસકોને ઘણી જ સુગમતા અને સરળતા રહેશે એમ મારું માનવું છે.

**વિવેચનકારનો પરિચય :**—આ ગ્રન્થના લેખક પ, પૂ. શ્રી રાજશેખર વિ. મ. સા. સિદ્ધાન્ત મહોદધિ સ્વર્ગસ્થ પ. પૂ. પ્રેમસૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન પ. પૂ. શ્રી હીરસૂરીશ્વરજી મ સા. ના પ્રશિષ્ય અને પ. પૂ. લલિતશેખર વિ. મ સા. ના શિષ્ય છે તેઓશ્રી સાથે મારે કયારે પરિચય થયેલ અને કેવો પરિચય છે તે હકીકત ઉપર આવી ગયેલ છે. તેઓશ્રીની વ્યાકરણ આદિ તેમજ આધ્યાત્મિક ગ્રન્થોના વિષયની કેવી વિદ્વતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, અને સાથોસાથ તેઓશ્રીનું શ્રમણજીવન પણ કેટલી ઉચ્ચ કક્ષાનું છે તે પાઠક મહાશયોને જણાવવાનું તો ખૂબ જ મન થાય છે. કારણ કે ઉત્તમપુરુષોના ગુણગાન કરવાથી આપણામાં પણ ઉત્તમ ગુણો પ્રાપ્ત થાય....છતાં પૂજ્યશ્રીએ મને પ્રસ્તાવના લખવાનું જણાવતાં પહેલાં જ "તેમાં મારા ઉત્કર્ષની વાત ન જ આવવી જોઈએ" એમ જણાવેલ હોવાથી તેઓશ્રીની આજ્ઞાનું પાલન કરવા તે વિશે હું કશું ય લખતો નથી. પરંતુ આજ સુધીમાં તેઓશ્રીની કલમથી આલેખાઈને બહાર પડેલ જ્ઞાનસાર, પ્રશમરતિ પ્રકરણ, હારિભદ્રીય અષ્ટક, વીતરાગ સ્તોત્ર વગેરેના તથા પ્રસ્તુત પુસ્તકના પઠન-પાઠન દ્વારા ચિંતન અને મનન કરનાર સાધકો તેમજ વિદ્વાનો તેઓશ્રીની વિદ્વત્તા સ્વયમેવ સમજી શકશે. તેમજ આ વિવેચન લખવામાં તેઓશ્રીએ ધર્મરત્ન પ્રકરણ, યોગશાસ્ત્ર, શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્રની અર્થદીપિકા ટીકા, તત્ત્વાર્થ ભાષ્ય, તત્ત્વાર્થ હારિભદ્રીય ટીકા, તત્ત્વાર્થ સિદ્ધર્ષિ ગણિકૃત ટીકા, પંડિત પ્રભુદાસ બેચરદાસભાઈ પારેખે લખેલ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અને દિગમ્બરીય શ્લોકવાર્તિક, રાજવાર્તિક, સર્વાર્થસિદ્ધિ વગેરે અનેક ગ્રન્થોનો આધાર લીધેલ છે તે ઉપરથી પણ તેઓશ્રીની વિદ્વત્તાનો વાચકવર્ગને અવશ્ય ખ્યાલ આવશે જ....

વીર સંવત ૨૫૦૨ શ્રીપુખરાજ અમીચંદજી કોઠારી
વિક્રમ સંવત ૨૦૩૨ ના શ્રીમદ્યશોવિજયજી જૈન
માગસર વદ-૧૦ સંસ્કૃત પાઠશાલા અને
શનિવાર તા. ૨૯-૧૨-૭૫. શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
મહેસાણા...(ઉ. ગુ.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધરણેંદ્રપદ્માવતી સંપૂજિતાય ૐ હ્રીં શ્રીં શ્રી
શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ
ગુરુભ્યો નમઃ
ૐ નમઃ

# આધ્યાત્મિક વિકાસ ક્રમ

આત્માનો વિકાસ કેવી રીતે થાય છે, તેની શરૂઆત ક્યારથી થાય છે અને અંત ક્યારે આવે છે, એનું સ્પષ્ટીકરણ જૈનશાસ્ત્રોમાં વિસ્તારથી કરવામાં આવ્યું છે. જૈનશાસ્ત્રોમાં પ્રતિપાદિત ગુણસ્થાનોને બરોબર સમજવાથી આ વિષયનો સ્પષ્ટ બોધ થઈ જાય છે. આધ્યાત્મિક વિકાસના બોધ માટે ગુણસ્થાનોની સમજ અનિવાર્ય છે. ગુણસ્થાન શબ્દ જ આધ્યાત્મિક વિકાસનું સૂચન કરે છે.

ગુણોનું સ્થાન તે ગુણસ્થાન, અર્થાત્ આત્મામાં ગુણો પ્રગટવાથી થતા આધ્યાત્મિક વિકાસની ભૂમિકા. આત્મામાં જ્ઞાનાદિ ગુણો રહેલા જ છે, પણ આવરાયેલા-દબાયેલા છે. જ્ઞાનાદિ ગુણો ઉપર કર્મોનું આવરણ છે. જેમ જેમ કર્મોનું આવરણ ખસતું જાય છે, તેમ તેમ આત્મામાં જ્ઞાનાદિ ગુણો પ્રગટતા જાય છે, અને આત્મા વિકાસના પંથે આગળ વધતો જાય છે. કર્મોથી આવરિત આત્માના ગુણોનું પ્રગટીકરણ એ જ આધ્યાત્મિક વિકાસ છે. કોઈ પણ જીવનો આધ્યાત્મિક વિકાસ ક્રમિક થાય છે. આથી તેની અનેક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભૂમિકાઓ(–અવસ્થાઓ) છે. એ ભૂમિકાઓનું જૈનશાસ્ત્રોમાં સંક્ષેપથી ચૌદ વિભાગમાં વિભાજન કરવામાં આવ્યું છે. એને ચૌદ ગુણસ્થાન કહેવામાં આવે છે. તેમનાં નામ આ પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧ મિથ્યાત્વ | ૫ દેશવિરતિ | ૧૦ સૂક્ષ્મ–સંપરાય |
| ૨ સાસ્વાદન | ૬ સર્વવિરતિ પ્રમત્ત | ૧૧ ઉપશાંત–મોહ |
| ૩ મિશ્ર | ૭ અપ્રમત્ત સંયત | ૧૨ ક્ષીણ–મોહ |
| ૪ અવિરત– | ૮ અપૂર્વકરણ | ૧૩ સયોગી કેવલી |
| સમ્યગ્દૃષ્ટિ | ૯ અનિવૃત્તિ બાદર સંપરાય | ૧૪ અયોગી કેવલી |

(૧) **મિથ્યાત્વઃ**–આત્મામાં રહેલા ગુણો ઉપર આઠ કર્મોનું આવરણ છે. તેમાં મોહ કર્મનું આવરણ મુખ્ય છે. મોહ કર્મનું આવરણ પ્રબળ હોય તો બાકીના કર્મોનું આવરણ પણ પ્રબળ હોય છે. મોહ કર્મનું આવરણ નિર્બળ હોય તો બાકીના કર્મોનું આવરણ પણ નિર્બળ હોય છે. મોહ કર્મનું આવરણ દૂર થતાં બાકીના કર્મોનું આવરણ અવશ્ય દૂર થાય છે. આત્માનું સંસારમાં પરિભ્રમણ મોહ કર્મથી જ થાય છે. મોહ કર્મનું આવરણ જેમ જેમ ઘટે છે તેમ તેમ ઉત્થાન–વિકાસ થાય છે. મોહના મુખ્ય બે ભેદ છે. (૧) દર્શન મોહ અને (૨) ચારિત્ર મોહ. દર્શન મોહનું કાર્ય અશુદ્ધ[1] માન્યતા છે. ચારિત્રમોહનું કાર્ય [2]અશુદ્ધ(–હિંસાદિ પાપવાળી) પ્રવૃત્તિ છે. જ્યાં સુધી જીવ શુદ્ધ માન્યતાવાળો

---

૧. મિથ્યાત્વ. ૨. અવિરતિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન બને ત્યાં સુધી વિકાસનો પ્રારંભ[૩] થતો નથી, અને જ્યાં સુધી શુદ્ધ પ્રવૃત્તિવાળો બનતો નથી ત્યાં સુધી વિકાસના પંથે આગળ વધી શકતો નથી. ગુણો પ્રગટવાથી વિકાસ થાય છે. માન્યતા શુદ્ધ ન બને ત્યાં સુધી એક પણ વાસ્તવિક ગુણ પ્રગટતો નથી. માન્યતા શુદ્ધ ત્યારે જ બને કે જ્યારે દર્શનમોહ મરે અથવા નિર્બળ[૪] બને. જેમનો દર્શનમોહ મર્યો નથી કે નબળો પણ પડ્યો નથી તેવા જીવોની માન્યતા અશુદ્ધ હોય છે. જેમની માન્યતા અશુદ્ધ હોય તેમની પ્રવૃત્તિ પણ અશુદ્ધ હોય છે. આવા જીવો મિથ્યાત્વ [૫]ગુણસ્થાને રહેલા છે. મિથ્યાત્વ એટલે અશુદ્ધ માન્યતા.

અશુદ્ધ માન્યતા ધરાવનારા જીવો બે પ્રકારના હોય છે. (૧) કયારે પણ દર્શનમોહ નિર્બળ બન્યો નથી તેવા. (૨) દર્શનમોહને નિર્બળ બનાવીને શુદ્ધ માન્યતા ધરાવનારા

૩. શુદ્ધ માન્યતા આવે એ પહેલાં માર્ગાનુસારીપણું, અપુનર્બંધકપણું, શુક્લપાક્ષિકપણું વગેરે ગુણો આવે છે. એ ગુણો શુદ્ધ માન્યતાને પ્રગટાવવામાં સહાયક બને છે. આ દૃષ્ટિએ શુદ્ધ માન્યતા આવ્યા પહેલાં પણ માર્ગાનુસારીપણું વગેરે ગુણોથી કંઈક આધ્યાત્મિક વિકાસ થાય છે. પણ તે અતિ અલ્પ હોય છે. એટલે મુખ્યતયા તો શુદ્ધમાન્યતા આવ્યા પછી જ આધ્યાત્મિક વિકાસનો પ્રારંભ થાય છે.

૪. દર્શનમોહનો ક્ષય-ઉપશમ કે ક્ષયોપશમ થાય.

૫. અહીં દર્શનમોહનીય (કે મિથ્યાત્વમોહનીય) કર્મનો ઉદય હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

-બન્યા પછી પતન પામીને પુનઃ અશુદ્ધ માન્યતા ધરાવનારા બનેલા.

પ્રશ્નઃ–જ્યાં સુધી માન્યતા શુદ્ધ ન બને ત્યાં સુધી કોઈ ગુણ પ્રગટતો નથી એમ અહીં કહેવામાં આવ્યું છે. હવે પ્રશ્ન થાય છે કે મિથ્યાત્વદશામાં માન્યતા અશુદ્ધ હોવાથી એક પણ ગુણ પ્રગટેલો ન હોવાથી મિથ્યાત્વદશાને ગુણસ્થાન કેમ કહેવાય ? ઉત્તરઃ–મિથ્યાત્વદશામાં એક પણ વાસ્તવિક ગુણ પ્રગટેલો ન હોવા છતાં તેને બે અપેક્ષાથી ગુણસ્થાન કહેવામાં આવે છે. (૧) જીવની સૌથી નીચલી કક્ષા બતાવવાની અપેક્ષાથી. અશુદ્ધ માન્યતાવાળા સૌથી નીચલી કક્ષાએ રહેલા છે. પહેલું ગુણસ્થાન સૌથી નીચલી કક્ષા છે. (૨) જે જીવોમાં માન્યતાની અશુદ્ધિ (–મિથ્યાત્વ) અતિ અલ્પ હોવાથી દયા, દાન, પરોપકાર, ભવોદ્વેગ, મોક્ષાભિલાષ આદિ પ્રાથમિક કક્ષાના ગુણો રહેલા છે તેવા જીવોની અપેક્ષાએ મિથ્યાત્વદશાને ગુણસ્થાન કહેવામાં આવે છે.

પ્રશ્નઃ–આ બે અપેક્ષાઓમાંથી કયા જીવોને કઈ અપેક્ષાએ પ્રથમ ગુણસ્થાન હોય ?

ઉત્તરઃ–એકેંદ્રિય, વિકલેંદ્રિય, અસંજ્ઞી પંચેંદ્રિય અને[1] ભવાભિનંદી સંજ્ઞીપંચેંદ્રિય જીવોને પહેલી અપેક્ષાએ

---

૧. સંસારમાં રાચનારા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ ગુણસ્થાન હોય છે.[૧] અપુનર્બંધક વગેરે જીવોને બીજી અપેક્ષાએ પ્રથમ ગુણસ્થાન હોય છે.

પ્રશ્નઃ-કેવી માન્યતાને શુદ્ધ કહેવાય ? ઉત્તરઃ-જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે જ સાચું છે આવી માન્યતા શુદ્ધ છે. પ્રશ્નઃ-આનું શું કારણ ? ઉત્તરઃ-જગતમાં સામાન્ય નિયમ છે કે જેને જે બાબતમાં જ્ઞાન ન હોય તે તે બાબતમાં જેને એ બાબતનું જ્ઞાન હોય અને વિશ્વાસપાત્ર હોય તેનું કહેલ માને છે તો જ સફળ બને છે. હિત-અહિતની બાબતમાં આપણે અજ્ઞાન છીએ. આથી આ વિષયમાં જે સંપૂર્ણ જ્ઞાતા હોય અને વિશ્વાસપાત્ર હોય તેનું જ વચન સ્વીકારવું જોઈએ. જિનેશ્વર ભગવાન સર્વજ્ઞ હોવાથી આ વિષયમાં પૂર્ણ જ્ઞાન ધરાવે છે અને વીતરાગ હોવાથી વિશ્વાસપાત્ર છે. જિનેશ્વર ભગવાને જે કંઈ કહ્યું છે તે બધું જ આપણા હિત માટે જ કહ્યું છે. આથી જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે જ સાચું છે આવી માન્યતા શુદ્ધ છે. જેનું કથન જિનેશ્વર ભગવાનના વચનને અનુસરતું ન હોય કે તેનાથી વિપરીત હોય તેને માનવું એ અશુદ્ધ માન્યતા છે.

પ્રશ્નઃ-જિનેશ્વર ભગવાને શું કહ્યું છે ? ઉત્તરઃ-(૧) પરલોક છે. દરેક જીવ પોતાના શુભાશુભ કર્મ પ્રમાણે સુખ-દુઃખ અનુભવે છે. (૨) સંસાર દુઃખ રૂપ છે. સંસારનું

૧. હવે કયારે પણ મોહનીય કર્મનો અંતઃ કોકાકોડિ સાગરોપમથી વધારે સ્થિતિબંધ ન કરનાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુખ પણ ક્ષણિક અને પરિણામે દુઃખ આપનારું છે. આથી સંસારમાં સાચું સુખ નથી.[1] સાચું સુખ મોક્ષમાં જ છે. (૩) મોક્ષ મેળવવા જિનોક્ત[2] પાંચ મહાવ્રતોનો સ્વીકાર કરીને ત્યાગમય જીવન જીવવું જોઈએ. જિનેશ્વર ભગવાને મુખ્યતયા આ ત્રણ બાબતો કહી છે, બીજું જે કંઈ કહ્યું છે તે આ ત્રણ બાબતોને અનુસરીને જ કહ્યું છે.

મોટા ભાગના જીવો આ ત્રણ બાબતોને માનતા નથી. કેટલાક જીવો પરલોક છે, જીવો પોતપોતાના શુભાશુભ કર્મ પ્રમાણે સુખ-દુઃખ અનુભવે છે, એ બાબતને માને છે, પણ બીજી બે બાબતોનો સ્વીકાર કરતા નથી. કેટલાક જીવો પહેલી બાબત ઉપરાંત સંસાર દુઃખરૂપ છે....મોક્ષમાં જ સાચું સુખ છે એ બીજી બાબતને પણ માને છે. પણ ત્રીજી બાબતને માનતા નથી. આ ત્રણેય બાબતોને જે માને તે જ "જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે જ સાચું છે" એવું માનનારો છે.

**પ્રશ્નઃ**-જિનેશ્વરદેવે કહેલી દર્શન-પૂજન આદિ ધર્મ-ક્રિયા કરનારા "જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે જ સાચું છે" એમ માનનારા હોય ને ? **ઉત્તરઃ**-એકાંતે તેમ ન કહેવાય. જિનેશ્વરદેવે કહેલી ધર્મક્રિયા કરનારા બધા જ તેવું માનનારા

---

૧. આની વિશેષ સમજણ માટે આ ગ્રંથમાં પહેલા અધ્યાયના પહેલા સૂત્રનું વિવેચન જુઓ.

૨. પાંચ મહાવ્રતોની માહિતી માટે આ ગ્રંથમાં સાતમા અધ્યાયના પહેલા વગેરે સૂત્રનું વિવેચન જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય એવું ન કહેવાય. તેવા જીવોમાં પણ ઉપર કહ્યું તેમ કોઈ જીવો પહેલી એક બાબતને જ સ્વીકારનારા હોય છે, તો કોઈ જીવો પહેલી બે બાબતોને જ સ્વીકારનારા હોય છે. ત્રણેય બાબતોને સ્વીકારનારા તો બહુ જ થોડા હોય છે.

પ્રશ્નઃ—એનો અર્થ એ થયો કે જિનેશ્વરદેવે કહેલી ધર્મક્રિયા કરનારા પણ પહેલા ગુણસ્થાને હોઈ શકે છે. આ સમજણ બરાબર છે? ઉત્તરઃ—હા. ગુણસ્થાનનો આધાર બાહ્ય ધર્મક્રિયા નથી, કિંતુ અંતરના પરિણામ છે. ચોથા, પાંચમા કે છઠ્ઠા ગુણસ્થાનની ક્રિયા કરતો હોવા છતાં પહેલા ગુણસ્થાને હોઈ શકે છે. ત્યારે કોઈક જીવ માટે એવું પણ બને કે ચોથા કે પાંચમા ગુણસ્થાનની ક્રિયા કરતો હોય, પણ એ ખરેખર તો છઠ્ઠા ગુણસ્થાને હોય.

પ્રશ્નઃ—આ રીતે તો ક્રિયાનું મહત્ત્વ રહેતું નથી, અંતરના પરિણામનું જ મહત્ત્વ રહે છે. ઉત્તરઃ—અહીં ભૂલ થાય છે. ક્રિયા અંતરના પરિણામને જગાડવામાં, ટકાવવામાં અને વધારવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ઘણા જીવોને માટે એવું બને છે કે તેઓ પહેલા ગુણસ્થાને હોવા છતાં ચોથા વગેરે ગુણસ્થાનની ક્રિયા કરતાં કરતાં તે તે ગુણસ્થાન પામી જાય છે.

પ્રશ્નઃ—ગુણસ્થાનનો આધાર અંતરના પરિણામ છે. અંતરના પરિણામ આપણે જાણી શકતા નથી. આથી કયા જીવો કયા ગુણસ્થાને રહેલા છે તે કેવી રીતે જાણી શકીએ? ઉત્તરઃ—કયા જીવો કયા ગુણસ્થાને રહેલા છે તે સાક્ષાત્ તો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વજ્ઞ ભગવંતો જાણી શકે. આપણે તો તે તે ગુણસ્થાનની ક્રિયા કરતા જોઈને અમુક જીવો અમુક ગુણસ્થાને છે એમ અનુમાન કરી શકીએ.

પ્રશ્નઃ–કયા ગુણસ્થાનની કઈ ક્રિયા છે? ઉત્તરઃ–દેવ, ગુરુ અને ધર્મને માને – પૂજે નહિ, રાગી દેવને માને – પૂજે, પરિગ્રહી ગુરુને માને – પૂજે, હિંસાદિથી દોષિત ધર્મને માને–કરે, આવા જીવો પહેલા ગુણસ્થાને રહેલા છે એમ કહેવાય. જિનેશ્વર દેવે કહેલી જિનપૂજાદિ ધર્મક્રિયા કરે પણ વ્રતોનું પાલન ન કરે તેવા જીવો ચોથા ગુણસ્થાને રહેલા છે એમ કહેવાય. જિનેશ્વર દેવે કહેલી ધર્મક્રિયા કરે અને અણુવ્રતોનું પાલન કરે તે પાંચમા ગુણસ્થાને રહેલા છે એમ કહેવાય. પાંચ મહાવ્રતોનું પાલન કરે તે છઠ્ઠા ગુણસ્થાને રહેલા છે એમ કહેવાય. બીજું, ત્રીજું વગેરે ગુણસ્થાનોનો કાળ અતિ અલ્પ હોવાથી તેની આસ કોઈ ક્રિયા નથી.

પ્રશ્નઃ–જ્યાં સુધી માન્યતા શુદ્ધ ન બને ત્યાં સુધી એક પણ વાસ્તવિક ગુણ પ્રગટતો નથી એમ કહેવામાં આવ્યું છે. તથા "જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે જ સાચું છે" આવી માન્યતા શુદ્ધ છે. આનો અર્થ એ થયો કે જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે જ સાચું છે આવી માન્યતા આવ્યા વિના એક પણ ગુણ પ્રગટે નહિ. પણ આ વિષયમાં અનુભવ જુદો થાય છે. અનેક જીવોમાં જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે જ સાચું છે એવી માન્યતા ન હોવા છતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શમ, દયા, દાન, ભવોદ્વેગ, મોક્ષાભિલાષ વગેરે ગુણો દેખાય છે. આનું શું કારણ ? ઉત્તરઃ—આ વિષયને સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારવાની જરૂર છે. શુદ્ધ માન્યતા વિના દેખાતા ગુણો એ વાસ્તવિક ગુણો જ નથી. પ્રશ્નઃ— આનું શું કારણ ? ઉત્તરઃ—મોક્ષની પ્રાપ્તિ ગુણોનું ફળ છે. શુદ્ધ માન્યતા વિના શમ આદિ ગુણોથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી. આથી જ પ. પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજય મહારાજે કહ્યું છે કે—" દાનાદિક ક્રિયા ન દિયે[૧] સમકિત વિણ શિવશર્મ." જે વસ્તુનું જે ફળ હોય તે ફળ ન મળે તો તે વસ્તુ શા કામની ? ઘડપણમાં સેવા થાય એ સંતાન પ્રાપ્તિનું ફળ છે એમ માનનાર પિતા જો છોકરો ઘડપણમાં પોતાની સેવા ન કરે તો આવો છોકરો શા કામનો ? એના કરતાં છોકરો ન હોત તો સારું એમ કહે છે. જાણે મારે છોકરો ન હતો એમ વિચારીને આશ્વાસન મેળવે છે. તેમ અહીં શુદ્ધ માન્યતા વિના દેખાતા ગુણો એ વાસ્તવિક ગુણો જ નથી. આથી જ સમ્યક્ત્વના પાંચ લક્ષણોના ઉત્પત્તિક્રમમાં પહેલું આસ્તિક્ય જણાવ્યું. પછી બીજા ગુણો જણાવ્યા. અર્થાત્ પહેલાં આસ્તિક્ય ગુણ પ્રગટે, પછી ક્રમશઃ અનુકંપા, નિર્વેદ, સંવેગ અને શમ પ્રગટે એમ જણાવ્યું છે. આસ્તિક્ય એટલે " જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે જ સત્ય છે " એવી દૃઢ શ્રદ્ધા–માન્યતા.

---

૧. જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે જ સાચું છે આવી શુદ્ધ માન્યતા સમકિત–સમ્યક્ત્વ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્નઃ–શુદ્ધ માન્યતા વિના ગુણોથી મોક્ષપ્રાપ્તિ કેમ થતી નથી? ઉત્તરઃ–શુદ્ધ માન્યતા વિના ગુણોના સ્વરૂપનું બરોબર જ્ઞાન થતું નથી, તથા એનો જે રીતે ઉપયોગ કરવો જોઈએ તે રીતે ઉપયોગ થતો નથી. કોઇ પણ વસ્તુનો ઉપયોગ કરતાં ન આવડે તો તેનાથી ફળ ન મળે. જેમ કે લક્ષ્મીથી લક્ષ્મી વધારી શકાય છે, થોડી લક્ષ્મીથી શ્રીમંત બની શકાય છે, પણ થોડી લક્ષ્મીનો ઉપયોગ કરતાં આવડે તો. જેને લક્ષ્મીનો વેપાર આદિમાં ઉપયોગ કરવાની આવડત ન હોય અને અનુભવીની સલાહ માનવી ન હોય તે લક્ષ્મી વધારી શકે નહિ, બલ્કે રહેલી સંપત્તિ પણ ગુમાવી બેશે એ બનવા જોગ છે. એ જ પ્રમાણે પ્રસ્તુતમાં દયા આદિ ગુણોના સ્વરૂપ આદિનું જ્ઞાન ન હોય તો તેનાથી યથાર્થ લાભ થતો નથી. ગુણોના સ્વરૂપ આદિનું યથાર્થ જ્ઞાન જિનેશ્વર ભગવંતના ઉપદેશથી જ કરી શકાય છે. જિનેશ્વર ભગવાનનો ઉપદેશ ત્યારે જ રુચે કે જ્યારે "જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે જ સાચું છે" એવી શ્રદ્ધા જાગે. આમ, "જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે જ સાચું છે" એવી શુદ્ધ માન્યતા આવ્યા વિના ગુણોથી યથાર્થ લાભ થતો નથી. જે ગુણોથી યથાર્થ લાભ ન થાય તે ગુણો પરમાર્થથી નથી એમ કહેવાય. માટે જ્યાં સુધી શુદ્ધ માન્યતા ન આવે ત્યાં સુધી એક પણ વાસ્તવિક ગુણ પ્રગટતો નથી એમ અહીં કહેવામાં આવ્યું છે.

હા, એક વાત છે. કેટલાક (અપુનર્બંધક, માર્ગાનુસારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વગેરે) જીવોને દયા, દાન આદિ ગુણો. "જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે જ સાચું છે" એવી શુદ્ધ માન્યતા થવામાં કારણરૂપ બને છે. અર્થાત્ ગુણોથી કાલાંતરે શુદ્ધ માન્યતા પામી જાય છે. આથી તેમના ગુણોને પ્રાથમિક કક્ષામાં ગણીને તે જીવોનું પહેલું ગુણસ્થાન માનવામાં આવે છે. આ વાત પહેલાં કહેવાઈ ગઈ છે.

(૪) **અવિરત-સમ્યગ્દૃષ્ટિ:**-જે જીવો દર્શનમોહને મારીને કે[1] નબળો પાડીને "જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે જ સાચું છે" આવી શુદ્ધ માન્યતા[2] ધરાવે છે, પણ ચારિત્રમોહને મારી શકયા નથી કે નબળો પણ પાડી શકયા નથી તેવા જીવો અવિરત સમ્યગ્દૃષ્ટિ છે, અર્થાત્ ચોથા ગુણસ્થાને રહેલા છે. આ ગુણસ્થાનના નામમાં અવિરત અને સમ્યગ્દૃષ્ટિ એમ બે શબ્દો છે. આ ગુણસ્થાને રહેલા જીવો ચારિત્રમોહથી અશુદ્ધ (હિંસાદિ પાપવાળી) પ્રવૃત્તિવાળા હોવાથી અવિરત છે, અને શુદ્ધ માન્યતાવાળા હોવાથી સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યગ્ એટલે શુદ્ધ. દૃષ્ટિ એટલે માન્યતા. આમ સમ્યગ્દૃષ્ટિ એટલે શુદ્ધ માન્યતાવાળો એવો અર્થ થાય. એકવાર પણ આ ગુણસ્થાનને પામેલો આત્મા વધારેમાં વધારે દેશોન અર્ધ પુદ્ગલપરાવર્તન જેટલા કાળમાં

---

૧. દર્શનમોહને મારવો એટલે અનંતાનુબંધી કષાયો અને દર્શનમોહનો સંપૂર્ણ ક્ષય કરવો અને નબળો પાડવો એટલે ઉપશમ કે ક્ષયોપશમ ભાવ પ્રગટાવવો. (ક્ષયોપશમભાવમાં અનંતાનુબંધી કષાયોનો ઉદય ન હોય અને સમ્યક્ત્વ મોહનીય કર્મનો ઉદય હોય)

૨. આવી માન્યતાને સમ્યક્ત્વ કે સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવશ્ય મોક્ષમાં જાય છે. આ ગુણસ્થાને રહેલા જીવો અરિહંતને–જિનેશ્વરને જ સુદેવ, પંચમહાવ્રતધારી સાધુને જ સુગુરુ, અને જિનેશ્વરે કહેલા ધર્મને જ સુધર્મ માને છે.

**પ્રશ્નઃ**–દર્શન મોહને મારવા કે નબળો પાડવા શું કરવું પડે ? **ઉત્તરઃ**–રાગ–દ્વેષની નિબિડ ગ્રંથિનો ભેદ કરવો પડે છે. રાગ–દ્વેષની ગ્રંથિ એટલે શું ? તેનો ભેદ કેવી રીતે થાય વગેરે સમજવા આ ગ્રંથના પહેલા અધ્યાયના ત્રીજા સૂત્રમાં સમ્યક્ત્વ પ્રાપ્તિના ક્રમને સમજવાની જરૂર છે.

(૨) **સાસ્વાદનઃ**–સમ્યક્ત્વથી પતિત બનેલા આત્માને મિથ્યાત્વદશા પામતાં પહેલાં થતો સમ્યક્ત્વનો કંઈક ઝાંખો અનુભવ[1] બીજું ગુણસ્થાન છે. આસ્વાદનથી (=સ્વાદથી) સહિત તે સાસ્વાદન. જેમ કોઈ માણસ ખીરનું ભોજન કર્યા પછી ઊલટી થતાં અસલ ખીરના જેવો મધુર સ્વાદ અનુભવતો નથી, તથા ખરાબ સ્વાદ પણ અનુભવતો નથી, પણ ખીરના જેવો કંઈક અવ્યક્ત સ્વાદ અનુભવે છે; તેમ અહીં સાસ્વાદન ગુણસ્થાને રહેલો જીવ સમ્યક્ત્વનો અનુભવ કરતો નથી, તથા મિથ્યાત્વનો પણ અનુભવ કરતો નથી; કિંતુ સમ્યક્ત્વની ઝાંખી અનુભવે છે. ત્યાર પછી તુરત એ આત્મા અવશ્ય મિથ્યાત્વદશાને પામે છે.

(૩) **મિશ્રઃ**–શુદ્ધ માન્યતા નહિ, અશુદ્ધ માન્યતા પણ નહિ, કિંતુ તે બેની વચલી અવસ્થા. તે મિશ્ર[2]

---

૧. અહીં અનંતાનુબંધી કષાયોનો ઉદય હોય છે, પણ મિથ્યાત્વનો ઉદય હોતો નથી. અનંતાનુબંધી કષાયોનો ઉદય થોડી જ વારમાં અવશ્ય મિથ્યાત્વનો ઉદય કરાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણસ્થાનક છે. જેમ જેણે 'કેરી' એવો શબ્દ પણ સાંભળ્યો નથી તે જીવમાં કેરીના પુષ્ટિ, મધુરતા, પાચકતા વગેરે ગુણો સંબંધી સાચી માન્યતા હોતી નથી, તેમ ખોટી માન્યતા પણ હોતી નથી, તેમ મિશ્ર ગુણસ્થાને રહેલા જીવમાં શુદ્ધ અને અશુદ્ધ એ બેમાંથી એક પણ માન્યતા હોતી નથી.

પ્રશ્નઃ-ગુણસ્થાનોના વર્ણનમાં પહેલા ગુણસ્થાન પછી બીજા-ત્રીજા ગુણસ્થાનનું વર્ણન કર્યા વિના ચોથા ગુણસ્થાનનું વર્ણન કર્યું, પછી બીજા-ત્રીજા ગુણસ્થાનનું વર્ણન કર્યું. આનું શું કારણ? ઉત્તરઃ-જીવ જ્યારે સૌથી પહેલી વાર પહેલા ગુણસ્થાનથી આગળ વધે છે ત્યારે સીધો ચોથા ગુણસ્થાને આવે છે. ચોથા ગુણસ્થાનથી પતન પામે ત્યારે જ બીજા ગુણસ્થાને આવે છે. બીજું ગુણસ્થાન પતન પામનારને જ હોય છે. ચઢતા જીવને બીજું ગુણસ્થાન ન હોય. ત્રીજું ગુણસ્થાન ચઢતા-પડતા બંને પ્રકારના જીવોને હોય છે. અર્થાત્ પહેલા ગુણસ્થાનથી ત્રીજા ગુણસ્થાને આવે અને ચોથા ગુણસ્થાનેથી પણ ત્રીજા ગુણસ્થાને આવે. પણ એકવાર ચોથું ગુણસ્થાન પ્રાપ્ત થયા પછી જ ત્રીજું ગુણસ્થાન આવે. આમ, બીજું અને ત્રીજું એ બે ગુણસ્થાન એક વાર ચોથું ગુણસ્થાન પ્રાપ્ત થયા પછી જ પ્રાપ્ત થતાં હોવાથી અહીં ચોથા ગુણસ્થાન પછી એ બેનું વર્ણન કર્યું છે.

---

૧. અહીં અનંતાનુબંધી કષાયોનો ઉદય ન હોય, પણ મિશ્ર મોહનીય કર્મનો ઉદય હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫) દેશવિરતિઃ- (૬) સર્વવિરતિ પ્રમત્તઃ- પહેલાં આપણે વિચારી ગયા છીએ કે દર્શનમોહ અને ચારિત્રમોહ જેમ જેમ નિર્બળ બને તેમ તેમ આત્મા વિકાસ સાધતો ઉપરના ગુણસ્થાને ચઢે છે. તથા એ પણ વિચારી ગયા કે દર્શનમોહને (મારીને કે) નિર્બળ બનાવીને ચોથા ગુણસ્થાને આવે છે. ચોથા ગુણસ્થાનકથી આગળ વધવા ચારિત્રમોહને નિર્બળ બનાવવાની જરૂર પડે છે. ચારિત્રમોહ નિર્બળ બનતાં હિંસાદિ પાપોથી નિવૃત્તિ કરી શકાય છે. ચારિત્રમોહ દેશથી(-થોડા પ્રમાણમાં) નિર્બળ બને છે ત્યારે[૧] દેશથી (-થોડા પ્રમાણમાં) હિંસાદિ પાપોથી નિવૃત્તિ થાય છે. ચારિત્રમોહ સર્વથા નિર્બળ બને છે ત્યારે[૨] સર્વથા પાપોથી નિવૃત્તિ થાય છે. દેશથી (-થોડા પ્રમાણમાં) હિંસાદિ પાપોથી નિવૃત્તિ તે દેશવિરત. સર્વથા હિંસાદિ પાપોથી નિવૃત્તિ તે સર્વવિરતિ. દેશવિરતિ ગુણસ્થાને રહેલા જીવોને હિંસાદિ પાપોથી આંશિક નિવૃત્તિ હોય છે. સર્વવિરતિ ગુણસ્થાને રહેલા જીવોને હિંસાદિ પાપોથી સર્વથા નિવૃત્તિ હોય છે.ચોથા ગુણસ્થાને રહેલા જીવોમાં હિંસાદિ પાપોથી નિવૃત્તિ આંશિક પણ ન હોય. ચોથા-પાંચમા ગુણસ્થાને રહેલા જીવો સંસાર ત્યાગી ન હોય. છઠ્ઠા ગુણસ્થાને રહેલા જીવો સંસારત્યાગી હોય છે. અર્થાત્ ગૃહસ્થ વધારેમાં વધારે પાંચમા ગુણસ્થાનક સુધી આવી શકે છે. સંસારત્યાગી સાધુ છઠ્ઠા ગુણસ્થાને આવીને આગળ પણ વધી શકે છે. છઠ્ઠા ગુણસ્થાને પ્રમાદ હોવાથી તેનું "સર્વવિરતિ પ્રમત્ત" એવું નામ છે. તેનું

૧. અપ્રત્યાખ્યાનીય કષાયોનો ક્ષયોપશમ થાય છે ત્યારે.

૨. પ્રત્યાખ્યાનાવરણીય કષાયોનો ક્ષયોપશમ થાય છે ત્યારે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'પ્રમત્ત સંયત' એવું પણ નામ છે. પ્રમત્ત એટલે પ્રમાદ યુક્ત. સંયત એટલે સાધુ. પ્રમાદ યુક્ત સાધુનું ગુણસ્થાન તે પ્રમત્ત સંયત.

(૭) અપ્રમત્તસંયતઃ–જેમાં સંયત–સાધુ અપ્રમત્ત છે–પ્રમાદ રહિત છે તે અપ્રમત્તસંયત ગુણસ્થાન. સંયત–સાધુ અપ્રમત્ત બને છે ત્યારે સાતમા ગુણસ્થાને આવે છે. છઠ્ઠા ગુણસ્થાને રહેલો આત્મા વિકાસના પંથે આગળ વધવા બાધક દોષોને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. છઠ્ઠા ગુણસ્થાને આવ્યા પછી આગળ વધવામાં સૂક્ષ્મ પ્રમાદ બાધક બને છે. જો કે સ્થૂલ પ્રમાદ ઉપર વિજય મેળવી લીધો છે, પણ હજી સૂક્ષ્મ (વિસ્મૃતિ, અનુપયોગ વગેરે) પ્રમાદ નડે છે. આથી તે તેના ઉપર વિજય મેળવવા પ્રયત્ન કરે છે. વિજય મેળવીને સાતમા ગુણસ્થાને ચઢે છે. પણ થોડી જ વારમાં પતન પામીને છઠ્ઠા ગુણસ્થાને આવે છે. ફરી સત્ત્વ ફોરવીને સાતમા ગુણસ્થાને ચઢે છે. ફરી પડીને છઠ્ઠા ગુણસ્થાને આવે છે. ફરી સાતમા ગુણસ્થાને આવે છે, ફરી છઠ્ઠા ગુણસ્થાને આવે છે. જેમ લડવૈયો સંપૂર્ણ વિજય મેળવતાં પહેલાં યુદ્ધમાં થોડો વિજય પ્રાપ્ત કરે છે, પછી થોડો પરાજય પણ પામે છે, ફરી થોડો જય પામે છે, તો ફરી થોડો પરાજય પામે છે, એમ જય–પરાજયનો ક્રમ ચાલ્યા કરે છે. તેમ અહીં સાધુરૂપ લડવૈયાનો પ્રમાદ રૂપ શત્રુ સાથે લડાઈ કરવામાં જય–પરાજય થયા કરે છે.

(૮) અપૂર્વકરણઃ–છઠ્ઠાથી સાતમે, સાતમાથી છ એમ ઝોલા ખાતો આત્મા જો સાવધાન ન રહે તો નીચે ફેંકાઈ જાય છે. જો સાવધાન રહે–અધિક અપ્રમત્ત બને તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર આઠમા ગુણસ્થાને આવે છે. અપૂર્વ=પૂર્વે ન કર્યા હોય તેવા, કરણ=પરિણામ કે અધ્યવસાય. આ ગુણસ્થાને રહેલા આત્મામાં પૂર્વે કદી ન થયા હોય તેવા વિશુદ્ધ[૧] અધ્યવસાયો થાય છે. અહીં સમકાળે પ્રવેશેલા જીવોના અધ્યવસાયોમાં વિવક્ષિત કોઈ પણ સમયે પરસ્પર વિશુદ્ધિમાં નિવૃત્તિ=તફાવત હોવાથી આ ગુણસ્થાનનું 'નિવૃત્તિકરણ' એવું પણ નામ છે.

(૯) **અનિવૃત્તિ બાદર સંપરાય**:–અહીંથી જીવોના ક્ષપક અને ઉપશમક એવા બે વિભાગ પડે[૨] છે. કોઈ જીવો અહીંથી મોહને મારતા મારતા આગળ વધે છે, તો કોઈ જીવો મોહને દબાવતા દબાવતા આગળ વધે છે.[૩] મોહને

---

૧. અથવા અપૂર્વ=પૂર્વે ન કર્યું હોય તેવું કરણ=કરવું તે અપૂર્વકરણ. આ ગુણસ્થાને રહેલો આત્મા વિશુદ્ધ અધ્યવસાયોના બળે સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, ગુણસંક્રમ અને સ્થિતિબંધ એ પાંચ અપૂર્વ–પૂર્વે ન કર્યો હોય તેવા કરે છે.

૨. યદ્યપિ આઠમા ગુણસ્થાનકથી પણ ક્ષપક અને ઉપશમક એવા ભેદ પડે છે, પણ તે યોગ્યતાની અપેક્ષાએ છે, કાર્યની અપેક્ષાએ નહિ. કારણ કે ત્યાં મોહની એકપણ પ્રકૃતિનો સંપૂર્ણ ક્ષય કે ઉપશમ કરતો નથી. આ ગુણસ્થાને આવનાર જીવ અવશ્ય ઉપરના ગુણસ્થાને ચઢીને મોહનો ક્ષય કે ઉપશમ કરતો હોવાથી, જેમ રાજ્યને યોગ્ય કુમારને રાજા–યુવરાજ કહેવામાં આવે છે તેમ, ઉપચારથી તેને ક્ષપક કે ઉપશમક કહેવામાં આવે છે. મુખ્યતયા તો નવમા ગુણસ્થાનથી ક્ષપક–ઉપશમક એવા બે ભેદ પડે છે.

૩ ક્ષપક અને ઉપશમ એમ બે શ્રેણિ છે. ક્ષપક શ્રેણિથી ચઢનાર મોહને મારે છે, ઉપશમ શ્રેણિથી ચઢનાર મોહને દબાવે છે. ક્ષપક શ્રેણિથી ચઢનારને 'ક્ષપક' અને ઉપશમ શ્રેણિથી ચઢનારને 'ઉપશમક' કહેવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દબાવતા દબાવતા ચઢનાર જીવો ઉપશમક કહેવાય છે. તે જીવો અગિયારમા ગુણસ્થાન સુધી ચઢે છે, પછી અવશ્ય પતન પામે છે, મોહને મારતા મારતા જનારા જીવો ક્ષપક કહેવાય છે. તે જીવો દશમા ગુણસ્થાનકથી સીધા બારમા ગુણસ્થાને જાય છે. હવે આપણે નવમા ગુણસ્થાનની વાત કરીએ. નવમા ગુણસ્થાને રહેલો આત્મા (સૂક્ષ્મ લોભ સિવાય) મોહને મારી નાખે છે કે દબાવી નાખે છે. આ ગુણસ્થાનના નામમાં અનિવૃત્તિ અને બાદરસંપરાય એવા બે વિભાગ છે. આ ગુણસ્થાને એક સમયે ચઢેલા બધા જ જીવોના અધ્યવસાયોની શુદ્ધિમાં નિવૃત્તિ–તરતમતા ન હોય, અર્થાત્ બધાના અધ્યવસાયો સમાન હોય છે. આથી તેના નામમાં અનિવૃત્તિ શબ્દ જોડવામાં આવ્યો છે. બાદર એટલે સ્થૂલ. સંપરાય એટલે કષાય. આ ગુણસ્થાને સ્થૂલ કષાયો[૩] હોય છે માટે તેના નામમાં બાદર સંપરાય શબ્દ જોડવામાં આવ્યો છે.

**(૧૦) સૂક્ષ્મ સંપરાયઃ**–સંપરાય એટલે કષાય. નવમા ગુણસ્થાને બાકી રહી ગયેલા સૂક્ષ્મ લોભ કષાયને આ ગુણસ્થાનના અંતે દબાવી દે છે કે મારી નાખે છે.

**(૧૧) ઉપશાંતમોહઃ**–દશમા ગુણસ્થાનના અંતે મોહને સંપૂર્ણ દબાવીને આત્મા અગિયારમા ગુણસ્થાને આવે છે. અહીં મોહ (દબાયેલા શત્રુની જેમ) તદ્દન શાંત હોય છે. મોહની જરાય પજવણી હોતી નથી. આથી જ આ ગુણ-

૩. નવમાને અંતે બાદર(–સ્થૂલ) કષાયોનો ક્ષય કે ઉપશમ થાય છે. આથી આ ગુણસ્થાને બાદર કષાયો હોય છે એમ કહી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાનનું ઉપશાંતમોહ નામ છે. ઉપશાંત–શાંત થઈ ગયો છે મોહ જેમાં તે ઉપશાંત મોહ. મોહને મારીને નહિ, પણ દબાવીને અગિયારમા ગુણસ્થાને આવે છે. આથી દબાવેલો શત્રુ જેમ બળ મળતાં પુનઃ આક્રમણ કરે છે, તેમ દબાયેલો મોહ થોડી જ વારમાં પોતાનું બળ બતાવે છે. આથી આત્મા અગિયારમા ગુણસ્થાનથી પડે છે.[1]

(૧૨) ક્ષીણમોહઃ–દશમા ગુણસ્થાને મોહને મારી નાખનાર આત્મા દશમા ગુણસ્થાનથી સીધો બારમા ગુણસ્થાને આવે છે. અહીં મોહની જરાય પજવણી હોતી નથી. આથી જ આ ગુણસ્થાનને ક્ષીણમોહ કહેવામાં આવે છે. ક્ષીણ–ક્ષય પામ્યો છે મોહ જેમાં તે ક્ષીણમોહ. આ ગુણસ્થાનના અંતે બાકી રહેલા ત્રણ ઘાતી કર્મોને મારી નાખે છે.

---

૧. અગિયારમા ગુણસ્થાનથી પતન કાળક્ષયથી એટલે કે ગુણસ્થાનનો કાળ પૂર્ણ થવાથી અને ભવક્ષયથી એટલે કે આયુષ્યનો ક્ષય થવાથી એમ બે રીતે થાય છે. (૧) જો કાળક્ષયથી પડે તો ક્રમશઃ પડીને સાતમા ગુણસ્થાને આવે છે, એટલે કે અગિયારમાથી દશમે, દશમાથી નવમે, નવમાથી આઠમે અને આઠમાથી સાતમે આવે છે. પછી છઠ્ઠે–સાતમે ચડ–ઉતર કરે કે તેનાથી પણ નીચે ઉતરીને છેક પહેલા ગુણસ્થાને પણ આવે. વધારે નીચે ન આવે તો પણ છઠ્ઠા–સાતમા ગુણસ્થાને તો અવશ્ય આવે છે. (૨) હવે જો (ગુણસ્થાનનો કાળ પૂર્ણ થયા વિના પણ) ભવક્ષયથી પડે તો દેવલોકમાં ઉત્પન્ન થવાથી અગિયારમાથી સીધો ચોથે આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૩) **સયોગી કેવલીઃ**–ઘાતી કર્મોનો સર્વથા ક્ષય થઈ ગયા બાદ તુરત કેવલજ્ઞાન પ્રગટે છે. આ અવસ્થા તેરમું ગુણસ્થાન છે. અર્થાત્ કેવલજ્ઞાન તેરમા ગુણસ્થાને હોય છે. કેવલજ્ઞાન એટલે ત્રણ કાળના સર્વ પદાર્થોનું જ્ઞાન. કેવલજ્ઞાની જીવ પોતાનું આયુષ્ય પાંચ હ્રસ્વાક્ષર પ્રમાણ બાકી રહે ત્યાં સુધી તેરમા ગુણસ્થાને રહે છે. આ ગુણસ્થાને ઉપદેશ, વિહાર આદિથી મન–વચન–કાયા એ ત્રણ યોગની પ્રવૃત્તિ ચાલુ હોવાથી તેનું સયોગી નામ છે. યોગથી સહિત તે સયોગી. કેવલજ્ઞાન હોવાથી કેવળી કહેવામાં આવે છે.

(૧૪) **અયોગી કેવલીઃ**–પાંચ હ્રસ્વાક્ષર કાળ પ્રમાણ આયુષ્ય બાકી રહે ત્યારે આત્મા તેરમા ગુણસ્થાનના અંતે વિશિષ્ટ[1] પ્રક્રિયા કરીને યોગરહિત બને છે. યોગરહિત અવસ્થા ચૌદમું ગુણસ્થાન છે. ચૌદમા ગુણસ્થાને આત્મા મેરુપર્વતની જેમ નિષ્પ્રકંપ[2] બનીને બાકી રહેલાં ચાર કર્મોનો ક્ષય થતાં દેહનો ત્યાગ કરી મોક્ષમાં ચાલ્યો જાય છે. આત્માનો આ અંતિમ વિકાસ છે. હવે તે કૃતકૃત્ય છે. હવે એને કદી દુઃખનો અંશ પણ નહિ આવે, એકલું સુખ જ રહેશે ચૌદમા ગુણસ્થાને યોગો નથી હોતા, પણ કેવલજ્ઞાન હોય છે. આથી તેને અયોગી કેવળી કહેવામાં આવે છે.

---

૧. યોગનિરોધ. ૨. શૈલેશીકરણ કરીને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગુણસ્થાનનો કાળ

૧ મિથ્યાત્વ (૧) અનાદિ–અનંત અભવ્યને હોય. (૨) અનાદિ–સાંત ભવ્યને હોય. (૩) સાદિ–સાંત સમ્યક્ત્વથી પડેલાને હોય. સાદિ–સાંત કાળ જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્તન. બીજાથી ચૌદમા સુધી ગુણસ્થાનોનો કાળ નીચે મુજબ છે.

| ગુણ. | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ૨ | ૧ સમય. | ૬ આવલિકા. |
| ૩ | અંતર્મુહૂર્ત. | અંતર્મુહૂર્ત. |
| ૪ | ,, | સાધિક ૩૩ સાગ. |
| ૫ | ,, | દેશોન પૂર્વ કોટિ. |

| ગુણ. | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ૬ થી ૧૧ | સમય. | અંતર્મુહૂર્ત. |
| ૧૨ | અંતર્મુહૂર્ત. | ,, |
| ૧૩ | ,, | દેશોનપૂર્વ કોટિ. |
| ૧૪ | પાંચ હ્રસ્વાક્ષર. | |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ❋ વિષયાનુક્રમ ❋


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સંબંધકારિકા | ૫૩–૬૦ |
| **પ્રથમ અધ્યાય** | |
| સર્વ પ્રથમ મોક્ષનું પ્રતિપાદન કરતાં મોક્ષમાર્ગનું પ્રતિપાદન શા માટે ? | ૧ |
| મોક્ષમાર્ગ | ૩ |
| સમ્યગ્દર્શન – સમ્યગ્જ્ઞાનની સહોત્પત્તિના કથનનો તત્ત્વાર્થ ભાષ્યના અનિયત લાભના કથનની સાથે અવિરોધ | ૪ |
| મોક્ષસિદ્ધિ | ૬ |
| ચાર પુરુષાર્થોમાં મોક્ષ-પુરુષાર્થ શ્રેષ્ઠ કેમ ? | ૬ |
| **સમ્યગ્દર્શન પ્રકરણ ૧૬–૨૬** | |
| સમ્યગ્દર્શનનું લક્ષણ | ૧૬ |
| અપાંતરાલ ગતિમાં મન ન હોવા છતાં સમ્યક્ત્વ હોય | ૧૬ |
| સમ્યક્ત્વને જાણવાનાં પાંચ લક્ષણો | ૧૭ |
| સમ્યક્ત્વની ઉત્પત્તિના પ્રકારો | ૧૮ |
| સમ્યગ્દર્શનની ઉત્પત્તિ બે પ્રકારે થવામાં કરણભૂત તથાભવ્યત્વનું વર્ણન | ૧૮ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સમ્યક્ત્વના પાંચ ભેદ | ૨૧ |
| ઔપશમિક સમ્યક્ત્વની પ્રાપ્તિનો ક્રમ | ૨૧ |
| સર્વ પ્રથમ કયું સમ્યક્ત્વ પામે તે વિષે બે મત | ૨૪ |
| સર્વ પ્રથમ ઔપ. સ. પામે તો ઔપ. સ. પછીની સ્થિતિ અંગે બે મત | ૨૫ |
| સમ્યક્ત્વથી પતિત થયા પછી ઉત્કૃષ્ટ સ્થિતિ–રસના બંધ અંગે બે મત | ૨૫ |
| ફરીવાર સમ્યક્ત્વ પામવામાં પ્રક્રિયા અંગે બે મત | ૨૬ |
| **સાત તત્ત્વોનું પ્રકરણ ૨૬–૩૭** | |
| જીવાદિ સાત તત્ત્વોનું સ્વરૂપ | ૨૬ |
| તત્ત્વોમાં સંખ્યા ભેદ | ૨૯ |
| તત્ત્વજ્ઞાનનું પ્રયોજન | ૩૦ |
| તત્ત્વોનો પરસ્પર સંબંધ | ૩૧ |
| તત્ત્વોનું સ્વરૂપ વિચારવાના ચાર નિક્ષેપ | ૩૧ |
| તત્ત્વોને જાણવાનાં સાધનો | ૩૩ |
| તત્ત્વવિચારણાનાં ૭ દ્વાર | ૩૪ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| તત્ત્વવિચારણાનાં ૮ દ્વાર | ૩૭ |
| **જ્ઞાન પ્રકરણ** | **૪૦–૭૭** |
| મત્યાદિ પાંચ જ્ઞાન | ૪૦ |
| પાંચ જ્ઞાનની પ્રમાણને આશ્રયીને વિચારણા | ૪૧ |
| મતિજ્ઞાનના પર્યાયવાચી શબ્દો | ૪૨ |
| મતિજ્ઞાનની ઉત્પત્તિમાં નિમિત્તો | ૪૩ |
| મતિજ્ઞાનના ભેદો | ૪૪ |
| અવગ્રહાદિના ભેદો | ૪૬ |
| અવગ્રહ આદિનો વિષય | ૪૮ |
| વ્યંજનનો અવગ્રહ જ થાય | ૪૯ |
| ચક્ષુ–મનથી વ્યંજનાવગ્રહ ન થાય | ૫૧ |
| મતિજ્ઞાનના ભેદોનું કોષ્ટક | ૫૩ |
| શ્રુતનું લક્ષણ અને ભેદો | ૫૫ |
| માનસિક ચિંતનમાં મતિ–શ્રુતનો ભેદ કેવી રીતે પડે ? | ૫૬ |
| મતિ–શ્રુત ક્રમશઃ પ્રવર્તે છે | ૫૭ |
| મતિજ્ઞાન થયા પછી જ શ્રુત જ્ઞાન થાય, પણ શ્રુતજ્ઞાન પછી મતિજ્ઞાન થાય જ એવો નિયમ નહિ | ૫૮ |
| શ્રુતજ્ઞાનનું સ્વરૂપ અને તેના ભેદો | ૫૯ |
| શ્રુતના અંગપ્રવિષ્ટ–અંગ બાહ્ય એ બે ભેદનું કારણ | ૫૯ |
| આચાર્યોએ શ્રુત રચના કેમ કરી ? | ૬૦ |
| અવધિજ્ઞાનના ભેદો અને સ્વામી | ૬૦–૬૨ |
| મનઃપર્યવના બે ભેદો અને તેનાં કારણો | ૬૩ |
| મનઃપર્યવ–અવધિના ભેદનાં કારણો | ૬૪ |
| મતિ–શ્રુતનો વિષય | ૬૭ |
| અવધિનો વિષય | ૬૮ |
| મનઃપર્યવનો વિષય | ૬૮ |
| કેવલજ્ઞાનનો વિષય | ૬૯ |
| સર્વજ્ઞસિદ્ધિ | ૭૦ |
| એક જીવને એકી સાથે કેટલાં જ્ઞાન હોઈ શકે ? | ૭૦ |
| પ્રથમનાં ત્રણ જ્ઞાન અજ્ઞાન પણ હોય. | ૭૨ |
| મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન અજ્ઞાન કેમ ? | ૭૬ |
| **નય પ્રકરણ** | **૭૭–૯૭** |
| નૈગમ નય | ૮૪ |
| સંગ્રહ નય | ૮૮ |
| વ્યવહાર નય | ૮૯ |
| ઋજુસૂત્ર નય | ૯૦ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| શબ્દ નય | ૯૧ |
| સમભિરૂઢ નય | ૯૨ |
| એવંભૂત નય | ૯૩ |
| દ્રવ્યાર્થિક–પર્યાયાર્થિક નય | ૯૪ |
| નિશ્ચય–વ્યવહાર નય | ૯૫ |
| શબ્દ–અર્થ નય | ૯૫ |
| જ્ઞાન–ક્રિયા નય | ૯૬ |

**બીજો અધ્યાય**

| | |
|---|---|
| **જીવના ભાવો** | **૯૯–૧૦૮** |
| ઔપશમિક ભાવના ભેદો | ૧૦૩ |
| ક્ષાયિક ભાવના ભેદો | ૧૦૪ |
| સિદ્ધોમાં ક્ષાયિક સમ્યગ્દર્શન ચારિત્રની ઘટના | ૧૦૪ |
| સિદ્ધોમાં ક્ષાયિક દાનાદિનું ફળ | ૧૦૫ |
| ક્ષાયોપશમિક ભાવના ભેદો | ૧૦૬ |
| ઔદયિક ભાવના ભેદો | ૧૦૭ |
| પારિણામિક ભાવના ભેદો | ૧૦૮ |
| જીવનું લક્ષણ | ૧૦૯ |
| ઉપયોગના ભેદો | ૧૧૦ |
| જીવના મુખ્ય બે ભેદો | ૧૧૧ |
| સંસારી જીવના બે ભેદો | ૧૧૧ |
| બીજી રીતે જીવના બે ભેદો | ૧૧૩ |
| સ્થિતિ–ગતિશીલ જીવો | ૧૧૪ |
| **ઇંદ્રિય પ્રકરણ** | **૧૧૫–૧૨૬** |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| મનનો વિષય | ૧૨૪ |
| કયા જીવોને મન હોય | ૧૨૬ |
| **અંતરાલગતિ પ્રકરણ** | **૧૨૮–૧૩૬** |
| વિગ્રહગતિમાં કયો યોગ હોય | ૧૨૮ |
| અવિગ્રહગતિમાં કયો યોગ હોય | ૧૨૯ |
| આકાશમાં જીવ–પુદ્ગલની ગતિ | ૧૩૦ |
| સિદ્ધ જીવોની ગતિ | ૧૩૧ |
| સંસારી જીવોની ગતિ તથા વિગ્રહ ગતિનો કાળ | ૧૩૧ |
| અવિગ્રહ ગતિનો કાળ | ૧૩૪ |
| અંતરાલ ગતિમાં આહારનો વિચાર | ૧૩૬ |
| **જન્મ પ્રકરણ** | **૧૩૯–૧૪૨** |
| જન્મના પ્રકારો | ૧૩૭ |
| યોનિના ભેદો | ૧૩૮ |
| કોને કયા પ્રકારનો જન્મ હોય | ૧૪૦–૨ |
| **શરીર પ્રકરણ** | **૧૪૩–૧૫૩** |
| શરીરના ભેદો | ૧૪૩ |
| શરીરમાં સૂક્ષ્મતાનો વિચાર | ૧૪૫ |
| શરીરમાં પ્રદેશોનો વિચાર | ૧૪૬ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| તૈજસ-કાર્મણની ત્રણ વિશેષતા | ૧૪૭ |
| એક જીવમાં એકીસાથે કેટલા શરીર હોય | ૧૪૮ |
| શરીરનું પ્રયોજન | ૧૫૦ |
| ઔદારિક શરીરનાં કારણો | ૧૫૦ |
| વૈક્રિય શરીરનાં કારણો | ૧૫૨ |
| આહારક શરીરના સ્વામી | ૧૫૩ |
| વેદની વિચારણા | ૧૫૩-૪ |
| આયુષ્યના ભેદ અને તેના સ્વામી વિષે વિચારણા | ૧૫૫ |

## ત્રીજો અધ્યાય

## નરકગતિ (અધોલોક) પ્રકરણ

| | |
|---|---|
| સાત પૃથ્વીનાં નામ વગેરે | ૧૬૨ |
| નરકાવાસોનું વર્ણન | ૧૬૬ |
| નરકમાં લેશ્યાદિનો વિચાર | ૧૬૭ |
| નરકમાં પરસ્પરોદીરિત વેદના | ૧૭૩ |
| નરકમાં પરમાધામીકૃત વેદના | ૧૭૪ |
| નરકોનું ઉત્કૃષ્ટ આયુષ્ય | ૧૭૮ |
| કોણ કઈ નરક સુધી ઉત્પન્ન થાય | ૧૭૮ |
| નરકનું આયુષ્ય કયા જીવો બાંધે | ૧૭૯ |
| કયા જીવો નરકમાંથી આવેલા છે, અને પુનઃ નરકમાં જાય | ૧૭૯ |
| કયા સંઘયણવાળો જીવ | |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ક્યાં સુધી જાય | ૧૭૯ |
| કયી નરકમાંથી આવેલો જીવ કઈ લબ્ધિ પામી શકે | ૧૭૯ |
| કયા પદાર્થો નરકમાં ન હોય | ૧૮૦ |
| દેવો કયી નરક સુધી જાય | ૧૮૦ |
| નારકોની ગતિ | ૧૮૦ |
| નરકની સાબિતી | ૧૮૧ |
| **તિર્યંગ્લોક પ્રકરણ** | **૧૮૨-૧૯૩** |
| તિર્યંગ્લોકમાં દ્વીપ-સમુદ્રો | ૧૮૨ |
| દ્વીપ-સમુદ્રની પહોળાઈ-આકૃતિ | ૧૮૩ |
| જંબૂદ્વીપનું વર્ણન | ૧૮૪ |
| જંબૂદ્વીપમાં આવેલાં ક્ષેત્રો | ૧૮૫ |
| જંબૂદ્વીપમાં આવેલા પર્વતો | ૧૮૬ |
| ધાતકીખંડમાં ક્ષેત્ર-પર્વતો | ૧૮૭ |
| પુષ્કરાર્ધમાં ક્ષેત્ર-પર્વતો | ૧૮૭ |
| મનુષ્યોના નિવાસની મર્યાદા | ૧૮૮ |
| મનુષ્યોના ભેદો | ૧૮૯ |
| કર્મભૂમિની સંખ્યા | ૧૯૦ |
| મનુષ્ય-તિર્યંચોનું આયુષ્ય | ૧૯૧ |
| મનુષ્ય-તિર્યંચોની કાયસ્થિતિ | ૧૯૩ |

## ચોથો અધ્યાય

## દેવગતિ (ઊર્ધ્વલોક) પ્રકરણ ૧૯૪-૨૩૯


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| દેવોના ભેદો | ૧૯૪ |
| જ્યોતિષ્ક દેવોના શરીરનો વર્ણ | ૧૯૫ |
| દેવોના અવાંતર ભેદો | ૧૯૫ |
| દેવોના ઇન્દ્રાદિ દશ ભેદો | ૧૯૬ |
| વ્યંતર-જ્યોતિષ્કમાં ત્રાય-સ્ત્રિંશ-લોકપાલનો અભાવ | ૧૯૮ |
| ભવનપતિ-વ્યંતરમાં ઇન્દ્રોની સંખ્યા | ૧૯૮ |
| ૬૪ ઇન્દ્રોની ગણુતરી | ૧૯૮ |
| ભવનપતિ-વ્યંતરમાં શારીરિક વર્ણ | ૧૯૯ |
| દેવોમાં મૈથુન | ૨૦૦-૨૦૨ |
| ભવનપતિનાં દશ ભેદોનાં નામ | ૨૦૪ |
| ભવનપતિના ભવનોની સંખ્યા વગેરેનું કોષ્ટક | ૨૦૫ |
| વ્યંતરના આઠ ભેદોનાં નામ | ૨૦૬ |
| વ્યંતરના અવાંતર ભેદો વગેરેનું કોષ્ટક | ૨૦૭ |
| જ્યોતિષ્કના પાંચ ભેદોનાં નામ | ૨૦૮ |
| જ્યોતિષ્કનું સ્થાન | ૨૦૮ |
| જ્યોતિષ્કનું પરિભ્રમણ ક્ષેત્ર | ૨૦૯ |
| મનુષ્યલોકમાં જ્યોતિષ્કની સંખ્યા | ૨૦૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સૂર્યાદિ વિમાનનું પ્રમાણ | ૨૧૦ |
| જ્યોતિષ્ક વિમાનોને કેટલા દેવો કેવી રીતે વહન કરે છે | ૨૧૧ |
| જ્યોતિષ્ક ગતિથી થતો કાળ | ૨૧૨ |
| મનુષ્ય લોકની બહારના જ્યોતિષ્કનું વર્ણન | ૨૧૩ |

**વૈમાનિક દેવોનો અધિકાર ૨૧૩-૨૨૨**

| | |
|---|---|
| વૈમાનિકના મુખ્ય બે ભેદ | ૨૧૪ |
| વૈમાનિક દેવલોકોનું અવસ્થાન | ૨૧૪ |
| વૈમાનિક ભેદોનાં નામ | ૨૧૫ |
| સૂત્રમાં જુદા જુદા સમાસો કેમ ? | ૨૧૬ |
| અલ્પ શબ્દની સાથે લોકશબ્દનો પ્રયોગ શા માટે ? | ૨૧૭ |
| ૧૨ દેવલોક પછીના ૯ ભેદોને ગ્રૈવેયક કેમ કહેવામાં આવે છે ? | ૨૧૭ |
| સ્થિતિ આદિ સાત બાબતો | ૨૧૮ |
| ગતિ આદિ ચાર બાબતો | ૨૨૧ |
| દેવોમાં શ્વાસોશ્વાસ-આહાર | ૨૨૩ |
| આહારના ભેદ | ૨૨૩ |
| દેવોમાં વેદના | ૨૨૪ |
| દેવલોકમાં ઉપપાત વગેરે | ૨૨૫ |
| વૈમાનિક દેવોનો શારીરિક વર્ણ | ૨૨૬ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| કલ્પની અવધિ | ૨૨૬ |
| લોકાંતિક દેવોનું સ્થાન | ૨૨૭ |
| લોકાંતિક દેવોનાં નામ વિજયાદિ ચાર વિમાનના | ૨૨૮ |
| દેવોનો સંસારકાળ | ૨૨૯ |
| તિર્યંચ સંજ્ઞાવાળા પ્રાણીઓ | ૨૩૦ |
| **દેવોનું ઉ.જ. આયુષ્ય ૨૩૦–૬** | |
| **પાંચમો અધ્યાય** | |
| અજીવ તત્ત્વના ભેદો | ૨૪૦ |
| પ્રદેશ–પરમાણુમાં તફાવત | ૨૪૨ |
| નવતત્ત્વ પ્રકરણ ગ્રંથમાં અજીવકાયના ૧૪ ભેદ કેમ ? | ૨૪૩ |
| ધર્માસ્તિકાયાદિની વિશેષ સંજ્ઞા | ૨૪૩ |
| પાંચ દ્રવ્યોમાં સાધર્મ્ય | ૨૪૪ |
| રૂપી દ્રવ્યો | ૨૪૫ |
| આકાશ સુધીનાં દ્રવ્યોની સંખ્યા | ૨૪૫ |
| આકાશ સુધીનાં દ્રવ્યો નિષ્ક્રિય છે | ૨૪૬ |
| દ્રવ્યોમાં પ્રદેશોનું પ્રમાણ | ૨૪૬–૮ |
| પરમાણુમાં પ્રદેશાભાવ | ૨૪૯ |
| દ્રવ્યોનું આધારક્ષેત્ર | ૨૫૦ |
| દ્રવ્યોના સ્થિતિક્ષેત્રની મર્યાદા | ૨૫૧–૪ |
| જીવની વિવિધ અવગાહનાનું કારણ | ૨૫૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સિદ્ધની અવગાહના ૨/૩ ભાગ કેમ ? | ૨૫૬ |
| ધર્મા.–અધર્મા.નું લક્ષણ | ૨૫૬ |
| આકાશનું લક્ષણ | ૨૫૯ |
| પુદ્ગલના ઉપકાર | ૨૫૯ |
| એકવાર સાંભળેલા શબ્દો ફરી કેમ ન સંભળાય ? | ૨૬૦ |
| ગ્રામોફોનની રેકર્ડમાં એના એજ શબ્દો વારંવાર કેમ સંભળાય છે ? | ૨૬૧ |
| પુદ્ગલનો ઉપકાર જણાવવા બે સૂત્રોની રચના કેમ ? | ૨૬૪ |
| જીવોનો પરસ્પર ઉપકાર | ૨૬૫ |
| કાળનો ઉપકાર | ૨૬૬ |
| પુદ્ગલનું લક્ષણ | ૨૬૯ |
| પુદ્ગલ પરિણામ | ૨૭૦ |
| તીડો અને વનસ્પતિ વગેરે | |
| ઉપર શબ્દોની અસર | ૨૭૨ |
| સ્પૃષ્ટાદિ ચાર પ્રકારનો બંધ | ૨૭૩ |
| ૨૩–૨૪ સૂત્રોના સ્થાને એક જ સૂત્ર કેમ ન કર્યું ? | ૨૭૮ |
| પુદ્ગલના બે ભેદ | ૨૭૮ |
| સ્કંધની ઉત્પત્તિનાં કારણો | ૨૮૧ |
| પરમાણુની ઉત્પત્તિનું કારણ | ૨૮૩ |
| કયા સ્કંધો ચાક્ષુષ બને ? | ૨૮૫ |
| સતનું લક્ષણ | ૨૮૬ |
| નિત્યનું લક્ષણ | ૨૮૮ |
| એક જ વસ્તુમાં નિત્યત્વ–અનિત્યત્વ વગેરે વિરુદ્ધ | |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ધર્મોની સિદ્ધિ | ૨૯૦ |
| સપ્તભંગી | ૨૯૪ |
| બંધ પ્રકરણ | ૨૯૮–૩૦૮ |
| દ્રવ્યનું લક્ષણ | ૩૦૯ |
| કાળનું નિરૂપણ | ૩૧૩ |
| કાળનું વિશેષ સ્વરૂપ | ૩૧૪ |
| ગુણનું લક્ષણ | ૩૧૭ |
| આદિમાન પરિણામ | ૩૨૦–૩૨૨ |

## છઠ્ઠો અધ્યાય

| | |
|---|---|
| યોગનું સ્વરૂપ | ૩૨૩ |
| આસ્રવનું નિરૂપણ | ૩૨૬ |
| પુણ્યનો આસ્રવ | ૩૨૮ |
| પાપનો આસ્રવ | ૩૨૯ |
| આસ્રવના બે ભેદ | ૩૩૦ |
| સાંપરાયિક આસ્રવના ભેદો | ૩૩૧ |
| કારણો સમાન છતાં કર્મ-બંધમાં ભેદ કેમ ? | ૩૩૭ |
| અધિકરણના બે ભેદો | ૩૪૧ |
| જીવઅધિકરણના ભેદો | ૩૪૨ |
| અજીવઅધિકરણના ભેદો | ૩૪૩ |
| જ્ઞાનાવરણ–દર્શનાવરણના આસ્રવો | ૩૪૬ |
| વર્તમાન કાળમાં થતી જ્ઞાનની આશાતના | ૩૪૮ |
| અસાતાના આસ્રવો | ૩૪૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| તપ–ત્યાગથી થતું દુઃખ આસાતાનું કારણ નથી | ૩૫૧ |
| સાતાના આસ્રવો | ૩૫૪ |
| દર્શનમોહના આસ્રવો | ૩૫૭ |
| ચારિત્રમોહના આસ્રવો | ૩૫૯ |
| આયુષ્યના આસ્રવો | ૩૬૦–૩૬૨ |
| અશુભનામકર્મના આસ્રવો | ૩૬૩ |
| શુભનામકર્મના આસ્રવો | ૩૬૪ |
| તીર્થંકરનામના આસ્રવો | ૩૬૫ |
| નીચગોત્રના આસ્રવો | ૩૭૦ |
| ઉચ્ચગોત્રના આસ્રવો | ૩૭૧ |
| અંતરાયકર્મના આસ્રવો | ૩૭૨ |
| કોઇ એક કર્મના આસ્રવ વખતે બીજાં કર્મો પણ બંધાય | ૩૬૭ |
| સંયમ વગેરે દેવગતિના આસ્રવ હોવાથી તેમને ધર્મ કેમ કહેવાય ? એ પ્રશ્નનું સમાધાન | ૩૭૬ |

## સાતમો અધ્યાય

| | |
|---|---|
| વ્રત પ્રકરણ | |
| વ્રતની વ્યાખ્યા | ૩૭૯ |
| દુઃખનું મૂળ રાગ–દ્વેષ હોવાથી વ્રતીએ રાગ–દ્વેષ નહિ કરવાનો નિયમ લેવો જોઈએ એવા કથનનું સમાધાન | ૩૮૦ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| વ્રતના બે ભેદ | ૩૮૩ |
| પાંચ અણુવ્રતોનું સ્વરૂપ | ૩૮૩ |
| મહાવ્રત–અણુવ્રતમાં ભેદ | ૩૮૮ |
| અણુવ્રત શબ્દનો અર્થ | ૩૮૮ |
| મહાવ્રતોની સ્થિરતા માટે જુદી જુદી ભાવનાઓ | ૩૮૯–૪૦૬ |
| હિંસાની વ્યાખ્યા | ૪૦૬ |
| દ્રવ્ય–ભાવ હિંસા | ૪૦૭ |
| પરદ્રવ્ય હિંસાના ભેદો | ૪૦૮ |
| કયારે કોને કઈ હિંસા લાગે | ૪૦૯ |
| અસત્યની વ્યાખ્યા | ૪૧૧ |
| હિંસાનું કારણ સત્ય વચન પણ અસત્ય છે | ૪૧૩ |
| ચોરીની વ્યાખ્યા | ૪૧૪ |
| અબ્રહ્મની વ્યાખ્યા | ૪૧૬ |
| પરિગ્રહની વ્યાખ્યા | ૪૧૭ |
| અનિષ્ટ વસ્તુનો સ્વીકાર શા માટે કરે એ પ્રશ્નનો ઉત્તર | ૪૧૮ |
| મહાવ્રતોના પાલન માટે સ્વ-કક્ષા પ્રમાણે વસ્ત્રાદિના અસ્વીકારમાં દોષો | ૪૨૦ |
| વ્રતીની વ્યાખ્યા | ૪૨૦ |
| વ્રતીના બે ભેદ | ૪૨૨ |
| અગારી વ્રતીની વ્યાખ્યા | ૪૨૩ |
| ગુણવ્રત–શિક્ષાવ્રતો | ૪૨૪ |
| સાત વ્રતોના બે વિભાગ | ૪૩૫ |
| સાત વ્રતોના નામમાં અને ક્રમમાં ફેરફાર | ૫૩૬ |
| સંલેખના | ૪૩૭ |
| સમ્યગ્દર્શન–બારવ્રત–સંલેખનાના અતિચારો | ૪૩૮–૪૭૨ |
| દાનની વ્યાખ્યા | ૪૭૨ |
| દાનની ક્રિયા સમાન છતાં ફળમાં તફાવત | ૪૭૪ |
| **આઠમો અધ્યાય** | |
| કર્મબંધના હેતુઓ | ૪૭૭ |
| બંધની વ્યાખ્યા | ૪૮૫ |
| બંધના ભેદો | ૪૮૫ |
| પ્રકૃતિબંધના મૂળ ભેદો | ૪૯૧ |
| આઠ કર્મોની આત્મા ઉપર અસર | ૪૯૨ |
| જ્ઞાનાવરણના ઉત્તર ભેદો | ૪૯૫ |
| દર્શનાવરણના ,, ,, ,, | |
| વેદનીયના ભેદો | ૪૯૯ |
| મોહનીયના ભેદો | ૫૦૦ |
| આયુષ્યના ભેદો | ૫૧૨ |
| નામકર્મના ભેદો | ૫૧૩ |
| ગોત્રકર્મના ભેદો | ૫૨૭ |
| અંતરાયના ભેદો | ૫૨૭ |
| જઘ. ઉ. સ્થિતિબંધ | ૫૨૯ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| રસબંધ | ૫૩૧ |
| આઠ કર્મોનું ફળ | ૫૩૧ |
| પ્રદેશબંધ | ૫૩૫ |
| પુણ્ય પ્રકૃતિઓ | ૫૪૧ |
| **નવમો અધ્યાય** | |
| સંવરની વ્યાખ્યા | ૫૪૪ |
| સંવરના ઉપાયો | ૫૪૪ |
| નિર્જરાનો ઉપાય | ૫૪૫ |
| ગુપ્તિની વ્યાખ્યા | ૫૪૫ |
| સમિતિનું વર્ણન | ૫૪૬ |
| ધર્મના પ્રકારો | ૫૪૮–૫૬ |
| ક્ષમાની ભાવનાના ૫ મુદ્દા | ૫૪૯ |
| ક્રોધથી બાહ્ય જીવનમાં નુકસાન | ૫૫૦ |
| ક્રોધથી શારીરિક નુકશાન | ૫૫૧ |
| ક્રોધથી આધ્યાત્મિક નુકશાન | ૫૫૧ |
| ક્રોધને રોકવા બાલસ્વભાવ | |
| સ્વકર્મોદય – ક્ષમાગુણની વિચારણા | ૫૫૨–૫૫૩ |
| યોગશાસ્ત્રમાં બતાવેલા ક્રોધને દૂર કરવાના ઉપાયો | ૫૫૪ |
| ક્રોધને રાક્ષસની ઉપમા | ૫૫૬ |
| ક્ષમાદેવીને પરણવાની યોગ્યતાના સૂચક નવ મુદ્દા | ૫૫૭ |
| ક્ષમાના પાંચ પ્રકાર | ૫૫૮ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| માર્દવ ગુણનું વર્ણન | ૫૫૯ |
| આર્જવ–શૌચ–સત્ય–સંયમ | ૫૬૨ |
| તપ–ત્યાગ | ૫૬૩ |
| આકિંચન્ય–બ્રહ્મચર્ય | ૫૬૪ |
| બાર ભાવનાઓનું વર્ણન | ૫૬૬–૫૭૯ |
| પરિષહોનું વર્ણન | ૫૭૯–૫૮૯ |
| ચારિત્રનું વર્ણન | ૫૮૯–૫૯૬ |
| **તપનું વર્ણન** | **૫૯૭–૬૩૫** |
| બાહ્ય તપના ભેદો | ૫૯૭ |
| અભ્યંતર તપના ભેદો | ૬૦૪ |
| પ્રાયશ્ચિત્તના ભેદો | ૬૦૬ |
| વિનયના ભેદો | ૬૦૮ |
| વૈયાવચ્ચના ભેદો | ૬૦૯ |
| સ્વાધ્યાયના ભેદો | ૬૧૦ |
| વ્યુત્સર્ગના ભેદો | ૬૧૧ |
| ધ્યાનનું લક્ષણ | ૬૧૧ |
| ધ્યાનના કાળનું પ્રમાણ | ૬૧૩ |
| ધ્યાનના ભેદો | ૬૧૪ |
| ધ્યાનનું ફળ | ૬૧૫ |
| આર્તધ્યાન | ૬૧૬–૧૮ |
| રૌદ્રધ્યાન | ૬૧૮ |
| ધર્મધ્યાન | ૬૨૦–૨૨ |
| શુકલધ્યાનના સ્વામી | ૬૨૩–૨૪ |
| શુકલધ્યાનના ભેદો | ૬૨૫–૩૧ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| કોને કેટલી નિર્જરા થાય | ૬૩૫ |
| નિર્ગ્રંથના ભેદો | ૬૩૭–૪૦ |
| નિર્ગ્રંથો સંબંધી વિશેષ વિચારણાનાં દ્વારો | ૬૪૦–૪૪ |

**છસ્સમો અધ્યાય**

| | |
|---|---|
| કેવલજ્ઞાન કયારે પ્રગટે? | ૬૪૬ |
| કર્મક્ષયનાં કારણો | ૬૪૭ |
| મોક્ષની વ્યાખ્યા | ૬૪૭ |
| મોક્ષમાં કયા ભાવો ન હોય? | ૬૪૮ |
| સર્વ કર્મક્ષય થતાં આત્મા શું કરે છે? | ૬૪૯ |
| સર્વ કર્મ ક્ષય થતાં આત્મા ઊર્ધ્વગતિ કેમ કરે છે? | ૬૫૧ |
| સિદ્ધોની વિચારણાનાં દ્વારો | ૬૫૪ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पूर्वधरश्रीमदुमास्वातिवाचकविरचितम्-

# श्रीतत्त्वार्थाधिगमशास्त्रम्

## ॥ संबन्धकारिका ॥

सम्यग्दर्शनशुद्धं, यो ज्ञानं विरतिमेव चाप्नोति ।
दुःखनिमित्तमपीदं, तेन सुलब्धं भवति जन्म ॥१॥

जन्मनि कर्मक्लेशै-रनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यम् ।
कर्मक्लेशाभावो यथा भवत्येष परमार्थः ॥ २ ॥

परमार्थालाभे वा, दोषेष्वारम्भकस्वभावेषु ।
कुशलानुबन्धमेव, स्यादनवद्यं यथा कर्म ॥ ३ ॥

---

(૧) જે સમ્યગ્દર્શનથી શુદ્ધ જ્ઞાન અને ચારિત્ર પ્રાપ્ત કરે છે, તેનો દુઃખનું કારણ પણ આ (મનુષ્ય) જન્મ સફળ બને છે.

(૨) કર્મ અને કષાયના અનુબંધવાળા આ જન્મમાં કર્મ અને કષાયનો સર્વથા અભાવ થાય તેવો પ્રયત્ન કરવો એ જ પરમાર્થ છે.

(૩) આરંભમાં પ્રવર્તાવવાના સ્વભાવવાળા કષાયાદિ દોષોની વિદ્યમાનતાના કારણે પરમાર્થ (=કર્મ અને કષાયોનો સર્વથા અભાવ) ન થઈ શકે તો કુશળકર્મનો=પુણ્યાનુબંધી પુણ્યનો અનુબંધ થાય તે પ્રમાણે નિરવદ્ય કાર્યો કરવાં જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कर्माहितमिह चामुत्र, चाधमतमो नरः समारभते ।
इह फलमेव त्वधमो, विमध्यमस्तूभयफलार्थम् ॥ ४ ॥
परलोकहितायैव प्रवर्तते, मध्यमः क्रियासु सदा ।
मोक्षायैव तु घटते, विशिष्टमतिरुत्तमपुरुषः ॥ ५ ॥
यस्तु कृतार्थोऽप्युत्तम,-मवाप्य धर्मं परेभ्य उपदिशति ।
नित्यं स उत्तमेभ्यो,-ऽप्युत्तम इति पूज्यतम एव ॥६॥
तस्मादर्हति पूजा,-मर्हन्नेवोत्तमोत्तमो लोके ।
देवर्षि-नरेन्द्रेभ्यः, पूज्येभ्योऽप्यन्यसत्त्वानाम् ॥ ७ ॥
अभ्यर्चनादर्हतां, मनःप्रसादस्ततः समाधिश्च ।
तस्मादपि निःश्रेयस,-मतो हि तत्पूजनं न्याय्यम् ॥८॥

---

**છ પ્રકારના મનુષ્યોઃ—**

(૪–૫–૬) **અધમતમ** મનુષ્ય આ લોક અને પરલોકમાં દુઃખ આપનારાં કાર્યો કરે છે. **અધમ** મનુષ્ય કેવળ આ લોકમાં સુખ આપનારાં કાર્યો કરે છે. **વિમધ્યમ** મનુષ્ય ઉભયલોકમાં સુખ આપનારાં કાર્યો કરે છે. **મધ્યમ** મનુષ્ય કેવળ પરલોકના સુખ માટે સદા ક્રિયાઓમાં પ્રવર્તે છે. વિશિષ્ટ મતિમાન **ઉત્તમ** પુરુષ મોક્ષ માટે જ પ્રયત્ન કરે છે. પણ જે મનુષ્ય ઉત્તમ ધર્મ પામીને કૃતકૃત્ય બનવા છતાં અન્ય જીવોને સદા ઉત્તમ ધર્મનો ઉપદેશ આપે છે, તે **ઉત્તમ** પુરુષોથી પણ ઉત્તમ=**ઉત્તમોત્તમ** છે. આથી જ તે જગતમાં સર્વથી અધિક પૂજનીય છે.

(૭) આથી ઉત્તમોત્તમ અરિહંત જ લોકમાં અન્ય પ્રાણીઓને પૂજ્ય ગણાતા દેવેંદ્રો અને નરેંદ્રોથી પણ પૂજનીય છે.

**અરિહંત પૂજનો લાભઃ—**

(૮) અરિહંતોની પૂજાથી મન પ્રસન્ન બને છે. મનની પ્રસન્નતાથી સમાધિ પ્રાપ્ત થાય છે. સમાધિથી=સમતાથી મોક્ષ મળે છે. આથી અરિહંતની પૂજા યોગ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तीर्थप्रवर्तनफलं, यत्प्रोक्तं कर्म तीर्थकरनाम् ।
तस्योदयात् कृतार्थो-ऽप्यहंस्तीर्थं प्रवर्तयति ॥ ९ ॥
तत्स्वाभाव्यादेव, प्रकाशयति भास्करो यथा लोकम् ।
तीर्थप्रवर्तनाय, प्रवर्तते तीर्थकर एवम् ॥ १० ॥
यः शुभकर्मासेवन,-भावितभावो भवेष्वनेकेषु ।
जज्ञे ज्ञातेक्ष्वाकुषु, सिद्धार्थनरेन्द्रकुलदीपकः ॥ ११ ॥
ज्ञानैः पूर्वाधिगतैं,-रप्रतिपतितैर्मतिश्रुतावधिभिः ।
त्रिभिरपि शुद्धैर्युक्तः, शैत्यद्युतिकान्तिभिरिवेन्दुः ॥ १२ ॥

---

(૯–૧૦) તીર્થંકર નામકર્મનું ફળ (કાર્ય) તીર્થપ્રવર્તન છે એમ (શાસ્ત્રમાં) કહ્યું છે. આથી અરિહંત કૃતકૃત્ય હોવા છતાં, તીર્થંકર નામકર્મના ઉદયથી તીર્થ પ્રવર્તાવે છે=ધર્મતીર્થની સ્થાપના કરીને પ્રતિદિન ધર્મનો ઉપદેશ આપે છે. જેમ સૂર્ય તેના સ્વભાવથી જ લોકને પ્રકાશિત કરે છે, તેમ તીર્થંકર સ્વભાવથી જ તીર્થને પ્રવર્તાવવાની પ્રવૃત્તિ કરે છે.

(૧૧) પૂર્વકાળમાં અનેક ભવોમાં શુભક્રિયાના અભ્યાસથી આત્માને (શુભ ભાવથી) ભાવિત કરનાર ભગવાન મહાવીર અંતિમ ભવમાં જ્ઞાત ×ઇક્ષ્વાકુવંશમાં ઉત્પન્ન થયા અને સિદ્ધાર્થરાજાના કુળને દીપાવ્યું.

(૧૨) જેમ ચંદ્ર સદા શૈત્ય, દ્યુતિ અને કાંતિ એ ત્રણ ગુણોથી યુક્ત હોય છે, તેમ ભગવાન મહાવીર જન્મ વખતે પૂર્વે (=દેવભવમાં) પ્રાપ્ત કરેલાં અપ્રતિપાતી મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાનથી યુક્ત હતા.

---

× ज्ञाता नाम क्षत्रियविशेषाः, तेषामपि विशेषसंज्ञा इक्ष्वाकवः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शुभसारसत्त्वसंहनन,-धीर्यमाहात्म्यरूपगुणयुक्तः ।
जगति महावीर इति, त्रिदशैर्गुणतः कृताभिख्यः ॥१३॥

स्वयमेव बुद्धतत्त्वः, सत्त्वहिताभ्युद्यताचलितसत्त्वः ।
अभिनन्दितशुभसत्त्वः, सेन्द्रैर्लोकान्तिकैर्देवैः ॥ १४ ॥

जन्मजरामरणार्तं, जगदशरणमभिसमीक्ष्य निःसारम् ।
स्फीतमपहाय राज्यं शमाय धीमान्[1] प्रव्रव्राज ॥ १५ ॥

प्रतिपद्याशुभशमनं, निःश्रेयससाधकं श्रमणलिङ्गम् ।
कृतसामायिककर्मा, व्रतानि विधिना समारोप्य ॥ १६ ॥
(कुलकम्)

---

(૧૩) शुभ (=हितકર) उत्तम सत्त्व, श्रेष्ठ संघयण, लोકोत्तर-वीर्य, अनुपम माहात्म्य, अद्भुत રૂપ अने दाक्षिण्य आदि विशिष्ट गुणोथी युक्त हता. (अहीं शुभ शब्द सत्त्व आदि दरेक शब्दनी साथे जोडवो.)

(૧૪) स्वयमेव तत्त्वोना ज्ञाता हता. प्राणीओना हित माटे तत्पर निश्चल सत्त्ववाळा हता. देवेंद्रोओ अने लोकांतिक देवोओ तेओश्रीना शुभसत्त्वनी प्रशंसा करी हती.

(૧૫-૧૬) જન્મ, જરા अने मरणथी पीडाता जगतने अशरण अने असार जोई ने ज्ञानी महावीरे विशाळ राज्यनो त्याग करी, अशुभ कर्मोनो विनाश करनार अने मोक्षनी प्राप्ति करावनार साधुवेषने ग्रहण करी, सामायिकनो स्वीकार करवा द्वारा विधिपूर्वक व्रतोने स्वीकारी, मोक्ष माटे प्रव्रजित थया.

---

१ दीक्षा थतां ज प्रगट थता मनःपर्यव ज्ञाननी अपेक्षाओ अहीं धीमान् विशेषण छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सम्यक्त्व-ज्ञान-चारित्र,-संवर-तपः-समाधिबलयुक्तः ।
मोहादीनि निहत्या,-ऽशुभानि चत्वारि कर्माणि ॥ १७ ॥

केवलमधिगम्य विभुः, स्वयमेव ज्ञानदर्शनमनन्तम् ।
लोकहिताय कृतार्थो,-ऽपि देशयामास तीर्थमिदम् ॥१८॥

द्विविधमनेकद्वादश,-विध महाविषयममितगमयुक्तम् ।
संसारार्णवपारगमनाय, दुःखक्षयायालम् ॥ १९ ॥

ग्रन्थार्थवचनपटुभिः, प्रयत्नवद्भिरपि वादिभिर्निपुणैः ।
अनभिभवनीयमन्यै,-र्भास्कर इव सर्वतेजोभिः २० कलापकम्

---

(१७-१८) [પ્રવજ્જિત થયા પછી] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, સંવર, તપ અને સમાધિરૂપી સૈન્યથી સ્વયં(-કોઈની સહાય વિના) મોહાદિ ચાર અશુભકર્મોનો ક્ષય કરી, અનંત કેવળજ્ઞાન-કેવળદર્શન ગુણ પ્રાપ્ત કરીને સર્વજ્ઞ બનવાથી કૃતકૃત્ય થવા છતાં લોકહિત માટે આ (-વર્તમાનમાં પ્રવર્તે છે તે) તીર્થનો ઉપદેશ આપ્યો-તીર્થને પ્રકાશિત કર્યું.

(૧૯-૨૦) આ તીર્થ (અંગબાહ્ય-અંગપ્રવિષ્ટ) બે પ્રકારે, (અંગબાહ્ય) અનેક પ્રકારે, અને (અંગપ્રવિષ્ટ) બાર પ્રકારે છે, તથા મહાવિષયવાળું-સર્વ દ્રવ્યોને પ્રકાશિત કરનારું, અનેક નયોથી યુક્ત, સંસાર રૂપી સમુદ્રને પાર પામવા અને દુઃખનો ક્ષય કરવા સમર્થ છે. જેમ મણિ આદિ સર્વ પદાર્થોના પ્રકાશો એકઠા થાય તો પણ તેમનાથી સૂર્ય પરાભવ પામતો નથી. તેમ, ગ્રંથોનો અર્થ કહેવામાં નિપુણ અને ન્યાયકુશલ વાદીઓ તીર્થના પરાભવ માટે પ્રયત્ન કરતા હોવા છતાં તેમનાથી તીર્થ પરાભવ પામતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कृत्वा त्रिकरणशुद्धं, तस्मै परमर्षये नमस्कारम् ।
पूज्यतमाय भगवते, वीराय विलीनमोहाय ॥ २१ ॥
तत्त्वार्थाधिगमाख्यं बह्वर्थसंग्रहं लघुग्रन्थम् ।
वक्ष्यामि शिष्यहितं,-मिममर्हद्वचनैकदेशस्य ॥२२॥ युग्मम् ॥
महतोऽतिमहाविषयस्य, दुर्गमग्रन्थभाष्यपारस्य ।
कः शक्तः प्रत्यासं, जिनवचनमहोदधेः कर्तुम् ॥ २३ ॥
शिरसा गिरिं विभित्सेद्-दुच्चिक्षिप्सेच्च स क्षितिं दोर्भ्याम् ।
प्रतितीर्षेच्च समुद्रं, मित्सेच्च पुनः कुशाग्रेण ॥ २४ ॥
द्यौम्नीन्दुं चिक्रमिषेन्मेरुगिरिं पाणिना चिकम्पयिषेत् ।
गत्यानिलं जिगमिषे-च्चरमसमुद्रं पिपासेच्च ॥ २५ ॥
खद्योतकप्रभाभिः, सोऽभिबुभूषेच्च भास्करं मोहात् ।
सोऽतिमहाग्रन्थार्थं, जिनवचनं संजिघृक्षेत ॥२६॥ विशेषकम् ।

---

(૨૧–૨૨) મોહરહિત હોવાથી મહર્ષિ અને સર્વથી અધિક પૂજનીય તે વીર ભગવાનને (મન–વચન–કાયારૂપ) ત્રિકરણથી શુદ્ધ નમસ્કાર કરીને, શિષ્યના હિત માટે, અરિહંત વચનના એકદેશના સંગ્રહરૂપ અને વિશાળ અર્થવાળા આ **તત્ત્વાર્થાધિગમ** નામના લઘુ ગ્રંથને કહીશ.

(૨૩) જેના ગ્રંથનો અને અર્થનો પાર બહુ કષ્ટથી પામી શકાય છે, અને જેમાં અતિશય ઘણા વિષયો રહેલા છે, તે મહાન જિનવચનરૂપ મહાસમુદ્રનો સંગ્રહ કરવા કોણ સમર્થ છે? કોઈ જ નથી.

(૨૪–૨૫–૨૬) જે પુરુષ અતિશય ઘણા ગ્રંથો અને અર્થોથી પરિપૂર્ણ જિનવચનનો સંગ્રહ કરવાની ઇચ્છા રાખે છે, તે મોહના યોગે મસ્તકથી પર્વતને ભેદવાની ઇચ્છા રાખે છે, બે હાથોથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[1]एकमपि तु जिनवचनाद्, यस्मान्निर्वाहकं पदं भवति ।
श्रूयन्ते चानन्ताः, सामायिकमात्रपदसिद्धाः ॥ २७ ॥

तस्मात् तत्प्रामाण्यात्, समासतो व्यासतश्च जिनवचनम् ।
श्रेय इति निर्विचारं ग्राह्यं धार्यं च वाच्यं च ॥ २८ ॥

न भवति धर्मः श्रोतुः, सर्वस्यैकान्ततो हितश्रवणात् ।
ब्रुवतोऽनुग्रहबुद्ध्या, वक्तुस्त्वेकान्ततो भवति ॥ २९ ॥

પૃથ્વીને ખેંચવાને ઇચ્છે છે, ભુજાઓ વડે સમુદ્ર તરવાને ઇચ્છે છે, માપની અણીથી સમુદ્રને માપવાની ઇચ્છા રાખે છે, આકાશમાં ચંદ્રને ઓળંગવાની ઇચ્છા રાખે છે, હાથથી મેરુપર્વતને કંપાવવાને ઇચ્છે છે, ગતિથી પવનને જીતવાને ઇચ્છે છે, સ્વયંભૂરમણ સમુદ્રને પીવાની ઇચ્છા રાખે છે, ખદ્યોતના તેજથી સૂર્યનો પરાભવ કરવાને ઇચ્છે છે. (અહીં " મોહના યોગે" એ શબ્દો દરેક વાક્ય સાથે જોડવા.)

(૨૭-૨૮) જિનપ્રવચનનું એક પણ પદ ઉત્તરોત્તર જ્ઞાન પ્રાપ્તિ દ્વારા સંસારથી તારનારું બને છે. કેવળ 'સામાયિક' પદથી અનંતકાળમાં અનંતા જીવો સિદ્ધ થયા છે એમ શાસ્ત્રમાં સંભળાય છે. આથી આગમ ઉપર વિશ્વાસ રાખીને સંક્ષેપથી કે વિસ્તારથી ગ્રહણ કરેલું જિનવચન જ કલ્યાણકારી છે એવી શ્રદ્ધા પૂર્વક જિનવચન ગ્રહણ કરવું (=જિનવચનનું ચિંતનાદિ કરવું), અને અન્યને કહેવું.

(૨૯) હિતકર વચનના શ્રવણથી સાંભળનાર બધાને લાભ થાય જ એવો નિયમ નથી. પણ અનુગ્રહ બુદ્ધિથી કહેનારને=ઉપદેશકને તો અવશ્ય લાભ થાય છે.

---

१. एकमपि पदं, किं पुनरियान् सप्तपदार्थसंग्रह इति तुशब्दो विशेषयति, जिनवचनादित्यवच्छेदे पञ्चमी, यथा समूहाच्छुकलं प्रकाशते । यस्मादिति कारणे पञ्चमी ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अममविचिन्त्यात्मगतं, तस्माच्छ्रेयः सदोपदेष्टव्यम् ।**
**आत्मानं च परं च(हि), हितोपदेष्टानुगृह्णाति ॥ ३० ॥**
**नतें च मोक्षमार्गाद्, हितोपदेशोऽस्ति जगति कृत्स्नेऽस्मिन् ।**
**तस्मात् परमिदमेवे,-ति मोक्षमार्गं प्रवक्ष्यामि ॥ ३१ ॥**

(૩૦) આથી પોતાના શ્રમનો વિચાર કર્યા વિના સદા કલ્યાણકારી (મોક્ષમાર્ગનો) ઉપદેશ આપવો જોઈએ. કલ્યાકારી ઉપદેશ આપનાર સ્વ-પર ઉભય ઉપર અનુગ્રહ કરે છે.

(૩૧) આ સમસ્ત વિશ્વમાં મોક્ષમાર્ગ સિવાય બીજો કોઈ કલ્યાણકારી ઉપદેશ નથી. આથી મોક્ષમાર્ગ એ જ શ્રેષ્ઠ ઉપદેશ છે એવો નિર્ણય કરીને હું (ઉમાસ્વાતિવાચક) મોક્ષમાર્ગને કહીશ.

---

મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ,
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

પૂર્વધર પ. પૂ. વાચકવર શ્રી ઉમાસ્વાતિભ્યો નમઃ
સ્વ. પ. પૂ. આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરિભ્યો નમઃ
પ. પૂ. આચાર્ય શ્રી વિજયહીરસૂરિભ્યો નમઃ

પૂર્વધર વાચકવર શ્રી ઉમાસ્વાતિ મહારાજ પ્રણીત

# શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર

[ ગુજરાતી વિવેચન સહિત ]

## પ્રથમ અધ્યાય

જગતમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો છે. ચાર પ્રકારના પુરુષાર્થોમાં મોક્ષ પુરુષાર્થ જ ઉત્તમ છે. આથી મહાપુરુષો ભવ્ય જીવોને મોક્ષમાર્ગનો જ ઉપદેશ આપે છે. આથી અહીં **પૂર્વધર કરુણાસિંધુ પૂજ્યપાદ શ્રી ઉમાસ્વાતિ મહારાજ** પ્રથમ મોક્ષમાર્ગનું પ્રતિપાદન કરે છે. યદ્યપિ, સર્વ પ્રથમ મોક્ષનો ઉપદેશ આપવો જોઈએ. કારણ કે જેને મોક્ષનું જ જ્ઞાન નથી તેને મોક્ષ મેળવવાની ઈચ્છા ન થાય. જેને મોક્ષ મેળવવાની ઈચ્છા ન થાય તેને મોક્ષમાર્ગને જાણવાની ઈચ્છા ન થાય. મોક્ષમાર્ગની જિજ્ઞાસા વિના મોક્ષમાર્ગનો ઉપદેશ નિરર્થક છે. જેને મુંબઈનું જ જ્ઞાન નથી તેને મુંબઈ જવાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇચ્છા નહિ થાય. જેને મુંબઈ જવાની ઇચ્છાના અભાવે મુંબઇના માર્ગની જિજ્ઞાસા નથી તેને મુંબઇના માર્ગનો ઉપદેશ આપવો નિરર્થક છે. પ્રથમ મુંબઇનું સ્વરૂપ, મુંબઈ જવાથી થતા લાભો વગેરે દૃષ્ટિએ મુંબઇનું જ્ઞાન કરાવવું જોઇએ. મુંબઇનું જ્ઞાન થયા પછી મુંબઈ જવાની ઇચ્છા પ્રગટે અને તેના માર્ગની જિજ્ઞાસા જાગે તો તેનો ઉપદેશ સાર્થક બને. તેમ પ્રસ્તુતમાં સર્વ પ્રથમ મોક્ષનું સ્વરૂપ, મોક્ષની પ્રાપ્તિથી થતો લાભ વગેરે દૃષ્ટિએ મોક્ષનો ઉપદેશ આપવો જોઈએ. મોક્ષના જ્ઞાનથી મોક્ષ મેળવવાની ઇચ્છા પ્રગટે છે. મોક્ષ મેળવવાની ઇચ્છાથી તેના માર્ગની જિજ્ઞાસા થાય છે. મોક્ષ માર્ગની જિજ્ઞાસા થતાં તેના ઉપદેશની અસર થાય છ.

આમ પ્રથમ મોક્ષનો ઉપદેશ આપવો જોઈએ, છતાં અહીં ગ્રંથકાર મહર્ષિ પ્રથમ મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે તેમાં હેતુ એ છે કે–પ્રેક્ષાપૂર્વકારી–બુદ્ધિમાન પુરુષો કાર્યની અપેક્ષાએ કારણને પ્રધાન માને છે. કારણ કે–કારણ વિના કાર્ય ન જ થાય. કાર્ય કરવાની ઇચ્છા હોય, કાર્ય કરવા માટે પ્રવૃત્તિ પણ શરૂ કરી હોય, છતાં જો કારણ ન મળે તો કાર્ય પણ ન જ થાય. વાત પણ સત્ય છે. જેમ મુંબઇનું જ્ઞાન હોય, મુંબઈ જવાની ઇચ્છા હોય, પણ મુંબઇના માર્ગનું જ્ઞાન ન હોય અગર વિપરીત જ્ઞાન હોય તો મુંબઈ પહોંચી શકાતું નથી. તેમ મોક્ષનું જ્ઞાન હોય, મોક્ષ મેળવવાની ઇચ્છા પણ હોય, છતાં જો મોક્ષમાર્ગનું યથાર્થ જ્ઞાન ન હોય તો મોક્ષ મેળવી શકાય નહિ. બૃહ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્મૃતિની બુદ્ધિને ઝાંખી કરનારા પંડિતોને પણ મોક્ષ મેળવવા અથાગ પ્રયત્ન કરવા છતાં મોક્ષમાર્ગના વિપરીત જ્ઞાનથી અનંતકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે.

સર્વ દર્શનકારો સામાન્યતઃ મોક્ષ વિષે એકત્વતા ધરાવે છે, મોક્ષમાં દુઃખની આત્યન્તિક નિવૃત્તિ થાય છે એમ સર્વ દર્શનકારો માને છે, પણ મોક્ષમાર્ગ અંગે સર્વ દર્શનકારોની માન્યતા ભિન્ન ભિન્ન છે. આથી ભવ્ય જીવો વિપરીત માર્ગમાં ન ચાલ્યા જાય, અથવા ગયેલા પાછા વળી જાય એ માટે તેમને સત્ય મોક્ષમાર્ગથી વાકેફ કરવા એ મહાપુરુષોની ફરજ છે. આથી અહીં પૂર્વધર શ્રી ઉમાસ્વાતિ ભગવંત સર્વ પ્રથમ મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છેઃ—

મોક્ષમાર્ગ—

**सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः ॥ १—१ ॥**

**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ ત્રણે ભેગા મોક્ષમાર્ગ છે.** આ ત્રણમાંથી એકનો પણ અભાવ હોય તો મોક્ષની પ્રાપ્તિ ન થાય. જેમ આરોગ્ય મેળવવા ઔષધનું જ્ઞાન, ઔષધ વિષે શ્રદ્ધા અને ઔષધનું વિધિપૂર્વક સેવન એ ત્રણે જરૂરી છે, આ ત્રણમાંથી એકના પણ અભાવે આરોગ્યની પ્રાપ્તિ થતી નથી, તેમ આત્માનું આરોગ્ય–મોક્ષ મેળવવા સમ્યગ્દર્શન આદિ ત્રણેની જરૂર છે.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન બંને યુગલિક મનુષ્યની જેમ સદા સાથે જ ઉત્પન્ન થાય છે, સાથે રહે છે અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાશ પામે તો સાથે જ નાશ પામે છે. આથી જ્યારે સમ્યગ્જ્ઞાન હોય ત્યારે સમ્યગ્દર્શન અવશ્ય હોય તેમ સમ્યગ્દર્શન હોય ત્યારે સમ્યગ્જ્ઞાન અવશ્ય હોય, પણ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન હોય ત્યારે સમ્યક્ ચારિત્ર હોય જ એવો નિયમ નથી; હોય અથવા ન પણ હોય. જ્યારે સમ્યક્ ચારિત્ર હોય ત્યારે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન અવશ્ય હોય.

**સમ્યગ્ એટલે પ્રશસ્ત અથવા સંગત.**

**સમ્યગ્દર્શન એટલે તત્ત્વભૂત જીવાદિ પદાર્થો વિષે શ્રદ્ધા.**

**સમ્યગ્જ્ઞાન એટલે જીવાદિ પદાર્થોનું યથાર્થ જ્ઞાન.**

**સમ્યક્ ચારિત્ર એટલે યથાર્થ જ્ઞાનપૂર્વક અસત્ક્રિયાથી નિવૃત્તિ અને સત્ક્રિયામાં પ્રવૃત્તિ.**

**મોક્ષ એટલે સર્વ કર્મોનો ક્ષય.**

**માર્ગ એટલે સાધન.**

**પ્રશ્ન** :—અહીં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન બન્ને એકી સાથે ઉત્પન્ન થાય છે એમ કહ્યું, પણ તત્ત્વાર્થ ભાષ્યમાં एषां च पूर्वस्य लाभे भजनीयमुत्तरम्, "उत्तरकाले तु नियतः पूर्वलाभः।" પૂર્વના ગુણની પ્રાપ્તિ થતાં પછીના ગુણની પ્રાપ્તિ થાય કે ન પણ થાય; પણ પછીના ગુણની પ્રાપ્તિ થતાં પૂર્વના ગુણોની પ્રાપ્તિ અવશ્ય થાય છે," એમ કહેવામાં આવ્યું છે. આ કથનના આધારે તો સમ્ય-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્દર્શનની પ્રાપ્તિ થાય ત્યારે સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય કે ન પણ થાય. આથી સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાનની સહોત્પત્તિના કથનનો તત્ત્વાર્થ ભાષ્યના અનિયતલાભના કથનની સાથે વિરોધ આવે છે.

**ઉત્તર** :—સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાનની સહોત્પત્તિના કથનનો તત્ત્વાર્થ ભાષ્યના અનિયત લાભના કથનની સાથે જરા ય વિરોધ નથી. અપેક્ષાએ બંને કથન સત્ય છે. સહોત્પત્તિનું કથન સામાન્યથી સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ છે. એટલે કે સમ્યગ્દર્શન પ્રગટ થતાંની સાથે જ જીવનું જ્ઞાન સમ્યગ્ બની જાય છે. અનિયત લાભનું કથન આચારાંગ આદિ* વિષયક વિશિષ્ટ જ્ઞાનની અપેક્ષાએ છે. સમ્યગ્દર્શન પ્રગટ થતાં જ આચારાંગ આદિ સંબંધી વિશિષ્ટ જ્ઞાન થાય જ એવો નિયમ નથી. આથી સમ્યગ્દર્શનની સાથે સમ્યગ્જ્ઞાન અવશ્ય હોય, પણ વિશિષ્ટ (આચારાંગાદિ સંબંધી) જ્ઞાન હોય જ એવો નિયમ નથી. આમ સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન સંબંધી સહોત્પત્તિના કથનનો ભાષ્યના અનિયત લાભના કથનની સાથે વિરોધ નથી.

મોક્ષ સાધ્ય છે. સમ્યગ્દર્શન આદિ ત્રણ તેનાં સાધન છે. સમ્યગ્દર્શન આદિ ત્રણનું વિશેષ વર્ણન સૂત્રકાર ભગવંત સ્વયમેવ આગળ કરવાના છે. આથી અહીં આપણે એ ત્રણની વિશેષ વિચારણા કરવાની નથી.

---

* પ્રસ્તુત સૂત્રના ભાષ્યની ટીકાના આધારે આ સમાધાન લખ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન** :—મોક્ષ કોઈપણ પ્રમાણથી સિદ્ધ થતો ન હોવાથી તેના માર્ગનું નિરૂપણ આકાશ-કુસુમને મેળવવાના ઉપાયના વર્ણનની જેમ નિરર્થક છે.

**ઉત્તર** :—સર્વજ્ઞ-સંપૂર્ણ જ્ઞાની ભગવંતો મોક્ષને પ્રત્યક્ષ નિહાળી રહ્યા છે એટલે મોક્ષ પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ છે. અપૂર્ણ જ્ઞાનવાળા જીવોને મોક્ષ પ્રત્યક્ષ સિદ્ધ ન હોવા છતાં યુક્તિથી-અનુમાનથી તે સિદ્ધ થઈ શકે છે. સંસારી જીવોમાં દેખાતી સુખની તરતમતા મોક્ષને સિદ્ધ કરે છે. સંસારી જીવોમાં દેખાતા તરતમતાવાળા સુખની પરાકાષ્ઠા અવશ્ય હોવી જોઈએ. યોગી આત્માઓ પાસે ભોગનાં સાધનો ન હોવા છતાં તેઓ ભોગી જીવો કરતાં અધિક સુખનો અનુભવ કરે છે. યોગીઓમાં પણ સુખની તરતમતા હોય છે. સુખની આ તરતમતાની પરાકાષ્ઠા અવશ્ય હોવી જોઈએ. જ્યાં જ્યાં તરતમતા હોય છે ત્યાં ત્યાં પરાકાષ્ઠા અવશ્ય હોય છે. ચંદ્રના પ્રકાશમાં બીજ, ત્રીજ વગેરે દિવસોમાં તરતમતા છે તો પૂનમના દિવસે તે પરાકાષ્ઠાએ પહોંચે છે, તેમ આત્મસુખની પણ પરાકાષ્ઠા હોવી જોઈએ. આત્મસુખની પરાકાષ્ઠા તે જ મોક્ષ. આત્મસુખની પરાકાષ્ઠાને અનેક જીવો પામેલા છે અને હજી પામશે. આપ્તપ્રણીત આગમોમાં મોક્ષનું વિધાન હોવાથી આગમ-પ્રમાણથી પણ મોક્ષ સિદ્ધ છે. આ પ્રમાણે પ્રત્યક્ષ, યુક્તિ-અનુમાન અને આગમ પ્રમાણથી મોક્ષની સિદ્ધિ થાય છે.

**પ્રશ્ન** :—ચાર પુરુષાર્થોમાં મોક્ષ પુરુષાર્થ શ્રેષ્ઠ કેમ ?

**ઉત્તર** :—સંસારના સર્વ જીવો સુખને ઈચ્છે છે અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુઃખને ઇચ્છતા નથી. આથી તેઓ સુખ મેળવવા અને દુઃખ દૂર કરવા અર્થ અને કામ એ બે પુરુષાર્થોનું સેવન કરે છે. છતાં તેઓ દુઃખ દૂર કરી શકતા નથી અને સંપૂર્ણ સુખને મેળવી શકતા નથી. કારણ કે અર્થ અને કામથી મળતું સુખ ક્ષણિક અને દુઃખમિશ્રિત હોવાથી અપૂર્ણ છે. આથી જ તત્ત્વજ્ઞ મહાપુરુષોની દૃષ્ટિએ અર્થ અને કામ એ બે પુરુષાર્થો નામના જ પુરુષાર્થો છે. ધર્મ અને મોક્ષ પુરુષાર્થના સેવનથી અક્ષણિક અને દુઃખથી રહિત સંપૂર્ણ સુખની પ્રાપ્તિ થાય છે. આથી આ બે પુરુષાર્થો જ મુખ્ય છે. આ બેમાં પણ મોક્ષપુરુષાર્થ મુખ્ય છે. ધર્મ તો મોક્ષનું કારણ હોવાથી ઉપચારથી પુરુષાર્થ છે. આથી ચાર પુરુષાર્થોમાં મોક્ષ પુરુષાર્થ જ મુખ્ય છે.

## સંસારનું સુખ દુઃખસ્વરૂપ જ છે.

**પ્રશ્ન** :–મોક્ષમાં અન્ન–પાન, રેડિયો, સ્ત્રી, મોટર, બંગલો વગેરે સુખનાં સાધનો ન હોવાથી સુખ કેવી રીતે?

**ઉત્તર** :–અહીં જ તમે ભૂલો છો. અન્ન–પાન, સ્ત્રી આદિ સુખનાં સાધનો છે જ નહિ. કારણ કે સુખ તે છે કે, જે સદા રહે, જેનો અનુભવ કરવામાં જરા ય ભય ન હોય, જે ઇચ્છા કર્યા વિના પ્રાપ્ત થાય, જેના માટે બાહ્ય કોઈ સાધનની જરૂર ન પડે. આવું સુખ આત્મામાં રહેલું છે. આથી મોક્ષમાં તે સુખનો અનુભવ થાય છે. બાહ્ય સાધનોથી પ્રાપ્ત થતું સુખ આનાથી વિપરીત છે. બાહ્ય *સાધનોથી થતું સુખ કૃત્રિમ–સાંયોગિક છે. આથી જ બાહ્ય*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધનો કેટલીક વખત સુખ તો નથી આપતા, બલ્કે દુઃખનો અનુભવ કરાવે છે. જેમ કે–

એક કન્યાએ પોતાના પિતાની પાસે સુંદરમાં સુંદર સાડી મંગાવી. પિતાએ તેને લાવી આપી. આથી સાડી જોઈ તે ખુશ ખુશ થઈ ગઈ. સાડીના દર્શન માત્રથી એને અત્યંત સુખનો અનુભવ થયો. બાદ તેણે એ સાડી પોતાની સખીને બતાવી. સખીએ તે સાડી જોઈ અને સાથે સાથે પોતાની એક નવીન સુંદર સાડી તેને બતાવી, તેણીએ સખીની સાડીનું નિરીક્ષણ કર્યું તો તેને જાત, ભાત, રંગ વગેરે અનેક દૃષ્ટિએ સખીની સાડી પોતાની સાડીની અપેક્ષાએ કઈ ગણી સુંદર લાગી. આથી તેના હૃદય ગગન ઉપર નિરાશાનાં દુઃખનાં વાદળોએ આક્રમણ કર્યું. હવે તેની દૃષ્ટિમાં પોતાની સાડી સામાન્ય ભાસવા લાગી.

વાંચકો ! હવે એ સાડી તેના હૃદયને આનંદ આપશે ? જ્યારે જ્યારે એ પહેરશે અને પોતાની સખીની સાડીનું સ્મરણ થશે ત્યારે શું તેને દુઃખ ઉત્પન્ન નહિ થાય ? ક્ષણ પહેલાં જે વસ્તુ અત્યંત આનંદ આપતી હતી, એથી પોતાને કોઈ અપૂર્વ વસ્તુ પ્રાપ્ત થઈ છે એવું લાગતું હતું, તે જ વસ્તુ ક્ષણ બાદ અત્યંત નિરાશા ઉત્પન્ન કરે છે. આની પાછળ શું કારણ છે ? જો બાહ્ય પદાર્થોમાં સ્વાભાવિક સુખ હોય તો આમ બને ? ન બને. આથી બાહ્ય પદાર્થોમાં સુખ છે જ નહિ.

**પ્રશ્ન** :–જો બાહ્ય–ભૌતિક વસ્તુઓમાં સુખ નથી તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે તે વસ્તુના ભોગ-ઉપભોગથી સુખનો-આનંદનો અનુભવ કેમ થાય છે?

**ઉત્તર** :-મોહવશ જીવોને વિષયોપભોગની ઉત્સુકતા જાગે છે, એથી જ્યાં સુધી વિષયોપભોગ નથી થતો ત્યાં સુધી મનમાં અરતિ રહ્યા કરે છે, જ્યારે વિષયોપભોગ થાય છે ત્યારે વિષયોપભોગની ઉત્સુક્તાના કારણે જાગેલી અરતિનો થોડા ટાઈમ માટે અભાવ થાય છે. આમ શબ્દાદિ સાધનો સુખ નથી આપતા, કિંતુ જાગેલી અરતિનો માત્ર પ્રતિકાર કરે છે. એથી જીવોને અરતિ રૂપ દુઃખનો અભાવ થાય છે. આ દુઃખાભાવમાં સુખનો ઉપચાર કરવામાં આવે છે. દા. ત. ખૂજલીવાળા મનુષ્યને ચળ આવે છે, એથી શરીરને ખણવાની ઇચ્છા થાય છે. જો એ પોતાના શરીરને ખણે નહિ, તો તેના મનમાં અરતિ-ઉદ્વેગ ઉત્પન્ન થાય છે. આથી તે શરીરને ખણીને અરતિનો પ્રતીકાર કરે છે. છતાં તે કહે છે કે શરીરને ખણવાથી મને સુખનો અનુભવ થાય છે. તમે જ કહો કે એક નીરોગી માણસ શરીરને ખંજવાળતો નથી, જ્યારે ખૂજલીવાળો માણસ પોતાના શરીરને ખંજવાળે છે-તો આ બેમાં કોણ સુખી? જો ખંજવાળવાથી વાસ્તવિક સુખ ઉત્પન્ન થતું હોય તો જે નથી ખંજવાળતો તે દુઃખી હોવો જોઇએ. પણ તેમ છે નહિ. એટલે કહેવું જ પડશે કે ખૂજલીવાળાને ખંજવાળથી ઉત્પન્ન થતું સુખ વાસ્તવિક સુખ નથી, કિન્તુ અરતિનો પ્રતિકાર હોઈ દુઃખાભાવમાં સુખનો ઉપચાર થવાથી ઔપચારિક સુખ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે જ પ્રમાણે એક અશક્ત-નબળો માણસ પુષ્ટિ લાવવા ચ્યવનપ્રાશાલેહ કેશરીયા દૂધ આદિ વાપરીને સુખ મેળવે છે. જ્યારે એક માણસ અત્યંત નીરોગી હોવાથી કુદરતી જ હૃષ્ટ-પુષ્ટ છે, તેથી ચાલુ ખોરાક વાપરે છે. આ બેમાં કોણ સુખી? અહીં નબળા માણસને નવું સુખ મળે છે કે દુઃખ દૂર થાય છે? અહીં નબળાઈનું ઉપાધિજન્ય દુઃખ દૂર થાય છે. એમાં કયો વિદ્વાન ના કહી શકે? એ જ પ્રમાણે વૈષયિક સુખના શબ્દાદિ સાધનોથી વિષયોપભોગની ઉત્સુકતા રૂપ ઉપાધિથી થતું અરતિ રૂપ દુઃખ દૂર થાય છે, તેથી તેમાં સુખનો ઉપચાર કરવામાં આવે છે. આથી શબ્દાદિથી ઉત્પન્ન થતું સુખ એ ઔપચારિક સુખ છે, વાસ્તવિક તો એ દુઃખ રૂપ જ છે. આથી જ પૂજ્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ અધ્યાત્મસાર ગ્રંથમાં કહે છે કે-

सर्वं पुण्यफलं दुखं कर्मोदयकृतत्वतः ।
तत्र दुःखप्रतीकारे विमूढानां सुखत्वधः ॥

(આત્મ૦ શ્લોક-૬૩)

સુખથી પ્રાપ્ત થતું સર્વ પ્રકારનું સુખ કર્મોદય જનિત હોવાથી પરમાર્થથી દુઃખ જ છે. તે સુખ દુઃખના પ્રતીકાર રૂપ હોવા છતાં મૂઢ જીવો તેને સુખ રૂપ માને છે.

પુણ્યથી પ્રાપ્ત થતું સુખ એ પરમાર્થથી દુઃખરૂપ કેમ છે એ વિશે પૂજ્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ શું કહે છે તે જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

परिणामाच्च तापाच्च संस्काराच्च दुर्धैर्मतम् ।
गुणवृत्तिविरोधाच्च दुःखं पुण्यभवं सुखम् ॥
( અધ્યા. આત્મ૦ શ્લોક–૬૬ )

પુણ્યથી પ્રાપ્ત થતું સુખ પણ પરિણામ, તાપ, સંસ્કાર અને ગુણવૃત્તિ વિરોધ એ ચાર હેતુઓથી દુઃખ રૂપ જ છે.

**પરિણામથી દુઃખ :**–અતિથિના ભોજન માટે પુષ્ટ થતા બકરાની શી દશા થાય છે એ જાણો છો ? એ બકરાને પુષ્ટિકારક ખોરાક આપીને એવો તો હૃષ્ટપુષ્ટ બનાવવામાં આવે છે કે એને જોઈને અન્ય પશુઓને ઈર્ષ્યા થાય છે. પણ અતિથિ આવતાં તેની કરુણ દશા થાય છે. તેના સંપૂર્ણ શરીરના ટુકડે ટુકડા કરીને તેના માંસમાંથી અતિથિ માટે ભોજન તૈયાર થાય છે. પુષ્ટિકારક ખોરાકના ભોજનથી મળેલા ક્ષણિક સુખનું પરિણામ કેવું ભયંકર છે. કસાઈને ત્યાં પુષ્ટ થતા પાડાની પરિણામે થતી કરુણ સ્થિતિને કોણ નથી જાણતું ?

શરીરના બરાબ લોહીનું પાન કરીને પુષ્ટ બનેલ જળોની કેવી કરુણ દશા ? શરીરનું લોહી પીને પુષ્ટ બનેલ જળોને જ્યારે નીચોવવામાં આવે છે ત્યારે કેટલું દુઃખ ? દર્દીના શરીરમાંથી અશુદ્ધ લોહીને કાઢવા વૈદ્યો જળોનો ઉપયોગ કરે છે. શરીર પર જળો મૂકવાથી તે શરીરના અશુદ્ધ લોહીનું પાન કરીને પુષ્ટ બને છે. પણ જ્યારે તેના શરીરમાંથી લોહી કાઢી નાખવા તેને નીચોવવામાં આવે છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે તેની દુઃખમય સ્થિતિ જોઈને કયા સહૃદય વિદ્વાનનું હૃદય કરુણાથી નથી છલકાઈ જતું ?

બસ એ જ પ્રમાણે જીવ ક્ષણિક વિષય સુખના આહ્લાદથી પરિણામે અનંત દુઃખના દરિયામાં ડુબી જાય છે. આથી ક્ષણિક વિષય સુખના આનંદથી પરિણામે દુઃખ જ મળે છે. કારણ કે–

(૧) જેમ જેમ ભૌતિક સુખનાં સાધનોનો ભોગ-ઉપભોગ થાય છે તેમ તેમ તૃષ્ણા વધતી જાય છે. વધતી તૃષ્ણાને સંતોષવા પુણ્યના અભાવે સુખનાં સાધનો ન મળવાથી દુઃખ વધતું જ જાય છે.

(૨) ભોગ-ઉપભોગ કાળે રાગ થવાથી અશુભ કર્મોનો બંધ થાય છે. એ અશુભ કર્મોના ઉદય કાળે અત્યંત દુઃખનો અનુભવ થાય છે.

(૩) ભોગ્ય વસ્તુને મેળવવા હિંસા આદિ પાપનાં કાર્યો કરવાં પડે છે. એ પાપનાં કાર્યોથી અશુભ કર્મોનો બંધ, એ કર્મોના વિપાક કાળે દુઃખ.

(૪) લોભથી વધારે ભોગ કરવાથી વ્યાધિ, અપકીર્તિ આદિનું દુઃખ.

(૫) ભોગમય જીવન બની જવાથી પરલોકની સાધના ન થઈ શકે એથી પરલોકમાં દુઃખ.

**તાપથી દુઃખ :**—વિષય સુખનો અનુભવ તો તેના સાધનો મળે ત્યારે થાય, પણ તે પહેલાં જ એ વિષય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુખની ઝંખનાથી અને વિષય સુખનાં સાધનો મેળવવામાં ઉત્પન્ન થતી અરતિના સંતાપનું દુઃખ કેટલું ? વિષય સુખના સાધનો મેળવવામાં માનસિક અને શારીરિક તાપનો કોઈ પાર નથી હોતો. વિષય સુખનો અનુભવ કર્યા પછી પણ તૃષ્ણા ઉભી જ રહે છે. એથી ભૌતિક સાધનોનો વિયોગ ન થાય તેની ચિંતાનો તાપ-સંતાપ શું ઓછો હોય છે ? આ પ્રમાણે વિષય સુખ પામ્યા પહેલાં અને પછી પણ તાપ-દુઃખ રહ્યા જ કરે છે. અરે ! વિષય સુખના અનુભવ વખતે પણ તાપ ચાલુ જ હોય છે. કારણ કે—

(૧) ભોગ-ઉપભોગ કાળે ઈષ્ટ સુખના વિરોધી પ્રત્યે દ્વેષભાવ હોવાથી મનમાં દ્વેષનો તાપ રહ્યા કરે છે.

(૨) ભોગ-ઉપભોગ કાળે તે સાધનોના વિયોગની ચિંતા તથા રોગાદિકના ભયનો તાપ.

(૩) ગમે તેટલું વિષય સુખ પ્રાપ્ત થવા છતાં ઇન્દ્રિયોને તૃપ્તિ નહિ થવાથી વિષયોને મેળવવા ઇન્દ્રિયો સદા ઉત્સુક રહે છે. એથી તપેલા લોઢાના ગોળાની જેમ ઇન્દ્રિયો સદા અતૃપ્ત જ રહે છે. અત્યંત તપેલા લોઢાના ગોળા ઉપર જેમ જેમ પાણીના ટીપા નાખતાં જઈએ તેમ તેમ પાણીના ટીપા ચૂસાતા જાય છે, અને લોઢાનો ગોળો તપેલો જ રહે છે. એ પ્રમાણે ઇન્દ્રિયો ગમે તેટલું વિષય સુખ પ્રાપ્ત થવા છતાં અતૃપ્ત રહે છે.

**સંસ્કારથી દુઃખ** :—સંસ્કારના કારણે પણ વિષય-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુખ દુઃખ સ્વરૂપ જ છે. કારણ કે વિષય સુખોનો અનુભવ કરવા છતાં દુઃખના સંસ્કારોની નિવૃત્તિ નથી થતી, બલકે તેની વૃદ્ધિ થાય છે. મજૂર થાક લાગવાથી એક ખભા ઉપર રહેલા ભારને અન્ય ખભા ઉપર નાખે છે, તો શું તેનો ભાર દૂર થાય છે ? બસ એ જ પ્રમાણે વિષય સુખના ઉપભોગથી દુઃખ દૂર થયાનો આભાસ થાય છે, પણ વાસ્તવિક રીતે દુઃખ દૂર થતું જ નથી. આથી વિષયસુખ એ દુઃખ રૂપ જ છે.

**ગુણવૃત્તિ વિરોધથી દુઃખ :**—ગુણવૃત્તિ એટલે ગુણોની વૃત્તિ, ગુણોનું પરિણામ-કાર્ય. સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણો છે. સુખ, દુઃખ અને મોહ એ ત્રણ અનુક્રમે સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણે ગુણના પરિણામ –વૃત્તિ છે. આથી સુખ, દુઃખ અને મોહ એ ત્રણ ગુણવૃત્તિ છે. સત્ત્વગુણનું પરિણામ-કાર્ય સુખ છે. રજોગુણનું પરિણામ દુઃખ છે. તમોગુણનું પરિણામ મોહ છે. સુખ, દુઃખ અને મોહ એ ત્રણ ગુણવૃત્તિઓ પરસ્પર વિરુદ્ધ હોવા છતાં સાથે જ રહે છે. આ ત્રણે ગુણવૃત્તિઓ પરસ્પર વિરુદ્ધ છે, એટલે કે પરસ્પર અભિભાવ્ય-અભિભાવક ભાવ છે. આથી જ્યારે જે ગુણવૃત્તિ ઉદ્‌ભૂત-પ્રગટ બને છે તે ગુણવૃત્તિ અન્ય ગુણવૃત્તિનો અભિભવ કરે છે. જ્યારે પુણ્યની પ્રબળતાથી સુખ રૂપ ગુણવૃત્તિ ઉદ્‌ભૂત બને છે, ત્યારે દુઃખરૂપ ગુણવૃત્તિનો અભિભવ-તિરોભાવ થાય છે, પણ દુઃખવૃત્તિનો સર્વથા નાશ નથી થતો. આથી સુખરૂપ ગુણવૃત્તિ વખતે દુઃખરૂપ ગુણવૃત્તિ પણ રહેલી જ હોય છે, માત્ર અભિભૂત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય છે. જ્યારે પાપનો ઉદય થાય છે ત્યારે દુઃખરૂપ ગુણવૃત્તિ ઉદ્‌ભૂત બને છે અને સુખરૂપ ગુણવૃત્તિનો અભિભવ થાય છે. આ પ્રમાણે સુખવૃત્તિ એટલે કે સુખ દુઃખાત્મક રજોગુણથી મિશ્રિત સત્ત્વગુણનું પરિણામ હોવાથી દુઃખ રૂપ જ છે.

આ પ્રમાણે "ભૌતિક વસ્તુઓથી પ્રગટ થતું સુખ એ દુઃખ રૂપ જ છે." એ સિદ્ધ થાય છે. દરેક વ્યક્તિ આ વિશે પોતાને જે અનુભવ થાય છે તે અનુભવોનું શાંતિથી ચિંતન –મનન કરે તો પણ "ભૌતિક વસ્તુઓથી પ્રાપ્ત થતું સુખ એ દુઃખરૂપ જ છે." એ મહાન સત્ય હાથમાં આવ્યા વિના ન રહે.

હવે બીજી વાત. મોક્ષમાં અન્નાદિના ભોગની કે વિષયસેવનની જરૂર પણ શી છે? કારણ કે અન્નાદિનો પરિભોગ કે વિષયસેવન ઉત્પન્ન થયેલ ક્ષુધાદિ દુઃખની નિવૃત્તિ દ્વારા સ્વસ્થતા પ્રાપ્ત કરવા માટે છે. જ્યારે મોક્ષમાં સ્વાભાવિક સ્વસ્થતા રહેલી છે. કારણ કે ત્યાં અસ્વસ્થતાના –ક્ષુધાદિ દુઃખના કારણ કર્મ કે ઇચ્છાદિનો અભાવ છે. આથી ત્યાં અન્નાદિના ઉપભોગની જરૂર જ નથી. ઔષધ સેવનની જરૂર કોને હોય? જે રોગી હોય તેને જ ને? બસ એ જ પ્રમાણે જેને કર્મરૂપ રોગ હોય તેને જ અન્નાદિના ભોગ રૂપ ઔષધ સેવનની જરૂર પડે છે. બધુજ કોને આવે? જેને બધુજનો રોગ હોય તેને આવે. તે જ પ્રમાણે જેને વિષયોની ઇચ્છારૂપ બધુજનો રોગ હોય તેને જ વિષયસેવનરૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંજવાળની જરૂર પડે છે. મોક્ષમાં નથી કર્મનો રોગ કે નથી ઇચ્છાનો રોગ, આથી મોક્ષમાં અન્નાદિના પરિભોગની કે વિષયસેવન આદિની જરૂર જ નથી. જેમ જ્ઞાન આત્માનો ગુણ છે તેમ સુખ પણ આત્માનો ગુણ છે. આથી મોક્ષમાં અનંતજ્ઞાનની જેમ સ્વાભાવિક અનંત સુખ હોય છે. [૧]

## સમ્યગ્દર્શનનું લક્ષણ

## तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् ॥१–२॥

**તત્ત્વરૂપ જીવાદિ પદાર્થોની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન.**

તત્ત્વરૂપ જીવાદિ પદાર્થોની શ્રદ્ધા એટલે જીવાદિ પદાર્થો જેવા સ્વરૂપે છે તેવા સ્વરૂપે માનવા.

**પ્રશ્ન** :—' તત્ત્વરૂપ જીવાદિ પદાર્થોની શ્રદ્ધા એ સમ્યક્ત્વ ' એ પ્રમાણે સમ્યક્ત્વની વ્યાખ્યા કરવાથી એક વિરોધ આવે છે. શ્રદ્ધા–વિશ્વાસ એ મનના પરિણામરૂપ છે. એક ભવમાંથી બીજા ભવમાં જતાં અપાંતરાલ ગતિમાં મન ન હોવાથી સમ્યક્ત્વ નહિ રહે. જ્યારે આગમમાં અપાંતરાલ ગતિમાં પણ સમ્યક્ત્વ હોય છે એમ જણાવ્યું છે.

**ઉત્તર** :—મિથ્યાત્વ મોહનીય કર્મના ક્ષય–ઉપશમ કે ક્ષયોપશમથી પ્રગટ થયેલ શુદ્ધ આત્મપરિણામ એ મુખ્ય સમ્યક્ત્વ છે. આ પરિણામ એક ભવથી બીજા ભવમાં જતાં અપાંતરાલ ગતિમાં પણ હોય છે. માટે ત્યાં પણ સમ્યક્ત્વ ઘટી શકવાથી આગમ સાથે વિરોધ આવતો નથી. તત્ત્વાર્થ–શ્રદ્ધા પ્રગટે ત્યારે મોહનીય કર્મના ક્ષયોપશમ આદિથી પ્રગટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થતા શુભ આત્મ પરિણામ અવશ્ય હોય છે. તત્ત્વાર્થશ્રદ્ધા કાર્ય છે અને શુભ આત્મપરિણામ કારણ છે. કાર્ય વખતે કારણ અવશ્ય હોય છે. આથી કાર્યમાં કારણનો ઉપચાર કરીને તત્ત્વાર્થશ્રદ્ધાને સમ્યક્ત્વ કહેવામાં આવેલ છે. મોહનીય કર્મના ક્ષયોપશમ આદિથી થતો શુદ્ધ આત્મપરિણામ મુખ્ય સમ્યક્ત્વ છે. તેનાથી થતી તત્ત્વાર્થશ્રદ્ધા એ ઔપચારિક સમ્યક્ત્વ છે. મતલબ કે મિથ્યાત્વ મોહનીયનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થતાં જે જીવોને મન હોય તેમને તત્ત્વાર્થશ્રદ્ધા અવશ્ય હોય છે.

**પ્રશ્ન** :—અમુક જીવમાં સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થયો છે કે નહિ તે શી રીતે જાણી શકાય ? **ઉત્તર** :—સમ્યક્ત્વના= સમ્યગ્દર્શનના શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય એ પાંચ લક્ષણો–ચિહ્નો છે. આ પાંચ લક્ષણો જે જીવમાં હોય તે જીવમાં અવશ્ય સમ્યગ્દર્શન હોય છે. **શમ**=શાન્તિ, ક્રોધનો નિગ્રહ. **સંવેગ**=મોક્ષ પ્રત્યે રાગ. **નિર્વેદ**=સંસાર પ્રત્યે ઉદ્વેગ. **અનુકંપા**–કોઈપણ જાતના સ્વાર્થ વિના દુઃખી જીવો પ્રત્યે કરુણાભાવ. **આસ્તિક્ય**='વીતરાગદેવે જે કહ્યું તે જ સત્ય' એવી અટલ શ્રદ્ધા. [૨]

## સમ્યગ્દર્શનની ઉત્પત્તિના પ્રકારો

**તન્નિસર્ગાદધિગમાદ્ વા ॥ ૧–૩ ॥**

**નિસર્ગ અથવા અધિગમ એ બે હેતુથી સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થાય છે.**

**નિસર્ગ**=બાહ્ય નિમિત્ત વિના સ્વાભાવિક.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અધિગમ=ગુરુ-ઉપદેશ આદિ બાહ્ય નિમિત્ત.**

કોઈ જીવને બાહ્ય નિમિત્ત વિના સ્વાભાવિક રીતે અને કોઈ જીવને ગુરુ-ઉપદેશ આદિ બાહ્ય નિમિત્તથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.

સમ્યગ્દર્શનની ઉત્પત્તિ અંતરંગ અને બાહ્ય એમ બે નિમિત્તથી થાય છે. વિશિષ્ટ શુભ આત્મપરિણામ અંતરંગ નિમિત્ત છે. ગુરુ-ઉપદેશ આદિ બાહ્ય નિમિત્ત છે. આ બે નિમિત્તોમાં કેટલાક જીવોને બાહ્યનિમિત્ત વિના કેવળ અંતરંગ નિમિત્તથી સમ્યગ્દર્શન પ્રગટે છે. કેટલાક જીવોને બાહ્ય નિમિત્ત દ્વારા અંતરંગ નિમિત્તથી સમ્યગ્દર્શન પ્રગટે છે. આમ સમ્યગ્દર્શન બાહ્ય નિમિત્ત વિના પ્રગટે, પણ અંતરંગ નિમિત્ત વિના તો કોઈને પણ ન પ્રગટે. કેવળ અંતરંગ નિમિત્તથી પ્રગટ થતું સમ્યગ્દર્શન તે નિસર્ગ સમ્યગ્દર્શન. બાહ્ય નિમિત્ત દ્વારા અંતરંગ નિમિત્તથી પ્રગટ થતું સમ્યગ્દર્શન તે અધિગમ સમ્યગ્દર્શન. આમ થવામાં તે તે જીવનું તથાભવ્યત્વ કારણ છે. આગળ બીજા અધ્યાયના પ્રથમ સૂત્રમાં જીવોના ભાવોનું=સ્વરૂપનું વર્ણન આવશે. તેમાં જીવના પાંચ ભાવોનું વર્ણન છે. આ પાંચ ભાવોમાં પારિણામિક નામનો એક ભાવ છે. તેના ભવ્યત્વ, અભવ્યત્વ વગેરે ભેદો છે.

ભવ્ય અને અભવ્ય એમ બે પ્રકારના જીવો છે. ભવ્ય એટલે મોક્ષ પામવાને યોગ્ય. મોક્ષની સામગ્રી મળતાં જે જે જીવો મોક્ષ પામી શકે તે ભવ્ય. અભવ્ય એટલે મોક્ષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પામવાને અયોગ્ય. મોક્ષ પામવાની સામગ્રી મળવા છતાં અભવ્ય જીવો કદી મોક્ષ ન પામે. ભવ્ય જીવમાં ભવ્યત્વ નામનો પારિણામિક ભાવ છે. અભવ્ય જીવમાં અભવ્યત્વ નામનો પારિણામિક ભાવ છે. અભવ્યત્વ એટલે મોક્ષ પામવાની અયોગ્યતા. ભવ્યત્વ એટલે મોક્ષ પામવાની યોગ્યતા.

જીવરૂપે બધા સમાન હોવા છતાં મોક્ષગમનની યોગ્યતા–અયોગ્યતાના કારણે ભવ્ય અને અભવ્ય એવા ભેદો પડે છે. ગાયનું અને આકડાનું દૂધ દૂધરૂપે સમાન હોવા છતાં એ બેમાં ભેદ છે. એકમાં દહીં–ઘી રૂપે બનવાની યોગ્યતા છે અને અન્યમાં દહીં–ઘી રૂપે બનવાની યોગ્યતા નથી. સ્ત્રીરૂપે બધી સ્ત્રીઓ સમાન છતાં એક વંધ્યા અને અન્ય અવંધ્યા એવા ભેદો પડે છે. કારણ કે એકમાં પુત્રોત્પત્તિની યોગ્યતા છે અને એકમાં તે યોગ્યતા નથી.

અભવ્ય જીવોમાં અભવ્યત્વભાવ–મોક્ષ પામવાની અયોગ્યતા હોવાથી પ્રસ્તુતમાં તેની વિચારણા કરવાની આવશ્યકતા નથી. કારણકે અભવ્ય જીવોને સમ્યગ્દર્શન આદિ ગુણોની પ્રાપ્તિ થતી નથી. ભવ્ય જીવોમાં પણ કેટલાક જાતિભવ્ય હોય છે. જાતિભવ્ય એટલે મોક્ષ પામવાની યોગ્યતા હોવા છતાં જેમને કયારે ય મોક્ષ પામવાની સામગ્રી મળવાની જ નથી તેવા જીવો. જાતિભવ્ય જીવોમાં મોક્ષ પામવાની યોગ્યતા હોય છે પણ તેમને મોક્ષની સામગ્રી જ ન મળે. જેમકે ગામડાના ઘણા જીવોમાં જ્ઞાન મેળવવાની–બુદ્ધિનો વિકાસ સાધવાની યોગ્યતા હોય છે, પણ તેમને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બુદ્ધિના વિકાસની સામગ્રી જ મળતી નથી. એ જ પ્રમાણે જાતિભવ્ય જીવોમાં મોક્ષ પામવાની યોગ્યતા હોવા છતાં તેમને મોક્ષ પામવાની સામગ્રી કયારે ય મળતી નથી. આથી અહીં આપણે જાતિભવ્ય જીવો અંગે પણ વિચાર કરવાની આવશ્યકતા નથી. અભવ્ય જીવો સામગ્રી મળવા છતાં મોક્ષ ન પામે, જ્યારે જાતિભવ્ય જીવોને મોક્ષ પામવાની સામગ્રી જ ન મળે.

હવે આપણે ભવ્ય જીવો અંગે વિચારણા કરીએ. દરેક ભવ્ય જીવમાં ભવ્યત્વ–મોક્ષ પામવાની યોગ્યતા હોવા છતાં સમાન–એક જ સરખી નથી હોતી. દરેક જીવમાં યોગ્યતા ભિન્ન–ભિન્ન હોય છે. દરેક જીવની વ્યક્તિગત યોગ્યતા જુદી જુદી હોય છે. દરેક જીવની મોક્ષ પામવાની વ્યક્તિગત યોગ્યતા એટલે જ તથાભવ્યત્વ. દરેક જીવની મોક્ષ પામવાની વ્યક્તિગત યોગ્યતા જુદી જુદી હોવાથી દરેકનું તથાભવ્યત્વ પણ જુદું જુદું હોય છે.

આંબાના ઝાડમાં ૫૦૦ કેરીઓ છે. તે દરેક કેરીમાં પાકવાની યોગ્યતા છે. છતાં તે બધી કેરીઓ એક સાથે પાકતી નથી. અમુક કેરીઓ પાંચ દિવસે પાકે છે. અમુક કેરીઓ છ દિવસે પાકે છે, તો કોઈ કેરીઓને પાકતાં તેથી પણ વધારે દિવસો લાગે છે. કોઈ કેરીઓ ઝાડ ઉપર જ પાકી જાય છે. તો અમુક કેરીઓ ઘાસમાં પાકે છે. તે જ પ્રમાણે દરેક જીવમાં તથાભવ્યત્વ–મોક્ષ પામવાની વ્યક્તિગત યોગ્યતા ભિન્ન ભિન્ન હોય છે. કોઈ જીવ આદિનાથ ભગવાનના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસનમાં મોક્ષ પામે છે. તો કોઈ જીવ અન્ય તીર્થંકરના શાસનમાં મોક્ષ પામે છે. કોઈ જીવ ઉત્સર્પિણી કાલમાં, તો કોઈ જીવ અવસર્પિણી કાલમાં મોક્ષ પામે છે. કોઈ આલોચના લેતાં, કોઈ ભક્તિ કરતાં, કોઈ પશ્ચાત્તાપ કરતાં, કોઈ અનિત્યાદિ ભાવનાનું ચિંતન કરતાં કેવળજ્ઞાન પામી મોક્ષ સાધે છે. કોઈ તીર્થંકર રૂપે, કોઈ ગણધર રૂપે, કોઈ સામાન્ય કેવળી રૂપે મોક્ષ પામે છે, આમ ભિન્ન ભિન્ન રીતે મોક્ષ પામવામાં કારણ તે તે જીવોનું પોતાનું આગવું તથાભવ્યત્વ છે.

દરેક જીવમાં તથાભવ્યત્વ ભિન્ન ભિન્ન હોવાથી સમ્યગ્દર્શન આદિ ગુણો પણ ભિન્નભિન્ન રીતે ભિન્નભિન્ન હેતુઓથી પ્રાપ્ત થાય છે. આથી કોઈ જીવને નિસર્ગથી અને કોઈ જીવને અધિગમથી સમ્યગ્દર્શન ગુણની પ્રાપ્તિ થાય છે. જે જીવનું જેવા પ્રકારનું તથાભવ્યત્વ હોય તે જીવને તે રીતે મોક્ષના સાધનભૂત સમ્યગ્દર્શન આદિ ગુણોની અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**સમ્યક્ત્વના ભેદો**—ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, વેદક અને સાસ્વાદન–એમ સમ્યક્ત્વના પાંચ ભેદો છે. જીવ જ્યારે પહેલી વાર સમ્યક્ત્વ પામે છે ત્યારે ઔપશમિક સમ્યક્ત્વ પામે છે.

## ઔપશમિક સમ્યક્ત્વની પ્રાપ્તિનો ક્રમ

સંસારસમુદ્રમાં અનંત પુદ્ગલપરાવર્તો સુધી અનંત દુઃખ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહન કર્યા બાદ જીવના તથાભવ્યત્વનો પરિપાક થવાથી નદીઘોલપાષાણન્યાયે એટલે કે ઘડવાના કોઈપણ જાતના પ્રયત્ન વિના માત્ર વારંવાર આમ-તેમ અથડાવાથી નદીનો પત્થર એની મેળે જ ગોળ બની જાય છે, તેમ અનાભોગથી ઉત્પન્ન થયેલ આત્માના વિશિષ્ટ શુભ અધ્યવસાય રૂપ યથાપ્રવૃત્તિકરણ વડે આયુષ્ય વિના સાત કર્મોની સ્થિતિ ઘટીને માત્ર અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ (પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક કોડાકોડી સા૦ પ્રમાણ) થાય છે. આ પ્રમાણે જ્યારે આયુષ્ય વિના સાત કર્મોની સ્થિતિ અંતઃકોડાકોડિ સા૦ પ્રમાણ થાય છે ત્યારે જીવ રાગદ્વેષની ગ્રંથી (રાગ-દ્વેષનો તીવ્ર પરિણામ) પાસે-ગ્રંથીદેશે આવ્યો કહેવાય છે. અહીંથી-રાગદ્વેષની દુર્ભેદ્ય ગ્રંથિને ભેદીને આગળ વધવા માટે ઘણા જ વીર્યોલ્લાસની જરૂર પડે છે.

ઘણા જીવો અહીં સુધી (-રાગદ્વેષની નિબીડ ગ્રંથી સુધી) આવીને પાછા ફરે છે, અર્થાત્ સાત કર્મોની દીર્ઘ સ્થિતિ બાંધે છે અને સંસારમાં પરિભ્રમણ કરે છે. અભવ્ય અને દૂરભવ્ય જીવો આ રાગ-દ્વેષની દુર્ભેદ્ય ગ્રંથિ સુધી આવીને ગ્રંથિનો ભેદ ન કરી શકવાથી પાછા ફરે છે. પણ જે આસન્નભવ્ય જીવો છે-જે જીવોમાં આધ્યાત્મિક વિકાસ સાધવાની યોગ્યતા પ્રગટી છે તે જીવો ગ્રંથિભેદ માટે જરૂરી અપૂર્વ વીર્યોલ્લાસરૂપ અપૂર્વકરણવડે રાગ-દ્વેષની ગ્રંથિને ભેદી નાખે છે. ત્યારબાદ ઉત્તરોત્તર વિશુદ્ધ આત્મ-અધ્યવસાય રૂપ અનિવૃત્તિકરણવડે જીવ ઉદયક્ષણથી અંતર્મુહૂર્ત સુધીની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મિથ્યાત્વની સ્થિતિની ઉપર અંતર્મુહૂર્ત કાલ પ્રમાણ અંતરકરણ કરે છે.

અંતરકરણ એટલે મિથ્યાત્વના કર્મદલિક વિનાની સ્થિતિ, અર્થાત્ ઉદયક્ષણથી અંતર્મુહૂર્ત સુધીની મિથ્યાત્વની સ્થિતિથી ઉપરની અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિમાં રહેલા મિથ્યાત્વના દલિકોને ત્યાંથી લઈ લે છે અને એ સ્થિતિને ઘાસ વિનાની ઉખર ભૂમિની જેમ મિથ્યાત્વકર્મના દલિકો વિનાની કરે છે. મિથ્યાત્વકર્મના દલિકોથી રહિત અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિને અંતરકરણ કહેવામાં આવે છે.

અંતરકરણ થતાં મિથ્યાત્વ કર્મની સ્થિતિના બે વિભાગ થાય છે. એક વિભાગ અંતરકરણની નીચેની સ્થિતિનો અને બીજો વિભાગ અંતરકરણની ઉપરની સ્થિતિનો. તેમાં પ્રથમ સ્થિતિમાં–અંતરકરણની નીચેની સ્થિતિમાં મિથ્યાત્વનો ઉદય હોવાથી જીવ મિથ્યાદૃષ્ટિ છે. આ સ્થિતિનો કાળ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. અંતર્મુહૂર્ત પ્રમાણ પ્રથમ સ્થિતિ સમાપ્ત થતાં અંતરકરણ શરૂ થાય છે. અંતરકરણના પ્રથમ સમયથી જ જીવ ઔપશમિક સમ્યક્ત્વ પામે છે. કારણ કે અંતરકરણમાં મિથ્યાત્વનાં દલિકો ન હોવાથી મિથ્યાત્વકર્મના ઉદયનો અભાવ છે. જેમ દાવાનલ સળગતાં સળગતાં ઉખર ભૂમિ પાસે આવે છે ત્યારે શાંત થઈ જાય છે તેમ મિથ્યાત્વકર્મ અંતરકરણ પાસે આવતાં શાંત થઈ જાય છે.

અંતરકરણમાં રહેલો જીવ મિથ્યાત્વ મોહનીયના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મદલિકોને શુદ્ધ કરે છે. આથી તે દલિકોના ત્રણ પુંજો બને છેઃ ૧ શુદ્ધપુંજ, ૨ અર્ધશુદ્ધપુંજ, ૩ અવિશુદ્ધપુંજ. આ ત્રણ પુંજનાં ત્રણ નામ પડે છે. શુદ્ધપુંજનું સમ્યક્ત્વ મોહનીય કર્મ, અર્ધશુદ્ધપુંજનું મિશ્ર મોહનીય કર્મ અને અવિશુદ્ધપુંજનું મિથ્યાત્વ મોહનીય કર્મ નામ છે. જેમ નશો પેદા કરનાર કોદરાને શુદ્ધ કરતાં તેમાંથી કેટલોક ભાગ શુદ્ધ થાય છે, કેટલોક ભાગ અર્ધશુદ્ધ થાય છે અને કેટલોક ભાગ અશુદ્ધ જ રહે છે; તેમ અહીં મિથ્યાત્વના દલિકોને શુદ્ધ કરતાં કેટલાક દલિકો શુદ્ધ થાય છે, કેટલાક અર્ધશુદ્ધ થાય છે અને કેટલાક અશુદ્ધ જ રહે છે. શુદ્ધ દલિકો એ શુદ્ધપુંજ, અર્ધશુદ્ધ દલિકો એ અર્ધશુદ્ધપુંજ અને અશુદ્ધ દલિકો એ અશુદ્ધપુંજ.

અંતરકરણનો કાળ સમાપ્ત થતાં જો શુદ્ધ પુંજનો અર્થાત્ સમ્યક્ત્વ મોહનીયનો ઉદય થાય તો જીવ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામે છે. અર્ધશુદ્ધપુંજનો અર્થાત્ મિશ્ર મોહનીયનો ઉદય થાય તો મિશ્ર સમ્યક્ત્વ પામે છે અને અશુદ્ધપુંજનો અર્થાત્ મિથ્યાત્વ મોહનીયનો ઉદય થાય તો મિથ્યાત્વ પામે છે.

સમ્યક્ત્વ મોહનીય આદિ ત્રણ કર્મોનો અર્થ આઠમા અધ્યાયના દશમા સૂત્રમાં સમજાવવામાં આવશે.

સમ્યક્ત્વપ્રાપ્તિ અંગે અહીં બે મતો છેઃ કાર્મગ્રંથિક અને સૈદ્ધાન્તિક. કાર્મગ્રંથિક મતે જીવ સૌથી પ્રથમવાર જ્યારે સમ્યક્ત્વ પામે ત્યારે ઔપશમિક સમ્યક્ત્વ જ પામે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે સૈદ્ધાન્તિક મતે ઔપશમિક કે ક્ષાયોપશમિક એ બેમાંથી ગમે તે એક સમ્યક્ત્વ પામે છે.* સર્વ પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વ પામે તો તેની પ્રક્રિયા તો અહીં છે તે પ્રમાણે જ છે. પણ જો ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામે તો અપૂર્વ કરણવડે અંતર્મુહૂર્ત પછીના (અપૂર્વકરણ કાલથી ઉપરના) કર્મદલિકોના પૂર્વે કહ્યા મુજબ શુદ્ધ આદિ ત્રણ પુંજ કરે છે તથા અંતર્મુહૂર્ત બાદ શુદ્ધ પુંજના દલિકોને જ ઉદયમાં લાવે છે.

પ્રથમવાર ઔપશમિક સમ્યક્ત્વ પામે તો ઔપશમિક સમ્યક્ત્વ પછીની સ્થિતિ અંગે પણ બે મતો છે. સૈદ્ધાન્તિક મતે પછી અવશ્ય મિથ્યાત્વ જ પામે, કાર્મગ્રંથિક મતે અહીં કહ્યા મુજબ ત્રણ પુંજોમાંથી જો શુદ્ધ પુંજનો ઉદય થાય તો ક્ષાયોપશમિક સમ્યક્ત્વ, અર્ધશુદ્ધ પુંજનો ઉદય થાય તો મિશ્ર સમ્યક્ત્વ અને અશુદ્ધપુંજનો ઉદય થાય તો મિથ્યાત્વ પામે છે.

કાર્મગ્રન્થિક મતે સમ્યક્ત્વથી પતિત થઈ મિથ્યાત્વે આવ્યા પછી સાતે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ પુનઃ બાંધી શકે, ઉત્કૃષ્ટ રસ ન બંધાય, સૈદ્ધાન્તિક મતે ઉત્કૃષ્ટ સ્થિતિ પણ ન બંધાય.

---

* કાર્મગ્રંથિક અને સૈદ્ધાંતિક એ બંનેના મતે મિથ્યાદૃષ્ટિ જીવ ક્ષાયિક સમ્યક્ત્વ પામતો નથી, ક્ષાયોપશમિક સમ્યક્ત્વી જીવ જ ક્ષાયિક સમ્યક્ત્વ પામે છે. આ માટે જુઓ ક. પ્ર. માં ઉપશમના કરણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફરી વાર સમ્યક્ત્વ પામે ત્યારે ગ્રંથિક મતે ત્રણ પુંજ આદિ પ્રક્રિયા કરે નહિ, જ્યારે સૈદ્ધાન્તિક મતે ત્રણ પુંજની પ્રક્રિયા કરે. [૩]

## તત્ત્વોની સંખ્યા

**जीवाजीवाश्रवबन्धसंवरनिर्जरामोक्षास्तत्त्वम् ॥ १–४ ॥**

**જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વો છે.**

આ ગ્રન્થમાં આ સાત તત્ત્વોનું જુદી જુદી દૃષ્ટિએ વર્ણન કરવામાં આવેલ છે.

(૧) **જીવ** :—જે જીવે, પ્રાણોને ધારણ કરે તે જીવ. પ્રાણના દ્રવ્ય અને ભાવ એમ બે ભેદ છે. પાંચ ઈન્દ્રિયો, ત્રણ યોગ ( મન–વચન–કાયા ), શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય એ દશ દ્રવ્યપ્રાણ છે. આત્માના જ્ઞાન–દર્શન આદિ સ્વાભાવિક ગુણો એ ભાવપ્રાણ છે. સંસારી જીવોને બંને પ્રકારના પ્રાણ હોય છે. મુક્ત (સિદ્ધ) જીવોને કેવળ ભાવપ્રાણ હોય છે. આ ગ્રંથમાં બીજા, ત્રીજા અને ચોથા અધ્યાયમાં જુદી જુદી દૃષ્ટિએ મુખ્યપણે જીવતત્ત્વનું વર્ણન કરવામાં આવશે.

(૨) **અજીવ**:—જે પ્રાણરહિત હોય, અર્થાત્ જડ હોય તે અજીવ. અજીવ–તત્ત્વના ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાલ એમ પાંચ ભેદ છે. તેમાં પુદ્ગલરૂપી છે–વર્ણ, ગંધ, રસ અને સ્પર્શયુક્ત છે. જ્યારે ધર્માસ્તિકાય આદિ અરૂપી છે–વર્ણાદિ રહિત છે. રૂપી દ્રવ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો સ્થૂલ પરિણામી હોય તો ચક્ષુ આદિ ઇંદ્રિયોથી જાણી શકાય છે. સૂક્ષ્મ પરિણામી હોય તો ઇંદ્રિયથી જાણી શકાય નહિ. અરૂપી પદાર્થો ઇંદ્રિયોથી જાણી શકાય નહિ. આપણને આંખોથી જે કાંઇ દેખાય છે તે સર્વ પુદ્ગલરૂપ અજીવ-તત્ત્વ છે. આ ગ્રંથમાં પાંચમા અધ્યાયમાં મુખ્યપણે પુદ્ગલ આદિ સર્વ અજીવ તત્ત્વોનું તથા પ્રાસંગિક જીવતત્ત્વનું નિરૂપણ કરવામાં આવશે.

(૩) **આસ્રવ** :—કર્મોને આત્મામાં આવવાનું દ્વાર એ આસ્રવ છે. મન-વચન અને કાયાની શુભ-અશુભ પ્રવૃત્તિ (યોગ)એ દ્રવ્ય આસ્રવ છે. મન-વચન-કાયાની પ્રવૃત્તિમાં કારણભૂત જીવના શુભ-અશુભ પરિણામ અથવા મન-વચન-કાયાની પ્રવૃત્તિથી ઉત્પન્ન થતા જીવના શુભ-અશુભ પરિણામ તે ભાવ આસ્રવ છે અથવા આસ્રવ એટલે કર્મોનું આત્મામાં આવવું. કર્મોનું આત્મામાં આગમન એ દ્રવ્ય આસ્રવ અને દ્રવ્ય આસ્રવમાં કારણભૂત મન-વચન-કાયાની શુભ-અશુભ પ્રવૃત્તિ તે ભાવ આસ્રવ છે.

છઠ્ઠા અધ્યાયમાં વિવિધ દૃષ્ટિએ આસ્રવતત્ત્વનું વર્ણન આવશે. સાતમા અધ્યાયમાં વ્રતોમાં લાગતા અતિચારોનું વર્ણન આવશે. અતિચારોનું સ્વરૂપ સમજાવવા પ્રથમ વ્રતોનું સ્વરૂપ બતાવશે. વ્રતોમાં લાગતા અતિચારો આશ્રવરૂપ હોવાથી સાતમા અધ્યાયમાં પણ આસ્રવનું જ વર્ણન આવશે.

(૪) **બંધ** :—કર્મ પુદ્ગલોનો આત્માની સાથે ક્ષીર-નીરવત્ એકમેકરૂપે સંબંધ તે દ્રવ્યબંધ. દ્રવ્યબંધમાં કારણ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભૂત આત્માનો પરિણામ તે ભાવબંધ. બંધનું વિવેચન આ ગ્રંથમાં આઠમા અધ્યાયમાં આવશે.

(૫) **સંવર**:—આત્મામાં આવતા કર્મોને જે રોકે તે સંવર. સમિતિ, ગુપ્તિ આદિ દ્રવ્યસંવર છે. દ્રવ્યસંવરથી ઉત્પન્ન થતા આત્માના પરિણામ અથવા દ્રવ્યસંવરના કારણભૂત આત્માના પરિણામ તે ભાવસંવર છે. અથવા કર્મોનું આત્મામાં ન આવવું તે દ્રવ્યસંવર અને દ્રવ્યસંવરમાં કારણરૂપ સમિતિ–ગુપ્તિ વગેરે ભાવસંવર છે.

સંવરનું વર્ણન આ ગ્રંથમાં નવમા અધ્યાયમાં આવશે.

(૬) **નિર્જરા**:—કર્મપુદ્ગલોનું આત્મપ્રદેશોથી છૂટા પડવું એ દ્રવ્ય નિર્જરા * અને દ્રવ્ય નિર્જરામાં કારણભૂત આત્માના શુદ્ધ પરિણામ અથવા દ્રવ્ય નિર્જરાથી ઉત્પન્ન થતા આત્માના શુદ્ધ પરિણામ તે ભાવ નિર્જરા છે. નિર્જરાતત્ત્વનું વિશેષ વર્ણન આ ગ્રંથમાં નવમા અધ્યાયમાં આવશે.

(૭) **મોક્ષ**:—સઘળા કર્મોનો ક્ષય એ દ્રવ્યમોક્ષ. દ્રવ્યમોક્ષમાં કારણભૂત આત્માના નિર્મળ પરિણામ અથવા દ્રવ્યમોક્ષથી થતા આત્માના નિર્મળ પરિણામ તે ભાવમોક્ષ છે.

---

* દ્રવ્યનિર્જરાના આંશિક અને સંપૂર્ણ એમ બે ભેદો છે. અમુક-થોડા કર્મોનો ક્ષય તે આંશિક કે દેશ નિર્જરા છે. સઘળા કર્મોનો ક્ષય એ સંપૂર્ણ કે સર્વ નિર્જરા છે. અહીં નિર્જરાતત્ત્વમાં આંશિક નિર્જરાનો સમાવેશ થાય છે. સંપૂર્ણ નિર્જરાનો મોક્ષતત્ત્વમાં સમાવેશ થાય છે. કારણ કે સઘળા કર્મોનો ક્ષય એ મોક્ષ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોક્ષતત્ત્વનું વર્ણન દશમા અધ્યાયમાં આવશે.

## તત્ત્વોમાં સંખ્યાભેદ

અન્યત્ર નવતત્ત્વ વગેરે ગ્રંથોમાં પુણ્ય અને પાપ-સહિત નવ તત્ત્વોનો નિર્દેશ છે.

પુણ્યતત્ત્વના દ્રવ્ય અને ભાવ એ બે ભેદ છે. જે કર્મના ઉદયથી જીવને સુખનો અનુભવ થાય તે દ્રવ્યપુણ્ય અને દ્રવ્યપુણ્યના બંધમાં કારણભૂત દયા–દાન આદિના શુભ પરિણામ તે ભાવપુણ્ય.

પાપતત્ત્વના પણ દ્રવ્ય અને ભાવ એ બે ભેદ છેઃ જે કર્મના ઉદયથી જીવને દુઃખનો અનુભવ થાય તે દ્રવ્યપાપ અને દ્રવ્યપાપના બંધમાં કારણભૂત હિંસા આદિના અશુભ પરિણામ તે ભાવપાપ.

અહીં પુણ્ય અને પાપ એ બે તત્ત્વોનો આસ્રવ-તત્ત્વમાં સમાવેશ કરીને સાત તત્ત્વોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. પુણ્ય શુભાસ્રવરૂપ હોવાથી તેનો શુભ આસ્રવમાં અને પાપ અશુભ આસ્રવરૂપ હોવાથી તેનો અશુભ આસ્રવમાં સમાવેશ થઈ જાય છે.

આ પ્રમાણે અન્ય તત્ત્વોનો પણ જુદા જુદા તત્ત્વમાં સમાવેશ કરવામાં આવે તો પાંચ કે બે તત્ત્વો થાય છે. આસ્રવ થતાં બંધ અવશ્ય થાય છે આથી આસ્રવનો બંધમાં સમાવેશ કરવામાં આવે, અને નિર્જરા એ મોક્ષનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણ છે, જેટલે અંશે નિર્જરા તેટલે અંશે મોક્ષ થાય છે; આથી નિર્જરાનો મોક્ષમાં સમાવેશ કરવામાં આવે, તો પાંચ તત્ત્વો રહે છે. અથવા સંવર, નિર્જરા અને મોક્ષ એ ત્રણ તત્ત્વો જીવસ્વરૂપ છે કારણ કે જેટલે અંશે સંવર આદિ થાય તેટલે અંશે જીવ સ્વ-સ્વરૂપમાં આવે છે. આથી એ ત્રણ તત્ત્વોનો જીવમાં સમાવેશ કરવામાં આવે તથા પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ એ ચાર તત્ત્વો અજીવ સ્વરૂપ-કર્મસ્વરૂપ છે આથી એ ચાર તત્ત્વોનો અજીવમાં સમાવેશ કરવામાં આવે તો જીવ અને અજીવ એ બે તત્ત્વો રહે છે.

## તત્ત્વજ્ઞાનનું પ્રયોજન

તત્ત્વોને જાણીને હેય તત્ત્વોનો ત્યાગ કરવો જોઈએ અને ઉપાદેય તત્ત્વોનું સેવન કરવું જોઈએ. હેય તત્ત્વોનો ત્યાગ અને ઉપાદેય તત્ત્વોનું સેવન-ગ્રહણ એ જ તત્ત્વજ્ઞાનનું પ્રયોજન છે. જ્ઞેય સર્વ તત્ત્વો છે. જીવ, સંવર, નિર્જરા અને મોક્ષ એ ચાર તત્ત્વો ઉપાદેય છે. અજીવ, આસ્રવ અને બંધ એ ત્રણ તત્ત્વો હેય છે. નવ તત્ત્વોની અપેક્ષાએ પાપ સર્વથા હેય છે, પુણ્ય અપેક્ષાએ હેય પણ છે અને અપેક્ષાએ ઉપાદેય પણ છે. અશુદ્ધ પુણ્ય સર્વથા હેય છે. શુદ્ધ પુણ્ય વ્યવહારથી અમુક કક્ષા સુધી ઉપાદેય છે. શુદ્ધ પુણ્ય લોભીયાની ગરજ સારે છે. જેમ મુસાફરોને વિકટ પંથે જવામાં લોભીયો મદદ કરે છે અને પછી પાછો વળી વળી જાય છે તેમ શુદ્ધ પુણ્ય જીવને આધ્યાત્મિક વિકાસ સાધવામાં મદદ કરે છે અને કાર્ય પૂર્ણ થતાં વિદાય લે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. આથી અપેક્ષાએ પુણ્ય ઉપાદેય છે. પણ નિશ્ચયથી તો શુદ્ધ પુણ્ય પણ હેય છે. કારણ કે તે જીવની સ્વતંત્રતાને રોકે છે. કર્મમાત્ર જીવની સ્વતંત્રતાને રોકતા હોવાથી બેડી સમાન છે. પાપ કર્મ લોખંડની બેડી સમાન છે, તો પુણ્ય કર્મ સુવર્ણની બેડી સમાન છે.

## તત્ત્વોનો પરસ્પર સંબંધ

જીવતત્ત્વમાં અજીવ(-કર્મ) તત્ત્વનો આસ્રવ-પ્રવેશ થાય છે. જીવતત્ત્વમાં અજીવ-કર્મ તત્ત્વનો આસ્રવ થવાથી બંધ થાય છે એટલે કે જીવની સાથે અજીવ-કર્મપુદ્ગલો ક્ષીરનીરવત્ એકમેક બની જાય છે. કર્મનો બંધ થવાથી કર્મનો ઉદય થાય છે. કર્મના ઉદયથી સંસારમાં પરિભ્રમણ અને દુઃખનો અનુભવ થાય છે. આમ દુઃખનું મૂળ કારણ આસ્રવતત્ત્વ છે. આથી દુઃખ દૂર કરવા આસ્રવનો નિરોધ કરવો જોઈએ. આસ્રવનો નિરોધ એટલે સંવર. પૂર્વે બંધાયેલ કર્મોનો નાશ કરવા નિર્જરાતત્ત્વ જરૂરી છે. સંવરથી કર્મોનો બંધ થતો નથી અને નિર્જરાથી પૂર્વે બંધાયેલા કર્મોનો ક્ષય થાય છે. આથી સંવર અને નિર્જરાથી આત્મા સર્વથા કર્મરહિત બને છે. આત્માની સર્વથા કર્મરહિત અવસ્થા એ જ મોક્ષ. [૪]

## તત્ત્વોના નિક્ષેપનો નિર્દેશ

**नाम-स्थापना-द्रव्य-भावतस्तन्न्यासः ॥१-५॥**

**નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વારા વડે જીવાદિ તત્ત્વોનો ન્યાસ-નિક્ષેપ થઈ શકે છે, અર્થાત્ નામ આદિ ચાર દ્વારા વડે જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ વિચારી શકાય છે. દરેક વસ્તુ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર સ્વરૂપે અવશ્ય હોય છે.

**નામ નિક્ષેપ :**—વસ્તુનું નામ તે નામનિક્ષેપ. જો વસ્તુનું નામ ન હોય તો વ્યવહાર જ ન ચાલે. જેમ વસ્તુને સાક્ષાત્ જોવાથી તે વસ્તુની ઇચ્છા કે વસ્તુ ઉપર પ્રેમ યા દ્વેષ થાય છે તેમ વસ્તુનું નામ સાંભળવાથી પણ ઇચ્છા કે પ્રેમ યા દ્વેષ પ્રગટ થાય છે.

**સ્થાપના નિક્ષેપ :**—સ્થાપના એટલે આકૃતિ-પ્રતિબિંબ. વસ્તુની સ્થાપના-આકૃતિ (પ્રતિબિંબ) જોવાથી પણ ઇચ્છા કે પ્રેમ યા દ્વેષ પ્રગટે છે. આથી નામ અને સ્થાપના વસ્તુ સ્વરૂપ છે. ઘટનું નામ નામઘટ છે. ઘટની આકૃતિ સ્થાપના ઘટ છે.

**દ્રવ્યનિક્ષેપ :**—વસ્તુની ભૂતકાળની કે ભવિષ્યકાળની અવસ્થા. જેમકે ઘટની ભૂતકાળની અવસ્થા મૃત્પિંડ છે. અને ભવિષ્યકાળની અવસ્થા ઠીકરા છે. આથી મૃત્પિંડ અને ઠીકરા દ્રવ્યઘટ છે. મૃત્પિંડ અને ઠીકરા ઘડાનું જ સ્વરૂપ છે.

**ભાવનિક્ષેપ :**—વસ્તુની વર્તમાન અવસ્થા. તૈયાર થયેલ ઘટ ભાવ ઘટ છે.

દ્રવ્ય અને ભાવ એ બે નિક્ષેપા સાપેક્ષ છે. એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે એક જ વસ્તુનો અપેક્ષાએ દ્રવ્યનિક્ષેપમાં અને અપેક્ષાએ ભાવ નિક્ષેપમાં સમાવેશ થાય છે. જેમકે–દહીં શિખંડની અપેક્ષાએ દ્રવ્ય શિખંડ છે, દૂધની અપેક્ષાએ દ્રવ્ય દૂધ છે, દહીંની અપેક્ષાએ ભાવ દહીં છે. મૃત્પિંડ અને ઠીકરાં દ્રવ્યઘટ છે અને સાક્ષાત્ ઘટ ભાવઘટ છે.

અહીં એટલું અવશ્ય ખ્યાલ રાખવા જેવું છે કે–જે વસ્તુ ભાવનિક્ષેપે પૂજ્ય કે ત્યાજ્ય છે, તે વસ્તુના અન્ય ત્રણ નિક્ષેપ પણ પૂજ્ય કે ત્યાજ્ય છે. [૫]

## તત્ત્વોને જાણવાનાં સાધનો

### प्रमाणनयैरधिगमः ॥ १–६ ॥

**પ્રમાણો અને નયોથી તત્ત્વોનો અધિગમ–બોધ થાય છે.**

પ્રમાણ અને નય એ બંને જ્ઞાનસ્વરૂપ છે. જેનાથી વસ્તુનો નિર્ણયાત્મક બોધ થાય તે જ્ઞાન. કોઈપણ વસ્તુનો નિર્ણયાત્મક બોધ પ્રમાણ અને નય દ્વારા થાય છે. આથી પ્રમાણ અને નય જ્ઞાનસ્વરૂપ જ છે. પ્રમાણ અને નય બંને જ્ઞાનસ્વરૂપ હોવા છતાં એ બંનેમાં ભેદ છે. જેનાથી વસ્તુના નિત્ય–અનિત્ય આદિ અનેક ધર્મોનો નિર્ણયાત્મક બોધ થાય તે પ્રમાણ. જેનાથી વસ્તુના નિત્ય આદિ કોઈ એક ધર્મનો નિર્ણયાત્મક બોધ થાય તે નય. પ્રમાણથી વસ્તુનો પૂર્ણ બોધ થાય છે, જ્યારે નયથી અપૂર્ણ–આંશિક બોધ થાય છે. આથી નય પ્રમાણનો એક અંશ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નય અને પ્રમાણ વચ્ચે અંગાંગીભાવ છે. પ્રમાણ અંગી છે, જ્યારે નયો તેના અંગો છે. પ્રમાણ કોઈ પણ બાબતનો પૂર્ણપણે બોધ કરાવે છે, જ્યારે નય આંશિક બોધ કરાવે છે. જેમકે–આત્મા નિત્ય છે કે અનિત્ય એ બાબતમાં "આત્મા નિત્યાનિત્ય છે"–આ વાકય પ્રમાણ-વાકય છે. 'આત્મા નિત્ય છે' અથવા 'આત્મા અનિત્ય છે' આ વાકય નયવાકય છે. કારણ કે 'આત્મા નિત્યાનિત્ય છે' એ વાકયથી નિત્યત્વ–અનિત્યત્વ ધર્મની દૃષ્ટિએ આત્માનો પૂર્ણ રૂપે બોધ થાય છે. જ્યારે 'આત્મા નિત્ય છે' એ વાકયથી આત્માનો કેવળ નિત્યરૂપે બોધ થાય છે. આત્મા અનિત્ય પણ છે એ બોધ થતો નથી. એ જ પ્રમાણે 'આત્મા અનિત્ય છે' એ વાકયથી આત્માનો અનિત્યરૂપે બોધ થાય છે પણ આત્મા નિત્ય પણ છે એ બોધ નથી થતો. જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ થાય છે–આ વાકય પ્રમાણ-વાકય છે. જ્ઞાનેન મોક્ષઃ જ્ઞાનથી મોક્ષ થાય છે આ વાકય નયવાકય છે. ક્રિયયા મોક્ષઃ ક્રિયાથી મોક્ષ થાય છે એ વાકય નયવાકય છે. [૬]

તત્ત્વોનું જ્ઞાન પ્રમાણ અને નયથી થાય છે એમ સામાન્યથી જણાવ્યું. હવે વિશેષરૂપે તત્ત્વ સંબંધી અધિ-ગમ–જ્ઞાન કરવાના દ્વારોનો નિર્દેશ કરે છે—

**निर्देश-स्वामित्व-साधना-**
**धिकरण-स्थिति-विधानतः ॥ १-७ ॥**

**નિર્દેશ, સ્વામિત્વ, સાધના, અધિકરણ, સ્થિતિ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને વિધાન એ છ દ્વારોથી તત્ત્વોનું જ્ઞાન થઈ શકે છે.

(૧) નિર્દેશ એટલે સ્વરૂપ. (૨) સ્વામિત્વ એટલે સ્વામી–માલિક. (૩) સાધન એટલે ઉત્પન્ન થવાના નિમિત્તો. (૪) અધિકરણ એટલે રહેવાનું સ્થાન. (૫) સ્થિતિ એટલે કાળ. (૬) વિધાન એટલે પ્રકાર.

પ્રથમ આપણે પ્રસિદ્ધ એક દૃષ્ટાંત લઈને અનુક્રમે આ છ દ્વારોથી વિચારણા કરીએ. જેથી તત્ત્વની વિચારણામાં આ છ દ્વારોનો અર્થ શીઘ્ર સમજમાં આવી જાય. દ.. ત. કેરી.

(૧) કેરી સ્વાદિષ્ટ, મધુર, પાચક અને પુષ્ટિ આપનાર એક જાતનું ફળ છે. આ કેરીના સ્વરૂપની વિચારણા થઈ. (૨) જે લોકોની વાડીમાં કેરીઓ ઉત્પન્ન થાય છે તે લોકો કેરીના માલિક–સ્વામી હોય છે. (૩) કેરીના ઝાડમાંથી કેરી ઉત્પન્ન થાય છે. (૪) કેરી ભારત, આફ્રિકા, અમેરિકા વગેરે દેશોમાં ઉત્પન્ન થાય છે. (૫) કેરી પાકી ગયા બાદ લગભગ એક મહિના સુધી ટકે. (૬) કેરીના આકૂસ, પાયરી વગેરે અનેક પ્રકારો હોય છે.

હવે સમ્યગ્દર્શન ગુણની આ છ દ્વારોથી વિચારણા કરીએ.

(૧) સમ્યગ્દર્શન આત્માનો ગુણ છે. તેનાથી જીવ વિવેકી બને છે, પારમાર્થિક જ્ઞાનવાળો બને છે, હેય–ઉપાદેયનો વિવેક કરી શકે છે, તેની પ્રાપ્તિ થતાં જીવનો સંસાર પરિમિત બની જાય છે. (૨) સમ્યગ્દર્શન આત્માનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણ છે. માટે તેનો સ્વામી જીવ છે, અજીવ નથી. (૩) સમ્યગ્દર્શનની ઉત્પત્તિ નિસર્ગથી–સ્વાભાવિક રીતે અને અધિગમથી–પરોપદેશથી થાય છે. અથવા મિથ્યાત્વ મોહનીય અને અનંતાનુબંધી ચાર કષાયના ક્ષયોપશમ–ઉપશમ આદિથી થાય છે. (૪) સમ્યગ્દર્શન જીવમાં પ્રગટે છે માટે તેનું અધિકરણ જીવ છે. (૫) ક્ષાયિક સમ્યગ્દર્શનનો કાળ સાદિ–અનંત છે. અર્થાત્ પ્રગટ થયા પછી સદા રહે છે, કયારેય પણ તેનો નાશ થતો નથી. ઔપશમિક સમ્યક્ત્વનો કાળ જઘન્યથી કે ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સાધિક ૬૬ સાગરોપમ છે. * (૬) સમ્યગ્દર્શનના ક્ષાયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક એમ મુખ્ય ત્રણ ભેદો છે. [૭]

## શાસ્ત્રીય પદ્ધતિથી તત્ત્વોને વિશેષરૂપે જાણવાના પ્રકારો—

* મનુષ્યભવમાં સમ્યક્ત્વ પામી વિજય નામના અનુત્તર દેવલોકમાં ઉત્પન્ન થાય. ત્યાંથી ચ્યવી મનુષ્યભવમાં આવીને પુનઃ વિજયમાં ઉત્પન્ન થાય. ત્યાંથી ચ્યવી પુનઃ મનુષ્યગતિમાં આવે. વિજય વિમાનમાં ૩૩ સાગરોપમનું આયુષ્ય છે. આથી બે વાર વિજયમાં ઉત્પન્ન થતાં ૬૬ સાગરોપમ થાય છે. મનુષ્યભવનો કાળ અધિક. અથવા ત્રણ વાર અચ્યુત દેવલોકે ઉત્પન્ન થાય તો પણ ૬૬ સાગરોપમ થાય છે. મનુષ્યભવનો કાળ અધિક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सत्-संख्या-क्षेत्र-स्पर्शना-कालाऽन्तर-भावाऽल्पबहुत्वैश्च ॥ १-८ ॥**

**સત્, સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શના, કાલ, અંતર, ભાવ અને અલ્પબહુત્વ એ આઠ દ્વારોથી પણ તત્ત્વોનું જ્ઞાન થઇ શકે છે.**

જેમ નિર્દેશ આદિ છ દ્વારોથી તત્ત્વોનું જ્ઞાન થાય છે, તેમ આ સત્ આદિ આઠ દ્વારોથી પણ તત્ત્વોનું જ્ઞાન થાય છે.

(૧) **સત્** એટલે સત્તા-વિદ્યમાનતા. વિવક્ષિત વસ્તુ જગતમાં વિદ્યમાન છે કે નહિ? તેની વિચારણા આ દ્વારથી થાય છે. (૨) **સંખ્યા**-વિવક્ષિત વસ્તુની અથવા તેના માલિકની સંખ્યા. વિવક્ષિત વસ્તુની કે તેના માલિકની સંખ્યા કેટલી છે? તેની વિચારણા કરવી એ આ દ્વારનું પ્રયોજન છે. (૩) **ક્ષેત્ર**-વિવક્ષિત તત્ત્વ અથવા તેના સ્વામી કેટલા ક્ષેત્રમાં હોઈ શકે? તે આ દ્વારથી જણાય છે. (૪) **સ્પર્શના**-વિવક્ષિત તત્ત્વ અથવા તેના માલિક કેટલા ક્ષેત્રને સ્પર્શે? તેનો બોધ આ દ્વારથી થાય છે. (૫) **કાળ**-વિવક્ષિત તત્ત્વ કેટલા કાળ સુધી રહે? તેની વિચારણા. (૬) **અંતર**-વિવક્ષિત તત્ત્વની પ્રાપ્તિ થયા બાદ તેનો વિયોગ થાય તો કેટલા કાળ સુધી વિયોગ રહે? તેનું જ્ઞાન આ દ્વારથી થાય છે. (૭) **ભાવ**-ઔદયિક આદિ પાંચ ભાવોમાંથી કયા ભાવે વિવક્ષિત તત્ત્વ હોય તેની વિચારણા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૮) **અલ્પબહુત્વ**–સમ્યગ્દર્શન આદિ તત્ત્વોના સ્વામીને આશ્રયીને ન્યૂન–અધિકનો વિચાર.

હવે આપણે સમ્યગ્દર્શન ગુણની આ દ્વારોથી વિચારણા કરીએ.

(૧) **સત્**–સમ્યગ્દર્શન જગત્માં વિદ્યમાન છે. તે ચેતનનો ગુણ હોવાથી ચેતનમાં હોય છે, જડમાં નહિ. ચેતનમાં પણ દરેક જીવમાં હોય એવો નિયમ નહિ. (૨) **સંખ્યા**–સમ્યગ્દર્શન જેમનામાં હોય તેવા જીવો અસંખ્યાતા છે. સિદ્ધ જીવોની અપેક્ષાએ તેવા જીવો અનંત છે. (૩) **ક્ષેત્ર**–સમ્યગ્દર્શનવાળા એક જીવનું કે સર્વ જીવોનું ક્ષેત્ર લોકનો અસંખ્યાતમો ભાગ જ છે.

આ માપ ઘનક્ષેત્રની અપેક્ષાએ છે. સૂચિક્ષેત્રની અપેક્ષાએ એક જીવને કે અનેક જીવોને આશ્રયીને ૮ રાજ ક્ષેત્ર થાય છે. આઠમા દેવલોકનો દેવ ૧૨ મા દેવલોકે જઈ ત્યાંથી ઉત્તર વૈક્રિય શરીરથી ત્રીજી નરકમાં જાય એ અપેક્ષાએ ૮ રાજ થાય. ૧૨ મા દેવલોકથી ત્રીજી નરક સુધી આત્મપ્રદેશો સંલગ્ન હોય છે. ૧૨ મા દેવલોકથી ત્રીજી નરક સુધી ૮ રાજ થાય. કેવળી સમુદ્ઘાતની અપેક્ષાએ ચૌદ રાજ લોક ક્ષેત્ર છે.

(૪) **સ્પર્શના**–સમ્યગ્દર્શનવાળો જીવ જઘન્યથી લોકના અસંખ્યાતમા ભાગને સ્પર્શે છે, ઉત્કૃષ્ટથી એક જીવને કે અનેક જીવોને આશ્રયીને ચૌદ રજ્જુ પ્રમાણ લોકના કાંઈક ન્યૂન આઠ ભાગને સ્પર્શે છે. આ માપ ઘનની અપેક્ષાએ છે. સૂચિની અપેક્ષાએ એક જીવને આશ્રયીને ૮ રાજ અને અનેક જીવોને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આશ્રયીને ૧૨ રાજ સ્પર્શના થાય. કેવળી સમુદ્‌ઘાતની અપેક્ષાએ સંપૂર્ણ લોકની સ્પર્શના છે.

**ક્ષેત્ર-સ્પર્શનામાં તફાવતઃ**-કેવળ વર્તમાનકાળને આશ્રયીને ક્ષેત્રની વિચારણા કરવામાં આવે છે, જ્યારે સ્પર્શનાની વિચારણા ત્રણે કાળને આશ્રયીને કરવામાં આવે છે. ત્રણે કાળમાં કેટલા ક્ષેત્રને સ્પર્શે છે તેની વિચારણા તે સ્પર્શના. ક્ષેત્ર અને સ્પર્શનામાં ભેદ કાળની અપેક્ષાએ જ છે.

(૫) **કાલ**-સમ્યગ્દર્શનનો કાળ એક જીવની અપેક્ષાએ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી કંઈક અધિક ૬૬ સાગરોપમ છે. અનેક જીવોની અપેક્ષાએ સર્વ કાળ છે. અર્થાત્ સમ્યગ્દર્શન સદા વિદ્યમાન હોય છે. (૬) **અંતર**-એક જીવની અપેક્ષાએ જઘન્યથી અંતર્મુહૂર્ત સુધી, ઉત્કૃષ્ટથી અર્ધપુદ્‌ગલ પરાવર્ત સુધી સમ્યગ્દર્શનનો વિરહ પડે છે. અનેક જીવોને આશ્રયીને સમ્યગ્દર્શનનું અંતર પડતું જ નથી. (૭) **ભાવ**-ક્ષાયિક સમ્યક્ત્વ ક્ષાયિક ભાવે, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ક્ષાયોપશમિક ભાવે અને ઔપશમિક સમ્યક્ત્વ ઔપશમિક ભાવે હોય છે. (૮) **અલ્પબહુત્વ**-ઔપશમિક સમ્યગ્દર્શનવાળા જીવો સર્વથી અલ્પ હોય છે, તેમનાથી ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનવાળા જીવો અસંખ્યાતગુણા હોય છે. તેમનાથી ક્ષાયિક સમ્યગ્દર્શનવાળા જીવો અનંતગુણા હોય છે. કારણ કે સિદ્ધના જીવોને ક્ષાયિક સમ્યગ્દર્શન હોય છે, અને તે જીવો અનંત છે. [૮]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જ્ઞાનના પ્રકારો

**मति-श्रुता-ऽवधि-मनःपर्याय-केवलानि ज्ञानम् ॥१-९॥**

**મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ એ પાંચ જ્ઞાન છે.**

(૧) **મતિજ્ઞાન**–મન અને ઇંદ્રિયોની સહાયથી થતો બોધ.

**શ્રુતજ્ઞાન**–મન અને ઇંદ્રિયોની સહાયથી શબ્દ અને અર્થના પર્યાલોચનપૂર્વક થતો બોધ.

**મતિ-શ્રુતમાં ભેદઃ**–(૧) મતિ અને શ્રુત એ બંને જ્ઞાન મન અને ઇંદ્રિયોની સહાયથી થતા હોવા છતાં શ્રુતમાં શબ્દ અને અર્થનું પર્યાલોચન હોય છે, જ્યારે મતિજ્ઞાનમાં તેનો અભાવ હોય છે. (૨) મતિજ્ઞાન વર્તમાન કાળના વિષયને ગ્રહણ કરે છે. જ્યારે શ્રુતજ્ઞાન ત્રણે કાળના વિષયને ગ્રહણ કરે છે. (૩) મતિજ્ઞાનની અપેક્ષાએ શ્રુતજ્ઞાન વિશુદ્ધ છે. આથી શ્રુતજ્ઞાન વડે દૂર રહેલા અને વ્યવહિત અનેક સૂક્ષ્મ અર્થોનો બોધ થઈ શકે છે. (૪) શ્રુતજ્ઞાનમાં મન અને ઇંદ્રિયોની સહાયતા ઉપરાંત આપ્તોપદેશની પણ જરૂર પડે છે. (૫) શ્રુત મતિજ્ઞાન વિના ન જ થાય. જ્યારે મતિજ્ઞાન શ્રુતજ્ઞાન વિના પણ હોઈ શકે. ( તત્ત્વાર્થભાષ્યના આધારે )

(૩) **અવધિજ્ઞાનઃ**–ઇંદ્રિય અને મનની અપેક્ષા વિના આત્મશક્તિથી થતો રૂપી દ્રવ્યોનો બોધ. (૪) **મનઃપર્યવ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનઃ–સંજ્ઞિ પંચેંદ્રિય જીવોના મનના વિચારોનો–પર્યાયોનો બોધ. (૫) કેવળ જ્ઞાનઃ–ત્રણે કાળના સર્વ દ્રવ્યો તથા સર્વ પર્યાયોનું જ્ઞાન. [૯]

**પાંચ જ્ઞાનની પ્રમાણને આશ્રયીને વિચારણા—**

**तत्प्रमाणे ॥ १–१० ॥**
**आद्ये परोक्षम् ॥ १–११ ॥**
**प्रत्यक्षमन्यद् ॥ १–१२ ॥**

**પાંચ પ્રકારનું જ્ઞાન બે પ્રમાણરૂપ છે. (૧૦). પ્રથમનાં મતિ અને શ્રુત એ બે જ્ઞાન પરોક્ષ પ્રમાણરૂપ છે. (૧૧). બાકીનાં અવધિ, મનઃપર્યવ અને કેવળ એ ત્રણ જ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણરૂપ છે. (૧૨).**

પ્રમાણનું વર્ણન આ અધ્યાયના છઠ્ઠા સૂત્રમાં આવી ગયું છે.

**પ્રશ્નઃ**–ન્યાય આદિ દર્શન ગ્રંથોમાં તેમજ લોકમાં ચક્ષુ આદિ ઈંદ્રિયો દ્વારા થતા બોધને–મતિજ્ઞાનને પ્રત્યક્ષ પ્રમાણ કહેવામાં આવે છે, જ્યારે અહીં મતિજ્ઞાનને પરોક્ષ પ્રમાણ કહેવામાં આવ્યું છે તેનું શું કારણ?

**ઉત્તરઃ**–અહીં દરેક વિષયની વિચારણા આધ્યાત્મિક દૃષ્ટિએ કરવામાં આવે છે. આધ્યાત્મિક દૃષ્ટિએ મતિજ્ઞાન પણ પરોક્ષ જ્ઞાન છે. અક્ષ શબ્દનો અર્થ જેમ ઈંદ્રિય થાય છે, તેમ આત્મા પણ થાય છે. આથી આધ્યાત્મિક દૃષ્ટિએ પ્રત્યક્ષ જ્ઞાન તે જ છે કે જે જ્ઞાન ઈંદ્રિયોની સહાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિના કેવળ આત્મા દ્વારા થાય. જે જ્ઞાન ઇંદ્રિયોની સહાયથી થાય છે તે આધ્યાત્મિક દૃષ્ટિએ પરોક્ષ છે. અક્ષ એટલે આત્મા. ઇંદ્રિયોની સહાય વિના સાક્ષાત્ આત્માને થતું જ્ઞાન પ્રત્યક્ષ જ્ઞાન. આત્માથી પર એટલે કે ઇંદ્રિયોની સહાયથી થતું જ્ઞાન પરોક્ષ જ્ઞાન. જ્ઞાન એ જ પ્રમાણ છે, આથી પ્રત્યક્ષ જ્ઞાન પ્રત્યક્ષપ્રમાણ રૂપ છે અને પરોક્ષ જ્ઞાન એ પરોક્ષ પ્રમાણરૂપ છે. મતિજ્ઞાન ઇંદ્રિયોની સહાયથી થતું હોવાથી પરોક્ષજ્ઞાન છે. ન્યાયદર્શન આદિ દર્શન ગ્રંથોમાં અને લોકમાં અક્ષ શબ્દનો અર્થ ઇંદ્રિય સ્વીકારીને મતિજ્ઞાનને પ્રત્યક્ષ જ્ઞાન કહેવામાં આવે છે. આ દૃષ્ટિએ જૈનદર્શન પણ મતિજ્ઞાનને ન્યાયગ્રંથોમાં પ્રત્યક્ષ જ્ઞાન તરીકે સ્વીકારે છે, જૈન ન્યાયગ્રંથોમાં મતિજ્ઞાનને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહેવામાં આવેલ છે. શ્રુતજ્ઞાનને તો આધ્યાત્મિક દૃષ્ટિએ કે વ્યાવહારિક દૃષ્ટિએ એ બંને રીતે પરોક્ષ કહેવામાં આવે છે. [ ૧૦-૧૧-૧૨ ]

## મતિજ્ઞાનના પર્યાયવાચી શબ્દો—

**मतिः स्मृतिः संज्ञा चिन्ताभिनिबोध इत्यनर्थान्तरम् ॥१-१३॥**

**મતિ, સ્મૃતિ, સંજ્ઞા, ચિન્તા અને અભિનિબોધ એ પાંચે શબ્દો એકાર્થક છે. અર્થાત્ એ પાંચે શબ્દોનો અર્થ મતિ (જ્ઞાન) થાય છે.**

અભિનિબોધ શબ્દ કેવળ જૈન શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. બ્યારે મતિ આદિ શબ્દો લોકમાં પણ પ્રસિદ્ધ છે. અભિનિબોધના સ્થાને આભિનિબોધિક શબ્દ પણ જૈન શાસ્ત્રોમાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મતિ આદિ શબ્દો સામાન્યથી-સ્થૂલ દૃષ્ટિએ એકાર્થક હોવા છતાં સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરતાં તે દરેક શબ્દમાં સામાન્ય અર્થભેદ છે. તે આ પ્રમાણે—

**મતિ** વર્તમાન વિષયને ગ્રહણ કરે છે, અર્થાત્ ઇંદ્રિયો કે મન દ્વારા વર્તમાનમાં વિદ્યમાન વિષયનો બોધ તે મતિજ્ઞાન. **સ્મૃતિ** ભૂતકાળના વિષયને ગ્રહણ કરે છે. પૂર્વે અનુભૂત વસ્તુનું સ્મરણ તે સ્મૃતિજ્ઞાન. **સંજ્ઞા** ભૂતકાળના વિષયને વર્તમાન કાળનો વિષય બનાવે છે. પૂર્વે અનુભૂત વસ્તુને વર્તમાનમાં જોતાં તે જ આ વસ્તુ છે ( જે મેં પૂર્વે જોઈ હતી ) એ પ્રમાણે થતું જ્ઞાન તે સંજ્ઞાજ્ઞાન. અન્ય ગ્રંથોમાં આ જ્ઞાનને પ્રત્યભિજ્ઞાન કહેવામાં આવે છે. **ચિન્તા** ભવિષ્યકાળના વિષયને ગ્રહણ કરે છે. ભવિષ્ય માટેની વિચારણા તે ચિન્તા જ્ઞાન. **આભિનિબોધ** શબ્દ મતિ આદિ દરેક જ્ઞાન માટે સર્વસામાન્ય છે. આથી મતિ આદિ શબ્દો જ્ઞાનવિશેષ માટે છે. જેમ રોકડ નાણું, વેપારનો માલ, ઘર, ઘરનું ફર્નીચર વગેરે સામાન્યથી મિલકત શબ્દથી ઓળખાવા છતાં દરેક પ્રકારની મિલકત માટે જુદા જુદા શબ્દો છે. આથી મિલકત માટે મિલકત એ સામાન્ય શબ્દ છે, જ્યારે રોકડ નાણું વગેરે વિશેષ શબ્દો છે, તેમ પ્રસ્તુતમાં આભિનિબોધ શબ્દ સર્વ પ્રકારના મતિજ્ઞાન માટે છે અને વિશેષ પ્રકારના તે તે જ્ઞાન માટે મતિ આદિ શબ્દો છે. [૧૩]

## મતિજ્ઞાનની ઉત્પત્તિમાં નિમિત્તો

## तदिन्द्रियानिन्द्रियनिमित्तम् ॥ १-१४ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તે મતિજ્ઞાન ઇંદ્રિયો અને અનિન્દ્રિય (મન)ની સહાયથી ઉત્પન્ન થાય છે.**

ત્વચા, રસના, નાક, આંખ અને કાન એ પાંચ ઇંદ્રિયો છે. એ પાંચ ઇંદ્રિયો દ્વારા અનુક્રમે સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દનું મતિજ્ઞાન થાય છે. અનિંદ્રિય એટલે મન. જ્યારે સ્પર્શ આદિ વિષયનું મતિજ્ઞાન થાય છે ત્યારે સર્વ પ્રથમ વિષયની–વસ્તુની સાથે ઇંદ્રિયનો સંબંધ થાય છે. બાદ તુરત ઇંદ્રિય સાથે જોડાયેલા જ્ઞાનતંતુઓ મનને ખબર આપે છે. મન આત્માને ખબર આપે છે. આથી આત્મામાં તે વિષયનું મતિજ્ઞાન ઉત્પન્ન થાય છે. આમ મતિજ્ઞાન ઇંદ્રિયો અને મનની સહાયથી ઉત્પન્ન થાય છે. [૧૪]

## મતિજ્ઞાનના ભેદો

**અવગ્રહેહાપાયધારણાઃ ॥ ૧-૧૫ ॥**

**મતિજ્ઞાનના અવગ્રહ, ઇંહા, અપાય અને ધારણા એમ મુખ્ય ચાર ભેદો છે.**

**અવગ્રહ :**–ઇંદ્રિય સાથે વિષયનો સંબંધ થતાં 'કંઈક છે' એવો અવ્યક્ત બોધ થાય છે. આ અવ્યક્ત બોધને અવગ્રહ કહેવામાં આવે છે. **ઇંહા :**–'કંઈક છે' એવો બોધ થયા બાદ 'તે શું છે?' એવી જિજ્ઞાસા થાય છે. 'તે શું છે?' એવી જિજ્ઞાસાને સંતોષવા અર્થાત્ 'તે વસ્તુ શું છે?' એનો નિર્ણય કરવા માટે થતી વિચારણા તે ઇંહા. **અપાય :**–વિચારણા થયા બાદ 'આ અમુક વસ્તુ છે'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવો જે નિર્ણય તે અપાય. **ધારણા** :–નિર્ણય થયા બાદ તેનો ઉપયોગ ટકી રહે તે ધારણા.

અવગ્રહાદિ ક્રમશઃ પ્રવર્તે છે.

રસ્તામાં ચાલતાં કોઈ વસ્તુનો સ્પર્શ થતાં જ 'અહીં કંઈક છે' એમ થાય છે. ત્યાર પછી 'આ દોરડું છે કે સાપ છે' એમ શંકા થવાથી તેનો નિર્ણય કરવાનો પ્રયત્ન થાય છે. પ્રયત્નથી 'આ દોરડું હોવું જોઈએ' એમ અનિર્ણયાત્મક–સંભાવનાત્મક જ્ઞાન થાય છે. બાદ 'આ દોરડું જ છે, સર્પ નથી' એમ નિર્ણયાત્મક જ્ઞાન થાય છે. અહીં પ્રથમ 'કંઈક છે' એવું જે અવ્યક્ત જ્ઞાન થયું તે અવગ્રહ. 'આ દોરડું હોવું જોઈએ' એવું જે સંભાવનારૂપ જ્ઞાન તે ઈહા. અને 'આ દોરડું જ છે' એવું નિર્ણયાત્મક જ્ઞાન તે અપાય. આમ અવગ્રહ આદિ ક્રમશઃ પ્રવર્તતા હોવા છતાં, ઉત્પલશતપત્રભેદની જેમ અતિશીઘ્રતાથી પ્રવર્તતા હોવાથી, આપણને તેનો ખ્યાલ નથી આવતો. એથી જાણે સીધો અપાય જ થાય છે એમ લાગે છે.

અપાય બાદ ધારણા થાય છે. ધારણાના અવિચ્યુતિ, વાસના અને સ્મૃતિ એમ ત્રણ ભેદો છે.

**અવિચ્યુતિ** = નિર્ણય થયા બાદ તે વસ્તુનો ઉપયોગ ટકી રહે તે અવિચ્યુતિ ધારણા. **વાસના**=અવિચ્યુતિ ધારણાથી આત્મામાં તે વિષયના સંસ્કાર પડે છે. આ સંસ્કાર એ જ વાસના ધારણા. **સ્મૃતિ**=આત્મામાં પડેલા જ્ઞાનના સંસ્કારો નિમિત્ત મળતાં જાગૃત બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એથી આપણે પૂર્વાનુભૂત વસ્તુ કે પ્રસંગને યાદ કરી શકીએ છીએ. પૂર્વાનુભૂત વસ્તુનું કે પ્રસંગનું સ્મરણ તે સ્મૃતિ–ધારણા. સ્મૃતિમાં કારણ વાસના (સંસ્કાર) ધારણા છે. જેના સંસ્કાર આત્મામાં ન પડ્યા હોય તેનું કદી સ્મરણ થતું નથી. વાસના (સંસ્કાર) ઉપયોગાત્મક અવિચ્યુતિ ધારણાથી ઉત્પન્ન થાય છે. [૧૫]

**વિષયભેદથી અને ક્ષયોપશમના ભેદથી અવગ્રહાદિના ભેદો.**

**બહુ–બહુવિધ-ક્ષિપ્ર-નિશ્રિતા-ઽસંદિગ્ધ-ધ્રુવાણાં સેતરાણામ્**
**॥ ૧–૧૬ ॥**

**બહુ, બહુવિધ, ક્ષિપ્ર, નિશ્રિત, અસંદિગ્ધ અને ધ્રુવ એ છ અને એ છથી ઈતર-વિપરીત અબહુ, અબહુવિધ, અક્ષિપ્ર, અનિશ્રિત, સંદિગ્ધ અને અધ્રુવ એ છ મળી બાર પ્રકારે અવગ્રહાદિ પ્રવર્તે છે.**

(૧) બહુ–અબહુઃ–બહુ એટલે વધારે અને અબહુ એટલે અલ્પ. દા.ત. કોઈ વ્યક્તિ તત, વિતત, ઘન, સુષિર આદિ ઘણા શબ્દોને એકી સાથે જાણે, જ્યારે કોઈ એક, બે એમ અલ્પ શબ્દોને જાણી શકે. જે એકી સાથે અનેક શબ્દોને જાણે તેના અવગ્રહ આદિ અનેક શબ્દોના થાય છે અને જે એકાદ બે શબ્દોને જાણી શકે તેના અવગ્રહાદિ એકાદ બે શબ્દોના જ થાય છે. આ પ્રમાણે આગળ ક્ષિપ્ર આદિ ભેદોમાં પણ સમજવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) **બહુવિધ-અબહુવિધઃ**-બહુવિધ એટલે ઘણા પ્રકારો અને અબહુવિધ એટલે ઓછા પ્રકારો. દા. ત. કોઈ તત શબ્દના અનેક ભેદોને જાણી શકે, વિતત શબ્દના પણ અનેક ભેદોને જાણી શકે, એમ ઘણા પ્રકારો જાણી શકે, કોઈ એકાદ બે પ્રકારોને જ જાણી શકે.

**બહુ અને બહુવિધમાં તફાવત** :-કોઈ વ્યક્તિ ઘણાં શાસ્ત્રોને સમજાવી શકે છે, પણ તે દરેક શાસ્ત્રનું તલસ્પર્શી વ્યાખ્યાન કરી શકતી નથી. જ્યારે કોઈ વ્યક્તિ ઘણાં શાસ્ત્રોને ભણાવવા સાથે દરેક શાસ્ત્રનું તલસ્પર્શી વિવિધ વ્યાખ્યાન કરી શકે છે. અહીં પ્રથમ વ્યક્તિ બહુ વ્યાખ્યાન કરે છે, પણ બહુવિધ વ્યાખ્યાન કરવાની તેનામાં શક્તિ નથી. બીજી વ્યક્તિ બહુ વ્યાખ્યાન કરવા સાથે બહુવિધ વ્યાખ્યાન પણ કરી શકે છે. તેમ પ્રસ્તુતમાં તત આદિ શબ્દોનું સામાન્ય જ્ઞાન તે બહુ અને અનેક પ્રકારે જ્ઞાન તે બહુવિધ છે.

(૩) **ક્ષિપ્ર-અક્ષિપ્રઃ**-ક્ષિપ્ર એટલે જલદી. અક્ષિપ્ર એટલે વિલંબથી. કોઈ અમુક વસ્તુનું જ્ઞાન જલદી કરી લે છે તો કોઈ વિલંબથી કરે છે.

(૪) **નિશ્રિત-અનિશ્રિતઃ**-નિશ્રિત એટલે નિશાની (-ચિહ્ન) સહિત. અનિશ્રિત એટલે નિશાની વિના. કોઈ વ્યક્તિ અમુક પ્રકારની નિશાનીથી આ અમુક વસ્તુ છે એમ જાણી લે છે, જ્યારે કોઈ વ્યક્તિ નિશાની વિના જાણી લે છે. જેમકે કોઈ ધ્વજને જોઈને આ જૈન મંદિર છે એમ જાણી લે. જ્યારે કોઈ ધ્વજ વિના જ આ જૈનમંદિર છે એમ જાણી લે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫) **અસંદિગ્ધ-સંદિગ્ધ** * :-કોઈ અસંદિગ્ધ-કોઈ જાતના સંદેહ વિના ચોક્કસપણે સમજી લે, જ્યારે કોઈ સંદિગ્ધ-સંદેહ સહિત સમજે.

(૬) **ધ્રુવ-અધ્રુવ**:-ધ્રુવ એટલે નિશ્ચિત, અધ્રુવ એટલે અનિશ્ચિત. એક પદાર્થને એક વખત જે સ્વરૂપે જાણ્યો હોય તે પદાર્થને ફરી જ્યારે જાણે ત્યારે તે જ સ્વરૂપે જાણે તે ધ્રુવ. એક પદાર્થને પ્રથમ જે સ્વરૂપે જાણ્યો હોય, તે પદાર્થને ફરી તે સ્વરૂપે જાણી ન શકે તે અધ્રુવ. જેમકે કોઈનો અવાજ સાંભળીને આ અવાજ અમુક વ્યક્તિનો છે એમ ખબર પડી. પછી ફરી વાર જ્યારે તે અવાજ સંભળાય છે ત્યારે પણ આ અવાજ અમુક વ્યક્તિનો જ છે એમ નિશ્ચિતરૂપે જાણે, પણ કોઈ વખત તે જ અવાજ સાંભળતાં આ અવાજ અમુક વ્યક્તિનો જ છે એમ જાણી ન શકે. [૧૬]

## અવગ્રહ આદિનો વિષય

### અર્થસ્ય ॥ ૧-૧૭ ॥

**અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા અર્થના છે.**

---

* કેટલાંક પુસ્તકોમાં **અસંદિગ્ધ**ને બદલે **અનુક્ત** એવો પાઠ જોવા મળે છે. વક્તાના શરૂઆતના એકાદ શબ્દને સાંભળી અથવા અસ્પષ્ટ બોલેલા શબ્દને સાંભળી તેના કહેવાનો સંપૂર્ણ અભિપ્રાય સમજી શકાય તે **અનુક્ત** કહેવાય છે. અને તેનાથી વિપરીત-અર્થાત્ વક્તા સંપૂર્ણ બોલી રહે ત્યારે જ તેનો અભિપ્રાય સમજાય તેવું જ્ઞાન તે **ઉક્ત** છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ સ્પર્શાદિ ગુણ રૂપ અર્થના અને સ્પર્શાદિ ગુણયુક્ત દ્રવ્ય રૂપ અર્થના અવગ્રહ આદિ થાય છે.

**પ્રશ્ન** :–ઇંદ્રિય અને મન ગુણ–પર્યાયોને જ ગ્રહણ કરી શકે છે તો દ્રવ્યરૂપ અર્થના અવગ્રહાદિ શી રીતે પ્રવર્તે? દ્રવ્યનો બોધ પર્યાયના બોધ દ્વારા જ થાય છે. જેમકે– આંખનો વિષય રૂપ કે આકૃતિ આદિ છે. આંખ દ્રવ્યના રૂપને–આકૃતિને જુએ, દ્રવ્યને નહિ, દ્રવ્યના રૂપાદિને જાણીને આ અમુક દ્રવ્ય છે એમ દ્રવ્યનો બોધ કરે છે. એ પ્રમાણે અન્ય ઇંદ્રિયો પણ દ્રવ્યના રસ આદિ ગુણ–પર્યાયને જાણી શકે છે. મન પણ પર્યાયને જ જાણી શકે છે. આથી દ્રવ્ય રૂપ અર્થના અવગ્રહાદિ કેમ પ્રવર્તે?

**ઉત્તર** :–યદ્યપિ ઇંદ્રિયો અને મનનો વિષય પર્યાય છે, છતાં પર્યાય દ્રવ્યથી અભિન્ન હોવાથી પર્યાયના જ્ઞાન સાથે દ્રવ્યનું જ્ઞાન અવશ્ય થઈ જાય છે. આંખથી રૂપનું જ્ઞાન થતાંની સાથે જ આ અમુક દ્રવ્ય છે એમ દ્રવ્યનો પણ બોધ અવશ્ય થઈ જાય છે. આથી અવગ્રહાદિ દ્રવ્યરૂપ અર્થના પણ થાય છે એમ સામાન્યથી–સ્થૂલ દૃષ્ટિએ કહી શકાય. પણ તાત્ત્વિક દૃષ્ટિએ તો ગુણ–પર્યાયના જ અવ–ગ્રહાદિ થાય. [૧૭]

## પ્રકારાન્તરથી અવગ્રહનો વિષય

**व्यञ्जनस्यावग्रहः ॥ १–१८ ॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વ્યંજનનો અવગ્રહ જ થાય છે.

અર્થાત્ વ્યંજન અવગ્રહનો (–અર્થાવગ્રહનો) જ વિષય બને છે, ઈહા * આદિનો નહિ. જેનાથી અર્થનું જ્ઞાન થાય તે વ્યંજન. ઉપકરણેંદ્રિય અને વિષયના સંબંધ–સંયોગ વિના અર્થનું જ્ઞાન ન થઈ શકે. × ઉપકરણેંદ્રિય અને વિષયનો પરસ્પર સંબંધ–સંયોગ થાય તો જ અર્થનું જ્ઞાન થાય છે. માટે ઉપકરણેંદ્રિય અને વિષયના પરસ્પર સંબંધને–સંયોગને વ્યંજન કહેવામાં આવે છે. ઉપકરણેન્દ્રિય અને વિષયનો પરસ્પર સંબંધ થતાં અત્યંત અવ્યક્ત જ્ઞાન થાય છે, તે વ્યંજનાવગ્રહ. વ્યંજનાવગ્રહ થયા બાદ 'કંઈક છે' એમ સામાન્ય જ્ઞાન રૂપ અર્થાવગ્રહ થાય. શકોરાના દૃષ્ટાંતથી આ વિષય બરોબર સમજાશે.

અત્યંત તપેલા શકોરામાં પાણીનાં ટીપાં નાખતાં શકોરું તેને ચૂસી લે છે. એથી તેમાં જરા ય પાણી દેખાતું નથી. લગાતાર થોડીવાર પાણીનાં ટીપાં નાખવામાં આવે તો થોડા સમય બાદ તેમાં જરા પાણી દેખાય છે. અહીં જ્યાં સુધી શકોરું પાણી ચૂસે છે ત્યાં સુધી તેમાં પાણી દેખાતું

* અર્થાત્ ઇહા આદિ જ્ઞાનવ્યાપારમા ઇંદ્રિય–વિષયનો સંયોગ અપેક્ષિત નથી. તેમાં મુખ્યતયા માનસિક એકાગ્રતા અપેક્ષિત છે. અવગ્રહમાં–અવ્યક્ત જ્ઞાનમાં જ એ સંયોગ અપેક્ષિત છે.

× આ કથન ચક્ષુ અને મન સિવાયની ઇંદ્રિયો દ્વારા થતા મતિજ્ઞાન માટે સમજવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી, છતાં તેમાં પાણી નથી એમ ન કહી શકાય. પાણી હોય છે પણ તે અવ્યક્ત હોય છે. શકોરું ભીનું થયા બાદ પાણી વ્યક્ત થાય છે. તેમ પ્રસ્તુતમાં વ્યંજનાવગ્રહમાં જ્ઞાન અવ્યક્ત હોય છે અને અર્થાવગ્રહમાં સામાન્યરૂપે વ્યક્ત હોય છે.

યદ્યપિ અપાયની દૃષ્ટિએ અર્થાવગ્રહ પણ અવ્યક્ત જ્ઞાન છે, પણ વ્યંજનાવગ્રહની દૃષ્ટિએ અર્થાવગ્રહ વ્યક્ત-જ્ઞાન છે. વ્યંજનાવગ્રહમાં જ્ઞાનની જરા પણ અભિવ્યક્તિ નથી થતી. અર્થાવગ્રહમાં 'કંઈક છે' એમ સામાન્ય જ્ઞાનની અભિવ્યક્તિ થાય છે.

અહીં એટલું ધ્યાન રાખવું જરૂરી છે કે– વ્યંજનાવ-ગ્રહ થાય તો જ અર્થાવગ્રહ થાય એ નિયમ છે, પણ વ્યંજનાવગ્રહ થાય તો અર્થાવગ્રહ થાય જ એવો નિયમ નથી. આપણે જ્યારે વિચારમાં મશગુલ હોઈએ ત્યારે કાને અનેક શબ્દો અથડાવા છતાં–કર્ણેન્દ્રિય અને શબ્દના સંયોગ-રૂપ વ્યંજનાવગ્રહ થવા છતાં અર્થાવગ્રહ નથી થતો. એથી આપણને એ શબ્દોનો જરા પણ બોધ થતો નથી. [૧૮]

**ચક્ષુ અને મન વડે થતા મતિજ્ઞાનમાં વ્યંજ-નાવગ્રહનો અભાવ.**

**न चक्षुरनिन्द्रियाभ्याम् ॥ १–१९ ॥**

**ચક્ષુ અને મન વડે થતા મતિજ્ઞાનમાં વ્યંજ-નાવગ્રહનો અભાવ છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ ચક્ષુ અને મન વડે થતા મતિજ્ઞાનમાં વ્યંજનાવગ્રહ વિના જ સીધો જ અર્થાવગ્રહ થાય છે. કારણ કે તેમાં ઉપકરણેન્દ્રિય અને વિષયના સંબંધની–સંયોગની જરૂર નથી રહેતી. ચક્ષુ અને મન સંયોગ વિના જ પોતાના વિષયનો બોધ કરી લે છે. જ્યારે સ્પર્શનેન્દ્રિય આદિ ચાર ઇન્દ્રિયો તેની સાથે પોતાના વિષયનો સંયોગ થાય તો જ તેનો બોધ કરી શકે છે. આંખથી દૂર રહેલી વસ્તુને આંખ જોઈ શકે છે, હજારો માઇલ દૂર રહેલ વસ્તુનું મન ચિંતન કરી શકે છે, પણ સ્પર્શનેન્દ્રિય આદિ ચાર ઇંદ્રિયો સ્પર્શ આદિ પોતાના વિષયની સાથે સંબંધ થાય તો જ તેનો બોધ કરી શકે છે. આથી જ ચક્ષુ અને મનને અપ્રાપ્યકારી તથા સ્પર્શનેન્દ્રિય આદિ ચારને પ્રાપ્યકારી કહેવામાં આવે છે.

આથી ફલિતાર્થ એ થયો કે–મન અને ચક્ષુથી તથા મતિજ્ઞાનમાં અર્થાવગ્રહ આદિ ચાર ભેદો થાય છે. સ્પર્શનેન્દ્રિય આદિ ચાર ઇંદ્રિયોથી થતા મતિજ્ઞાનમાં વ્યંજનાવગ્રહાદિ પાંચ ભેદો થાય છે. આથી ૨×૪=૮, ૪×૫=૨૦, ૮+૨૦=૨૮. આમ મતિજ્ઞાનના ૨૮ ભેદો થયા. આ પ્રત્યેક ભેદના બહુ આદિ ૧૨ ભેદો થાય છે.

એટલે મતિજ્ઞાનના કુલ ૨૮ × ૧૨ = ૩૩૬ ભેદો થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ૩૩૬ ભેદોનું કોષ્ટક

| | મન | ચક્ષુ | સ્પર્શન | રસન | ઘ્રાણ | શ્રોત્ર | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|---|
| બહુ | ૪ | ૪ | ૫ | ૫ | ૫ | ૫ | ૨૮ |
| અબહુ | ૪ | ૪ | ૫ | ૫ | ૫ | ૫ | ૨૮ |
| બહુવિધ | ૪ | ૪ | ૫ | ૫ | ૫ | ૫ | ૨૮ |
| અબહુવિધ | ૪ | ૪ | ૫ | ૫ | ૫ | ૫ | ૨૮ |
| ક્ષિપ્ર | ૪ | ૪ | ૫ | ૫ | ૫ | ૫ | ૨૮ |
| અક્ષિપ્ર | ૪ | ૪ | ૫ | ૫ | ૫ | ૫ | ૨૮ |
| નિશ્રિત | ૪ | ૪ | ૫ | ૫ | ૫ | ૫ | ૨૮ |
| અનિશ્રિત | ૪ | ૪ | ૫ | ૫ | ૫ | ૫ | ૨૮ |
| અસંદિગ્ધ | ૪ | ૪ | ૫ | ૫ | ૫ | ૫ | ૨૮ |
| સંદિગ્ધ | ૪ | ૪ | ૫ | ૫ | ૫ | ૫ | ૨૮ |
| ધ્રુવ | ૪ | ૪ | ૫ | ૫ | ૫ | ૫ | ૨૮ |
| અધ્રુવ | ૪ | ૪ | ૫ | ૫ | ૫ | ૫ | ૨૮ |
| | | | | | | કુલ | ૩૩૬ |

મતિજ્ઞાનના શ્રુતનિશ્રિત અને અશ્રુતનિશ્રિત એમ બે ભેદો છે. અહીં શ્રુત એટલે કેવળ આગમગ્રંથ એ અર્થ નથી, પરંતુ પરોપદેશ, આગમગ્રંથ વગેરેથી કોઈ પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રીતે જે સાંભળવામાં–જાણવામાં આવે તે શ્રુત. આ શ્રુતથી સંસ્કારિત બનેલ મતિજ્ઞાન શ્રુતનિશ્રિત છે. અર્થાત્ પૂર્વે ઉપદેશ આદિ દ્વારા જાણ્યું હોય પણ વ્યવહાર કાળે-શ્રુતનો ઉપયોગ કરવાના સમયે ઉપદેશ આદિના ઉપયોગ વિના થતી મતિ શ્રુતનિશ્રિત છે. જેમકે-ઘડો લાવવાનું કહેતાં અમુક વસ્તુને ઘડો કહેવાય, લાવવું એટલે અમુક સ્થાને પડેલા ઘડા નામની વસ્તુને અમુક સ્થળે મૂકવું એમ વિચાર કર્યા વિના જ ઘડો લાવીને મૂકી દે. અહીં ઘડો લાવવાનું કહેતાં જે મતિજ્ઞાન થયું–ઘડો લાવવો એટલે શું કરવું એવું જ્ઞાન થયું તે શ્રુતનિશ્રિત છે. શ્રુતનિશ્રિતમાં પૂર્વે જાણેલું હોય છે, પણ કાર્યસમયે તેનો (પૂર્વે જાણેલનો) ઉપયોગ હોતો નથી. ઘડો લાવવો એટલે શું એ પૂર્વે જાણી લીધું છે, પણ 'ઘડો લાવ' એમ કહેવામાં આવે ત્યારે ઘડો લાવવો એટલે શું એ વિચાર કર્યા વિના ઘડો લાવવામાં આવે છે. આમ પૂર્વે જાણેલ હોય, પણ વ્યવહારકાળે તેનો ઉપયોગ કર્યા વિના ઉત્પન્ન થતી મતિ શ્રુતનિશ્રિત છે.

પૂર્વે કયારે પણ જાણ્યું જ ન હોવા છતાં વિશિષ્ટ પ્રકારના મતિજ્ઞાનના ક્ષયોપશમથી ઉત્પન્ન થતી મતિ અશ્રુતનિશ્રિત છે. જેમકે અભયકુમાર, બીરબલ આદિની બુદ્ધિ. પૂર્વે બતાવેલ ૩૩૬ ભેદો શ્રુતનિશ્રિત મતિના છે. અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ચાર ભેદો છે. (૧) ઔત્પાતિકી, (૨) વૈનયિકી, (૩) કાર્મિકી અને (૪) પારિણામિકી.

(૧) **ઔત્પાતિકીઃ**–વિશિષ્ટ પ્રસંગ ઉપસ્થિત થતાં તે પ્રસંગને પાર પાડવામાં એકાએક ઉત્પન્ન થતી મતિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમકે–ભીરુબલ, અભયકુમાર, રોહક વગેરેની મતિ. (૨) **વૈનયિકી**:–ગુરુ આદિની સેવાથી પ્રાપ્ત થતી મતિ. જેમકે–નિમિત્તજ્ઞ શિષ્ય. (૩) **કાર્મિકી**:–અભ્યાસ કરતાં કરતાં પ્રાપ્ત થતી બુદ્ધિ. જેમકે–ચોર અને ખેડૂતની મતિ. (૪) **પારિણામિકી**:–સમય જતાં અનુભવોથી પ્રાપ્ત થતી બુદ્ધિ. જેમકે–વજ્રસ્વામીની મતિ.

આ પ્રમાણે અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ૪ ભેદ સહિત મતિજ્ઞાનના કુલ ૩૪૦ ભેદ થાય છે. [૧૯]

## શ્રુતનું લક્ષણ અને ભેદો–

**શ્રુતં મતિપૂર્વં દ્વ્યનેકદ્વાદશભેદમ્ ॥ ૧–૨૦ ॥**

**શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક થાય છે. તેના બે (અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટ) ભેદ છે. તે બે ભેદના (અંગબાહ્યના) અનેક અને (અંગપ્રવિષ્ટના) બાર ભેદો છે.**

**શ્રુતજ્ઞાન મતિજ્ઞાન વિના થાય જ નહિ.** કોઈ પણ વિષયનું શ્રુતજ્ઞાન મતિજ્ઞાન થયા પછી જ થાય. જેમકે—

(૧) પ્રથમ કર્ણેન્દ્રિય દ્વારા શબ્દ સંભળાય છે. બાદ તે શબ્દ જે અર્થ માટે વપરાયો હોય તે અર્થનું–પદાર્થનું જ્ઞાન થાય છે. અહીં પ્રથમ કર્ણેન્દ્રિયથી શબ્દનું શ્રવણ થયું તે મતિજ્ઞાન થયું અને બાદ શબ્દ શ્રવણ દ્વારા અર્થનો બોધ થયો તે શ્રુતજ્ઞાન થયું. જો પ્રથમ શબ્દશ્રવણરૂપ મતિજ્ઞાન ન થાય તો અર્થબોધરૂપ શ્રુતજ્ઞાન ન થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) પ્રથમ આંખથી સામે રહેલી વસ્તુ દેખાય છે. બાદ આ વસ્તુનું અમુક નામ છે, આ વસ્તુને અમુક શબ્દથી ઓળખવામાં આવે છે, એવું જ્ઞાન થાય છે. અહીં વસ્તુનું દર્શન થયું તે મતિજ્ઞાન અને ત્યારબાદ વસ્તુવાચક શબ્દનું જ્ઞાન તે શ્રુતજ્ઞાન.

(૩) મન દ્વારા પણ પ્રથમ મતિજ્ઞાન અને પછી શ્રુતજ્ઞાન થાય છે. જેમકે–કેરીનું સ્મરણદ્વારા શ્રુતજ્ઞાન થાય છે ત્યારે પ્રથમ કેરીની સ્મૃતિ થવાથી આકૃતિ, રૂપ વગેરે આંખ સામે આવે છે. બાદ આ આકૃતિવાળો પદાર્થ કેરી છે એમ જ્ઞાન થાય છે. અહીં કેરીની આકૃતિ આંખ સામે આવી તે મતિજ્ઞાન અને આકૃતિવાળો પદાર્થ કેરી છે એવો બોધ તે શ્રુતજ્ઞાન.

**પ્રશ્ન :**—મનથી–માનસિક ચિંતનથી થતા મતિ-શ્રુત જ્ઞાનમાં આ મતિજ્ઞાન છે અને આ ચિંતન શ્રુતજ્ઞાન છે એવો ભેદ શાના આધારે પડે છે ? **ઉત્તર :**—શબ્દ, આપ્તોપદેશ કે શ્રુતથી એ બેમાં ભેદ પડે છે. શબ્દ, આપ્તોપદેશ કે શ્રુતથી રહિત માનસિક ચિંતન મતિજ્ઞાન છે. શબ્દ, આપ્તોપદેશ કે શ્રુતથી સહિત માનસિક ચિંતન શ્રુતજ્ઞાન છે. શ્રુતકેવળી જ્યારે શ્રુતજ્ઞાનથી જાણેલા પદાર્થોનું ચિંતન શ્રુતગ્રંથોની સહાય વિના કરે તે મતિ જ્ઞાન છે, અને શ્રુતગ્રંથોની સહાયથી કરે ત્યારે તે શ્રુતજ્ઞાન છે. (આ અધ્યાયના ૨૭ મા સૂત્રની ભાષ્યટીકા જુઓ.) તે પ્રમાણે સામાન્ય જીવોનું ચિંતન શબ્દાદિ રહિત હોય તો તે મતિજ્ઞાન છે, અને શબ્દાદિ સહિત હોય તો શ્રુતજ્ઞાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન** :–ઘટને જોતાંની સાથે જ આ ઘટ છે એમ બોધ થઈ જાય છે, આથી મતિ અને શ્રુત એ બંને સાથે જ ઉત્પન્ન થતા હોય એમ લાગે છે, જ્યારે અહીં પ્રથમ મતિ અને પછી શ્રુત થાય એમ કહ્યું છે, તો આમાં રહસ્ય શું છે ?

**ઉત્તર** :–મતિ અને શ્રુત ક્રમશઃ જ પ્રવર્તે છે. છતાં બંને એટલી ઝડપથી પ્રવર્તે છે કે જેથી આપણને એમ જ થાય છે કે બંને સાથે જ પ્રવર્તે છે. આપણને આંખ સામે ઘડો આવતાંની સાથે જ આ ઘટ છે એવો ખ્યાલ આવે છે. પણ આ વસ્તુ છે, એને ઘટ કહેવાય એમ જુદો બોધ થાય છે એવો ખ્યાલ નથી આવતો. આનું કારણ જ્ઞાનની ગતિની શીઘ્રતા છે. કમળના સો પાંદડાની થપ્પી કરીને ઝડપથી છેદવામાં આવે તો ક્રમશઃ એક એક પાંદડાનો છેદ થયો હોવા છતાં બધાં પાંદડાં એકી સાથે છેદાઈ ગયાં એમ લાગે છે.

મતિ અને શ્રુત એ બે જ્ઞાન એકેન્દ્રિયથી પંચેંદ્રિય સુધીના દરેક જીવોને હોય છે. જેમકે કીડી. કીડીને સાકરની ગંધના અણુઓની સાથે ઘ્રાણેંદ્રિયનો સંબંધ થતાં 'અહીં કંઈક છે' એમ સ્થૂલ મતિજ્ઞાન થાય છે. પછી તેને 'આ વસ્તુ મારે ખાવા લાયક છે' એવું જ્ઞાન તુરત થઈ જાય છે. યદ્યપિ તેને શબ્દોનું જ્ઞાન નથી તથા આ વસ્તુ ખાવા લાયક છે એમ કોઈએ કહ્યું નથી, છતાં પૂર્વભવમાં થયેલ તથાપ્રકારના શ્રુતના બળે "આ મારે ખાવા લાયક છે" એવું શ્રુતજ્ઞાન થાય છે. પછી તે તુરત સાકરના ટુકડા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તરફ ધસે છે અને તેના ઉપર ચોંટે છે. જો કીડીને મતિ-શ્રુત જ્ઞાન ન હોય તો તે આ પ્રમાણે પ્રવૃત્તિ કરી શકે નહિ. એ જ પ્રમાણે અન્ય જીવો વિષે પણ જાણવું. હા, એટલું છે કે-જેમ જેમ ઈંદ્રિયો ઓછી તેમ તેમ મતિ-શ્રુત સૂક્ષ્મરૂપે હોય છે. પંચેન્દ્રિયનાં મતિ-શ્રુતની અપેક્ષાએ ચઉરિંદ્રિય જીવનાં મતિ-શ્રુત સૂક્ષ્મ હોય છે. ચઉરિંદ્રિયની અપેક્ષાએ તેઈંદ્રિયનાં મતિ-શ્રુત વધારે સૂક્ષ્મ હોય છે. બેઈંદ્રિયનાં મતિ-શ્રુત સૌથી વધારે સૂક્ષ્મ હોય છે.

શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક જ હોય છે એમ કહેવાથી તાત્પર્ય એ આવ્યું કે જ્યારે શ્રુતજ્ઞાન થાય ત્યારે તેની પૂર્વે મતિજ્ઞાન અવશ્ય હોય છે. આથી પૂર્વે મતિજ્ઞાન થાય તો જ શ્રુતજ્ઞાન થાય એ નિયમ થયો. પણ મતિજ્ઞાન થયા પછી શ્રુતજ્ઞાન ન પણ થાય.* જેમકે કોઈ ગામડિયો માણસ શહેરમાં આવીને રેડીયાને જુએ તો તેને "આ અમુક આકારવાળી અમુક સાઈઝની વસ્તુ છે." એમ મતિજ્ઞાન થાય છે. તેને શું કહેવાય ? તેનો વાચક કયો શબ્દ છે એ ખ્યાલ ન હોવાથી તેને શ્રુતજ્ઞાન થતું નથી. પછી જ્યારે તેને કોઈ આ વસ્તુને રેડીઓ કહેવાય એમ કહે ત્યારે તેને શ્રુતજ્ઞાન થાય છે. પણ તે પહેલાં તો "આ અમુક આકાર-

* કારણ કે મતિજ્ઞાન શ્રુતજ્ઞાનનું બાહ્ય કારણ છે. એનું અભ્યંતર કારણ શ્રુતજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ છે. આથી જે વિષયનું મતિજ્ઞાન થાય તે વિષયનો શ્રુતજ્ઞાનાવરણીય ક્ષયોપશમ ન હોય તો તેનું શ્રુતજ્ઞાન ન થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાળી અમુક સાઈઝની વસ્તુ છે એ પ્રમાણે મતિજ્ઞાન જ થાય છે.

**શ્રુત જ્ઞાનનું સ્વરૂપ :**–શબ્દ–અર્થના સંબંધ વિના જ વિષયનું જ્ઞાન તે મતિજ્ઞાન. વિષયના જ્ઞાન પછી આ વિષયને અમુક શબ્દથી ઓળખવામાં આવે છે, આ વિષયથી અમુક લાભ, અમુક નુકશાન, આ વિષયનો અમુક રીતે ઉપયોગ થાય, અમુક રીતે ન થાય વગેરે અનેક પ્રકારનું જ્ઞાન થાય છે. આ જ્ઞાનને શ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. કારણ કે શ્રુત એટલે સાંભળેલું. આ વસ્તુને અમુક શબ્દથી ઓળખવામાં આવે છે, આનાથી અમુક લાભ વગેરે જ્ઞાન આપણને બીજા પાસેથી સાંભળીને અથવા વાંચીને મેળવેલું હોય છે. માટે તે જ્ઞાન શ્રુત–સાંભળેલું કહેવામાં આવે છે.

શ્રુત જ્ઞાનના અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય એમ મુખ્ય બે ભેદો છે. અંગબાહ્યના અનેક ભેદો છે. અંગપ્રવિષ્ટના આચારાંગ આદિ બાર અંગ (દ્વાદશાંગી) રૂપ બાર ભેદો છે. ચૌદ પૂર્વોનો બારમા દૃષ્ટિવાદ અંગમાં સમાવેશ થાય છે. યદ્યપિ અંગબાહ્યના કાલિક અને ઉત્કાલિક એમ બે ભેદો છે, તે બંનેના અનેક ભેદો છે, છતાં અહીં કાલિક અને ઉત્કાલિક એ બે ભેદોની વિવક્ષા ન કરી હોવાથી અંગબાહ્યના અનેક ભેદો છે, એમ જણાવ્યું છે. [૨૦]

**પ્રશ્ન :**—સઘળું શ્રુત શ્રુતરૂપે સમાન હોવા છતાં તેના અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય એવા ભેદ કઈ અપેક્ષાએ છે ?

**ઉત્તર :**—શ્રુતજ્ઞાનના બે ભેદ વક્તાના ભેદની અપે-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષાએ છે. ગણધર ભગવંતોએ જેની રચના કરી તે અંગ-પ્રવિષ્ટ. શ્રુતના વિશુદ્ધ બોધવાળા આચાર્યોએ જેની રચના કરી તે અંગબાહ્ય.

**પ્રશ્ન :**—આચાર્યોએ શ્રુતની રચના કેમ કરી ? શું ગણધરોની શ્રુતરચના ખામીવાળી કે અલ્પ હતી ?

**ઉત્તર :**—ગણધરો અતિશય સંપન્ન હોવાથી તેમની રચના ખામીરહિત અને સંપૂર્ણ હતી. પણ કાલદોષથી બુદ્ધિ, બળ, આયુષ્ય વગેરેનો હ્રાસ થતો જોઈ અલ્પશક્તિવાળા અને અલ્પ આયુષ્યવાળા શિષ્યો પણ જલદી સારી રીતે સમજી શકે એ આશયથી આચાર્યોએ તે તે કાલ પ્રમાણે તે તે શ્રુતની રચના કરી. અર્થાત્ મંદમતિ વગેરે શિષ્યોના અનુગ્રહ માટે આચાર્યોએ બીજા શ્રુતની રચના કરી છે. [૨૦]

## અવધિજ્ઞાનના ભેદો

**દ્વિવિધોઽવધિઃ ॥ ૧–૨૧ ॥**

**અવધિના બે ભેદ છે. (૧) ભવ પ્રત્યય (૨) ક્ષયોપશમ પ્રત્યય.**

પ્રત્યય એટલે નિમિત્ત. ભવના નિમિત્તે અવશ્ય થાય તે ભવપ્રત્યય. અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય તે ક્ષયોપશમ પ્રત્યય. [૨૧]

## ભવપ્રત્યય અવધિજ્ઞાનના સ્વામી

**ભવપ્રત્યયો નારકદેવાનામ્ ॥ ૧–૨૨**

**નારકો અને દેવોને ભવ પ્રત્યય અવધિજ્ઞાન હોય છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યદ્યપિ ભવપ્રત્યય અવધિજ્ઞાનમાં પણ કર્મનો ક્ષયોપશમ જરૂરી છે, છતાં નારક અને દેવનો ભવ મળતાં અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ અવશ્ય થાય છે. આથી ક્ષયોપશમની અપેક્ષાએ ભવની પ્રધાનતા હોવાથી નારક અને દેવભવમાં થતું અવધિજ્ઞાન ભવપ્રત્યય છે. જેમ પક્ષીના ભવમાં પાંખો અવશ્ય હોય છે, ચક્રવર્તી આદિના ભવમાં વિશિષ્ટ બળ આદિની પ્રાપ્તિ અવશ્ય હોય છે, તેમ નારક અને દેવભવમાં અવધિજ્ઞાન અવશ્ય ઉત્પન્ન થાય છે. [૨૨]

**ક્ષયોપશમ પ્રત્યય અવધિજ્ઞાનના સ્વામી–**

**યથોક્તનિમિત્તઃ ષડ્વિકલ્પઃ શેષાણામ્ ॥૧–૨૩॥**

**શેષ જીવોને શાસ્ત્રોક્ત ક્ષયોપશમરૂપ નિમિત્તથી ઉત્પન્ન થનાર ક્ષયોપશમ પ્રત્યય અવધિજ્ઞાન છ પ્રકારનું હોય છે.**

અહીં શેષ જીવોથી મનુષ્યો અને તિર્યંચ જીવો સમજવાના છે. કારણ કે મનુષ્ય તિર્યંચ, નારક અને દેવ એમ ચાર પ્રકારના જીવો છે, તેમાં નારક અને દેવોને ભવ પ્રત્યય અવધિજ્ઞાન હોય છે એટલે શેષ–બાકી તિર્યંચો અને મનુષ્યો જ રહે છે.

ક્ષયોપશમ પ્રત્યય અવધિજ્ઞાનના છ ભેદો છે. (૧) અનુગામી, (૨) અનનુગામી, (૩) વર્ધમાન, (૪) હીયમાન, (૫) પ્રતિપાતી, (૬) અપ્રતિપાતી.

**(૧) અનુગામી**–ફાનસના દીવાની જેમ સાથે આવ–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાર. અનુગામી અવધિ જ્ઞાનવાળો જીવ ગમે ત્યાં જાય તો પણ તેને અવધિજ્ઞાનનો ઉપયોગ પ્રવર્તે. (૨) **અનનુગામી**–ઇલેકટ્રીક બલ્બના પ્રકાશની જેમ સાથે ન આવનાર. અનનુગામી અવધિજ્ઞાન જે સ્થળે ઉત્પન્ન થયું હોય તે સ્થળે જ તેનો ઉપયોગ પ્રવર્તે. જીવ બીજા સ્થળે જાય તો તેનો ઉપયોગ ન પ્રવર્તે. (૩) **વર્ધમાન**–ઉત્પન્ન થયા બાદ પ્રદીપ્ત અગ્નિની જેમ અનુક્રમે વધતું જાય. (૪) **હીયમાન**–ઉત્પન્ન થયા બાદ અનુક્રમે ઘટતું જાય. (૫) **પ્રતિપાતી**–વીજળીના ઝબકારાની જેમ ઉત્પન્ન થઈને ચાલ્યું જાય. અવધિજ્ઞાનના પ્રતિપાતી ભેદને સ્થાને અનવસ્થિત ભેદ પણ આવે છે. અનવસ્થિત એટલે અનિયત. ઓછું થાય, વધે, ચાલ્યું પણ જાય, ફરી ઉત્પન્ન થાય એમ અનિયત હોય. (૬) **અપ્રતિપાતી**–અપ્રતિપાતી એટલે કાયમ રહેનાર. આ અવધિજ્ઞાન જીવનપર્યંત રહે, કોઈ જીવને ભવાંતરમાં પણ સાથે જાય. અથવા કોઈને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય ત્યાં સુધી પણ રહે.

*પરમાવધિજ્ઞાન કે જેના પછી અંતર્મુહૂર્તમાં અવશ્ય કેવળજ્ઞાન થાય, તેનો સમાવેશ આ અપ્રતિપાતી અવધિજ્ઞાનમાં છે. અપ્રતિપાતી અવધિજ્ઞાનનું બીજું નામ અવસ્થિત છે. [૨૩]

* એ જ્ઞાનમાં અલોકમાં પણ લોકપ્રમાણ અસંખ્યાત ખંડોને જોવાનું સામર્થ્ય હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મનઃપર્યવજ્ઞાનના ભેદોઃ–

**ઋજુ-વિપુલમતી મનઃપર્યાયઃ ॥૧–૨૪॥**

**મનઃપર્યવજ્ઞાનના ઋજુમતિ અને વિપુલમતિ એમ બે ભેદો છે.**

મનઃપર્યાય એટલે મનના વિચારો. મનઃપર્યવ અને મનઃપર્યાય એ બંને શબ્દો એકાર્થક છે. મનઃપર્યવ જ્ઞાનવડે અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞિપંચેંદ્રિય જીવોના વિચારો જાણી શકાય છે.

અહીં એ ધ્યાન રાખવું જરૂરી છે કે, મનઃપર્યવજ્ઞાનથી મનના પર્યાયો–વિચારો જ પ્રત્યક્ષ દેખાય છે, વિચારણીય વસ્તુ નહિ. જેના સંબંધી વિચાર કરવામાં એ વસ્તુ અનુમાનથી જણાય છે. મન જ્યારે વિચાર કરે છે ત્યારે વિચારણીય વસ્તુ પ્રમાણે મનોવર્ગણા પુદ્ગલોના જુદા જુદા આકારો ગોઠવાય છે. આ આકારો એ જ મનના પર્યાયો કે વિચારો છે. મનઃપર્યવજ્ઞાની એ વિચારોને પ્રત્યક્ષ દેખે છે. પછી એ આકારોથી અનુમાન કરી લે છે કે અમુક વસ્તુનો વિચાર કર્યો. કુશળ વૈદ્ય મુખાકૃતિ વગેરે પ્રત્યક્ષ જોઈને શરીરમાં રહેલા રોગને અનુમાનથી જાણે છે તેમ. [૨૪]

## ઋજુમતિ અને વિપુલમતિમાં વિશેષતાના હેતુઓ–

**વિશુદ્ધ્યપ્રતિપાતાભ્યાં તદ્વિશેષઃ ॥ ૧–૨૫ ॥**

**વિશુદ્ધિ અને અપ્રતિપાત (કાયમ ટકવું તે)**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વડે ઋજુમતિ અને વિપુલમતિમાં વિશેષતા -ભેદ છે.**

ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન અવિશુદ્ધ અને પ્રતિપાતી છે, જ્યારે વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન વિશુદ્ધ અને અપ્રતિપાતી છે. ઋજુમતિ મનઃપર્યાયવાળો જીવ "અમુક વ્યક્તિએ ઘડાનો વિચાર કર્યો" એમ સામાન્યથી જાણે, જ્યારે વિપુલમતિ મનઃપર્યાયવાળો જીવ "અમુક વ્યક્તિએ અમદાવાદના, અમુક રંગના, અમુક આકારના, અમુક સ્થળે રહેલા ઘડાનો વિચાર કર્યો" ઇત્યાદિ વિશેષથી જાણે. ઋજુમતિ જ્ઞાન જતું પણ રહે, જ્યારે વિપુલમતિ ન જ જાય. વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયા બાદ અવશ્ય કેવળજ્ઞાન ઉત્પન્ન થાય. તે જ ભવમાં મોક્ષની પ્રાપ્તિ થાય. [૨૫]

**અવધિ-મનઃપર્યવમાં ભેદના હેતુઓ-**

**વિશુદ્ધિ-ક્ષેત્ર-સ્વામિ-વિષયેભ્યોઽવધિમનઃપર્યાययોઃ ॥૧-૨૬॥**

**વિશુદ્ધિ, ક્ષેત્ર, સ્વામી અને વિષય એ ચાર હેતુઓથી અવધિજ્ઞાન અને મનઃપર્યવ જ્ઞાનમાં વિશેષતા-ભેદ છે.**

(૧) વિશુદ્ધિઃ-અવધિજ્ઞાનથી મનઃપર્યવજ્ઞાન વધારે વિશુદ્ધ હોય છે. આથી અવધિજ્ઞાનની અપેક્ષાએ મનઃપર્યવજ્ઞાન પોતાના વિષયને વધારે સ્પષ્ટ જાણી શકે છે. (૨) ક્ષેત્રઃ-મનઃપર્યવજ્ઞાનના ક્ષેત્રથી અવધિજ્ઞાનનું ક્ષેત્ર વિશાળ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવધિજ્ઞાનનું ક્ષેત્ર અંગુલના અસંખ્યાતમા ભાગથી આરંભી સંપૂર્ણ લોક પર્યંત છે. મનઃપર્યવજ્ઞાનનું ક્ષેત્ર માત્ર અઢી દ્વીપ અને બે સમુદ્ર પ્રમાણ છે. મનઃપર્યવજ્ઞાની માત્ર અઢી દ્વીપ અને બે સમુદ્ર પ્રમાણ મનુષ્ય ક્ષેત્રમાં રહેલા સંજ્ઞી પંચેંદ્રિય (મનુષ્ય, તિર્યંચ અને દેવ)ના મનના વિચારોને જાણી શકે છે.* (૩) **સ્વામીઃ**–અવધિજ્ઞાન ચારે ય ગતિમાં રહેલા સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ જીવોને ઉત્પન્ન થાય છે. મનઃપર્યવ જ્ઞાન મનુષ્ય ગતિમાં સાતમા ગુણસ્થાને રહેલા સંયમી જીવોને જ ઉત્પન્ન થાય છે. અને ૬ થી ૧૨ ગુણસ્થાન સુધી હોય છે. (૪) **વિષયઃ**–અવધિજ્ઞાનનો વિષય સર્વ રૂપી દ્રવ્યો અને તેના અલ્પ પર્યાયો છે. આમાં મનના સ્થૂલ પર્યાયોનો પણ સમાવેશ થાય છે. મનઃપર્યવજ્ઞાનનો વિષય ફક્ત મનોવર્ગણાના પુદ્ગલો અને તેના પર્યાયો હોવાથી અવધિજ્ઞાનના વિષયથી અનંતમા ભાગ પ્રમાણ છે.

**પ્રશ્નઃ**–મનના પર્યાયો પણ અવધિજ્ઞાનનો વિષય છે તો તેનાથી મનના વિચારો જાણી શકાય? **ઉત્તરઃ**–હા, વિશુદ્ધ અવધિજ્ઞાનથી મનના વિચારો પણ જાણી શકાય છે. અનુત્તર દેવો ભગવાને દ્રવ્ય મનથી આપેલા ઉત્તરોને અવધિજ્ઞાનથી જ જાણી શકે છે.

**પ્રશ્નઃ**–તો અવધિ અને મનઃપર્યવજ્ઞાનમાં વિશુદ્ધિની દૃષ્ટિએ ભેદ ક્યાં રહ્યો? **ઉત્તરઃ**–વિશુદ્ધ અવધિજ્ઞાની પણ

* ઉપર જ્યોતિષ્ક (૯૦૦ યોજન) સુધી અને નીચે હજાર યોજન સુધી જાણી શકે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનના વિચારોને મનઃપર્યવજ્ઞાની જેટલી સૂક્ષ્મતાથી જાણી શકે છે તેટલી સૂક્ષ્મતાથી જાણી શકે નહિ.

અવધિજ્ઞાની રૂપી સર્વ દ્રવ્યોને અને થોડા પર્યાયોને (વધારેમાં વધારે અસંખ્ય પર્યાયોને) જાણી શકે છે. મનઃપર્યવજ્ઞાની માત્ર મનોવર્ગણાના પુદ્ગલોને જ જાણી શકે છે, તેમાં પણ, માત્ર અઢીદ્વીપ–બે સમુદ્રપ્રમાણ મનુષ્યક્ષેત્રમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોએ વિચાર કરવા વાપરેલા મનોવર્ગણાના પુદ્ગલોને જ જાણી શકે છે.

અવધિજ્ઞાનમાં ક્ષેત્ર, સ્વામી, અને વિષયની બાબતમાં અધિક વિશેષતા હોવા છતાં વિશુદ્ધિની બાબતમાં તે અત્યંત પાછળ પડી જાય છે. આથી અવધિજ્ઞાનની અપેક્ષાએ મનઃપર્યવજ્ઞાનનું અધિક મહત્ત્વ છે. એક શિક્ષક અનેક શાળાઓમાં અનેક વિષયોનું શિક્ષણ આપે છે, પણ સ્થૂલ સ્થૂલ સમજાવે છે, જ્યારે બીજો શિક્ષક એક જ શાળામાં એક જ વિષયનું શિક્ષણ આપે છે, છતાં એ વિષયને અત્યંત સૂક્ષ્મતાથી એવી રીતે સમજાવે છે કે–જેથી વિદ્યાર્થીઓ એ વિષયનો તલસ્પર્શી બોધ કરી શકે છે. અહીં પ્રથમ શિક્ષક કરતાં બીજા શિક્ષકનું મહત્ત્વ વધારે ગણાય. જેમ અહીં બીજા શિક્ષકનું પ્રથમ શિક્ષકની અપેક્ષાએ ક્ષેત્ર અને વિષયની બાબતમાં અલ્પતા હોવા છતાં બોધની વિશુદ્ધિની અધિકતાથી મહત્ત્વ વધી જાય છે, તેમ અવધિજ્ઞાનની અપેક્ષાએ મનઃપર્યવજ્ઞાનમાં ક્ષેત્ર આદિમાં અલ્પતા હોવા છતાં વિશુદ્ધિ અધિક હોવાથી તેનું મહત્ત્વ વધી જાય છે. [૨૬]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મતિ અને શ્રુતનો વિષય :-

**मतिश्रुतयोर्निबन्धः सर्वद्रव्येष्वसर्वपर्यायेषु ॥ १–२७ ॥**

**મતિ અને શ્રુતજ્ઞાનનો વિષય સર્વ દ્રવ્યો અને થોડા એટલે કે કેટલાક પર્યાયો છે.**

મતિ અને શ્રુતજ્ઞાનથી જગતમાં રહેલા રૂપી–અરૂપી સઘળા દ્રવ્યોને જાણી શકાય છે. પણ પર્યાયો તો થોડા–પરિમિત જાણી શકાય છે. કારણ કે–આ જગતમાં વધારેમાં વધારે મતિ–શ્રુત ગણધરાદિને કે ચૌદપૂર્વીને જ હોય છે. તેઓના જ્ઞાનનું મૂળ તીર્થંકર ભગવંતો છે. તીર્થંકરો જગતના ત્રણે કાળના સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાયોને સાક્ષાત્ જુએ છે, જાણે છે. પણ તે દરેક ભાવોને–પર્યાયોને કહી શકાય તેટલા શબ્દો જ નથી. ભાવોના અનંતમા ભાગ જેટલા જ શબ્દો છે. જેટલા શબ્દો છે તેટલા બધા શબ્દો આખી જીંદગી બોલ્યા કરે તો પણ ન બોલી શકાય. આથી તીર્થંકરો જેટલો ઉપદેશ આપે છે તેનો અનંતમો ભાગ જ ગણધરો દ્વાદશાંગીમાં શબ્દો દ્વારા ગુંથી શકે છે, આથી આ દ્વાદશાંગીના અભ્યાસી પૂર્વધરો પણ સર્વ દ્રવ્યના અનંતમા ભાગના જ પર્યાયોને જાણી શકે છે. ચૌદ પૂર્વધરો પણ જે ભાવો–પર્યાયો દ્વાદશાંગીમાં નથી ગુંથાયા, તથા જે ભાવો માટે શબ્દો નથી, તે અનંત ભાવોને જાણી નથી શકતા. તેઓ જે જાણે છે, તેનાથી અનંતગુણા ભાવોને નથી જાણતા. આથી મતિ–શ્રુતનો વિષય સર્વ દ્રવ્યો છે, પણ સર્વ પર્યાયો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાની શ્રુતકેવળી કહેવાય છે. કારણ કે કેવળી ભગવંત જેટલું કહી શકે છે તેટલું શ્રુતદ્વારા ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાની પણ કહી શકે છે. આથી ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાની શ્રુત વડે કેવળી સમાન હોવાથી શ્રુતકેવળી કહેવાય છે.

**પ્રશ્ન** :—મતિજ્ઞાન ઇંદ્રિયો વડે ઉત્પન્ન થાય છે. ઇંદ્રિયો તો માત્ર રૂપી દ્રવ્યોને જ ગ્રહણ કરે છે તો મતિજ્ઞાનનો વિષય સર્વ દ્રવ્યો શી રીતે હોઈ શકે ? **ઉત્તર** :—મતિજ્ઞાન જેમ ઇંદ્રિયોથી ઉત્પન્ન થાય છે તેમ મનદ્વારા પણ ઉત્પન્ન થાય છે. મન પૂર્વે અનુભૂત વિષય ઉપરાંત શ્રુતવડે જાણેલા વિષયોનું પણ ચિંતન કરે છે. શ્રુતવડે અરૂપી દ્રવ્યોનો પણ બોધ થાય છે. આથી મનદ્વારા રૂપી–અરૂપી સર્વ દ્રવ્યો મતિજ્ઞાનનો વિષય બને છે. [૨૭]

## અવધિનો વિષય–

**રૂપિષ્વવધેઃ ॥ ૧–૨૮ ॥**

**અવધિનો વિષય કેટલાક પર્યાયયુક્ત સર્વ દ્રવ્યો છે.**

ઉત્કૃષ્ટ અવધિજ્ઞાની પણ રૂપી દ્રવ્યોને જ જાણી શકે છે, અરૂપી દ્રવ્યોને નહિ. [૨૮]

## મનઃપર્યવજ્ઞાનનો વિષય–

**તદનન્તભાગે મનઃપર્યાયસ્ય ॥ ૧–૨૯ ॥**

**મનઃપર્યવજ્ઞાનનો વિષય અવધિજ્ઞાનના વિષયથી અનંતમો ભાગ છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવધિજ્ઞાની સર્વ રૂપી પદાર્થોને જાણી શકે છે. મનઃપર્યવજ્ઞાની તેના અનંતમા ભાગના જ રૂપી પદાર્થોને જાણી શકે છે. કારણ કે મનઃપર્યવજ્ઞાની અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞિ પંચેન્દ્રિય જીવોના મનરૂપે પરિણમેલા મનોવર્ગણાના પુદ્ગલોને અને તેના પર્યાયોને જાણી શકે છે. મનોવર્ગણાના સર્વ પણ પુદ્ગલો રૂપી સર્વ દ્રવ્યના અનંતમા ભાગે છે, તો અઢીદ્વીપમાં સંજ્ઞિપંચેન્દ્રિય જીવોના મનરૂપે પરિણમેલા મનોવર્ગણાના પુદ્ગલો સુતરાં અનંતમા ભાગે છે. [૨૯]

## કેવલજ્ઞાનનો વિષય–

**सर्वद्रव्यपर्यायेषु केवलस्य ॥ १–३० ॥**

## કેવલજ્ઞાનનો વિષય સર્વ દ્રવ્ય અને પર્યાયો છે.

કેવળજ્ઞાનની જ્ઞાનશક્તિ સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાયોમાં હોય છે. જગતમાં એવી કોઈ વસ્તુ કે એવો કોઈ ભાવ–પર્યાય નથી કે જે કેવળજ્ઞાનથી ન જાણી શકાય. જેમ આરીસામાં વસ્તુનું પ્રતિબિંબ પડે છે તેમ આત્મામાં ત્રણ કાળની સર્વ વસ્તુઓનું અને સર્વ ભાવોનું એવા પ્રકારનું વિલક્ષણ જ્ઞાનિગમ્ય પ્રતિબિંબ પડે છે, જેથી કેવળજ્ઞાની ભગવંત જગતના સર્વ દ્રવ્યોને ત્રણે કાલના સર્વ પર્યાયોને જાણી શકે છે. આથી જ કેવળજ્ઞાનીને સર્વજ્ઞ કહેવામાં આવે છે. સર્વજ્ઞ એટલે સઘળું જાણનાર.

**પ્રશ્ન :**–સર્વજ્ઞો હાલ દેખાતા નથી તો સર્વજ્ઞો હશે કે નહિ તેની શી ખાતરી? **ઉત્તર :**–જે વસ્તુ આપણને દેખાય તે જ વસ્તુ આ જગતમાં હોય, અથવા જે વસ્તુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણા મગજમાં બેસે તે જ વસ્તુ આ જગતમાં હોય, તે સિવાય કોઈ વસ્તુ ન હોય એ માન્યતા ભૂલ ભરેલી છે. આપણને ન દેખાતા છતાં, જે વસ્તુનું આપ્ત પુરુષનાં શાસ્ત્રોમાં પ્રતિપાદન હોય, જે વસ્તુ અનુમાન આદિથી સિદ્ધ થતી હોય, તે વસ્તુ આ જગતમાં હોય છે. આપ્ત પુરુષો સ્વયં સર્વજ્ઞ હોય છે. એથી આપણને જે ભાવો ન દેખાય તેને પણ તેઓ પ્રત્યક્ષ જુએ છે અને તેનો જગતને ઉપદેશ આપે છે. આપ્તપ્રણીત આગમમાં સર્વજ્ઞનું વર્ણન છે. તદુપરાંત અનુમાનથી પણ સર્વજ્ઞની સિદ્ધિ થાય છે. જે ધર્મ અંશતઃ પ્રગટે છે તે ધર્મ અવશ્ય સંપૂર્ણપણે પ્રગટી શકે છે. ચંદ્રનો પ્રકાશ બીજના દિવસે અંશતઃ પ્રગટે છે તો પૂર્ણિમાના દિવસે પૂર્ણરૂપે પ્રગટે છે. તેમ આત્માનો જ્ઞાનધર્મ અંશતઃ પ્રગટે છે તો સંપૂર્ણ પણ પ્રગટી શકે છે. જે આત્મામાં જ્ઞાનધર્મ સંપૂર્ણપણે પ્રગટે તે સર્વજ્ઞ. [૩૦]

## એક જીવને એકી સાથે કેટલાં જ્ઞાન હોઈ શકે ?

**एकादीनि भाज्यानि युगपदेकस्मिन्नाचतुर्भ्यः ॥ १-३१ ॥**

**એક જીવને એકી સાથે એક, બે, ત્રણ કે ચાર જ્ઞાન હોઈ શકે.**

કોઈપણ જીવને એકી સાથે પાંચ જ્ઞાન ન હોઈ શકે. જ્યારે એક જ્ઞાન હોય છે ત્યારે મતિજ્ઞાન અથવા કેવળજ્ઞાન હોય છે. જ્યારે બે જ્ઞાન હોય છે ત્યારે મતિ-શ્રુત જ્ઞાન હોય છે. જ્યારે ત્રણ જ્ઞાન હોય છે ત્યારે મતિ-શ્રુત-અવધિ અથવા મતિ-શ્રુત-મનઃપર્યવ એ ત્રણ જ્ઞાન હોય છે. જ્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાર જ્ઞાન હોય છે ત્યારે મતિ, શ્રુત, અવધિ અને મનઃ-પર્યવ એ ચાર જ્ઞાન હોય છે.

**પ્રશ્ન** :-સર્વ જીવોમાં મતિ-શ્રુત એ બે જ્ઞાન હોય છે. શાસ્ત્રમાં એકેંદ્રિય જીવોમાં પણ સૂક્ષ્મ મતિ-શ્રુતનો સ્વીકાર કરવામાં આવ્યો છે, તો કેવળ મતિજ્ઞાન કેમ હોઈ શકે ? **ઉત્તર** :-અહીં શબ્દરૂપ શ્રુતની અપેક્ષાએ કેવળ મતિજ્ઞાન હોઈ શકે છે. એકેંદ્રિયાદિ જીવોને સૂક્ષ્મ શ્રુત હોવા છતાં અક્ષરના બોધરૂપ શ્રુતજ્ઞાન નથી હોતું. અથવા અહીં વિશિષ્ટ શાસ્ત્રરૂપ શ્રુતની વિવક્ષા છે. નિસર્ગ સમ્યગ્દર્શન પામેલ જીવને મતિજ્ઞાન હોવા છતાં વિશિષ્ટ સામાયિક આદિ શ્રુતના બોધનો અભાવ હોય છે.

જ્યારે કેવળજ્ઞાન હોય છે, ત્યારે અન્ય કોઈ જ્ઞાન હોતું નથી.

**પ્રશ્ન** :-કેવળજ્ઞાનના સમયે અન્ય જ્ઞાનોનો સર્વથા અભાવ થાય છે કે તેમની શક્તિ અભિભૂત થાય છે ? **ઉત્તર** :-આ વિષયમાં બે મત છે. એક મતે અન્ય જ્ઞાનોનો સર્વથા અભાવ હોય છે. આ મતનો અભિપ્રાય એ છે કે ચાર જ્ઞાન આત્માના સ્વભાવરૂપ નથી. કર્મના ક્ષયોપશમથી પ્રગટ થતા હોવાથી ઔપાધિક છે.

કેવળજ્ઞાન આત્માના સ્વભાવરૂપ છે. કેવળજ્ઞાન જ્ઞાનાવરણના સર્વથા ક્ષયથી ઉત્પન્ન થાય છે. જ્ઞાનાવરણનો સર્વથા ક્ષય થાય છે ત્યારે ક્ષયોપશમરૂપ ઉપાધિનો અભાવ હોવાથી ચાર જ્ઞાનોનો પણ સર્વથા અભાવ થાય છે. સૂર્યનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશ બારી–બારણાથી રહિત ઘરમાં નથી આવતો. કારણ કે આવરણ છે. પણ બારી–બારણાવાળા મકાનમાં સૂર્યનો થોડો પ્રકાશ આવે છે. જો મકાનને જ સર્વથા પાડી નાખવામાં આવે તો તે સ્થળે સંપૂર્ણ પ્રકાશ આવે છે અને બારી–બારણાનો સર્વથા અભાવ થાય છે. તે જ પ્રમાણે પ્રસ્તુતમાં જ્ઞાનાવરણીય કર્મરૂપ આવરણ હોવાથી સૂર્યસમાન જ્ઞાનનો પ્રકાશ આત્મરૂપ મકાનમાં આવી શકતો નથી, પણ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમરૂપ બારી–બારણા હોવાથી તે દ્વારા થોડો પ્રકાશ આવે છે. પણ જ્યારે સર્વથા આવરણ ખસી જાય છે ત્યારે જ્ઞાનનો સંપૂર્ણ પ્રકાશ આવે છે અને બારી–બારણારૂપ ક્ષયોપશમનો અભાવ થવાથી મતિ આદિ ચાર જ્ઞાનનો પણ સર્વથા અભાવ થાય છે.

બીજા મતે કેવળજ્ઞાન સમયે ચાર જ્ઞાનનો સર્વથા અભાવ નથી થતો, પરંતુ કાર્યરૂપે અભાવ થાય છે. શક્તિરૂપે ચાર જ્ઞાન હોય છે. પણ સૂર્યના ઉદયથી ગ્રહ, નક્ષત્ર આદિ જેમ અભિભૂત બની જાય છે તેમ કેવળજ્ઞાન સમયે અન્ય ચારે જ્ઞાન અભિભૂત બની જવાથી પોતાનું કાર્ય નથી કરી શકતા. [૩૧]

**પ્રથમનાં ત્રણ જ્ઞાનમાં વિપરીતતા (અજ્ઞાનતા):–**

**મતિ–શ્રુતાઽવધયો વિપર્યયશ્ચ ॥ ૧–૩૨ ॥**

**પ્રથમનાં ત્રણ જ્ઞાન વિપરીત એટલે કે અજ્ઞાન પણ હોય છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન** :–જ્ઞાન અજ્ઞાન શી રીતે હોઈ શકે ? શું પ્રકાશ અંધકારરૂપ હોય ? **ઉત્તર** :–અહીં જ્ઞાન–અજ્ઞાનની વિવક્ષા આધ્યાત્મિક દૃષ્ટિએ છે. આથી અહીં અજ્ઞાનનો અર્થ જ્ઞાનનો અભાવ નહિ, પરંતુ વિપરીત જ્ઞાન છે. આધ્યાત્મિક દૃષ્ટિથી જેનાથી વસ્તુનો યથાર્થ બોધ થાય તેને જ જ્ઞાન કહેવાય. આથી જેનાથી વિપરીત બોધ થાય તે બાહ્યદૃષ્ટિએ જ્ઞાન હોવા છતાં આધ્યાત્મિક દૃષ્ટિએ અજ્ઞાન જ છે. જ્ઞાનનું પ્રયોજન યથાર્થ બોધ કરવો એ છે. વિપરીત જ્ઞાનથી એ પ્રયોજન સિદ્ધ ન થતું હોવાથી આધ્યાત્મિક દૃષ્ટિએ વિપરીત જ્ઞાન એ અજ્ઞાન જ છે.

જ્યારે મિથ્યાત્વ મોહનો ઉદય હોય છે ત્યારે વસ્તુનો યથાર્થબોધ થતો જ નથી, વિપરીત જ બોધ થાય છે. આથી મિથ્યાદૃષ્ટિનાં મતિ, શ્રુત, અને અવધિ એ ત્રણ જ્ઞાન અજ્ઞાનરૂપ છે.

મિથ્યાત્વ મોહનો નાશ થતાં સમ્યગ્દર્શન ગુણ પ્રગટે છે. સમ્યગ્દર્શનના પ્રભાવથી વસ્તુનો યથાર્થ બોધ થાય છે. આથી સમ્યગ્દૃષ્ટિ જીવનું મતિ આદિ જ્ઞાન જ્ઞાનસ્વરૂપ છે.

**પ્રશ્ન**:–શું સમ્યગ્દૃષ્ટિને કોઈ વિષયમાં સંશય કે વિપરીત બોધ ન થાય ? **ઉત્તર**:–સમ્યગ્દૃષ્ટિને પણ કોઈ વિષયમાં સંશય કે વિપરીત બોધ થઈ જાય એ સુસંભવિત છે.

**પ્રશ્ન**:–તો એનો બોધ યથાર્થ જ હોય એવો નિયમ ન રહ્યો ? **ઉત્તર**:–અહીં યથાર્થ બોધનો અર્થ પ્રમાણ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસ્ત્રની દૃષ્ટિએ નથી, કિંતુ અધ્યાત્મશાસ્ત્રની દૃષ્ટિએ છે. પ્રમાણશાસ્ત્રની દૃષ્ટિએ જ્ઞાનનો વિષય યથાર્થ હોય તો યથાર્થ બોધ અને અયથાર્થ હોય તો અયથાર્થ બોધ એવો અર્થ છે. દોરડામાં દોરડાનું જ્ઞાન યથાર્થબોધ છે. કારણ કે તેનો વિષય યથાર્થ છે. અર્થાત્ જેનું જ્ઞાન છે તે ત્યાં છે. દોરડામાં સર્પનું જ્ઞાન અયથાર્થબોધ છે. કારણ કે તેનો વિષય અયથાર્થ છે. અર્થાત્ જેનું જ્ઞાન છે તે ત્યાં નથી. વજનદાર પીળી ધાતુમાં આ સોનું છે કે પિત્તળ છે એવો સંશય પણ અયથાર્થ બોધ છે. પ્રમાણશાસ્ત્ર પ્રસિદ્ધ આવો (વિપરીત બોધ વગેરે) અયથાર્થ બોધ સમ્યગ્દૃષ્ટિમાં પણ હોય છે. પણ અહીં તે વિવક્ષિત નથી. આ અધ્યાત્મશાસ્ત્ર હોવાથી અહીં યથાર્થબોધનો જે બોધ આધ્યાત્મિક વિકાસમાં સહાયક બને તે યથાર્થબોધ આવો અર્થ વિવક્ષિત છે. સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન આધ્યાત્મિક વિકાસમાં સહાયક બને છે.

મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન તેવું નથી. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનનો ઉપયોગ મુખ્યતયા આત્મોન્નતિમાં કરે છે, જ્યારે મિથ્યાદૃષ્ટિ પુદ્ગલપોષણમાં કરે છે. આથી જ મિથ્યાદૃષ્ટિનું લૌકિક દૃષ્ટિએ ઉચ્ચ કક્ષાનું ગણાતું જ્ઞાન પણ અજ્ઞાન છે. સમ્યગ્દૃષ્ટિનું અલ્પ જ્ઞાન પણ જ્ઞાનસ્વરૂપ છે. મિથ્યાદૃષ્ટિનું ભૌતિક જ્ઞાન તો અજ્ઞાન રૂપ છે, કિંતુ આધ્યાત્મિક જ્ઞાન પણ અજ્ઞાનરૂપ છે. સમ્યગ્દૃષ્ટિમાં આનાથી ઊલટું છે. તેનું આધ્યાત્મિક જ્ઞાન તો જ્ઞાન સ્વરૂપ છે, કિંતુ ભૌતિક જ્ઞાન પણ હેયોપાદેયના વિવેકવાળું હોવાથી જ્ઞાન રૂપ (–સમ્યગ્જ્ઞાન) છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**:–સમ્યગ્દૃષ્ટિને જેમ ભૌતિક વિષયમાં સંશય કે વિપરીત જ્ઞાન થઈ જાય, તેમ આધ્યાત્મિક વિષયમાં પણ થાય કે નહિ? **ઉત્તર**:–સમ્યગ્દૃષ્ટિને આધ્યાત્મિક વિષયમાં પણ પોતાની અલ્પમતિ આદિના કારણે કે ઉપદેશકની ભૂલથી સંશય કે વિપરીત જ્ઞાન થઈ જાય એવું બને. પણ તેમાં સમ્યગ્દર્શન ગુણના પ્રભાવથી આધ્યાત્મિક વિકાસના પાયા રૂપ સત્યજિજ્ઞાસા, સત્યસ્વીકાર વગેરે ગુણો હોય છે. આથી તે પોતાથી વિશેષ જાણકારોની પાસે સત્ય સમજવા પ્રયત્ન કરે છે. તેમાં પોતાની ભૂલ સમજાઈ જાય તો તુરત તેને સુધારી લે છે અને સત્યનો સ્વીકાર કરે છે. હવે એવું પણ બને કે કોઈ વિષયમાં પોતાની મતિમંદતાના કારણે સત્ય શું છે તે સમજી શકે નહિ. જે વિષયમાં સત્ય શું છે તે સમજાય નહિ તે વિષયમાં સર્વજ્ઞે જે કહ્યું છે તે જ સત્ય છે આવી માન્યતા ધરાવે છે. પણ આ જ સત્ય એવો કદાગ્રહ ન રાખે. એ કોઈ પણ વિષયમાં સત્યાસત્યનો નિર્ણય પોતાની મતિકલ્પનાથી ન કરે, કિંતુ સર્વજ્ઞના ઉપદેશથી કરે. કારણ કે એ સમજતો હોય છે કે છદ્મસ્થ જીવોની બુદ્ધિ પરિમિત જ હોય છે. પરિમિત બુદ્ધિથી સત્યાસત્યનો નિર્ણય ન થઈ શકે. સર્વજ્ઞ ભગવંતો જ સત્યાસત્યને પૂર્ણરૂપે જાણી શકે છે. આથી સર્વજ્ઞ ભગવંતોના ઉપદેશના આધારે જ સત્યાસત્યનો નિર્ણય થઈ શકે છે. મિથ્યાદૃષ્ટિ જીવનું માનસ આનાથી વિપરીત હોય છે. તે સ્વમતિકલ્પનાથી સત્યાસત્યનો નિર્ણય કરે છે. આ જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાત ગ્રંથકાર મહર્ષિ નીચેના (૩૩ મા) સૂત્રમાં કહે છે. [૩૨]

## મિથ્યાદૃષ્ટિનાં પ્રથમ ત્રણ જ્ઞાન વિપરીત કેમ ?

**सदसतोरविशेषाद् यदृच्छोपलब्धेरुन्मत्तवत् ॥१-३३॥**

**પોતાની મતિકલ્પના પ્રમાણે અર્થ કરવાથી ઉન્મત્તની જેમ સત્ પદાર્થ અને અસત્ પદાર્થની વિશેષતા સમજી ન શકવાથી મિથ્યાદૃષ્ટિનું મતિ આદિ જ્ઞાન અજ્ઞાનસ્વરૂપ છે.**

જેમ ગાંડો માણસ ભાઈને ભાભી કહે, ભાભીને ભાઈ કહે, ભાઈને બહેન કહે, બહેનને ભાઈ કહે, તેમ મિથ્યાદૃષ્ટિ સત્ને અસત્ કહે અને અસત્ને સત્ કહે. કોણ સત્ છે? કોણ અસત્ છે? કેમ છે? વગેરે વિશેષતાઓ સમજી શકતો નથી.

સર્વજ્ઞ ભગવંતો કહે છે કે–દરેક વસ્તુ સત પણ છે અને અસત્ પણ છે. પ્રત્યેક વસ્તુ સ્વરૂપે સત્ છે. પરરૂપે અસત્ છે. ઘટ એ ઘટ છે, પટ નથી. આથી ઘટ ઘટરૂપે–સ્વરૂપે સત્ છે, પટ રૂપે–પરરૂપે અસત્ છે. અર્થાત્ ઘટ ઘટની અપેક્ષાએ સત્ છે અને પટ આદિ પર વસ્તુની અપેક્ષાએ અસત્ છે.

દરેક વસ્તુ સ્વ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવની અપેક્ષાએ સત્–વિદ્યમાન છે. પર દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવની અપેક્ષાએ અસત્–અવિદ્યમાન છે. ઘટના દૃષ્ટાંતથી આ વિષયને વિચારીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૃત્તિકારૂપ સ્વદ્રવ્યની અપેક્ષાએ સત્.

સૂતરરૂપ પરદ્રવ્યની અપેક્ષાએ અસત્.

અમદાવાદ રૂપ સ્વક્ષેત્રની અપેક્ષાએ સત્. (અમદાવાદમાં બન્યો છે અથવા વિદ્યમાન છે એ દૃષ્ટિએ)

મુંબઇ રૂપ પરક્ષેત્રની અપેક્ષાએ અસત્.

શિયાળા રૂપ સ્વકાલની અપેક્ષાએ સત્. (શિયાળામાં બન્યો છે અથવા વિદ્યમાન છે એ દૃષ્ટિએ)

ઉનાળા રૂપ પરકાલની અપેક્ષાએ અસત્.

લાલ રંગ રૂપ સ્વભાવની–પર્યાયની અપેક્ષાએ સત્. (લાલ ઘડો છે માટે)

કૃષ્ણ રંગ રૂપ પરભાવની–પર્યાયની અપેક્ષાએ અસત્.

એ પ્રમાણે દરેક વસ્તુમાં સત્ત્વ–અસત્ત્વ, નિત્યત્વ–અનિત્યત્વ, સામાન્ય–વિશેષ વગેરે ધર્મો હોવા છતાં મિથ્યા-દૃષ્ટિ અમુક વસ્તુ સત્ જ છે, અમુક વસ્તુ અસત્ જ છે, અમુક વસ્તુ નિત્ય જ છે, અમુક વસ્તુ અનિત્ય જ છે, અમુક વસ્તુ સામાન્ય જ છે, અમુક વસ્તુ વિશેષ જ છે, એમ એકાંત રૂપે એક ધર્મનો સ્વીકાર કરી અન્ય ધર્મનો અસ્વીકાર કરે છે. આથી તેનું જ્ઞાન અજ્ઞાનસ્વરૂપ છે. [૩૩]

**નયોનું નિરૂપણ—**

**नैगमसंग्रहव्यवहारर्जुसूत्रशब्दा नयाः ॥१–३४॥**

**आद्यशब्दौ द्वि–त्रि–भेदौ ॥१–३५॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ એ પાંચ નયો છે. (૩૪) નૈગમનયના સામાન્ય અને વિશેષ એ બે અને શબ્દનયના સાંપ્રત, સમભિરૂઢ અને એવંભૂત એ ત્રણ ભેદો છે. (૩૫)**

આ બે સૂત્રોનું વિવેચન કરતાં પહેલાં નય વિષે થોડી વિચારણા કરી લેવાની જરૂર છે, જેથી નયોના ભેદોનો સ્પષ્ટ રૂપે બોધ થઈ શકે. અપેક્ષા, અભિપ્રાય, દૃષ્ટિ, નય એ બધા શબ્દો એકાર્થક છે. કોઈ એક વસ્તુ અંગે જુદી જુદી દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો તેમાં અનેક ગુણ–ધર્મો રહેલા છે, એમ આપણને જણાશે. તેમાં પરસ્પર વિરોધી લાગે તેવા પણ ગુણો–ધર્મો રહેલા છે એમ જણાશે.

નિર્બળતા અને બળ એ બંને ધર્મો પરસ્પર વિરોધી છતાં એક જ વ્યક્તિમાં રહેલા હોય છે. એક જ વ્યક્તિ વિદ્વાન પણ હોય છે અને મૂર્ખ પણ હોય છે. એક જ માણસ નિર્ભય અને ભીરુ પણ હોય છે. એક જ વસ્તુ લાભકારક પણ હોય છે અને નુકશાનકારક પણ હોય છે.

આમ પ્રત્યેક વસ્તુમાં પરસ્પરવિરોધી ધર્મો રહેલા હોય છે. આ સાંભળીને કેટલાકને આશ્ચર્ય કે શંકા થાય છે કે–આ શી રીતે સંભવે? શું પ્રકાશ અને અંધકાર એક સ્થળે રહી શકે? આ આશ્ચર્ય કે શંકાને દૂર કરવા સર્વજ્ઞ ભગવંતોએ એક સુંદર સિદ્ધાંત બતાવ્યો છે. આ સિદ્ધાંત છે **અનેકાંતવાદ.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનેકાંતવાદ કહે છે કે—એક જ વસ્તુમાં રહેલા ધર્મો કે જે તમને પરસ્પર વિરોધી ભાસે છે તે ધર્મો પરસ્પર વિરોધી છે જ નહિ. જો પરસ્પર વિરોધી હોય તો એક જ વસ્તુમાં રહી જ ન શકે. એક જ વસ્તુમાં રહેલા નિર્બળતા અને બળ વગેરે ધર્મો તમને પરસ્પર વિરુદ્ધ લાગે છે તે તમારી ભ્રમણા છે. પરસ્પર વિરુદ્ધ દેખાતા ધર્મો અપેક્ષા-ભેદથી અવિરુદ્ધ છે. કોઈ પણ ધર્મોમાં અપેક્ષાભેદથી વિરોધ છે જ નહિ.

અનેકાન્ત શબ્દમાં છૂટા છૂટા ત્રણ શબ્દો છે. અન, એક અને અન્ત એ ત્રણ શબ્દોથી અનેકાન્ત શબ્દ બન્યો છે. અન્ શબ્દનો અર્થ નિષેધ—નહિ એવો અર્થ થાય છે. એક એટલે એક. અન્ત એટલે પૂર્ણતા. એકથી પૂર્ણતા નહિ તે અનેકાન્ત. કોઈપણ વસ્તુની પૂર્ણતા કોઈ એક ધર્મથી નથી, પરન્તુ અનેક ધર્મોથી છે. અપેક્ષાભેદે વસ્તુમાં અનેક ધર્મો રહેલા છે. તેમાં આપણને પરસ્પર વિરુદ્ધ લાગે તેવા પણ ધર્મો હોય છે. પણ અનેકાન્તવાદ અપેક્ષાભેદથી તેમાં અવિરોધ છે એમ સિદ્ધ કરી આપે છે. અનેકાન્તવાદ એટલે એક જ વસ્તુમાં રહેલા વિરુદ્ધ ધર્મોમાં અપેક્ષાભેદથી અવિ-રોધ છે એમ બતાવનાર સિદ્ધાન્ત.

જ્યારે કોઈ તમને પૂછે કે હાથી બળવાન છે કે નિર્બળ ? તો તમે તુરત કહેશો કે હાથી બળવાન હોય છે. એટલે કે હાથીમાં બળ ધર્મ હોય છે. બળવાન હાથી પણ સિંહના પંજામાં સપડાય છે ત્યારે તે કેવો માયકાંગલો—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓશિયાળો બની જાય છે! આથી હાથીમાં નિર્બળતાધર્મ પણ છે. એ હાથી નિર્બળ ન હોત તો સિંહને દૂર ફેંકી દેત. એટલે કે હાથીમાં નિર્બળતા ધર્મ પણ છે જ. હાથીમાં ગાય, બળદ આદિ પ્રાણીઓની અપેક્ષાએ બળ ધર્મ છે અને સિંહની અપેક્ષાએ નિર્બળતા ધર્મ પણ છે.

સંસ્કૃત આદિ અનેક ભાષાઓમાં વિદ્વત્તા ધરાવનાર પ્રોફેસરને જ્યારે ખેતી કરવા અંગેના પ્રશ્નો પૂછવામાં આવે ત્યારે તેને માથું ખંજવાળવું પડે છે. સંસ્કૃત આદિ ભાષાઓના વિદ્વાન હોવા છતાં ખેતીના વિષયમાં તો તે મૂર્ખ જ છે. એ જ પ્રમાણે ખેતીને સારી રીતે જાણનાર ખેડૂત ભાષાના વિષયમાં મૂર્ખ હોવા છતાં ખેતીના વિષયમાં વિદ્વાન-કુશળ છે. પ્રોફેસર ભાષાજ્ઞાનની અપેક્ષાએ વિદ્વાન છે અને ખેતીજ્ઞાનની અપેક્ષાએ મૂર્ખ છે. જે ન સમજે તે મૂર્ખ અને જે સારી રીતે સમજે તે વિદ્વાન. ખેડૂત ભાષા વિશે કાંઈ જ સમજતો નથી છતાં ખેતી વિશે સુંદર સમજે છે, આથી ખેડૂત ભાષાજ્ઞાનની અપેક્ષાએ મૂર્ખ છે અને ખેતીજ્ઞાનની અપેક્ષાએ વિદ્વાન છે.

એક જ માણસ નિર્ભય અને ભીરુ પણ હોય છે. મને એક વ્યક્તિનો અનુભવ છે કે-તે દિવસે કોઈનાથી ડરે નહિ, પણ રાતના તે બહુ જ ડરે. આથી તે રાતના કદી એકલો કચાંય જાય નહિ. કહો, તે વ્યક્તિમાં પરસ્પર વિરોધી દેખાતા નિર્ભયતા અને ભીરુતા એ બે ધર્મો છે કે નહિ? તે વ્યક્તિમાં દિવસની અપેક્ષાએ નિર્ભયતા-ધર્મ છે અને રાત્રિની અપેક્ષાએ ભીરુતા-ધર્મ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે આપણને ઝેરની સ્મૃતિ થાય કે ઝેરને જોઇએ ત્યારે ઝેર એટલે જીવનનો અંત લાવનાર વસ્તુ એવો આપણને ખ્યાલ આવે છે. પણ જો આપણે ઝેર અંગે સૂક્ષ્મતાથી વિચાર કરીએ તો ઝેર નૂતન જીવનની ભેટ આપે છે એમ પણ ખ્યાલ આવશે. ઝેરમાં જેમ જીવનનો અંત લાવવાનો ધર્મ છે તેમ નૂતન જીવન અર્પણ કરવાનો પણ ધર્મ છે. આથી જ અનેક ઔષધોમાં ઝેરનું મિશ્રણ થાય છે. ઝેરમાં અમુક રોગોને નાબુદ કરવાની પણ શક્તિ હોય છે.

તમે માનો કે ન માનો પણ એક સત્ય ઘટના છે. એક શહેરમાં એક ડોકટરના મિત્ર બિમાર થયા. ડોકટરે તેમની સારવાર શરૂ કરી. મિત્રના કુટુંબમાં કોઈ ન હતું. મિત્ર એકલા જ હતા. મિત્રની મિલકત પણ ઠીક ઠીક હતી. ડોકટરની સેવાથી ખુશ થયેલા મિત્રે ડોકટરને કહી દીધું કે–મારા મૃત્યુ બાદ મારી બધી મિલકત તમને મળે એ માટે તમારા નામનું વિલ કરી લઈએ. વિલ ડોકટરના નામનું થઈ ગયા બાદ ડોકટરની દાનત બગડી. તેણે મિત્રને ઔષધને બદલે ઝેર આપી દીધું. ડોકટર મિત્રના મૃત્યુની રાહ જોઈ રહ્યા. પણ મિત્રના શરીરમાં તે ઝેર અમૃતરૂપ બની ગયું. તેમનો રોગ દૂર થઈ ગયો. આમ ઝેર અમુક પર્યાયોની અપેક્ષાએ ઔષધ–અમૃતરૂપ છે અને અમુક પર્યાયોની અપેક્ષાએ ઝેરરૂપ છે.

ઉપરના ચારે ઉદાહરણોમાં અપેક્ષા શબ્દ વપરાયેલો છે. અહીં અપેક્ષા શબ્દનો પ્રયોગ ખાસ જરૂરી છે. વસ્તુમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે તે ધર્મ છે અને અપેક્ષાભેદથી તે તે ધર્મનો અભાવ પણ છે. અનેકાન્તવાદનો મહેલ અપેક્ષાભેદના સ્તંભ ઉપર જ ટકી રહ્યો છે. આથી જ અનેકાન્તવાદને સ્યાદ્વાદ કે અપેક્ષાવાદ પણ કહેવામાં આવે છે. સ્યાત્ શબ્દનો અર્થ અપેક્ષા છે. અપેક્ષા એટલે નય. નયનો અર્થ અપેક્ષા છે. અનેકાન્તવાદ અને નય વચ્ચે અંગાંગીભાવ છે. અનેકાંતવાદ અંગી છે, નયો તેના અંગો છે. જેનાથી વસ્તુમાં રહેલા અનેક ધર્મોમાંથી કોઈ એક ધર્મનો બોધ થાય તે નય, અને જેનાથી પરસ્પર વિરુદ્ધ ભાસતા અનેક ધર્મોનો બોધ થાય તે અનેકાન્તવાદ.

અનેકાંતવાદને જો મહેલ કહીએ તો નયો તેના પાયા છે. નયોના પાયા ઉપર જ અનેકાંતવાદનો મહેલ રચાયેલો છે. નયો વિના અનેકાંતવાદ ન ટકી શકે. અનેકાંતવાદના સાહિત્યને સમજવા માટે નયોનો બોધ જરૂરી છે. કારણ કે નયો તેનું વ્યાકરણ છે. સંસ્કૃત આદિ ભાષાને જાણવા તેનું વ્યાકરણ જાણવું જરૂરી છે. જેમ તે તે ભાષાના વ્યાકરણ વિના તે તે ભાષા સમજી ન શકાય તેમ નયોરૂપ વ્યાકરણ વિના અનેકાંતવાદ ન સમજી શકાય. અનેકાંતવાદ એ ગૂઢ રહસ્યોરૂપી નિધાનથી ભરેલા શાસ્ત્રોરૂપ મંદિરનું તાળું છે, અને નયો એ તાળાને ખોલવાની ચાવી છે. અનેકાંતવાદ સાધ્ય છે, નયો તેનું સાધન છે. સાધન વિના સાધ્યની સિદ્ધિ ન થાય. સાધ્ય વિના સાધન નકામા છે. આથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનેકાંતવાદ અને નયવાદ એ બંને એક-બીજાના પૂરક છે. આથી અનેકાંતવાદને સમજવા નયવાદના બોધની પણ જરૂર છે.

ઉપર આપણે જોઈ ગયા કે-નય એટલે અપેક્ષા. આપણો સઘળો વ્યવહાર અપેક્ષાથી-નયથી ચાલે છે. વસ્તુમાં રહેલા અનેક ધર્મોમાંથી આપણને જે વખતે જે ધર્મનું પ્રયોજન હોય તે વખતે તે ધર્મને આગળ કરીને આપણે વ્યવહાર કરીએ છીએ. એક જ વ્યક્તિમાં વિદ્યાર્થીપણું, કુશળતા, સૌમ્યતા, બહાદુરી વગેરે અનેક ગુણો-ધર્મો હોવા છતાં જે વખતે જે ધર્મનું પ્રયોજન હોય તેને આગળ કરીએ છીએ. એ વ્યક્તિ જ્યારે નિશાળ આદિ સ્થળે હોય ત્યારે તેના વિદ્યાર્થીપણાને આગળ કરીને તેને વિદ્યાર્થી કહીએ છીએ. જ્યારે તે કોઈ કાર્યમાં નીડરતા બતાવીને વિજય મેળવે છે ત્યારે તેની બહાદુરીને અગાળ કરીને તેને બહાદુર કહીએ છીએ. જ્યારે તેના સુંદર અભ્યાસ તરફ નજર જાય છે ત્યારે તેને કુશળ કહીએ છીએ. જ્યારે તેની મુખાકૃતિ તરફ નજર જાય છે ત્યારે તેના મુખ ઉપર તરવરતા સૌમ્યતા ધર્મને આગળ કરીને તેને સૌમ્ય કહીએ છીએ. આમ એક જ વસ્તુમાં અનેક ગુણો હોવા છતાં વ્યવહારમાં આપણે દરેક વખતે સઘળા ગુણો તરફ દૃષ્ટિ નથી કરતા, થઈ શકે પણ નહિ, કિન્તુ પ્રસંગાનુસાર તે તે ગુણને-ધર્મને આગળ કરીએ છીએ. વ્યવહારમાં તે તે અપેક્ષાથી તે તે ગુણને-ધર્મને આગળ કરવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેટલી અપેક્ષાઓ તેટલા નયો છે. અપેક્ષાઓ અનંત છે, માટે નયો પણ અનંત છે. અનંત નયોનો બોધ કરવા આપણે અસમર્થ છીએ. આથી મહાપુરુષોએ સઘળા નયોનો સંક્ષેપથી સાત નયોમાં સમાવેશ કરીને આપણી સમક્ષ સાત નયો મૂકયા છે. ૧. નૈગમ, ૨. સંગ્રહ, ૩. વ્યવહાર, ૪. ઋજુસૂત્ર, ૫. સાંપ્રત–શબ્દ, ૬. સમભિરૂઢ અને ૭. એવંભૂત એ સાત નયો છે.

૧. **નૈગમનય** :–આ નયની અનેક દૃષ્ટિઓ છે. ગમ એટલે દૃષ્ટિ–જ્ઞાન. જેની અનેક દૃષ્ટિઓ છે તે નૈગમ. વ્યવહારમાં થતી લોકરૂઢિ આ નૈગમનયની દૃષ્ટિથી છે. આ નયના મુખ્ય ત્રણ ભેદો છે. (૧) સંકલ્પ, (૨) અંશ અને (૩) ઉપચાર.

(૧) **સંકલ્પ** :–સંકલ્પને સિદ્ધ કરવા જે કોઈ અન્ય પ્રવૃત્તિ કરવામાં આવે છે તેને પણ સંકલ્પની જ પ્રવૃત્તિ કહેવામાં આવે છે. જેમકે–રમણલાલે મુંબઈ જવાનો સંકલ્પ–નિર્ણય કર્યો. આથી તે પોતાને જરૂરી કપડાં આદિ સામગ્રી પોતાની પેટીમાં ભરવા લાગ્યો. આ વખતે તેનો મિત્ર અંબકલાલ ત્યાં આવ્યો. તેણે રમણલાલને કયાંક જવા માટેની તૈયારી કરતો જોઈ પૂછયું કે–'તમે કયાં જાવ છો ? રમણલાલે કહ્યું કે–'હું મુંબઈ જાઉં છું.' અહીં મુંબઈ જવાની ક્રિયા તો હજુ હવે થવાની છે. હમણાં તો માત્ર તેની તૈયારી થઈ રહી છે. છતાં મિત્રે વર્તમાનકાળનો ગમન–ક્રિયાનો પ્રશ્ન કર્યો અને રમણલાલે જવાબ પણ વર્તમાનકાળમાં આપ્યો. વર્તમાનકાળમાં મુંબઈ તરફ ગમન ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોવા છતાં વર્તમાનકાળનો પ્રશ્ન અને જવાબ સંકલ્પરૂપ નૈગમનયની દૃષ્ટિથી સત્ય છે. આ નય કહે છે કે—જ્યારથી સંકલ્પ કર્યો ત્યારથી તે સંકલ્પ પૂર્ણ ન થાય ત્યાં સુધી તે માટેની સઘળી ક્રિયાઓ સંકલ્પની જ કહેવાય. એટલે મુંબઈ જવાની તૈયારી પણ મુંબઈ ગમનની ક્રિયા છે.

(૨) **અંશ** :—અંશનો પૂર્ણમાં ઉપચાર. મકાનનો ભીંત આદિ કોઈ એક ભાગ—અંશ પડી જતાં આપણે 'મકાન પડી ગયું' એમ કહીએ છીએ. આંગળીનો એક ભાગ પાકયો હોવા છતાં 'આંગળી પાકી' એમ કહેવામાં આવે છે. પુસ્તકનું એકાદ પાનું ફાટી જતાં 'પુસ્તક ફાટી ગયું' એમ કહેવાય છે. આ સઘળો વ્યવહાર અંશ નૈગમની દૃષ્ટિથી ચાલે છે.

(૩) **ઉપચાર** :—ભૂતકાળનો વર્તમાનમાં, ભવિષ્યકાળનો વર્તમાનમાં, કારણનો કાર્યમાં, આધેયનો આધારમાં એમ અનેક રીતે ઉપચાર કરવામાં આવે છે. જ્યારે દિવાળી આવે છે ત્યારે આપણે "આજે દિવાળીના દિવસે ભ. મહાવીર નિર્વાણ પામ્યા" એમ કહીએ છીએ. ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા તેને ૨૫૦૦ વર્ષ ઉપરાંત કાલ થઈ ગયો. છતાં આપણે ભૂતકાળનો વર્તમાનકાળમાં આરોપ કરીને "આજે ભ. મહાવીર નિર્વાણ પામ્યા" એમ બોલીએ છીએ. ઘી જીવન છે એમ બોલાય છે. ઘી જીવન થોડું છે? ઘી તો જીવવાનું સાધન છે—કારણ છે. કારણમાં કાર્યનો ઉપચાર કરીને 'ઘી જીવન છે' એમ કહેવામાં આવે છે. નગરના લોકો રડી રહ્યા હોવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છતાં 'નગર રડે છે' એમ બોલવામાં આવે છે. અહીં આધેય લોકોનો આધારરૂપ નગરમાં ઉપચાર કરવામાં આવ્યો છે. પર્વત ઉપર રહેલું ઘાસ બળવા છતાં 'પર્વત બળે છે' એમ કહેવામાં આવે છે. સિંહ સમાન બળવાળા માણસને 'આ તો સિંહ છે' એમ સિંહ તરીકે સંબોધવામાં આવે છે. કેટલીકવાર આપણે વર્તમાનકાળમાં ભૂતકાળનો આરોપ કરીએ છીએ. જેમકે દૂધપાક તૈયાર થઈ રહ્યો છે તે વખતે કોઈ પૂછે કે–'આજ શું બનાવ્યું છે?' તો 'આજ દૂધપાક બનાવ્યો છે' એમ કહેવામાં આવે છે. અહીં દૂધપાક હજુ હવે બનવાનો છે, બની રહ્યો છે, છતાં 'બનાવ્યો' એમ ભૂતકાળનો પ્રયોગ કરવામાં આવે છે. એ પ્રમાણે કેટલીક વાર ભવિષ્યકાળનો વર્તમાનમાં આરોપ કરીએ છીએ. કોઈ કાર્ય માટે બહાર જવાને જરા વાર હોવા છતાં 'ક્યારે જવાના છો?' એમ પૂછવામાં આવે તો 'હમણાં જ જઉં છું' એમ કહેવામાં આવે છે. અહીં જવાની ક્રિયા તો ભવિષ્યકાળમાં–થોડીવાર પછી થવાની છે, એથી 'હમણાં જ જઈશ' એમ કહેવું જોઈએ તેને બદલે 'હમણાં જ જાઉં છું' એમ વર્તમાનકાળનો પ્રયોગ કરવામાં આવે છે.

આમ અનેક પ્રકારની વ્યવહારરૂઢિ-લોકરૂઢિ આ નૈગમનયની દૃષ્ટિથી છે.

**હવે** બીજી રીતે નૈગમનયને વિચારીએ.

નૈગમનયના સર્વપરિક્ષેપી અને દેશપરિક્ષેપી એમ બે ભેદ છે. સર્વપરિક્ષેપી એટલે સામાન્યગ્રાહી અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેશપરિક્ષેપી એટલે વિશેષગ્રાહી. પ્રત્યેક વસ્તુ સામાન્ય અને વિશેષ એમ ઉભયસ્વરૂપ છે. જેમકે ઘટ. માટીની દૃષ્ટિએ ઘટ વિશેષ છે. કારણ કે માટીની અનેક વસ્તુઓ બને છે. માટીની દરેક વસ્તુમાં માટી રહેલી છે માટે માટી સામાન્ય અને તેમાંથી બનેલી દરેક વસ્તુ વિશેષ છે. આથી માટીની અપેક્ષાએ ઘટ વિશેષ રૂપે છે. ઘટના પણ અનેક પ્રકારો હોય છે. જુદા જુદા પ્રકારના ઘટની અપેક્ષાએ ઘટ એ સામાન્ય છે અને જુદા જુદા પ્રકારના ઘટ વિશેષ છે. આમ દરેક વસ્તુ અપેક્ષાભેદથી સામાન્ય વિશેષ સ્વરૂપ છે.

નૈગમનય સામાન્ય વિશેષ ઉભયને અવલંબે છે. પણ તેનો આધાર લોકરૂઢિ છે. નૈગમનય લોકરૂઢિ પ્રમાણે કયારેક સામાન્યને અવલંબે છે તો કયારેક વિશેષને અવલંબે છે. જેમકે, ભારતમાં અમદાવાદની અમુક પોળમાં અમુક નંબરના ઘરમાં રહેતા ચંદ્રકાંતને જ્યારે જ્યારે અન્ય અજાણ વ્યક્તિ 'તમે કયાં રહો છો?' એ પ્રશ્ન પૂછે છે ત્યારે ત્યારે તે એક સરખો ઉત્તર નથી આપતો, કિન્તુ ભિન્ન ભિન્ન ઉત્તર આપે છે. જ્યારે તે અમેરિકામાં હોય ત્યારે જો કોઈ તેને 'તમે કયાં રહો છો?' એમ પૂછે તો તે કહે કે 'હું ભારતમાં રહું છું.' જ્યારે તે ભારતમાં મહારાષ્ટ્ર આદિ દેશમાં હોય ત્યારે તે 'હું ગુજરાતમાં રહું છું' એમ ઉત્તર આપે છે. કયારેક તે 'અમદાવાદમાં રહું છું' એમ ઉત્તર આપે છે. કયારેક 'અમુક પોળમાં અમુક નંબરના ઘરમાં રહું છું' એમ ઉત્તર આપે છે. અહીં પ્રશ્ન એક જ છે. તેના જવાબો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનેક છે. દરેક જવાબ સત્ય છે એમ નૈગમનય કહે છે. અહીં અમેરિકા–રશિયા વગેરે દેશોની અપેક્ષાએ ભારત વિશેષ છે. પણ ભારતના ગુજરાત, મહારાષ્ટ્ર આદિ ભાગોની અપેક્ષાએ ભારત સામાન્ય છે. ભારતની અપેક્ષાએ ગુજરાત વિશેષ છે. પણ ગુજરાતના કચ્છ–કાઠિયાવાડ વગેરે ભાગોની અપેક્ષાએ ગુજરાત સામાન્ય છે. નૈગમનય સામાન્ય વિશેષ ઉભયને ગ્રહણ કરે છે.

૨. **સંગ્રહનય** :–જે નય સર્વ વિશેષોનો એક રૂપે–સામાન્યરૂપે સંગ્રહ કરી લે તે સંગ્રહનય. દરેક વસ્તુ અપેક્ષાભેદથી સામાન્ય અને વિશેષ એમ ઉભયરૂપે છે, એમ આપણે જોયું. આથી દરેક વસ્તુમાં સામાન્ય અંશ અને વિશેષ અંશ રહેલ છે. સંગ્રહનય સામાન્ય અંશને ગ્રહણ કરે છે. તે કહે છે કે–સામાન્ય વિના વિશેષ હોઈ શકે જ નહિ. સામાન્ય વિના વિશેષ આકાશ કુસુમવત્ અસત્ જ છે. વનસ્પતિ વિના લીમડો હોઈ શકે જ નહિ, આથી જ્યાં જ્યાં વિશેષ છે ત્યાં ત્યાં સામાન્ય અવશ્ય હોય છે. આથી સંગ્રહનય દરેક વસ્તુની ઓળખાણ સામાન્યરૂપે આપે છે. એની દૃષ્ટિ સામાન્ય તરફ જ જાય છે.

આથી આ નયની દૃષ્ટિ વિશાળ છે. તે સર્વ વિશેષોનો સામાન્યથી એકરૂપે સંગ્રહ કરી લે છે. જેમકે–ચેતન અને જડ એ બંને પદાર્થો જુદા છે. પણ આ નય તે બંનેને એકરૂપે સંગ્રહી લે છે. જડ અને ચેતન એ બંને પદાર્થો સત્ છે. સત્ તરીકે બંને સમાન છે–એક છે. પ્રત્યેક જીવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભિન્ન ભિન્ન હોવા છતાં આ નય સર્વ જીવોને ચૈતન્યથી એકરૂપે માને છે. કારણ કે દરેકમાં ચૈતન્ય સમાન–એક છે. સાડી, બુશકોટ, બ્લાઉઝ, ધોતિયું વગેરે અનેક પ્રકારની વસ્તુને કાપડ કહીને એકરૂપ માને છે. આમ આ નય સામાન્ય અંશને ગ્રહણ કરે છે. સામાન્ય અંશમાં અનેક તરતમતા હોય છે. આથી સંગ્રહનયના દરેક દૃષ્ટાંતમાં પણ તરતમતા રહેવાની. સામાન્ય અંશ જેટલો વિશાળ તેટલો સંગ્રહનય વિશાળ. સામાન્ય અંશ જેટલો સંક્ષિપ્ત તેટલો સંગ્રહનય સંક્ષિપ્ત.

૩. **વ્યવહારનય:**–જે નય વિશેષ તરફ દૃષ્ટિ કરીને દરેક વસ્તુને જુદી જુદી માને તે વ્યવહારનય. આ નય કહે છે કે– વિશેષ સામાન્યથી જુદું નથી એ વાત સાચી, પણ વિશેષ વિના વ્યવહાર ન ચાલી શકે. શું 'વનસ્પતિ લાવ' એટલું કહેવા માત્રથી લાવનાર વ્યક્તિ કંઈ લાવી શકશે ? નહિ જ. અહીં તમારે કહેવું જ પડશે કે 'અમુક વનસ્પતિ લાવ.' આમ કહેવાથી તે જોઈતી વસ્તુ લાવી શકે છે. વિશેષને માન્યા સિવાય વ્યવહાર ચાલે જ નહિ. આથી વ્યવહાર નય વિશેષ અંશને માને છે.

અહીં સુધી આપણે જોઈ ગયા કે–નૈગમ, સંગ્રહ અને વ્યવહાર એ ત્રણ નયોમાં નૈગમનય સામાન્ય અને વિશેષ એમ ઉભયને સ્વીકારે છે. સંગ્રહનય કેવળ સામાન્યને સ્વીકારે છે. વ્યવહારનય કેવળ વિશેષને સ્વીકારે છે. સંગ્રહ અને વ્યવહારનય પરસ્પર સાપેક્ષ છે. આથી એક જ વિચાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંગ્રહનયનો પણ હોય અને વ્યવહારનયનો પણ હોય. જેમકે 'આ નગરમાં મનુષ્યો રહે છે' આ વિચાર સંગ્રહનયનો પણ છે અને વ્યવહારનયનો પણ છે. નગરમાં મનુષ્ય ઉપરાંત જાનવર–પ્રાણીઓ પણ રહે છે. આથી જાનવર અને મનુષ્ય એ બંને જીવ છે. જીવની દૃષ્ટિએ મનુષ્ય વિશેષ છે. આથી જીવની દૃષ્ટિએ 'આ નગરમાં મનુષ્યો રહે છે' એ વિચાર વ્યવહારનયથી છે. મનુષ્યોમાં સ્ત્રી–પુરુષ, બાળક–યુવાન–વૃદ્ધ વગેરે હોય છે. સ્ત્રી, પુરુષ આદિ મનુષ્યના વિશેષ ભેદોની અપેક્ષાએ 'આ નગરમાં મનુષ્યો રહે છે' એ વિચાર સંગ્રહનય છે. આ પ્રમાણે એક જ વિચાર સંગ્રહનય પણ કહેવાય અને વ્યવહારનય પણ કહેવાય.

આથી તાત્પર્ય એ આવ્યું કે–જેટલે અંશે સામાન્ય તરફ દૃષ્ટિ તેટલે અંશે સંગ્રહનય અને જેટલે અંશે વિશેષ તરફ દૃષ્ટિ તેટલે અંશે વ્યવહારનય.

૪. **ઋજુસૂત્રનય** :–જે નય કેવળ વસ્તુની વર્તમાન અવસ્થા તરફ લક્ષ્ય રાખે તે ઋજુસૂત્રનય. આ નય વસ્તુના વર્તમાન પર્યાયને જ માન્ય રાખે છે. અતીત અને અનાગત પર્યાયોને તે માન્ય નથી રાખતો.

આ નય વર્તમાનમાં જે શેઠાઈ ભોગવતો હોય તેને જ શેઠ કહે છે, જ્યારે વ્યવહારનય વર્તમાનમાં તે શેઠાઈ ન ભોગવતો હોય પણ ભૂતકાળમાં તેણે શેઠાઇ ભોગવી હતી એ દૃષ્ટિએ તેને વર્તમાનમાં પણ શેઠ કહેશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઋજુસૂત્રનય જે વર્તમાનમાં રાજ્યનો માલિક હોય તેને જ રાજા કહે છે. જ્યારે વ્યવહારનય જે ભવિષ્યમાં રાજ્યનો માલિક બનવાનો છે તેને પણ રાજા કહે છે. આ પ્રમાણે વ્યવહારનયની અપેક્ષાએ ઋજુસૂત્રનય સૂક્ષ્મ છે.

**૫. સાંપ્રત-શબ્દનય** :-આપણે સમજવું હોય કે અન્યને સમજાવવું હોય તો શબ્દોની જરૂર પડે છે. શબ્દો વિના વ્યવહાર ન ચાલે. શબ્દોથી થતા અર્થના બોધમાં શબ્દનયની પ્રધાનતા છે. શબ્દનય એટલે શબ્દને આશ્રયીને થતી અર્થવિચારણા. શબ્દનય લિંગ, કાળ, વચન વગેરેના ભેદથી અર્થભેદ માને છે. અર્થાત્ ભિન્ન ભિન્ન શબ્દ, લિંગ આદિનો અર્થ પણ ભિન્ન ભિન્ન સ્વીકારે છે.

**લિંગભેદ** :-નર, નારી, કાળો, કાળી, કાળું, પ્યાલો, પ્યાલી, ઘડો, ઘડી, ચોપડો, ચોપડી વગેરે જુદા જુદા લિંગના જુદા જુદા અર્થો છે. **કાળભેદ** :-હતો, છે, હશે, રમ્યો, રમે છે, રમશે વગેરે જુદા જુદા કાળના જુદા જુદા અર્થો છે. ઇતિહાસલેખકના કાળમાં અમદાવાદ હોવા છતાં લેખક 'અમદાવાદ હતું' એમ લખે છે. અહીં ભૂતકાળનો પ્રયોગ શબ્દનયની દૃષ્ટિએ છે. શબ્દનય કહે છે કે-ભૂતકાળમાં જે અમદાવાદ નગર હતું અને અત્યારે જે છે તે બંને જુદા છે. ઇતિહાસલેખકને ભૂતકાળના અમદાવાદનું વર્ણન કરવું છે એથી લેખકે ભૂતકાળનો જ પ્રયોગ કરવો જોઈએ. **વચનભેદ** :-ગાય, ગાયો, માણસ, માણસો વગેરે જુદા જુદા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વચનના જુદા જુદા અર્થ છે. **કારકભેદ :**—છોકરો, છોકરાને, છોકરાથી વગેરે કારકના ભેદથી અર્થભેદ.

આ પ્રમાણે શબ્દનય લિંગ આદિના ભેદથી અર્થભેદ માને છે. પણ એક જ શબ્દના પર્યાયવાચી શબ્દોના ભેદથી અર્થભેદ નથી સ્વીકારતો. મનુષ્ય, માણસ, મનુજ વગેરે શબ્દો જુદા જુદા હોવા છતાં એક જ શબ્દના પર્યાયવાચી શબ્દો હોવાથી તે સર્વ શબ્દોનો માનવ એવો એક જ અર્થ થશે.

૬. **સમભિરૂઢનય :**—આ નય એક જ પર્યાયવાચી વસ્તુનો શબ્દભેદે અર્થભેદ સ્વીકારે છે. શબ્દનય એક પર્યાયવાચી શબ્દોનો અર્થ એક જ માને છે. પણ સમભિરૂઢનય શબ્દભેદથી અર્થભેદ માને છે. તે કહે છે કે—જો લિંગ આદિના ભેદથી અર્થનો ભેદ માનવામાં આવે તો વ્યુત્પત્તિભેદથી પણ અર્થનો ભેદ માનવો જોઈએ. દરેક શબ્દની વ્યુત્પત્તિ જુદી જુદી છે. માટે દરેક શબ્દનો અર્થ પણ જુદો જુદો છે. આથી નૃપ, ભૂપતિ, રાજા વગેરે દરેક શબ્દનો અર્થ પણ જુદો જુદો છે. જે માણસનું રક્ષણ કરે તે નૃપ, જે પૃથ્વીનું પાલન કરે તે ભૂપતિ, જે રાજચિહ્નોથી શોભે તે રાજા.

**પ્રશ્ન :**—શું શબ્દનય શબ્દભેદથી અર્થભેદ સર્વથા નથી સ્વીકારતો ? **ઉત્તર :**—શબ્દનય શબ્દભેદથી અર્થભેદ સ્વીકારે પણ છે અને નથી પણ સ્વીકારતો. શબ્દનય એક પર્યાયવાચી શબ્દો સિવાયના શબ્દોમાં શબ્દભેદથી અર્થભેદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માને છે. કેમકે–ચન્દ્ર, સૂર્ય, ઇન્દ્ર વગેરે શબ્દોના અર્થ જુદા જુદા છે. પણ એક પર્યાયવાચી શબ્દોમાં શબ્દભેદથી અર્થભેદ નથી માનતો. જ્યારે સમભિરૂઢનય એક પર્યાયવાચી શબ્દોમાં પણ શબ્દભેદથી અર્થભેદ માને છે. આ જ શબ્દનય અને સમભિરૂઢનયમાં વિશેષતા છે–તફાવત છે.

૭. **એવંભૂતનય** :–જે નય વસ્તુમાં જ્યારે શબ્દનો વ્યુત્પત્તિસિદ્ધ અર્થ ઘટતો હોય ત્યારે જ તે શબ્દથી તે વસ્તુને સંબોધે તે એવંભૂત નય. આ નય ગાયક તેને જ કહેશે કે–જે વર્તમાનમાં ગાયન ગાતો હોય. ગાયક જ્યારે ગાયન સિવાયની ક્રિયા કરતો હોય ત્યારે તેને આ નય ગાયક નહિ કહે. રસોઈયો જ્યારે રસોઈ બનાવતો હોય ત્યારે જ તેને રસોઈયો કહેવાય. નૃપ માણસોનું રક્ષણ કરી રહ્યો હોય ત્યારે જ નૃપ કહેવાય. રાજા રાજચિહ્નોથી શોભી રહ્યો હોય ત્યારે જ રાજા કહેવાય.

આ પ્રમાણે આ નય ક્રિયાભેદથી–વ્યુત્પત્તિસિદ્ધ અર્થભેદથી અર્થભેદ માને છે. જે શબ્દનો જે અર્થ હોય તે અર્થમાં તે શબ્દની વ્યુત્પત્તિથી જે ક્રિયા જણાય તે ક્રિયા જ્યારે થતી હોય ત્યારે જ તે અર્થ માટે તે શબ્દનો પ્રયોગ કરવો જોઈએ એમ આ નય માને છે.

આ સાત નયોના સંક્ષેપમાં દ્રવ્યાર્થિક–પર્યાયાર્થિક, નિશ્ચય–વ્યવહાર, શબ્દ–અર્થ, જ્ઞાન–ક્રિયા વગેરે અનેક રીતે બે વિભાગ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નયઃ**-નૈગમ આદિ સાત નયોના સંક્ષેપથી દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય એમ બે વિભાગ છે. જે દ્રવ્યને જ વસ્તુ માને તે દ્રવ્યાર્થિક નય. જે પર્યાયને જ વસ્તુ માને તે પર્યાયાર્થિક નય. દ્રવ્યનયની દૃષ્ટિએ દ્રવ્ય જ વસ્તુ છે, પર્યાય નહિ. પર્યાયનયની દ્રષ્ટિએ પર્યાય જ વસ્તુ છે, દ્રવ્ય નહિ. અહીં દ્રવ્ય એટલે સામાન્ય, અર્થાત્ મૂળભૂત પદાર્થ. પર્યાય એટલે વિશેષ, અર્થાત્ મૂળભૂત પદાર્થની ભિન્ન ભિન્ન અવસ્થા. પ્રત્યેક વસ્તુમાં સામાન્ય અને વિશેષ એમ બે અંશ છે તે આપણે ઉપર જોઈ ગયા છીએ. દ્રવ્યાર્થિક નય સામાન્ય-દ્રવ્ય રૂપ અંશ તરફ લક્ષ્ય આપે છે. પર્યાયાર્થિક નય વિશેષ-પર્યાય રૂપ અંશ તરફ લક્ષ્ય આપે છે.

જેમકે, મીઠાઈની દુકાન જોતાં 'અહીં મીઠાઈ મળે છે' એવો જે વિચાર આવ્યો તે મીઠાઈ રૂપ સામાન્ય અંશને આશ્રયીને હોવાથી દ્રવ્યાર્થિક છે. પણ અહીં પેંડા, બરફી વગેરે મળે છે એવો વિચાર આવ્યો તો તે વિચાર પેંડા આદિ વિશેષ અંશને આશ્રયીને હોવાથી પર્યાયાર્થિક છે.

આ પ્રમાણે દરેક પ્રકારની ભૌતિક કે ચેતન વસ્તુને આશ્રયીને દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ ઉભય નયની વિચારણા કરી શકાય. નૈગમ આદિ સાત નયોમાં પ્રથમના ત્રણ નયો સામાન્ય અંશ તરફ લક્ષ્ય આપતા હોવાથી દ્રવ્યાર્થિક છે અને અંતિમ ચાર નયો વિશેષ-પર્યાય અંશ તરફ લક્ષ્ય આપતા હોવાથી પર્યાયાર્થિક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નિશ્ચય-વ્યવહારનયઃ**-નિશ્ચય નય એટલે સૂક્ષ્મ દૃષ્ટિ કે તત્ત્વદૃષ્ટિ. નિશ્ચયનય કોઈ પણ વિષયનો તેમાં ઊંડા ઊતરીને તત્ત્વસ્પર્શી વિચાર કરે છે. વ્યવહારનય એટલે સ્થૂલ દૃષ્ટિ કે ઉપચારદૃષ્ટિ. વ્યવહારનય કોઈ પણ વિષયનો સ્થૂલદૃષ્ટિથી વિચાર કરે છે. દા. ત. નિશ્ચયનય જેમાં ચારિત્રના પરિણામ થયા છે તેને સાધુ કહેશે, પછી ભલે તેમાં સાધુવેશ ન હોય. સાધુના વેશવાળો પણ જો ચારિત્ર રહિત હોય તો નિશ્ચય નય તેને સાધુ નહિ કહે. જ્યારે વ્યવહારનય જેમાં બાહ્ય સાધુ વેશ અને સાધુની ક્રિયા જોશે તેને સાધુ કહેશે, પછી ભલે તેમાં ચારિત્રના પરિણામ ન હોય. વ્યવહારનય સ્થૂલદૃષ્ટિ હોવાથી લોક-પ્રસિદ્ધ અર્થનો સ્વીકાર કરે છે, જ્યારે નિશ્ચયનય સૂક્ષ્મ-દૃષ્ટિ હોવાથી લોકપ્રસિદ્ધ (અસત્ય) અર્થનો સ્વીકાર કરતો નથી. દા. ત. ભ્રમરમાં પાંચ વર્ણો હોવા છતાં લોકમાં તે કૃષ્ણ તરીકે પ્રસિદ્ધ હોવાથી વ્યવહારનય તેને કૃષ્ણ કહે છે. નિશ્ચયનય તેને પંચરંગી કહે છે.

પ્રથમના ત્રણ નય વ્યવહારનય છે. અંતિમ ચાર નય નિશ્ચયનય છે. તેમાં પણ પછી પછીનો નય અધિક સૂક્ષ્મ-દૃષ્ટિ છે. એવંભૂતનય સૌથી અધિક સૂક્ષ્મદૃષ્ટિ-તત્ત્વસ્પર્શી છે.

**શબ્દ-અર્થ નયઃ**- જેમાં અર્થનો વિચાર પ્રધાનપણે હોય તે અર્થનય. જેમાં શબ્દનો વિચાર પ્રધાનપણે હોય તે શબ્દનય. પ્રારંભના ચાર નય અર્થનય છે. અંતિમ ત્રણ નય શબ્દનય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાન–ક્રિયાનયઃ– જે નય જ્ઞાન ( તાત્ત્વિક બોધ કે તાત્ત્વિક વિચાર )ને પ્રધાન માને તે જ્ઞાનનય. જે નય ક્રિયાને ( તત્ત્વાનુસારી આચારને ) પ્રધાન માને તે ક્રિયા નય. મોક્ષ ચારિત્રથી થાય કે જ્ઞાનથી થાય એ પ્રશ્નના ઉત્તરમાં જ્ઞાન-નય કહે છે કે–જ્ઞાનથી મોક્ષ થાય. જ્ઞાનથી મુક્તિ થાય એ વિષયમાં જ્ઞાનનય નીચે મુજબ દલીલો આપે છેઃ (૧) જ્ઞાન ચારિત્રનું કારણ છે. જ્ઞાનનું ફળ ચારિત્ર છે. આથી જ્ઞાન વિના ચારિત્ર જ ન હોય તો મુક્તિ તો કયાંથી હોય ? (૨) જેમ આંધળો માણસ ગમે તેટલું ચાલે છતાં ઈષ્ટ સ્થાને પહોંચી શકે નહિ, નગરના માર્ગના જ્ઞાન વિના ગમે તેટલું ચાલવામાં આવે તો પણ નગરમાં પહોંચી શકાય નહિ, તેમ જ્ઞાન વિના ચારિત્ર–ક્રિયાથી મુક્તિ રૂપ નગરમાં પહોંચી શકાય નહિ. (૩) હેયના ત્યાગ રૂપ અને ઉપાદેયના સ્વીકાર રૂપ પ્રવૃત્તિ જ્ઞાનપૂર્વક કરવાથી સફળ બને છે. જ્ઞાન વિના એ પ્રવૃત્તિથી ફળ મળે કે ન પણ મળે. (૪) ચારિત્રની કઠોર સાધના કરનારને પણ કેવલ-જ્ઞાન વિના મુક્તિ મળતી નથી. (૫) પઢમં નાણં તઓ દયા= પ્રથમ જ્ઞાન, પછી દયા; ગીયત્થો ય વિહારો બીઓ ગીયત્થ-નિસ્સિઓ ભણિઓ=ગીતાર્થ અને ગીતાર્થ નિશ્રિત એ બે જ વિહાર જિનેશ્વરોએ કહ્યા છે વગેરે આગમવચનોથી પણ જ્ઞાનની પ્રધાનતા સિદ્ધ થાય છે.

ક્રિયાનય કહે છે કે મુક્તિનું કારણ ચારિત્ર છે. કારણ કે–(૧) પ્રવૃત્તિ વિના માત્ર જ્ઞાનથી કાર્ય ન થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઔષધના સેવન વિના માત્ર ઔષધના જ્ઞાનથી આરોગ્ય ન થાય. (૨) જેમ નગરના માર્ગનું જ્ઞાન હોવા છતાં જે પંથ ન કાપે–બેસી રહે તે ઈષ્ટ સ્થાને પહોંચી શકે નહિ, તેમ જ્ઞાની પણ ચારિત્રહીન હોય તો મુક્તિ ન પામે. (૩) આથી જ આગમમાં ચારિત્રહીન જ્ઞાનીને ચંદનનો બોજ ઉઠાવનાર ગધેડાની ઉપમા આપી છે. (૪) જેમ સેંકડો પણ દીવાઓ આંખ વિના નિરર્થક છે, તેમ ઘણું પણ જ્ઞાન ચારિત્ર વિના નિરર્થક છે. (૫) કેવલ જ્ઞાન થયા પછી પણ જ્યાં સુધી સર્વસંવર રૂપ ચારિત્ર ન આવે ત્યાં સુધી મુક્તિ થતી નથી.

અહીં નયવિચારણા પૂરી થાય છે. નયોના વિજ્ઞાનમાં સૌથી મહત્ત્વની વસ્તુ એ છે કે નયો પ્રમાણના વિભાગ-રૂપ છે. પ્રમાણસિદ્ધ પદાર્થ જ નયોનો વિષય બને છે. નયોમાં અપેક્ષાનું બહુ મહત્ત્વ છે. અપેક્ષા નયવિજ્ઞાન શાસ્ત્રના પ્રાણ રૂપ છે. અપેક્ષા બદલાતાંની સાથે જ નય બદલાઈ જાય છે. નયોનું વ્યવસ્થિત જ્ઞાન પ્રાપ્ત કરવા નયકર્ણિકા વગેરે ગ્રંથોનું સંગીન અધ્યયન અનિવાર્ય છે. [૩૪–૩૫]

---



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# બીજો અધ્યાય

તત્ત્વાર્થમાં દર્શન, જ્ઞાન અને ચારિત્રનું નિરૂપણ કરવામાં આવ્યું છે. દર્શન આદિ ત્રણમાં દર્શન પ્રથમ હોવાથી પ્રથમ તેનું નિરૂપણ કરવું જોઈએ. આથી સૂત્રકાર ભગવંતે પ્રથમ તેનું નિરૂપણ શરૂ કર્યું. તેમાં જીવાદિ તત્ત્વો વિશે શ્રદ્ધા એ સમ્યગ્દર્શન છે, એમ કહીને જીવાદિતત્ત્વોના બોધના ઉપાય રૂપે પ્રમાણ અને નયનો નિર્દેશ કર્યો. આથી પ્રમાણ અને નયનું નિરૂપણ કરવું જોઈએ. તથા સમ્યગ્દર્શનના નિરૂપણ પછી જ્ઞાનનું વર્ણન કરવું જોઇએ. પ્રમાણ અને નય એ જ્ઞાન સ્વરૂપ છે. આથી 'मति–श्रुतावधि–मनःपर्यायकेवलानि ज्ञानम्' એ સૂત્રથી જ્ઞાન અને પ્રમાણ એ બંનેનું વર્ણન શરૂ કર્યું. તેત્રીશમા સૂત્ર સુધી તે વર્ણન ચાલ્યું. ત્યાર બાદ બે સૂત્રોથી નયનું નિરૂપણ કર્યું. આમ પ્રથમ અધ્યાયમાં મુખ્યતયા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ બેનું અને સાથે સાથે જ્ઞાનના અંગ રૂપ પ્રમાણ અને નયનું પણ નિરૂપણ કર્યું. હવે ચારિત્રનું વર્ણન કરવું જોઈએ. પણ નવમા અધ્યાયમાં સંવર તત્ત્વના પ્રકરણમાં ચારિત્રનું વર્ણન આવવાનું હોવાથી અત્રે તેનું નિરૂપણ કરવામાં આવ્યું નથી.

જીવાદિતત્ત્વો વિશે શ્રદ્ધા એ સમ્યગ્દર્શનનું લક્ષણ છે. આથી સાધકને જીવાદિ તત્ત્વોને જાણવાની ઇચ્છા થાય એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહજ છે. સાધકની જીવાદિતત્ત્વોની જિજ્ઞાસાને ખ્યાલમાં રાખીને સૂત્રકાર ભગવંત બીજા અધ્યાયથી ક્રમશઃ જીવાદિતત્ત્વોનું નિરૂપણ શરૂ કરે છે.

જીવના ભાવો—

**औपशमिक-क्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्व-मौदयिक पारिणामिकौ च ॥ २–१ ॥**

**ઔપશમિક, ક્ષાયિક, મિશ્ર, ઔદયિક, પારિણામિક એ પાંચ ભાવો જીવના સ્વતત્ત્વ છે, સ્વરૂપ છે, અર્થાત્ સ્વભાવ છે. ભાવ એટલે ગુણ કે ધર્મ.**

દરેક ચેતન કે જડ વસ્તુમાં અનેક ધર્મો છે. આથી જીવમાં પણ અનેક ગુણો છે. તો પ્રશ્ન થાય છે કે, અહીં પાંચ જ ભાવો (ગુણ–ધર્મો) કેમ બતાવ્યા? આ પ્રશ્નનું સમાધાન એ છે કે, જીવમાં રહેલા અનેક ધર્મોના જે કારણો છે તે કારણો પાંચ છે. ઉપશમ, ક્ષય, મિશ્ર, ઉદય અને પરિણામ. કોઈ ગુણો ઉપશમથી પ્રગટ થાય છે, તો કોઈ ક્ષયથી પ્રગટ થાય છે... યાવત્ કોઈ ગુણો પરિણામથી રહેલા છે. આથી કારણોની દૃષ્ટિએ સઘળા ગુણોનો આ પાંચ ગુણોમાં સમાવેશ થઇ જાય છે.

(૧) **ઔપશમિક ભાવઃ**—ઉપશમ એટલે આત્મામાં કર્મો વિદ્યમાન હોવા છતાં થોડા સમય માટે તેમના ઉદયનો સર્વથા અભાવ. કયારેક જીવમાં શુભ અધ્યવસાય થવાથી મોહનીય કર્મનો ઉદય થોડા કાળ (અંતર્મુહૂર્ત) સુધી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થગિત થઈ જાય છે. જેમ કતકચૂર્ણ નાખવાથી કચરો નીચે શમી જતાં જલ નિર્મળ દેખાય છે, તેમ કર્મોનો ઉપશમ થવાથી આત્મા નિર્મલ બને છે. અહીં કચરાવાળા નિર્મલ પાણીનું દૃષ્ટાંત બરોબર સમજવા જેવું છે. કચરાવાળા નિર્મલ પાણીમાં કચરાનો સર્વથા અભાવ નથી થયો, કિન્તુ કચરો નીચે બેસી ગયો છે. એથી પાણી નિર્મલ દેખાય છે. પણ પાણીને હલાવવાથી પુનઃ પાણી ડહોળું બની જાય છે. એ પ્રમાણે કર્મોના ઉપશમમાં કર્મોનો સર્વથા અભાવ નથી થતો, કિન્તુ થોડા ટાઇમ માટે તેનો ઉદય સ્થગિત થઈ જાય છે. આથી થોડા ટાઈમ બાદ પુનઃ કર્મોનો ઉદય શરૂ થવાથી તે નિર્મલતા રહેતી નથી. કર્મોના ઉપશમથી આત્મામાં પ્રગટ થતા ભાવો ઔપશમિક કહેવાય છે.

(૨) **ક્ષાયિકભાવઃ**—કર્મોના ક્ષયથી પ્રગટ થતા ભાવો ક્ષાયિક કહેવાય છે. ક્ષય એટલે કર્મોનો સર્વથા નાશ. જેમ જળમાંથી કચરો નીકળી જતાં જળ નિર્મલ બને છે, તેમ આત્મામાં રહેલા કર્મોનો સર્વથા ક્ષય થતાં આત્મા નિર્મલ બને છે. કર્મોના ક્ષયથી પ્રગટ થતી નિર્મળતા સદા રહે છે. કર્મોના ઉપશમથી પ્રગટ થતી નિર્મળતા વિનશ્વર છે, જ્યારે ક્ષયથી પ્રગટ થતી નિર્મળતા અનંત છે. આ જ ઉપશમમાં અને ક્ષયમાં ભેદ છે.

(૩) **મિશ્રભાવઃ**—ઉપશમ અને ક્ષય એ બેના મિશ્રણથી ઉત્પન્ન થતા ભાવો મિશ્ર-ક્ષાયોપશમિક કહેવાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. ક્ષયોપશમ એટલે અમુક ભાગના કર્મોનો ઉપશમ અને અમુક ભાગના કર્મોનો ક્ષય, અર્થાત્ સર્વથા રસના અભાવ રૂપ અથવા અધિક રસવાળા કર્મપ્રદેશોના (સર્વઘાતી સ્પર્ધકોના) ઉદયના અભાવ રૂપ ઉપશમ અને રસ રહિત પ્રદેશોના અથવા અલ્પ રસવાળા પ્રદેશોના (દેશઘાતી સ્પર્ધકોના) ઉદય દ્વારા ક્ષય તે ક્ષયોપશમ. ક્ષયોપશમથી જે ભાવો પ્રગટ થાય તે ક્ષાયોપશમિક કહેવાય છે. જેમ કોદ્રવને પાણીથી ધોવાથી અમુક અંશે મદશક્તિ નાશ પામે છે અને અમુક અંશે રહે છે, આથી કોદ્રવમાં શુદ્ધિ-અશુદ્ધિનું મિશ્રણ હોય છે, તેમ ક્ષાયોપશમિક ભાવથી આત્મામાં શુદ્ધિ-અશુદ્ધિનું મિશ્રણ હોય છે.

(૪) **ઔદયિકભાવઃ**-કર્મોના ઉદયથી થતા ભાવો ઔદયિક કહેવાય છે. ઉદય એટલે કર્મના ફળનો અનુભવ.

(૫) **પારિણામિકભાવઃ**-પરિણામથી થતા ભાવો પારિણામિક કહેવાય છે. પરિણામ એટલે દ્રવ્યનું પોતાનું જ સ્વરૂપ.

દરેક જીવને આ પાંચે ભાવો હોય જ એવો નિયમ નથી. કેટલાકને પાંચ, કેટલાકને ચાર, કેટલાકને ત્રણ અને કેટલાકને બે જ ભાવો હોય છે. ઓછામાં ઓછા બે ભાવો તો જીવને હોય છે જ. હવે કોને કેટલા ભાવો હોય છે તે વિચારીએ. સિદ્ધ જીવોમાં ક્ષાયિક અને પારિણામિક એ બે ભાવો હોય છે. સામાન્યથી સંસારમાં રહેલા જીવોને ઔદયિક, ક્ષાયો-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પશમિક અને પારિણામિક એ ત્રણ ભાવો હોય છે. ઉપશમ સમ્યક્ત્વ પામેલ જીવને ઔદયિક, ક્ષાયોપશમિક, પારિણામિક અને ઔપશમિક એ ચાર ભાવો હોય છે. ક્ષાયિક સમ્યક્ત્વને પામેલ જીવને ઉપશમ શ્રેણિમાં પાંચે ભાવો હોય છે.

અહીં એક બાબત વિચારી લઈએ. યદ્યપિ ઔપશમિકાદિ ભાવો પણ પારિણામિક છે. કારણ કે કોઈ પણ દ્રવ્યના તેવા પ્રકારના પરિણામ-સ્વરૂપ વિના એક પણ ભાવ થઈ શકે જ નહિ. આથી જીવના સર્વભાવોનો પારિણામિક ભેદમાં સમાવેશ થઈ જાય છે. આમ છતાં, અહીં પાંચ ભેદો જણાવ્યા છે, તેનું કારણ એ છે કે, પારિણામિક ભાવોમાં કોઈ નિમિત્તની જરૂર નથી રહેતી. નિમિત્ત વિના જ પારિણામિક ભાવો જીવોમાં રહેલા જ છે. જ્યારે ઔપશમિકાદિ ભાવોમાં કર્મના ઉપશમ આદિ નિમિત્તની અપેક્ષા રહે છે. ઔપશમિકાદિ ભાવોમાં કર્મનો ઉપશમ આદિ નિમિત્ત મળે ત્યારે જ પ્રગટ થાય છે. આ નિમિત્તભેદને આશ્રયીને અહીં પાંચ ભાવો બતાવ્યા છે. [૧]

## પાંચ ભાવોના ભેદોની સંખ્યા

**દ્વિ-નવા-ઽષ્ટાદશૈક-વિંશતિ-ત્રિભેદા યથાક્રમમ્ ॥૨-૨॥**

**ઔપશમિક આદિ પાંચ ભાવોના અનુક્રમે બે, નવ, અઢાર, એકવીશ અને ત્રણ ભેદો છે. કુલ ૫૩ ભેદો છે. [૨]**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ઔપશમિક ભાવના બે ભેદો

### सम्यक्त्व-चारित्रे ॥ २-३ ॥

**ઔપશમિક ભાવના ઉપશમ સમ્યક્ત્વ અને ઉપશમ ચારિત્ર એમ બે ભેદો છે.**

જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મો છે. તેમાં ઉપશમ માત્ર મોહનીય કર્મનો જ થાય છે. મોહનીય કર્મના દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય એમ બે ભેદો છે. દર્શન મોહનીયના સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય એમ ત્રણ ભેદો છે. ચારિત્રમોહનીયના ૧૬ કષાય અને ૯ નોકષાય એમ ૨૫ ભેદો છે. અનંતાનુબંધી ચાર કષાયો અને ત્રણ દર્શન મોહનીય એ દર્શન-સપ્તકના ઉપશમથી ઉપશમ સમ્યક્ત્વ ગુણ પ્રગટે છે. ચારિત્ર મોહનીયની શેષ ૨૧ પ્રકૃતિના ઉપશમથી ઉપશમ ચારિત્ર ગુણ પ્રગટે છે. ઉપશમ-સમ્યક્ત્વ કે ઉપશમ ચારિત્ર વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી જ રહે છે. આથી અંતર્મુહૂર્ત સુધીમાં જેટલાં દલિકો ઉદયમાં આવવાનાં હોય તેટલાં દલિકોને લઈ ઉપરના ભાગમાં નાખીને અંતર્મુહૂર્ત સુધી આત્મપ્રદેશોને દ૰ મો૰ આદિકર્મના દલિકોથી રહિત કરી દે છે. એટલે ઉખર ભૂમિમાં આવતાં અગ્નિ જેમ શાંત બની જાય છે તેમ કર્મોનો ઉદય પણ સ્થગિત બની જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યંત્ર—




[ ૩ ]

**ક્ષાયિક ભાવના ભેદો—**

**જ્ઞાન-દર્શન-દાન-લાભ-ભોગોપભોગવીર્યાણિ ચ ॥૨-૪॥**

**જ્ઞાન, દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, સમ્યક્ત્વ અને ચારિત્ર એ નવ ભેદો ક્ષાયિક ભાવના છે.**

જ્ઞાનાવરણીય કર્મના સર્વથા ક્ષયથી કેવળજ્ઞાન, દર્શનાવરણીયના સર્વથા ક્ષયથી કેવળદર્શન, મોહનીયકર્મના સર્વથા ક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક યથાખ્યાત ચારિત્ર, અંતરાય કર્મના સર્વથા ક્ષયથી દાન આદિ પાંચ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન** :—સમ્યગ્દર્શન એટલે તત્ત્વરુચિ. તત્ત્વરુચિ માનસિક ભાવ છે. સિદ્ધોને મન હોતું નથી. ચારિત્ર એટલે અશુભ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગોથી નિવૃત્તિ અને શુભયોગોમાં પ્રવૃત્તિ. સિદ્ધોમાં યોગો હોતા નથી. આથી સિદ્ધોમાં ક્ષાયિક સમ્યગ્દર્શન અને ક્ષાયિક ચારિત્ર કેવી રીતે ઘટે ? **ઉત્તર** :–ક્ષાયિક સમ્યગ્દર્શન અને અને ચારિત્રના વ્યાવહારિક અને નૈશ્ચયિક એમ બે ભેદ છે. ઉક્ત સમ્યગ્દર્શન અને ચારિત્ર વ્યાવહારિક ( વ્યવહારથી ) છે. દર્શન મોહનીય અને અનંતાનુબંધી કષાયના ક્ષયથી પ્રગટેલો વિશુદ્ધ આત્મપરિણામ એ નૈશ્ચયિક ક્ષાયિક સમ્યગ્-દર્શન છે. ચારિત્રમોહનીયના ક્ષયથી થયેલી સ્વસ્વરૂપમાં રમણતા કે સ્થિરતા એ નૈશ્ચયિક ક્ષાયિક ચારિત્ર છે. સિદ્ધોમાં ક્ષાયિક સમ્યગ્દર્શન અને ચારિત્ર વ્યાવહારિક નહિ, પણ નૈશ્ચયિક હોય છે અને એ ઘટી શકે છે.

**પ્રશ્ન** :–સિદ્ધો દાનાદિમાં પ્રવૃત્તિ નહિ કરતા હોવાથી તેમને ક્ષાયિક દાનાદિ લબ્ધિનું શું ફળ ? **ઉત્તર** :–સિદ્ધોની વ્યાવહારિક દાન આદિમાં પ્રવૃત્તિ નથી. તેમને નૈશ્ચયિક દાનાદિ હોય છે. સિદ્ધ જીવોમાં પરભાવ–પૌદ્ગલિક ભાવના ત્યાગ રૂપ દાન, આત્મિક શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિરૂપ લાભ, આત્મિક શુદ્ધ સ્વરૂપના અનુભવ રૂપ ભોગ–ઉપભોગ અને સ્વભાવમાં પ્રવૃત્તિ રૂપ વીર્ય હોય છે. [૪]

## ક્ષયોપશમ ભાવના ભેદો

**જ્ઞાના–જ્ઞાન–દર્શનદાનાદિલબ્ધયશ્ચતુસ્ત્રિત્રિપञ્ચભેદા : સમ્યક્ત્વચારિત્રસંયમાસંયમાશ્ચ ॥ ૨–૫ ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ એ ચાર જ્ઞાન, મતિ, શ્રુત, અવધિ એ ત્રણ અજ્ઞાન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન એ ત્રણ દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય એ પાંચ લબ્ધિ, સમ્યક્ત્વ, સર્વવિરતિ ચારિત્ર અને સંયમાસંયમ રૂપ દેશવિરતિ ચારિત્ર એમ ૧૮ ભેદો ક્ષાયોપશમિક ભાવના છે.**

તે તે કર્મના સર્વઘાતી સ્પર્ધકોના ઉદયના અભાવથી અને દેશઘાતી સ્પર્ધકોના ઉદયથી ક્ષાયોપશમિક ભાવો પ્રગટ થાય છે એમ સામાન્ય નિયમ છે. પણ નીચેના ભાવોમાં આ નિયમમાં ફેરફાર છે.

(૧) અનંતાનુબંધી કષાયના સર્વથા રસોદયના* અભાવથી, મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયના સર્વથા ઉદયાભાવથી તથા સમ્યક્ત્વમોહનીય રૂપ દર્શન મોહનીયના દેશઘાતી સ્પર્ધકોના ઉદયથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ગુણ પ્રગટ થાય છે. (૨) ક્ષાયોપશમિક ચારિત્ર અનંતાનુબંધી આદિ બાર કષાયોના રસોદયના સર્વથા અભાવથી પ્રગટ થાય છે. અનંતાનુબંધી આદિ ૧૨ કષાયોનો માત્ર પ્રદેશોદય હોય છે. (૩) દેશવિરતિ રૂપ ક્ષયોપશમ-ભાવમાં આઠ કષાયોના રસોદયનો સર્વથા અભાવ તથા

* ૨૮ પ્રકૃતિની સત્તાવાળાને અનંતાનુબંધી કષાયનો પ્રદેશોદય હોય છે એ અપેક્ષાએ અહીં 'રસોદયના અભાવથી' એમ લખ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યાખ્યાનીય કષાયોના સર્વઘાતિ-દેશઘાતી સ્પર્ધકોનો અને સંજ્વલનકષાયના દેશઘાતી સ્પર્ધકોનો ઉદય હોય છે.

મિથ્યાત્વ અને અનંતાનુબંધી આદિ ૧૨ કષાયોના ક્ષયોપશમમાં મિથ્યાત્વાદિનો રસોદય નથી હોતો, જ્યારે મતિજ્ઞાન આદિના ક્ષયોપશમમાં મતિજ્ઞાનાવરણ આદિ કર્મોનો રસોદય હોય છે. આથી, મિથ્યાત્વ અને અનંતાનુબંધી આદિ ૧૨ કષાયોનો ક્ષયોપશમ શુદ્ધ ક્ષયોપશમ કહેવાય છે, અને મતિજ્ઞાન આદિનો ક્ષયોપશમ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ કહેવાય છે. [૫]

**ઔદયિક ભાવના ભેદો :-**

**गति-कषाय-लिङ्ग-मिथ्यादर्शना-ऽज्ञाना-ऽसंयता-ऽसिद्धत्व-लेश्याश्चतुश्चतुस्त्र्येकैकैकैक-षड्भेदाः ॥ २-६ ॥**

**ચાર ગતિ[૧], ચાર કષાય[૨], ત્રણ લિંગ[૩], મિથ્યાત્વ[૪], અજ્ઞાન[૫], અવિરતિ[૬], અસિદ્ધત્વ[૭], છ લેશ્યા[૮], એમ એકવીશ ભેદો ઔદયિક ભાવના છે.**

(૧) નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર ગતિ છે. નરકગતિ આદિ નામ કર્મના ઉદયથી અનુક્રમે નરકગતિ આદિની પ્રાપ્તિ થાય છે. આથી જીવ નારક આદિ રૂપે ઓળખાય છે. (૨) કષ એટલે સંસાર, આય એટલે લાભ. જેનાથી સંસારનો લાભ થાય-સંસારમાં પરિભ્રમણ થાય તે કષાય. ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયો અનુ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રમે ક્રોધ આદિ મોહનીય કર્મના ઉદયથી થાય છે. (૩) લિંગ એટલે વેદ. વેદ એટલે મૈથુનની ઇચ્છા–કામવાસના, પુરુષ, નપુંસક અને સ્ત્રી એ ત્રણ લિંગ–વેદ છે. તે તે વેદકર્મના ઉદયથી તે તે લિંગ–વેદ પ્રગટ થાય છે. (૪) દર્શનમોહનીયના ઉદયથી મિથ્યાત્વ ભાવ થાય છે. (૫) જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી અજ્ઞાન ભાવ થાય છે. (૬) ચારિત્રમોહનીયના ઉદયથી અવિરતિ ભાવ થાય છે. (૭) સામાન્યથી કર્મોના ઉદયથી અસિદ્ધત્વ–અસિદ્ધપણું થાય છે. (૮) યોગથી લેશ્યા ઉત્પન્ન થાય છે. કષાયથી તેમાં તીવ્રતા –મંદતા આવે છે. તીવ્રતા–મંદતા આદિના આધારે કૃષ્ણ, નીલ, કાપોત, તૈજસ, પદ્મ, શુકલ એ છ લેશ્યા–આત્મપરિણામ થાય છે. પ્રથમની ત્રણ લેશ્યા અશુભ છે. પછીની ત્રણ લેશ્યા શુભ છે. અશુભ લેશ્યાઓમાં ઉત્તરોત્તર અલ્પ અલ્પ અશુભ છે. શુભ લેશ્યાઓમાં ઉત્તરોત્તર અધિક અધિક શુભ છે.

અહીં ઔદયિક ભાવના ૨૧ ભેદો બતાવ્યા છે તે ઉપલક્ષણ છે. આથી અન્ય પણ અદર્શન, નિદ્રા, સુખ, દુઃખ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, આયુષ્ય, યોગ, જાતિ વગેરે ઔદયિક ભાવો પણ સમજી લેવા. [૬]

## પારિણામિક ભાવના ભેદો

**જીવ–ભવ્યા–ભવ્યત્વાદીનિ ચ ॥ ૨–૭ ॥**

**જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ વગેરે પારિણામિક ભાવના ભેદો છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવત્વ એટલે ચૈતન્ય. ભવ્યત્વ એટલે મોક્ષ પામવાની યોગ્યતા. અભવ્યત્વ એટલે મોક્ષ પામવાની અયોગ્યતા.

આ સિવાય અન્ય પણ પારિણામિક ભાવો છે. છતાં અહીં સૂત્રમાં સાક્ષાત્ ત્રણ ભાવો ગ્રહણ કરવાનું કારણ એ છે કે આ ત્રણ ભાવો માત્ર જીવમાં જ હોય છે. જ્યારે અન્ય ભાવો–અસ્તિત્વ, અન્યત્વ, કર્તૃત્વ વગેરે ભાવો જીવ અજીવ એ ઉભયના સાધારણ છે. જીવ અજીવના સાધારણ અસ્તિત્વ વગેરે ભાવોનું સૂચન સૂત્રમાં ચ શબ્દથી કર્યું છે. [૭]

## જીવનું લક્ષણ

## उपयोगो लक्षणम् ॥ २–८ ॥

**ઉપયોગ એ આત્માનું લક્ષણ(–અસાધારણ ધર્મ) છે.**

ઉપયોગ એટલે બોધ રૂપ વ્યાપાર. જેનાથી વસ્તુ ઓળખાય તે લક્ષણ. લક્ષણ અને સ્વરૂપ એ બંને જીવના ધર્મવિશેષ હોવા છતાં તે બંનેમાં તફાવત છે. જે અસાધારણ ધર્મ હોય, અર્થાત્ લક્ષ્ય સિવાય બીજી કોઈ વસ્તુમાં ન હોય. અને સંપૂર્ણ લક્ષ્યમાં હોય તે ધર્મ લક્ષણ છે, જે સાધારણ ધર્મ હોય, અર્થાત્ લક્ષ્ય સિવાય બીજી વસ્તુમાં પણ હોય અથવા સંપૂર્ણ લક્ષ્યમાં ન હોય તે ધર્મ સ્વરૂપ કહેવાય. જીવમાં રહેલ બોધવ્યાપાર રૂપ ઉપયોગ જીવ સિવાય અજીવ કોઈ વસ્તુમાં ન હોવાથી, અને દરેક જીવમાં અવશ્ય હોવાથી જીવનું લક્ષણ છે. જ્યારે ઉપર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જણાવેલા પાંચ ભાવો દરેક જીવમાં હોય જ અને અજીવમાં ન જ હોય એવો નિયમ નથી. કારણ કે દરેક અજીવમાં પારિણામિક અને કેટલાક ઔદારિક સ્કંધોમાં ઔદયિક ભાવ પણ હોય છે. આથી તે ભાવો જીવનું લક્ષણ નહિ, કિન્તુ સ્વરૂપ છે. લક્ષણ લક્ષ્યને અન્ય વસ્તુથી અલગ પાડીને ઓળખાવે છે. જેમ કે અગ્નિનું લક્ષણ ઉષ્ણતા. જેમ ઉષ્ણતાથી અગ્નિનું જ્ઞાન થાય છે, તેમ (જ્ઞાન-દર્શનના) ઉપયોગથી જીવનું જ્ઞાન થાય છે. [૮]

## ઉપયોગના ભેદો

**स द्विविधोऽष्टचतुर्भेदः ॥ २-९ ॥**

**ઉપયોગના મુખ્ય બે ભેદ છે. (૧) સાકારોપયોગ (૨) અનાકારોપયોગ. સાકારોપયોગ એટલે જ્ઞાનોપયોગ. અનાકારોપયોગ એટલે દર્શનોપયોગ. સાકારોપયોગના (જ્ઞાનોપયોગના) મતિ આદિ પાંચ જ્ઞાન અને મતિ આદિ ત્રણ અજ્ઞાન એમ આઠ ભેદો છે. અનાકારોપયોગના (દર્શનોપયોગના) ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવલદર્શન એ ચાર ભેદો છે.**

**પ્રશ્ન :**—સાકારોપયોગ અને અનાકાર ઉપયોગનો શો અર્થ છે? **ઉત્તર:**—દરેક જ્ઞેય વસ્તુ સામાન્ય અને વિશેષ રૂપ છે. આ વાત નયના નિરૂપણમાં આવી ગઈ છે. જ્ઞેય વસ્તુનો વિશેષરૂપે બોધ તે સાકાર અને સામાન્ય રૂપે બોધ તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનાકાર. જ્ઞેય વસ્તુનો વિશેષ રૂપે બોધ તે જ્ઞાન, અને સામાન્ય રૂપે બોધ તે દર્શન. આથી સાકારોપયોગને જ્ઞાનોપયોગ યા સવિકલ્પોપયોગ કહેવામાં આવે છે. અનાકારોપયોગને દર્શનોપયોગ યા નિર્વિકલ્પોપયોગ કહેવામાં આવે છે. સાકારોપયોગના આઠ ભેદોનું સ્વરૂપ પ્રથમ અધ્યાયમાં જ્ઞાનના પ્રકરણમાં આવી ગયું છે. અનાકારોપયોગના ચાર ભેદોનું સ્વરૂપ નીચે મુજબ છે.

**અચક્ષુદર્શન** :–આંખ સિવાયની ચાર ઇંદ્રિયો અને મનદ્વારા થતો વસ્તુનો સામાન્યરૂપે બોધ. **ચક્ષુદર્શન** :–ચક્ષુ દ્વારા થતો વસ્તુનો સામાન્યરૂપે બોધ. **અવધિદર્શન**:–ઇંદ્રિયોની સહાય વિના થતો કેવળ રૂપી પદાર્થોનો સામાન્ય રૂપે બોધ. **કેવલદર્શન** :–રૂપી–અરૂપી સર્વ વસ્તુઓનો સામાન્ય રૂપે બોધ. [૯]

## જીવોના મુખ્ય બે ભેદો

**संसारिणो मुक्ताश्च ॥ २-१० ॥**

**સંસારી અને મુક્ત એમ જીવોના બે ભેદો છે.**

જે જીવો કર્મવશ બનીને નરક આદિ ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે તે સંસારી. જે જીવો કર્મના બંધનથી મુક્ત બનીને મોક્ષમાં સ્થિર છે તે મુક્ત. [૧૦]

## સંસારી જીવોના બે ભેદો

**समनस्काऽमनस्काः ॥ २–११ ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મનવાળા-(સંજ્ઞી) અને મનરહિત-(અસંજ્ઞી) એ બે પ્રકારના જીવો છે.**

મનવાળા જીવો સંજ્ઞી અને મન વિનાના જીવો અસંજ્ઞી કહેવાય છે. મનના દ્રવ્યમન અને ભાવમન એમ બે પ્રકાર છે. મનન કરવા ગ્રહણ કરેલા મનોવર્ગણાના પુદ્ગલો દ્રવ્યમન છે. ગ્રહણ કરેલા મનોવર્ગણાના પુદ્ગલો દ્વારા મનન-વિચાર કરવાની શક્તિ તે ભાવ મન છે. આ બંને પ્રકારના મન જેમને હોય તે સમનસ્ક-સંજ્ઞી છે. તે સિવાયના જીવો અમનસ્ક-અસંજ્ઞી છે. નારકો, દેવો ગર્ભજ મનુષ્યો અને ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો સમનસ્ક-સંજ્ઞી હોય છે. બાકીના એકેંદ્રિયથી ચઉરિંદ્રિય સુધીના તથા સંમૂર્છિમ પંચેંદ્રિય જીવો અસંજ્ઞી છે. એકેન્દ્રિય જીવોને ભાવ મન એટલે કે વિચાર કરવાની આત્મશક્તિ હોય છે, પણ દ્રવ્યમન નથી હોતું. એથી તેઓ વિચાર કરી શકતા નથી. બેઇન્દ્રિયાદિ (અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના) જીવોને ઈષ્ટ વિષયમાં પ્રવૃત્તિ અને અનિષ્ટ વિષયથી નિવૃત્તિ કરાવનાર વર્તમાનકાળના વિચાર સ્વરૂપ હેતુવાદોપદેશિકી સંજ્ઞા હોય છે. તેથી અલ્પપ્રમાણમાં દ્રવ્યમન હોય છે. પરંતુ પૂરતા પ્રમાણમાં દ્રવ્યમન ન હોવાથી સંજ્ઞીની જેમ ભૂત કે ભાવી કાળનો લેશમાત્ર પણ વિચાર કરી શકતા નથી, અને વર્તમાન કાળનો પણ હિતાહિતની દૃષ્ટિએ સ્પષ્ટ વિચાર કરી શકતા નથી. આથી જ સિદ્ધાંતમાં, જેમ અલ્પ-ધનવાળા ધનવાન અને સામાન્ય રૂપવાળા રૂપવાન નથી કહેવાતા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરંતુ ઘણા ધનવાળા ધનવાન અને સુંદર રૂપવાળા રૂપવાન કહેવાય છે; તેમ અલ્પ દ્રવ્યમનવાળાને મનવાળા ન કહેતાં મન વગરના કહ્યા છે. વૃદ્ધ પુરુષને ચાલવામાં લાકડીના ટેકાની જેમ દ્રવ્યમન વિચાર કરવામાં સહાયક છે. શક્તિ હોવા છતાં વૃદ્ધ પુરુષ લાકડીના ટેકા વિના ચાલી શકતો નથી, તેમ જીવ વિચાર કરવાની આત્મિક શક્તિ હોવા છતાં દ્રવ્યમન–મનોવર્ગણાના પુદ્ગલો વિના વિચાર કરી શકતો નથી. સમનસ્ક–સંજ્ઞી જીવો મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને તેમની મદદથી વિચાર કરે છે. અમનસ્ક–અસંજ્ઞી જીવો વિશિષ્ટ શક્તિના અભાવે મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી શકતા નથી.

સિદ્ધિ જીવો દ્રવ્ય–ભાવ બંને પ્રકારના મનના અભાવથી અમનસ્ક હોય છે. [૧૧]

## બીજી રીતે સંસારી જીવના બે ભેદો

संसारिणस्त्रस–स्थावराः ॥ २–१२ ॥

**ત્રસ (ગતિ કરનાર) અને સ્થાવર (ગતિ નહિ કરનાર) એમ બે પ્રકારે સંસારના જીવો છે.**

શાસ્ત્રોમાં ત્રસ અને સ્થાવરની બે વ્યાખ્યાઓ કરવામાં આવી છે. એક વ્યાખ્યાઃ– જે પ્રાણીઓ ગતિશીલ તે ત્રસ અને સ્થિતિશીલ તે સ્થાવર. બીજી વ્યાખ્યાઃ– જે જીવોને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાવર નામ કર્મોનો ઉદય તે સ્થાવર અને ત્રસ નામ-કર્મનો ઉદય તે ત્રસ. આ બે વ્યાખ્યાઓમાં અહીં પ્રથમ વ્યાખ્યાના આધારે ત્રસ અને સ્થાવર ભેદો છે. [૧૨]

## સ્થિતિશીલ જીવો

પૃથ્વ્યબ્વનસ્પતયઃ સ્થાવરાઃ ॥ ૨-૧૩ ॥

**પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય જીવો સ્થાવર છે. કારણ કે તેઓ સ્થિતિશીલ છે.**

દરેક પ્રકારની સચિત્ત માટીના જીવો પૃથ્વીકાય છે. દરેક પ્રકારના સચિત્ત પાણીના જીવો અપ્કાય છે. દરેક પ્રકારની અચિત્ત (લીલી) વનસ્પતિના જીવો વનસ્પતિ-કાય છે. દરેક પ્રકારના વેલા, નાના મોટા છોડવા, દરેક પ્રકારનાં ઘાસ, નાનાં-મોટાં વૃક્ષો, વૃક્ષનાં પાંદડાં, ફૂલ આદિનો વનસ્પતિકાયમાં સમાવેશ થાય છે. [૧૩]

## ગતિશીલ જીવો

તેજોવાયૂ દ્વીન્દ્રિયાદયશ્ચ ત્રસાઃ ॥ ૨-૧૪ ॥

**તેઉકાય, વાયુકાય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો ત્રસ છે. કારણ કે ગતિશીલ છે.**

અગ્નિ, દીવો, બત્તી, વીજળી વગેરે તેઉકાય જીવો છે. પવન વાયુકાય જીવો છે. જે પ્રાણીઓ ત્રસનામ કર્મના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદયથી ઈષ્ટને મેળવવા અને અનિષ્ટને દૂર કરવા ગતિ કરી શકે છે તે ત્રસ, અને સ્થાવર નામ કર્મના ઉદયથી ઈષ્ટને મેળવવા તથા અનિષ્ટને દૂર કરવા ગતિ ન કરી શકે તે સ્થાવર, એવા પ્રકારની બીજી વ્યાખ્યાના આધારે પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય એ પાંચેય પ્રકારના એકેન્દ્રિય જીવો સ્થાવર છે, અને બેઇંદ્રિય આદિ જીવો ત્રસ છે. તાત્પર્ય એ આવ્યું કે તેઉકાય વાયુકાયના જીવો પ્રથમ વ્યાખ્યાના આધારે ત્રસ છે, અને બીજી વ્યાખ્યાના આધારે સ્થાવર છે. બેઇંદ્રિય આદિ જીવો બંને પ્રકારની વ્યાખ્યાના આધારે ત્રસ જ છે. [૧૪]

## ઇંદ્રિયોની સંખ્યા :—

**પઞ્ચેન્દ્રિયાણિ ॥ ૨-૧૫ ॥**

ઇંદ્રિયો પાંચ છે.

ઇન્દ્ર એટલે આત્મા, તેને ઓળખવાની નિશાની તે ઇન્દ્રિય. શરીરમાં આત્મા છે કે નહિ તે ઇંદ્રિયોથી જાણી શકાય છે. તે ઇંદ્રિયો પાંચ છે. પાંચ ઇંદ્રિયોના નામ (સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર) સૂત્રકાર ભગવંત પોતે જ આ અધ્યાયના ૨૦ મા સૂત્રમાં જણાવશે. [૧૫]

## ઇંદ્રિયોના ભેદો :—

**દ્વિવિધાનિ ॥ ૨-૧૬ ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દરેક ઇંદ્રિય દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે. અર્થાત્ પ્રત્યેક ઇંદ્રિયના દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય એમ બે ભેદો છે. [૧૬]

દ્રવ્યેન્દ્રિયના ભેદો :—

निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम् ॥ २-१७॥

દ્રવ્યેન્દ્રિયના નિર્વૃત્તિ અને ઉપકરણ એમ બે ભેદો છે.

(૧) નિર્વૃત્તિ એટલે વિશિષ્ટ આકારની રચના. ઇંદ્રિયોનો આકાર નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિય છે.

(૨) ઉપકરણ એટલે ઉપકારક. નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિયની અંદર રહેલી શક્તિ.

નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિયના બાહ્ય અને અભ્યંતર એમ બે ભેદો છે. આપણને દેખાતો ચક્ષુ આદિનો બાહ્ય આકાર બાહ્ય નિર્વૃત્તિ છે. બાહ્ય નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિયની અંદર રહેલો તે તે ઇંદ્રિયનો આકાર અભ્યંતર નિર્વૃત્તિ છે. ઉપકરણ દ્રવ્યેન્દ્રિય એટલે અભ્યંતર નિર્વૃત્તિમાં રહેલી પોતપોતાના વિષયને ગ્રહણ કરવાની શક્તિ. આ વિષયને તલવારના દૃષ્ટાંતથી વિચારીએ. બાહ્યનિર્વૃત્તિ તલવાર સમાન છે. અભ્યંતર નિર્વૃત્તિ તલવારની ધાર સમાન છે. ઉપકરણેન્દ્રિય તલવારની ધારમાં રહેલી કાપવાની તીક્ષ્ણ શક્તિ સમાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાહ્ય નિર્વૃત્તિ રૂપ ઇંદ્રિયનો આકાર મનુષ્ય આદિ પ્રાણીઓમાં ભિન્ન ભિન્ન હોય છે. અભ્યંતર નિર્વૃત્તિ રૂપ ઇંદ્રિયનો આકાર નીચે પ્રમાણે છે.

### અભ્યંતર નિર્વૃત્તિનો આકાર :—

નાક : અતિમુક્ત ફૂલના આકારે છે.

આંખ : મસુરની દાળના અથવા ચંદ્રના આકારે છે.

કાન : ચંપાના ફૂલ અથવા વાજિંત્રના આકારે છે.

રસના : અસ્ત્રના આકારે છે.

સ્પર્શ : જુદા જુદા અનેક આકારે છે.

અભ્યંતર નિર્વૃત્તિ રૂપ ઇંદ્રિયનું પ્રમાણ આ પ્રમાણે છે.

રસના ૨ થી ૯ હાથ પ્રમાણ, સ્પર્શન સ્વશરીર પ્રમાણ, અને શેષ ઇંદ્રિયો અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. [૧૭]

### ભાવ ઇંદ્રિયના ભેદો :-

लब्ध्युपयोगौ भावेन्द्रियम् ॥ २-१८ ॥

**ભાવ ઇન્દ્રિયના લબ્ધિ અને ઉપયોગ એમ બે ભેદો છે.**

લબ્ધિ એટલે લાભ. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનશક્તિનો લાભ તે લબ્ધિ. ઉપયોગ એટલે વ્યાપાર. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી મળેલી જ્ઞાનશક્તિનો વ્યાપાર તે ઉપયોગ.

આ વિષયને દૃષ્ટાંતથી વિચારીએ. કોઈને ૫૦ લાખની મૂડી મળી છે; તેમાંથી ૪૦ લાખની મૂડીને તે વેપારમાં રોકે છે. અહીં ૫૦ લાખ મળ્યા તે લબ્ધિ છે અને ૪૦ લાખનો વ્યાપાર તે ઉપયોગ. તેમ પ્રસ્તુતમાં જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી મળેલી જ્ઞાનશક્તિ ૫૦ લાખ રૂપિયા સમાન છે. અને જ્ઞાનશક્તિનો વ્યાપાર તે વેપારમાં વપરાતા ૪૦ લાખ રૂપિયા સમાન છે. જેમ વેપારી પોતાની સઘળી મૂડીને વેપારમાં રોકતો નથી. તેમ જીવ ક્ષયોપશમથી જેટલી જ્ઞાનશક્તિ પ્રાપ્ત થઈ હોય તે સઘળી શક્તિનો સદા ઉપયોગ કરી શકતો નથી. જેમ કે આપણે ઉંઘમાં હોઈએ ત્યારે જ્ઞાનશક્તિનો ઉપયોગ કરતા નથી. જાગ્રત અવસ્થામાં પણ સદા જ્ઞાનશક્તિનો એક સરખો ઉપયોગ કરતા નથી.

હવે આપણે ઇંદ્રિયના નિર્વૃત્તિ આદિ ભેદોને તલવારના દૃષ્ટાંતથી વિચારીએ, જેથી સ્પષ્ટ બોધ થઈ જાય. તલવારના સ્થાને બાહ્ય નિર્વૃત્તિ છે. તલવારની ધારના સ્થાને અભ્યંતર નિર્વૃત્તિ છે. તલવારની ધારમાં રહેલી કાપવાની શક્તિના સ્થાને ઉપકરણ છે. તલવાર ચલાવવાની કળા (આવડત) ના સ્થાને લબ્ધિ છે. તલવાર ચલાવવાની કળાના ઉપયોગના (તલવાર ચલાવવાના) સ્થાને ઉપયોગ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન :**–નિર્વૃત્તિ અને ઉપકરણ એ ઇંદ્રિય કહેવાય. કારણ કે જેનાથી જ્ઞાન–બોધ થાય તે ઇંદ્રિય. બોધમાં નિર્વૃત્તિ અને ઉપકરણ સહાયક છે. પણ લબ્ધિ અને ઉપયોગને ઇંદ્રિય કેમ કહેવાય? કારણ કે તે બંને જ્ઞાન–સ્વરૂપ છે.

**ઉત્તર :**–લબ્ધિની સફળતા ઉપયોગના આધારે છે. લબ્ધિ ગમે તેટલી મળવા છતાં જો તેનો ઉપયોગ ન હોય તો કામ નથી આવતી. લબ્ધિનો–મળેલી શક્તિનો ઉપયોગ કરવામાં ઇંદ્રિયોની જરૂર પડે છે. ઇંદ્રિયો વિના ઉપયોગ થઈ શકતો નથી. આમ લબ્ધિ અને ઉપયોગમાં ઇંદ્રિયો કારણ હોવાથી "કાર્યમાં કારણનો ઉપચાર કરીને" લબ્ધિ અને ઉપયોગને પણ ઇંદ્રિય તરીકે કહેવામાં આવે છે.

આપણે કોઈ પણ વસ્તુનો બોધ કરવો હોય તો નિર્વૃત્તિ આદિ * ચારે ય ઇંદ્રિયોની જરૂર પડે છે. એકે ય વિના ન ચાલી શકે. લબ્ધિ હોવા છતાં જો ઉપયોગ ન હોય તો બોધ ન થાય. ઉપયોગ માટે ઉપકરણ દ્રવ્યેન્દ્રિયની જરૂર પડે છે. ઉપકરણ દ્રવ્યેન્દ્રિય નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિય વિના ન રહી શકે. જેમ તલવારને ચલાવવાની કળાનો ઉપયોગ તલવાર આદિ વિના ન થઈ શકે, તેમ નિર્વૃત્તિ–ઉપકરણ વિના લબ્ધિનો ઉપયોગ ન થઈ શકે. આમ જ્ઞાન કરવામાં નિર્વૃત્તિ આદિ ચારે ય સહાયક હોવાથી ચારે ય ઇંદ્રિયો કહેવાય છે. [૧૮]

* નિર્વૃત્તિને બાદ–અભ્યંતર ભેદ વિના એક ગણવાથી ચાર થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપયોગના વિષયો :—

**उपयोगः स्पर्शादिषु ॥ २-१९ ॥**

**ભાવેન્દ્રિય રૂપ ઉપયોગ સ્પર્શન આદિ ઇંદ્રિયો દ્વારા અનુક્રમે સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ એ પાંચ વિષયોમાં પ્રવર્તે છે.**

સ્પર્શનેન્દ્રિય દ્વારા સ્પર્શને જાણવામાં ઉપયોગ પ્રવર્તે છે. રસનેન્દ્રિય દ્વારા રસને જાણવામાં ઉપયોગ પ્રવર્તે છે. ઘ્રાણેન્દ્રિય દ્વારા ગંધને જાણવામાં ઉપયોગ પ્રવર્તે છે. ચક્ષુ ઇંદ્રિય દ્વારા રૂપને જાણવામાં ઉપયોગ પ્રવર્તે છે. શ્રોત્રેન્દ્રિદ્વારા શબ્દને જાણવામાં ઉપયોગ પ્રવર્તે છે. સ્પર્શ આદિ રૂપી પદાર્થના પર્યાયો છે, અને તેમાં ભાવેન્દ્રિય રૂપ મતિજ્ઞાનનો ઉપયોગ પ્રવર્તે છે.

**ઇંદ્રિયોની પદાર્થ ગ્રહણશક્તિનું માપ :-** શ્રોત્રેંદ્રિય બાર યોજન દૂરથી આવેલા શબ્દને સાંભળી શકે છે. ચક્ષુ ઇન્દ્રિય લાખ યોજનથી કંઇક અધિક દૂર રહેલી વસ્તુને જોઈ શકે છે. બાકીની ત્રણ ઇંદ્રિયો નવ યોજનથી આવેલા પોતાના વિષયને જાણી શકે છે.

દા. ત. અહીંથી નવ યોજન દૂર રહેલ ચંદનાદિ પદાર્થના પુદ્ગલો અહીં આવે ત્યાં સુધી તેની ગંધ જાણી શકાય. અહીંથી આગળ જાય એટલે તીવ્ર ઘ્રાણેન્દ્રિય શક્તિથી પણ ન જાણી શકાય. એ પ્રમાણે રસ અને સ્પર્શ વિશે પણ સમજવું. પાંચે ય ઇન્દ્રિયોનો જઘન્ય વિષય અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. [૧૯]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ઇંદ્રિયોનાં નામ

**સ્પર્શન-રસન-ઘ્રાણ-ચક્ષુ-શ્રોત્રાણિ ॥ ૨-૨૦ ॥**

**સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર એમ પાંચ ઇંદ્રિયોનાં ક્રમશઃ નામો છે.**

સ્પર્શન એટલે ત્વચા–ચામડી. રસન એટલે જિહ્વા. ઘ્રાણ એટલે નાક. ચક્ષુ એટલે આંખ. શ્રોત્ર એટલે કાન.

## ઇંદ્રિયોના ક્રમમાં હેતુ

**પ્રશ્ન** :—અહીં ઇંદ્રિયોનાં નામ સ્પર્શન આદિ ક્રમશઃ જણાવવામાં કોઈ વિશેષ હેતુ છે કે સામાન્યથી જણાવવામાં આવેલ છે? **ઉત્તર**:—સ્પર્શન આદિ ક્રમથી ઇંદ્રિયોનાં નામો જણાવવામાં હેતુ રહેલો છે. જેમ જેમ અધિક ઇંદ્રિયો પ્રાપ્ત થાય છે, તેમ તેમ ચૈતન્યનો અધિક વિકાસ થાય છે. અધિક ઇંદ્રિયોની પ્રાપ્તિ ક્રમશઃ થાય છે. જે જીવો એકેંદ્રિય હોય, અર્થાત્ એક ઇંદ્રિયવાળા હોય તેમને સ્પર્શન ઇંદ્રિય હોય છે. સ્પર્શનેંદ્રિય દરેક જીવને અવશ્ય હોય છે. સંસારી જીવોમાં રસન આદિ ઇંદ્રિય ન હોય એવું બને, પણ સ્પર્શન ઇંદ્રિય ન હોય એવું ન જ બને. આથી અહીં પ્રથમ સ્પર્શનેંદ્રિયનો નિર્દેશ કર્યો છે. એકેંદ્રિય જીવ જ્યારે બેઇંદ્રિય બને ત્યારે તેને સ્પર્શન અને રસના એ બે ઇંદ્રિય હોય છે. એટલે સ્પર્શન ઇંદ્રિય પછી રસનાની પ્રાપ્તિ થાય છે. માટે સ્પર્શના પછી રસના ઇંદ્રિયનો નિર્દેશ છે. બેઇંદ્રિય જીવ જ્યારે તેઇંદ્રિય બને છે ત્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્પર્શન, રસના અને ઘ્રાણ–નાક એ ત્રણ ઇંદ્રિયો હોય છે. એટલે રસના પછી ઘ્રાણની પ્રાપ્તિ થાય છે. માટે રસના પછી ઘ્રાણ ઇંદ્રિયનો નિર્દેશ છે. તેઇંદ્રિય જીવ ચઉરિંદ્રિય બને ત્યારે સ્પર્શન, રસન, ઘ્રાણ અને ચક્ષુ એ ચાર ઇંદ્રિયો હોય છે. આથી ઘ્રાણ ઇંદ્રિય પછી ચક્ષુની પ્રાપ્તિ થાય છે. માટે ઘ્રાણ પછી ચક્ષુ ઇંદ્રિયનો નિર્દેશ છે. ચઉરિંદ્રિય જીવ પંચેન્દ્રિય બને છે ત્યારે સ્પર્શન આદિ પાંચે ઇંદ્રિયો હોય છે. એટલે ચક્ષુ પછી શ્રોત્રની પ્રાપ્તિ થાય છે. માટે ચક્ષુ પછી શ્રોત્ર ઇંદ્રિયનો નિર્દેશ છે. આમ ઇંદ્રિયોની વૃદ્ધિના ક્રમથી અહીં સ્પર્શન આદિ ઇંદ્રિયોનાં નામો જણાવ્યા છે. દરેક જીવને ઇંદ્રિયની વૃદ્ધિ ક્રમશઃ જ થાય છે એવો નિયમ નથી. એકેંદ્રિયમાંથી સીધો તેઇંદ્રિય, ચઉરિંદ્રિય કે પંચેન્દ્રિય પણ બને છે. એ પ્રમાણે બેઇંદ્રિયમાંથી સીધો ચઉરિંદ્રિય કે પંચેંદ્રિય પણ બને છે. પણ જો ક્રમશઃ ઇંદ્રિયની વૃદ્ધિ થાય તો સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર એ ક્રમથી જ થાય. [૨૦]

## ઇંદ્રિયોના વિષયો

**સ્પર્શ–રસ–ગંધ–વર્ણ–શબ્દાસ્તેષામર્થાઃ ॥૨–૨૧॥**

**સ્પર્શન આદિ ઇંદ્રિયોના ક્રમશઃ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ એ પાંચ વિષયો છે.**

સ્પર્શન આદિ ઇંદ્રિયોમાં ક્રમશઃ સ્પર્શ આદિને જાણવાની શક્તિ છે. આથી આપણને તે તે ઇંદ્રિયથી તે તે વિષયનું જ્ઞાન થાય છે. સ્પર્શનેંદ્રિયમાં સ્પર્શ સિવાય રસ આદિ કોઈ વિષયને જાણવાની શક્તિ નથી. રસનેંદ્રિયમાં રસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિવાય સ્પર્શ આદિ કોઈ વિષયને જાણવાની શક્તિ નથી. એ પ્રમાણે અન્ય ઇંદ્રિય માટે પણ જાણવું. આથી આપણને તે તે ઇંદ્રિયથી તે તે વિષય સિવાય અન્ય વિષયનું જ્ઞાન થતું નથી. [૨૧]

## મનનો વિષય

### શ્રુતમનિન્દ્રિયસ્ય ॥૨-૨૨॥

**મનનો વિષય શ્રુત છે.**

મનથી જ ભાવ શ્રુતજ્ઞાન થાય છે. શ્રુતજ્ઞાનનો વિષય ઘટાદિ પદાર્થો છે. આથી ઘટાદિ પદાર્થો મનના પણ વિષય બને છે.

પ્રથમ શબ્દ સાંભળવાથી કે વાંચવા આદિથી શબ્દનું મતિજ્ઞાન થાય છે. બાદ શબ્દ દ્વારા શબ્દથી વાચ્ય ઘટાદિ પદાર્થનું જ્ઞાન થાય છે. શબ્દ દ્વારા શબ્દથી વાચ્ય ઘટાદિ પદાર્થનું જ્ઞાન શ્રુતજ્ઞાન છે. જેમ શબ્દજ્ઞાન દ્વારા શબ્દથી વાચ્ય ઘટાદિ પદાર્થનું જ્ઞાન થાય છે, તેમ ઘટાદિ પદાર્થના જ્ઞાન દ્વારા ઘટાદિ પદાર્થના વાચક શબ્દનું જ્ઞાન પણ થાય છે. આ જ્ઞાન પણ, અર્થાત્ ઘટાદિ પદાર્થના જ્ઞાન દ્વારા ઘટાદિ પદાર્થના વાચક શબ્દનું જ્ઞાન પણ, શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાન મુખ્યત્વે મનથી થાય છે. અર્થાત્ જેમ સ્પર્શ આદિ વિષયનું મતિજ્ઞાન કરવામાં ઇંદ્રિય અને મનવાળાઓને મન અને ઇંદ્રિય એ બેની જરૂર પડે છે, તેમ શ્રુતજ્ઞાન કરવામાં મુખ્યત્વે ઇંદ્રિયની જરૂર પડતી નથી. કારણ કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘટાદિ શબ્દો સાંભળવામાં કે લખેલા જોવામાં અને ઘટાદિ પદાર્થો જોવામાં પ્રથમ ઈંદ્રિયો દ્વારા મતિજ્ઞાન થાય છે. ત્યારબાદ શ્રુતાનુસારી વાચ્ય-વાચક ભાવ આદિ મન સંબંધી અવગ્રહાદિ પ્રવર્તે છે. તે અવગ્રહાદિ શ્રુતજ્ઞાન છે. માટે શ્રુતજ્ઞાનમાં મનની મુખ્યતા છે.

તાત્પર્ય એ આવ્યું કે ઈંદ્રિયો દ્વારા મુખ્યત્વે મતિજ્ઞાન, અને દ્રવ્યશ્રુત થાય છે. જ્યારે મન દ્વારા મતિ અને ભાવશ્રુત એ બંને જ્ઞાન થાય છે. અહીં સૂત્રમાં મનનો વિષય શ્રુતજ્ઞાન છે એમ કહ્યું તે મુખ્યત્વે ભાવશ્રુતની અપેક્ષાએ છે. કેમકે દ્રવ્યશ્રુત તો પાંચે ઈંદ્રિયોનો વિષય થઈ શકે છે. ઈંદ્રિયોનો વિષય કેવળરૂપી પદાર્થો છે. જ્યારે મનનો વિષય રૂપી-અરૂપી સઘળા પદાર્થો છે. [૨૨]

## એક ઈંદ્રિય કોને હોય છે તેનું નિરૂપણ

**વાય્વન્તાનામેકમ્ ॥ ૨-૨૩ ॥**

**વાયુ સુધીના જીવોને એક ઈંદ્રિય હોય છે.**

પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય, તેઉકાય, વાઉકાય એ પાંચ પ્રકારના જીવોને એક ઈંદ્રિય (સ્પર્શનેંદ્રિય) હોય છે. આથી તેમને એકેન્દ્રિય કહેવામાં આવે છે. [૨૩]

## બે, ત્રણ, ચાર અને પાંચ ઈંદ્રિયો કોને હોય તેનું નિરૂપણ

**કૃમિ-પિપીલિકા-ભ્રમર-મનુષ્યાદીનામેકૈકવૃદ્ધાનિ ॥૨-૨૪॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૃમિ, શંખ, છીપ, જળો, વગેરે જીવોને બે ઇંદ્રિયો હોય છે. કીડી, મંકોડા, માકડ, કંથુઆ, કાષ્ઠના કીડા વગેરે જીવોને ત્રણ ઇંદ્રિયો હોય છે. ભ્રમર, માખી, મચ્છર, વીંછી, પતંગિયાં વગેરે જીવોને ચાર ઇંદ્રિયો હોય છે. દેવ, નારક, ગર્ભજ મનુષ્ય, તથા પશુ, પક્ષી, જલચર વગેરે તિર્યંચોને પાંચ ઇંદ્રિયો હોય છે.

બે ઇંદ્રિયોવાળા પ્રાણી બેઇંદ્રિય કહેવાય છે. એ પ્રમાણે તેઇંદ્રિય ચઉરિંદ્રિય અને પંચેન્દ્રિય વિષે પણ જાણવું. **પ્રશ્ન** :–એક ઇંદ્રિય હોય તેને એકેંદ્રિય કહેવાય વગેરે નિયમ દ્રવ્યેન્દ્રિયની અપેક્ષાએ છે કે ભાવેંદ્રિયની અપેક્ષાએ ? **ઉત્તર** :–જીવોમાં એકેંદ્રિય આદિ તરીકેનો વ્યવહાર દ્રવ્યેન્દ્રિયની અપેક્ષાએ છે. ભાવ ઇંદ્રિયો દરેક પ્રાણીને પાંચ હોય છે. પણ દ્રવ્ય ઇંદ્રિયના અભાવે તે તે ઇંદ્રિયના વિષયનું જ્ઞાન થતું નથી. આથી દ્રવ્યઇંદ્રિયની અપેક્ષાએ એકેન્દ્રિય આદિ કહેવામાં આવે છે. દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયનું વર્ણન આ જ અધ્યાયમાં ૧૭ મા અને ૧૮ મા સૂત્રમાં આવી ગયું છે. [૨૪]

## કયા જીવો મનસહિત હોય છે તેનું નિરૂપણ

**संज्ञिनः समनस्काः ॥ २–२५ ॥**

**સંજ્ઞી જીવો સમનસ્ક-મનવાળા હોય છે.**

પૂર્વે "समनस्काऽमनस्काः" એ (૧૧ મા) સૂત્રમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંસારી જીવો મનવાળા અને મન વગરના એમ બે પ્રકારના હોય છે એમ જણાવ્યું હતું. આથી કયા પ્રાણીઓ મનવાળા હોય અને કયા પ્રાણીઓ મન વિનાના હોય એ પ્રશ્ન ઊઠે એ સહજ છે. આ પ્રશ્નનું સમાધાન આ સૂત્રમાં કરવામાં આવ્યું છે. સંજ્ઞી જીવો મનવાળા હોય છે આથી અસંજ્ઞી જીવો મન રહિત હોય છે એ પણ સિદ્ધ થાય છે.

જેમને સંજ્ઞા હોય છે તે જીવો સંજ્ઞી છે. સંજ્ઞા વિનાના જીવો અસંજ્ઞી છે. સંજ્ઞા એટલે ત્રણે કાળને આશ્રયીને પોતાના હિતાહિતની વિચારણા કરવાની શક્તિ. આથી જે જીવો ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળને આશ્રયીને કેવી પ્રવૃત્તિ મને હિતકારક છે કે કેવી પ્રવૃત્તિ અહિતકારક છે, ઇત્યાદિ દીર્ઘ વિચાર કરી શકે તે જીવો સંજ્ઞી છે. જેઓ વિચાર કરી શકતા નથી અથવા માત્ર વર્તમાનકાળ પૂરતો જ સામાન્ય વિચાર કરી શકે છે તે જીવો અસંજ્ઞી છે.

એકેન્દ્રિયથી આરંભી ચઉરિંદ્રિય સુધીના જીવો અસંજ્ઞી-મન વિનાના જ હોય છે. પંચેન્દ્રિય જીવોમાં સંમુર્છિમ મનુષ્યો અને તિર્યંચો અસંજ્ઞી-મન વિનાના જ હોય છે. દેવો, નારકો, ગર્ભજ મનુષ્યો અને ગર્ભજ તિર્યંચો સંજ્ઞી-મનવાળા હોય છે. [૨૫]

## વિગ્રહગતિમાં યોગ

**विग्रहगतौ कर्मयोगः ॥ २-२६ ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વિગ્રહગતિમાં ( પરભવે જતાં વક્રગતિમાં ) કાર્મણ કાય યેાગ હેાય છે.

સંસારી જીવને કેાઈ પણ ક્રિયા કરવી હેાય તેા યેાગની જરૂર પડે છે. યેાગ એટલે ચાલવું–દેાડવું આદિ ક્રિયાઓમાં જોડાય એવી આત્મપ્રદેશેાની સ્ફુરણા રૂપ આત્મિક શક્તિ. સંસારી જીવને આત્મિક શક્તિનેા ઉપયેાગ કરવા સાધનની સહાય લેવી પડે છે. આત્મિકશક્તિનેા ઉપયેાગ કરવામાં સહાયક સાધનેા મુખ્ય ત્રણ છે. મન, વચન અને કાયા. જ્યારે જ્યારે સંસારી આત્મા આત્મિક શક્તિના ઉપયેાગ દ્વારા ક્રિયા કરે છે ત્યારે ત્યારે આ ત્રણ સાધનેામાંથી એકની સહાયતા અવશ્ય લે છે. યેાગની સહાય વિના સંસારી જીવ કેાઈ ક્રિયા કરી શકતેા નથી. આથી મન, વચન અને કાયાને પણ કારણમાં કાર્યનેા ઉપચાર કરવાથી યેાગ કહેવામાં આવે છે. આનેા અર્થ એ થયેા કે સંસારી જીવ મનેાયેાગ, વચનયેાગ, કાયયેાગ–એ ત્રણની મદદથી પેાતાની આત્મિક શક્તિનેા ઉપયેાગ કરીને ક્રિયા કરે છે. આ ત્રણ યેાગના કુલ ૧૫ ભેદેા છે. આ ૧૫ ભેદેાને અધ્યાય ૬ ના પ્રથમ સૂત્રમાં વિચારીશું. જ્યારે જીવ ચાલુ ભવનું આયુષ્ય પૂર્ણ થતાં પરભવમાં જાય છે ત્યારે ૧૫ યેાગમાંથી કયા યેાગની સહાય હેાય છે તે આ સૂત્રમાં જણાવવામાં આવ્યું છે.

જીવેા પરભવમાં બે પ્રકારની ગતિથી જાય છે. એક વિગ્રહ ગતિ અને બીજી અવિગ્રહગતિ. કેાઈ જીવેા વિગ્રહ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગતિથી અને કોઇ જીવો અવિગ્રહગતિથી પરભવમાં જાય છે. વિગ્રહ એટલે વળાંક. અવિગ્રહ એટલે વળાંક રહિત સરળ. વળાંકવાળી ગતિ તે વિગ્રહ ગતિ અને વળાંક વિનાની ગતિ તે અવિગ્રહ ગતિ. જ્યારે જીવ વિગ્રહ ગતિથી પરભવમાં જાય ત્યારે તેને કયો યોગ સહાયક હોય છે, તે આ સૂત્રમાં જણાવ્યું છે. પરભવ જતાં મન અને વચન ન હોવાથી એ બે યોગોનો સર્વથા અભાવ હોય છે. કાયયોગના ઔદારિક–ઔદારિકમિશ્ર, વૈક્રિય–વૈક્રિયમિશ્ર આહારક–આહારકમિશ્ર અને કાર્મણ એમ સાત ભેદો છે. પરભવ જતાં ઔદારિક, વૈક્રિય અને આહારક એ ત્રણ યોગ ન હોય. કારણ કે એ ત્રણ શરીરને છોડીને જ જીવ પરભવમાં જાય છે. ઔદારિકમિશ્ર આદિ ત્રણ મિશ્ર કાયયોગ પણ ન હોય. કારણ કે મિશ્રકાયયોગ તે તે કાયયોગની ઉત્પત્તિના પ્રારંભમાં હોય છે. હવે એક કાર્મણ કાયયોગ બાકી રહે છે. આથી વિગ્રહગતિથી પરભવ જતાં જીવને કાર્મણ કાયયોગ હોય છે. કાર્મણ કાયયોગની સહાયથી જીવ પરભવમાં પોતાના ઉત્પત્તિસ્થાને પહોંચી જાય છે.

**પ્રશ્ન** :—જીવ પરભવમાં વિગ્રહ અને અવિગ્રહ એમ બે પ્રકારની ગતિથી જાય છે. તેમાં વિગ્રહગતિથી જાય ત્યારે કાર્મણ યોગની સહાય હોય છે એ સમજાયું. પણ અવિગ્રહ ગતિથી જાય ત્યારે કયા યોગની સહાય હોય ?

**ઉત્તર**:—અવિગ્રહ ગતિ એક જ સમયની હોય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ અવિગ્રહ ગતિથી જીવ એક જ સમયમાં ઉત્પત્તિ સ્થાને પહોંચી જાય છે. પૂર્વે જે શરીર છોડયું તે શરીરના પ્રયત્નનો (યોગનો) વેગ એક સમય સુધી રહે છે. આથી એક સમયની અવિગ્રહ ગતિમાં ગતિ કરવા નવો પ્રયત્ન કરવો પડતો નથી–નવી સહાય લેવી પડતી નથી. પૂર્વ શરીરના પ્રયત્નના (યોગના) વેગથી જ ધનુષ-માંથી છૂટેલા બાણની જેમ ઈષ્ટ સ્થાને પહોંચી જાય છે. અર્થાત્ અવિગ્રહ ગતિમાં જીવને પૂર્વભવ શરીરના યોગની સહાય હોય છે. (પ્રસ્તુત સૂત્રની ભાષ્યટીકાના આધારે.) [૨૬]

## આકાશમાં જીવની કે પુદ્ગલની ગતિ :–

## अनुश्रेणि गतिः ॥ २–२७॥

## જીવ કે પુદ્ગલની ગતિ અનુશ્રેણિ–સીધી થાય છે.

છ પ્રકારના દ્રવ્યોમાં જીવ અને પુદ્ગલ એ બે પદાર્થો જ ગતિશીલ છે. જીવ અને પુદ્ગલ દ્રવ્યની ગતિ જો કોઇ બાહ્ય ઉપાધિ ન હોય તો સીધી જ થાય છે. શ્રેણિ એટલે લાઈન–લીટી. અનુશ્રેણિ એટલે લીટી પ્રમાણે. લોકના મધ્ય ભાગથી ઉપર–નીચે અને આજુ–બાજુ આકાશપ્રદેશોની સીધી શ્રેણિઓ–રેખાઓ આવેલી છે. જેમ ગાડી પાટા ઉપર જ ચાલે છે તેમ જીવ કે પુદ્ગલ આકાશપ્રદેશની શ્રેણિ–રેખા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર જ આધાર છે. જીવ કે પુદ્ગલની વક્રગતિ પર પ્રયોગથી જ થાય છે. [૨૭]

**સિદ્ધ જીવોની ગતિ :–**

**અવિગ્રહા જીવસ્ય ॥ ૨–૨૮ ॥**

**જીવની–સિદ્ધ થતા જીવની ગતિ સરળ જ હોય છે.**

ભવાંતરમાં જતાં સંસારી જીવોની ઋજુ અને વક્ર–વળાંકવાળી એમ બંને પ્રકારની ગતિ હોય છે. આ વાત ગ્રંથકાર હવે પછીના સૂત્રમાં કહેશે. આથી અહીં જીવ શબ્દથી સંસારી જીવો નહિ, કિંતુ સિધ્યમાન–સિદ્ધ થતા જીવો સમજવાના છે. [૨૮]

**સંસારી જીવોની ગતિ તથા વિગ્રહગતિનો કાળ:–**

**વિગ્રહવતી ચ સંસારિણઃ પ્રાક્ ચતુર્ભ્યઃ ॥ ૨–૨૯ ॥**

**સંસારી જીવોની વિગ્રહવાળી અને વિગ્રહ–વિનાની એમ બે પ્રકારની ગતિ હોય છે. વિગ્રહ-વાળી ગતિ ચાર સમય સુધીની હોય છે.**

સંસારી જીવો વિગ્રહવાળી–વક્ર અને અવિગ્રહ–સરળ એમ બે પ્રકારની ગતિથી ભવાંતરમાં ઉત્પત્તિ સ્થાને પહોંચે છે. વક્રગતિ ત્રણ હોય છે. જ્યારે ઉત્પત્તિસ્થાન મૃત્યુસ્થાનથી સમશ્રેણિમાં હોય ત્યારે જીવ કોઇ જાતના વળાંક વિના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવિગ્રહ ગતિથી ઉત્પત્તિસ્થાને પહોંચી જાય છે. પણ જ્યારે ઉત્પત્તિસ્થાન મૃત્યુસ્થાનથી સમશ્રેણિમાં ન હોય ત્યારે જીવને કોઈ વખત એક, કોઈ વખત બે, કોઈ વખત ત્રણ વળાંકથી ગતિ કરવી પડે છે. જે ગતિમાં એક વળાંક આવે તે ગતિ એકવિગ્રહા કે એકવક્રા છે. જે ગતિમાં બે વળાંક આવે તે દ્વિવિગ્રહા કે દ્વિવક્રા ગતિ છે. જે ગતિમાં ત્રણ વળાંક આવે તે ત્રિવિગ્રહા કે ત્રિવક્રા છે. જીવને પરભવ જતાં વળાંક લેવા પડે છે તેનાં બે કારણો છે. એક કારણ એ છે કે જીવ કર્મને આધીન હોવાથી પોતાના કર્મ પ્રમાણે દિશા-વિદિશાઓમાં આડા-અવળા સ્થાનમાં ઉત્પન્ન થવું પડે છે. બીજું કારણ એ છે કે તેને આકાશપ્રદેશોની શ્રેણિને અનુસારે જ ગતિ કરવી પડે છે. આ બાબત 'अनुश्रेणि गतिः' એ સૂત્રમાં આવી ગઈ છે.

જ્યારે જીવને ઊર્ધ્વલોકની પૂર્વદિશાના સ્થાનમાં મૃત્યુ પામીને અધોલોકની પશ્ચિમ દિશામાં ઉત્પન્ન થવું હોય તો પ્રથમ સમશ્રેણિએ નીચે ઉતરવું પડે છે. પછી તે પશ્ચિમ દિશા તરફ વળીને ઉત્પત્તિસ્થાને પહોંચે છે. આથી એકવક્રા ગતિ થાય છે. જો જીવને ઊર્ધ્વલોકના અગ્નિખુણામાં મૃત્યુ પામી અધોલોકના વાયવ્ય ખુણામાં ઉત્પન્ન થવાનું હોય તો, પ્રથમ સમયે સમશ્રેણિએ પશ્ચિમ દિશામાં આવે છે, બીજા સમયે અધોલોક તરફ વળીને સમશ્રેણિએ નીચે ઉતરે છે, ત્રીજા સમયે વાયવ્ય ખુણા તરફ વળીને ઉત્પત્તિસ્થાને પહોંચે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રસનાડીની બહાર રહેલ કોઈ જીવ ઊર્ધ્વલોકની દિશામાંથી ત્રસનાડીની બહાર અધોલોકની વિદિશામાં ઉત્પન્ન થાય ત્યારે, પ્રથમ સમયે સમશ્રેણિએ ત્રસનાડીમાં પ્રવેશ કરે, બીજા સમયે વળીને સમશ્રેણિએ અધોલોકમાં આવે, ત્રીજા સમયે વળીને સમશ્રેણિએ ત્રસનાડીની બહારની દિશામાં જાય, ચોથા સમયે વળીને સમશ્રેણિએ વિદિશામાં ઉત્પત્તિસ્થાને આવે. આ ગતિમાં ત્રણ વળાંક હોવાથી આ ગતિ ત્રિવક્રા છે.

યદ્યપિ ચાર વળાંકવાળી ચતુર્વક્રા ગતિ પણ થાય છે, પણ તે કોઈક જીવોને કયારેક જ થતી હોવાથી અહીં વક્રગતિ ત્રણ જ કહી છે.

ત્રસ નાડીની બહાર રહેલ કોઈ જીવ ઊર્ધ્વલોકની વિદિશામાંથી ત્રસનાડીની બહાર અધોલોકની વિદિશામાં ઉત્પન્ન થાય ત્યારે, પ્રથમ સમયે સમશ્રેણિએ ત્રસનાડીની બહાર જ વિદિશામાંથી દિશામાં આવે, બીજા સમયે વળીને સમશ્રેણિએ ત્રસનાડીમાં પ્રવેશ કરે, ત્રીજા સમયે વળીને અધોલોકમાં આવે, ચોથા સમયે વળીને ત્રસનાડીની બહાર આવે, અને પાંચમા સમયે વળીને વિદિશામાં ઉત્પત્તિસ્થાને પહોંચે. અહીં ચાર વળાંક આવવાથી આ ગતિ ચતુર્વક્રા છે. પણ આવું ક્વચિત્ જ બને છે.

ત્રસમાંથી પુનઃ ત્રસમાં ઉત્પન્ન થનાર જીવોમાં એકવક્રા અને દ્વિવક્રા એ બે ગતિ સંભવે છે. ત્રસમાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાવરમાં ઉત્પન્ન થનાર જીવમાં ત્રિવક્રા ગતિ પણ હોઈ શકે છે. સ્થાવરમાંથી સ્થાવરમાં ઉત્પન્ન થનાર જીવોમાં ચતુર્વક્રા ગતિ પણ હોઈ શકે.

એકવક્રા ગતિ બે સમયની, દ્વિવક્રાગતિ ત્રણ સમયની, ત્રિવક્રાગતિ ચાર સમયની, અને ચતુર્વક્રા ગતિ પાંચ સમયની હોય છે. કારણ કે દરેક પ્રકારની વક્રગતિમાં પ્રથમ સમયની ગતિ તો અવક્ર જ હોય છે. આ સૂત્રની સમજ માટે સામેના પૃષ્ઠમાં આકૃતિ જુઓ. [૨૯]

## અવિગ્રહગતિનો કાળ :-

## एकसमयोऽविग्रहः ॥ २-३० ॥

**અવિગ્રહ-સરળ ગતિનો કાળ એક સમય છે.**

જીવ જ્યાં ઉત્પન્ન થવાનું છે, ત્યાં એક સમયમાં પહોંચી જાય તો તે અવિગ્રહ ગતિથી જ જાય છે. જો ઉત્પત્તિસ્થાને જવામાં એકથી વધારે સમયો લાગે તો પણ પ્રથમ સમયમાં અવિગ્રહ ગતિ જ હોય છે. બાકીના સમયમાં વિગ્રહ ગતિ હોય છે. કારણ કે બીજા સમયથી વળાંક શરૂ થઈ જાય છે. વળાંક વળતાં આનુપૂર્વી નામ-કર્મનો ઉદય થાય છે. આ કર્મ જેમ બળદને નાથ પકડીને ઈષ્ટસ્થાને લઈ જવામાં આવે છે તેમ જીવને ઉત્પત્તિસ્થાને આકાશપ્રદેશની શ્રેણિ અનુસાર લઈ જાય છે. [૩૦]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરભવ જતાં એકવકો આદિ ગતિનું યંત્ર




પરભવમાં જતાં આહારના અભાવનો કાળ :—

एकं द्वौ वाऽनाहारकः ॥ २–३१ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પરભવ જતાં અંતરાલગતિમાં જીવ એક કે બે સમય અનાહારક હોય છે–આહાર લેતો નથી.

જીવ જ્યાંથી શરીર છોડીને છૂટે છે ત્યાં છૂટતાં જ તે શરીર લાયક આહાર લે છે, અને જ્યાં જાય છે ત્યાં પણ પહોંચતાની સાથે જ તે શરીરને યોગ્ય આહાર લે છે. આથી જ્યારે જીવ એક સમયમાં કે બે સમયમાં ઉત્પત્તિ-સ્થાને પહોંચે છે ત્યારે તે આહાર વિના નથી રહેતો. જ્યારે બે સમય લાગે છે ત્યારે પહેલા સમયે છૂટતાં આહાર લે છે અને બીજા સમયે પહોંચતાં જ આહાર લે છે. એથી વધારે જેટલા સમય લાગે તેટલા સમય જીવ અનાહારક–આહારરહિત હોય છે. જો અંતરાલ ગતિમાં ત્રણ સમય લાગે તો એક સમય અનાહારક હોય છે, અને ચાર સમય લાગે તો બે સમય અનાહારક હોય છે. અંતરાલ ગતિમાં વધારેમાં વધારે ચાર સમય લાગે છે તે આપણે ૨૯ મા સૂત્રમાં વિચારી ગયા છીએ. આથી અહીં આ સૂત્રમાં અંતરાલ-ગતિમાં એક કે બે સમય અનાહારક હોય એમ કહ્યું છે.

યદ્યપિ અંતરાલગતિમાં પાંચ સમય પણ થઈ જાય, તેથી ત્રણ સમય અનાહારક હોય. પણ તેવું કયારેક જ બનતું હોવાથી અહીં તેની વિવક્ષા કરવામાં આવી નથી.

આ સૂત્ર વ્યવહારનયની અપેક્ષાએ છે. નિશ્ચયનયની અપેક્ષાએ તો વિગ્રહ ગતિમાં જીવને ત્રણ કે ચાર સમય પણ આહારનો અભાવ હોય છે. એનું કારણ એ છે કે નિશ્ચય-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નય વિગ્રહ ગતિના પ્રથમ સમયે આહારનો અભાવ માને છે. જ્યારે વ્યવહારનય એ સમયે આહાર-ગ્રહણ સ્વીકારે છે. નિશ્ચયનય કહે છે કે-જીવ પ્રથમ સમયે પૂર્વભવના શરીરનો ત્યાગ કરતો હોવાથી આહાર ન ગ્રહણ કરી શકે. કારણ કે એક સમયમાં બે ક્રિયા-કાર્ય ન કરી શકે. જ્યારે વ્યવહારનય કહે છે કે-જેને જે કાર્ય કરવાનું હોય છે તે ગમે તે રીતે તે કાર્ય કરે છે. આથી પ્રથમ સમયે શરીર ત્યાગની સાથે આહાર ગ્રહણ પણ કરે છે. આથી નિશ્ચયનય પ્રમાણે કેવળ અંતિમ સમયે ઉત્પત્તિસ્થાને પહોંચીને જ આહાર ગ્રહણ કરે છે; આથી વિગ્રહગતિમાં જેટલા સમય લાગે તેનાથી એક ન્યૂન (અંતિમ એક સમય સિવાય) બધા સમયોમાં જીવ અનાહારક હોય છે. વ્યવહારનય પ્રમાણે પ્રથમ અને અંતિમ એ બે સમયોમાં આહાર ગ્રહણ કરે છે, એથી વિગ્રહ ગતિમાં બે સમય સિવાયના સઘળા સમયોમાં અનાહારક હોય છે. આથી જો ત્રણ વિગ્રહગતિ સ્વીકારવામાં આવે તો તેમાં વ્યવહારનયની અપેક્ષાએ વધારેમાં વધારે બે સમય અને નિશ્ચયનયની અપેક્ષાએ ત્રણ સમય અનાહારક હોય છે.

જો ચાર વિગ્રહગતિનો સ્વીકાર કરવામાં આવે તો તેમાં વધારેમાં વધારે વ્યવહારનયની અપેક્ષાએ ત્રણ સમય અને નિશ્ચયનયની અપેક્ષાએ ચાર સમય અનાહારક હોય છે. [૩૧]

## જન્મના પ્રકારો

**संमूर्छन-गर्भोपपाता जन्म ॥ २-३२ ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સંમૂર્છન, ગર્ભ અને ઉપપાત એમ ત્રણ પ્રકારે જન્મ છે.**

આ ત્રણ પ્રકારમાંથી કોઈ એક પ્રકારે જન્મ થાય છે. ઉત્પત્તિ ક્ષેત્રમાં આવીને નવીન ભવના સ્થૂલ દેહને યોગ્ય પુદ્ગલોનું સર્વ પ્રથમ ગ્રહણ તે જન્મ. સંમૂર્છન જન્મ એટલે સ્ત્રી–પુરૂષના સંબંધ વિના નવીન ઔદારિક શરીરને યોગ્ય પુદ્ગલોનું સર્વ પ્રથમ ગ્રહણ. ગર્ભજન્મ એટલે સ્ત્રી–પુરૂષના સંયોગથી ઉત્પન્ન થયેલા શુક્ર–શોણિતના પુદ્ગલોનું સર્વ પ્રથમ ગ્રહણ. ઉત્પત્તિસ્થાનમાં રહેલા વૈક્રિય પુદ્ગલોનું સર્વપ્રથમ ગ્રહણ તે ઉપપાત જન્મ. જન્મના આ ત્રણ ભેદ જન્મસ્થાનના ભેદની અપેક્ષાએ છે. [૩૨]

## યોનિના ભેદો

**सचित्त–शीत–संवृत्ताः सेतरा मिश्राश्चैकशः**
**तद्योनयः ॥ २–३३ ॥**

**જીવોની યોનિઓ સચિત્ત, અચિત્ત અને મિશ્ર–સચિત્તાચિત્ત એમ ત્રણ પ્રકારે, તથા શીત, ઉષ્ણ અને મિશ્ર–શીતોષ્ણ એમ ત્રણ પ્રકારે, તથા સંવૃત્ત, અસંવૃત્ત અને મિશ્ર–સંવૃત્તાસંવૃત્ત એમ ત્રણ પ્રકારે હોય છે.**

યોનિ એટલે ઉત્પત્તિસ્થાન. જ્યાં જીવો ઉત્પન્ન થાય તે સ્થાનને યોનિ કહેવામાં આવે છે. અર્થાત્ જન્મનું સ્થાન તે યોનિ. જે યોનિ સજીવ હોય તે સચિત્ત, જીવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહિત હોય તે અચિત્ત, જે યોનિ અમુક અંશે સજીવ હોય અને અમુક અંશે જીવ રહિત હોય તે યોનિ મિશ્ર–સચિત્તાચિત્ત. શીત એટલે ઠંડી. ઉષ્ણ એટલે ગરમ. અમુક અંશે ગરમ અને અમુક અંશે ઠંડી તે શીતોષ્ણ.

સંવૃત્ત એટલે ઢંકાયેલી. અસંવૃત્ત એટલે ખુલ્લી. અમુક અંશે ઢંકાયેલી અને અમુક અંશે ખુલ્લી તે મિશ્ર–સંવૃત્તાસંવૃત્ત.

**(૧) સચિત્ત, અચિત્ત અને મિશ્ર એ ત્રણ યોનિમાંથી કોને કઈ યોનિ હોય**—દેવનારકોને અચિત્ત, ગર્ભજ પ્રાણીઓને મિશ્ર, શેષ પ્રાણીઓને યથાસંભવ ત્રણ પ્રકારની યોનિઓ હોય છે. ગર્ભજ પ્રાણીઓને આત્મપ્રદેશોને સ્પર્શેલ શુક્ર અને શોણિત સચિત્ત હોય છે, અને આત્મપ્રદેશોને નહિ સ્પર્શેલ તે બંને અચિત્ત હોય છે. જ્યારે કેટલાકના મતે શુક્ર અચિત્ત અને શોણિત સચિત્ત છે. અન્ય આચાર્યના મતે શુક્ર–શોણિત બંને અચિત્ત અને ઉત્પત્તિસ્થાન રૂપ યોનિ પ્રદેશ સચિત્ત છે. માટે ગર્ભજ તિર્યંચ–મનુષ્યને મિશ્રયોનિ કહેવાય છે.

**(૨) શીત, ઉષ્ણ અને મિશ્ર એ ત્રણ યોનિમાંથી કોને કઈ યોનિ હોય:**–દેવ અને ગર્ભજ મનુષ્ય–તિર્યંચોને શીતોષ્ણ (મિશ્ર), તેઉકાયને ઉષ્ણયોનિ હોય છે. નારકોમાં પહેલી ત્રણમાં ઉષ્ણ, છઠ્ઠી–સાતમીમાં શીત, ચોથી–પાંચમીમાં કેટલાક નરકાવાસોમાં શીત અને કેટલાકમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉષ્ણયોનિ છે. માટે નારકોમાં સામાન્યથી શીત અને ઉષ્ણ આ બે પ્રકારની યોનિઓ હોય છે. ટીકામાં નારકોને મિશ્રયોનિ પણ કહી છે. પરંતુ તે મનુષ્યાદિની જેમ એક નારકજીવની અપેક્ષાએ નહિ, કિંતુ ચોથી-પાંચમી નરકમાં અનેક જીવાશ્રયી બંને પ્રકારની હોવાથી એ બે પૃથ્વીઓની અપેક્ષાએ મિશ્ર કહેલ છે. બાકીના જીવોને યથાસંભવ ત્રણે પ્રકારની યોનિઓ હોય છે.

**(૩) સંવૃત્ત, અસંવૃત્ત અને મિશ્ર એ ત્રણ યોનિમાંથી કોને કઈ યોનિ હોય :-** દેવ-નારકોને તથા એકેંદ્રિયોને સંવૃત્ત, વિકલેંદ્રિય તથા સંમૂર્છિમ પંચેંદ્રિય જીવોને વિવૃત્ત, શેષ-ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય અને મનુષ્યોને મિશ્રયોનિ હોય છે. [૩૩]

**કયા જીવોને ગર્ભ રૂપ જન્મ હોય છે તેનું નિરૂપણ :-**

जरायण्डपोतजानां गर्भः ॥ २-३४ ॥

**જરાયુજ, અંડજ અને પોતજ પ્રાણીઓને ગર્ભરૂપ જન્મ હોય છે.**

જરાયુ એટલે ગર્ભાશયમાં પ્રાણીની ઉપર રહેલું માંસ અને લોહીનું પડલ (જાળ), અર્થાત્ જીવ ઉપર વીંટાયેલો ઓળનો પારદર્શક પડદો. જરાયુથી ઉત્પન્ન થનારા પ્રાણીઓ જરાયુજ કહેવાય છે. જેમ કે-મનુષ્ય, ગાય, ભેંસ વગેરે પ્રાણીઓ. અંડ એટલે ઈંડું; ઈંડાથી ઉત્પન્ન થનારા પ્રાણીઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંડજ કહેવાય છે. જેમ કે સર્પ, ચંદનઘો, પક્ષીઓ વગેરે. જે પ્રાણીઓ યોનિથી નીકળતાં જ ચાલવાની આદતવાળા હોય અને ગર્ભાશયમાં કોઈપણ પ્રકારના આવરણથી રહિત હોય તે પોતજ કહેવાય છે, જેમ કે, હાથી, સસલાં, નોળિયાં વગેરે. [૩૪]

**ઉપપાત જન્મ કયા જીવોને હોય છે તેનું નિરૂપણ :—**

**नारक-देवानामुपपातः ॥ २-३५ ॥**

**નારક અને દેવોને ઉપપાત રૂપ જન્મ હોય છે.**

દેવલોકમાં અમુક સ્થળે વિશિષ્ટ પ્રકારની શય્યાઓ હોય છે. જેમાંથી દેવો પોતાના શરીરની ઊંચાઈ, કાંતિ, યુવાવસ્થા વગેરે સાથે તૈયાર થઈને અંતર્મુહૂર્તમાં જન્મે છે. પુણ્યબળથી તેમને ગર્ભના દુઃખનો અનુભવ કરવો પડતો નથી. નારકોને ઉત્પન્ન થવા માટે ગોબલાના આકારના સ્થાનો હોય છે. નારકો પણ દેવોની જેમ પોત-પોતાના શરીરની ઊંચાઈ આદિ સાથે તૈયાર થઈને અંતર્મુહૂર્તમાં જન્મે છે. પણ પાપની પ્રબળતાથી તે વખતે તેમને અતિશય કષ્ટ થાય છે. [૩૫]

**સંમૂર્છન જન્મ કોને હોય છે તેનું પ્રતિપાદન**

**शेषाणां संमूर्छनम् ॥ २-३६ ॥**

**બાકીના જીવોને સંમૂર્છમ જન્મ હોય છે.**

ઉપરના બે સૂત્રોમાં ગર્ભજ તિર્યંચ અને મનુષ્યો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા નારક–દેવોના જન્મનું પ્રતિપાદન થઈ ગયું છે. એથી એકેંદ્રિય, વિકલેંદ્રિય, સંમૂર્છિમ તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યો શેષ રહે છે.

**પ્રશ્ન**:–તીડ, માખી, વીંછી વગેરે જીવોમાં મૈથુન–સેવન જોવામાં આવે છે. આથી તેમનો જન્મ ગર્ભ રૂપ હોવો જોઈએ. જ્યારે અહીં તેમનો સંમૂર્છન જન્મ હોય તેમ જણાવ્યું છે તેનું શું કારણ? **ઉત્તર**:–તીડ આદિ પ્રાણીઓને ભાવથી મોહનીય કર્મના ઉદયથી ત્રણે વેદ હોવા છતાં દ્રવ્યથી નપુંસક અવસ્થા હોવાથી મૈથુન સંજ્ઞાના સંસ્કારથી તેવી ચેષ્ટાઓ કરતા હોવા છતાં ગર્ભ નથી રહેતો. જેમ બે પુરુષો કે નપુંસકોને મૈથુન સેવન કરવા છતાં ગર્ભ નથી રહેતો તેમ. આથી તેમનો જન્મ ગર્ભરૂપ નહિ, કિન્તુ સંમૂર્છન રૂપ છે.

**પ્રશ્ન**:–કીડીઓ, મધમાખી વગેરે પ્રાણીઓ ઈંડાં મૂકતા જોવામાં આવે છે. આથી તેમનો ગર્ભ રૂપ જન્મ કેમ નહિ? **ઉત્તર**:–કીડી આદિ જીવો જ્યાં રહેતા હોય છે ત્યાં તેમની આજુ–બાજુ તે જીવોના સૂક્ષ્મમળ ખરડાયેલા રહે છે. તે મળમાં તે જીવોની જાતના જીવોના બારીક કણો ઉત્પન્ન થાય છે. તે કણો અપક્વ સ્થિતિમાં હોય ત્યારે બારીક સફેદ ઇંડા જેવા જણાય છે. બાદ તેમાંથી રૂપાંતરો થઈને જન્મ થાય છે. જેમ મનુષ્યના મળમાં સંમૂર્છિમ જીવો ઉત્પન્ન થાય છે તેમ અન્ય પ્રાણીના મળમાં તેમજ આજુ–બાજુમાં રહેલ અન્ય મળમાં પણ સંમૂર્છિમ જીવો ઉત્પન્ન થાય છે. છતાં કોઈ જીવ માટે ગર્ભ જેવી સ્થિતિ બનતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય તો પણ અલ્પતાના કારણે તેની અહીં વિવક્ષા ન કરી હોય એમ પણ સંભવે છે. વિશેષ જિજ્ઞાસુઓએ આ વિષયના નિષ્ણાતો પાસેથી સમજી લેવું. [૩૬]

## શરીરના ભેદો :-

**औदारिक-वैक्रिया-ऽऽहारक-तैजस-कार्मणानि शरीराणि**
**॥ २-३७ ॥**

**औदारिक, वैक्रिय, आहारक, तैजस अने कार्मण એમ પાંચ શરીરો છે.**

(૧) ઉદાર એટલે શ્રેષ્ઠ યા સ્થૂલ. ઉદાર પુદ્ગલોથી બનેલું શરીર ઔદારિક. ઔદારિક શરીરના પુદ્ગલો અન્ય સર્વ શરીરના પુદ્ગલોથી વધારે સ્થૂલ હોય છે. દેવ અને નારક સિવાય સર્વ જીવોનું મૂળ શરીર ઔદારિક હોય છે. આથી દેખાતું આ આપણું શરીર ઔદારિક છે.

(૨) જે શરીર નાનામાંથી મોટું, મોટામાંથી નાનું, એકમાંથી અનેક, અનેકમાંથી એક, એમ વિવિધ સ્વરૂપે બનાવી શકાય તે વૈક્રિય. આ શરીરના બે ભેદ છે. ભવ-પ્રત્યય અને લબ્ધિપ્રત્યય. દેવ અને નારકના જીવોને ભવ-પ્રત્યય-ભવના કારણે જ વૈક્રિય શરીર હોય છે. વૈક્રિય લબ્ધિવાળા કોઈ મનુષ્ય કે તિર્યંચને લબ્ધિપ્રત્યય શરીર હોય છે. વૈક્રિય લબ્ધિવાળા જીવો જ્યારે ઇચ્છા થાય ત્યારે આ શરીરની રચના કરે છે. લબ્ધિ એટલે આત્મિક શક્તિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યય એટલે નિમિત્ત. ઈચ્છા થતાં આત્મસામર્થ્યથી જે વિવિધ પ્રકારે બનાવી શકાય તે લબ્ધિપ્રત્યય, અને ઈચ્છા વિના જ કેવળ તેવા પ્રકારના ભવથી જ જે વિશિષ્ટ શરીર મળે તે ભવપ્રત્યય.

(૩) સૂક્ષ્મ તત્ત્વજ્ઞાનની જિજ્ઞાસા આદિ નિમિત્તથી ચૌદ પૂર્વધર પ્રમત્ત મુનિ જે શરીરની રચના કરે છે તે આહારક શરીર. ચૌદ પૂર્વધરો એક હાથ પ્રમાણ સૂક્ષ્મ અને દિવ્ય શરીર બનાવીને તે શરીરને તીર્થંકરની ઋદ્ધિ જોવા અથવા તીર્થંકરોને પ્રશ્ન પૂછવા મોકલે છે. ચૌદ પૂર્વધર દરેક મુનિ આ શરીર ન બનાવી શકે. જેમને આહારકલબ્ધિ પ્રાપ્ત થઈ હોય તે જ મુનિ આ શરીર બનાવી શકે. પણ આહારકલબ્ધિ ચૌદ પૂર્વધર મુનિને જ પ્રાપ્ત થાય, તે સિવાય કોઈને પ્રાપ્ત ન થાય એ નિયમ છે.

(૪) ખાધેલા ખોરાકને પચાવવામાં કારણભૂત શરીર તૈજસ. આપણા શરીરમાં અને જઠરાગ્નિમાં જે ગરમી રહેલી છે તે પણ એક જાતનું શરીર છે. તેને તૈજસ શરીર કહેવામાં આવે છે. જો આ શરીર ન હોય તો આપણે ખોરાકને પચાવી જ ન શકીએ અને આપણા શરીરમાં ગરમી પણ ન ટકી શકે. મૃત્યુ થતાં આ શરીર ન હોવાથી શરીર ઠંડું પડી જાય છે. આ શરીર નરમ હોય તો ખોરાક પાચનની શક્તિ મંદ થઈ જાય છે.

(૫) આત્માની સાથે ક્ષીરનીરવત્ એકમેક થયેલાં કર્મોનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમૂહ એ જ કાર્મણ શરીર છે. જીવ દરેક સમયે કર્મબંધ કરે છે. આત્મા સાથે બંધાયેલા આ કર્મો એ જ કાર્મણ શરીર.

તૈજસ અને કાર્મણ આ બે શરીર સંસારી દરેક જીવને અવશ્ય હોય છે. જીવનો સંસાર અનાદિથી હોવાથી આ શરીર પણ અનાદિથી છે. ભવાંતરમાં પણ આ બે શરીર સાથે જ આવે છે. મોક્ષ થાય ત્યારે જ આ બે શરીર છૂટે છે. [૩૭]

## પાંચ શરીરોમાં સૂક્ષ્મતાની વિચારણા :-

## परं परं सूक्ष्मम् ॥२-३८॥

**આ પાંચ શરીરમાં પૂર્વના શરીરથી પછી પછીનું શરીર વધારે સૂક્ષ્મ છે.**

ઔદારિક શરીરથી વૈક્રિય શરીર સૂક્ષ્મ છે. વૈક્રિયથી આહારક શરીર સૂક્ષ્મ છે. આહારકથી તૈજસ શરીર સૂક્ષ્મ છે. તૈજસથી કાર્મણ શરીર સૂક્ષ્મ છે. અહીં સૂક્ષ્મતાનો અર્થ અલ્પ પરિમાણ એવો નથી, કિન્તુ ઘનતા અર્થ છે. ઘનતા એટલે અધિક પુદ્ગલોનો અલ્પ પરિમાણમાં સમાવેશ. જેમ જેમ અધિક પુદ્ગલોનો અલ્પ અલ્પ પરિમાણમાં સમાવેશ તેમ તેમ ઘનતા વધારે. ઔદારિક આદિ પાંચ શરીરોમાં ઉત્તરોત્તર શરીરમાં ઘનતા અધિક હોવાથી ઉત્તરોત્તર શરીર સૂક્ષ્મ છે. આનું કારણ એ છે કે એ શરીરો જે સ્કંધોમાંથી બનેલા છે તે અધિક અધિક પુદ્ગલ દ્રવ્યોવાળા છે. કોઈ પણ વસ્તુમાં જેમ જેમ પુદ્ગલો વધારે તેમ તેમ તે વધારે ઘન બને છે. [૩૮]



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શરીરોમાં પ્રદેશોની વિચારણા :-

### प्रदेशतोऽसंख्येयगुणं प्राक् तैजसात् ॥ २-३९ ॥

**તૈજસની પહેલાંનાં એટલે કે આહારક સુધીનાં શરીરો પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યગુણ છે.**

જેના બે વિભાગ ન થઈ શકે તેવો અંતિમ સૂક્ષ્મ ભાગ તે પ્રદેશ એમ પ્રદેશનો અર્થ પ્રસિદ્ધ છે. પણ અહીં પ્રદેશનો તે અર્થ નથી. અહીં પ્રદેશનો સ્કંધ અર્થ છે. પ્રદેશો તો અનંતગુણા થઈ જાય. ઔદારિક શરીરમાં જેટલા પ્રદેશો-સ્કંધો હોય છે તેનાથી અસંખ્યગુણ પ્રદેશો વૈક્રિય શરીરમાં વધારે હોય છે, તેનાથી આહારક શરીરમાં અસંખ્યગુણ પ્રદેશો વધારે હોય છે. આનું કારણ એ છે કે ઉત્તરોત્તર શરીર વધારે ઘન છે. સમાન ક્ષેત્રમાં રહેલા રૂ કરતાં સોનામાં પુદ્ગલો વધારે હોય છે. કારણ કે રૂ શિથિલ છે અને સુવર્ણ ઘન છે. તેમ પ્રસ્તુતમાં ઔદારિકથી વૈક્રિય શરીર વધારે ઘન છે. આ બાબત ઉપરના સૂત્રમાં આવી ગઈ છે. [૩૯]

## તૈજસ-કાર્મણ શરીરમાં પ્રદેશોની વિચારણા:-

### अनन्तगुणे परे ॥ २-४० ॥

**આહારક પછીના બંને શરીરોના પ્રદેશો -સ્કંધો ક્રમશઃ અનંતગુણ છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આહારક શરીરના પ્રદેશોથી તૈજસ શરીરના પ્રદેશો અનંતગુણ છે. તૈજસથી કાર્મણ શરીરના પ્રદેશો અનંતગુણ છે. અહીં પણ ઉત્તરોત્તર શરીરની ઘનતા જ કારણ છે. [૪૦]

**તૈજસ-કાર્મણ શરીરની ત્રણ વિશેષતાઓઃ—**

**અપ્રતિઘાતે ॥ ૨-૪૧ ॥**

**અનાદિસંબન્ધે ચ ॥ ૨-૪૨ ॥**

**સર્વસ્ય ॥ ૨-૪૩ ॥**

**તૈજસ અને કાર્મણ શરીર પ્રતિઘાતથી રહિત છે.** આ બે શરીર કોઈ પણ જાતના પ્રતિઘાત (રોકાવટ) વિના સંપૂર્ણ લોકમાં ગમે ત્યાં જઈ શકે છે. ઘનવસ્તુ પણ તેમને અટકાવી શકતી નથી.

યદ્યપિ વૈક્રિય અને આહારક શરીરને પણ કોઈ વસ્તુ અટકાવી શકતી નથી. એથી એ દૃષ્ટિએ એ બે શરીર પણ અપ્રતિઘાતી છે. પણ અહીં પ્રતિઘાતનો અર્થ માત્ર ગતિનો નિરોધ નથી, કિંતુ સંપૂર્ણ લોકમાં ગતિનો નિરોધ એ અર્થ છે. એ દૃષ્ટિએ વૈક્રિય અને આહારક શરીર અપ્રતિઘાતી નથી. કારણકે તેમની ગતિ લોકના અમુક ભાગમાં જ (-ત્રસનાડીમાં જ) થાય છે. જ્યારે તૈજસ અને કાર્મણની ગતિ સંપૂર્ણ લોકમાં થઈ શકે છે. [૪૧]

**તૈજસ અને કાર્મણનો જીવ સાથે અનાદિથી સંબંધ છે.** જ્યારે અન્ય ત્રણ શરીરોનો સંબંધ અનાદિથી નથી. યદ્યપિ અવ્યવહાર રાશિવાળા જીવોને ઔદારિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરીર હોવાથી ઔદારિક શરીરનો સંબંધ પણ અનાદિથી છે. પણ અહીં અનાદિ સંબંધનો અર્થ માત્ર અનાદિ સંબંધ રૂપ નથી, કિંતુ અનાદિથી સંબંધ હોવા સાથે નિત્ય સંબંધ પણ જોઈએ. અર્થાત્ જીવ સંસારમાં જ્યાં સુધી હોય ત્યાં સુધી તેનો જરા પણ વિયોગ ન થાય–સદા રહે એવો અર્થ છે. આ અર્થ પ્રમાણે ઔદારિક શરીર અનાદિ સંબંધવાળું નથી. કારણકે જીવ જ્યારે મૃત્યુ પામી અન્ય સ્થળે ઉત્પન્ન થાય છે ત્યારે અંતરાલગતિમાં ઔદારિક શરીરનો વિયોગ થાય છે. જ્યારે તૈજસ–કાર્મણ શરીર તો અંતરાલ ગતિમાં પણ હોય છે. આ બે શરીરનો વિયોગ મોક્ષ થાય, ત્યારે જ થાય છે. [૪૨]

**તૈજસ અને કાર્મણ શરીર સંસારી સર્વ જીવોને સદા હોય છે.** ઔદારિક વગેરે અન્ય શરીર સંસારી કોઈ જીવને હોય કોઈ જીવને ન પણ હોય. [૪૩]

**એક જીવમાં એકી સાથે સંભવતા શરીરો:—**

**તદાદીનિ ભાજ્યાનિ યુગપદેકસ્મિન્નાચતુર્ભ્યઃ ॥૨–૪૪॥**

**એક જીવને એકી સાથે બેથી ચાર શરીર હોઇ શકે છે.**

અર્થાત્ ઓછામાં ઓછા બે અને વધારેમાં વધારે ચાર શરીર હોઈ શકે છે. પાંચ શરીર એકી સાથે કદી ન સંભવે. જ્યારે બે શરીર હોય ત્યારે તૈજસ અને કાર્મણ, ત્રણ શરીર હોય ત્યારે તૈજસ, કાર્મણ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઔદારિક અથવા તૈજસ–કાર્મણ અને વૈક્રિય, ચાર શરીર હોય ત્યારે તૈજસ–કાર્મણ, ઔદારિક અને વૈક્રિય અથવા તૈજસ–કાર્મણ, ઔદારિક અને આહારક હોય છે. આથી એ સિદ્ધ થયું કે વૈક્રિય અને આહારક એ બે શરીર એકી સાથે નથી હોતા.

**પ્રશ્ન**:–વૈક્રિય અને આહારક એ બે શરીરો એકી સાથે કેમ ન હોય?

**ઉત્તર**:–આહારક શરીર ચૌદ પૂર્વધર મુનિને જ હોય છે. આથી વૈક્રિય અને આહારક એ બે શરીરોની લબ્ધિ–શરીર રચવાનું સામર્થ્ય ચૌદ પૂર્વધર સિવાય અન્ય કોઈ જીવમાં ન હોય. યદ્યપિ કેવળ વૈક્રિય શરીર રચવાની શક્તિ અન્ય જીવોમાં હોઈ શકે છે, પણ વૈક્રિય અને આહારક એ બંને શરીરને રચવાનું સામર્થ્ય તો કેવળ ચૌદ પૂર્વધર મુનિઓમાં જ હોય છે. ચૌદ પૂર્વધર મુનિ જ્યારે વૈક્રિય શરીરની રચના કરે છે ત્યારે પ્રમત્ત–પ્રમાદયુક્ત હોય છે. વૈક્રિય શરીરની રચના બાદ પણ જ્યાં સુધી તેનો ઉપભોગ થાય ત્યાં સુધી તે મુનિ પ્રમત્ત જ હોય છે. ચૌદ પૂર્વધર મુનિ જ્યારે આહારક શરીરની રચના કરે છે ત્યારે પ્રમત્ત હોય છે. પણ રચના થયા બાદ તેના ઉપભોગ કાળે અપ્રમત્ત હોય છે. આથી ચૌદ પૂર્વધર મુનિ વૈક્રિયના ઉપભોગ કાળે પ્રમત્ત અને આહારકના ઉપભોગ કાળે અપ્રમત્ત હોય છે. એટલે એ સિદ્ધ થયું કે ચૌદ પૂર્વધર મુનિ જ્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમત્ત હોય ત્યારે વૈક્રિય શરીર હોઈ શકે પણ આહારક શરીર ન હોઈ શકે. તેમ અપ્રમત્ત હોય ત્યારે આહારક શરીર હોઈ શકે પણ વૈક્રિય શરીર ન હોઈ શકે. આમ ચૌદ પૂર્વધર મુનિમાં બંને પ્રકારના શરીરની લબ્ધિ હોઈ શકે છે, પણ એક સાથે બંનેનો ઉપભોગ ન હોઈ શકે. આથી વૈક્રિય અને આહારક શરીર એક જીવમાં એક સાથે ન હોઈ શકે. [૪૪]

## શરીરનું પ્રયોજન :—

**निरुपभोगमन्त्यम् ॥ २-४५ ॥**

**અંત્ય-કાર્મણ શરીર નિરુપભોગ છે.**

ઉપભોગ એટલે શુભાશુભ વિષયના સંપર્કથી સુખ-દુઃખનો અનુભવ. કાર્મણ શરીરથી સંસારનાં સુખ-દુઃખનો અનુભવ થતો નથી. કારણકે સંસારના શુભાશુભ વિષયના સંપર્કથી સુખ-દુઃખનો અનુભવ બાહ્ય ઇંદ્રિયો વિના ન થઈ શકે. કાર્મણ શરીરને બાહ્ય ઇંદ્રિયો હોતી નથી. કેવળ કાર્મણ શરીર અપાંતરાલ ગતિમાં હોય છે. તે વખતે ભાવ ઇંદ્રિયો હોય છે, પણ દ્રવ્યેન્દ્રિયોનો અભાવ હોય છે. આથી એ ફલિતાર્થ થયો કે અન્ય શરીરો સોપભોગ-ઉપભોગ સહિત છે. અર્થાત્ ઔદારિકાદિ શરીરથી સુખ-દુઃખનો અનુભવ, વિશિષ્ટ પ્રકારે કર્મબંધ, કર્મના ફળનો અનુભવ અને કર્મની નિર્જરા થાય છે.

પ્રશ્નઃ-ઔદારિક, વૈક્રિય અને આહારક એ ત્રણ શરી-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રને દ્રવ્ય ઇંદ્રિયો હોવાથી તેમના દ્વારા ઉપભોગ થઈ શકે એ બરોબર છે. પણ તૈજસ શરીર દ્રવ્યઇંદ્રિયોથી રહિત હોવાથી તેના દ્વારા ઉપભોગ કેવી રીતે થાય ?

ઉત્તરઃ-ખોરાકનું પાચન અને તેજોલેશ્યા કે શીતલેશ્યાનો પ્રાદુર્ભાવ વગેરે તૈજસ શરીર દ્વારા થાય છે. તૈજસ શરીરની શક્તિ બરોબર હોય તો પાચન-શક્તિ સારી રહે છે. એથી સુખનો અનુભવ થાય છે. તૈજસ શરીરની શક્તિનો હ્રાસ થતાં પાચનશક્તિ નબળી બનવાથી દુઃખનો અનુભવ થાય છે. અન્ય જીવ ઉપર શીતલેશ્યા મૂકી તેજોલેશ્યાથી રક્ષણ કરવા દ્વારા અથવા શત્રુ ઉપર તેજોલેશ્યા મૂકવા દ્વારા જીવ આનંદનો અનુભવ કરે છે. એ પ્રમાણે અન્ય ઉપર તેજોલેશ્યા કે શીતલેશ્યા મૂકતાં તેની અસર ન થાય તો દુઃખ અનુભવે છે. તથા તેજોલેશ્યા આદિ દ્વારા અન્ય ઉપર શાપ કે અનુગ્રહ કરવાથી પાપ યા પુણ્યકર્મનો બંધ, શુભાશુભ કર્મનો અનુભવ તથા નિર્જરા પણ થાય છે. આ પ્રમાણે તૈજસ શરીરથી પણ સુખ-દુઃખનો અનુભવ, કર્મબંધ, કર્મનો અનુભવ તથા કર્મનિર્જરા થાય છે. આથી તૈજસ શરીર પણ સોપભોગ છે. [૪૫]

## ઔદારિક શરીરનાં કારણોઃ—

**गर्भसंमूर्छनजमाद्यम् ॥२-४६॥**

આદ્ય-ઔદારિક શરીર ગર્ભ સંમૂર્છનથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્પન્ન થાય છે. અર્થાત્ ગર્ભજ અને સંમૂર્છિમ જીવોને ઔદારિક શરીર હોય છે.**

પૂર્વે ત્રણ પ્રકારના જન્મ જણાવ્યા છે. તેમાંથી ગર્ભ અને સંમૂર્છન એ બે પ્રકારના જન્મથી ઉત્પન્ન થનારા પ્રાણીઓને ઔદારિક શરીર હોય છે. ગર્ભજ અને સંમૂર્છિમ જીવોને ઔદારિક શરીર જ હોય એવો નિયમ નથી. કારણ કે અન્ય કાર્મણ વગેરે શરીરો પણ હોય છે. પણ ઔદારિક શરીર ગર્ભજ અને સંમૂર્છિમ પ્રાણીઓને જ હોય એવો નિયમ છે. [૪૬]

## વૈક્રિય શરીરનાં કારણો :-

**વૈક્રિયમૌપપાતિકમ્ ॥૨-૪૭॥**

**લબ્ધિપ્રત્યયં ચ ॥૨-૪૮॥**

**વૈક્રિય શરીર ઔપપાતિક છે. અર્થાત્ ઉપપાત રૂપ નિમિત્તથી થાય છે.**

દેવ તથા નારકોને ઔપપાતિક-ઉપપાત રૂપ નિમિત્તથી વૈક્રિય શરીર હોય છે. ઔપપાતિક વૈક્રિય શરીર બે પ્રકારનું છે. ભવધારણીય અને ઉત્તર વૈક્રિય. ભવધારણીય જન્મથી જીવન પર્યંત હોય છે. જ્યારે ઉત્તર વૈક્રિય જ્યારે ઇચ્છા થાય ત્યારે બનાવે છે. [૪૭]

**લબ્ધિરૂપ નિમિત્તથી પણ વૈક્રિય શરીર થાય છે.** ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય તથા મનુષ્યોને અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાયુકાયના જીવોને લબ્ધિપ્રત્યય-લબ્ધિરૂપ નિમિત્તથી વૈક્રિય શરીર હોય છે. કેટલાક ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય તથા મનુષ્યોને તપના સેવનથી લબ્ધિ ઉત્પન્ન થાય છે. વાયુકાયના જીવોને ભવના નિમિત્તથી લબ્ધિ પ્રાપ્ત થાય છે. [૪૮]

## આહારક શરીરના સ્વામી :-

**શુભં વિશુદ્ધમવ્યાઘાતિ ચાહારકં ચતુર્દશપૂર્વધરસ્યૈવ ॥૨-૪૯॥**

**આહારક શરીર ચૌદ પૂર્વધર મુનિને હોય છે. આ શરીર શુભ, અત્યંત વિશુદ્ધ અને અપ્રતિઘાતી હોય છે.**

મનમાં સંશય ઉત્પન્ન થતાં તેના સમાધાન માટે કે તીર્થંકરની ઋદ્ધિ જોવાની ઇચ્છા થતાં તીર્થંકરની પાસે જવા ચૌદ પૂર્વધર મુનિ એક હાથનું શુદ્ધ સ્ફટિક જેવું સુંદર શરીર બનાવે છે. મહાવિદેહ આદિ ક્ષેત્રમાં દૂર રહેલા તીર્થંકર ભગવંતની પાસે ઔદારિક શરીરથી ન જઈ શકાય. આથી ચૌદ પૂર્વધર મુનિ દૂર રહેલા તીર્થંકરના ચરણોમાં જવા આહારક શરીરની રચના કરે છે. કાર્ય પૂર્ણ થતાં તે શરીરનો ત્યાગ કરે છે. આ શરીર વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી જ રહે છે. આ શરીર અત્યંત સૂક્ષ્મ હોવાથી કોઈ વસ્તુ તેની ગતિમાં પ્રતિઘાત કરતી નથી. [૪૯]

## વેદનું-લિંગનું પ્રતિપાદન :-

**નારક-સંમૂર્ચ્છિનો નપુંસકાનિ ॥૨-૫૦॥**

**ન દેવાઃ ॥૨-૫૧॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## નારક અને સંમૂર્છિમ જીવો નપુંસક છે.

વેદના દ્રવ્યવેદ અને ભાવવેદ એમ બે ભેદો છે. જીવોના શરીરનો બાહ્ય આકાર તે દ્રવ્ય વેદ–લિંગ છે. મનુષ્યાદિ જીવોના શરીરમાં સામાન્યથી બાહ્ય આકાર સમાન હોવા છતાં અમુક અમુક થોડી ઘણી વિશેષતાઓ હોય છે. આ વિશેષતાઓ નામકર્મના ઉદયથી થાય છે. આ વિશેષતાઓ સામાન્યથી ત્રણ વિભાગમાં વહેંચાયેલી છે. એ વિશેષતાઓ જીવોના ભેદને ઓળખવામાં કારણ–ચિહ્ન હોવાથી લિંગ તરીકે ઓળખાય છે. શરીરની એ વિશેષતાઓને આશ્રયીને જીવોના ત્રણ વિભાગ પડે છે. પુરુષ, સ્ત્રી અને નપુંસક. શરીરના આકારની વિશેષતાના કારણે જીવને પુરુષાદિ તરીકે સંબોધવામાં આવે છે. જીવને પુરુષ તરીકે ઓળખાવનાર શરીરનો બાહ્ય આકાર તે દ્રવ્ય વેદ–લિંગ છે. જે આકારથી જીવ પુરુષ–રૂપે ઓળખાય તે દ્રવ્ય પુરુષ વેદ. જે આકારથી જીવ સ્ત્રી રૂપે ઓળખાય તે દ્રવ્ય સ્ત્રી વેદ. જે આકારથી જીવ નપુંસક રૂપે ઓળખાય તે નપુંસક વેદ.

મૈથુનની–વિષય સેવનની ઇચ્છા એ ભાવ વેદ–લિંગ છે. ભાવવેદ મોહનીયકર્મના ઉદયથી થાય છે. સ્ત્રી સાથે વિષયસેવનની ઇચ્છા તે પુરુષ વેદ. પુરુષ સાથે વિષય–સેવનની ઇચ્છા એ સ્ત્રી વેદ. પુરુષ–સ્ત્રી ઉભય સાથે વિષય–સેવનની ઇચ્છા તે નપુંસક વેદ. અહીં વેદનું પ્રતિપાદન ભાવવેદની દૃષ્ટિથી છે. કારણ કે અહીં સંમૂર્છિમ જીવોને નપુંસક વેદ હોય એમ કહ્યું છે. જો દ્રવ્યવેદની અપેક્ષાએ આ પ્રતિપાદન હોય તો ન ઘટી શકે. કારણ કે સંમૂર્છિમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસંજ્ઞી પંચેંદ્રિય જીવોને પુરુષ વેદ તથા સ્ત્રી વેદ એ બે દ્રવ્યવેદ હોય છે. [૫૦]

**દેવો નપુંસક નથી હોતા.** અહીં દેવોને નપુંસક વેદ ન હોય એમ કહેવાથી પુરુષવેદ તથા સ્ત્રીવેદ હોય એમ સિદ્ધ થાય છે.

સંમૂર્છિમ, નારક અને દેવ સિવાયના જીવોમાં (ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોમાં) ત્રણે વેદ હોય છે. [૫૧]

**આયુષ્યના ભેદ અને તેના સ્વામી વિશે વિચાર :**

**औपपातिक-चरमदेहोत्तमपुरुषाऽसंख्येयवर्षायुषोऽनपवर्त्यायुषः ॥ २-५२ ॥**

**ઔપપાતિક, ચરમદેહી, ઉત્તમ પુરુષ અને અસંખ્ય વર્ષ આયુષ્યવાળા એ ચાર પ્રકારના જીવોનું આયુ અનપવર્ત્ય-ન ઘટે તેવું હોય છે.**

ઔપપાતિક એટલે ઉપપાત રૂપ જન્મથી ઉત્પન્ન થનારા, અર્થાત્ દેવો અને નારકો. ચરમદેહી એટલે વર્તમાન ભવમાં જ મોક્ષમાં જનારા જીવો. તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, પ્રતિવાસુદેવ, વગેરે ઉત્તમ પુરુષો છે.

અઢીદ્વીપના યુગલિક મનુષ્ય-તિર્યંચો અને અઢીદ્વીપની બહાર પૂર્વકોટિથી અધિક આયુષ્યવાળા તિર્યંચો અસંખ્યાત વર્ષ આયુષ્યવાળા હોય છે.

પૂર્વે જન્મ સંબંધી ઘણી હકીકત કહી. જન્મ થતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરીરની પ્રાપ્તિ થાય છે. શરીર સાથે લિંગ પણ પ્રાપ્ત થાય છે. આથી જન્મ સંબંધી હકીકત જણાવ્યા બાદ શરીર અને લિંગ સંબંધી હકીકત પણ જણાવી દીધી. પૂર્વભવના આયુષ્યની સમાપ્તિ વિના જન્મ ન થાય. પૂર્વભવના આયુષ્યની સમાપ્તિ આયુષ્યની પૂર્ણ સ્થિતિ ભોગવીને જ થાય કે પૂર્ણ સ્થિતિ ભોગવ્યા વિના પણ થાય એ પ્રશ્નનું સમાધાન પ્રસ્તુત સૂત્રમાં કરવામાં આવ્યું છે.

**આયુષ્યના બે ભેદ છે** :–અપવર્ત્ય અને અનપવર્ત્ય. ઉપક્રમથી જે આયુષ્યની અપવર્તના થઈ શકે તે અપવર્ત્ય. ઉપક્રમ એટલે અપવર્તનાનું નિમિત્ત. અપવર્તના એટલે આયુષ્યની સ્થિતિનો હ્રાસ. જે આયુષ્યની સ્થિતિનો હ્રાસ થઈ શકે તે આયુષ્ય અપવર્ત્ય કે અપવર્તનીય કહેવાય છે.

ઉપક્રમના અભ્યંતર અને બાહ્ય એ બે ભેદ છે. તેમાં અધ્યવસાન અભ્યંતર ઉપક્રમ છે. નિમિત્ત, આહાર, વેદના, પરાઘાત, સ્પર્શ, શ્વાસોશ્વાસ એ છ બાહ્ય ઉપક્રમ છે. **અધ્યવસાનના** રાગ, સ્નેહ અને ભય એ ત્રણ ભેદ છે. **નિમિત્ત** :–વિષ, શસ્ત્ર, સર્પદંશ, અગ્નિ, વીજળી, ક્ષુધા, તૃષા, ઠંડી, ગરમી વગેરે. **આહાર** :–અધિક આહાર, કુપથ્ય આહાર વગેરે. **વેદના** :–મસ્તકશૂળ વગેરે. **પરાઘાત** :–પડી જવું વગેરે. **સ્પર્શ** :–ઝેરી જંતુ, વિષકન્યા, ઝેરી સર્પ આદિનો સ્પર્શ. **શ્વાસોશ્વાસ** :–દમ આદિના કારણે શ્વાસોશ્વાસ જોસબંધ ચાલે અથવા ગભરામણ આદિથી શ્વાસોશ્વાસ અટકી જાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**રાગથી મૃત્યુનું દૃષ્ટાંત** :–રૂપવાન યુવાનને એક યુવતિએ પીવા પાણી આપ્યું. તેના રૂપમાં યુવતિ મુગ્ધ બની. યુવાન પાણી પીને ત્યાંથી ચાલતો થયો. યુવતિ જતા યુવાનને એકીટસે જોઈ રહી. જ્યાં સુધી યુવાન દેખાયો ત્યાં સુધી યુવતિએ યુવાન તરફ જ દૃષ્ટિ રાખી. જ્યારે યુવાન દેખાતો બંધ થયો ત્યારે હાય ! એ યુવાન સાથે મારો યોગ નહિ થાય....આમ વિચારતી તે મૃત્યુ પામી.

**સ્નેહથી મૃત્યુનું દૃષ્ટાંત** :–સાર્થવાહ પરદેશથી લાંબા કાળે સ્વઘરે આવી રહ્યો હતો. આ અવસરે એના મિત્રોએ એ ઘરે પહોંચે એ પહેલાં એની સ્ત્રીના પ્રેમની પરીક્ષા કરવા તેણીને તમારો સ્વામી મૃત્યુ પામ્યો છે એવા સમાચાર આપ્યા. સમાચાર સાંભળતાં જ સાર્થવાહની સ્ત્રી મૃત્યુ પામી. સાર્થવાહ ઘરે આવ્યો. પત્નીના મૃત્યુની વાત સાંભળીને તે જ ક્ષણે એ પણ મૃત્યુ પામ્યો. *

**ભયથી મૃત્યુનું દૃષ્ટાંત** :–ગજસુકુમાર મુનિનો ઘાત કરનાર સોમિલ બ્રાહ્મણ મુનિનો ઘાત કરીને ઘર તરફ જઈ રહ્યો હતો ત્યારે રસ્તામાં કૃષ્ણ મહારાજને જોતાં આ મને મારી નાખશે....એવા ભયથી મૃત્યુ પામ્યો.

**સ્પર્શથી મૃત્યુનું દૃષ્ટાંત** :–બ્રહ્મદત્ત ચક્રવર્તીના

---

* રૂપ વગેરે વિષયના આકર્ષણથી થતો પ્રેમ એ રાગ અને રૂપ વગેરે વિષયના આકર્ષણ વિના સામાન્યથી પ્રેમ એ સ્નેહ છે. રૂપાદિથી સ્ત્રી વગેરે પ્રત્યે થતો પ્રેમ એ રાગ, અને પુત્રાદિ ઉપર થતો પ્રેમ એ સ્નેહ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૃત્યુ પછી તેના પુત્રે બ્રહ્મદત્તની સ્ત્રી (સ્ત્રીરત્ન) પાસે વિષય-સુખની માગણી કરી. તેણીએ પુત્રને કહ્યું : તું મારા સ્પર્શને સહન નહિ કરી શકે. પુત્રને એના ઉપર વિશ્વાસ ન થયો. આથી ખાતરી કરાવવા માટે તેણીએ પુત્રસમક્ષ ઘોડાને સ્પર્શ કર્યો. ગરમીથી ઘોડાનું શરીર અગ્નિથી મીણ ઓગળે તેમ ઓગળવા લાગ્યું. થોડી જ વારમાં અશ્વ મૃત્યુ પામ્યો.

**આહારથી મૃત્યુનું દૃષ્ટાંત** :–સંપ્રતિ મહારાજાનો પૂર્વભવનો લિખારી જીવ આહાર માટે દીક્ષા લઈ અધિક ભોજન કરવાથી મૃત્યુ પામ્યો.

નિમિત્ત, વેદના, પરાઘાત અને શ્વાસોશ્વાસથી મૃત્યુ પામ્યાનાં દૃષ્ટાંતો જગતમાં ઘણા જ બનતાં હોવાથી સુપ્રસિદ્ધ છે.

આ સાત ઉપક્રમોથી આયુષ્યની સ્થિતિનો હ્રાસ થવાથી જલદી મૃત્યુ થાય છે. જેમ કે–કોઇ જીવનું આયુષ્ય ૧૦૦ વર્ષનું છે, અર્થાત્ આયુષ્યની સ્થિતિ ૧૦૦ વર્ષની છે. પણ તે આયુષ્ય અપવર્ત્ય હોવાથી ૭૫ વર્ષ થતાં સર્પદંશ આદિ કોઈ ઉપક્રમ લાગવાથી બાકીનું સઘળું આયુષ્ય (બાકીની સ્થિતિમાં રહેલા આયુષ્યના દલિકો) અંતર્મુહૂર્તમાં જ ભોગવાઈ જાય છે. તેથી તેનું મૃત્યુ થાય છે. અહીં ૨૫ વર્ષની સ્થિતિનો હ્રાસ થઈ ગયો. આ પ્રમાણે આયુષ્યની અપવર્તના થવાનું કારણ એ છે કે આયુષ્યના બંધ વખતે આયુષ્યકર્મના દલિકોનો બંધ શિથિલ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે આયુષ્યકર્મનો બંધ ગાઢ–મજબૂત થયો હોય એ આયુષ્યની સ્થિતિનો હ્રાસ ન થઈ શકે. જે આયુષ્યની સ્થિતિનો હ્રાસ ન થઈ શકે તે આયુષ્ય અનપવર્ત્ય કે અનપવર્તનીય કહેવાય છે. અનપવર્તનીય આયુષ્યના બે ભેદ છે. સોપક્રમ અને નિરુપક્રમ. જે આયુષ્યને વિષ આદિ બાહ્ય કે ભય આદિ અભ્યંતર ઉપક્રમો પ્રાપ્ત થાય તે સોપક્રમ અનપવર્તનીય આયુષ્ય. જે આયુષ્યને ઉપક્રમો પ્રાપ્ત ન થાય તે નિરુપક્રમ અનપવર્તનીય આયુષ્ય. ઉપક્રમ પ્રાપ્ત થાય કે ન થાય પણ અપવર્તનીય આયુષ્યની સ્થિતિનો હ્રાસ થાય જ નહિ.

આ સૂત્રમાં ઔપપાતિક, ચરમદેહી, ઉત્તમ પુરુષ અને અસંખ્ય વર્ષ આયુષ્યવાળા જીવોનું આયુષ્ય અનપવર્તનીય છે એમ જણાવ્યું છે. એ જીવોમાં ઔપપાતિક અને અસંખ્ય વર્ષવાળા જીવોનું નિરુપક્રમ અનપવર્તનીય આયુષ્ય હોય છે. ચરમદેહી અને ઉત્તમ પુરુષોનું નિરુપક્રમ અને સોપક્રમ એમ બંને પ્રકારનું અનપવર્તનીય આયુષ્ય હોય છે.

ઉક્ત ચાર પ્રકારથી અન્ય જીવો અપવર્ત્ય કે અનપવર્ત્ય એમ બંને પ્રકારના આયુષ્યવાળા હોય છે. અપવર્ત્ય આયુષ્યવાળા જીવોનું આયુષ્ય ઉપક્રમ લાગતાં ઘટી જાય છે.

**પ્રશ્ન :**—અપવર્તનીય આયુષ્યને જો ઉપક્રમ ન લાગે તો ન પણ ઘટે કે અવશ્ય ઉપક્રમ લાગે અને ઘટે જ ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર** :—અપવર્તનીય આયુષ્યને ઉપક્રમ લાગે, તેથી તે અવશ્ય ઘટી જાય. આથી અપવર્તનીય આયુષ્ય સોપક્રમ જ હોય છે.*




**પ્રશ્ન** :—૧૦૦ વર્ષનું આયુષ્ય ૫૦ વર્ષમાં શી રીતે ભોગવી શકાય ? શું એક કલાકનું કાર્ય અર્ધા કલાકમાં થઈ શકે ?

**ઉત્તર** :—હા, એક કલાકનું કાર્ય અર્ધા કલાકમાં શું એક મિનિટમાં પણ થઈ શકે. આ હકીકત આજના વૈજ્ઞાનિક સાધનોથી પણ સિદ્ધ થઈ શકે છે. પૂર્વે મનુષ્યો એક કલાકમાં જેટલો પંથ કાપી શકતા હતા તેનાથી પણ

* વિશેષાવશ્યકમ ૨૦૫૫ મી ગાથાની ટીકામાં અપવર્તનીય આયુષ્યને ઉપક્રમ લાગે જ એવો નિયમ નથી. આથી અપવર્તનીય આયુષ્ય ઉપક્રમ લાગે તો ઘટી જાય, ઉપક્રમ ન લાગે તો ન પણ ઘટે એમ જણાવ્યું છે. પ્રસ્તુત સૂત્રના ભાષ્ય આદિમાં અપવર્તનીય આયુષ્ય અવશ્ય ઘટી જાય એમ જણાવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધિક પંથ આજે વૈજ્ઞાનિક સાધનો–વિમાનો દ્વારા એક મિનિટમાં કાપી શકાય છે. એ પ્રમાણે અન્ય ઘણું કાર્યો પૂર્વે જેટલા સમયથી થતાં હતાં તેનાથી ઘણા જ ટૂંકા સમયમાં આજે વૈજ્ઞાનિક સાધનો દ્વારા કરી શકાય છે.

આ વિષયમાં શાસ્ત્રોમાં વ્યાવહારિક દૃષ્ટાંતો પણ અનેક આપ્યા છે. જેમ કે–(૧) ભીનું વસ્ત્ર સંકેલીને મૂકવામાં આવે તો સુકાતાં વાર લાગે, પણ જો પહોળું કરીને સુકવવામાં આવે તો શીઘ્ર સુકાઈ જાય છે. (૨) ઘાસની ગંજીને બળતાં વાર લાગે, પણ જો ઘાસ છૂટું કરી સળગાવવામાં આવે તો શીઘ્ર બળી જાય છે. (૩) આમ્રફળને ઝાડ ઉપર પાકવામાં જે સમય લાગે તેનાથી બહુ જ થોડા સમયમાં જ ઘાસની અંદર મૂકી પકાવી શકાય છે. તે જ પ્રમાણે અપવર્ત્ય આયુષ્યને ઉપક્રમ લાગતાં બાકી રહેલી સ્થિતિના દલિકો એક અંતર્મુહૂર્ત માત્રમાં જ ભોગવાઈ જાય છે, અને આયુષ્ય પૂર્ણ થાય છે. [૫૨]



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ત્રીજો અધ્યાય

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ મોક્ષમાર્ગ છે. તત્ત્વોની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન છે. તત્ત્વોના બોધ માટે જીવાદિતત્ત્વોનું નિરૂપણ અવશ્ય કરવું જોઈએ. આથી સૂત્રકાર ભગવંતે બીજા અધ્યાયમાં જુદી જુદી દૃષ્ટિએ જીવતત્ત્વનું નિરૂપણ કર્યું. આ ત્રીજા અધ્યાયમાં પણ ભિન્ન ભિન્ન દૃષ્ટિએ જીવોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. ચારગતિને આશ્રયીને જીવોના નારક, મનુષ્ય, તિર્યંચ અને દેવ એમ ચાર ભેદો છે. તેમાંથી અહીં સર્વ પ્રથમ નારક જીવોનું વર્ણન શરૂ કરે છે.

**નરકની સાત પૃથ્વીનાં નામો :—**

**रत्न-शर्करा-वालुका-पङ्क-धूम-तमो-महातमःप्रभा भूमयो घनाम्बु-वाता-ऽऽकाशप्रतिष्ठाः सप्ताऽधोऽधः पृथुतराः ॥ ३-१ ॥**

**રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, મહાતમઃપ્રભા એમ સાત ભૂમિઓ-પૃથ્વીઓ છે. એ સાત પૃથ્વીઓ ઘનાંબુ, વાત અને આકાશને આધારે રહેલી છે. ક્રમશઃ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**એક એકની નીચે આવેલી છે, અને ક્રમશઃ વધારે વધારે પહોળી છે.**

પ્રથમ રત્નપ્રભા પૃથ્વી એક રાજ (સ્વયંભૂરમણ સમુદ્ર સુધી) પહોળી છે. બીજી પૃથ્વી અઢી રાજ પહોળી છે. ત્રીજી પૃથ્વી ચાર રાજ પહોળી છે. ચોથી પૃથ્વી પાંચ રાજ પહોળી છે. પાંચમી પૃથ્વી છ રાજ પહોળી છે. છઠ્ઠી પૃથ્વી સાડા છ રાજ પહોળી છે. સાતમી પૃથ્વી સાત રાજ પહોળી છે. આ પ્રમાણે પૃથ્વીઓ નીચે નીચે વધારે પહોળી હોવાથી છત્રની ઉપર છત્રના જેવો તેમનો આકાર છે.

પ્રત્યેક પૃથ્વી ઘનાંબુ, ઘનવાત, તનુવાત અને આકાશને આધારે રહેલી છે. ઘનાંબુ એટલે ઘન પાણી. ઘનવાત એટલે ઘનવાયુ. તનુવાત એટલે પાતળો વાયુ. ઘનાંબુને ઘનોદધિ પણ કહેવામાં આવે છે.

સર્વપ્રથમ આકાશ છે. બાદ આકાશના આધારે તનુવાત રહેલ છે. બાદ તનુવાતના આધારે ઘનવાત રહેલ છે. બાદ ઘનવાતના આધારે ઘનાંબુ–ઘનોદધિ રહેલ છે. બાદ ઘનોદધિના આધારે તમઃતમઃપ્રભા પૃથ્વી રહેલી છે. બાદ પુનઃ ક્રમશઃ આકાશ, તનુવાત, ઘનવાત, ઘનોદધિ અને તમઃપ્રભા પૃથ્વી છે. એ પ્રમાણે સાતમી પૃથ્વી સુધી આ જ ક્રમ છે. આ વિચારણા નીચેથી ઉપરની અપેક્ષાએ છે. પણ જો ઉપરથી નીચેની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો, સર્વ પ્રથમ રત્નપ્રભા પૃથ્વી છે. બાદ ઘનોદધિ છે. બાદ ઘનવાત છે. બાદ તનુવાત છે. અંતે આકાશ છે. ત્યારપછી પુનઃ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શર્કરાપ્રભા પૃથ્વી, ઘનોદધિ, ઘનવાત, તનુવાત અને આકાશ છે. એ પ્રમાણે સાતમી પૃથ્વી સુધી આ જ ક્રમ છે. સર્વત્ર આકાશનો કોઈ આધાર નથી. કારણ કે આકાશ સ્વપ્રતિષ્ઠિત છે અને અન્યને આધાર રૂપ પણ છે.

ઘનોદધિ વગેરે વલયના-બંગડીના આકારે આવેલા હોવાથી તેમને વલય કહેવામાં આવે છે. ઘનોદધિ વલય, ઘનવાત વલય અને તનુવાત વલય.

આપણે રત્નપ્રભા પૃથ્વી ઉપર છીએ. રત્નપ્રભા પૃથ્વીમાં મનુષ્યો, તિર્યંચો, ભવનપતિ-વ્યંતરદેવો તથા નારકો એમ ચારે ય પ્રકારના જીવો છે. રત્નપ્રભા પૃથ્વી ૧૮૦૦૦૦ યોજન જાડી છે. તેના ત્રણ વિભાગ છે. ખરભાગ, પંકબહુલભાગ અને જલબહુલભાગ. ઉપરથી નીચે વિચારીએ તો પ્રથમ ખરભાગ છે. બાદ ક્રમશઃ પંકબહુલ અને જલબહુલ ભાગ છે. ખરભાગ ૧૬૦૦૦ યોજન જાડો છે. પંકબહુલભાગ ૮૪૦૦૦ યોજન જાડો છે. જલબહુલભાગ ૮૦૦૦૦ યોજન જાડો છે. ખરભાગના સૌથી ઉપરના ભાગમાં મનુષ્યો તથા તિર્યંચો રહે છે. ઉપર અને નીચે એક એક હજાર યોજન છોડીને મધ્યના ૧૪૦૦૦ યોજનમાં અસુરકુમાર સિવાયના ભવનપતિ દેવોના અને રાક્ષસ સિવાયના વ્યંતર દેવોના નિવાસો છે. પંકબહુલ ભાગમાં અસુર અને રાક્ષસ દેવોના નિવાસો છે. જલ-બહુલ ભાગમાં નરકાવાસો છે.

શર્કરાપ્રભા પૃથ્વીની જાડાઈ ૧૩૨૦૦૦ યોજન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાદ વાલુકાપ્રભા વગેરે પૃથ્વીની જાડાઈ ક્રમશઃ ચાર ચાર હજાર યોજન ન્યૂન છે. આથી વાલુકાપ્રભા વગેરે પૃથ્વીની જાડાઈ અનુક્રમે ૧૨૮૦૦૦ યોજન, ૧૨૪૦૦૦ યોજન, ૧૨૦૦૦૦ યોજન, ૧૧૬૦૦૦ યોજન, ૧૧૨૦૦૦ યોજન છે.

| પૃથ્વી | પૃથ્વીની જાડાઈ | પૃથ્વીની પહોળાઈ |
|---|---|---|
| રત્નપ્રભા | ૧૮૦૦૦૦ યો. | એક રજ્જુ |
| શર્કરાપ્રભા | ૧૩૨૦૦૦ યો. | અઢી રજ્જુ |
| વાલુકાપ્રભા | ૧૨૮૦૦૦ યો. | ચાર રજ્જુ |
| પંકપ્રભા | ૧૨૪૦૦૦ યો. | પાંચ રજ્જુ |
| ધૂમપ્રભા | ૧૨૦૦૦૦ યો. | છ રજ્જુ |
| તમઃપ્રભા | ૧૧૬૦૦૦ યો. | સાડા છ રજ્જુ |
| તમઃતમઃપ્રભા | ૧૧૨૦૦૦ યો. | સાત રજ્જુ |

દરેક પૃથ્વીમાં તિર્છું અંતર અસંખ્યાત કોડાકોડિ યોજન છે. રત્નપ્રભા આદિ સાત પૃથ્વીમાં અનુક્રમે ૧૩, ૧૧, ૯, ૭, ૫, ૩ અને ૧ પ્રતરો આવેલા છે. પ્રતરો (–પ્રસ્તરો) માળવાળા મકાનના ઉપરના ભાગમાં આવેલા તળીયા સમાન હોય છે. રત્નપ્રભા આદિ પૃથ્વીમાં અનુક્રમે ૩૦ લાખ, ૨૫ લાખ, ૧૫ લાખ, ૧૦ લાખ, ૩ લાખ, ૯૯૯૫ અને ૫ નરકાવાસો છે.

પ્રથમ પૃથ્વીમાં રત્નોની પ્રધાનતા હોવાથી તેને રત્નપ્રભા કહેવામાં આવે છે. બીજી પૃથ્વીમાં કાંકરાની મુખ્યતા હોવાથી તેને શર્કરાપ્રભા કહેવામાં આવે છે. ત્રીજી પૃથ્વીમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રેતીની પ્રચુરતા હોવાથી તેનું વાલુકાપ્રભા નામ છે. ચોથી પૃથ્વીમાં કાદવ ઘણો હોવાથી તેનું પંકપ્રભા નામ છે. પાંચમી પૃથ્વીમાં ધુમાડો બહુ હોવાથી તે ધૂમપ્રભા તરીકે ઓળખાય છે. છઠ્ઠી પૃથ્વીમાં તમસ્–અંધકાર વિશેષ હોવાથી તે તમઃપ્રભા તરીકે ઓળખાય છે. સાતમી પૃથ્વીમાં અતિશય અંધકાર હોવાથી તેને તમઃતમઃપ્રભા કહેવામાં આવે છે. દરેક પૃથ્વીમાં ઘનોદધિની જાડાઈ વીસ હજાર યોજન છે. ઘનવાત તથા તનુવાતની જાડાઇ દરેક પૃથ્વીમાં અસંખ્યાત યોજન છે. પણ નીચે નીચેની પૃથ્વીમાં ઘનવાત–તનુવાતની જાડાઈ અધિક અધિક છે. [ ૧ ]

## નરકાવાસોનું વર્ણન

## तासु नरकाः ॥ ३–२ ॥

**રત્નપ્રભા આદિ દરેક પૃથ્વીમાં નરકો–નરકાવાસો આવેલા છે.**

રત્નપ્રભા આદિ દરેક પૃથ્વીની જેટલી જાડાઈ છે તેમાંથી ઉપર અને નીચે એક એક હજાર યોજન છોડીને બાકીના ભાગમાં નરકો છે. જેમકે રત્નપ્રભા પૃથ્વીની જાડાઈ ૧૮૦૦૦૦ છે. તો ઉપરના એક હજાર યોજન તથા નીચેના એક હજાર છોડીને મધ્યના ૧૭૮૦૦૦ યોજનમાં નરકો છે. એ જ પ્રમાણે દરેક પૃથ્વીમાં પણ સમજવું.

રત્નપ્રભા આદિ સાત પૃથ્વીમાં અનુક્રમે ૧૩, ૧૧, ૯, ૭, ૫, ૩ અને ૧ : પ્રસ્તરો (–પ્રતરો) આવેલાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતરો માળવાળા મકાનના ઉપરના ભાગમાં આવેલ છજા-તળીયા સમાન હોય છે. એ પ્રતરોમાં નરકવાસો આવેલા છે. આ પ્રતરો ઉપર ઉપર આવેલાં છે. રત્નપ્રભા આદિ પૃથ્વીમાં અનુક્રમે ૩૦ લાખ, ૨૫ લાખ, ૧૫ લાખ, ૧૦ લાખ, ૩ લાખ, ૯૯૯૯૫ અને ૫ નરકાવાસો છે. આ નરકો-નરકાવાસો મુખ્યતયા ત્રણ પ્રકારના છે. ઇંદ્રક, પંક્તિગત અને પુષ્પાવકીર્ણ. બરોબર મધ્યમાં આવેલ નરકાવાસને ઇંદ્રક કહેવામાં આવે છે. દિશા-વિદિશામાં આવેલા પંક્તિબદ્ધ નરકાવાસો પંક્તિગત કહેવાય છે. છવાયેલાં પુષ્પોની જેમ છૂટા છૂટા આવેલા નરકાવાસો પુષ્પાવકીર્ણ કહેવાય છે. બધા ઇંદ્રક નરકાવાસ ગોળ છે. પંક્તિગત નરકાવાસો ત્રિખુણીયા, ચોખુણીયા અને વાટલાકારે છે. પુષ્પાવકીર્ણ નરકાવાસો જુદા જુદા અશુભ આકારવાળા છે.

દરેક નરકાવાસની ઊંચાઈ ત્રણ હજાર યોજન છે. લંબાઈ-પહોળાઈમાં કેટલાક નરકાવાસો સંખ્યાતા યોજન તો કેટલાક અસંખ્યાતા યોજન છે. પ્રથમ નરકમાં આવેલ પહેલો સીમંતક ઇંદ્રક નરકાવાસ ૪૫ લાખ યોજન લાંબો-પહોળો છે. સાતમી નરકમાં આવેલ અંતિમ અપ્રતિષ્ઠાન ઇંદ્રક નરકાવાસ ૧ લાખ યોજન લાંબો-પહોળો છે. (૨)

## નરકમાં લેશ્યા આદિની અશુભતા

**नित्याशुभतरलेश्या-परिणाम-देह-वेदना-विक्रियाः ॥३-३॥**

**નારકો સદા અશુભતર લેશ્યા, પરિણામ, દેહ,**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વેદના અને વિક્રિયાવાળા હોય છે. નરકના જીવોમાં લેશ્યા અતિ અશુભ, પુદ્ગલવર્ણ આદિનો પરિણામ અશુભ, દેહ અશુભ, વેદના અતિશય, ઉત્તર વૈક્રિય શરીર અત્યંત અશુભ હોય છે.**

(૧) **અશુભલેશ્યા** :—નરકના જીવોમાં કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણ અશુભ લેશ્યાઓ હોય છે. પહેલી અને બીજી નરકના જીવોમાં કાપોતલેશ્યા હોય છે. ત્રીજી પૃથ્વીમાં ઉપરના ભાગમાં આવેલા નારકોને કાપોત અને નીચેના ભાગમાં આવેલા નારકોને નીલલેશ્યા હોય છે. ચોથી નરકના જીવોમાં નીલ લેશ્યા હોય છે. પાંચમી નરકમાં ઉપરના ભાગના જીવોમાં નીલ અને નીચેના ભાગના જીવોમાં કૃષ્ણ લેશ્યા હોય છે. છઠ્ઠી તથા સાતમી નરકમાં કૃષ્ણ લેશ્યા હોય છે. પણ છઠ્ઠીથી સાતમી પૃથ્વીમાં વધારે અશુભ હોય છે.

**પ્રશ્ન** :—નરકમાં સમ્યક્ત્વ પામેલા તથા નવીન સમ્યક્ત્વ પામનારા જીવો પણ હોય છે. તેમની લેશ્યા શુભ હોય છે. તો આ સૂત્ર સાથે વિરોધ નહિ આવે ?

**ઉત્તર** :—ના. લેશ્યાના દ્રવ્ય અને ભાવ એમ બે ભેદો છે. તેમાં અહીં દ્રવ્યલેશ્યાને આશ્રયીને અશુભલેશ્યા હોય એમ પ્રતિપાદન કર્યું છે. ભાવ લેશ્યા તો નરકના જીવોમાં છએ હોય છે. અથવા અહીં અશુભ લેશ્યાનું પ્રતિપાદન બહુલતાને આશ્રયીને હોય એમ પણ સંભવે છે. શુભલેશ્યાવાળા જીવો કરતાં અશુભ લેશ્યાવાળા જીવો વધારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. આ દૃષ્ટિએ ટીકામાં બતાવવામાં આવેલ "अपरे मन्यन्ते–नारकाणां षडपि लेश्याः संभवन्ति, सम्यक्त्वप्रतिपत्तेः– નારકોમાં સમ્યક્ત્વની પ્રતિપત્તિ હોવાથી છએ લેશ્યા હોય છે." એ મતાંતરનું પણ સમાધાન થઈ જાય છે.

(૨) **અશુભ પરિણામઃ**—નરકમાં પુદ્ગલોનો પરિણામ અત્યંત અશુભ હોય છે. બંધન, ગતિ, સંસ્થાન, ભેદ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ અને શબ્દ એ દશ પ્રકારનો પુદ્ગલ પરિણામ અશુભ છે.

**બંધન**:—શરીર આદિ સાથે સંબંધમાં આવતા પુદ્ગલો અત્યંત અશુભ હોય છે. **ગતિ**:—અપ્રશસ્તવિહાયોગતિ નામકર્મનો ઉદય હોવાથી નારકોની ગતિ ઊંટ આદિની જેવી અપ્રશસ્ત હોય છે. **સંસ્થાન**:—જીવોની તેમજ ભૂમિની આકૃતિ જોનારને ઉદ્વેગ ઉત્પન્ન થાય તેવી હોય છે. **ભેદ**:—શરીર, ભીંત, વગેરેમાંથી ખરતા પુદ્ગલો અત્યંત અશુભ પરિણામવાળા બને છે. **વર્ણ**:—સર્વત્ર અંધકાર છવાયેલો રહે છે. તળીયાનો ભાગ શ્લેષ્મ આદિ અશુચિ પદાર્થથી લેપાયેલો હોય તેવો દેખાય છે. દરેક પદાર્થનો વર્ણ ત્રાસ ઉપજાવે તેવો અતિશય કૃષ્ણ હોય છે. **ગંધ**:—નરકની ભૂમિઓ ઝાડો, પેશાબ, લોહી, માંસ,* ચરબી વગેરે અશુભ પદાર્થોથી ખરડાયેલી હોવાથી તેમાંથી સદા દુર્ગંધ છૂટે છે.

* નરકમાં માંસ વગેરે હોતું નથી, પણ માંસ વગેરે જેવા પૃથ્વીના પરિણામ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**રસ :**—નરકના પદાર્થોનો રસ પણ લીમડા આદિના રસથી અધિક કડવો હોય છે. **સ્પર્શ :**—નરકના પદાર્થોનો સ્પર્શ પણ અધિક ઉષ્ણ અને વૃશ્ચિકદંશ આદિથી પણ અધિક પીડા ઉપજાવનાર હોય છે. **અગુરુ-લઘુ:**—શરીરનો અગુરુ-લઘુ પરિણામ પણ અનેક દુઃખોનો આશ્રય હોવાથી અનિષ્ટ-અશુભ હોય છે. **શબ્દ :**—હે માતા ! હે પિતા ! અમને છોડાવો ! કષ્ટમાંથી બચાવો ! આવા અનેક પ્રકારના કરુણ શબ્દો સંભળાય છે. આ શબ્દો સાંભળવા માત્રથી ત્રાસ ઉત્પન્ન કરે છે.

(૩) **અશુભદેહ :**—નરકના જીવોનું શરીર હુંડક સંસ્થાનવાળું હોય છે. શરીરના અવયવોની રચના પણ બેડોળ હોય છે. તેમનું શરીર વૈક્રિય હોવા છતાં દેવોના જેવું શુભ-પવિત્ર નથી હોતું, કિંતુ મલ-મૂત્ર આદિ અશુભ પદાર્થોથી ભરેલું હોય છે. શરીરનો વર્ણ અતિશય કૃષ્ણ અને ભય ઉત્પન્ન કરનાર હોય છે.

(૪) **અશુભવેદના:**—નરકના જીવોને ક્ષેત્રસંબંધી, પરસ્પરોદીરિત અને અસુરોદીરિત (પરમાધામીકૃત) એમ ત્રણ પ્રકારની વેદના નિરંતર હોય છે. પરસ્પરોદીરિત અને અસુરોદીરિત વેદનાનું પ્રતિપાદન ચોથા-પાંચમા સૂત્રમાં છે. એથી અહીં ક્ષેત્રસંબંધી વેદનાનું પ્રતિપાદન છે. નરકમાં શીત, ઉષ્ણ, ભૂખ, તૃષા, ખણજ, પરાધીનતા, જ્વર, દાહ, ભય, શોક એ દશ પ્રકારની ક્ષેત્રકૃત-ક્ષેત્રસંબંધી વેદના છે.

**શીતવેદના:**-નરકમાં સહન કરવી પડતી ઠંડીનો આછો ખ્યાલ આપણને આવે એ માટે શાસ્ત્રમાં સુંદર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપમાથી નરકની ઠંડીનું વર્ણન કર્યું છે. પોષમાસની રાત્રિ હોય, આકાશ વાદળરહિત હોય, શરીરને કંપાવે તેવો સનસનાટ પવન વાતો હોય, આ સમયે કોઈ માણસ હિમ પર્વતના અત્યંત ઉપરના ભાગમાં બેઠો હોય, ચારે બાજુ જરા પણ અગ્નિ ન હોય, ચોતરફ જગ્યા ખુલી હોય, તેના શરીર ઉપર એક પણ વસ્ત્ર ન હોય, આ સમયે તે માણસને ઠંડીનું દુઃખ જેટલું હોય તેથી અનંતગણું દુઃખ નરકાવાસમાં રહેલા નારકોને હોય છે. તે પણ અમુક સમય સુધી નહિ, પણ નિરંતર–સદા માટે આવી વેદના રહે છે. આવી ઠંડીની વેદના અનુભવતા તે નારકોને ત્યાંથી ઉપાડી અહીં મનુષ્યલોકમાં પૂર્વે કહેલા મનુષ્યના સ્થળે મૂકવામાં આવે તો જાણે ઠંડી અને પવન વિનાના સ્થાનમાં હોય તેમ ઘસઘસાટ ઉંઘી જાય.

**ઉષ્ણવેદના:**–નરકમાં થતી ઉષ્ણવેદનાને પણ શાસ્ત્રકારોએ બહુ જ સુંદર ઉપમાથી સમજાવી છે. જેઠ મહિનો હોય, આકાશ વાદળથી રહિત હોય, મધ્યાન્હ સમયે સૂર્ય બરોબર આકાશના મધ્ય ભાગે આવી ગયો હોય, પવન બિલકુલ ન હોય, આ સમયે પિત્તપ્રકોપવાળા અને છત્રીરહિત મનુષ્યને સૂર્યના અતિશય તાપથી જે વેદના થાય તેનાથી અનંતગણી વેદના નરકના જીવોને હોય છે. આવી તીવ્ર ઉષ્ણ વેદનાને સહન કરતા નારકને ઉપાડી મનુષ્યલોકમાં પૂર્વોક્ત સ્થળે મૂકવામાં આવે તો તે જાણે કોઈ ગરમી વિનાની શીતલ પવનવાળી જગ્યામાં ન હોય તેમ ઘસઘસાટ ઉંઘી જાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહેલી–બીજી અને ત્રીજી નરકમાં ઉષ્ણ વેદના હોય છે. ચોથી નરકમાં ઘણા નારકોને ઉષ્ણ તથા થોડા નારકોને શીત વેદના હોય છે. પાંચમી નરકમાં ઘણા નારકોને શીત તથા થોડા નારકોને ઉષ્ણ વેદના હોય છે. આથી ચોથી–પાંચમી નરકમાં બંને પ્રકારની વેદના હોય છે. છઠ્ઠી–સાતમી નરકમાં શીત વેદના હોય છે.

**ક્ષુધાવેદના**:–નરકના જીવોને ભૂખ એટલી બધી હોય કે, જગતમાં રહેલા બધા જ અનાજનું ભક્ષણ કરી જાય, ઘીના અનેક સમુદ્રોને બલાસ કરી નાખે, દૂધના સમુદ્રો પી જાય, યાવત્ જગતના બધા પુદ્ગલોનું ભક્ષણ કરી જાય, તો પણ તેમની ક્ષુધા ન શમે, બલકે અધિક અધિક વૃદ્ધિ પામે. **તૃષાવેદના**:–નારકોને તૃષા પણ સખત હોય છે. જગતના સઘળા સમુદ્રોનું પાન કરી જાય તો પણ તૃષા શાંત ન થાય, સદા હોઠ સુકાયેલા જ રહે, સદા ગળામાં શોષ રહ્યા જ કરે. **આણુજ**:–છૂરીથી શરીરને બણે તો પણ ન મટે તેવી અતિ તીવ બણુજ નિરંતર રહ્યા કરે છે. **પરાધીનતા**:–સદા પરમાધામીઓને વશ રહેવું પડે છે. **જ્વર**:–મનુષ્યને અધિકમાં અધિક જેટલો તાવ આવે તેનાથી અનંતગણો જ્વર નરકના જીવોને હોય છે. **દાહ**:–શરીરમાં સદા દાહ–બળતરા રહ્યા કરે છે. **ભય**:–અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન હોવાથી આગામી દુઃખને જાણે, તેથી સદા ભયભીત રહે છે. પરમાધામી તથા અન્ય નારકોનો પણ ભય રહ્યા કરે છે. **શોક**:–દુઃખ, ભય આદિના કારણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સદા શોકાતુર રહે છે. **અશુભવિક્રિયા** :–નરકના જીવોને અશુભ નામ કર્મનો ઉદય હોવાથી શુભ ઉત્તર વૈક્રિય શરીર બનાવવા પ્રયત્ન કરે છતાં અશુભ જ બને છે.

**પ્રશ્ન** :–નરક અને નારક શબ્દમાં અર્થભેદ છે કે એક અર્થ છે? **ઉત્તર** :–સામાન્યથી બંને શબ્દમાં અર્થ–ભેદ છે. નરક એટલે રત્નપ્રભા આદિ સાત પૃથ્વીઓ, અર્થાત્ જીવોને ઉત્પન્ન થવાનું સ્થાન. નારક એટલે નરકમાં ઉત્પન્ન થતો જીવ. પણ ક્યારેક નરકનો અર્થ આધારમાં આધેયના ઉપચારથી નરકનો જીવ પણ થાય છે. આ સૂત્રમાં અશુભ પરિણામનું વર્ણન યથાયોગ્ય નરક શબ્દના બંને અર્થને આશ્રયીને કરવામાં આવ્યું છે. અશુભ લેશ્યા વગેરેનું વર્ણન જીવ રૂપ અર્થને આશ્રયીને કરવામાં આવ્યું છે.

**પ્રશ્ન** :–અશુભતર શબ્દનો કયો અર્થ છે?

**ઉત્તર** :–અશુભતર એટલે નીચે નીચેની નરકમાં વધારે વધારે અશુભ. લેશ્યા આદિ નીચે નીચેની નરકમાં અધિક અધિક અશુભ હોય છે.

**પ્રશ્ન** :–અહીં નિત્ય શબ્દનો શો અર્થ છે?

**ઉત્તર** :–અહીં નિત્ય એટલે નિરંતર. અશુભ લેશ્યા વગેરે અમુક સમય સુધી હોય, બાદ નહિ, પુનઃ શરૂ થાય, એમ નહિ; કિન્તુ નિરંતર હોય છે. [૩]

**નરકમાં પરસ્પરોદીરિત વેદના** :–

**परस्परोदीरितदुःखाः ॥ ३–४ ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નારકો પરસ્પર ઉદીરિત (નરકના જીવોથી પરસ્પર કરાતા) દુઃખવાળા હોય છે.**

પૂર્વભવના વૈરી બે જીવ એકસ્થાને ઉત્પન્ન થયા હોય તો ક્ષેત્રાનુભાવજનિત શસ્ત્રોથી પરસ્પર યુદ્ધ કરે છે. અરે ! વૈરી ન હોય છતાં આ મારો પૂર્વભવનો વૈરી છે એમ અસત્ય કલ્પના કરીને એક શેરીનો કૂતરો બીજી શેરીના કૂતરા પાછળ પડે તેમ તેની પાછળ પડે છે અને શસ્ત્રોથી યુદ્ધ જમાવે છે. પરસ્પર યુદ્ધ મિથ્યાદૃષ્ટિ નારકો જ કરે, સમ્યગ્દૃષ્ટિ નહિ. સમ્યગ્દૃષ્ટિ નારકો તો સમતા ભાવે સહન કરે છે. [૪]

## નરકમાં પરમાધામીકૃત વેદના

**संक्लिष्टासुरोदीरितदुःखाश्च प्राक् चतुर्थ्याः ॥ ३-५ ॥**

**ત્રીજી નરક સુધીના નારકો સંક્લિષ્ટ અસુરોથી-પરમાધામીથી પણ દુઃખ પામે છે.**

અંબ, અંબર્ષિ, શ્યામ, શબલ, રુદ્ર, ઉપરુદ્ર, કાલ, મહાકાલ, અસિ, પત્રધનુ, કુંભ, વાલુક, વૈતરણી, ખરસ્વર, મહાઘોષ એમ પંદર પ્રકારના પરમાધામીઓ છે. આ પરમાધામીઓ નવા ઉત્પન્ન થયેલા નરકના જીવની પાસે સિંહગર્જના કરતા ચારે તરફથી દોડી આવે છે. અરે ! આ પાપીને મારો ! એને છેદી નાંખો ! એની કાયાના ટુકડે ટુકડા કરી નાંખો, એ પ્રમાણે કહીને ભાલા, બાણ, તલવાર વગેરે અનેક પ્રકારના શસ્ત્રોનો ઉપયોગ કરી નારકીના જીવને વીંધી નાંખે છે....છેદી નાંખે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અંબ** જાતિના પરમાધામીઓ રમતથી વિવિધ પ્રકારના ભયો ઉત્પન્ન કરે છે. ભયથી નાસતા જીવોની પાછળ પડે છે. દૂર સુધી પાછળ દોડીને કૂતરાની જેમ આમ તેમ દોડાવે છે. અરે ! આકાશમાં ઊંચે લઈ જઈને અદ્ધરથી ઊંધા મસ્તકે પત્થરની જેમ નીચે મૂકી દે છે, નીચે પડતાં તેમને વજ્રમય સળીઓ વડે વીંધે છે. મુદ્ગર આદિથી સખત પ્રહાર કરે છે. **અંબર્ષિ** પરમાધામીઓ અંબ જાતિના પરમાધામીઓથી હણાવાથી મૂર્છિત તથા નિશ્ચેતન જેવા બની ગયેલા નારકોના શરીરને કર્પણીઓથી કાપીને ટુકડે ટુકડા કરી નાંખે છે, જાણે કે શાક સમારે છે. **શ્યામ** જાતિના પરમાધામીઓ પણ તેમના અંગોપાંગને છેદી નાંખે છે. ઘટિકાલયમાંથી કાઢીને નીચે વજ્રમય ભૂમિ ઉપર ફેંકે છે, જાણે કે બોલ (દડો) ફેંકયો. વજ્રમય અણીદાર દંડવડે વીંધી નાંખે છે. ચાબુકના પ્રહાર કરે છે. પગથી ખૂંદી નાંખે છે.

**શબલ** જાતિના પરમાધામીઓ તો હદ કરી નાંખે છે. પેટ અને હૃદયને ચીરીને આંતરડાં, ચરબી, માંસ વગેરે બહાર કાઢે છે અને તેમને તેના દર્શન કરાવે છે. **રુદ્ર** જાતિના અસુરો પણ કયાં પાછી પાની કરે એમ છે. એ તો ધમધમાટ કરતા ત્યાં આવે છે અને તલવાર ચલાવે છે. ત્રિશૂળ, શૂળ, વજ્રમય શૂળી વગેરેમાં નારકોને પરોવે છે. પછી ધગધગતી ચિતામાં હોમી દે છે. ત્યારે શું **ઉપરુદ્ર** જાતિના દેવો રુદ્રોથી ઉતરે તેવા છે ? નહિ, નહિ. એ તો તેમનાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સવાયા છે. એ રુદ્ર નથી, પણ ઉપરુદ્ર છે. ઉપરુદ્ર પરમાધામીઓ નારકોના અંગોપાંગના ખંડ ખંડ ટુકડા કરીને રુદ્રોથી પણ અધિક વેદના ઉત્પન્ન કરે છે. કાલ જાતિના પરમાધામીઓ દુઃખથી રડતાં નારકોને પકડી પકડીને ધગધગતી લોઢી વગેરેમાં જીવતા માછલાની જેમ પકાવે છે.

**મહાકાલ** પરમાધામીઓથી થતી વિડંબનાની તો વાત જ શી કરવી ? એ માત્ર કાલ નથી, **મહાકાલ** છે. મહાકાલ પરમાધામીઓ નારકોને તેમના શરીરમાંથી સિંહના પુંછ જેવા આકારવાળા અને કોડી પ્રમાણ માંસના ટુકડાઓ કાપીને ખવડાવે છે. **અસિ** જાતિના પરમાધીઓનું કામ અસિ–તલવાર ચલાવવાનું છે. તલવાર આદિ શસ્ત્રો વડે હાથ, પગ, સાથળ, બાહુ, મસ્તક તથા અન્ય અંગોપાંગોને છૂંદીને છિન્નભિન્ન કરી નાખે છે. **પત્રધનુ** જાતિના પરમાધામીઓ અસિપત્ર વન વિકુર્વીને દેખાડે છે. છાયાના અભિલાષી બિચારા નારકો ત્યાં જાય છે. પણ ત્યાં જતાં જ તેમને અતિ દુઃખનો અનુભવ થાય છે. આ વનમાં તલવાર આદિ શસ્ત્રના આકાર સમાન પત્રોવાળા વૃક્ષો હોય છે. નારકો આવે એટલે તરત આ પરમાધામીઓ પવન વિકુર્વે છે. આથી વૃક્ષોનાં પર્ણો ધડાધડ ખરવા માંડે છે, અને નારકોના હાથ, પગ, કાન, હોઠ વગેરે અવયવો કપાઈ જાય છે. તેમાંથી લોહીની ધારાઓ છૂટે છે. **કુંભ** જાતિના પરમાધામીઓ નારકોને કુંભી, પચનક, શુંઠક વગેરે સાધનો ઉપર ઉકળતા તેલ આદિમાં ભજીયાની જેમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તળે છે. વાલુકા જાતિના પરમાધામીઓ નારકોને ભઠ્ઠીની રેતીથી અનંતગણી તપેલી કદંબવાલુકા નામની પૃથ્વીમાં તડતડ ફૂટતા ચણાની જેમ શેકી નાખે છે. વૈતરણી જાતિના પરમાધામીઓ વૈતરણી નદી વિકુર્વીને તેમાં નારકોને ચલાવે છે. આ નદીમાં ઉકળતા લાક્ષારસનો ઘોઘમાર પ્રવાહ વહેતો હોય છે. તેમાં ચરબી, પરુ, લોહી, વાળ અને હાડકાં તણાતાં હોય છે....અત્યંત તપી ગયેલી લોઢાની નાવમાં બેસાડે છે. અરસ્વર જાતિના પરમાધામીઓ ક્રોર શબ્દોના પ્રલાપો કરતા દોડી આવે છે.નારકો પાસે કુહાડાઓથી પરસ્પર શરીરની ચામડી છોલાવરાવે છે. જાતે પણ નિર્દયપણે કરવતો વડે શરીરના મધ્યભાગને લાકડાની જેમ ફાડે છે. વિકરાળ અને વજ્રના તીક્ષ્ણ કાંટાઓથી ભરપૂર ભયંકર મોટા શાલ્મલિ વૃક્ષો ઉપર ચડાવે છે. મહાઘોષ જાતિના પરમાધામીઓ નારકોને ગગનભેદી શબ્દોથી ભયભીત બનાવી દે છે. ભયથી નાશભાગ કરતા નારકોને પકડીને વધસ્થાનમાં રોકીને અનેક પ્રકારની કદર્થના પમાડે છે.

અરે ! આ પ્રમાણે પરમાધામીઓ નારકોને પછાડે, કાપી નાખે, તળી નાખે, છિન્નભિન્ન કરી નાખે, બાળી નાખે, શેકી નાખે, ઓગાળી નાખે, છતાં તેમનું શરીર પાપના ઉદયથી પારાના રસની જેમ તે જ પ્રમાણે મળી જાય. બિચારા નારકો મોતને ઇચ્છતા હોવા છતાં (આયુષ્યની સમાપ્તિ વિના) મરતા જ નથી.* [૫]

* નરક દુઃખોનું વિશેષ વર્ણન સ્થાનાંગ સૂત્ર, ભવભાવના વગેરે ગ્રંથોમાં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## નારકોના આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ

**તેષ્વેક-ત્રિ-સપ્ત-દશ-સપ્તદશ-દ્વાવિંશતિ-ત્રયસ્ત્રિંશ-ત્સાગરોપમાઃ સત્ત્વાનાં પરા સ્થિતિઃ ॥ ૩-૬ ॥**

**પ્રથમ નરક આદિમાં નારકોના આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ અનુક્રમે ૧, ૩, ૭, ૧૦, ૧૭, ૨૨, ૩૩ સાગરોપમની છે.**

ઉત્કૃષ્ટ સ્થિતિ એટલે વધારેમાં વધારે સ્થિતિ. અર્થાત્ જે સ્થિતિથી વધારે અન્ય સ્થિતિ ન હોય તે અંતિમ અધિક સ્થિતિ ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવાય છે. આ સૂત્રમાં માત્ર ઉત્કૃષ્ટસ્થિતિ બતાવી છે. જઘન્યસ્થિતિ ચોથા અધ્યાયમાં બતાવશે.

## નરકગતિ સંબંધી વિશેષ માહિતી :—

લોકના મુખ્યતયા ઊર્ધ્વ, અધો અને તિર્યગ્ એમ ત્રણ ભેદ છે. તેમાં અહીં સુધી અધોલોકનું વર્ણન કર્યું. હવે તિર્યગ્-તિર્ચ્છા લોકનું વર્ણન આવે છે. પણ તે પહેલાં આપણે નરક અંગેની થોડી વિશેષતાઓ વિચારી લઈએ.

**કોણ કઈ નરક સુધી** ઉત્પન્ન થઈ શકે? અસંજ્ઞી પર્યાપ્ત તિર્યંચ પહેલી નરકમાં જ ઉત્પન્ન થઈ શકે. ગર્ભજ ભુજપરિસર્પ બીજી નરક સુધી ઉત્પન્ન થઈ શકે. પક્ષી ત્રીજી નરક સુધી ઉત્પન્ન થઈ શકે. સિંહ ચોથી નરક સુધી ઉત્પન્ન થઈ શકે. સર્પ પાંચમી નરક સુધી ઉત્પન્ન થઈ શકે. સ્ત્રી છઠ્ઠી નરક સુધી ઉત્પન્ન થઈ શકે. મનુષ્ય અને મત્સ્ય સાતમી નરક સુધી ઉત્પન્ન થઈ શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નરકનું આયુષ્ય કયા જીવો બાંધે ?** મિથ્યાદૃષ્ટિ, મહાઆરંભી, મહાપરિગ્રહી, માંસાહારી, પંચેન્દ્રિય પ્રાણીઓનો વધ કરનાર, તીવ્રક્રોધી, રૌદ્રપરિણામી વગેરે પ્રકારના જીવો નરકાયુ બાંધે.

**કયા જીવો નરકમાંથી આવેલા છે, અને પુનઃ નરકમાં જ જાય ?** અતિક્રૂર અધ્યવસાયવાળા સર્પ, સિંહાદિ, ગીધ વગેરે પક્ષીઓ, મત્સ્ય વગેરે જલચર જીવો પ્રાયઃ નરકમાંથી આવે અને નરકમાં જાય. આ જીવો નરકમાંથી જ આવેલા હોય છે, એમ નિયમ નથી. પણ અતિ અશુભ અધ્યવસાયના કારણે સામાન્યથી તેમ કહી શકાય. તે જ પ્રમાણે આ જીવો નરકમાં જ જનારા છે એ નિયમ નથી. ઉપરોક્ત કારણે સામાન્યથી તેમ કહી શકાય.

**કયા સંઘયણવાળો જીવ કયી નરક સુધી જન્મે ?** સેવાર્ત સંઘયણવાળો જીવ બીજી નરક સુધી જન્મે. કીલિકા સંઘયણવાળો જીવ ત્રીજી નરક સુધી જન્મે. અર્ધનારાચ સંઘયણવાળો જીવ ચોથી નરક સુધી જન્મે. નારાચ સંઘયણવાળો જીવ પાંચમી નરક સુધી જન્મે. ઋષભનારાચ સંઘયણવાળો જીવ છઠ્ઠી નરક સુધી જન્મે. વજ્રઋષભનારાચ સંઘયણવાળો જીવ સાતમી નરક સુધી જન્મે.

**કયી નરકમાંથી આવેલો જીવ કઈ લબ્ધિ પામી શકે ?** પહેલી નરકમાંથી આવેલો જીવ ચક્રવર્તી થઈ શકે. પહેલી બીજી નરકમાંથી આવેલ જીવ વાસુદેવ કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બળદેવ થઈ શકે. પહેલી ત્રણમાંથી આવેલો જીવ અરિહંત થઈ શકે. પહેલી ચાર નરકમાંથી આવેલો જીવ કેવલી થઈ શકે. પહેલી પાંચ નરકમાંથી આવેલો જીવ ચારિત્રી થઈ શકે. પહેલી છ નરકમાંથી આવેલો જીવ દેશવિરતિ શ્રાવક થઈ શકે. ગમે તે નરકમાંથી આવેલો જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે.

**કયા પદાર્થો નરકોમાં ન હોય ?** નરકમાં દ્વીપ, સમુદ્ર, પર્વત, કુંડ, શહેર, ગામ, ઝાડ, ઘાસ, છોડ વગેરે બાદર વનસ્પતિ, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, દેવ, મનુષ્ય, તિર્યંચ પંચેંદ્રિય વગેરે નથી હોતા.

પણ સમુદ્‌ઘાત, વૈક્રિયલબ્ધિ, મિત્રતા આદિના વિષયમાં અપવાદ છે. કેવળીસમુદ્‌ઘાતમાં કેવળી જીવના આત્મપ્રદેશો સંપૂર્ણ લોકવ્યાપી બનતા હોવાથી સાતે નરકમાં હોય છે. વૈક્રિયલબ્ધિથી મનુષ્યો તથા તિર્યંચો નરકમાં જઈ શકે છે. દેવતાઓ પૂર્વભવના મિત્રને સાંત્વન આપવા નરકમાં જાય છે. ભવનપતિ અને વ્યંતર દેવો પ્રથમ નરક સુધી જ જઈ શકે છે. વૈમાનિક દેવો ત્રીજી નરક સુધી અને કોઈવાર ચોથી નરક સુધી જઈ શકે છે. સીતાજીનો જીવ સીતેંદ્ર લક્ષ્મણજીના જીવને આશ્વાસન આપવા ચોથી નરકે ગયો હતો. પરમાધામી દેવો ત્રીજી નરક સુધી હોય છે. પરમાધામી દેવો તો નારકોને કેવળ દુઃખ આપવા જ જાય છે.

**નારકોની ગતિ :**—નારકો મરીને પુનઃ નરકગતિમાં ન જન્મે. કારણ કે તેમને બહુઆરંભ, બહુપરિગ્રહ વગેરે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચૌદ રાજલોક


સિદ્ધો
સિદ્ધશિલા
૫. અનુત્તર
૪. ગ્રૈવેયક
૩. ગ્રૈવેયક
૨. ગ્રૈવેયક
ત્રસનાડી
૧૧
૧૨
૯
૧૦
૮
૭
૬
૫
૪
૩
૨
૧
રત્નપ્રભા પૃથ્વીનું દળ
↓
૧૮૦૦૦૦ યોજન
ઊર્ધ્વ લોક
અધો લોક
તિર્યક્‌લોક
૧૪
૧૩
૧૨
૧૧
૧૦
૯
૮
૭
૬
૫
૪
૩
૨
૧
→ ખાલી.૧૦.યો.
આઠ વાણવ્યંતર-નિલય
→ ખાલી.૧૦.યો.
આઠ વ્યંતરનિકાય
→ ખાલી.૧૦૦.યો.
→ ખાલી ૧૧૫૮૩ ૩/૪ યો.
→ દરેક પ્રતર ૩૦૦૦.યો.
૧૦.ભવનપતિ નિકાય
→ ખાલી
→ ખાલી ૧૦૦૦ યો.
યોજન
૧૮૦૦૦૦
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦
૭ નરક પૃથ્વી
૧૨ ૧૧ ૧૦ ૯ ૮ ૭ ૬ ૫ ૪ ૩ ૨ ૧
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
૧૨ ૧૧ ૧૦ ૯ ૮ ૭ ૬ ૫ ૪ ૩ ૨ ૧
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નરકનાં કારણો હોતા નથી. સરાગ સંયમ વગેરે દેવગતિના આસ્રવોનો અભાવ હોવાથી નારકો મરીને દેવગતિમાં પણ ઉત્પન્ન ન થાય. નરકમાંથી નીકળી મનુષ્ય કે તિર્યંચ-ગતિમાં જન્મે છે.

## નરકની સાબિતી

**પ્રશ્ન** :—નરકગતિ પ્રત્યક્ષ દેખાતી નથી તેથી હશે કે નહિ તેની શી ખાતરી ?

**ઉત્તર** :—નરકગતિ સર્વજ્ઞ ભગવંતોને પ્રત્યક્ષ છે. આપણને પ્રત્યક્ષ ન હોવા છતાં યુક્તિથી નરકગતિ સિદ્ધ થઈ શકે છે. નરકગતિ ન હોય તો અનેક પ્રશ્નો અણઉકેલ્યા રહે. જે જીવો હિંસા આદિ ઘોર પાપો કરે છે તે જીવો એ પાપોનું ફળ ક્યાં ભોગવે ? એનું ફળ મનુષ્યગતિમાં ન મળી શકે. મનુષ્યગતિમાં એક વખત ખૂન કરનારને અને દશ વખત ખૂન કરનારને પણ જેલ કે ફાંસી રૂપ સજા સમાન જ મળે છે. જેણે દશ વખત કે તેથી વધારે વખત ખૂનનું પાપ કર્યું છે, તેને એક વખત ખૂન કરનારથી વિશેષ ફળ ક્યારે મળે ? બીજી વાત. જે ખૂની પકડાતો નથી, અદૃશ્ય રીતે અનેક ખૂન, મારપીટ, લૂંટ-ફાટ, ચોરી, વ્યભિચાર વગેરે ઘોર પાપોનું સેવન કરે છે, તેનું ફળ કોણ આપશે ? કહો કે વારંવાર મનુષ્યગતિમાં ઉત્પન્ન થઈને અનેક પ્રકારની વ્યાધિ વગેરે રૂપે પૂર્વભવના ઘોર પાપોનું ફળ ભોગવશે. તો પછી પ્રશ્ન થાય છે કે જે આખી જીંદગી સુધી કેવળ પાપ કરે છે તેને તેનું ફળ તેના પાપને અનુરૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોઈએ, સદા કેવળ પાપ કરે છે માટે તેને જરા પણ સુખ વિના કેવળ દુઃખ જ નિરંતર મળવું જોઈએ. મનુષ્ય ગતિમાં કે તિર્યંચ ગતિમાં સદા કેવળ દુઃખ નથી મળતું, અમુક સમય દુઃખ પછી અમુક સમય સુખ મળે છે. દુઃખ વખતે પણ આંશિક સુખનો અનુભવ હોય છે. એટલે જે નિરંતર કેવળ પાપ જ કરે છે તેવા જીવોને તેના પાપને અનુરૂપ દુઃખ કયાં મળે? આ પ્રશ્નના ઉકેલ માટે નરક-ગતિની સત્તા સ્વીકારવી જ જોઈએ. [૬]

## તિર્ચ્છાલોકમાં* દ્વીપ-સમુદ્રો

**જમ્બૂદ્વીપ-લવણાદયઃ શુભનામનો દ્વીપ-સમુદ્રાઃ ॥૩-૭॥**

**તિર્ચ્છા લોકમાં જંબૂદ્વીપ, લવણ સમુદ્ર વગેરે શુભનામવાળા (અસંખ્ય) દ્વીપો અને સમુદ્રો આવેલા છે.**

અહીં સુધી અધોલોકનું વર્ણન કર્યું. હવે અહીંથી મધ્યલોકનું વર્ણન શરૂ કરે છે. તિર્ચ્છા લોકમાં પ્રથમ એક દ્વીપ, બાદ સમુદ્ર, બાદ પુનઃ દ્વીપ, બાદ સમુદ્ર એમ ક્રમશઃ અસંખ્ય દ્વીપો અને સમુદ્રો રહેલા છે. તેમનાં નામ શુભ હોય છે. જગતમાં શુભ પદાર્થોના જેટલા નામો છે, તે દરેક નામના દ્વીપો અને સમુદ્રો છે. અશુભ નામવાળો એક પણ દ્વીપ કે સમુદ્ર નથી. પ્રારંભના થોડા દ્વીપ-સમુદ્રોનાં ક્રમશઃ નામો નીચે મુજબ છે.

---

* રત્નપ્રભા પૃથ્વીનો સૌથી ઉપરનો ભાગ તિર્ચ્છો (–તિર્યગ્) લોક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) જંબૂદ્વીપ, (૨) લવણ સમુદ્ર (૩) ધાતકીખંડ (૪) કાલોદધિ સમુદ્ર (૫) પુષ્કરવર દ્વીપ (૬) પુષ્કરોદધિ સમુદ્ર (૭) વારૂણીવર દ્વીપ (૮) વારૂણીવર સમુદ્ર (૯) ક્ષીરવર દ્વીપ (૧૦) ક્ષીરવર સમુદ્ર (૧૧) ઘૃતવર દ્વીપ (૧૨) ઘૃતવર સમુદ્ર (૧૩) ઈક્ષુવર દ્વીપ (૧૪) ઈક્ષુવર સમુદ્ર (૧૫) નંદીશ્વર દ્વીપ (૧૬) નંદીશ્વર સમુદ્ર. સર્વથી અંતિમ સમુદ્રનું નામ સ્વયંભૂરમણ છે. **સમુદ્રનું પાણી** :–લવણનું ખારું, કાલોદધિનું અને પુષ્કરનું જળ જેવું, વારૂણીવરનું દારૂ જેવું, ક્ષીરવરનું દૂધ જેવું, ઘૃતવરનું ઘી જેવું, સ્વયંભૂરમણનું જળ જેવું, બાકીના બધા સમુદ્રોનું શેરડી જેવું. [૭]

**દ્વીપ સમુદ્રની પહોળાઈ તથા આકૃતિ :–**

**द्विर्द्विर्विष्कम्भाः पूर्वपूर्वपरिक्षेपिणो वलयाकृतयः ॥ ३–८॥**

**દ્વીપ–સમુદ્રો પૂર્વ પૂર્વના દ્વીપ-સમુદ્રથી બમણા પહોળા છે. પૂર્વ પૂર્વના દ્વીપ સમુદ્રને વીંટળાઈને રહેલા છે, અને બંગડીના આકારે છે.**

સર્વ પ્રથમ દ્વીપ જેટલો પહોળો છે તેનાથી તેના પછી આવેલો સમુદ્ર બમણો પહોળો છે. તેનાથી તેના પછી આવેલો દ્વીપ બમણો પહોળો છે. તેનાથી તેના પછી આવેલો સમુદ્ર બમણો પહોળો છે. આમ ક્રમશઃ પૂર્વ પૂર્વના દ્વીપ–સમુદ્રની પહોળાઈથી પછી પછીના દ્વીપ–સમુદ્રની પહોળાઈ બમણી છે.

જંબૂદ્વીપને તેના પછી આવેલો લવણ સમુદ્ર વીંટીને રહેલો છે. એ સમુદ્રને તેના પછી આવેલો ધાતકીખંડ દ્વીપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીંટીને રહેલો છે. એ દ્વીપને તેના પછી આવેલો કાલોદધિ સમુદ્ર વીંટીને રહેલો છે. આમ ક્રમશઃ પૂર્વ પૂર્વના દ્વીપ-સમુદ્રને પછી પછીનો દ્વીપ-સમુદ્ર વીંટીને રહેલો છે.

દરેક દ્વીપ-સમુદ્રનો આકાર બંગડી જેવો * ગોળ છે.[૮]

**સર્વ દ્વીપ-સમુદ્રોના મધ્યમાં આવેલા દ્વીપનું નામ વગેરે :-**

**तन्मध्ये मेरुनाभिर्वृत्तो योजनशतसहस्रविष्कम्भो जम्बूद्वीपः ॥ ३-९ ॥**

**સર્વ દ્વીપ-સમુદ્રોની મધ્યમાં જંબૂ નામે ગોળ દ્વીપ છે. તે એક લાખ યોજન પહોળો છે. તેની મધ્યમાં મેરુ પર્વત આવેલો છે.**

જંબૂદ્વીપ ૧ લાખ યોજન પહોળો છે. લવણ સમુદ્ર ૨ લાખ યોજન પહોળો છે. ધાતકીખંડ દ્વીપ ૪ લાખ યોજન પહોળો છે. કાલોદધિ સમુદ્ર ૮ લાખ યોજન પહોળો છે. પુષ્કરવરદ્વીપ ૧૬ લાખ યોજન પહોળો છે. પુરકરોદધિ સમુદ્ર ૩૨ લાખ યોજન પહોળો છે. આ પ્રમાણે અંતિમ સ્વયંભૂરમણ સમુદ્ર સુધી જાણવું.

જંબૂદ્વીપના બરોબર મધ્યમાં મેરુ પર્વત છે. તે ૧૦૦૦ યોજન જમીનમાં અને ૯૯૦૦૦ યોજન બહાર એમ કુલ ૧ લાખ યોજન ઊંચો છે. આ પવર્તના શિખર ઉપર આવેલા પાંડુક વનમાં ચાર દિશામાં ચાર શિલાઓ છે. એ શિલાઓ ઉપર આવેલા સિંહાસન ઉપર જિનેશ્વર

* જંબૂદ્વીપ સિવાય. જંબૂદ્વીપ થાળીના આકારે ગોળ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અસંખ્ય દ્વીપો અને સમુદ્રો




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવંતોનો જન્માભિષેક થાય છે. જેમ નાભિ શરીરના મધ્યભાગમાં છે, તેમ મેરુ પર્વત જંબૂદ્વીપની બરોબર મધ્યમાં છે. આથી મેરુ જંબૂદ્વીપની નાભિ રૂપ હોવાથી સૂત્રમાં જંબૂદ્વીપનું મેરુનાભિ વિશેષણ છે. [૯]

## જંબૂદ્વીપમાં આવેલાં ક્ષેત્રો :-

**भरत-हैमवत-हरिविदेह-रम्यक्-हैरण्यवतैरावतवर्षाः क्षेत्राणि ॥ ३-१० ॥**

**જંબૂદ્વીપમાં ભરત, હૈમવત, હરિવર્ષ, મહાવિદેહ, રમ્યક, હૈરણ્યવત અને ઐરાવત એ સાત ક્ષેત્રો આવેલાં છે.**

ભરતક્ષેત્ર દક્ષિણ દિશામાં આવેલું છે. ભરતથી ઉત્તરમાં હૈમવત વગેરે છ ક્ષેત્રો ક્રમશઃ આવેલાં છે. ભરત તથા ઐરાવત એ બે ક્ષેત્રો, હૈમવત અને હૈરણ્યવત બે ક્ષેત્રો, તથા હરિવર્ષ અને રમ્યક એ બે ક્ષેત્રો પ્રમાણ આદિથી તુલ્ય છે. જંબૂદ્વીપના અતિ મધ્યભાગે મહાવિદેહ ક્ષેત્ર છે. મેરુ પર્વત વ્યવહાર સિદ્ધ દિશાની અપેક્ષાએ સર્વક્ષેત્રોની ઉત્તરમાં છે. કારણ કે વ્યવહારથી જે દિશામાં સૂર્ય ઉગે તે પૂર્વ દિશા અને જે દિશામાં સૂર્ય અસ્ત પામે તે પશ્ચિમ દિશા. પૂર્વ દિશા તરફ મુખ કરીને ઊભા રહેતાં ડાબી તરફની દિશા ઉત્તર અને જમણી તરફની દિશા દક્ષિણ કહેવાય છે. ભરતમાં જે દિશામાં સૂર્યોદય થાય છે, તેનાથી વિપરીત દિશામાં ઐરાવતમાં થાય છે. આથી બંને ક્ષેત્રમાં પૂર્વ તરફ મુખ કરતાં મેરુ પર્વત ડાબી તરફ રહે છે. એ પ્રમાણે અન્ય ક્ષેત્રમાં પણ જાણવું. [૧૦]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંબૂદ્વીપમાં આવેલા કુલગિરિઓ-પર્વતો :-

**तद्विभाजिनः पूर्वापरायता हिमवन्महाहिमवन्निषध-नील-रुक्मि-शिखरिणो वर्षधरपर्वताः ॥ ३-११ ॥**

**જંબૂદ્વીપમાં આવેલાં ભરત, હૈમવત વગેરે ક્ષેત્રોનો વિભાગ કરનાર પૂર્વ-પશ્ચિમ લાંબા હિમવાન્, મહાહિમવાન્, નિષધ, નીલ, રુક્મિ અને શિખરી એ છ પર્વતો આવેલા છે.**

વર્ષ એટલે ક્ષેત્ર. ક્ષેત્રને (-ક્ષેત્રની મર્યાદાને) ધારણ કરે તે વર્ષધર. હિમવાન વગેરે પર્વતો ભરત વગેરે ક્ષેત્રોની સીમાને-મર્યાદાને ધારણ કરનારા હોવાથી વર્ષધર કહેવાય છે.

પૂર્વોક્ત ભરત આદિ સાત ક્ષેત્રો તથા હિમવાન વગેરે છ પર્વતો પૂર્વ-પશ્ચિમ લાંબા છે તથા ઉત્તર-દક્ષિણ પહોળા -વિસ્તારવાળા છે.

ભરતથી ઐરાવત તરફ જતાં પ્રથમ ભરત ક્ષેત્ર, બાદ હિમવાન પર્વત, બાદ હૈમવંત ક્ષેત્ર, બાદ મહાહિમવાન પર્વત, બાદ હરિવર્ષ ક્ષેત્ર, બાદ નિષધ પર્વત, બાદ મહાવિદેહ ક્ષેત્ર, બાદ નીલ પર્વત, બાદ રમ્યક ક્ષેત્ર, બાદ રુક્મિ પર્વત, બાદ હૈરણ્યવત ક્ષેત્ર, બાદ શિખરી પર્વત, બાદ ઐરાવત ક્ષેત્ર-આ ક્રમે જંબૂદ્વીપમાં ક્ષેત્રો અને પર્વતો આવેલાં છે. [૧૧]

હિમવાન અને શિખરી એ બે પર્વતોની લંબાઈ-પહોળાઈ સમાન છે. એ પ્રમાણે મહાહિમવાન અને રુક્મિ એ બે પર્વતોની તથા નિષધ અને નીલ એ બે પર્વતોની લંબાઈ-પહોળાઈ સમાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ધાતકીખંડ દ્વીપમાં ક્ષેત્રો અને પર્વતોની સંખ્યા:-**

द्विर्धातकीखण्डे ॥ ३-१२ ॥

**ધાતકીખંડમાં ક્ષેત્રો અને પર્વતો જંબૂદ્વીપથી બમણાં છે.**

જંબૂદ્વીપમાં જે નામવાળાં ક્ષેત્રો અને પર્વતો છે તે જ નામવાળાં ક્ષેત્રો અને પર્વતો ધાતકીખંડમાં આવેલાં છે. પણ દરેક ક્ષેત્ર અને પર્વત બે બે છે. બે ભરત, બે હૈમવત, બે હરિવર્ષ, બે મહાવિદેહ, બે રમ્યક, બે હૈરણ્યવત, બે ઐરાવત, એમ બે બે ક્ષેત્રો છે. એ જ પ્રમાણે પર્વતો પણ બે બે છે. [૧૨]

**પુષ્કરવરદ્વીપમાં ક્ષેત્રો અને પર્વતોની સંખ્યા :-**

पुष्करार्धे च ॥ ३-१३ ॥

**પુષ્કરવર દ્વીપના અર્ધા ભાગમાં પણ ક્ષેત્રો અને પર્વતો જંબૂદ્વીપથી બમણાં છે.**

પુષ્કર વર દ્વીપની બરોબર મધ્યમાં માનુષોત્તર પર્વત આવેલો છે. આ પર્વત કિલ્લાની જેમ વલયાકારે ગોળ છે. આથી પુષ્કરવરદ્વીપના બે વિભાગ પડી જાય છે. પુષ્કરવર દ્વીપનો વિસ્તાર કુલ ૧૬ લાખ યોજન છે. તેના બે વિભાગ થવાથી પ્રથમ વિભાગ ૮ લાખ યોજન પ્રમાણ અને બીજો વિભાગ ૮ લાખ યોજન પ્રમાણ છે. બે વિભાગમાંથી પ્રથમ અર્ધવિભાગમાં જ ક્ષેત્રો અને પર્વતો છે. ધાતકીખંડમાં જેટલાં ક્ષેત્રો અને પર્વતો છે તેટલાં ક્ષેત્રો અને પર્વતો પુષ્કરવર દ્વીપના અર્ધા વિભાગમાં છે. આથી જ આ સૂત્રમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધાતકીખંડની જેમ પુષ્કરવર દ્વીપના અર્ધા ભાગમાં ક્ષેત્ર અને પર્વતો જંબૂદ્વીપથી બમણાં છે એમ જણાવ્યું. ધાતકીખંડમાં ક્ષેત્રો અને પર્વતો બે બે છે એ ઉપરના સૂત્રના વિવેચનમાં જણાવી દીધું છે. [૧૩]

## મનુષ્યોના નિવાસસ્થાનની મર્યાદા :-

## प्राग् मानुषोत्तरान्मनुष्याः ॥ ३-१४ ॥

**માનુષોત્તર પર્વતની પહેલાં મનુષ્યો (મનુષ્યોનો વાસ) છે.**

દ્વીપો અને સમુદ્રો અસંખ્ય છે. પણ જન્મથી મનુષ્યોનો નિવાસ માનુષોત્તર પર્વતની પહેલાં જંબૂદ્વીપ, ધાતકીખંડ અને પુષ્કરવરનો અર્ધભાગ એમ અઢી દ્વીપોમાં જ છે. તિર્યંચોનો વાસ અઢી દ્વીપ ઉપરાંત બહારના દરેક દ્વીપ-સમુદ્રમાં પણ છે.

અઢી દ્વીપની બહાર મનુષ્યોનું ગમન-આગમન થાય છે. વિદ્યાધરો અને ચારણમુનિઓ નંદીશ્વરદ્વીપ સુધી જાય છે. અપહરણથી પણ મનુષ્યો અઢીદ્વીપની બહાર હોય છે. પણ ત્યાં કોઈપણ મનુષ્યનો જન્મ કે મરણ ન જ થાય. આથી જ પુષ્કરના અર્ધા ભાગ પછી આવેલ વલયાકાર પર્વતનું માનુષોત્તર નામ છે.

તદુપરાંત વ્યવહારસિદ્ધ કાળ, અગ્નિ, ચંદ્ર-સૂર્યાદિનું પરિભ્રમણ, ઉત્પાતસૂચક ગાંધર્વનગર આદિ ચિહ્નો વગેરે પદાર્થો અઢી દ્વીપની બહાર હોતા નથી. [૧૪]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મનુષ્યના ભેદો :-**

**આર્યા મ્લેચ્છાશ્ચ ॥ ૩-૧૫ ॥**

**મનુષ્યોના મુખ્યતયા આર્ય અને મ્લેચ્છ એમ બે ભેદ છે.**

આર્ય એટલે શ્રેષ્ઠ. શિષ્ટ લોકને અનુકૂળ આચરણ કરે તે આર્ય. આર્યથી વિપરીત મનુષ્યો અનાર્ય-મ્લેચ્છ. આર્યોના છ ભેદ છે. ક્ષેત્ર, જાતિ, કુલ, કર્મ, શિલ્પ અને ભાષા.

**(૧) ક્ષેત્ર આર્ય** :-દરેક મહાવિદેહની ૩૨ ચક્રવર્તી વિજયો, દરેક ભરતના સાડાપચીશ દેશો તથા દરેક ઐરાવતના સાડાપચીસ દેશો આર્ય છે. આથી એ ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો ક્ષેત્ર આર્ય-ક્ષેત્રથી આર્ય છે. આર્યક્ષેત્રમાં જન્મેલા મનુષ્યો બહુધા સારા સંસ્કારવાળા અને સદાચારવાળા હોય છે. આર્યક્ષેત્રની ભૂમિ પવિત્ર હોય છે. ધર્મ આર્યક્ષેત્રમાં જ થઈ શકે છે. આથી જ મહાપુરુષોએ આર્ય ક્ષેત્રની મહત્તા બતાવી છે. **(૨) જાતિ આર્ય** :-ઇક્ષ્વાકુ, વિદેહ, હરિ, જ્ઞાત, કુરુ, ઉગ્ર, ભોગ વગેરે ઉત્તમ વંશમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો જાતિ આર્ય છે. **(૩) કુલ આર્ય** : કુલકર, ચક્રવર્તી, વાસુદેવ વગેરે ઉત્તમકુળોમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો કુલ આર્ય છે. **(૪) કર્માર્ય** :-કર્મ એટલે ધંધો. અલ્પ પાપવાળો ધંધો કરનારા મનુષ્યો કર્મ આર્ય છે. જેમ કે-વેપારી, ખેડૂત, સુથાર, અધ્યાપક વગેરે. **(૫) શિલ્પ આર્ય** :-શિલ્પ એટલે કારીગરી. માનવજીવનમાં જરૂરી કારીગરી કરનારા મનુષ્યો શિલ્પ આર્ય છે. જેમ કે-વણકર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુંભાર વગેરે. (૬) ભાષા આર્ય :-શિષ્ટપુરુષોને માન્ય, સુવ્યવસ્થિત શબ્દોવાળી, સ્પષ્ટ ઉચ્ચારવાળી, સંસ્કૃત ભાષા બોલે તે મનુષ્યો ભાષા આર્ય.

મ્લેચ્છ:-કર્મભૂમિમાં યવન, શક, ભીલ વગેરે જાતિના મનુષ્યો તથા અકર્મ ભૂમિના સઘળા મનુષ્યો મ્લેચ્છ છે. [૧૫]

## કર્મભૂમિની સંખ્યા:-

**भरतैरावतविदेहा कर्मभूमयोऽन्यत्र देवकुरूत्तर-**
**कुरुभ्यः ॥ ३-१६ ॥**

**પાંચ ભરત, પાંચ ઐરાવત અને પાંચ મહા-વિદેહ એમ ૧૫ ક્ષેત્રો કર્મભૂમિ છે. પણ તેમાં દેવકુરુ અને ઉત્તરકુરુ અકર્મભૂમિ છે.**

કર્મના નાશ માટેની ભૂમિ કર્મભૂમિ. અર્થાત્ જે ભૂમિમાં સકલ કર્મોનો ક્ષય કરી સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે તે કર્મભૂમિ. મોક્ષમાર્ગના જ્ઞાતા તથા ઉપદેશક તીર્થંકર ભગવંતો કર્મભૂમિમાં જ ઉત્પન્ન થાય.

૧૦૧ ક્ષેત્રો—

લઘુહિમવંત પર્વતના છેડાથી ઈશાન આદિ ચાર વિદિશાઓમાં લવણસમુદ્ર તરફ ચાર દાઢા આવેલી છે. દરેક દાઢા ઉપર સાત સાત દ્વીપો છે. એથી કુલ ૨૮ દ્વીપ થયા. એ જ પ્રમાણે શિખરીપર્વતની ચાર દાઢાઓમાં કુલ ૨૮ દ્વીપો છે. આ દ્વીપો લવણસમુદ્રમાં હોવાથી અંતર્દ્વીપો કહેવાય છે. આમ કુલ ૫૬ અંતર્દ્વીપો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવિદેહ ક્ષેત્રમાં મેરુની દક્ષિણમાં દેવકુરુ ક્ષેત્ર અને મેરુની ઉત્તરમાં ઉત્તરકુરુ ક્ષેત્ર આવેલ છે.

૫૬ અંતર્દ્વીપો, ૫ દેવકુરુ, ૫ ઉત્તરકુરુ, ૫ ભરત, ૫ મહાવિદેહ, ૫ હૈમવત, ૫ હૈરણ્યવત, ૫ હરિવર્ષ, ૫ રમ્યક, ૫ મહાવિદેહ, ૫ ઐરાવત–એમ કુલ ૧૦૧ મનુષ્યનાં ક્ષેત્રો છે. તેમાંથી ૫ ભરત, ૫ ઐરાવત અને ૫ મહાવિદેહ એ ૧૫ ક્ષેત્રો કર્મભૂમિ છે. બાકીનાં સઘળાં ક્ષેત્રો અકર્મભૂમિ છે. [૧૬]

### મનુષ્યોના આયુષ્યનો કાળઃ–

**નૃસ્થિતી પરાપરે ત્રિપલ્યોપમાન્તર્મુહૂર્તે ॥૩–૧૭॥**

**મનુષ્યોની પર અને અપર સ્થિતિ અનુક્રમે ત્રણ પલ્યોપમ અને અંતર્મુહૂર્ત છે.**

પર એટલે ઉત્કૃષ્ટ–વધારેમાં વધારે. અપર એટલે જઘન્ય–ઓછામાં ઓછી. મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યોપમ અને જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. આ નિયમ ગર્ભજ મનુષ્યોની અપેક્ષાએ છે. સંમૂર્ચ્છિમ મનુષ્યોનું આયુષ્ય જઘન્યથી કે ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત પ્રમાણ જ છે. [૧૭]

### તિર્યંચોના આયુષ્યનો કાળઃ–

**તિર્યગ્યોનીનાં ચ ॥૩–૧૮॥**

**તિર્યંચોની પણ પર અને અપર સ્થિતિ અનુક્રમે ત્રણ પલ્યોપમ અને અંતર્મુહૂર્ત છે.**

તિર્યંચોની વિશેષથી સ્થિતિ (–તે તે જીવોનું આયુષ્ય) નીચે મુજબ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ઉત્કૃષ્ટ આયુષ્ય

| જીવો | આયુષ્ય | જીવો | | આયુષ્ય |
|---|---|---|---|---|
| પૃથ્વીકાય | ૨૨ હજાર વર્ષ | પંચેન્દ્રિય ગર્ભજ | ઉરપરિ સર્પ | પૂર્વ ક્રોડ વર્ષ |
| અપ્કાય | ૭ હજાર વર્ષ | ,, ,, | ભુજપરિસર્પ | |
| તેજસ્કાય | ૩ દિવસ | ,, ,, | જલચર | |
| વાયુકાય | ૩ હજાર વર્ષ | ,, ,, | ચતુષ્પદ | ત્રણ પલ્યોપમ |
| વનસ્પતિકાય | ૧૦ હજાર | ,, ,, | પક્ષિ | ૭૨ હજાર વર્ષના ત્રીજા ભાગ |
| બેઇન્દ્રિય | ૧૨ વર્ષ | પંચેન્દ્રિય સંમૂર્છિમ | સ્થલચર | ૮૪૦૦૦ વર્ષ |
| તેઇન્દ્રિય | ૪૯ દિવસ | ,, ,, | ખેચર | ૭૨૦૦૦ વર્ષ |
| ચઉરિંદ્રિય | ૬ માસ | ,, ,, | ઉરપરિસર્પ | ૫૩૦૦૦ વર્ષ |
| | | ,, ,, | ભુજપરિસર્પ | ૪૨૦૦૦ વર્ષ |
| | | ,, ,, | જલચર | પૂર્વ ક્રોડવર્ષ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનુષ્યો અને તિર્યંચોની ભવસ્થિતિ અને કાયસ્થિતિ એમ બે પ્રકારની સ્થિતિ છે. વર્તમાન ભવના આયુષ્યની સ્થિતિ તે ભવસ્થિતિ. કાયસ્થિતિ એટલે તે જ ભવમાં પુનઃ પુનઃ નિરંતર ઉત્પત્તિનો કાળ. જે ભવમાં પુનઃ પુનઃ નિરંતર જેટલા કાળ સુધી ઉત્પન્ન થઈ શકે તે ભવની તેટલી કાયસ્થિતિ. અહીં બે સૂત્રોમાં ભવસ્થિતિની વિચારણા થઈ. મનુષ્યોની અને તિર્યંચોની કાયસ્થિતિ નીચે મુજબ છે.

| જીવો | કાયસ્થિતિ |
|---|---|
| પૃથ્વીકાય–અપ્કાય<br>તેઉકાય–વાયુકાય<br>પ્ર૦ વનસ્પતિકાય | અસંખ્યાત ઉત્સર્પિણી–<br>અવસર્પિણી |
| સા૦ વનસ્પતિકાય | અનંત ઉત્સ૦–અવસ૦ |
| વિકલેંદ્રિય | સંખ્યાતા હજાર વર્ષ |
| પંચેન્દ્રિય તિર્યંચ–મનુષ્ય | ૭ કે ૮ ભવ |

પૃથ્વીકાય અસંખ્ય ઉત્સર્પિણી–અવસર્પિણી સુધી નિરંતર પુનઃ પુનઃ પૃથ્વીકાયપણે ઉત્પન્ન થઈ શકે છે. એ જ પ્રમાણે અપ્કાય આદિ વિશે પણ સમજવું. મનુષ્યનો જીવ પુનઃ પુનઃ નિરંતર સાત ભવ સુધી મનુષ્ય થઈ શકે છે. આઠમા ભવે જો દેવકુરુ કે ઉત્તરકુરુમાં યુગલિક મનુષ્ય રૂપે ઉત્પન્ન થાય તો મનુષ્યની કાયસ્થિતિ આઠ ભવ થાય. અન્યથા સાત ભવ થાય. એ જ પ્રમાણે તિર્યંચ પંચેન્દ્રિય વિશે પણ જાણવું.

જઘન્ય કાયસ્થિતિ મનુષ્યની કે સર્વ પ્રકારના તિર્યંચોની અંતર્મુહૂર્ત છે. [૧૮]

---



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચોથો અધ્યાય

જીવ તત્ત્વનું વર્ણન ચાલે છે. તેમાં ત્રીજા અધ્યાયમાં નારક મનુષ્ય અને તિર્યંચોને આશ્રયીને પ્રતિપાદન કર્યું. હવે ચોથા અધ્યાયમાં દેવ સંબંધી અનેક વિષયોનું પ્રતિપાદન કરે છે–

## દેવોના ભેદોઃ–

**देवाश्चतुर्निकायाः ॥४–१॥**

**દેવો ચાર નિકાયના–પ્રકારના છે.**

અહીં નિકાય શબ્દ પ્રકાર–જાતિ અર્થમાં છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક એમ દેવોના ચાર પ્રકાર છે.

રત્નપ્રભા પૃથ્વીનું પિંડ ૧ લાખ ૮૦ હજાર યોજન છે. તેમાં ઉપર નીચેના એક એક હજાર યોજન છોડને મધ્યના ૧ લાખ ૭૮ હજાર યોજનમાં ભવનપતિ દેવોના નિવાસો છે. ઉપરના જે એક હજાર યોજન છોડેલા છે તેમાંથી ઉપરના અને નીચેના સો સો યોજન છોડીને બાકીના આઠ સો યોજનમાં વ્યંતર દેવોના નિવાસો છે. ઉપરના સો યોજનમાંથી ઉપર નીચે દશ દશ યોજન છોડીને મધ્યના એંશી યોજનમાં વાણુ વ્યંતર દેવોના નિવાસો છે. સમભૂતલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૃથ્વીથી ઉચે ( ઊર્ધ્વ ) ૭૯૦ યોજન બાદ ૧૧૦ યોજન પ્રમાણ વિસ્તારમાં જ્યોતિષ દેવો વસે છે. ત્યારબાદ કંઈક અધિક અર્ધરજ્જુ ઉપર ગયા બાદ વૈમાનિક દેવોની હદ શરૂ થાય છે.

અહીં ભવનપતિ આદિ દેવોનું જે સ્થાન બતાવવામાં આવ્યું છે તે જન્મને આશ્રયીને છે. પોત પોતાના ઉત્પત્તિ-સ્થાને ઉત્પન્ન થયેલા ભવનપતિ આદિ દેવો લવણ સમુદ્ર આદિ સ્થળે આવેલા નિવાસોમાં પણ રહે છે. તથા જંબૂ-દ્વીપની જગતી ઉપર આવેલી વેદિકા ઉપર અને અન્ય રમણીય સ્થળોમાં ક્રીડા કરે છે. મધ્યલોકમાં જંબૂદ્વીપથી અસંખ્ય દ્વીપ સમુદ્ર ગયા બાદ પણ વ્યંતર દેવોના આવાસો છે. ત્યાં કોઈ વ્યંતર દેવ ઉત્પન્ન ન થાય. પૂર્વે બતાવેલા સ્થાને ઉત્પન્ન થયેલા વ્યંતરો ત્યાં નિવાસ કરે છે. [૧]

## જ્યોતિષ્ક દેવોની લેશ્યાઃ-

## तृतीयः पीतलेश्यः ॥४-२॥

## ત્રીજા પ્રકારના દેવો પીતલેશ્યાવાળા છે.

અહીં લેશ્યા શબ્દ વર્ણ અર્થમાં છે. કારણકે અધ્ય-વસાય રૂપ લેશ્યા તો છએ હોય છે. જ્યોતિષ દેવોને શારી-રિક વર્ણ રૂપ પીતલેશ્યા-તેજોલેશ્યા હોય છે. [૨]

## દેવોના અવાંતરભેદોઃ-

## दशा-ऽष्ट-पञ्च-द्वादश-विकल्पाः कल्पोपपन्न-पर्यन्ताः ॥ ४-३ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભવનપતિ આદિ ચાર પ્રકારના દેવોના અનુક્રમે દશ, આઠ, પાંચ અને બાર ભેદો છે. આ ભેદો કલ્પોપપન્ન દેવોના છે.**

ભવનપતિ દેવો ૧૦ પ્રકારના છે. વ્યંતર દેવો ૮ પ્રકારના છે. જ્યોતિષી દેવો ૫ પ્રકારના છે. વૈમાનિક દેવો ૧૨ પ્રકારના છે. વૈમાનિક દેવોના ૧૨ ભેદ ૧૨ દેવલોકને આશ્રયીને છે. આ સઘળા દેવો કલ્પોપપન્ન કહેવાય છે. કલ્પ એટલે મર્યાદા–આચાર. જ્યાં નાના મોટા વગેરેની પરસ્પર મર્યાદા હોય, જ્યાં પૂજ્યોની પૂજા કરવા વગેરેના આચારો હોય તે સ્થાનમાં ઉત્પન્ન થયેલા દેવો કલ્પોપપન્ન કહેવાય છે. ભવનપતિ દેવોથી આરંભી બારમા દેવલોક સુધીના દેવોમાં નાના મોટાની મર્યાદા તથા પૂજ્યની પૂજા વગેરેનો આચાર હોય છે. આથી ત્યાં સુધીના દેવો કલ્પોપપન્ન કહેવાય છે. [૩]

**ભવનપતિ આદિના પ્રત્યેક અવાંતર ભેદના ભેદો**

**ઇન્દ્ર–સામાનિક–ત્રાયસ્ત્રિંશ–પારિષાદ્યા–ઽઽત્મરક્ષ–લોકપાલાઽનીક–પ્રકીર્ણકાઽઽભિયોગ્ય–કિલ્વિષિકાશ્ચૈકશઃ॥૪–૪॥**

**ભવનપતિ આદિના પ્રત્યેક અવાંતરભેદના ઇંદ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશ, પારિષાદ્ય, આત્મરક્ષ, લોકપાલ, અનીક, પ્રકીર્ણક, આભિયોગ્ય, કિલ્બિષિક એ દશ ભેદો છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) **ઇંદ્રઃ**–સર્વ દેવોના અધિપતિ–રાજા. (૨) **સામાનિકઃ**–ઇન્દ્ર સમાન ઋદ્ધિવાળા તથા પિતા, ઉપાધ્યાય, વગેરે સમાન ઇન્દ્રને પણ આદરણીય અને પૂજનીય. (૩) **ત્રાયસ્ત્રિંશઃ**–ઇન્દ્રને સલાહ આપનાર મંત્રી કે શાંતિક–પૌષ્ટિક કર્મદ્વારા પ્રસન્ન રાખનાર પુરોહિત સમાન. આ દેવો ભોગમાં બહુ આસક્ત રહેતા હોવાથી દોષદૂષક પણ કહેવાય છે. (૪) **પારિષાદ્યઃ**–ઇન્દ્રની સભાના સભ્યો. તેઓ ઇંદ્રના મિત્ર હોય છે. અવસરે અવસરે ઇંદ્રને વિનોદ આદિ દ્વારા આનંદ પમાડે છે. (૫) **આત્મરક્ષઃ**–ઇંદ્રની રક્ષા માટે કવચ ધારણ કરી શસ્ત્ર સહિત ઇન્દ્રની પાછળ ઉભા રહેનાર દેવ. યદ્યપિ ઇંદ્રને કોઈ પ્રકારનો ભય હોતો નથી, તો પણ ઇંદ્રવિભૂતિ બતાવવા તથા અન્ય દેવો ઉપર પ્રભાવ પાડવા માટે આત્મરક્ષક દેવ હોય છે. (૬) **લોકપાલઃ**–પોલિસ કે ચોકિયાત સમાન. (૭) **અનીકઃ**–લશ્કર તથા સેનાધિપતિ. (૮) **પ્રકીર્ણકઃ**–શહેર કે ગામમાં રહેનાર ચાલુ પ્રજા સમાન. (૯) **આભિયોગ્યઃ**–નોકર સમાન. તેમને વિમાનવહન આદિ કાર્યો ફરજીયાત કરવા પડે છે. (૧૦) **કિલ્બિષકઃ**–અંત્યજ સમાન હલકાં દેવો. યદ્યપિ અહીંની જેમ દેવલોકમાં હલકા કાર્યો કરવા પડતા નથી, કિન્તુ તેમની ગણતરી હલકા દેવોની કોટિમાં થાય છે. અન્ય દેવો તેમને હલકી દૃષ્ટિથી જુએ છે. [૪]

## વ્યંતર–જ્યોતિષી દેવોમાં ત્રાયસ્ત્રિંશ અને લોકપાલનો અભાવઃ–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**त्रायस्त्रिंश-लोकपालवर्जा व्यन्तर-ज्योतिष्काः ॥ ४-५ ॥**

**વ્યંતર અને જ્યોતિષ્ક નિકાય ત્રાયસ્ત્રિંશ અને લોકપાલથી રહિત છે.**

પૂર્વસૂત્રમાં ભવનપતિ આદિ ચારેય જાતિના અવાંતર પ્રત્યેક ભેદના ઇંદ્ર આદિ દશ ભેદો બતાવ્યા. પણ વ્યંતર અને જ્યોતિષી દેવોમાં ત્રાયસ્ત્રિંશ અને લોકપાલનો અભાવ હોવાથી આ સૂત્રમાં તે બેનો નિષેધ કર્યો. આથી વ્યંતર અને જ્યોતિષના અવાંતર પ્રત્યેક ભેદના ત્રાયસ્ત્રિંશ અને લોકપાલ રહિત ઇંદ્રાદિ આઠ ભેદો છે. [ ૫ ]

**ભવનપતિ અને વ્યંતરનિકાયમાં ઇંદ્રોની સંખ્યાઃ-**

**पूर्वयोर्द्वीन्द्राः ॥ ४-६ ॥**

**પૂર્વના બે દેવનિકાય [ ભવનપતિ વ્યંતર ] માં બે બે ઇંદ્રો છે.**

પૂર્વના બે નિકાય-ભેદ ભવનપતિ અને વ્યંતર છે. ભવનપતિ અને વ્યંતર નિકાયમાં બે બે ઇંદ્રો છે. ભવનપતિના અસુરકુમાર આદિ દશ ભેદો આગળ જણાવશે. અસુરકુમાર આદિ પ્રત્યેક ભેદના દેવોમાં બે બે ઇંદ્રો હોવાથી ભવનપતિના કુલ ૨૦ ઇંદ્રો છે. વ્યંતરનિકાયના વ્યંતર અને વાણવ્યંતર એમ બે ભેદો છે. તે બંનેના અવાંતર ભેદો આઠ આઠ છે. પ્રત્યેક અવાંતર ભેદના દેવોમાં બે બે ઇંદ્રો હોવાથી વ્યંતરના ૧૬ અને વાણવ્યંતરના ૧૬ મળી વ્યંતરનિકાયના કુલ ૩૨ ઇંદ્રો છે. જ્યોતિષ્ક નિકાયના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂર્ય અને ચંદ્ર એમ બે ઇંદ્રો છે. વૈમાનિક નિકાયના પ્રથમના ૮ દેવલોકના ૮ ઇંદ્રો અને ૯-૧૦ મા દેવલોકનો એક ૧૧-૧૨ મા દેવલોકનો એક એમ કુલ ૧૦ ઇંદ્રો છે. આ સર્વ ઇંદ્રોની સંખ્યા ૬૪ થાય છે. આ ચોસઠ ઇંદ્રો દરેક તીર્થંકરનો જન્મ થતાં તેમને મેરુ પર્વતના શિખર ઉપર આવેલા પાંડુક વનમાં લાવે છે, અને તે વનમાં રહેલી શિલાઓ ઉપર આવેલ સિંહાસન ઉપર પ્રભુનો જન્માભિષેક કરે છે.

યદ્યપિ જ્યોતિષ્ક દેવોમાં દરેક સૂર્ય વિમાનમાં અને દરેક ચંદ્રવિમાનમાં એક એક ઇંદ્ર હોય છે. સૂર્યવિમાનો તથા ચંદ્રવિમાનો અસંખ્યાતા છે. આથી ઇંદ્રો પણ અસંખ્યાતા છે. છતાં અહીં જાતિની અપેક્ષાએ જ્યોતિષીના બે જ ઇન્દ્રોની ગણતરી કરી છે. વૈમાનિકના ૧૨ દેવલોકથી ઉપર નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર આવેલા છે. ત્યાંના દેવો કલ્પાતીત (-કલ્પથી રહિત) હોવાથી ત્યાં ઇંદ્ર વગેરે ભેદો નથી. [ ૬ ]

## ભવનપતિ અને વ્યંતરનિકાયમાં લેશ્યા :—

## पीतान्तलेश्याः ॥ ४-७ ॥

**પૂર્વના બે નિકાય પીતલેશ્યા સુધીની લેશ્યાવાળા-લેશ્યા જેવા શારીરિક વર્ણવાળા છે.**

અહીં લેશ્યા શબ્દનો પ્રયોગ શારીરિક વર્ણના અર્થમાં કરવામાં આવ્યો છે. કારણ કે અધ્યવસાય રૂપ લેશ્યા તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છઠ્ઠે હોય છે. ભવનપતિ અને વ્યંતર નિકાયમાં કૃષ્ણ, નીલ, કાપોત અને પીત (–તૈજસ) એ ચાર લેશ્યા હોય છે. [૭]

## દેવોમાં મૈથુન–સેવનની વિચારણા :—

**કાયપ્રવીચારા આ ઐશાનાત્ ॥ ૪–૮ ॥**

**ઈશાન સુધીના દેવો કાયાથી પ્રવીચાર (–મૈથુન સેવન) કરે છે.**

પ્રવીચાર એટલે મૈથુનસેવન. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાન સુધીના દેવો જ્યારે કામ-વાસના જાગે છે ત્યારે દેવીઓની સાથે કાયાથી મૈથુનસેવન કરે છે. જેમ મનુષ્યો સ્ત્રીઓની સાથે મૈથુનસેવન કરે છે તેમ. [૮]

## ઈશાનથી ઉપર મૈથુનસેવન :—

**શેષાઃ સ્પર્શ–રૂપ–શબ્દ–મનઃપ્રવીચારા દ્વયોર્દ્વયોઃ ॥ ૪–૯ ॥**

**ઈશાનથી ઉપરના દેવો બે બે કલ્પમાં અનુક્રમે સ્પર્શ, રૂપ, શબ્દ અને મન વડે મૈથુન સેવન કરે છે.**

પ્રવીચાર (–મૈથુનસેવન) ૧૨ મા દેવલોક સુધી જ હોય છે. તેમાં–

**પહેલા**–બીજા દેવલોકના દેવો **કાયાથી** મૈથુનસેવન કરે છે.

**ત્રીજા**–ચોથા દેવલોકના દેવો **સ્પર્શથી** મૈથુનસેવન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચમા–છઠ્ઠા દેવલોકના દેવો **રૂપથી** મૈથુનસેવન કરે છે.
સાતમા–આઠમા દેવલોકના દેવો **શબ્દથી** મૈથુનસેવન કરે છે.
નવમાથી બારમા દેવલોક સુધીના દેવો **મનથી** મૈથુનસેવન કરે છે.

ત્રીજા–ચોથા દેવલોકના દેવોને જ્યારે કામવાસના જાગે છે ત્યારે તેઓ દેવીઓના વિવિધ અંગોનો સ્પર્શ કરે છે. આથી તેમની કામવાસના શાંત થઈ જાય છે. પાંચમા–છઠ્ઠા દેવલોકના દેવોની કામવાસના દેવીનું રૂપ, વસ્ત્ર–અલંકારોનો શણગાર, વિવિધ અંગોપાંગો વગેરે જોવાથી શાંત થઈ જાય છે. સાતમા–આઠમા દેવલોકના દેવો દેવીઓના મધુર સંગીત, મૃદુ હાસ્ય, અલંકારોનો ધ્વનિ વગેરેના શ્રવણથી કામવાસનાનું શમન કરે છે. ૯ થી ૧૨ મા દેવલોક સુધીના દેવો દેવીઓનો માત્ર મનથી સંકલ્પ કરીને કામવાસનાને શાંત કરે છે.

અહીં એટલો ખ્યાલ રાખવાનો છે કે દેવીઓનો જન્મ ઈશાન દેવલોક સુધી જ છે. પછીના દેવલોકોમાં જન્મથી દેવીઓ નથી હોતી, કિન્તુ તે તે દેવલોકના દેવોના સંકલ્પ-માત્રથી તેવા તેવા પ્રકારની મૈથુનસેવનના સુખની ઈચ્છા જાણીને દૈવી શક્તિથી સ્વયંમેવ દેવીઓ તે તે દેવલોકના તે તે દેવો પાસે જાય છે, અને તેમની ઈચ્છાને પૂર્ણ કરે છે. સૌધર્મ અને ઈશાનમાં બે પ્રકારની દેવીઓ છે. પરિગૃહીતા અને અપરિગૃહીતા. તે તે દેવની પત્ની તરીકે રહેલી દેવીઓ પરિગૃહીતા અને સર્વ સામાન્ય–દરેક દેવના ઉપભોગમાં આવતી વેશ્યા જેવી દેવીઓ અપરિગૃહીતા છે. અપરિગૃહીતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવીઓ ઉપરના દેવલોકના દેવોના સંકલ્પ માત્રથી તે દેવની પાસે ઉપસ્થિત થાય છે અને તેની ઇચ્છાઓ પૂર્ણ કરે છે.

આમ નીચે નીચેના દેવોને કામવાસના વધારે વધારે હોય છે. એથી તેને શાંત કરવા અધિક પ્રયત્ન તથા સામગ્રીની જરૂર પડે છે. જ્યારે ઉપર ઉપરના દેવોને કામવાસના અલ્પ અલ્પ હોય છે. આથી તેની શાંતિ અલ્પ પ્રયત્નથી થઈ જાય છે. [૯]

## મૈથુનસેવનનો અભાવ

## परे अप्रवीचाराः ॥ ४–१० ॥

**પછીના–૧૨મા દેવલોકથી ઉપરના દેવોમાં મૈથુન સેવનનો અભાવ છે.**

૧૨મા દેવલોક પછી નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર દેવો વસે છે. તેઓ મૈથુનસેવન કરતા નથી. મૈથુનસેવન એ વેદના ઉદયથી જાગેલી કામવાસનાના ક્ષણિક **પ્રતિકાર** રૂપ છે. નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનવાસી દેવોને તેવી કામવાસના જાગતી નહિ હોવાથી તેનો ક્ષણિક **પ્રતિકાર** કરવાની જરૂર રહેતી નથી. આથી તેઓ મૈથુનસેવન વિના **પણ** અત્યંત સુખ–આનંદનો અનુભવ કરે છે.

આ હકીકત આપણને ઘણો બોધ આપે છે. સંસારનું સર્વ પ્રકારનું સુખ વાસનાના પ્રતીકાર રૂપ જ છે, તે પણ ક્ષણિક–થોડા ટાઈમ માટે જ છે. સમય જતાં પુનઃ વધારે પ્રબળ વાસના જાગે છે. પુનઃ તેનો પ્રતિકાર કરવો પડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુનઃ થોડો ટાઈમ શાંત થાય. પુનઃ અતિ વધારે વાસના પ્રગટે છે. પુનઃ તેને શાંત કરવી પડે છે. આમ જાગેલી વાસનાને શમાવવા જતાં વધારે પ્રગટે છે. આથી જીવ અનેકગણું દુઃખ ભોગવે છે.

માટે જ મહાપુરુષોએ સંસારસુખને વખોડ્યું છે. એના ઉપર વૈરાગ્ય લાવી તેનો ત્યાગ કરવાથી જ સત્ય સુખ પ્રાપ્ત થશે. સુખ આત્મામાં જ રહેલું છે. સુખના અનુભવ માટે બાહ્ય કોઈ પદાર્થની જરૂર નથી. બાહ્ય પદાર્થો સત્ય સુખના ઉપભોગમાં આડખીલી રૂપ બને છે. પણ આ જગતમાં સર્વત્ર મોહનું સામ્રાજ્ય છવાયેલું છે. મોહરાજા સંસારના પ્રાણીઓને સંસારની આ હકીકતથી અજાણ રાખે છે. એ જ એની કરામત છે. એ સમજે છે કે જો જીવોને આ સત્ય હકીકતનું ભાન થઈ જશે તો મારી સત્તામાંથી છટકી જશે. પણ જગતમાં જેમ મોહરાજાનું સામ્રાજ્ય છે તેમ ધર્મરાજાનું પણ સામ્રાજ્ય છે. મોહરાજાના સામ્રાજ્યથી એનું સામ્રાજ્ય ભલે નાનું હોય, પણ એની ભવ્યતા આગળ મોહરાજાનું સામ્રાજ્ય કોઈ વિસાતમાં નથી. જે જીવ તથાભવ્યત્વનો પરિપાક વગેરે સામગ્રીથી ધર્મરાજાની પાસે આવે છે, તે આ સત્ય હકીકતથી વાકેફ થઈ જાય છે, અને ધીમે ધીમે મોહરાજાના વાડામાંથી કૂદીને આત્મસુખના અનંત અમૃતકુંડમાં ઝંપલાવે છે. પછી એને કોઈ દુઃખ સ્પર્શી શકતું નથી. તે સંસારમાં કદીય ન અનુભવ્યું હોય એવું અનુપમ સુખ સદા નિરંતર ભોગવે છે. [૧૦]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ભવનપતિ નિકાયના દશ ભેદોનાં નામો

**भवनवासिनोऽसुरनागविद्युत्सुवर्णाग्निवातस्तनितोदधि-द्वीपदिक्कुमाराः ॥ ४-११ ॥**

**અસુરકુમાર, નાગકુમાર, વિદ્યુતકુમાર, સુવર્ણકુમાર, અગ્નિકુમાર, વાતકુમાર, સ્તનિતકુમાર, ઉદધિકુમાર, દ્વીપકુમાર, દિક્કુમાર, એ પ્રમાણે ભવનપતિ નિકાયના દશ ભેદોનાં નામો છે.**

આ અધ્યાયના ત્રીજા સૂત્રમાં ભવનપતિ નિકાયના દશ ભેદો છે, એમ સામાન્યથી પ્રતિપાદન કર્યું હતું. આ સૂત્રમાં દશ ભેદોનાં નામ જણાવ્યાં છે.

અસુરકુમારો મોટા ભાગે આવાસોમાં રહે છે, કયારેક ભવનોમાં પણ રહે છે. બાકીના નાગકુમારાદિ નવ પ્રકારના દેવો પ્રાયઃ ભવનોમાં જ રહે છે. આવાસો દેહપ્રમાણ ઊંચા અને સમચોરસ હોય છે. આવાસો ચારે બાજુથી ખુલ્લા હોવાથી મોટા મંડપ જેવા લાગે છે. ભવનો બહારથી ગોળ અને અંદર ચોખુણિયા હોય છે. ભવનોના તળિયા પુષ્પકર્ણિકાના આકારે હોય છે. ભવનોનો વિસ્તાર જઘન્યથી જંબૂદ્વીપ પ્રમાણ, મધ્યમથી સંખ્યાતા યોજન પ્રમાણ, અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા યોજન પ્રમાણ હોય છે.

ભવનપતિ દેવોના મુકુટમાં વિશેષ પ્રકારનાં ચિહ્નો હોય છે. શરીરનો વર્ણ પણ જુદો જુદો હોય છે. વસ્ત્રનો વર્ણ પણ વિવિધ પ્રકારનો હોય છે. આ ત્રણ બાબતો તથા ભવનોની સંખ્યા અસુરકુમારાદિ દેવોમાં નીચે મુજબ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | ભવનો | |
|---|---|---|---|---|---|---|
| | નિકાય | મુકુટમાં ચિહ્ન | શરીર વર્ણ | વસ્ત્રવર્ણ | દક્ષિણ દિશામાં | ઉત્તર દિશામાં |
| ૧ | અસુર | ચુડામણિ | કાળો | રાતો | ૩૪ લાખ | ૩૦ લાખ |
| ૨ | નાગ | સર્પફણા | ગૌર | લીલો | ૪૪ લાખ | ૪૦ લાખ |
| ૩ | વિદ્યુત્ | વજ્ર | રક્ત | લીલો | ૩૮ લાખ | ૩૪ લાખ |
| ૪ | સુવર્ણ | ગરુડ | પીળો | ધોળો | ૪૦ લાખ | ૩૬ લાખ |
| ૫ | અગ્નિ | કળશ | રક્ત | લીલો | ૪૦ લાખ | ૩૬ લાખ |
| ૬ | વાયુ | મગર | લીલો | સંધ્યાવત્ | ૪૦ લાખ | ૩૬ લાખ |
| ૭ | સ્તનિત | શરાવ-સંપુટ | પીળો | ધોળો | ૪૦ લાખ | ૩૬ લાખ |
| ૮ | ઉદધિ | અશ્વ | ગૌર | લીલો | ૪૦ લાખ | ૩૬ લાખ |
| ૯ | દ્વીપ | સિંહ | રક્ત | લીલો | ૫૦ લાખ | ૪૬ લાખ |
| ૧૦ | દિક્ | હસ્તિ | પીળો | ધોળો | ૪૦ લાખ | ૩૬ લાખ |

ભવનપતિ નિકાયના મોટા ભાગના દેવો ભવનોમાં વસતા હોવાથી ભવનના પતિ = ભવનપતિ કહેવાય છે, અને કુમારની જેમ કાંતદર્શન, મૃદુ-મધુર-લલિત ગતિવાળા અને ક્રીડામાં તત્પર રહેતા હોવાથી કુમાર કહેવાય છે. [૧૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વ્યંતરનિકાયના આઠ ભેદોનાં નામો

व्यन्तराः किन्नर-किंपुरुष-महोरग-गान्धर्व-यक्ष-राक्षस-भूत-पिशाचाः ॥ ૮-૧૧॥

**કિન્નર, કિંપુરુષ, મહોરગ, ગાંધર્વ, યક્ષ, રાક્ષસ, ભૂત અને પિશાચ એ પ્રમાણે વ્યંતર નિકાયના આઠ ભેદોનાં નામો છે.**

વ્યંતરદેવો પર્વત, ગુફા, વન વગેરેના વિવિધ આંતરામાં રહેતા હોવાથી અથવા ભવનપતિ અને જ્યોતિષ્ક એ બે નિકાયના આંતરામાં-મધ્યમાં રહેતા હોવાથી વ્યંતર કહેવાય છે. વ્યંતરદેવો રત્નપ્રભા પૃથ્વીના ઉપરના હજાર યોજનમાંથી ઉપર નીચે સો સો યોજન છોડીને મધ્યના આઠસો યોજન પ્રમાણ ભાગમાં ઉત્પન્ન થાય છે. પણ તેમનો નિવાસ ઊર્ધ્વ, અધો અને મધ્ય એમ ત્રણે લોકમાં છે. તેઓ ભવનો, નગરો અને આવાસોમાં રહે છે. આ દેવો ચક્રવર્તી આદિ પુણ્યશાળી મનુષ્યોની પણ સેવકની જેમ સેવા કરે છે.

કિન્નર આદિ દરેક ભેદના અવાંતર ભેદો પણ છે.

વ્યંતરદેવોની ધ્વજામાં કિન્નર આદિ જાતિના સૂચક જુદાં જુદાં ચિહ્નો હોય છે. તેમના શરીરનો વર્ણ પણ શ્યામ વગેરે અનેક પ્રકારનો હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વ્યંતર દેવોના અવાંતર ભેદો, ધ્વજા, ચિહ્ન અને શારીરિક વર્ણ

| જાતિ | ભેદો | ધ્વજામાં ચિહ્ન | શારીરિક વર્ણ |
|---|---|---|---|
| કિન્નર | કિંપુરુષ આદિ દશ | અશોક વૃક્ષ | લીલો |
| કિંપુરુષ | પુરુષ આદિ દશ | ચંપક વૃક્ષ | ધોળો |
| મહોરગ | ભુજગ આદિ દશ | નાગ વૃક્ષ | શ્યામ |
| ગાંધર્વ | હાહા આદિ બાર | તુંબરુ વૃક્ષ | શ્યામ |
| યક્ષ | પૂર્ણભદ્ર આદિ તેર | વટ વૃક્ષ | શ્યામ |
| રાક્ષસ | ભીમ આદિ સાત | ખટ્વાંગ | શ્વેત |
| ભૂત | સુરૂપ આદિ નવ | સુલસ વૃક્ષ | શ્યામ |
| પિશાચ | કુષ્માંડ આદિ પંદર | કદંબ વૃક્ષ | શ્યામ |

વ્યંતર દેવોમાં કિન્નર આદિ આઠ જાતિના દેવો સિવાય વાણવ્યંતર જાતિના દેવો પણ છે. રત્નપ્રભા પૃથ્વીના ઉપરના ૧૦૦ યોજનમાંથી ઉપર નીચે ૧૦-૧૦ યોજન મૂકી બાકીના ૮૦ યોજનના ભાગમાં વાણવ્યંતર દેવોનો જન્મ થાય છે. પણ આ દેવો પ્રાયઃ પર્વતની ગુફા વગેરેમાં રહે છે. [૧૨]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ત્રીજા જ્યોતિષ્ક નિકાયના પાંચ ભેદનાં નામો

**જ્યોતિષ્કા: સૂર્યાશ્ચન્દ્રમસો-ગ્રહ-નક્ષત્ર-પ્રકીર્ણતારકાશ્ચ**

**॥ ૪-૧૩ ॥**

**જ્યોતિષ્ક નિકાયના સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા એમ પાંચ ભેદો છે.**

**જ્યોતિષ્કનું સ્થાન :-**

સમભૂતલા પૃથ્વીથી ૭૯૦ યોજન ઊંચે તારા આવેલા છે. તેનાથી દશ યોજન ઉપર સૂર્ય, તેનાથી ૮૦ યોજન ઉપર ચંદ્ર, તેનાથી ત્રણ યોજન ઉપર નક્ષત્ર, તેનાથી ત્રણ યોજન ઉપર બુધ ગ્રહ, તેનાથી ત્રણ યોજન ઉપર શુક્ર ગ્રહ, તેનાથી ત્રણ યોજન ઉપર ગુરુ ગ્રહ, તેનાથી ચાર યોજન ઉપર મંગલ ગ્રહ, અને તેનાથી ચાર યોજન ઉપર શનિગ્રહ આવેલ છે. આ પ્રમાણે સંપૂર્ણ જ્યોતિષ ચક્ર ઊંચાઈમાં ૧૧૦ યોજન અને લંબાઈમાં અસંખ્ય દ્વીપ સમુદ્ર પ્રમાણ છે.

સૂર્યાદિ દેવો તથા તેમના વિમાનો જ્યોતિષ=પ્રકાશમાન હોવાથી તેમને જ્યોતિષ્ક કહેવામાં આવે છે. સૂર્ય આદિ તે તે જાતિના દેવોના મુકુટમાં પોતપોતાની જાતિ પ્રમાણે સૂર્ય આદિનું પ્રભાના મંડલ સમાન દેદીપ્યમાન ચિહ્ન હોય છે. અર્થાત્ સૂર્ય જાતિના દેવોના મુકુટમાં પ્રભામંડલ સમાન દેદીપ્યમાન સૂર્ય આકારનું ચિહ્ન હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચંદ્ર જાતિના દેવોના મુકુટમાં પ્રભામંડલ સમાન દેદીપ્યમાન ચંદ્રના આકારનું ચિહ્ન હોય છે. એ પ્રમાણે તારા આદિ વિશે પણ જાણવું. [૧૩].

## જ્યોતિષ્ક વિમાનોનું પરિભ્રમણ ક્ષેત્ર—

## मेरुप्रदक्षिणा नित्यगतयो नृलोके ॥४-१४॥

**ઉક્ત પાંચે પ્રકારનાં જ્યોતિષ્કનાં વિમાનો મનુષ્યલોકમાં સદા મેરુપર્વતને પ્રદક્ષિણા આપતા પરિભ્રમણ કરે છે.**

## મનુષ્યલોકમાં સૂર્યાદિની સંખ્યાઃ-

જંબૂદ્વીપમાં બે સૂર્ય, લવણસમુદ્રમાં ચાર સૂર્ય, ધાતકીખંડમાં ૧૨ સૂર્ય, કાલોદધિ સમુદ્રમાં ૪૨ સૂર્ય, પુષ્કરાર્ધમાં ૭૨ સૂર્ય છે. આ પ્રમાણે અઢીદ્વીપમાં કુલ ૧૩૨ સૂર્ય છે. તે જ પ્રમાણે તેટલા જ ચંદ્ર છે. ગ્રહ, નક્ષત્ર અને તારા ચંદ્રનો પરિવાર છે. ચંદ્રનો પરિવાર એ જ સૂર્યનો પણ પરિવાર છે, સૂર્યનો પરિવાર અલગ નથી. કારણ કે ચંદ્ર સૂર્યથી અધિક ઋદ્ધિમાન અને પુણ્યશાળી છે. ૮૮ ગ્રહો, ૨૮ નક્ષત્રો અને ૬૬૯૭૫ [ કોડાકોડી ] તારા—આટલો એક ચંદ્રનો પરિવાર છે. જંબૂદ્વીપમાં બે ચંદ્ર હોવાથી નક્ષત્ર વગેરેની સંખ્યા ડબલ છે. અઢી દ્વીપ—સમુદ્રમાં ગ્રહ વગેરેની સંખ્યા નીચે મુજબ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| દ્વીપ-સમુદ્ર | ગ્રહ | નક્ષત્ર | તારા |
|---|---|---|---|
| જંબૂદ્વીપ | ૧૭૬ | ૫૬ | ૧૩૩૯૫૦ કોઠ કોઠ |
| લવણસમુદ્ર | ૩૫૨ | ૧૧૨ | ૨૬૭૯૦૦ કોઠ કોઠ |
| ધાતકીખંડ | ૧૦૫૬ | ૩૩૬ | ૮૦૩૭૦૦ કોઠ કોઠ |
| કાલોદધિ | ૩૬૯૬ | ૧૧૭૬ | ૨૮૧૨૯૫૦ કોઠ કોઠ |
| પુષ્કરાર્ધ | ૬૩૩૬ | ૨૦૧૩ | ૪૮૨૨૨૦૦ કોઠ કોઠ |

આ સર્વ જ્યોતિષ્કો જંબૂદ્વીપના જ મેરુની ચારે તરફ પરિમંડલાકારે ગોળ ઘેરાવા પ્રમાણે પરિભ્રમણ કરતા જ રહે છે. એ વિમાનોની આવા પ્રકારની–વલયાકાર ગોળ ગતિ સ્વભાવ સિદ્ધ છે, કૃત્રિમ નથી. આ વિમાનો મેરુ પર્વતથી ૧૧૨૧ યોજન દૂર રહીને પરિભ્રમણ કરે છે. વિમાનો અર્ધકોઠાના ફળના આકારે અને સ્ફટિક રત્નમય હોય છે.

## સૂર્યાદિ વિમાનનું પ્રમાણઃ-

| વિમાન | લંબાઈ-પહોળાઇ | ઊંચાઈ |
|---|---|---|
| ચંદ્ર | $\frac{૫૬}{૬૧}$ યોજન | $\frac{૨૮}{૬૧}$ યોજન |
| સૂર્ય | $\frac{૪૮}{૬૧}$ યોજન | $\frac{૨૪}{૬૧}$ યોજન |
| ગ્રહ | ૨ ગાઉ | ૧ ગાઉ |
| નક્ષત્ર | ૧ ગાઉ | ૦।। ગાઉ |
| તારા | ૦।। ગાઉ | ૦। ગાઉ |

જઘન્ય સ્થિતિવાળા તારાની લંબાઈ-પહોળાઈ ૫૦૦ ધનુષ્ય અને ઊંચાઈ ૨૫૦ ધનુષ્ય હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યોતિષ્ક વિમાનો સ્વભાવથી જ પરિભ્રમણશીલ હોવા છતાં વિશેષ પ્રકારની સમૃદ્ધિ પ્રગટ કરવાના હેતુથી તથા આભિયોગ્ય નામકર્મના ઉદયથી કેટલાક દેવો તે વિમાનોને વહન કરે છે. તે દેવો પરિભ્રમણ કરતા વિમાનોની નીચે નીચે ગમન કરે છે, અને સિંહ આદિના રૂપે વિમાનોને વહન કરે છે. પૂર્વમાં સિંહના રૂપે, દક્ષિણમાં હાથીના રૂપે, પશ્ચિમમાં બળદના રૂપે અને ઉત્તરમાં ઘોડાના રૂપે દેવો વિમાનોને વહન કરે છે. ચંદ્રવિમાનને ૧૬૦૦૦, સૂર્યવિમાનને ૧૬૦૦૦, ગ્રહવિમાનને ૮૦૦૦, નક્ષત્રવિમાનને ૪૦૦૦ અને તારાવિમાનને ૨૦૦૦ દેવો વહન કરે છે.

ચંદ્ર આદિની પરિભ્રમણ ગતિ ક્રમશઃ અધિક અધિક છે. ચંદ્રની ગતિ સર્વથી ન્યૂન છે. તેનાથી સૂર્યની ગતિ અધિક છે. તેનાથી ગ્રહની ગતિ અધિક છે. તેનાથી નક્ષત્રની ગતિ અધિક છે, તેનાથી તારાની ગતિ અધિક છે.

ઋદ્ધિના વિષયમાં ઉક્ત ક્રમથી વિપરીત ક્રમ છે. તારાની ઋદ્ધિ સર્વથી ન્યૂન છે. તેનાથી નક્ષત્રની ઋદ્ધિ વિશેષ છે. તેનાથી ગ્રહની ઋદ્ધિ વિશેષ છે. તેનાથી સૂર્યની ઋદ્ધિ વિશેષ છે. તેનાથી ચંદ્રની ઋદ્ધિ વિશેષ છે.

### જ્યોતિષ્ક ગતિથી કાળ—

**तत्कृतः कालविभागः ॥४-१५॥**

**જ્યોતિષ્ક વિમાનોની ગતિથી કાળનો વિભાગ (-ગણતરી) થાય છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુખ્ય અને ઔપચારિક [નિશ્ચય અને વ્યવહારકાળ] એમ કાળ બે પ્રકારે છે. મુખ્યકાળ અનંતસમયાત્મક છે. તેનું લક્ષણ પાંચમા અધ્યાયના ૩૯ મા સૂત્રમાં કહેશે. આ કાળ એક સ્વરૂપ છે–ભેદરહિત છે. ભેદરહિત આ મુખ્યકાળના જ્યોતિષ્ક વિમાનોની ગતિથી દિવસ–રાત્રિ વગેરે ભેદ થાય છે. અમુક નિયત સ્થાનથી સૂર્યની ગતિના પ્રારંભને સૂર્યોદય કહેવામાં આવે છે. તથા અમુક નિયત સ્થાને સૂર્ય પહોંચતાં સૂર્યાસ્ત કહેવામાં આવે છે. સૂર્યોદયથી પ્રારંભી સૂર્યાસ્ત સુધીનો કાળ તે દિવસ. સૂર્યાસ્તથી સૂર્યોદય સુધીનો કાળ તે રાત્રિ. ૧૫ રાત્રિ–દિવસનો એક પક્ષ. શુકલ અને કૃષ્ણ રૂપ બે પક્ષનો એક માસ. બે માસની એક ઋતુ. ત્રણ ઋતુનું એક અયન. બે અયનનો એક સંવત્સર–વર્ષ. પાંચ વર્ષનો એક યુગ, ચોરાશી લાખ વર્ષનું એક પૂર્વાંગ, પૂર્વાંગને પૂર્વાંગે ગુણતાં [૮૪ લાખને ૮૪ લાખે ગુણતાં] એક પૂર્વકાળ થાય છે. આ સઘળો કાળ જ્યોતિષ્કની ગતિની અપેક્ષાએ છે. આ સઘળો કાળ સ્થૂલ છે. સમય વગેરે સૂક્ષ્મકાળ છે. જ્યોતિષ્કની ગતિથી સ્થૂલ કાળની જ ગણતરી થાય છે, સમય આદિ સૂક્ષ્મકાળની નહિ. પરમાણુને એક આકાશ પ્રદેશથી અનંતર બીજા આકાશ પ્રદેશમાં જતાં જેટલો કાળ થાય તે એક સમય. આ કાળ અત્યંત સૂક્ષ્મ છે. કેવળી પણ આ કાળનો ભેદ ન કરી શકે, અને નિર્દેશ પણ ન કરી શકે. આવા અસંખ્ય સમયોની એક આવલિકા. સંખ્યાતી આવલિકાનો એક ઉચ્છ્વાસ–નિચ્છ્વાસ. [બળવાન, ઇંદ્રિયોથી પૂર્ણ, નીરોગી, મધ્યમ વયવાળા અને સ્વસ્થ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનવાળા પુરુષના] એક શ્વાસોશ્વાસનો એક પ્રાણ. સાત પ્રાણનો એક સ્તોક. સાત સ્તોકનો એક લવ. ૩૮॥ લવની એક નાલિકા–ઘડી. બે નાલિકાનો એક મુહૂર્ત. ૩૦ મુહૂર્તનો એક અહોરાત્ર. [૧૫]

**મનુષ્યલોકની બહાર જ્યોતિષ્કની સ્થિરતા—**

**बहिरवस्थिताः ॥४–१६॥**

**મનુષ્યલોકની બહાર સર્વ જ્યોતિષ્ક વિમાનો અવસ્થિત–સ્થિર છે.**

મનુષ્યલોકની બહારના ચંદ્ર–સૂર્ય આદિ સ્થિર હોવાથી સૂર્યાદિનો પ્રકાશ જ્યાં પહોંચતો નથી ત્યાં સદા અંધકાર અને જ્યાં પહોંચે છે ત્યાં સદા પ્રકાશ રહે છે. મનુષ્ય લોકની બહાર મનુષ્ય ક્ષેત્રનાં જ્યોતિષ વિમાનોથી અર્ધ પ્રમાણના વિમાનો હોય છે. તે વિમાનોનાં કિરણો સમશીતોષ્ણ હોવાથી સુખકારી હોય છે. ચંદ્રનાં કિરણો અત્યંત શીતળ હોતા નથી, તથા સૂર્યનાં કિરણો અત્યંત ઉષ્ણ હોતા નથી, કિન્તુ બંનેનાં કિરણો શીતોષ્ણ હોય છે. [૧૬]

**વૈમાનિક નિકાયનો અધિકાર—**

**वैमानिकाः ॥ ४–१७ ॥**

**અહીંથી વૈમાનિક નિકાયના દેવોનો અધિકાર શરૂ થાય છે.**

વૈમાનિક દેવો વિમાનમાં ઉત્પન્ન થતા હોવાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈમાનિક કહેવાય છે. વૈમાનિક નામ પારિભાષિક છે. કારણ કે જ્યોતિષ્ક દેવો પણ વિમાનમાં ઉત્પન્ન થાય છે. [૧૭]

## વૈમાનિક દેવોના મુખ્ય બે ભેદો—

**कल्पोपपन्नाः कल्पातीताश्च ॥४-१८॥**

**વૈમાનિક દેવોના કલ્પોપપન્ન અને કલ્પાતીત એમ બે પ્રકાર છે.**

જ્યાં નાના મોટાની મર્યાદા-કલ્પ છે તે દેવલોક કલ્પ કહેવાય છે. કલ્પમાં ઉત્પન્ન થયેલા દેવો **કલ્પોપપન્ન અને** કલ્પરહિત વિમાનોમાં ઉત્પન્ન **થયેલા દેવો કલ્પાતીત છે.** પ્રથમના ૧૨ દેવલોકમાં કલ્પ હોવાથી તેમાં ઉત્પન્ન થયેલા દેવો કલ્પોપપન્ન છે. ત્યાર પછીના નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થયેલા દેવો કલ્પાતીત છે. ભવનપતિ આદિ ત્રણ નિકાયના દેવો તો કલ્પોપપન્ન જ છે. કારણ કે ત્યાં કલ્પ છે. [૧૮]

## વૈમાનિક નિકાયના દેવલોકનું અવસ્થાન—

**उपर्युपरि ॥४-१९॥**

**વૈમાનિક નિકાયના દેવલોકો ઉપર ઉપર આવેલા છે.** વૈમાનિક નિકાયનું અવસ્થાન વ્યંતરનિકાયની જેમ અવ્યવસ્થિત નથી, તેમ જ્યોતિષ્કની જેમ તિર્છું પણ નથી; કિન્તુ ઉપર ઉપર છે. [૧૯]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈમાનિક ભેદોનાં ક્રમશઃ નામો—

સૌધર્મૈશાન-સનત્કુમાર-માહેન્દ્ર-બ્રહ્મલોક-લાન્તક-મહા-શુક્ર-સહસ્રારેષ્વાનત-પ્રાણતયોરારણાચ્યુતયોર્નવસુ ગ્રૈવેયકેષુ વિજય-વૈજયન્ત-જયન્તા-ઽપરાજિતેષુ સર્વાર્થસિદ્ધે ચ॥૪-૨૦॥

સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેંદ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત, નવગ્રૈવેયક, વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ-આમાં વૈમાનિક દેવો રહે છે.

જ્યોતિષ્ક ચક્રની ઉપર અસંખ્યાત યોજન ગયા બાદ મેરુના દક્ષિણ ભાગમાં સૌધર્મ અને ઉત્તર ભાગમાં ઈશાન કલ્પ આવેલ છે. ઈશાન દેવલોક સૌધર્મથી કંઈક ઉપર છે. બંને સમશ્રેણિમાં નથી. સૌધર્મથી અસંખ્ય યોજન ઊંચે (સૌધર્મની) સમશ્રેણિમાં સનત્કુમાર કલ્પ છે. ઐશાનથી અસંખ્ય યોજન ઊંચે (ઐશાનની) સમશ્રેણીમાં માહેન્દ્ર કલ્પ છે. આ બંનેની (સનત્કુમાર-માહેન્દ્રની) મધ્યમાં, કિન્તુ એ બંનેથી ઊંચે બ્રહ્મલોક કલ્પ છે. એની ઉપર સમશ્રેણિમાં એક બીજાથી ઊંચે ક્રમશઃ લાંતક, મહાશુક્ર અને સહસ્રાર એ ત્રણ કલ્પો આવેલા છે. અર્થાત્ બ્રહ્મલોકની ઉપર સમશ્રેણિમાં લાંતક, લાંતકની ઉપર સમશ્રેણિમાં મહાશુક્ર, મહાશુક્રની ઉપર સમશ્રેણિમાં સહસ્રાર દેવલોક આવેલ છે. એની ઉપર સૌધર્મ અને ઈશાનની માફક આનત અને પ્રાણત એ બે કલ્પો આવેલા છે. અર્થાત્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દક્ષિણ વિભાગમાં પ્રાણુત કલ્પ આવેલ છે. આનતથી પ્રાણુત કંઈક ઊંચે છે. એની ઉપર સમશ્રેણિમાં સનત્કુમાર-માહેંદ્રની જેમ આરણ-અચ્યુત કલ્પ આવેલા છે. અર્થાત્ આનતની ઉપર (આનતની) સમશ્રેણિમાં આરણ અને પ્રાણુતની ઉપર (પ્રાણુતની) સમશ્રેણિમાં અચ્યુત કલ્પ છે. આરણથી અચ્યુત કંઈક ઊંચે છે.

**પ્રશ્ન**–આ સૂત્રમાં સઘળા શબ્દોનો એક જ સમાસ ન કરતાં જુદા જુદા સમાસો કરવામાં આવ્યાં છે. તેનું શું કારણ? **ઉત્તર**–સર્વ પ્રથમ સૌધર્મથી સહસ્રાર સુધીના શબ્દોનો સમાસ કરવામાં આવ્યો છે. આનું કારણ એ છે કે સહસ્રાર સુધી મનુષ્યો અને તિર્યંચો એ બંને પ્રકારના જીવો ઉત્પન્ન થાય છે. ત્યારબાદ કેવળ મનુષ્યો જ ઉત્પન્ન થાય છે. આ ભેદ બતાવવા સૌધર્મથી સહસ્રાર સુધીના શબ્દોનો અલગ સમાસ કરવામાં આવ્યો છે. આનત-પ્રાણુત એ બે કલ્પોમાં સમુદિત એક ઇંદ્ર છે તથા આરણ-અચ્યુત એ બે કલ્પોમાં સમુદિત એક ઇંદ્ર છે એ જણાવવા આનત-પ્રાણુત એ બે શબ્દોનો તથા આરણ-અચ્યુત એ બે શબ્દોનો અલગ અલગ સમાસ કરવામાં આવ્યો છે. નવગ્રૈવેયક સુધી ઉત્પન્ન થનારા જીવો બહુલસંસારી પણ હોઈ શકે છે. જ્યારે વિજયાદિમાં ઉત્પન્ન થનારા જીવો અલ્પસંસારી જ હોય છે. આ ભેદને બતાવવા ગ્રૈવેયેક શબ્દનો અસમસ્ત (–સમાસરહિત) પ્રયોગ કર્યો છે. વિજયાદિ ચાર વિમાનમાં ઉત્પન્ન થનારા જીવો થોડા (સંખ્યાતા) ભવ કરીને મોક્ષમાં જાય, જ્યારે સર્વાર્થ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થનારા જીવો એક ભવે મોક્ષ પામે છે. આ રહસ્યનું સૂચન કરવા વિજયાદિ ચાર શબ્દોનો સમાસ કર્યો અને સર્વાર્થસિદ્ધનો અસમસ્ત પ્રયોગ કર્યો.

**પ્રશ્ન** :—પાંચમા કલ્પનું નામ બ્રહ્મ છે. છતાં આ સૂત્રમાં બ્રહ્મલોક એમ બ્રહ્મની સાથે લોક શબ્દનો પ્રયોગ કેમ કરવામાં આવ્યો છે ?

**ઉત્તર** :—બ્રહ્મકલ્પમાં લોકાંતિક દેવો રહે છે, એ જણાવવા બ્રહ્મશબ્દની સાથે લોક શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

આપણે પૂર્વે વિચારી ગયા કે વૈમાનિક નિકાયના કલ્પોપપન્ન અને કલ્પાતીત એમ મુખ્ય બે ભેદ છે. તેમાં અહીં કલ્પોપપન્નના ૧૨ ભેદોના સૌધર્મ આદિ ૧૨ નામો જણાવ્યા છે. કલ્પાતીતના ગ્રૈવેયક અને અનુત્તર એ બે ભેદ છે. ગ્રૈવેયકના નવ ભેદ છે અને અનુત્તરના પાંચ ભેદ છે. આ સૂત્રમાં અનુત્તરના પાંચ ભેદોના વિજય આદિ પાંચ નામોનો નિર્દેશ કર્યો છે. નવગ્રૈવેયકોનો સામાન્યથી ( નામ વિના ) નિર્દેશ કર્યો છે.*

લોકના અલંકારને ગ્રૈવેયક કહેવામાં આવે છે. લોકને આપણે પુરુષની ઉપમા આપીએ તો નવ ગ્રૈવેયક લોકરૂપ

* દિગંબરો ૧૬ કલ્પ માને છે. અને બે બેના જોડકાને સમશ્રેણિમાં રહેલા માને છે. જેમ કે–સમશ્રેણિમાં સૌધર્મ–ઈશાન, તેની ઉપર સમશ્રેણિમાં માહેંદ્ર–બ્રહ્મલોક...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરુષની ગ્રીવાના=ડોકના સ્થાને છે, ગ્રીવાના આભરણ રૂપ છે. આથી તેમને ગ્રૈવેયક કહેવામાં આવે છે.

ગ્રૈવેયકની ઉપરના વિમાનમાં ઉત્પન્ન થયેલા જીવો અલ્પસંસારી હોવાથી ઉત્તમ-પ્રધાન છે. તેમનાથી કોઈ દેવો ઉત્તમ-પ્રધાન નથી. આથી તેમના વિમાનોને અનુત્તર કહેવામાં આવે છે. અથવા દેવલોકને અંતે આવેલા હોવાથી તેમની ઉત્તર-પછી કોઈ વિમાનો ન હોવાથી અનુત્તર કહેવાય છે. [૨૦]

## ઉપર ઉપર સ્થિતિ આદિની અધિકતા—

**સ્થિતિ-પ્રભાવ-સુખ-દ્યુતિ-લેશ્યા-વિશુદ્ધીન્દ્રિયા-**

**ઽવધિવિષયતોઽધિકાઃ ॥ ૪-૨૧ ॥**

**સ્થિતિ, પ્રભાવ, સુખ, દ્યુતિ, લેશ્યાવિશુદ્ધિ, ઇંદ્રિયવિષય અને અવધિવિષય એ સાત બાબતો ઉપર ઉપરના દેવોમાં ક્રમશઃ અધિક અધિક હોય છે.**

(૧) **સ્થિતિ** એટલે દેવગતિમાં રહેવાનો કાળ. આ અધ્યાયના ૨૯મા સૂત્રથી સ્થિતિનું પ્રકરણ શરૂ થશે. તેમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિનું વિસ્તૃત વર્ણન છે. (૨) નિગ્રહ-અનુગ્રહની શક્તિ, અણિમાદિ લબ્ધિઓ, અન્ય ઉપર વર્ચસ્વ વગેરે **પ્રભાવ** છે. આ પ્રભાવ ઉપર ઉપર અધિક હોય છે. પણ ઉપર ઉપરના દેવો મંદઅભિમાનવાળા અને અલ્પ-ક્લેશવાળા હોવાથી નિગ્રહાદિ માટે પ્રાયઃ પ્રવૃત્તિ કરતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી. (૩) સાતાવેદનીય કર્મના ઉદયથી બાહ્ય વિષયોમાં ઈષ્ટ અનુભવ રૂપ સુખ ઉપર ઉપરના દેવોને અધિક હોય છે. (૪) **દ્યુતિ** એટલે દેહ, વસ્ત્ર, આભૂષણ વગેરેની કાંતિ. (૫) **લેશ્યાનું** નિરૂપણ આગળ આવશે. પણ અહીં એટલું ધ્યાન રાખવું જરૂરી છે કે–જે દેવોમાં સમાન લેશ્યા છે, તેમાં પણ ઉપર ઉપરના દેવોને અધિક અધિક વિશુદ્ધિ હોય છે.

(૬) ઉપર ઉપર ચક્ષુ આદિ ઈંદ્રિયો અધિક પટુ હોવાથી **ઇંદ્રિય વિષય** અધિક છે. ઉપર ઉપરના દેવો અધિક દૂર આંખ દ્વારા જોઈ શકે છે. એમ અન્ય ઈંદ્રિયો વિશે પણ જાણવું. (૭) ઉપર ઉપરના દેવોને **અવધિજ્ઞાન** વિશુદ્ધ અને વિશેષ વિશેષ હોય છે. સૌધર્મ–ઈશાન કલ્પના દેવો નીચે રત્નપ્રભા પૃથ્વીના અંત સુધી, ઉપર પોતાના વિમાનની ધજા સુધી, તિર્યગ્ અસંખ્ય યોજન સુધી અવધિજ્ઞાનથી જોઈ શકે છે. સનત્કુમાર માહેંદ્રના દેવો નીચે શર્કરાપ્રભા પૃથ્વીના અંત સુધી, ઉપર પોતાના વિમાનની ધજા સુધી, તિર્છું અસંખ્ય યોજન સુધી અવધિજ્ઞાનથી જોઈ શકે છે. એમ ક્રમશઃ વધતાં અનુત્તરદેવો સંપૂર્ણ લોકનાડીને જોઈ શકે છે. જે દેવોમાં ક્ષેત્રથી અવધિજ્ઞાનનો વિષય સમાન છે તે દેવોમાં પણ ઉપર ઉપરના પ્રસ્તર અને વિમાનોની અપેક્ષાએ અધિક અધિક અવધિજ્ઞાન હોય છે. એ જ પ્રમાણે અવધિજ્ઞાનની વિશુદ્ધિ પણ ઉપર ઉપર અધિક હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અવધિજ્ઞાનના ક્ષેત્રનું યંત્ર

| દેવો | ઉત્કૃષ્ટ ઊર્ધ્વ અવધિ | ઉત્કૃષ્ટ અધો અવધિ | ઉત્કૃષ્ટ તિર્યગ્ અવધિ |
|---|---|---|---|
| ૧-૨ કલ્પ | ચોથાવાનાં વિમાનની ધ્વજા સુધી | પ્રથમ પૃથ્વીના અંત સુધી | સ્વ-સ્વ અસંખ્યાત દ્વીપ સમુદ્ર સુધી |
| ૩-૪ ,, | | બીજી પૃથ્વીના અંત સુધી | |
| ૫-૬ ,, | | ત્રીજી પૃથ્વીના અંત સુધી | |
| ૭-૮ ,, | | ચોથી પૃથ્વીના અંત સુધી | |
| ૯-૧૨ ,, | | પાંચમી પૃથ્વીના અંત સુધી | |
| ૧ થી ૬ ગ્રૈવે. | | છઠ્ઠી પૃથ્વીના અંત સુધી | |
| ૭ થી ૯ ગ્રૈવે. | | સાતમી પૃથ્વીના અંત સુધી | |
| પાંચ અનુત્તર | | લોક નાડિકાના અંત સુધી | |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ઉપર ઉપર ગતિ આદિની હીનતા—

**गति-शरीर-परिग्रहाभिमानतो हीनाः ॥ ४-२२ ॥**

**ગતિ, શરીર, પરિગ્રહ અને અભિમાન આ ચાર બાબતો ઉપર ઉપરના દેવોમાં ક્રમશઃ હીન હીન હોય છે.**

(૧) અહીં ગતિ શબ્દથી અન્ય સ્થળે ગમન કરવાની શક્તિ વિવક્ષિત છે. જે દેવોની જઘન્યસ્થિતિ બે સાગરોપમ છે તે દેવો નીચે સાતમી પૃથ્વી સુધી અને તિર્યગ્ અસંખ્ય યોજન સુધી જઈ શકે છે. ત્યારબાદ જેમ જેમ જઘન્યસ્થિતિ બે સાગરોપમથી ઓછી તેમ તેમ ક્રમશઃ ગતિની શક્તિ હીન હીન થતી જાય છે. યાવત્ સર્વજઘન્ય સ્થિતિવાળા દેવો નીચે ત્રીજી પૃથ્વી સુધી જઈ શકે છે. શક્તિની અપેક્ષાએ આ વિચારણા છે. ગમન તો માત્ર ત્રીજી પૃથ્વી સુધી થાય છે. શક્તિ હોવા છતાં દેવો પ્રયોજનવશાત્ ત્રીજી પૃથ્વી સુધી જાય છે, પ્રાયઃ એથી આગળ જતા નથી. ઉપર ઉપરના દેવોમાં મહાનુભાવતા અને ઉદાસીનતા અધિક અધિક હોવાથી તેઓ અધિક ગતિ કરતા નથી. નવગ્રૈવેયક અને પાંચ અનુત્તરના દેવો તો કદી પણ પોતાના વિમાનથી બહાર જતા જ નથી.

(૨) શરીરનું પ્રમાણ પણ ઉપર ઉપરના દેવોને ઓછું ઓછું હોય છે. સૌધર્મ-ઈશાનમાં સાત હાથ ઊંચું, સનત્કુમાર માહેંદ્રમાં છ હાથ ઊંચું, બ્રહ્મલોક-લાંતકમાં પાંચ હાથ ઊંચું, મહાશુક્ર-સહસ્રારમાં ચાર હાથ ઊંચું, ૯ થી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨ દેવલોકમાં ત્રણ હાથ ઊંચું, નવગ્રૈવેયકમાં બે હાથ ઊંચું અને અનુત્તરમાં એક હાથ ઊંચું દેવોનું શરીર હોય છે.

(૩) અહીં પરિગ્રહ શબ્દથી વિમાનોનો પરિવાર અભિપ્રેત છે. વૈમાનિક નિકાયમાં ઇંદ્રક શ્રેણિગત અને પુષ્પપ્રકીર્ણક એમ ત્રણ પ્રકારના વિમાનો હોય છે. બરોબર મધ્યમાં આવેલ વિમાનને ઇંદ્રક કહેવામાં છે. ચાર દિશાઓમાં પંક્તિબદ્ધ આવેલા વિમાનો શ્રેણિગત છે. છવાયેલાં પુષ્પોની જેમ છૂટાં છૂટાં રહેલાં વિમાનો પુષ્પ પ્રકીર્ણક કહેવાય છે. શ્રેણિગત વિમાનો ત્રિકોણ, ચતુષ્કોણ, અને વાટલાકાર એમ ત્રણ પ્રકારનાં છે. તથા પ્રથમ ત્રિકોણ, બાદ ચતુષ્કોણ, બાદ વાટલાકાર, બાદ ત્રિકોણ....એમ ક્રમશઃ આવેલાં છે. આ વિમાનો ઇંદ્રક વિમાનથી ચારે દિશામાં લાઇનબંધ આવેલાં છે. પુષ્પપ્રકીણુક વિમાનો નંદાવર્ત, સ્વસ્તિક વગેરે વિવિધ આકારવાળાં છે તથા શ્રેણિગત વિમાનોના આંતરા વચ્ચે આવેલાં છે. પૂર્વ દિશા સિવાય ત્રણે દિશામાં આ વિમાનો હોય છે. તે તે દેવલોકનાં વિમાનોની સંખ્યા 'સકલતીર્થ' સૂત્રમાં બતાવવામાં આવી છે. તેની કુલ સંખ્યા ૮૪૯૭૦૨૩ છે.

(૪) ઉપર ઉપરના દેવોમાં સુંદર સ્થાન, દેવો કે દેવીઓનો પરિવાર, સામર્થ્ય, અવધિજ્ઞાન, ઇંદ્રિયશક્તિ, વિભૂતિ, શબ્દાદિવિષયોની સમૃદ્ધિ વગેરે અધિક અધિક હોવા છતાં અભિમાન અલ્પ અલ્પ હોય છે. આથી ઉપર ઉપરના દેવો અધિક અધિક સુખી હોય છે. [૨૨]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## દેવો સંબંધી વિશેષ માહિતી

**શ્વાસોશ્વાસ અને આહાર :—**

જઘન્ય સ્થિતિવાળા (–૧૦ હજાર વર્ષની સ્થિતિવાળા) દેવો સાત સાત સ્તોકે એક વાર શ્વાસોશ્વાસ લે છે અને એક અહોરાત્ર થતાં આહાર કરે છે. પલ્યોપમની સ્થિતિવાળા દેવો એક એક દિવસે* એક વાર શ્વાસોશ્વાસ લે છે અને ૨ થી ૯ દિવસે આહાર કરે છે. ત્યારબાદ જેમને જેટલા સાગરોપમની સ્થિતિ હોય તેટલા પક્ષે એક શ્વાસોશ્વાસ અને તેટલા હજાર વર્ષે આહાર હોય છે.

**આહારના ભેદ :—**

ઓજાહાર, લોમાહાર અને પ્રક્ષેપાહાર (કવલાહાર) એમ આહારના ત્રણ ભેદ છે. **ઓજાહાર** :—ઉત્પત્તિના પ્રથમ સમયથી શરીર પર્યાપ્તિની નિષ્પત્તિ સુધી (મતાંતરથી સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિની નિષ્પત્તિ સુધી) ગ્રહણ કરાતા પુદ્ગલોનો આહાર. **લોમાહાર** :–શરીર પર્યાપ્તિ (મતાંતરે સ્વયોગ્ય પર્યાપ્તિ) પૂર્ણ થયા બાદ સ્પર્શનેંદ્રિય (– ચામડી) દ્વારા ગ્રહણ કરાતા પુદ્ગલોનો આહાર. **પ્રક્ષેપાહાર** :—કોળિયાથી ગ્રહણ કરાતો આહાર. દેવોને ઓજાહાર અને લોમાહાર એ બે પ્રકારનો આહાર હોય છે.

---

* બૃહત્સંગ્રહણીમાં આ વિષયમાં થોડો તફાવત છે. ત્યાં "૧૦ હજાર વર્ષથી અધિક અને સાગરોપમથી ન્યૂન સ્થિતિવાળા દેવો ૨ થી ૯ મુહૂર્તે શ્વાસોશ્વાસ લે છે અને ૨ થી ૯ દિવસે આહાર કરે છે" એમ જણાવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર દેવોના આહારનો જે નિયમ બતાવવામાં આવ્યો છે તે લોમાહારને આશ્રયીને છે.

**પ્રશ્ન :**—લોમાહાર દરેક સમયે હોય છે. તો દેવોમાં ઉક્ત અંતર કેવી રીતે ઘટે ? **ઉત્તર :**—લોમાહારના બે ભેદ છે—આભોગ અને અનાભોગ. જાણતાં–ઇચ્છાપૂર્વક જે લોમાહાર તે આભોગ લોમાહાર. જેમ કે–શિયાળામાં મનુષ્યાદિ પ્રાણીઓ ઠંડી દૂર કરવા સૂર્ય આદિના ઉષ્ણ પુદ્ગલોનું સેવન કરે છે. અજાણતાં ઇચ્છા વિના જે લોમાહાર થાય તે અનાભોગ લોમાહાર છે. જેમ કે શિયાળામાં શીતળ અને ઉનાળામાં ઉષ્ણ પુદ્ગલો ચામડી દ્વારા શરીરમાં પ્રવેશે છે. આથી જ શિયાળામાં પાણી ઓછું વાપરવા છતાં પેશાબ ઘણો થાય છે, અને ઉનાળામાં પાણી ઘણું વાપરવા છતાં પેશાબ અતિ અલ્પ થાય છે. આ અનાભોગ લોમાહાર પ્રતિસમય થાય છે. જ્યારે આભોગ લોમાહાર અમુક સમયે જ થાય છે. અહીં દેવોમાં આહારનું અંતર આભોગ રૂપ લોમાહારની અપેક્ષાએ છે. દેવોને જ્યારે આહારની ઇચ્છા થાય છે ત્યારે તેમના પુણ્યોદયથી મનથી કલ્પિત આહારના શુભ પુદ્ગલો સ્પર્શેન્દ્રિય દ્વારા શરીરપણે પરિણમે છે. શરીર રૂપે પરિણમેલા એ પુદ્ગલો શરીરને પુષ્ટ કરે છે. અને મનમાં તૃપ્તિ થવાથી આહ્લાદનો અનુભવ થાય છે. દેવોને આપણી જેમ પ્રક્ષપાહાર–કવલાહાર હોતો નથી.

**વેદના:**—દેવોને સામાન્યથી શુભવેદના–સુખાનુભવ હોય છે. છતાં વચ્ચે વચ્ચે અશુભવેદના–દુઃખાનુભવ પણ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સતત શુભવેદના છ મહિના સુધી હોય છે. છ મહિના પછી અશુભવેદના થાય છે. અશુભવેદના વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી જ રહે છે. અંતર્મુહૂર્ત બાદ પુનઃ શુભ-વેદના શરૂ થાય છે.

**ઉપપાતઃ**—અન્યતીર્થિકો-જૈનેતરતીર્થિકો **૧૨મા** દેવલોક સુધી જ ઉત્પન્ન થાય છે. દ્રવ્યચારિત્રલિંગી મિથ્યા-દૃષ્ટિઓ ગ્રૈવેયક સુધી ઉત્પન્ન થાય છે. સમ્યગ્દૃષ્ટિ સંયતો સૌધર્મથી આરંભી સર્વાર્થસિદ્ધ સુધી ઉત્પન્ન થાય છે. આથી એ સિદ્ધ થયું કે સમ્યગ્દૃષ્ટિ સંયતો જઘન્યથી પણ સૌધર્મથી નીચે ઉત્પન્ન ન થાય. જઘન્યથી સૌધર્મ દેવ-લોકમાં જ ઉત્પન્ન થાય. ચૌદ પૂર્વધરો બ્રહ્મલોકથી સર્વાર્થ-સિદ્ધ સુધી ઉત્પન્ન થાય છે.

**અનુભાવઃ**—વિમાનો તથા સિદ્ધશિલા કોઈ જાતના આધાર વિના આકાશમાં રહેલા છે. આમાં લોકસ્થિતિ જ કારણ છે. જગતમાં અનેક બાબતો એવી છે કે જે લોક સ્વભાવથી-લોક સ્થિતિથી જ સિદ્ધ થાય છે.

તીર્થંકર ભગવંતોના જન્માભિષેક, કેવળજ્ઞાનોત્પત્તિ, મહાસમવસરણની રચના તથા નિર્વાણ આદિના સમયે ઇંદ્રોના આસન કંપાયમાન થાય છે. ગ્રૈવેયક દેવોના સ્થાનો કંપાય-માન થાય છે. અનુત્તર દેવોની શય્યાઓ કંપાયમાન થાય છે. આમાં તીર્થંકર ભગવંતોના શુભ કર્મોનો ઉદય કે લોક-સ્વભાવ જ કારણ છે. આસનાદિ કંપાયમાન થવાથી ઇંદ્રો અને દેવો અવધિજ્ઞાન દ્વારા તીર્થંકરોની તીર્થંકર નામ-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલી અનન્ય સાધારણ ધર્મવિભૂતિને જુએ છે. બાદ ઇંદ્ર આદિ દેવો ભગવાનની પાસે આવી સ્તુતિ, વંદના, ઉપાસના, વાણીશ્રવણ આદિ યથાયોગ્ય આરાધના વડે આત્મશ્રેયઃ સાધે છે. જ્યારે નવગ્રૈવેયકના દેવો પોતાના સ્થાનમાં જ રહીને અને અનુત્તર દેવો પોતાની શય્યામાં જ રહીને સ્તુતિ આદિ દ્વારા તીર્થંકર ભગવંતોનું પૂજન કરે છે.

## વૈમાનિકનિકાયમાં લેશ્યા :—

**પીત-પદ્મ-શુક્લલેશ્યા દ્વિ-ત્રિ-શેષેષુ ॥૪-૨૩॥**

**બે, ત્રણ અને શેષ દેવલોકમાં અનુક્રમે પીત, પદ્મ અને શુક્લ લેશ્યા [ તે તે લેશ્યા જેવો શારીરિક વર્ણ ] હોય છે.**

પ્રથમના બે દેવલોકમાં-સૌધર્મ ઈશાનમાં પીત લેશ્યા, પછીના ત્રણ દેવલોકમાં (-સનત્કુમાર, માહેંદ્ર અને બ્રહ્મમાં) પદ્મલેશ્યા, પછીના અનુત્તર સુધીના સર્વ દેવલોકમાં શુક્લ લેશ્યા હોય છે. અહીં શારીરિક વર્ણરૂપ દ્રવ્યલેશ્યા વિવક્ષિત છે. કારણકે ભાવલેશ્યા તો છએ પ્રકારની હોય છે. [૨૩]

## કલ્પની અવધિ—

**પ્રાગ્ ગ્રૈવેયકેભ્યઃ કલ્પાઃ ॥૪-૨૪॥**

**ગ્રૈવેયકોની પૂર્વે કલ્પો પૂજ્ય-પૂજક ભાવ વગેરે મર્યાદા છે.**

આ અધ્યાયના ૧૮ મા સૂત્રમાં વૈમાનિક દેવોના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્પોપપન્ન અને કલ્પાતીત એ બે ભેદો જણાવ્યા હતા. જ્યાં કલ્પ હોય ત્યાં ઉત્પન્ન થયેલા દેવો કલ્પોપપન્ન અને જ્યાં કલ્પ ન હોય ત્યાં ઉત્પન્ન થયેલા દેવો કલ્પાતીત છે. આથી કયાં સુધી કલ્પ છે, તે આ સૂત્રમાં જણાવ્યું છે. સૌધર્મથી અચ્યુત સુધીના ૧૨ દેવલોકમાં કલ્પ છે. નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તરમાં કલ્પ નથી. કલ્પાતીત દેવોમાં સામાનિક વગેરે ભેદો નહિ હોવાથી સર્વ દેવો પોત-પોતાને ઇંદ્ર માને છે. તેથી તેઓ અહમિંદ્ર કહેવાય છે. [૨૪]

## લોકાંતિક દેવોનું સ્થાન—

## ब्रह्मलोकालया लोकान्तिकाः ॥४-२५॥

## લોકાંતિક દેવોનું સ્થાન બ્રહ્મલોક છે.

લોકાંતિક દેવો બ્રહ્મલોકમાં રહે છે. બ્રહ્મલોકમાં રહેનારા સઘળા દેવો લોકાંતિક નથી. કિન્તુ જેઓ બ્રહ્મલોકના અંતે રહેલા છે તે દેવો લોકાંતિક કહેવાય છે. બ્રહ્મલોકના અંતે ચાર દિશામાં ચાર વિમાનો, ચાર વિદિશામાં ચાર વિમાનો અને એક મધ્યમાં એમ નવ વિમાનો આવેલાં છે. આ નવ વિમાનના કારણે તેમના નવ ભેદ છે. બ્રહ્મલોકના અંતે વસવાથી અથવા લોકનો-સંસારનો અંત કરનારા હોવાથી તેમને લોકાંતિક કહેવામાં આવે છે. જ્યારે તીર્થંકર ભગવંતોનો પ્રવ્રજ્યાકાળ આવે ત્યારે તેઓ તેમની પાસે આવીને "જય જય નંદા, જય જય ભદ્દા" એ પ્રમાણે સ્તુતિ કરવાપૂર્વક તેમને "ભયવં તિત્થં પવત્તેહ"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(=હે ભગવંત તીર્થને પ્રવર્તાવો.) એ પ્રમાણે તીર્થ પ્રવર્તાવવા માટે વિનંતી કરે છે.

આ દેવો અવશ્ય લઘુકર્મી હોય છે. તેઓ વિષયરતિથી વિમુખ હોવાથી તેમને દેવર્ષિ પણ કહેવામાં આવે છે. તેઓ કેટલા ભવે મોક્ષમાં જશે એ વિષે ભિન્ન ભિન્ન શાસ્ત્રોમાં ભિન્ન ભિન્ન ઉલ્લેખ જોવામાં આવે છે. કેટલાંક શાસ્ત્રોમાં "લોકાંતિક દેવો સાત-આઠ ભવે મોક્ષમાં જાય." એ પ્રમાણે ઉલ્લેખ જોવા મળે છે. કેટલાક ગ્રંથોમાં "લોકાંતિક દેવો એકાવતારી હોય અર્થાત્ ત્યાંથી ચ્યવી મનુષ્ય ભવમાં આવી મોક્ષમાં જાય" એ પ્રમાણે જોવામાં આવે છે. જ્યારે કોઈ સ્થળે "નવમા વિમાનમાં રહેલા દેવો નિયમા એકાવતારી હોય છે. બાકીના ૮ વિમાનના દેવો એકાવતારી જ હોય એવો નિયમ નથી." એમ પણ વાંચવા મળે છે. [૨૫]

**નવ પ્રકારના લોકાંતિક દેવોનાં નવ નામો—**

**सारस्वता-ऽऽदित्य, वह्न्यरुण-गर्दतोय-तुषिता-ऽव्या-बाध-मरुतोऽरिष्टाश्च ॥४-२६॥**

**સારસ્વત, આદિત્ય, વહ્નિ, અરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, મરુત અને અરિષ્ટ એમ નવ પ્રકારના લોકાંતિક દેવો છે.**

લોકાંતિક દેવોનાં વિમાનોનાં સારસ્વત વગેરે નામો છે. વિમાનના દેવો પણ સારસ્વત આદિ તરીકે ઓળખાય છે. [૨૬]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અનુત્તરના વિજયાદિ ચાર વિમાનના દેવોનો સંસારકાળ—

વિજયાદિષુ દ્વિચરમાઃ ॥૪–૨૭॥

**વિજયાદિ ચાર વિમાનમાં બે વાર જનારા ચરમશરીરી હોય છે.**

**વિજય, વૈજયન્ત, જયંત અને અપરાજિત એ ચાર વિમાનના દેવો મનુષ્યના બે ભવો કરીને નિયમા મોક્ષે જાય છે.**

વિજયાદિ વિમાનમાંથી ચ્યવી મનુષ્ય ગતિમાં આવે છે. મૃત્યુ પામી પુનઃ વિજયાદિમાં ઉત્પન્ન થાય છે. ત્યાંથી ચ્યવી મનુષ્યગતિમાં આવે છે અને સંયમની સાધના કરી મોક્ષ પામે છે. આ પ્રમાણે અહીં બે ભવ મનુષ્યની અપેક્ષાએ છે. અન્યથા દેવભવની સાથે ત્રણ ભવ થાય છે. મનુષ્યભવમાં જ મોક્ષની પ્રાપ્તિ થતી હોવાથી સૂત્રમાં મનુષ્યભવની અપેક્ષાએ વિજયાદિ દેવોને દ્વિચરમ કહેલ છે.* સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો નિયમા એકાવતારી હોય છે.

પાંચે પ્રકારના અનુત્તર વિમાનના દેવો લઘુકર્મી હોય

* મતાંતરે વિજયાદિ ચારમાં એકવાર ઉત્પન્ન થયેલ જીવ ઉત્કૃષ્ટથી મનુષ્ય–દેવના ચોવીશ ભવો કરી મોક્ષમાં જાય છે. આથી સેનપ્રશ્નમાં "વિજયાદિમાં બે વાર ગયેલ ચરમશરીરી હોય છે" એવો આ સૂત્રનો અર્થ કર્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. જે મુનિઓની મોક્ષની સાધના થોડી જ બાકી રહી ગઈ હોય તેઓ આ પાંચ વિમાનમાં ઉત્પન્ન થાય છે. અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયેલા જીવો, જો પૂર્વભવમાં અંતર્મુહૂર્ત જ આયુષ્ય વધારે હોત, અથવા છઠ્ઠના તપ જેટલી નિર્જરા વધારે થઈ હોત, તો સીધા મોક્ષમાં ચાલ્યા જાત. પણ ભવિતવ્યતા આદિના બળે થોડી સાધના બાકી રહી જવાથી સર્વાર્થસિદ્ધમાં ઉત્પન્ન થાય છે. [૨૭]

## તિર્યંચ સંજ્ઞાવાળા પ્રાણીઓ—

**ઔપપાતિક-મનુષ્યેભ્યઃ શેષાસ્તિર્યગ્યોનયઃ ॥૪-૨૮॥**

**ઔપપાતિક અને મનુષ્ય સિવાયના જીવો તિર્યગ્યોનિ-તિર્યંચ છે.**

નારકો અને દેવો ઔપપાતિક છે. નારકો, દેવો અને મનુષ્યો સિવાયના સઘળા જીવોની તિર્યગ્યોનિ (-તિર્યંચ) સંજ્ઞા છે. શાસ્ત્રમાં જુદી જુદી દૃષ્ટિએ જીવોના ભિન્ન ભિન્ન ભેદોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. ઇંદ્રિયોની અપેક્ષાએ જીવોના પાંચ ભેદ પડે છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય. પંચેન્દ્રિય જીવોના નારક, દેવ, મનુષ્ય અને તિર્યંચ એમ ચાર ભેદ છે. નારક, દેવ અને મનુષ્ય સિવાયના સઘળા પંચેંદ્રિય જીવો અને એકેંદ્રિયથી ચઉરિંદ્રિય સુધીના જીવો તિર્યંચ કહેવાય છે. [૨૮]

## સ્થિતિનો અધિકાર—

**સ્થિતિઃ ॥ ૪-૨૯ ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીંથી સ્થિતિ [ આયુષ્યનો કાળ ] શરૂ થાય છે.

આ અધિકાર સૂત્ર છે. અહીંથી સ્થિતિના આયુષ્ય-કાળના વર્ણનનો અધિકાર શરૂ થાય છે એ સૂચવવા આ સૂત્રની રચના કરી છે. [૨૯]

**ભવનપતિ નિકાયમાં દક્ષિણાર્ધના ઈંદ્રોની ઉત્કૃષ્ટ સ્થિતિઃ-**

**भवनेषु दक्षिणार्धाधिपतीनां पल्योपममध्यर्धम् ॥४-३०॥**

**ભવનોમાં દક્ષિણાર્ધ અધિપતિની ( ઈંદ્રની ) દોઢ પલ્યોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે.**

ભવનપતિ દેવોના દશ ભેદો છે. તે દરેકના બે વિભાગ પડે છે. (૧) દક્ષિણ દિશા તરફનાં ભવનોમાં રહેનાર. (૨) ઉત્તર દિશા તરફનાં ભવનોમાં રહેનાર. આ બંનેના ઈંદ્રો અલગ અલગ છે. આથી દક્ષિણ તરફ રહેનાર અસુર-કુમાર આદિ દશ પ્રકારના દેવોના દશ ઈંદ્રો અને ઉત્તર તરફ રહેનાર અસુરકુમાર આદિ દશ પ્રકારના દશ ઈંદ્રો એમ ભવનપતિનિકાયમાં કુલ ૨૦ ઈંદ્રો છે. દક્ષિણ દિશા તરફના ઈંદ્રો દક્ષિણાર્ધાધિપતિ અને ઉત્તર દિશા તરફના ઈંદ્રો ઉત્તરાર્ધા-ધિપતિ છે. તેમાં સર્વ દક્ષિણાર્ધાધિપતિની ઉત્કૃષ્ટ સ્થિતિ દોઢ પલ્યોપમ છે. [૩૦]

**ભવનપતિ નિકાયમાં ઉત્તરાર્ધના ઈંદ્રોની ઉત્કૃષ્ટ સ્થિતિઃ-**

**शेषाणां पादोने ॥ ४-३१ ॥**

**શેષ ભવનપતિના ઈંદ્રોની સ્થિતિ પોણા બે પલ્યોપમ છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવનપતિ નિકાયના બાકીના ઇંદ્રોની-ઉત્તરાર્ધાધિપતિની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧॥॥ પલ્યોપમ છે. [૩૧]

**ભવનપતિ નિકાયના ઇંદ્રોની સ્થિતિમાં અપવાદ-**

**असुरेन्द्रयोः सागरोपममधिकं च ॥ ४-३२ ॥**

**અસુરેન્દ્રોની સ્થિતિ અનુક્રમે એક સાગરોપમ અને કંઈક અધિક સાગરોપમ છે.**

દક્ષિણાર્ધાધિપતિ ચમરની એક સાગરોપમ અને ઉત્તરાર્ધાધિપતિ બલિની કંઈક અધિક એક સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. [૩૨]

**सौधर्मादिषु यथाक्रमम् ॥ ४-३३ ॥**

**નીચેના સૂત્રોમાં જે સ્થિતિ કહેવાશે તે ક્રમશઃ સૌધર્મ આદિ દેવલોકના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ છે.** [૩૩]

**सागरोपमे ॥ ४-३४ ॥**

**સૌધર્મ કલ્પના દેવોની બે સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે.** [૩૪]

**अधिके च ॥ ४-३५ ॥**

**ઈશાન કલ્પના દેવોની કંઈક અધિક બે સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે.** [૩૫]

**सप्त सानत्कुमारे ॥ ४-३६ ॥**

**સનત્કુમાર કલ્પના દેવોની સાત સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે.** [૩૬]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विशेष-त्रि-सप्त-दशैकादश-त्रयोदश-पञ्चदशभिरधिकानि च ॥ ४-३७ ॥

સાત સંખ્યામાં વિશેષ, ૩, ૭, ૧૦, ૧૧, ૧૩, ૧૫ સાગરોપમ વધારવાથી અનુક્રમે માહેંદ્ર આદિ કલ્પના દેવોની ઉ૦ સ્થિતિ થાય છે. તે આ પ્રમાણે.

માહેંદ્રની સાધિક સાત સાગરોપમ, બ્રહ્મની ૧૦ સાગરોપમ, લાંતકની ૧૪ સાગરોપમ, મહાશુક્રમાં ૧૭ સાગરોપમ, સહસ્રારમાં ૧૮ સાગરોપમ, આનત-પ્રાણતમાં ૨૦ સાગરોપમ, આરણ-અચ્યુતમાં ૨૨ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. [૩૭]

आरणाऽच्युतादूर्ध्वमेकैकेन नवसु ग्रैवेयकेषु-विजयादिषु सर्वार्थसिद्धे च ॥ ४-३८ ॥

આરણ અચ્યુત કલ્પની સ્થિતિમાં એક એક સાગરોપમની વૃદ્ધિ કરવાથી અનુક્રમે નવ ગ્રૈવેયક વિજયાદિ ચાર અને સર્વાર્થસિદ્ધ વિમાનની ઉત્કૃષ્ટ સ્થિતિ થાય છે. તે આ પ્રમાણે.

| દેવલોક | આયુષ્ય | દેવલોક | આયુષ્ય |
|---|---|---|---|
| ૧ ગ્રૈવેયક | ૨૩ સા. | ૭ ગ્રૈવેયક ,, | ૨૯ સા. |
| ૨ ,, | ૨૪ ,, | ૮ ,, | ૩૦ ,, |
| ૩ ,, | ૨૫ ,, | ૯ | ૩૧ ,, |
| ૪ ,, | ૨૬ ,, | વિજયાદિ ચાર | ૩૨ ,, |
| ૫ ,, | ૨૭ ,, | સર્વાર્થસિદ્ધ | ૩૩ ,, |
| ૬ ,, | ૨૮ ,, | | |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જઘન્ય સ્થિતિના અધિકારનો પ્રારંભ—

अपरा पल्योपममधिकं च ॥ ४–३९ ॥

સૌધર્મ અને ઈશાનમાં જઘન્યસ્થિતિ અનુક્રમે એક પલ્યોપમ અને સાધિક પલ્યોપમ છે. [૩૯]

सागरोपमे ॥ ४–४० ॥

સનત્કુમારમાં જઘન્ય સ્થિતિ બે સાગરોપમ છે. [૪૦]

अधिके च ॥ ४–४१ ॥

માહેંદ્રમાં જઘન્ય સ્થિતિ સાધિક બે સાગરોપમ છે. [૪૧]

परतः परतः पूर्वा पूर्वाऽनन्तरा ॥ ४–४२ ॥

માહેન્દ્ર પછીના દેવલોકોમાં પોતપોતાની પૂર્વના દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રમાણે જઘન્ય સ્થિતિ છે. અર્થાત્ પોતાનાથી પૂર્વના દેવલોકની જે ઉત્કૃષ્ટ સ્થિતિ તે જ પોતાની જઘન્ય સ્થિતિ છે. તેઓ પ્રમાણે—

| દેવલોક | જઘન્યસ્થિતિ | દેવલોક | જઘન્યસ્થિતિ | દેવલોક | જઘન્ય સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૫ સાધિક | ૭ સા. | ૧ ગ્રૈવે૦ | ૨૨ સા. | ૭ ગ્રૈવે૦ | ૨૮ સા. |
| ૬ | ૧૦ સા. | ૨ ,, | ૨૩ ,, | ૮ ,, | ૨૯ ,, |
| ૭ | ૧૪ ,, | ૩ ,, | ૨૪ ,, | ૯ ,, | ૩૦ ,, |
| ૮ | ૧૭ ,, | ૪ ,, | ૨૫ ,, | વિજયાદિ ચાર | ૩૧ ,, |
| ૯–૧૦ | ૧૮ ,, | ૫ ,, | ૨૬ ,, | | |
| ૧૧–૧૨ | ૨૦ ,, | ૬ ,, | ૨૭ ,, | | |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नारकाणां च द्वितीयादिषु ॥ ४-४३ ॥

બીજીથી સાતમી નરક સુધીમાં પૂર્વ નરકની ઉત્કૃષ્ટ સ્થિતિ પછીના નરકની જઘન્ય સ્થિતિ છે. તે આ પ્રમાણે–

| નરક | જઘન્યસ્થિતિ | નરક | જઘન્યસ્થિતિ | નરક | જઘન્યસ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૨ | ૧ સા. | ૪ | ૭ સા. | ૬ | ૧૭ સા. |
| ૩ | ૩ સા. | ૫ | ૧૦ સા. | ૭ | ૨૨ [ ૪૩ ] |

दशवर्षसहस्राणि प्रथमायाम् ॥ ४-४४ ॥

પ્રથમ નરકમાં જઘન્ય સ્થિતિ ૧૦ હજાર વર્ષ છે. [૪૪]

भवनेषु च ॥ ४-४५ ॥

ભવનપતિ નિકાયના દેવોની પણ જઘન્ય સ્થિતિ ૧૦ હજાર વર્ષ છે. [૪૫]

व्यन्तराणां च ॥ ४-४६ ॥

વ્યંતર નિકાયના દેવોની પણ જઘન્યસ્થિતિ ૧૦ હજાર વર્ષ છે. [૪૬]

વ્યંતર દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ—

परा पल्योपमम् ॥ ४-४७ ॥

વ્યંતર દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમ છે. [૪૭]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જ્યોતિષ્ક દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિનો અધિકાર

**જ્યોતિષ્કાણામધિકમ્ ॥ ૪-૪૮ ॥**

**જ્યોતિષ્ક દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ અધિક એક પલ્યોપમ છે.**

ગ્રહ, નક્ષત્ર અને તારાની ઉત્કૃષ્ટ સ્થિતિ આગળ કહેવાના હોવાથી અહીં સૂર્ય અને ચંદ્રની ઉત્કૃષ્ટ સ્થિતિ જણાવી છે. સૂર્યની હજાર વર્ષ અધિક એક પલ્યોપમ અને ચંદ્રની લાખ વર્ષ અધિક એક પલ્યોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. [૪૮]

**ગ્રહાણામેકમ્ ॥ ૪-૪૯ ॥**

**ગ્રહોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમ છે.**

**નક્ષત્રાણામર્ધમ્ ॥ ૪-૫૦ ॥**

**નક્ષત્રોની ઉત્કૃષ્ટ સ્થિતિ અડધો પલ્યોપમ છે.** [૫૦]

**તારકાણાં ચતુર્ભાગઃ ૪-૫૧ ॥**

**તારાઓની ઉત્કૃષ્ટ સ્થિતિ પા [૦૧] પલ્યોપમ છે.** [૫૧]

## જ્યોતિષ્ક દેવોની જઘન્ય સ્થિતિ—

**જઘન્યા ત્વષ્ટભાગઃ ॥ ૪-૫૨ ॥**

**તારાઓની જઘન્ય સ્થિતિ $\frac{1}{8}$ પલ્યોપમ છે.** [૫૨]

**ચતુર્ભાગઃ શેષાણામ્ ॥ ૪-૫૩ ॥**

**શેષ જ્યોતિષ્ક દેવોની જઘન્ય સ્થિતિ ૦૧ [$\frac{1}{4}$] પલ્યોપમ છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તારાઓની જઘન્ય સ્થિતિ ઉપરના સૂત્રમાં કહેવાઈ ગઈ છે. આથી જ્યોતિષ્કના સૂર્ય આદિ ચાર ભેદોમાં જઘન્ય સ્થિતિની વિચારણા કરવાની રહે છે. જ્યોતિષ્કના ચાર ભેદોમાં પણ સૂર્ય-ચંદ્ર ઇંદ્રોની, તેમની ઇંદ્રાણીઓની અને વિમાનાધિપતિ દેવોની જઘન્ય સ્થિતિ નથી, આથી અહીં શેષ તરીકે સૂર્યાદિ ચારના વિમાનોમાં રહેનારા સામાન્ય દેવો સમજવા. [૫૩]

**ભવનપતિ દેવ-દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિનું યંત્ર**

| નિકાય | દેવ-દેવીઓ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| અસુરકુમાર | દક્ષિણના દેવો | ૧ સાગરોપમ |
| | દક્ષિણની દેવીઓ | ૩॥ પલ્યોપમ |
| | ઉત્તરના દેવો | સાધિક ૧ સાગરોપમ |
| | ઉત્તરની દેવીઓ | ૪॥ પલ્યોપમ |
| નાગકુમારાદિ નવ | દક્ષિણના દેવો | ૧॥ પલ્યોપમ |
| | દક્ષિણની દેવીઓ | ૦॥ પલ્યોપમ |
| | ઉત્તરના દેવો | ૧॥॥ પલ્યોપમ |
| | ઉત્તરની દેવીઓ | દેશોન પલ્યોપમ |

દરેક પ્રકારના ભવનપતિ નિકાયના દેવ-દેવીઓની જઘન્ય સ્થિતિ ૧૦ હજાર વર્ષ છે.

વ્યંતરનિકાયમાં દરેક પ્રકારના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧ પલ્યોપમ અને દરેક પ્રકારની દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ૦।। પલ્યોપમ છે. દરેક પ્રકારના દેવ-દેવીઓની જઘન્ય સ્થિતિ ૧૦ હજાર વર્ષ છે.

## જ્યોતિષ દેવ-દેવીઓની ઉત્કૃષ્ટ જઘન્ય સ્થિતિનું યંત્રઃ

| દેવો | ઉત્કૃષ્ટ સ્થિતિ | જઘન્ય સ્થિતિ |
|---|---|---|
| ચંદ્ર-દેવો | ૧ લાખ વર્ષ અધિક ૧ પલ્યો૦ | ૦।। પલ્યોપમ |
| ચંદ્ર દેવીઓ | ૫૦ હજાર વર્ષ અધિક ૦।। પલ્યો૦ | ,, |
| સૂર્ય-દેવો | ૧ હજાર વર્ષ અધિક ૧ પલ્યો૦ | ,, |
| સૂર્ય-દેવીઓ | ૫૦૦ વર્ષ અધિક ૦।। પલ્યો૦ | ,, |
| ગ્રહ-દેવો | ૧ પલ્યોપમ | ,, |
| ગ્રહ-દેવીઓ | ૦।। પલ્યોપમ | ,, |
| નક્ષત્ર-દેવો | ૦।। પલ્યોપમ | ,, |
| નક્ષત્ર-દેવીઓ | સાધિક ૦। પલ્યોપમ | ,, |
| તારા-દેવો | ૦। પલ્યોપમ | ૧/૮ પલ્યોપમ |
| તારા-દેવીઓ | સાધિક ૧/૮ પલ્યોપમ | ,, |

* ભવનપતિ આદિ ચારે નિકાયમાં ઇંદ્રોની અને ઇંદ્રાણીઓની સ્થિતિ ઉત્કૃષ્ટ જ હોય છે. ઇંદ્રની દેવની અપેક્ષાએ અને ઇંદ્રાણીની દેવીની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વૈમાનિક દેવીઓની જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિનું યંત્રઃ—

| દેવલોક | દેવી | ઉત્કૃષ્ટ સ્થિતિ | જઘન્ય સ્થિતિ |
|---|---|---|---|
| સૌધર્મ | પરિગૃહીતા | ૭ પલ્યોપમ | ૧ પલ્યોપમ |
| સૌધર્મ | અપરિગૃહીતા | ૫૦ પલ્યોપમ | ૧ પલ્યોપમ |
| ઇશાન | પરિગૃહીતા | ૯ પલ્યોપમ | સાધિક ૧ પલ્યોપમ |
| ઈશાન | અપરિગૃહીતા | ૫૫ પલ્યોપમ | સાધિક ૧ પલ્યોપમ |

## વૈમાનિક દેવોની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિનું યંત્ર :—

| દેવલોક | ઉત્કૃષ્ટ સ્થિતિ | જઘન્ય સ્થિતિ |
|---|---|---|
| ૧ કલ્પ | ૨ સાગરો. | ૧ પલ્યો. |
| ૨ ,, | સાધિક ૨ સાગરો. | સાધિક ૧ પલ્યો. |
| ૩ ,, | ૭ સાગરો. | ૨ સાગરો. |
| ૪ ,, | સાધિક ૭ સાગરો. | સાધિક ૨ સાગરો. |
| ૫ ,, | ૧૦ ,, | ૭ ,, |
| ૬ ,, | ૧૪ ,, | ૧૦ ,, |
| ૭ ,, | ૧૭ ,, | ૧૪ ,, |
| ૮ ,, | ૧૮ ,, | ૧૭ ,, |
| ૯ ,, | ૧૯ ,, | ૧૮ ,, |
| ૧૦ ,, | ૨૦ ,, | ૧૯ ,, |
| ૧૧ ,, | ૨૧ ,, | ૨૦ ,, |
| ૧૨ ,, | ૨૨ ,, | ૨૧ ,, |
| ૧ ગ્રૈવે. | ૨૩ ,, | ૨૨ ,, |
| ૨ ,, | ૨૪ ,, | ૨૩ ,, |
| ૩ ,, | ૨૫ ,, | ૨૪ ,, |
| ૪ ,, | ૨૬ ,, | ૨૫ ,, |
| ૫ ,, | ૨૭ ,, | ૨૬ ,, |
| ૬ ,, | ૨૮ ,, | ૨૭ ,, |
| ૭ ,, | ૨૯ ,, | ૨૮ ,, |
| ૮ ,, | ૩૦ ,, | ૨૯ ,, |
| ૯ ,, | ૩૧ ,, | ૩૦ ,, |
| વિજયાદિ ચાર | ૩૨ ,, | ૩૧ ,, |
| સર્વાર્થસિદ્ધ | ૩૩ ,, | × |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાંચમો અધ્યાય

પ્રથમ અધ્યાયમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને નયોનું પ્રતિપાદન કર્યું. બીજા, ત્રીજા અને ચોથા અધ્યાયમાં જીવ-તત્ત્વને આશ્રયીને વિવિધ દૃષ્ટિએ નિરૂપણ કર્યું. હવે પાંચમા અધ્યાયમાં અજીવ તત્ત્વનું વર્ણન કરે છે.

**અજીવ તત્ત્વના મુખ્ય ભેદો :-**

**अजीवकाया धर्माधर्माकाशपुद्गलाः ॥ ५-१ ॥**

**ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલ એ ચાર (દ્રવ્યો) અજીવકાય છે.**

ધર્મ આદિ ચાર દ્રવ્યો અસ્તિકાય છે. અસ્તિ એટલે પ્રદેશ. કાય એટલે સમૂહ. ધર્મ આદિ ચાર તત્ત્વો પ્રદેશોના સમૂહરૂપ હોવાથી અસ્તિકાય કહેવાય છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય એ ચાર અજીવ તત્ત્વો છે. જીવથી વિપરીત તત્ત્વો અજીવરૂપ છે.

જીવ પણ પ્રદેશોના સમૂહરૂપ હોવાથી અસ્તિકાય રૂપ છે. આથી જીવાસ્તિકાય સહિત પાંચ તત્ત્વો અસ્તિકાય રૂપ છે. પણ અહીં અજીવનું પ્રકરણ હોવાથી ચાર તત્ત્વોને અસ્તિકાયરૂપ કહ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણેના સ્કંધ, દેશ અને પ્રદેશ એમ ત્રણ ત્રણ ભેદો તથા પુદ્ગલાસ્તિકાયના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એમ ચાર ભેદો છે. આમ અજીવ તત્ત્વના કુલ ૧૩ ભેદો છે.

**સ્કંધ** એટલે વસ્તુનો સંપૂર્ણ વિભાગ, અર્થાત્ સંપૂર્ણ વસ્તુ તે સ્કંધ. **દેશ** એટલે વસ્તુનો સવિભાજ્ય કોઈ એક ભાગ. સવિભાજ્ય એટલે જેના અન્ય વિભાગ થઈ શકે તે. અર્થાત્ જેનો અન્ય વિભાગ થઈ શકે તેવો કોઈ એક ભાગ તે દેશ.

સ્કંધ અને દેશની વિચારણામાં એટલું ધ્યાન રાખવું કે સવિભાજ્ય ભાગ જો વસ્તુ સાથે પ્રતિબદ્ધ હોય તો દેશ કહેવાય. પણ જો તે ભાગ છૂટો પડી ગયો હોય તો દેશ કહેવાય પણ ખરો અને ન પણ કહેવાય. છૂટો પડેલો વિભાગ જેમાંથી છૂટો પડ્યો છે તે વસ્તુની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો દેશ કહેવાય. કારણ કે તે જે વસ્તુમાંથી છૂટો પડ્યો છે તે વસ્તુનો એક વિભાગ છે. પણ જો એ વિભાગને મૂળ વસ્તુની અપેક્ષા વિના સ્વતંત્ર વસ્તુ માનવામાં આવે તો સ્કંધ કહેવાય છે. કારણ કે સ્કંધ એટલે સંપૂર્ણ વસ્તુ. પુદ્ગલાસ્તિકાય વિના સર્વ દ્રવ્યોમાંથી વિભાગ છૂટો પડતો નથી. માત્ર પુદ્ગલાસ્તિકાયમાંથી જ વિભાગ છૂટો પડે છે. આથી આ વિચારણા પુદ્ગલાસ્તિકાયને આશ્રયીને જ છે. પુદ્ગલાસ્તિકાયના જુદા જુદા વિભાગોમાં પણ સ્કંધ રૂપે વ્યવહાર છૂટા પડેલા વિભાગને સ્વતંત્ર વસ્તુ માનવાથી જ થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રદેશ** એટલે વસ્તુ સાથે પ્રતિબદ્ધ વસ્તુનો નિર્વિભાજ્ય એક ભાગ. નિર્વિભાજ્ય ભાગ એટલે જેના કેવળીની દૃષ્ટિથી પણ બે વિભાગ ન થઈ શકે તેવો અંતિમ સૂક્ષ્મ અંશ. **પરમાણુ** એટલે મૂળ વસ્તુથી છૂટો પડેલો નિર્વિભાજ્ય ભાગ.

**પ્રદેશ અને પરમાણુમાં તફાવત** :—કેવળીની દૃષ્ટિથી પણ જેના બે વિભાગ ન થઈ શકે એવો અંતિમ સૂક્ષ્મ અંશ પ્રદેશ પણ કહેવાય છે અને પરમાણુ પણ કહેવાય છે. બંનેમાં તફાવત એટલો જ છે કે એ સૂક્ષ્મ અંશ જો વસ્તુ–સ્કંધ સાથે પ્રતિબદ્ધ હોય તો પ્રદેશ કહેવાય છે, અને છૂટો પડેલો હોય તો પરમાણુ કહેવાય છે. આથી પ્રદેશ જ છૂટો પડીને પરમાણુનું નામ ધારણ કરે છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને જીવાસ્તિકાય એ ચાર દ્રવ્યોના સ્કંધ, દેશ અને પ્રદેશ એમ ત્રણ વિભાગ છે, પરમાણુરૂપ ચોથો વિભાગ નથી. કારણ કે એ ચાર દ્રવ્યોનો પોતાના સઘળા પ્રદેશોની સાથે શાશ્વત સંબંધ હોય છે. એ ચાર દ્રવ્યોમાંથી એક પણ પ્રદેશ કોઈ કાળે છૂટો પડતો નથી. પુદ્ગલના જ સ્કંધમાંથી પ્રદેશો છૂટા પડે છે. પુદ્ગલના સ્કંધમાંથી છૂટા પડેલા પ્રદેશો પરમાણુનું નામ ધારણ કરે છે. આમ પરમાણુ એટલે પુદ્ગલ સ્કંધમાંથી છૂટો પડેલો પ્રદેશ. પ્રદેશ અને પરમાણુનું કદ પણ સમાન જ હોય છે. કારણ કે બંને વસ્તુના નિર્વિભાજ્ય અંતિમ સૂક્ષ્મ અંશો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન** :–નવતત્ત્વ પ્રકરણ ગ્રંથમાં અજીવકાયના ૧૪ ભેદો જણાવ્યા છે જ્યારે અહીં ૧૩ ભેદો જણાવ્યા તેનું શું કારણ ? **ઉત્તર** :–નવતત્ત્વ ગ્રંથમાં કાળની દ્રવ્યમાં ગણતરી કરવામાં આવી છે. આથી કાળ સહિત અજીવકાયના ૧૪ ભેદો થાય છે. પરંતુ અહીં ગ્રંથકારે કાળને દ્રવ્ય તરીકે નથી ગણ્યો. ગ્રંથકારે આગળ कालश्चेत्येके એ સૂત્રથી કોઈ કાળને પણ દ્રવ્ય કહે છે એમ સૂચન કર્યું છે. આથી ગ્રંથકારે કાળનો દ્રવ્યરૂપે સ્વીકાર કર્યો નથી એમ જણાય છે. પ્રસ્તુત ગ્રંથકારે જેમ કાળનો દ્રવ્ય સ્વરૂપે સ્વીકાર કર્યો નથી તેમ જેઓ કાળને દ્રવ્યરૂપે માને છે તેમની એ માન્યતાનું ખંડન પણ કર્યું નથી. આથી ગ્રંથકાર આ વિષયમાં મધ્યસ્થ રહ્યા હોય એમ જણાય છે. કાળને દ્રવ્ય માનનાર કઈ દૃષ્ટિએ કાળને દ્રવ્યરૂપે માને છે અને કાળને દ્રવ્ય નહિ માનનારની એ વિષયમાં કેવી દલીલ છે તેનો વિચાર कालश्चेत्येके એ સૂત્રમાં કરવામાં આવશે. [૧]

## धर्मास्तिकाय आदि तत्त्वोनी विशेष संज्ञा–

## द्रव्याणि जीवाश्च ॥ ५–२ ॥

**ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવો એ પાંચ દ્રવ્યો છે.**

ધર્માસ્તિકાય આદિ પાંચની દ્રવ્ય એ સામાન્ય સંજ્ઞા છે, અને ધર્માસ્તિકાય આદિ વિશેષ સંજ્ઞા છે. દ્રવ્યનું લક્ષણ અર્થાત્ દ્રવ્ય કોને કહેવાય તે આ અધ્યાયના ૩૭ મા સૂત્રમાં કહેશે. [૨]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોમાં સાધર્મ્ય-સમાનતા

### नित्याऽवस्थान्यरूपिणः ॥ ૫-૪ ॥

**ધર્માસ્તિકાય આદિ પાંચ દ્રવ્યો નિત્ય અને અવસ્થિત-સ્થિર છે, તથા પુદ્ગલ સિવાયના ચાર દ્રવ્યો અરૂપી છે.**

ધર્માસ્તિકાય આદિ પાંચ દ્રવ્યોમાં નિત્યતા અને અવસ્થિતતાનું તથા પુદ્ગલ સિવાય ચાર દ્રવ્યોમાં અરૂપીપણાનું સાધર્મ્ય-સમાનતા છે.

**નિત્યતા** :-જેના ધર્મોનો વિનાશ ન થાય તે નિત્ય. અસ્તિત્વ વગેરે સામાન્ય ધર્મોનો તથા પ્રતિહેતુતા વગેરે વિશેષ ધર્મોનો કદી વિનાશ ન થતો હોવાથી ધર્માસ્તિકાય વગેરે પાંચેય દ્રવ્યો નિત્ય છે.

**અવસ્થિતતા**:-જેના ધર્મોનું પરાવર્તન-સંક્રમણ ન ન થાય તે અવસ્થિત. જીવમાં જડના ગુણનું કે જડમાં જીવના ગુણનું પરિવર્તન-સંક્રમણ થતું નથી. તે તે દ્રવ્યો પોતપોતાના ગુણોથી અવસ્થિત રહે છે. અથવા અવસ્થાન એટલે સંખ્યાની વૃદ્ધિ-હાનિનો અભાવ. ધર્માસ્તિકાય આદિ પાંચેય દ્રવ્યો સદા રહે છે. દ્રવ્યો પાંચની સંખ્યાને છોડતા નથી. અર્થાત્ દ્રવ્યો ઘટીને ચાર થતાં નથી કે વધીને છ થતાં નથી, જેટલાં છે તેટલાં (પાંચ)જ સદા રહે છે.

**અરૂપિપણું**:—અરૂપિપણું એટલે રૂપનો અભાવ. અહીં અરૂપિપણાના ઉપલક્ષણથી રૂપ, રસ, ગંધ અને સ્પર્શ વગેરે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણોનો પણ અભાવ જાણવો. પુદ્ગલ સિવાયના ચાર દ્રવ્યો અરૂપી છે, એટલે કે રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે ગુણોથી રહિત છે. આથી એ ચાર દ્રવ્યોનું ચક્ષુ વગેરે ઇંદ્રિયોથી જ્ઞાન થતું નથી. કર્મના આવરણ રહિત આત્મા જ એ ચાર દ્રવ્યોનું પ્રત્યક્ષ જ્ઞાન કરી શકે છે. [૩]

## રૂપી દ્રવ્યો—

રૂપિણઃ પુદ્ગલાઃ ॥૫–૪॥

## પુદ્ગલો રૂપી છે.

પાંચ દ્રવ્યોમાં ફક્ત પુદ્ગલ દ્રવ્ય રૂપી છે. આથી આપણે ચક્ષુ આદિ ઇંદ્રિયો દ્વારા પુદ્ગલનું જ કે પુદ્ગલના ગુણોનું જ પ્રત્યક્ષ જ્ઞાન કરી શકીએ છીએ. આપણને આંખ દ્વારા જે કાંઈ દેખાય છે તે પુદ્ગલ જ છે. જ્યાં રૂપ હોય છે ત્યાં જ રસ, ગંધ, સ્પર્શ વગેરે ગુણો પણ અવશ્ય હોય છે. આથી રૂપની જેમ રસ, ગંધ, સ્પર્શ વગેરે ગુણો પણ પુદ્ગલ દ્રવ્યના જ છે. [૪]

## આકાશ આદિ દ્રવ્યોની એકતા—

આ આકાશાદેકદ્રવ્યાણિ ॥૫–૫॥

## આકાશ આદિ દ્રવ્યો એક એક છે.

જુદા જુદા જીવોની અપેક્ષાએ જીવો અનેક છે. ભિન્ન ભિન્ન સ્કંધ આદિની અપેક્ષાએ પુદ્ગલો અનેક છે. પણ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ એ ત્રણ દ્રવ્યો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક એક જ છે. ધર્માસ્તિકાય આદિના સ્કંધ આદિ ભેદો બુદ્ધિની કલ્પનાથી ભિન્ન ભિન્ન અપેક્ષાએ એક જ દ્રવ્યના છે. તે ભેદો મૂળ દ્રવ્યથી જુદા કરી શકાતા જ નથી. જ્યારે જીવ દ્રવ્ય અનેક વ્યક્તિરૂપે અનંત છે. તે જ પ્રમાણે પુદ્ગલ દ્રવ્ય પણ અનંત છે. [૫]

## આકાશાદિ દ્રવ્યોમાં નિષ્ક્રિયતા—

## निष्क्रियाणि च ॥૫-૬॥

**આકાશ સુધીના દ્રવ્યો નિષ્ક્રિય-ક્રિયારહિત છે.**

અહીં સામાન્ય ક્રિયાનો નિષેધ નથી, કિન્તુ ગતિ રૂપ વિશેષ ક્રિયાનો નિષેધ છે. જેમ જીવો અને પુદ્ગલો એક સ્થળેથી અન્ય સ્થળે ગમનાગમન કરે છે તેમ ધર્માસ્તિકાય આદિ ત્રણ દ્રવ્યો કરતા નથી. આથી ધર્માસ્તિકાય આદિ ત્રણમાં ગમનાગમન રૂપ ક્રિયાનો અભાવ હોય છે. પણ ઉત્પાદ-વ્યય રૂપ ક્રિયા તો આ ત્રણમાં પણ હોય છે. કારણ કે જૈનદર્શન વસ્તુમાત્રમાં પર્યાયોની અપેક્ષાએ ઉત્પાદ-વ્યયને માને છે. [૬]

## ધર્મ-અધર્મ દ્રવ્યોમાં પ્રદેશોનું પરિમાણ—

## असंख्येयाः प्रदेशा धर्माधर्मयोः ॥૫-૭॥

**ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય પ્રત્યેકના અસંખ્યાતા પ્રદેશો છે.**

વસ્તુ સાથે પ્રતિબદ્ધ નિર્વિભાજ્ય સૂક્ષ્મ અંશ પ્રદેશ કહેવાય છે. આવા પ્રદેશો ધર્માસ્તિકાયના અને અધર્માસ્તિકાયના અસંખ્યાતા અસંખ્યાતા છે. [૭]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પ્રત્યેક જીવના પ્રદેશોનું પરિમાણ—

## जीवस्य च ॥૫–૮॥

## પ્રત્યેક જીવના અસંખ્યાત પ્રદેશો છે.

જીવો અનંત છે. પ્રત્યેક જીવના પ્રદેશો સમાન રૂપે અસંખ્યાતા છે. અર્થાત્ એક જીવને જેટલા અસંખ્યાત પ્રદેશો છે, તેટલા જ અસંખ્યાત પ્રદેશો બીજાને, ત્રીજાને, એમ સર્વ જીવોને હોય છે. એક જીવને જેટલા અસંખ્યાતા પ્રદેશો હોય તેના કરતાં બીજા જીવને અસંખ્યાતા પ્રદેશો ઓછા હોય કે વધારે હોય તેમ નથી. એક જીવના જેટલા અસંખ્યાતા પ્રદેશો છે, તેટલા જ અસંખ્યાતા પ્રદેશો ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના પણ છે. [૮]

## આકાશના પ્રદેશોનું પરિમાણ—

## आकाशस्यानन्ताः ॥૫–૯॥

## આકાશના અનંત પ્રદેશો છે.

આકાશના લોકાકાશ અને અલોકાકાશ એમ બે ભેદ છે. અહીં આકાશના અનંત પ્રદેશોનું કથન લોકાકાશ અને અલોકાકાશ ઉભયના સમુદિત પ્રદેશોની અપેક્ષાએ છે. પ્રત્યેકના પ્રદેશોની વિચારણા કરવામાં આવે તો લોકાકાશના પ્રદેશો અસંખ્યાતા છે; અને અલોકાકાશના પ્રદેશો અનંત છે. [૯]

## પુદ્ગલના પ્રદેશોનું પરિમાણ—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**संख्येयाऽसंख्येयाश्च पुद्गलानाम् ॥५-१०॥**

**પુદ્ગલ દ્રવ્યના સંખ્યાત અસંખ્યાત અને અનંત પ્રદેશો છે.**

જીવની જેમ પુદ્ગલ દ્રવ્ય પણ અનંત છે. કોઈ પુદ્ગલ દ્રવ્યના સંખ્યાતા પ્રદેશો હોય છે. કોઈ પુદ્ગલ દ્રવ્યના અસંખ્યાત પ્રદેશો હોય છે. કોઈ પુદ્ગલ દ્રવ્યના અનંત પ્રદેશો હોય છે. સંખ્યાત પ્રદેશવાળા પુદ્ગલ દ્રવ્યોમાં પણ અનેક તરતમતા હોય છે. કોઈ પુદ્ગલ દ્રવ્યોમાં બે પ્રદેશો, કોઈમાં ત્રણ પ્રદેશો, કોઈમાં ચાર પ્રદેશો, કોઈમાં સો, કોઈમાં ક્રોડ, કોઈમાં તેથી પણ અતિઘણા પ્રદેશો હોય છે. એ પ્રમાણે અસંખ્યાત પ્રદેશવાળા અને અનંત પ્રદેશવાળા પુદ્ગલોમાં પણ અનેક તરતમતા હોય છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશના પ્રદેશો સંકોચ-વિકાસની ક્રિયાથી રહિત છે, સદા વિસ્તૃત જ રહેલા છે. જ્યારે જીવના અને પુદ્ગલના પ્રદેશો સંકોચ-વિકાસ પામે છે. જીવ હાથીના શરીરમાંથી નીકળી કીડીના શરીરમાં આવે ત્યારે આત્મપ્રદેશોનો સંકોચ થવાથી સર્વ પ્રદેશો કીડીના શરીરમાં જ સમાઈ જાય છે. એ જ પ્રમાણે નાના શરીરમાંથી નીકળી મોટા શરીરમાં આવે ત્યારે શરીર પ્રમાણે આત્મપ્રદેશોનો વિકાસ થાય છે. એ જ પ્રમાણે નાનું શરીર જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ આત્મપ્રદેશોનો વિકાસ થતો જાય છે. આથી આત્મપ્રદેશો શરીરની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહાર રહે એવું બનતું નથી, અને શરીરના અમુક ભાગમાં ન હોય તેવું પણ બનતું નથી.

પુદ્ગલોના પણ સંકોચ-વિકાસ થાય છે તે તો આપણે પ્રત્યક્ષ અનુભવીએ છીએ. સંપૂર્ણ ઓરડામાં પથરાયેલા દીપકના પ્રકાશના પ્રદેશો દીપકને નાની પેટીમાં મૂકવામાં આવે તો સંકોચ પામીને તેટલા વિભાગમાં જ સમાઈ જાય છે. દીપકને બહાર કાઢતાં પ્રકાશના પ્રદેશોનો વિકાસ થવાથી તે પ્રદેશો સંપૂર્ણ ઓરડામાં પથરાઈ જાય છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને જીવના પ્રદેશો મૂળ દ્રવ્યમાંથી કદી છૂટા પડતા નથી. કારણકે ધર્માસ્તિકાય આદિ અરૂપી છે. અરૂપી દ્રવ્યોમાં સંશ્લેશ કે વિશ્લેષનો અભાવ હોય છે. પુદ્ગલ દ્રવ્યના પ્રદેશો મૂળ દ્રવ્યમાંથી છૂટા પડે છે, અને ભેગા પણ થાય છે. તેમજ એક સ્કંધના પ્રદેશો એ સ્કંધમાંથી છૂટા પડીને અન્ય સ્કંધમાં જોડાય છે. આથી જ પુદ્ગલ દ્રવ્યના સ્કંધોના પ્રદેશોની સંખ્યા અનિયત જ રહે છે. એક જ સ્કંધમાં કોઈ વાર સંખ્યાત, તો કોઈ વાર અસંખ્યાત, તો કોઈ વાર અનંત પ્રદેશો હોય છે. [૧૦]

## પરમાણુમાં પ્રદેશોનો અભાવ-

## नाणोः ॥ ૫-૧૧ ॥

## અણુના-પરમાણુના પ્રદેશો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અણુ પોતે જ અવિભાજ્ય અંતિમ અંશ છે. એથી જો અણુના પ્રદેશો હોય તો તે અણુ કહેવાય જ નહિ. અણુ આંખોથી કદી દેખી શકાય જ નહિ. તેને વિશિષ્ટ જ્ઞાનના બળે જ જોઈ શકાય. અણુ નિરવયવ છે. તેને આદિ, મધ્યમ કે અંતિમ કોઈ અવયવ નથી. આજના વૈજ્ઞાનિકોએ માનેલ અણુ એ વાસ્તવિક અણુ નથી, કિન્તુ અસંખ્ય પ્રદેશાત્મક કે અનંત પ્રદેશાત્મક એક સ્કંધ છે. [૧૧]

## ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોનું આધારક્ષેત્ર—

## लोकाकाशेऽवगाहः ॥ ૫-૧૨ ॥

## ધર્માસ્તિકાય આદિ ચાર દ્રવ્યો લોકાકાશમાં રહેલા છે.

આકાશના લોકાકાશ અને અલોકાકાશ એમ બે ભેદ છે. જેટલા આકાશમાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો રહેલા છે, તેટલો આકાશ લોકાકાશ અને બાકીનો આકાશ અલોકાકાશ છે. લોકાકાશની આ વ્યાખ્યાથી જ ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો લોકાકાશમાં રહેલાં છે એ સિદ્ધ થાય છે. લોકાકાશમાં અન્ય દ્રવ્યને અવગાહ—જગ્યા આપવાનો સ્વભાવ છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય લોકાકાશમાં જ રહેલા હોવાથી જીવો અને પુદ્ગલો પણ લોકાકાશમાં જ રહે છે. કારણ કે જીવોને તથા પુદ્ગલોને ગતિ કરવામાં ધર્માસ્તિકાયની અને સ્થિતિ કરવામાં અધર્માસ્તિકાયની સહાય લેવી પડે છે. એથી જ્યાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય હોય ત્યાં જ જીવો કે પુદ્ગલો ગતિ–સ્થિતિ કરી શકે. અલોકાકાશનો અન્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રવ્યને અવગાહ-જગ્યા આપવાનો સ્વભાવ હોવા છતાં ત્યાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય ન હોવાથી જીવો કે પુદ્ગલો ગતિ-સ્થિતિ કરી શકતા નથી.* [૧૨]

**ધર્માસ્તિકાય આદિના સ્થિતિક્ષેત્રની મર્યાદા—**

**ધર્માધર્મયોઃ કૃત્સ્ને ॥ ૫-૧૩ ॥**

**એકપ્રદેશાદિષુ ભાજ્યઃ પુદ્ગલાનામ્ ॥ ૫-૧૪ ॥**

**અસંખ્યેયભાગાદિષુ જીવાનામ્ ॥ ૫-૧૫ ॥**

**ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય સંપૂર્ણ લોકાકાશમાં રહેલા છે.**

**લોકાકાશના એક પ્રદેશથી આરંભી (લોકાકાશ પ્રમાણ) અસંખ્ય પ્રદેશો સુધીમાં પુદ્ગલ દ્રવ્ય (-સ્કંધ) રહે છે.**

**લોકાકાશના અંગુલના અસંખ્યાતમા ભાગથી આરંભી સંપૂર્ણ લોકાકાશ સુધીમાં જીવદ્રવ્ય રહે છે.**

લોકાકાશેઽવગાહઃ એ સૂત્રમાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો લોકાકાશમાં રહે છે એમ જણાવ્યું છે. પણ સંપૂર્ણ લોકાકાશમાં રહે છે, કે તેના અમુક ભાગમાં રહે છે તે જણાવ્યું નથી. આ ત્રણ સૂત્રોમાં એ જણાવવામાં આવ્યું છે.

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય સંપૂર્ણ લોકને વ્યાપીને રહેલા છે. લોકાકાશનો એક પણ પ્રદેશ એવો નથી

* આકાશનો કોઈ આધાર નથી. તે સ્વપ્રતિષ્ઠિત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે જ્યાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય ન હોય. આથી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને લોકાકાશ એ ત્રણેના પ્રદેશો સમાન છે. જેટલા પ્રદેશો ધર્માસ્તિકાયના છે તેટલા પ્રદેશો અધર્માસ્તિકાયના છે અને તેટલા જ લોકાકાશના છે.[૧૩]

પુદ્ગલ દ્રવ્યો વ્યક્તિરૂપે અનેક છે. દરેક પુદ્ગલ દ્રવ્યના અવગાહક્ષેત્રનું (સ્થિતિક્ષેત્રનું) પ્રમાણ ભિન્ન ભિન્ન હોય છે. કોઈ પુદ્ગલદ્રવ્ય (લોકાકાશના) એક પ્રદેશમાં, કોઈ પુદ્ગલદ્રવ્ય બે પ્રદેશોમાં, કોઈ પુદ્ગલદ્રવ્ય ત્રણ પ્રદેશોમાં, યાવત્ કોઈ પુદ્ગલદ્રવ્ય અસંખ્ય પ્રદેશોમાં રહે છે. જેમકે–પરમાણુ એક પ્રદેશમાં જ રહે છે. દ્વયણુક [બે પરમાણુઓનો સ્કંધ] એક પ્રદેશમાં કે બે પ્રદેશમાં રહે છે. ત્રયણુક [ત્રણ પરમાણુઓનો સ્કંધ] એક, બે કે ત્રણ પ્રદેશમાં રહે છે. સંખ્યાત પ્રદેશવાળા સ્કંધો એક, બે, ત્રણ, યાવત્ સંખ્યાત પ્રદેશોમાં રહી શકે છે. અસંખ્ય પ્રદેશવાળા સ્કંધો એક, બે, ત્રણ, યાવત્ અસંખ્યાત પ્રદેશોમાં રહી શકે છે. અનંત પ્રદેશવાળા સ્કંધો એક, બે, ત્રણ, યાવત્ સંખ્યાત કે અસંખ્યાત પ્રદેશોમાં રહી શકે છે.

જેમ પુદ્ગલ દ્રવ્યો વ્યક્તિરૂપે અનેક હોવાથી પ્રત્યેક દ્રવ્યના અવગાહક્ષેત્રનું પ્રમાણ ભિન્ન ભિન્ન હોય છે, તેમ પુદ્ગલદ્રવ્યના પરિણમનમાં વિવિધતા (–વિચિત્રતા) હોવાથી એક જ પુદ્ગલ દ્રવ્યના અવગાહ–ક્ષેત્રનું પ્રમાણ પણ ભિન્ન ભિન્ન કાળની અપેક્ષાએ ભિન્ન ભિન્ન હોય છે. વિવક્ષિત સમયે એક પ્રદેશમાં રહેલ અનંતપ્રદેશી સ્કંધ કાળાંતરે બે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રણ, યાવત્ અસંખ્યાત પ્રદેશોમાં રહે છે. એ પ્રમાણે વિવક્ષિત સમયે અસંખ્ય પ્રદેશોમાં રહેલ સ્કંધ કાળાંતરે એકાદિ પ્રદેશમાં રહે છે. આમ જે સ્કંધ જેટલા પ્રદેશોનો હોય, તેટલા પ્રદેશોમાં કે તેનાથી ઓછા પ્રદેશોમાં રહી શકે છે, પણ કદી તેનાથી વધારે પ્રદેશોમાં રહેતો નથી. આથી પુદ્ગલદ્રવ્યનું અવગાહક્ષેત્ર ઓછામાં ઓછું એક પ્રદેશ અને વધારેમાં વધારે લોકાકાશ જેટલા અસંખ્ય પ્રદેશો છે. ગમે તેવા મહાન પુદ્ગલ સ્કંધો પણ લોકાકાશમાં સમાઈ જાય છે.

**પ્રશ્ન**–અનંતપ્રદેશી સ્કંધ એક પ્રદેશમાં શી રીતે રહી શકે? **ઉત્તર**–પુદ્ગલોનો અત્યંત સૂક્ષ્મ–સૂક્ષ્મતર–સૂક્ષ્મતમ થવાનો સ્વભાવ છે. તથા આકાશનો પુદ્ગલોને તેવી રીતે અવગાહ આપવાનો સ્વભાવ છે. આથી અનંતપ્રદેશી એક સ્કંધ તો શું? અનંતપ્રદેશી અનંત સ્કંધો પણ એક પ્રદેશમાં રહી શકે છે. જેમ કે–જે ઓરડામાં હજારો દીપકોનું તેજ ફેલાયેલું છે, તે ઓરડાના એક એક પ્રદેશમાં તેજના હજારો પુદ્ગલો રહેલા છે, ૧૨ ઇંચ લાંબી રૂની પૂણીને સંકેલી લેવામાં આવે તો એક ઇંચથી પણ નાની થઈ જાય છે. દૂધથી ભરેલા પ્યાલામાં જગ્યા ન હોવા છતાં સાકર નાખવામાં આવે તો સમાઈ જાય છે.

આમ, જેમ અગ્નિનો બાળવાનો સ્વભાવ છે અને ઘાસનો બળવાનો સ્વભાવ છે તેમ પુદ્ગલોનો અત્યંત સૂક્ષ્મ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપે પરિણમીને એકાદિ પ્રદેશોમાં રહેવાનો સ્વભાવ છે, અને આકાશનો તે પ્રમાણે અવગાહ આપવાનો સ્વભાવ છે. [૧૪]

પુદ્ગલની જેમ જીવો પણ વ્યક્તિ રૂપે અનેક છે, તથા દરેક જીવના અવગાહ ક્ષેત્રનું પ્રમાણ ભિન્ન ભિન્ન હોય છે. જીવદ્રવ્યના અવગાહ ક્ષેત્રનું પ્રમાણ ઓછામાં ઓછું અંગુલનો અસંખ્યાતમો ભાગ અને વધારેમાં વધારે સંપૂર્ણ લોક છે. કોઈ જીવ [ અંગુલના ] એક અસંખ્યાતમા ભાગમાં રહે છે, કોઈ જીવ બે અસંખ્યાતમા ભાગમાં રહે છે, કોઈ જીવ ત્રણ અસંખ્યાતમા ભાગમાં રહે છે, એમ યાવત્ કોઈ જીવ કયારેક સંપૂર્ણ લોકમાં રહે છે. જયારે કેવળી ભગવંત સમુદ્ઘાત કરે છે ત્યારે તેના આત્મપ્રદેશો સંપૂર્ણ લોક-વ્યાપી બને છે. સમુદ્ઘાત વખતે જ જીવ સંપૂર્ણ લોકમાં વ્યાપીને રહે છે. બાકીના સમયમાં તો પોતાના શરીર પ્રમાણ આકાશ પ્રદેશોમાં રહે છે. જેમ જેમ શરીર મોટું તેમ તેમ અધિક અધિક આકાશ પ્રદેશોમાં રહે છે. જેમ જેમ શરીર નાનું તેમ તેમ ઓછા ઓછા આકાશ પ્રદે-શોમાં રહે છે.

જેમ સમકાળે દરેક જીવના અવગાહ ક્ષેત્રનું પ્રમાણ ભિન્ન ભિન્ન હોય છે તેમ ભિન્ન ભિન્ન કાળની અપેક્ષાએ એક જ જીવના અવગાહ ક્ષેત્રનું પ્રમાણ ભિન્ન ભિન્ન હોય છે. હાથીના ભવને પામેલો જીવ હાથી પ્રમાણ શરીરમાં રહે છે. એ જ જીવ કીડીના ભવને પામે તો કીડીપ્રમાણ શરીરમાં રહે છે. એ જ જીવ પુનઃ અન્ય ભવમાં અન્ય ભવના શરી-રમાં રહે છે. [૧૫]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જીવની ભિન્ન ભિન્ન અવગહનામાં હેતુ-

## પ્રદેશસંહાર-વિસર્ગાભ્યાં-પ્રદીપવત્ ॥ ૫-૧૬ ॥

**જીવપ્રદેશોનો દીપકની જેમ સંકોચ-વિકાસ થવાથી જીવની ભિન્ન ભિન્ન અવગાહના થાય છે.**

જેમ પ્રદીપનો (-પ્રદીપના પ્રકાશના પુદ્ગલોનો) સંકોચ અને વિકાસ થાય છે તેમ જીવપ્રદેશોનો પણ સંકોચ-વિકાસ થાય છે. ઓરડીમાં પથરાયેલા દીપકના પ્રકાશના પુદ્ગલો દીપકને નાની પેટીમાં રાખવામાં આવે તો તેમાં સમાઈ જાય છે, અને મોટા ઓરડામાં રાખવામાં આવે તો સંપૂર્ણ ઓરડામાં ફેલાઈ જાય છે. એ જ પ્રમાણે જીવના પ્રદેશોનો પણ શરીર પ્રમાણે સંકોચ-વિકાસ થયા કરે છે. આનું કારણ પુદ્ગલોનો અને જીવોનો તેવા પ્રકારનો સ્વભાવ જ છે. ભિન્ન ભિન્ન વસ્તુના ભિન્ન ભિન્ન સ્વભાવ હોય છે.

**પ્રશ્ન**—પુદ્ગલ અને જીવ એ બંનેનો સંકોચ-વિકાસ પામવાનો સ્વભાવ હોવા છતાં પુદ્ગલદ્રવ્ય એક પ્રદેશમાં રહી શકે છે અને જીવદ્રવ્ય એક પ્રદેશમાં રહી શકતું નથી. જીવદ્રવ્યનું ઓછામાં ઓછું અવગાહનાક્ષેત્ર અંગુલનો અસંખ્યાતમો ભાગ (= અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આકાશ પ્રદેશો) છે. આનું શું કારણ? **ઉત્તર**:- જીવોનો સંકોચ-વિકાસ સ્વતંત્રપણે થતો નથી, કિન્તુ સૂક્ષ્મ-શરીરના-કાર્મણશરીરના અનુસારે થાય છે. આથી જેટલો સંકોચ-વિકાસ કાર્મણ શરીરનો થાય તેટલો જ સંકોચ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

—વિકાસ જીવનો થાય છે. કાર્મણ શરીર અનંતાનંત પુદ્ગલના સમૂહ રૂપ છે. તેનું અવગાહનાક્ષેત્ર ઓછામાં ઓછું અંગુલનો અસંખ્યાતમો ભાગ હોવાથી જીવનું પણ ઓછામાં ઓછું અવગાહનાક્ષેત્ર અંગુલનો અસંખ્યાતમો ભાગ છે.

**પ્રશ્નઃ**—સિદ્ધના જીવોની અવગાહના પૂર્વના શરીર-પ્રમાણ ન થતાં પૂર્વના શરીરથી બે તૃતીયાંશ [૨/૩] ભાગ કેમ રહે છે? **ઉત્તરઃ**—શરીરનો ત્રીજો ભાગ શુષિરવાળો-પોલાણવાળો હોય છે. યોગનિરોધકાળે એ શુષિર પુરાઈ જવાથી જીવના ત્રીજા ભાગનો સંકોચ થઈ જાય છે એથી સિદ્ધ અવસ્થામાં જીવની અવગાહના પૂર્વ શરીરથી ૨/૩ ભાગ રહે છે. [૧૬]

## ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયનું લક્ષણ :—

**गति-स्थित्युपग्रहौ धर्माऽधर्मयोरुपकारः ॥ ५-१७ ॥**

**ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો અનુક્રમે ગતિ-ઉપગ્રહ અને સ્થિતિ-ઉપગ્રહ ઉપકાર-કાર્ય છે.**

અહીં ઉપગ્રહનો અર્થ નિમિત્તકારણ છે. ઉપકારનો અર્થ કાર્ય છે. જીવ અને પુદ્ગલોનો ગતિ અને સ્થિતિ કરવાનો સ્વભાવ છે. જીવ અને પુદ્ગલો જ્યારે ગતિ કરે છે ત્યારે ધર્માસ્તિકાય ગતિમાં સહાય કરે છે, અને સ્થિતિ કરે છે ત્યારે અધર્માસ્તિકાય સ્થિતિમાં સહાય કરે છે. જીવ-પુદ્ગલની ગતિ-સ્થિતિમાં સહાયતા કરવી એ જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુક્રમે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનું કાર્ય છે. જેમ માછલીમાં ચાલવાની અને સ્થિર રહેવાની શક્તિ હોવા છતાં તેને ચાલવામાં પાણીની અને સ્થિર રહેવામાં બેટ–જમીન આદિ કોઈ અન્ય પદાર્થની સહાયતા જોઈએ છે, ચક્ષુમાં જોવાની શક્તિ હોવા છતાં પ્રકાશની અપેક્ષા રહે છે; તેમ જીવ અને પુદ્ગલમાં ગતિ અને સ્થિતિ કરવાની શક્તિ હોવા છતાં ગતિ અને સ્થિતિ કરવામાં તેમને અનુક્રમે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયની સહાયતા લેવી પડે છે. ધર્માસ્તિકાય વિના ગતિ ન થઈ શકે, અને અધર્માસ્તિકાય વિના સ્થિતિ ન થઈ શકે.

**પ્રશ્ન**—જીવ અને પુદ્ગલની ગતિ અને સ્થિતિ કેવળ સ્વશક્તિથી થાય છે. તેમાં અન્ય કોઈ કારણ માનવાની જરૂર નથી. આથી જ નૈયાયિક, વૈશેષિક વગેરે દર્શનકારો આ બે દ્રવ્યોને માનતા નથી. **ઉત્તર**—જો જીવ અને પુદ્ગલની ગતિ–સ્થિતિ કેવળ સ્વશક્તિથી જ થતી હોય તો અલોકાકાશમાં તેમની ગતિ–સ્થિતિ કેમ થતી નથી? લોકાકાશમાં જ કેમ થાય છે? માટે ગતિ–સ્થિતિમાં સ્વશક્તિ સિવાય અન્ય કોઈ નિમિત્ત કારણ હોવું જ જોઈએ. બીજું, સ્વશક્તિ એ અંતરંગ કારણ છે. કેવળ અંતરંગ કારણથી કાર્ય ન થાય. અંતરંગ અને બાહ્ય એ બંને કારણો મળે તો જ કાર્ય થાય. જેમ પક્ષીમાં ઊડવાની શક્તિ છે, પણ પાંખો કે હવા ન હોય તો તે ન ઊડી શકે; તેમ જીવ અને પુદ્ગલમાં ગતિ–સ્થિતિ કરવાની શક્તિ હોવા છતાં જો બાહ્ય કારણ ધર્માસ્તિકાય–અધર્માસ્તિકાય ન હોય તો ગતિ–સ્થિતિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થઈ શકતી નથી. આથી જીવ અને પુદ્ગલની ગતિના કારણ તરીકે ધર્માસ્તિકાયની અને સ્થિતિના કારણ તરીકે અધર્માસ્તિકાયની સિદ્ધિ થાય છે.

**પ્રશ્ન** :—જીવ અને પુદ્ગલની ગતિ અને સ્થિતિના બાહ્ય કારણ તરીકે આકાશને માનવાથી ગતિ અને સ્થિતિ થઈ શકે છે. જેમ પાણી માછલીનો આધાર હોવા ઉપરાંત ગતિ-સ્થિતિમાં પણ કારણ બને છે, તેમ આકાશને જ જીવ-પુદ્ગલના આધાર રૂપે અને ગતિ-સ્થિતિના કારણ તરીકે માનવાથી ઈષ્ટની સિદ્ધિ થઈ જાય છે. આથી ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયને માનવાની જરૂર નથી. **ઉત્તર** :—જો આકાશ ગતિ-સ્થિતિમાં કારણ હોય તો અલોકાકાશમાં ગતિ-સ્થિતિ કેમ થતી નથી? અલોકાકાશ પણ આકાશ છે. અલોકાકાશમાં જીવ પુદ્ગલની ગતિ-સ્થિતિ ન હોવાથી આકાશ સિવાય અન્ય કોઈ એવું દ્રવ્ય હોવું જોઈએ કે જે જીવ-પુદ્ગલની ગતિ-સ્થિતિમાં કારણ હોય, તથા જે ગતિમાં કારણ હોય તે સ્થિતિમાં કારણ ન બની શકે. જે સ્થિતિમાં કારણ હોય તે ગતિમાં કારણ ન બની શકે. આથી ગતિ અને સ્થિતિનાં જુદા જુદા કારણ રૂપે બે દ્રવ્યો હોવાં જ જોઈએ. આ બે દ્રવ્યો તે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય. "ગતિ રૂપે પરિણત જીવ-પુદ્ગલોને ગતિમાં સહાયક બનવું" એ ધર્માસ્તિકાયનું લક્ષણ છે.* સ્થિતિ રૂપે પરિણત જીવ-

* લક્ષણ એટલે વસ્તુને ઓળખાવનાર અસાધારણ (બીજી વસ્તુમાં ન રહે તેવો) ધર્મ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુદ્ગલોને સ્થિતિમાં સહાયક બનવું એ અધર્માસ્તિકાયનું લક્ષણ છે. [૧૭]

આકાશનું લક્ષણ–

आकाशस्यावगाहः ॥ ५–१८ ॥

આકાશનો અવગાહ [જગ્યા આપવી] ઉપકાર-કાર્ય છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવ અને પુદ્ગલ એ ચાર દ્રવ્યોને આકાશ અવગાહ આપે છે. ધર્માસ્તિકાય આદિને અવગાહ આપવો એ આકાશનું કાર્ય છે. ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોને અવગાહનું પ્રદાન કરવું એ આકાશનું લક્ષણ છે. [૧૮]

પુદ્ગલના ઉપકાર–

शरीर–वाङ्–मनः–प्राणापानाः पुद्गलानाम् ॥५–१९॥
सुख–दुःख–जीवित–मरणोपग्रहाश्च ॥५–२०॥

શરીર, વાણી, મન અને પ્રાણાપાન–શ્વાસોચ્છ્વાસ એ પુદ્ગલોનો ઉપકાર-કાર્ય છે.

તથા સુખ, દુઃખ, જીવન અને મરણ પણ પુદ્ગલોનો ઉપકાર-કાર્ય છે.

આ બે સૂત્રોમાં જીવોની અપેક્ષાએ પુદ્ગલોનો માત્ર ઉપકાર જણાવવામાં આવ્યો છે. પુદ્ગલોનું લક્ષણ તો "स्पर्श–रस–गन्ध–वर्णवन्तः पुद्गलाः" એ સૂત્રમાં જણાવવામાં આવશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) શરીર પાંચ પ્રકારનાં છે. શરીરનું વર્ણન બીજા અધ્યાયના ૩૭ મા સૂત્રમાં આવી ગયું છે. પાંચેય શરીર પુદ્ગલના પરિણામ રૂપ હોવાથી પૌદ્ગલિક છે.

(૨) વાણી–ભાષા પણ પૌદ્ગલિક છે. જીવ જ્યારે બોલે છે ત્યારે પહેલાં આકાશમાં રહેલા ભાષાવર્ગણાના (–ભાષા રૂપે બનાવી શકાય તેવા) પુદ્ગલોનું ગ્રહણ કરે છે. બાદ તે પુદ્ગલોને પ્રયત્નવિશેષથી ભાષારૂપે પરિણમાવે છે. બાદ તે પુદ્ગલોને પ્રયત્નવિશેષથી છોડી દે છે. ભાષા રૂપે પરિણમેલા પુદ્ગલો એટલે જ શબ્દ. ભાષા રૂપે પરિણમેલા પુદ્ગલોને છોડી દેવા એટલે જ બોલવું. ભાષા રૂપે પરિણમેલા પુદ્ગલોને છોડવાથી એટલે કે બોલવાથી એ પુદ્ગલોમાં ધ્વનિ ઉત્પન્ન થાય છે. આમ વાણી (–શબ્દ) ભાષાવર્ગણાના પુદ્ગલોનો પરિણામ હોવાથી પૌદ્ગલિક દ્રવ્ય છે. કેટલાકો વાણીને ગુણ રૂપ માને છે. પણ તે અસત્ય છે. ભાષાનું (–શબ્દનું) જ્ઞાન શ્રોત્રેન્દ્રિય દ્વારા થાય છે. ભાષા રસનેન્દ્રિય આદિની સહાયથી ઉત્પન્ન થાય છે, અને શ્રોત્રેન્દ્રિયની સહાયથી જાણી શકાય છે.

**પ્રશ્ન**:—એક વાર સાંભળ્યા બાદ તે જ શબ્દો ફરી કેમ સંભળાતા નથી?

**ઉત્તર**:—જેમ એક વાર જોયેલી વીજળી તેના પુદ્ગલો ચારે બાજુ વિખરાઈ જવાથી બીજી વાર દેખાતી નથી, તેમ એક વાર સંભળાયેલા શબ્દો તેના પુદ્ગલો ચારે બાજુ વિખરાઈ જવાથી ફરી વાર સંભળાતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્નઃ**—ગ્રામોફોનની રેકર્ડમાં એના એ જ શબ્દો વારંવાર સંભળાય છે તેનું શું કારણ ?

**ઉત્તરઃ**—શબ્દરૂપ પુદ્ગલોને ગ્રામોફોનની રેકર્ડમાં સંસ્કારિત કરવામાં આવે છે. સંસ્કારિત શબ્દો આપણે વારંવાર સાંભળી શકીએ છીએ. જેમ વીજળીના ફોટો લેવામાં આવે તો વીજળી વારંવાર દેખી શકાય છે તેમ. પણ મૂળ શબ્દો બીજી વાર સંભળાતા નથી.

**પ્રશ્નઃ**—ભાષા ( –શબ્દ ) જો પુદ્ગલ દ્રવ્ય હોય તો શરીરની જેમ આંખોથી કેમ ન દેખી શકાય ? **ઉત્તરઃ**—શબ્દના પુદ્ગલો અત્યંત સૂક્ષ્મ હોવાથી આંખોથી દેખી શકાતા નથી. શબ્દો કેવળ શ્રોત્રેન્દ્રિયથી જ ગ્રાહ્ય બને છે.

**પ્રશ્નઃ**—ભાષા આંખોથી દેખાતી નથી માટે તેને અરૂપી માનવામાં આવે તો શી હરકત છે ? **ઉત્તરઃ**—ભાષાને અરૂપી માનવામાં આવે તો અનેક વિરોધો ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે–

(૧) અરૂપી વસ્તુ રૂપી વસ્તુની મદદથી જાણી ન શકાય. જ્યારે શબ્દો રૂપી શ્રોત્રેન્દ્રિયની મદદથી જાણી શકાય છે.

(૨) અરૂપી પદાર્થને રૂપી પદાર્થ પ્રેરણા ન કરી શકે, જ્યારે શબ્દને રૂપી વાયુ પ્રેરણા કરી શકે છે. એથી જ આપણે વાયુ અનુકૂળ હોય તો દૂરથી પણ શબ્દો સાંભળી શકીએ છીએ અને વાયુ પ્રતિકૂળ હોય તો નજીકથી પણ સાંભળી શકતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) અરૂપી વસ્તુ પકડી ન શકાય. પણ શબ્દો તો જેમ કેમેરાથી દૃશ્યમાન પદાર્થો પકડી શકાય છે–સંસ્કારિત કરી શકાય છે, તેમ રેડિયો, ફોનોગ્રાફ, આદિમાં પકડી શકાય છે–સંસ્કારિત કરી શકાય છે.

(૩) મન પણ પુદ્ગલના પરિણામ રૂપ હોવાથી પૌદ્ગલિક છે. જીવ જ્યારે વિચાર કરે છે ત્યારે પ્રથમ આકાશમાં રહેલા મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે. બાદ તે પુદ્ગલોને મન રૂપે પરિણમાવે છે. બાદ તે પુદ્ગલોને છોડી દે છે. અહીં મન રૂપે પરિણમેલા પુદ્ગલો મન છે અને મન રૂપે પરિણમેલા પુદ્ગલોને છોડી દેવા તે વિચાર છે. આમ મન રૂપે પરિણમેલા પુદ્ગલો એ જ મન છે.

મનના દ્રવ્ય અને ભાવ એમ બે ભેદ છે. ભાવમનના લબ્ધિ અને ઉપયોગ એમ બે ભેદ છે. વિચાર કરવાની શક્તિ તે લબ્ધિ રૂપ ભાવમન. વિચાર એ ઉપયોગરૂપ ભાવમન છે. વિચાર કરવામાં સહાયક મન રૂપે પરિણમેલા મનોવર્ગણાના પુદ્ગલો દ્રવ્યમન છે. અહીં દ્રવ્યમનને જ પૌદ્ગલિક કહેવામાં આવ્યું છે. ભાવમનને તો ઉપચારથી જ પૌદ્ગલિક કહેવામાં આવે છે.

(૪) પ્રાણાપાન (–શ્વાસોચ્છ્વાસ):—જીવ જ્યારે શ્વાસોચ્છ્વાસ લે છે ત્યારે પ્રથમ શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે. બાદ શ્વાસોશ્વાસ રૂપે પરિણમાવે છે, બાદ શ્વાસોશ્વાસ રૂપે પરિણમેલા તે પુદ્ગલોને છોડી દે છે. શ્વાસોચ્છ્વાસ રૂપે પરિણમેલા પુદ્ગલોને છોડી દેવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે જ પ્રાણાપાનની (શ્વાસોચ્છ્વાસની) ક્રિયા કરવી. આમ શ્વાસોચ્છ્વાસ પણ પુદ્ગલના પરિણામ રૂપ છે.

હાથ આદિથી મુખ અને નાકને બંધ કરવાથી શ્વાસોશ્વાસનો પ્રતિઘાત થવાથી અને કંઠમાં કફ ભરાઈ જતાં અભિભવ થવાથી શ્વાસોશ્વાસ પુદ્ગલ દ્રવ્ય છે એ સિદ્ધ થાય છે.

આમ શરીર, ભાષા, મન અને પ્રાણાપાન એ ચારેય પુદ્ગલના પરિણામ રૂપ છે, એટલે કે પૌદ્ગલિક છે. [૧૯]

(૧) સુખઃ—સાતાવેદનીય કર્મના ઉદયથી ઇષ્ટ સ્ત્રી, ભોજન, વસ્ત્ર આદિ દ્વારા ઉત્પન્ન થતી માનસિક પ્રસન્નતા—આનંદ. આ સુખમાં બાહ્ય અને આભ્યંતર એ બે કારણો છે. સાતાવેદનીય કર્મનો ઉદય અંતરંગ કારણ છે. ઇષ્ટ ભોજન આદિની પ્રાપ્તિ બાહ્ય કારણ છે. આ બંને કારણો પુદ્ગલ રૂપ હોવાથી સુખ પુદ્ગલનો ઉપકાર છે.

(૨) દુઃખઃ—અસાતાવેદનીય કર્મના ઉદયથી અનિષ્ટ ભોજન વસ્ત્ર આદિ દ્વારા ઉત્પન્ન થતો માનસિક સંક્લેશ. દુઃખ અસાતાવેદનીય કર્મના ઉદય રૂપ આંતર અને અનિષ્ટ ભોજન આદિની પ્રાપ્તિ રૂપ બાહ્ય કારણથી થાયછે. આ બંને કારણો પૌદ્ગલિક હોવાથી દુઃખ પુદ્ગલનો ઉપકાર છે.

(૩) જીવિત (જીવન):—ભવસ્થિતિમાં કારણ આયુષ્ય કર્મના ઉદયથી પ્રાણનું ટકી રહેવું એ જીવન છે. આ જીવન આયુષ્ય કર્મ, ભોજન, શ્વાસોશ્વાસ આદિ આભ્યંતર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને બાહ્ય કારણોથી ચાલે છે. આ કારણો પૌદ્ગલિક હોવાથી જીવિત (જીવન) પુદ્ગલનો ઉપકાર છે.

(૪) મરણઃ—મરણ એટલે વર્તમાન જીવનનો અંત. મરણ આયુષ્યકર્મનો ક્ષય, વિષભક્ષણ આદિ આભ્યંતર-બાહ્ય પુદ્ગલની સહાયતાથી થાય છે, માટે પુદ્ગલનો ઉપકાર (–કાર્ય) છે.

**પ્રશ્નઃ**—શરીર આદિ પુદ્ગલનો ઉપકાર છે, અને સુખ આદિ પણ પુદ્ગલનો ઉપકાર છે. તો અહીં એ બંને માટે એક સૂત્ર ન રચતાં અલગ અલગ બે સૂત્રોની રચના કેમ કરી? **ઉત્તરઃ**—શરીર આદિ પુદ્ગલનો ઉપકાર છે, એટલે કે પુદ્ગલનું કાર્ય છે, એનો અર્થ એ થયો કે શરીર આદિ કાર્યમાં પુદ્ગલ કારણ છે. કારણ બે પ્રકારનાં હોય છેઃ–ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ. અહીં શરીર આદિમાં પુદ્ગલો પરિણામિ=ઉપાદાન કારણ છે, અને સુખ આદિમાં નિમિત્ત કારણ છે. પરિણામી કારણ તે કહેવાય કે જે કારણ પોતે જ કાર્ય રૂપ બની જાય. નિમિત્ત કારણ તે કહેવાય કે જે કારણ સ્વતંત્ર રૂપે અલગ રહી કાર્યમાં સહાય કરે. પ્રસ્તુતમાં આપણે વિચારશું તો જણાશે કે શરીર આદિ કાર્યમાં પુદ્ગલો પોતે જ શરીર આદિ રૂપે બની જાય છે. જ્યારે સુખ આદિ કાર્યમાં પુદ્ગલો સુખ આદિ રૂપે નથી બનતા, કિન્તુ સુખ આદિ ઉત્પન્ન થવામાં માત્ર સહાય કરે છે. જેમકે–ઘટ રૂપ કાર્યમાં માટી અને દંડ બંને કારણ છે. પણ માટી પોતે જ ઘટ રૂપે બની જવાથી ઉપાદાન કારણ છે, અને દંડ સ્વતંત્ર રૂપે અલગ રહી ઘટની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્પત્તિમાં સહાયતા કરે છે માટે નિમિત્ત કારણ છે. હવે બીજી રીતે વિચારીએ. ઘટ એ માટીનો ઉપકાર છે–કાર્ય છે. અને રોગની શાંતિ એ પણ માટીનો ઉપકાર છે–કાર્ય છે. પણ ઘડાના ઉપકારમાં માટી પોતે જ ઘડા રૂપે બની જાય છે. જ્યારે રોગની શાંતિમાં માટી માટી રૂપે રહીને ઉપકાર કરે છે. તેમ પ્રસ્તુત શરીર આદિ કાર્ય પ્રત્યે પુદ્ગલ ઉપાદાન [ પરિણામી ] કારણ છે. અને સુખ આદિ પ્રત્યે પુદ્ગલ નિમિત્ત કારણ છે. આ ભેદનું સૂચન કરવા અલગ બે સૂત્રોની રચના કરવામાં આવી છે આથી જ શરીર–વાક્–મનઃ–પ્રાણાપાનાઃ પુદ્ગલાનામ્ એ સૂત્રમાં શરીર આદિ શબ્દોનો પ્રયોગ પ્રથમા વિભક્તિમાં કરવામાં આવ્યો છે તથા સુખ–દુઃખજીવિતમરણોપગ્રહાશ્ચ એ સૂત્રમાં સુખ વગેરે શબ્દો સાથે ઉપગ્રહ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. [૨૦]

## જીવોનો પરસ્પર ઉપકાર–

## परस्परोपग्रहो जीवानाम् ॥ ५–२१ ॥

## પરસ્પર સહાય કરવી એ જીવોનો ઉપકાર છે.

જીવનું લક્ષણ ઉપયોગો લક્ષણમ્ એ સૂત્રમાં કહી દીધું છે. અહીં જીવોના પરસ્પર ઉપકારનું કથન છે. જીવો સ્વામી–સેવક, ગુરુ–શિષ્ય, શત્રુતા આદિ ભાવો દ્વારા પરસ્પર એકબીજાના કાર્યમાં નિમિત્ત બનીને પરસ્પર ઉપકાર કરે છે. ગુરુ હિતોપદેશ અને સદનુષ્ઠાનના આચરણ દ્વારા શિષ્ય ઉપર ઉપકાર કરે છે. શિષ્ય ગુરુને અનુકૂલ પ્રવૃત્તિ દ્વારા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરુ ઉપર ઉપકાર કરે છે. સ્વામી ધન આદિ આપવા દ્વારા સેવક ઉપર ઉપકાર કરે છે. સેવક અનુકૂળ પ્રવૃત્તિ દ્વારા સ્વામી ઉપર ઉપકાર કરે છે. બે શત્રુઓ એકબીજા પ્રત્યે વૈરભાવ રાખીને, લડીને કે અન્ય અયોગ્ય પ્રવૃત્તિ દ્વારા એક બીજાને ઉપકાર કરે છે.

**પ્રશ્ન** :—શત્રુતાભાવથી તો એક બીજાને અપકાર થાય છે; તેમાં ઉપકાર થાય છે એમ કેમ કહો છો ? **ઉત્તર** :-અહીં ઉપકારનો અર્થ અન્યનું હિત કરવું એ નથી, કિન્તુ નિમિત્ત અર્થ છે. જીવો એક બીજાના હિત-અહિત, સુખ-દુઃખ આદિમાં નિમિત્ત બનવાથી પરસ્પર ઉપકાર કરે છે. [૨૧]

## કાળનો ઉપકાર-

**वर्तना परिणामः क्रिया परत्वापरत्वे च कालस्य ॥५-२२॥**

**વર્તના, પરિણામ, ક્રિયા, પરત્વ અને અપરત્વ એ કાળનો ઉપકાર છે.**

યદ્યપિ તત્ત્વાર્થકારના મતે કાળ દ્રવ્ય નથી, છતાં અન્યના મતે કાળ દ્રવ્ય છે એમ તેઓ આગળ કહેવાના છે. હવે જો કાળ દ્રવ્ય છે તો તેનો કોઈને કોઈ ઉપકાર હોવો જોઈએ. આથી અહીં ઉપકારના પ્રકરણમાં કાળનો વર્તના આદિ ઉપકાર જણાવવામાં આવ્યો છે.

**(૧) વર્તના** :—પ્રતિસમય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય રૂપ સ્વસત્તાથી યુક્ત દ્રવ્યનું વર્તવું (હોવું) તે વર્તના. યદ્યપિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રવ્યો સ્વયં વર્તી રહ્યા છે, છતાં તેમાં કાળ નિમિત્ત બને છે. અર્થાત્ સઘળાં દ્રવ્યો સ્વયં ધ્રૌવ્ય રૂપે પ્રત્યેક સમયે વર્તી રહ્યાં છે ( વિદ્યમાન છે ) અને એ દ્રવ્યોમાં ઉત્પાદ અને વ્યય પણ પ્રત્યેક સમયે થઈ રહ્યા છે. તેમાં કાળ માત્ર નિમિત્ત બને છે. આ વર્તના પ્રતિસમય પ્રત્યેક પદાર્થમાં હોય છે. સૂક્ષ્મ હોવાથી આપણે તેને પ્રત્યેક સમયે જાણી શકતા નથી. અધિક સમય થતાં જાણી શકીએ છીએ. જેમ કે—અર્ધા કલાકે ચોખા રંધાયા, તો અહીં ૨૯ મિનિટ સુધી ચોખા રંધાતા ન હતા અને ૩૦ મી મિનિટે રંધાઈ ગયા, એવું નથી. પ્રથમ સમયથી જ સૂક્ષ્મ રૂપે ચોખા રંધાઈ રહ્યા હતા. જો ચોખા પ્રથમ સમયે ન રંધાયા હોય તો બીજા સમયમાં પણ ન રંધાયા હોય, બીજા સમયમાં ન રંધાયા હોય તો ત્રીજા સમયમાં પણ ન રંધાયા હોય, એમ યાવત્ અંતિમ સમયે પણ ન રંધાયા હોય. પણ રંધાયા છે માટે અવશ્ય માનવું જ જોઈએ કે પ્રથમ સમયથી જ તેમાં રંધાવાની ક્રિયા થઈ રહી હતી.

(૨) **પરિણામ :—પરિણામ એટલે પોતાની સત્તાનો ત્યાગ કર્યા વિના દ્રવ્યમાં થતો ફેરફાર.** અર્થાત્ મૂળ દ્રવ્યમાં પૂર્વપર્યાયનો નાશ અને ઉત્તર પર્યાયની ઉત્પત્તિ તે પરિણામ. દ્રવ્યના પરિણામમાં કાળ મહત્ત્વનો ભાગ ભજવે છે. અમુક અમુક ઋતુ આવતાં અમુક અમુક ફળ, ધાન્ય, ફૂલ વગેરેની ઉત્પત્તિ થાય છે. ઠંડી—ગરમી, ભેજ વગેરે ફેરફારો થયા કરે છે. કાળથી બાલ્યાવસ્થા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા વગેરે અવસ્થાઓ થયા કરે છે. આ ફેરફારો ( ઉત્પત્તિ-વિનાશ ) નિયતપણે ક્રમશઃ થયા કરે છે. પણ જો કાળને આમાં કારણ ન માનવામાં આવે તો તે બધા ફેરફારો ( ઉત્પત્તિ-વિનાશ ) એકી સાથે થવાની આપત્તિ આવે. પરિણામનું વિશેષ વર્ણન આ અધ્યાયના " तद्-भावः परिणामः " એ સૂત્રમાં આવશે.

(૩) **ક્રિયા એટલે ગતિ :**—ગતિના પ્રયોગ, વિસ્રસા અને મિશ્ર એમ ત્રણ ભેદ છે. જીવના પ્રયત્નથી થતી ગતિ=પ્રયોગ ગતિ. જીવના પ્રયત્ન વિના સ્વાભાવિક થતી ગતિ=વિસ્રસાગતિ. જીવના પ્રયત્નથી અને સ્વાભાવિક એ બંને રીતે થતી ગતિ=મિશ્રગતિ.

(૪) **પરત્વાપરત્વ :**—પરત્વ અને અપરત્વ એ બંને પરસ્પર સાપેક્ષ છે. પરત્વાપરત્વના પ્રશંસાકૃત, ક્ષેત્રકૃત અને કાળકૃત એમ ત્રણ ભેદ છે. અમુક ધર્મ પર છે-શ્રેષ્ઠ છે; અમુક ધર્મ અપર છે-કનિષ્ઠ (-હલકો) છે. આ પરત્વ અને અપરત્વ પ્રશંસાકૃત છે. અમદાવાદથી મહેસાણા પર છે-દૂર છે, અમદાવાદથી આણંદ અપર છે-નજીક છે. અહીં પરત્વ અને અપરત્વ ક્ષેત્રકૃત-ક્ષેત્રની અપેક્ષાએ છે. ૧૦ વર્ષના છોકરાથી ૧૬ વર્ષનો છોકરો પર છે-મોટો છે; ૧૬ વર્ષના છોકરાથી ૧૦ વર્ષનો છોકરો અપર છે-નાનો છે. અહીં કાળકૃત-કાળની અપેક્ષાએ પરત્વાપરત્વ છે. ત્રણ પ્રકારના પરત્વાપરત્વમાંથી અહીં કાળકૃત પરત્વાપરત્વની વિવક્ષા છે. [૨૨]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પુદ્ગલનું લક્ષણ-

**સ્પર્શ-રસ-ગન્ધ-વર્ણવન્તઃ પુદ્ગલાઃ ॥ ૫-૨૩ ॥**

**પુદ્ગલો સ્પર્શ, રસ, ગંધ અને વર્ણવાળા હોય છે.**

સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ એ ચાર જે દ્રવ્યમાં હોય તે દ્રવ્ય પુદ્ગલ. સ્પર્શ આદિ ચારેય ગુણો સાથે જ રહે છે. એથી જ્યાં સ્પર્શ કે અન્ય કોઈ એક ગુણ હોય ત્યાં અન્ય ત્રણ ગુણો પણ અવશ્ય હોય છે. અન્ય ગુણો અવ્યક્ત હોય તેવું બને, પણ હોય જ નહિ એવું કદી ન બને. જેમકે-વાયુ, વાયુના સ્પર્શને આપણે જાણી શકીએ છીએ, પણ રૂપને જાણી શકતા નથી. કારણ કે વાયુનું રૂપ એટલું સૂક્ષ્મ છે કે આપણી ચક્ષુમાં તેને જોવાની શક્તિ નથી. પણ જ્યારે એ જ વાયુ સાયન્ટીફીક પદ્ધતિથી હાઈડ્રોજન અને ઓકસીજન એ બે વાયુના મિશ્રણથી પાણી સ્વરૂપ બની જાય છે ત્યારે તેમાં રૂપ દેખી શકાય છે. કારણ કે બે વાયુના મિશ્રણથી તે અણુઓ સૂક્ષ્મપણાનો ત્યાગ કરી સ્થૂલ બની જાય છે.

(૧) સ્પર્શના આઠ પ્રકાર છે. કઠીન, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રુક્ષ. જે દ્રવ્યને ન નમાવી શકાય તે દ્રવ્યનો સ્પર્શ કઠીન. કઠીન સ્પર્શથી વિપરીત સ્પર્શ મૃદુ. જેના યોગે દ્રવ્ય નીચે જાય તે ગુરુ સ્પર્શ. જેના યોગે દ્રવ્ય પ્રાયઃ તિર્ચ્છું કે ઉપર જાય તે સ્પર્શ લઘુ જેના યોગે બે વસ્તુઓ ચોંટી જાય તે સ્પર્શ સ્નિગ્ધ. સ્નિગ્ધથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિપરીત સ્પર્શ રુક્ષ. શીત એટલે ઠંડો સ્પર્શ. ઉષ્ણ એટલે ગરમ સ્પર્શ. (૨) રસના પાંચ પ્રકાર છે. તિક્ત, કટુ, કષાય [ તુરો ], ખાટું, મધુર. કેટલાક વિદ્વાનો ખારા રસ સહિત છ રસ ગણે છે. કોઈ ખારા રસનો મધુર રસમાં અંતર્ભાવ કરે છે. જ્યારે કોઇક બે રસના સંસર્ગથી ખારો રસ ઉત્પન્ન થાય છે તેમ કહે છે. (૩) ગંધના સુરભિ અને દુરભિ એમ બે ભેદ છે. ચંદન આદિનો ગંધ સુરભિ છે અને લસણ આદિનો ગંધ દુરભિ છે. (૩) વર્ણના કૃષ્ણ, નીલ [ લીલો ], લાલ, પીત અને શ્વેત એમ પાંચ પ્રકાર છે. [૨૩]

## પુદ્ગલોના શબ્દાદિ પરિણામોનું વર્ણન-

**શબ્દ-બન્ધ-સૌક્ષ્મ્ય-સ્થૌલ્ય-સંસ્થાન-ભેદ-તમશ્છાયા-ऽऽતપોદ્યોતવન્તશ્ચ ॥ ૫-૨૪ ॥**

**પુદ્ગલો શબ્દ, બંધ, સૂક્ષ્મતા, સ્થૂલતા, સંસ્થાન, ભેદ, અંધકાર, છાયા, આતપ અને ઉદ્યોતવાળા પણ છે, અર્થાત્ શબ્દ આદિ પુદ્ગલનાં પરિણામો છે.**

(૧) શબ્દ :—શબ્દ પુદ્ગલનો પરિણામ છે એ વિષે નીચે મુજબ યુક્તિઓ છે. (૧) વાગતા ઢોલ ઉપર પૈસો પડે તો તે અથડાઈને દૂર ફેંકાય છે. (૨) જોરદાર શબ્દો કાને અથડાય તો કાન ફૂટી જાય કે બહેરા થઈ જાય. (૩) જેમ પથ્થર વગેરેને પર્વતાદિનો પ્રતિઘાત થાય છે તેમ શબ્દને પણ કૂપ વગેરેમાં પ્રતિઘાત થાય છે, અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેથી તેનો પડઘો પડે છે. (૪) વાયુ વડે તૃણની જેમ દૂર દૂર ધસડાય છે. (૫) પ્રદીપના પ્રકાશની જેમ ચારે તરફ ફેલાય છે. (૬) એક શબ્દ બીજા શબ્દનો અભિભવ કરી શકે છે. અર્થાત્ મોટા શબ્દથી નાના શબ્દનો અભિભવ થઈ જાય છે. આથી જ દૂરથી મોટો અવાજ કાને અથડાતો હોય તો નજીકના શબ્દો પણ સંભળાતા નથી. (૭) પહેલા દેવલોકમાં સૌધર્મસભામાં રહેલી સુઘોષા ઘંટા વાગતાં તેવા પ્રકારની વિશિષ્ટ રચનાથી સર્વ વિમાનોમાં રહેલી ઘંટાઓ વાગવા માંડે છે. જો શબ્દ પુદ્ગલ ન હોય તો આ પ્રમાણે બની શકે નહિ. આમ અનેક રીતે શબ્દ પુદ્ગલ છે એ સિદ્ધ થાય છે.

શબ્દની ઉત્પત્તિ વિસ્રસાથી (સ્વાભાવિક રીતે) અને પ્રયોગથી બે રીતે થાય છે. વાદળ, વીજળી વગેરેનો અવાજ કોઈ પણ જાતના જીવના પ્રયોગ વિના સ્વાભાવિક રીતે (વિસ્રસાથી) ઉત્પન્ન થાય છે. પ્રાયોગિક શબ્દના (–પ્રયોગથી ઉત્પન્ન થતા શબ્દના) છ ભેદો છે. તત, વિતત, ઘન, શુષિર, સંઘર્ષ અને ભાષા.

(૧) **તત** :—હાથના પ્રતિઘાતથી ઉત્પન્ન થતા ઢોલ વગેરેના શબ્દો.

(૨) **વિતત** :—તારની સહાયથી ઉત્પન્ન થતા વીણા વગેરેના શબ્દો.

(૩) **ઘન** :—કાંસી વગેરે વાદ્યિંત્રોના પરસ્પર અથડાવાથી ઉત્પન્ન થતા શબ્દો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) **શુષિર** :—પવન પૂરવાથી વાંસળી, પાવો વગેરે દ્વારા ઉત્પન્ન થતા શબ્દો.

(૫) **સંઘર્ષ** :—લાકડા વગેરેના પરસ્પર અથડાવાથી ઉત્પન્ન થતો ધ્વનિ.

(૬) **ભાષા** :—જીવના મુખના પ્રયત્નથી ઉત્પન્ન થતા શબ્દો. ભાષા બે પ્રકારની છે. વ્યક્ત અને અવ્યક્ત. બેઇંદ્રિય આદિ જીવોની ભાષા અવ્યક્ત છે. મનુષ્ય આદિની ભાષા વ્યક્ત છે. વર્ણ, પદ અને વાક્ય સ્વરૂપ ભાષા વ્યક્ત ભાષા છે. ક, ખ, ગ વગેરે વર્ણો છે. વિભક્તિ યુક્ત વર્ણોનો સમુદાય પદ છે. પદોનો સમુદાય વાક્ય છે.

**પ્રશ્ન** :—શબ્દનું જ્ઞાન શ્રોત્રેન્દ્રિયથી થાય છે. આથી શ્રોત્રેન્દ્રિય વિનાના પ્રાણીઓ શબ્દને સાંભળી ન શકે. તો પછી બેતરમાં લીલી વનસ્પતિ આદિ ઉપર બેઠેલાં તીડો ઢોલના અવાજથી ઉડી જાય છે તેનું શું કારણ ? તીડ ચઉરિંદ્રિય પ્રાણી હોવાથી શ્રોત્રેન્દ્રિય રહિત હોય છે.

**ઉત્તર** :—તીડો ઢોલના અવાજને સાંભળતા નથી. પણ શબ્દ પુદ્ગલ રૂપ છે. ઢોલથી ઉત્પન્ન થતા અવાજના પુદ્ગલો ચારે બાજુ ફેલાય છે. ફેલાયેલા શબ્દના પુદ્ગલોની તીડોના શરીર ઉપર પ્રહાર રૂપે અસર થાય છે. શબ્દના પુદ્ગલોનો પ્રહાર સહન ન થવાથી તીડો ઊડી જાય છે. જેમ શબ્દના પુદ્ગલોની પ્રહાર આદિથી પ્રતિકૂળ અસર થાય છે તેમ સંગીત આદિ દ્વારા અનુકૂળ અસર પણ થાય છે. આથી જ અમુક અમુક વનસ્પતિઓ–વૃક્ષો વગેરેને સંગીતના પ્રયોગથી જલદી અને વધારે વિકસિત કરી શકાય છે. ગાયોને દોહતી વખતે સંગીત સંભળાવવાથી ગાયો વધારે દૂધ આપે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમુક પ્રકારના શબ્દપ્રયોગથી રોગોનો પણ નાશ કરી શકાય છે. આ હકીકતને આજે વૈજ્ઞાનિકોએ પ્રયોગ દ્વારા સિદ્ધ કરી આપી છે.

(૨) **બંધ** :—બંધ એટલે પરસ્પર બે વસ્તુઓનો સંયોગ–મિલન. પ્રયોગબંધ અને વિસ્રસાબંધ એમ બંધના બે ભેદ છેઃ (૧) જીવના પ્રયત્નથી થતો બંધ પ્રયોગબંધ. જીવ સાથે શરીરનો, જીવ સાથે કર્મોનો, લાખ અને લાકડાનો ઇત્યાદિ બંધ પ્રયોગબંધ છે. (૨) જીવના પ્રયત્ન વિના થતો બંધ વિસ્રસાબંધ. વીજળી, મેઘ વગેરેનો બંધ વિસ્રસાબંધ છે. અમુક પ્રકારના પુદ્ગલોના મિલનથી વીજળી, મેઘ વગેરે ઉત્પન્ન થાય છે. અહીં પુદ્ગલોનું મિલન કોઈ જીવના પ્રયત્નથી થતું નથી, કિન્તુ સ્વાભાવિક થાય છે.

જીવ સાથે કર્મોનો બંધ શાસ્ત્રોમાં જુદી જુદી દૃષ્ટિએ અનેક પ્રકારે બતાવવામાં આવ્યો છે. તેમાં ફળની અપેક્ષાએ કર્મબંધના ચાર પ્રકાર બતાવવામાં આવ્યા છે. સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત અને નિકાચિત.

(૧) **સ્પૃષ્ટબંધ** :—પરસ્પર અડેલી સોયો સમાન. જેમ પરસ્પર અડીને રહેલી સોયોને છૂટી કરવી હોય તો અડવા માત્રથી છૂટી કરી શકાય, વિખેરી શકાય; તેમ કર્મો વિશેષ ફળ આપ્યા વિના સામાન્યથી–પ્રદેશોદયથી ભોગવાઈને આત્માથી છૂટા પડી જાય તેવો બંધ તે સ્પૃષ્ટ બંધ. (૨) **બદ્ધ બંધ** :—દોરાથી બંધાયેલી સોયો સમાન. જેમ દોરાથી બંધાયેલી સોયોને છૂટી કરવી હોય તો દોરો છોડવાની જરા મહેનત કરવી પડે. તેમ કર્મો થોડું ફળ


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપીને જ છૂટા પડે તેવા પ્રકારનો બંધ બદ્ધ બંધ. (૩) **નિધત્તબંધ** :—દોરાથી બંધાયેલી અને વપરાશ વિના ઘણો ટાઈમ પડી રહેવાથી કટાઈ ગયેલી સોયો સમાન. જેમ આવી સોયોને છૂટી પાડીને ઉપયોગમાં લેવામાં ઘણી મહેનત કરવી પડે, તેમ કર્મો પોતાનું ઘણું ફળ આપીને જ છૂટા પડે તેવો બંધ નિધત્તબંધ. (૪) **નિકાચિત બંધ** :- ઘણુથી કૂટીને એકમેક બનાવેલી સોયો સમાન. જેમ આવી સોયો ઉપયોગમાં લઈ ન શકાય, તેમાંથી નવી સોયો બનાવવાની મહેનત કરવી પડે, તેમ કર્મો પોતાનું પૂર્ણ ફળ આપ્યા વિના છૂટા પડે જ નહિ, પૂર્ણ ફળ આપીને જ છૂટા પડે તેવા પ્રકારનો બંધ નિકાચિત બંધ.

(૩) **સૂક્ષ્મતા** :—અંત્ય અને આપેક્ષિક એમ સૂક્ષ્મતાના બે ભેદો છે. પરમાણુની સૂક્ષ્મતા અંત્ય સૂક્ષ્મતા છે. આ જગતમાં પરમાણુથી વધારે સૂક્ષ્મ કોઈ પુદ્ગલ નથી. આથી પરમાણુમાં રહેલી સૂક્ષ્મતા અત્યંત છેલ્લામાં છેલ્લી છે. અન્ય વસ્તુની અપેક્ષાએ થતી સૂક્ષ્મતા આપેક્ષિક સૂક્ષ્મતા છે. જેમકે આમળાની અપેક્ષાએ બોર સૂક્ષ્મ છે. ચતુરણુક સ્કંધની અપેક્ષાએ ત્રયણુક સ્કંધ સૂક્ષ્મ છે.

(૪) **સ્થૂલતા** :—સૂક્ષ્મતાની જેમ સ્થૂલતાના પણ અંત્ય અને આપેક્ષિક એમ બે ભેદ છે. સંપૂર્ણ લોક વ્યાપી સ્કંધની સ્થૂલતા અંત્ય છે. કારણ કે મોટામાં મોટું પુદ્ગલ-દ્રવ્ય લોકસમાન હોય છે. અલોકમાં કોઈ દ્રવ્યની ગતિ ન હોવાથી લોકના પ્રમાણથી કોઈ પુદ્ગલ દ્રવ્ય મોટું નથી. અન્ય વસ્તુની અપેક્ષાએ થતી સ્થૂલતા આપેક્ષિક સ્થૂલતા છે. જેમ કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમળાથી કેરી સ્કંધ સ્થૂલ છે.

સ્થૂલ છે. ચતુરણુક સ્કંધથી પંચાણુક

(૫) સંસ્ લક્ષણ અને અ લાંબુ, ગોળ, ચ તે ઇત્થંલક્ષણ. ગોળ વગેરે સ સંસ્થાન છે એ જેમ કે–મેધ

સ્થાન :—સંસ્થાન એટલે આકૃતિ. ઇત્થં-ત્થં લક્ષણ એમ આકૃતિના બે ભેદ છે. તુરસ્ર, વગેરે રીતે જેનું વર્ણન થઈ શકે જેમ કે–વસ્ત્ર, મકાન વગેરેની આકૃતિ. લાંબુ, ગ્દોથી જેનું વર્ણન ન થઈ શકે–અમુક મ ન કહી શકાય તે અનિત્થં લક્ષણ સંસ્થાન. આદિનું સંસ્થાન.

(૬) ભે પાંચ પ્રકાર છે

દ :—એક વસ્તુના ભાગ પડવા તે ભેદ. ભેદના . ઔત્કરિક, ચૌર્ણિક, ખંડ, પ્રતર અને અનુતટ.

(૧) ઔત્કરિકઃ–લાકડા આદિને કાપવા વગેરેથી થતો ભેદ.

(૨) ચૌર્ણિકઃ–ઘઉં આદિને દળવા આદિથી થતો ભેદ.

(૩) ખંડઃ–લાકડા વગેરેના ટુકડા–ખંડ કરવાથી થતો ભેદ.

(૪ ) પ્રતરઃ–અભ્રક વગેરેના થતા પટલ–પડ તે પ્રતરભેદ.

(૫ ) અનુતટઃ–વાંસ, શેરડી, છાલ, ચામડી વગેરે છેદવાથી થતો ભેદ.

( ૭) **અંધકાર :**—અંધકાર એ કાળા રંગે પરિણ- મેલા ? પુદ્ગલોનો સમૂહ છે, નહિ કે પ્રકાશના અભાવ રૂપ. કારણ કે તેનાથી દૃષ્ટિનો પ્રતિબંધ થાય છે. જેમ એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્તુથી અન્ય વસ્તુ ઢંકાઈ જાય તો અન્ય વસ્તુ દેખાતી નથી, તેમ અહીં અંધકારથી વસ્તુઓ ઢંકાઈ જાય છે એથી વસ્તુઓ આંખ સામે હોવા છતાં દેખાતી નથી. અંધકાર પુદ્ગલ સ્વરૂપ હોય તો જ તેનાથી દૃષ્ટિનો પ્રતિબંધ થઈ શકે. અંધકારના પુદ્ગલો ઉપર જ્યારે પ્રકાશનાં કિરણો ફેલાય છે ત્યારે અંધકારના અણુઓ વસ્તુઓને આચ્છાદિત કરી શકતા નથી. જ્યારે પ્રકાશનાં કિરણો અસ્ત થઈ જાય છે ત્યારે અંધકારના પુદ્ગલોનું આવરણ આવી જવાથી આપણે વસ્તુને જોઈ શકતા નથી.

(૮) છાયા :—છાયા બે પ્રકારની છે. (૧) તદ્વર્ણ પરિણત છાયા અને (૨) આકૃતિ રૂપ છાયા. કર્ણ સ્વચ્છ દ્રવ્યોમાં શરીર આદિના પુદ્ગલો શરીર વર્ણ આદિ રૂપે પરિણામ પામે છે. સ્વચ્છ દ્રવ્યો વસ્તુના વર્ણ આદિ રૂપે પરિણામ પામેલા પુદ્ગલોને પરિણત છાયા કે પ્રતિબિંબ કહેવામાં આવે છે. અ દ્રવ્યો ઉપર શરીર આદિના પુદ્ગલોનો માત્ર આકૃતિ* થતો પરિણામ કે જે તડકામાં દેખાય છે, તે આકૃતિ છાયા છે. તદ્વર્ણપરિણામ અને આકૃતિ એ બંને રૂપ હોવા છતાં વ્યવહારમાં આપણે તદ્વર્ણ પરિણામ છાયાને પ્રતિબિંબ તરીકે ઓળખીએ છીએ. આકૃતિ છાયાને છાયા તરીકે ઓળખીએ છીએ. પ્રતિબિંબમાં આકૃતિ અને વર્ણ એ બંને સ્પષ્ટ હોય છે, જ્યારે છાયામાં અસ્પષ્ટ હોય છે.

* વર્ણ ન દેખાય, માત્ર આકૃતિ દેખાય તેવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યેક વસ્તુમાંથી પ્રકા
વહ્યા કરે છે. વહી રહે
આપણને દેખાતા નથી.
પ્રકાશ આદિ દ્વારા કે વૈજ્ઞા
થઈ જાય છે. તદાકાર પરિ
પ્રતિબિંબ યા છાયા રૂપે

તિસમય જળના ફુવારાની માફક સ્કંધો
ફેલા પુદ્ગલો અતિ સૂક્ષ્મ હોવાથી
પ્રતિસમય વહેતા એ પુદ્ગલો
નિક પ્રયોગો દ્વારા તદાકાર પરિણત
ણત થયેલા એ પુદ્ગલોને આપણે
ઓળખીએ છીએ.

(૯) **આતપ**:—સૂર્ય ના પ્રકાશને આતપ કહેવામાં આવે છે. સૂર્ય જ્યોતિષ્ક જાં તેના દેવોનું વિમાન છે. તેમાં દેવો રહે છે. આ વિમાન આ તે મૂલ્યવાન રત્નોનું બનેલું છે. આથી તેમાંથી પ્રકાશ ફેલા ય છે. આ પ્રકાશ આતપ તરીકે ઓળખાય છે. આતપ અ ગ્નિની જેમ ઉષ્ણ હોવાથી પુદ્ગલ છે. આતપ ઉષ્ણ અ ને શ્વેતરંગે પરિણમેલા પુદ્ગલોનો જથ્થો છે.

**પ્રશ્ન**:—જે દૂર રહેલ સૂર્ય નો પ્રકાશ પણ અહીં પૃથ્વીને અને પૃથ્વીની વસ્તુઓને ગરમ બનાવી દે છે, વૈશાખ-જેઠ માસમાં પૃથ્વી ઉપર પગ ન મૂકી શકાય તેવી ગરમી હોય છે, તો દેવો તેમાં શી રીતે રહી શકતા હશે?

**ઉત્તર**:—સૂર્યનો પ્રકાશ પૃથ્વી ઉપર ઉષ્ણ હોય છે. પણ સૂર્યવિમાનનો સ્પર્શ શીત હોય છે. અગ્નિ આદિના અને સૂર્યના પ્રકાશમાં આ જ તફાવત છે. અગ્નિ આદિનો સ્પર્શ ઉષ્ણ હોય છે અને પ્રકાશ પણ ઉષ્ણ હોય છે. જ્યારે સૂર્યમાં તેમ નથી. સૂર્યનો પ્રકાશ જ ઉષ્ણ હોય છે. સ્પર્શ તો શીત હોય છે. સૂર્યના પ્રકાશની ઉષ્ણતા પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ જેમ દૂર તેમ તેમ વધારે હે ાય છે. આથી દેવોને તેમાં રહેવામાં કશો જ બાધ આવતો . નથી.

(૧૦) ઉદ્યોત :—ચંદ્ર, ચંદ્રકાન્ત મણિ, કેટલાંક રત્નો, તથા ઔષધિઓ વગેરે ા પ્રકાશને ઉદ્યોત કહેવામાં આવે છે. ઉદ્યોત અને આત ા એ બંને પ્રકાશ સ્વરૂપ છે. શીત વસ્તુના ઉષ્ણ પ્રકાશને આતપ અને અનુષ્ણ પ્રકાશને ઉદ્યોત કહેવામાં આવે છે.

**પ્રશ્ન** :—સ્પર્શ વ ગેરે પુદ્ગલના પર્યાયો છે. અને શબ્દ વગેરે પણ પુદ્ગલ ના જ પર્યાયો છે. તો ૨૩–૨૪ એ બે સૂત્રોના સ્થાને એક જ સૂત્ર કેમ ન બનાવ્યું ?

**ઉત્તર** :–૨૩ મા સૂત્રમાં કહેલા સ્પર્શ આદિ પર્યાયો અણુ અને સ્કંધ બંનેમાં હો ય છે. જ્યારે ૨૪ મા સૂત્રમાં કહેલા શબ્દ આદિ પર્યાયો માત્ર સ્કંધમાં જ હોય છે. સ્કંધોમાં પણ દરેક સ્કંધમાં શ બ્દાદિ પર્યાયો હોય એવો નિયમ નહિ. જ્યારે સ્પર્શાદિ પર્યાયો તો દરેક પરમાણુમાં અને દરેક સ્કંધમાં અવશ્ય હો ય. આ વિશેષતાનું સૂચન કરવા અહીં બે સૂત્રોની રચના કરી છે.

**પ્રશ્ન** :–સ્પર્શ આદિની જેમ સૂક્ષ્મતા પણ અણુ અને સ્કંધ બંનેમાં હોય છે. આથી સૂક્ષ્મતાનું નિરૂપણ સ્પર્શ આદિની સાથે ૨૩ મા સૂત્રમાં કરવું જોઈએ.

**ઉત્તર** :–સ્થૂલતા કેવળ સ્કંધોમાં જ હોય છે. આથી સ્થૂલતાનું નિરૂપણ આ સૂત્રમાં જ કરવું જોઈએ. સૂક્ષ્મતા સ્થૂલતાના પ્રતિપક્ષ તરીકે છે, અને લોકવ્યાપી અચિત્ત મહા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્કંધ વગેરે માં હોતી નથી એ જણાવવા સ્થૂલતાની સાથે સૂક્ષ્મતાનું પણ નિરૂપણ આ સૂત્રમાં કરવામાં આવ્યું છે. [૨૪]

પુદ્ગલના મુખ્ય બે ભેદો :-

अणवः स्कन्धाश्च ॥ ५-२५ ॥

**પુદ્ગલના પરમાણુ અને સ્કંધ એમ મુખ્ય બે ભેદો છે.**

પરમાણુ એટલે પુદ્ગલનો છેલ્લામાં છેલ્લો અંશ. માટે જ તેને પરમ-અંતિમ અણુ-અંશ=પરમાણુ કહેવામાં આવે છે. આમ પરમાણુ પુદ્ગલનો અવિભાજ્ય (-જેના કેવલી પણ બે વિભાગ ન કરી શકે તેવો) અંતિમ વિભાગ છે. જેનાથી નાનો વિભાગ હોતો જ નથી. એના આદિ, મધ્ય અને અંત પણ એ પોતે જ છે. અબદ્ધ-છૂટો જ હોય છે. એના પ્રદેશો હોતા નથી. એ પોતે જ એક પ્રદેશરૂપ છે.

પરમાણુ કારણ રૂપ જ છે. અર્થાત્ પરમાણુથી અન્ય દ્વ્યણુક [બે અણુઓનો સ્કંધ] આદિ કાર્યો થાય છે. આથી તે કારણ બને છે પણ તે કોઈમાંથી ઉત્પન્ન થતો ન હોવાથી કાર્ય રૂપ બનતો નથી. તે સૂક્ષ્મ જ હોય છે. તેનો કદી નાશ થતો નથી. તેના પર્યાયો બદલાય, પણ સર્વથા નાશ કદી ન થાય. તેમાં કોઈ પણ એક રસ, કોઈ પણ એક ગંધ, કોઈ પણ એક વર્ણ અને બે સ્પર્શ (સ્નિગ્ધ-શીત, સ્નિગ્ધ -ઉષ્ણ, રુક્ષ-શીત, રુક્ષ-ઉષ્ણ એ ચાર વિકલ્પોમાંથી ગમે તે એક વિકલ્પના બે સ્પર્શ) હોય છે. એકલો પરમાણુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કદી આંખોથી દેખાતો નથી અને અનુમાન વગેરેથી પણ જણાતો નથી. જ્યારે અનેક પરમાણુઓ એકઠા થઈને કાર્ય રૂપે પરિણમે છે, ત્યારે અનુમાન દ્વારા એકલા પરમાણુનું જ્ઞાન થાય છે. દૃશ્યમાન ઘટાદિ કાર્યોમાં પરંપરાએ અનેક કારણો હોય છે. તેમાં અંતિમ જે કારણ તે પરમાણુ છે. *

સ્કંધ એટલે પરસ્પર જોડાયેલા બે વગેરે પરમાણુઓનો જથ્થો. આ સ્કંધો સૂક્ષ્મપરિણામવાળા અને બાદરપરિણામવાળા એ બે પ્રકારના છે. સૂક્ષ્મ પરિણામવાળા સ્કંધો આંખોથી દેખાતા નથી. બાદર પરિણામવાળા સ્કંધો જ આંખોથી દેખાય છે. આથી દૃશ્યમાન ઘટાદિ સર્વ સ્કંધો બાદરપરિણામી છે.

**સ્કંધોમાં સ્પર્શાદિની વિચારણા :**—બાદર પરિણામવાળા સ્કંધોમાં આઠેય પ્રકારનો સ્પર્શ અને સૂક્ષ્મ-પરિણામવાળા સ્કંધોમાં ચાર પ્રકારનો [મૃદુ અને લઘુ એ બે સ્પર્શો નિયત હોય છે. અન્ય બે પ્રકારના સ્પર્શો અનિયત હોય છે. સ્નિગ્ધ–ઉષ્ણ, સ્નિગ્ધ–શીત, રુક્ષ–ઉષ્ણ, રુક્ષ–શીત એ ચાર વિકલ્પોમાંથી ગમે તે બે સ્પર્શો હોય છે.] રસ, ગંધ અને વર્ણ બંને પ્રકારના સ્કંધોમાં સર્વ પ્રકારના હોય છે. [૨૫]

[પરમાણુ અને સ્કંધ બંને પુદ્ગલ રૂપે સમાન હોવા છતાં બંનેની ઉત્પત્તિનાં કારણો ભિન્ન હોવાથી ભિન્ન છે.

* कारणमेव तदन्त्यं सूक्ष्मो नित्यश्च भवति परमाणुः ।
एकरसगन्धवर्णो द्विस्पर्शः कार्यलिङ्गश्च ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે બંનેની ઉત્પત્તિ કેવી રીતે થાય છે તે હવે પછીના બે સૂત્રોથી જણાવે છે. ]

સ્કંધની ઉત્પત્તિનાં કારણો :-

સંઘાતભેદેભ્ય ઉત્પદ્યન્તે ॥ ૫–૨૬ ॥

**સંઘાત, ભેદ અને સંઘાત-ભેદ એ ત્રણ કારણોમાંથી કોઈ પણ એક કારણથી સ્કંધની ઉત્પત્તિ થાય છે.**

(૧) સંઘાત એટલે જોડાવું=ભેગું થવું. બે અણુના સંઘાતથી=પરસ્પર જોડાવાથી દ્વયણુક [ = બે અણુનો ] સ્કંધ ઉત્પન્ન થાય છે. બે અણુમાં એક અણુ જોડવાથી ત્રયણુક [= ત્રણ અણુનો] સ્કંધ ઉત્પન્ન થાય છે. ત્રણ અણુમાં એક અણુ જોડવાથી ચતુરણુક [ = ચાર અણુનો ] સ્કંધ ઉત્પન્ન થાય છે. એમ સંખ્યાત, અસંખ્યાત અને અનંત અણુના સંઘાતથી ક્રમશઃ સંખ્યાતાણુક, અસંખ્યાતાણુક અને અનંતાણુક સ્કંધ ઉત્પન્ન થાય છે.

અહીં ક્રમશઃ એક એક અણુ જોડાય એવો નિયમ નથી. દ્વયણુક સ્કંધમાં એકી સાથે બે વગેરે અણુઓ જોડાય તો ત્રયણુક સ્કંધ બન્યા વિના સીધો ચતુરણુક વગેરે સ્કંધ ઉત્પન્ન થાય છે. તેવી રીતે છૂટા છૂટા ત્રણ કે ચાર વગેરે પરમાણુઓ એકી સાથે જોડાય તો દ્વયણુક બન્યા વિના સીધો જ ત્રયણુક કે ચતુરણુક વગેરે સ્કંધ ઉત્પન્ન થાય છે. કોઈ વાર છૂટા છૂટા સંખ્યાતા પરમાણુઓ એકીસાથે જોડાવાથી દ્વયણુકાદિ સ્કંધો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બન્યા વિના સંખ્યાતાણુક સ્કંધ બની જાય છે. એ પ્રમાણે અસંખ્યાતાણુક અને અનંતાણુક સ્કંધ માટે પણ જાણવું.

(૨) **ભેદ** એટલે છૂટું પડવું. અનંતાણુક સ્કંધમાંથી એક અણુ છુટો પડે તો એક અણુ ન્યૂન અનંતાણુક સ્કંધ બને છે. બે પરમાણુ છૂટા પડે તો બે પરમાણુ ન્યૂન અનંતાણુક સ્કંધ બને છે. એમ પરમાણુઓ છૂટા પડતાં પડતાં અનંતાણુક સ્કંધ અસંખ્યાતાણુક બની જાય તો એ અસંખ્યાતાણુક સ્કંધની ઉત્પત્તિ ભેદથી થઈ કહેવાય. અસંખ્યાતાણુક સ્કંધમાંથી ઉપર મુજબ પરમાણુઓ છૂટા પડતાં પડતાં સંખ્યાતાણુક બની જાય તો એ સંખ્યાતાણુક સ્કંધની ઉત્પત્તિ ભેદથી થઇ કહેવાય. સંખ્યાતાણુક સ્કંધમાંથી પણ એક બે વગેરે પરમાણુ છૂટા પડતાં પડતાં યાવત્ માત્ર બે જ પરમાણુ રહે તો તે દ્વયણુક સ્કંધ બની જાય.

જેમ સંઘાતમાં એકી સાથે એક એક અણુ જ જોડાય એવો નિયમ નથી, તેમ ભેદમાં પણ એક એક અણુ જ છૂટો થાય એવો નિયમ નથી. અનંતાણુક વગેરે સ્કંધોમાંથી કોઈ વાર એક, કોઈ વાર બે, કોઈ વાર ત્રણ, એમ યાવત્ કોઈ વાર એકી સાથે માત્ર બે અણુઓને છોડીને બધા જ અણુઓ છૂટા પડી જાય અને તે સ્કંધ દ્વયણુક બની જાય.

(૩) **સંઘાત-ભેદ** એટલે એક જ સમયે છૂટું થવું અને ભેગું થવું. જે સ્કંધમાંથી એક, બે વગેરે પરમાણુઓ છૂટા પડે અને તે જ સમયે બીજા એક, બે વગેરે પરમાણુઓ જોડાય તે સ્કંધની ઉત્પત્તિ સંઘાત-ભેદથી થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમકે ચતુરણુક સ્કંધમાંથી એક પરમાણુ છૂટો પડયો અને તે જ સમયે બે પરમાણુ જોડાયા. આથી ચતુરણુક સ્કંધ પંચાણુક [પાંચ અણુવાળો] બન્યો. અહીં પંચાણુક સ્કંધની ઉત્પત્તિ સંઘાતભેદથી થઈ. એમ ચતુરણુક સ્કંધમાં એક પરમાણુ જોડાયો અને તે જ સમયે તેમાંથી બે પરમાણુ છૂટા પડી ગયા તો અહીં ત્રયણુક સ્કંધની ઉત્પત્તિ સંઘાત-ભેદથી થઈ. આમ સ્કંધમાં અમુક પરમાણુ જોડાય અને તે જ સમયે તેમાંથી જેટલા જોડાયા તેટલા કે વધારે ઓછા અણુ છૂટા પડે તો નવો જે સ્કંધ બને તેની ઉત્પત્તિ સંઘાત-ભેદથી થાય છે. [૨૬]

## પરમાણુની ઉત્પત્તિ-

## ભેદાદણુઃ ॥૫-૨૭॥

### પરમાણુ સ્કંધના ભેદથી જ ઉત્પન્ન થાય છે.

પરમાણુ પુદ્ગલનો અંતિમ અંશ છે. સંઘાત થતાં તે અંતિમ અંશ તરીકે મટીને સ્કંધ રૂપે બને છે. એટલે અણુની ઉત્પત્તિ સંઘાતથી થતી જ નથી, એથી સંઘાતભેદથી પણ ઉત્પત્તિ થતી નથી. જ્યારે સ્કંધમાંથી પરમાણુ છૂટો પડે ત્યારે જ પરમાણુની ઉત્પત્તિ થાય છે.

**પ્રશ્નઃ**—પરમાણુ નિત્ય છે અને કારણ રૂપ જ છે, કાર્ય રૂપ નથી. પણ અહીં ભેદથી અણુ ઉત્પન્ન થાય છે એમ કહ્યું એનો અર્થ એ થયો કે પરમાણુ અનિત્ય છે, અને કાર્યરૂપ પણ છે. આથી અહીં ' વદતો વ્યાઘાત ' થાય છે. **ઉત્તરઃ**—તમે એટલું ખ્યાલ રાખી લો કે જૈનદર્શન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ પણ વસ્તુને એકાંતે નિત્ય કે એકાંતે અનિત્ય માનતું જ નથી. એ દરેક વસ્તુને અપેક્ષાથી નિત્ય અને અપેક્ષાથી અનિત્ય અને ઉભય સ્વરૂપ માને છે. એટલે કોઈ વખત અમુક અપેક્ષાથી નિત્ય કહે છે અને કોઈ વખત એ જ વસ્તુને અમુક અપેક્ષાથી અનિત્ય પણ કહે છે. જૈનદર્શન વસ્તુ માત્રને દ્રવ્યાર્થિક નયથી નિત્ય અને પર્યાયાર્થિક નયથી અનિત્ય માને છે. આથી જ્યારે તે કોઈ વસ્તુને નિત્ય યા અનિત્ય કહે ત્યારે તે વસ્તુ નિત્ય જ છે, અથવા અનિત્ય જ છે એમ નહિ સમજવું. પૂર્વે પરમાણુને નિત્ય કહેવામાં આવેલ છે તે દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ. એટલે કે પરમાણુ પૂર્વે હતો જ નહિ, અને નવો જ દ્રવ્યરૂપે ઉત્પન્ન થાય છે એમ નથી. આથી દ્રવ્યરૂપે તે નિત્ય છે. પણ અમુક પર્યાય રૂપે તે નવો જ ઉત્પન્ન થાય છે. જ્યારે પરમાણુ સ્કંધમાંથી છૂટો પડે છે ત્યારે એનો સ્કંધબદ્ધ અસ્તિત્વ પર્યાય નાશ પામે છે અને સ્વતંત્ર અસ્તિત્વ પર્યાય ઉત્પન્ન થાય છે. આથી પર્યાયાર્થિક નયથી સ્વતંત્ર અસ્તિત્વ પર્યાય રૂપે પરમાણુની ઉત્પત્તિ થાય છે. બાકી સ્કંધમાં જે પરમાણુ હતો તે જ છૂટો પડે છે એટલે કોઈ નવો જ પરમાણુ ઉત્પન્ન થાય છે એવું નથી. એટલે અહીં ભેદથી પરમાણુ ઉત્પન્ન થાય છે એનો અર્થ એટલો જ છે કે પરમાણુ સ્કંધમાં બદ્ધ હતો તે છૂટો-સ્વતંત્ર થાય છે. આથી તેનામાં સ્વતંત્ર અસ્તિત્વ રૂપ પર્યાય ઉત્પન્ન થાય છે. પરમાણુના સ્વતંત્ર અસ્તિત્વ પર્યાયની ઉત્પત્તિને ઉપચારથી પરમાણુની ઉત્પત્તિ કહેવામાં આવે છે. એ જ પ્રમાણે દ્રવ્યાર્થિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૃષ્ટિથી તે [ઉત્પન્ન ન થવાથી] કારણરૂપ છે અને પર્યાયાર્થિક દૃષ્ટિથી [ઉત્પન્ન થવાથી] કાર્ય રૂપ પણ છે. [૨૭]

## ત્રણ કારણોમાંથી કયા કારણથી ઉત્પન્ન થયેલા સ્કંધો જોઈ શકાય છે તેનું નિરૂપણઃ-

### भेदसंघाताभ्यां चाक्षुषाः ॥५-२८॥

**ભેદ અને સંઘાત એમ ઉભયથી ઉત્પન્ન થયેલા સ્કંધો જ ચાક્ષુષ (=ચક્ષુથી ગ્રાહ્ય) બને છે; એટલે કે ચક્ષુથી જોઈ શકાય છે.**

પૂર્વે કહ્યું છે કે ભેદથી સંઘાતથી અને ભેદ-સંઘાતથી એમ ત્રણ રીતે સ્કંધોની ઉત્પત્તિ થાય છે. આ ત્રણમાંથી જે સ્કંધો કેવળ ભેદથી કે કેવળ સંઘાતથી ઉત્પન્ન થાય છે તે સ્કંધો આંખોથી જોઈ શકાતા નથી. જે સ્કંધો ભેદ અને સંઘાત એમ ઉભયથી ઉત્પન્ન થાય છે તે જ સ્કંધો આંખોથી જોઈ શકાય છે.

તાત્પર્ય એ આવ્યું કે-અત્યંત સ્થૂલ પરિણામવાળા સ્કંધો જ આંખોથી જોઈ શકાય છે. એ સ્કંધો કેવળ ભેદ કે કેવળ સંઘાતથી ઉત્પન્ન થતા નથી, કિન્તુ ભેદ-સંઘાતથી જ ઉત્પન્ન થાય છે. ભેદ સંઘાતથી ઉત્પન્ન થયેલા દરેક સ્કંધો જોઈ શકાય છે એવો નિયમ નથી. પણ જે સ્કંધો જોઈ શકાય છે તે સ્કંધો ભેદ-સંઘાતથી જ ઉત્પન્ન થયેલા હોય છે એવો નિયમ છે. અહીં ચક્ષુથી ગ્રાહ્ય બને છે એ ઉપલક્ષણ હોવાથી પાંચેય ઇંદ્રિયોથી ગ્રાહ્ય બને છે એમ સમજવું. અર્થાત્ ભેદ-સંઘાતથી ઉત્પન્ન થયેલા સ્કંધો ઇંદ્રિયગ્રાહ્ય બને છે. [૨૮]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[અહીં સુધી ધર્માસ્તિકાય આદિ દરેક દ્રવ્યનું સ્વતંત્ર લક્ષણ અને સ્વરૂપ જણાવ્યું. આથી એ સિદ્ધ થયું કે ધર્માસ્તિકાય આદિ પાંચ દ્રવ્યો સત્ છે-વિદ્યમાન છે. આથી હવે એ પાંચેયનું સત્ તરીકે એક લક્ષણ શું છે-સત્ કોને કહેવાય તે જણાવે છે.]

## सत्नुं लक्षण :-

**उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत् ॥ ५-२९ ॥**

**જે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત હોય તે સત્ કહેવાય.**

આ ત્રણ જેમાં ન હોય તે વસ્તુ અસત્ છે-આ જગતમાં વિદ્યમાન નથી. સત્ વસ્તુમાત્રમાં સદા ઉત્પાદ આદિ ત્રણે અવશ્ય હોય છે. ઉત્પાદ એટલે ઉત્પત્તિ. વ્યય એટલે નાશ. ધ્રૌવ્ય એટલે સ્થિરતા. દરેક વસ્તુ પ્રતિસમય પર્યાય રૂપે ઉત્પન્ન થાય છે, અને નાશ પામે છે; તથા દ્રવ્ય રૂપે સ્થિર પણ રહે છે. દરેક વસ્તુમાં બે અંશો હોય છે. (૧) દ્રવ્યાંશ અને (૨) પર્યાયાંશ. તેમાં દ્રવ્ય રૂપ અંશ સ્થિર(-ધ્રુવ) હોય છે અને પર્યાય રૂપ અંશ અસ્થિર (-ઉત્પાદ-વ્યયશીલ) હોય છે. આથી સત્ દરેક વસ્તુ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યયુક્ત હોય છે.

અહીં અન્ય દર્શનકારોના મતે સત્નું લક્ષણ શું છે તે વિચારવું જરૂરી છે. **વેદાંતીઓ** સંપૂર્ણ જગતને બ્રહ્મ-સ્વરૂપ માને છે. ચેતન કે જડ સર્વ વસ્તુઓ બ્રહ્મના જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંશો છે. જેમ એક ચિત્રમાં જુદા જુદા રંગો અને જુદી જુદી આકૃતિઓ હોય છે પણ તે સર્વ એક જ ચિત્રના વિભાગો છે, ચિત્રથી જુદા નથી. તેમ આ સંપૂર્ણ જગત બ્રહ્મ સ્વરૂપ છે. બ્રહ્મ ધ્રુવ-નિત્ય છે. આથી આ દર્શન બ્રહ્મ સ્વરૂપ સંપૂર્ણ સત્ પદાર્થને કેવળ ધ્રુવ-નિત્ય જ માને છે. **બૌદ્ધદર્શન** ચેતન કે જડ વસ્તુમાત્રને ક્ષણિક-ક્ષણે ક્ષણે સર્વથા નાશ પામનારી માને છે. આથી તેના મતે સત્નું લક્ષણ ક્ષણિકતા છે. યત્ સત્ તત્ ક્ષણિકમ્=જે જે સત્ છે તે સર્વ ક્ષણિક છે. **સાંખ્ય** અને **યોગદર્શન** જગતને પુરુષ અને પ્રકૃતિ સ્વરૂપ માને છે. પુરુષ એટલે આત્મા. પ્રકૃતિના સંયોગથી પુરુષનો સંસાર છે. દૃશ્યમાન જડ વસ્તુમાં [પરંપરાએ] પ્રકૃતિનું પરિણામ છે. આ દર્શનના મતે પુરુષ ધ્રુવ-કૂટસ્થ નિત્ય છે. જ્યારે પ્રકૃતિ પરિણામી નિત્ય-નિત્યાનિત્ય છે. **ન્યાય** અને **વૈશેષિક દર્શન** આત્મા, પરમાણુ, આકાશ વગેરેને ધ્રુવ-કેવળ નિત્ય અને ઘટાદિ પદાર્થોને ઉત્પાદ-વ્યયશીલ માને છે. [૨૯]

[ વસ્તુ સ્થિર રહે છે એટલે નિત્ય છે, તથા ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે એટલે અનિત્ય છે. આથી એક જ વસ્તુ નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. આ હકીકત સ્થૂલ દૃષ્ટિથી વિચારતાં મગજમાં ન બેસે એ સંભવિત છે. આથી આ વિશે સ્પષ્ટતા કરવાની જરૂર હોવાથી સૂત્રકાર હવે નિત્યતાની વ્યાખ્યા બતાવે છે. ]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## નિત્યનું લક્ષણઃ-

### तद्भावाव्ययं नित्यम् ॥ ५-३० ॥

**જે વસ્તુ તેના-પોતાના ભાવથી અવ્યય રહે એટલે કે પોતાના ભાવથી રહિત ન બને તે નિત્ય.**

નિત્યતાની આ વ્યાખ્યા દરેક સત્ વસ્તુમાં ઘટે છે. દરેક સત્ વસ્તુ પરિવર્તન પામવા છતાં પોતાના ભાવને-મૂળ સ્વરૂપને છોડતી નથી. દરેક સત્ વસ્તુ પરિવર્તન પામે છે એટલે અનિત્ય છે અને પરિવર્તન પામવા છતાં પોતાના મૂળ સ્વરૂપનો ત્યાગ કરતી નથી માટે નિત્ય છે. આને પરિણામી નિત્ય કહેવામાં આવે છે. પરિણામ (=પરિવર્તન) પામવા છતાં નિત્ય રહે તે પરિણામી નિત્ય.

સૂક્ષ્મદૃષ્ટિથી વિચારવામાં આવે તો ખ્યાલ આવ્યા વિના ન રહે કોઈપણ વસ્તુ પ્રત્યેક ક્ષણે પરિવર્તન પામ્યા વિના રહેતી નથી. દરેક વસ્તુમાં પ્રત્યેક ક્ષણે થોડું ઘણું પરિવર્તન અવશ્ય થયા કરે છે. પ્રતિક્ષણે થતું આ પરિવર્તન ઘણું જ સૂક્ષ્મ હોવાથી આપણા ખ્યાલમાં આવતું નથી. આ પરિવર્તન સર્વજ્ઞ ભગવંતો જ જોઈ શકે. આપણે માત્ર સ્થૂલ સ્થૂલ પરિવર્તનને જ જોઈ શકીએ છીએ. વસ્તુમાં સૂક્ષ્મરૂપે કે સ્થૂલરૂપે પરિવર્તન થવા છતાં તે પોતાના સ્વરૂપને [ દ્રવ્યત્વને ] કદી છોડતી નથી. આથી તમામ વસ્તુઓ પરિણામી નિત્ય છે. દા. ત. કાપડનો તાકો કાપીને કોટ વગેરે વસ્ત્રો બનાવ્યાં. અહીં તાકાનો નાશ થયો અને કોટ આદિ વસ્ત્રની ઉત્પત્તિ થઈ છતાં મૂળ દ્રવ્યમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[ કાપડપણામાં ] કોઈ જાતનો ફેરફાર થયો નથી. કાપડ કાપડરૂપે મટીને કાગળ રૂપે કે અન્ય કોઈ વસ્તુરૂપે બન્યું નથી. અહીં કાપડ તાકા રૂપે નાશ પામીને કોટ આદિ વસ્ત્ર રૂપે ઉત્પન્ન થવા છતાં કાપડરૂપે કાયમ–નિત્ય રહે છે.

હવે આપણે એક ઘડા તરફ દૃષ્ટિ કરીએ. સ્થૂલદૃષ્ટિથી વિચાર કરતાં ઘણા કાળ સુધી આપણને ઘડો જેવો છે તેવો ને તેવો જ દેખાય છે, તેમાં કોઈ જાતનું પરિવર્તન દેખાતું નથી. પણ સૂક્ષ્મદૃષ્ટિથી વિચારીએ તો એ ઘડામાં પ્રતિક્ષણ પરિવર્તન થઈ રહ્યું છે. દા. ત. એ ઘડો બન્યો તેને અત્યારે [ વિવક્ષિત કોઈ એક સમયે ] બે વર્ષ થયાં છે. એટલે તે ઘડો અત્યારે [ વિવક્ષિત સમયે ] બે વર્ષ જૂનો કહેવાય. બીજા જ સમયે એ ઘડો બે વર્ષ અને એક સમય જેટલો જૂનો બને છે. આથી પૂર્વના કરતાં વર્તમાન સમયમાં તેનામાં કાળકૃત પરિવર્તન આવી ગયું. ત્યાર પછીના સમયે તે ઘડો બે વર્ષ અને બે સમય જેટલો જૂનો બને છે. આમ બીજા પણ રૂપ આદિના અનેક સૂક્ષ્મ ફેરફારો પ્રત્યેક સમયે થયા કરે છે. પણ તે ફેરફારો–પરિવર્તનો અત્યંત સૂક્ષ્મ હોવાથી આપણા ખ્યાલમાં આવતાં નથી. જ્યારે કોઈ સ્થૂલ પરિવર્તન થાય છે ત્યારે જ આપણને ખ્યાલમાં આવે છે. આમ પ્રત્યેક સમયે ઘટમાં પરિવર્તન થવા છતાં તે ઘટરૂપે કાયમ રહે છે, આથી ઘટ પરિણામી નિત્ય છે. આમ દરેક વસ્તુમાં સમજવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન દર્શન જેમ ઉપર મુજબ એક જ વસ્તુમાં નિત્યત્વ અને અનિત્યત્વ એ બે પરસ્પર વિરુદ્ધ ધર્મોનો સ્વીકાર કરે છે, તેમ બીજા પણ સામાન્ય-વિશેષ, ભેદ-અભેદ, સત્ત્વ-અસત્ત્વ, એકત્વ-અનેકત્વ વગેરે અનેક વિરુદ્ધ ધર્મોનો પણ સ્વીકાર કરે છે. આની પાછળ એક દિવ્યદૃષ્ટિ રહેલી છે. આ દિવ્યદૃષ્ટિ છે સ્યાદ્વાદ કે અપેક્ષાવાદ.

સ્યાત્ એટલે અપેક્ષા. આથી સ્યાદ્વાદ એટલે અપેક્ષાવાદ. સ્યાદ્વાદ, અપેક્ષાવાદ, અનેકાંતવાદ, નયવાદ વગેરે શબ્દો એકાર્થક છે. જૈનદર્શનના સિદ્ધાંતોનો મહેલ આ સ્યાદ્વાદના પાયા પર જ રચાયેલો છે. સ્યાદ્વાદ જૈનદર્શનનો પ્રાણ છે. જ્યાં સ્યાદ્વાદ નથી ત્યાં જૈનદર્શન નથી. જૈનદર્શને જગતને સ્યાદ્વાદની એક અણમોલ ભેટ આપી છે. રાજકીય, સામાજિક, ધાર્મિક, વ્યાવહારિક, શૈક્ષણિક વગેરે નાનાં મોટાં સર્વ ક્ષેત્રોમાં સ્યાદ્વાદની જરૂર છે. સ્યાદ્વાદ વિના કોઈ ક્ષેત્ર વિકાસ પામી શકતું જ નથી. જેટલા અંશે આપણે સ્યાદ્વાદનો ભંગ કરીએ છીએ તેટલા અંશે આપણી પ્રગતિ રુંધાય છે. આથી જ જૈનદર્શનના દરેક સિદ્ધાંતમાં સ્યાદ્વાદની ઝળક છે. [૩૦]

એક જ વસ્તુમાં નિત્યત્વ-અનિત્યત્વ વગેરે પરસ્પર વિરુદ્ધ ધર્મોની સિદ્ધિ સ્યાદ્વાદદૃષ્ટિથી થાય છે. આથી સૂત્રકાર ભગવંત હવે સ્યાદ્વાદને ઓળખાવે છે.—

**अर्पिताऽनर्पितसिद्धेः ॥ ५-३१ ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**એક જ વસ્તુમાં નિત્યત્વ-અનિત્યત્વ વગેરે પરસ્પર વિરુદ્ધ ધર્મોની સિદ્ધિ અર્પિતથી-અપેક્ષાથી અને અનર્પિતથી-અપેક્ષાના અભાવથી થાય છે.**

વસ્તુમાં અનેક ધર્મો હોય છે. જે વખતે જે ધર્મની અપેક્ષા હોય છે તે વખતે તે ધર્મને આગળ કરીને આપણે વસ્તુને ઓળખીએ છીએ. દા. ત. એક વ્યક્તિ પિતા પણ છે અને પુત્ર પણ છે. આથી તે વ્યક્તિમાં પિતૃત્વ અને પુત્રત્વ એ બે પરસ્પર વિરુદ્ધ ધર્મો રહેલા છે. તેમાંથી કયારેક પિતૃત્વ ધર્મને આગળ કરીને-પિતૃત્વ ધર્મની અપેક્ષાથી તેને પિતા કહે છે. જ્યારે કયારેક પુત્રત્વ ધર્મને આગળ કરીને-પુત્રત્વ ધર્મની અપેક્ષાથી તેને પુત્ર કહે છે. જ્યારે પિતૃત્વ ધર્મની અપેક્ષા હોય છે ત્યારે પુત્રત્વ ધર્મની અપેક્ષા હોતી નથી. જ્યારે પુત્રત્વ ધર્મની અપેક્ષા હોય છે ત્યારે પિતૃત્વ ધર્મની અપેક્ષા હોતી નથી. જ્યારે તે વ્યક્તિની ઓળખાણ કરાવવામાં આવે છે ત્યારે કેટલાક લોકો તેના પિતાને ઓળખતા હોવાથી અમુક વ્યક્તિનો પુત્ર છે એમ કહીને તેની ઓળખાણ કરાવવામાં આવે છે. જ્યારે કેટલાક તેના પિતાને ઓળખતા નથી, પણ તેના પુત્રને ઓળખે છે. આથી તેમને આ અમુક વ્યક્તિનો પિતા છે એમ કહીને તેની ઓળખાણ કરાવવામાં આવે છે. આમ એક જ વ્યક્તિમાં પિતૃત્વ અને પુત્રત્વ એમ બન્ને ધર્મો પરસ્પર વિરુદ્ધ હોવા છતાં રહી શકે છે. જ્યારે જે ધર્મની અપેક્ષા હોય છે ત્યારે તે ધર્મને આગળ કરવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે જ પ્રમાણે પ્રસ્તુતમાં નિત્યત્વ–અનિત્યત્વ વગેરે ધર્મોની પણ ઘટના થઈ શકે છે.

આપણે પૂર્વ સૂત્રમાં જોઈ ગયા છીએ કે દરેક વસ્તુમાં બે અંશ અવશ્ય હોય છે. (૧) દ્રવ્ય અંશ અને (૨) પર્યાય અંશ. તેમાં દ્રવ્યાર્થિક નય દ્રવ્ય અંશ તરફ અને પર્યાયાર્થિક નય પર્યાય અંશ તરફ દૃષ્ટિ કરે છે. દ્રવ્ય અંશ સ્થિર–નિત્ય છે, અને પર્યાય અંશ અસ્થિર–અનિત્ય છે. આથી દરેક વસ્તુ દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિથી જોવામાં આવે તો નિત્ય દેખાય છે, અને પર્યાયાર્થિક નયની દૃષ્ટિથી જોવામાં આવે તો અનિત્ય દેખાય છે.

એ પ્રમાણે એક જ વસ્તુ સત્ પણ છે અને અસત્ પણ છે. દરેક વસ્તુ સ્વરૂપે [પોતાના રૂપે] સત્ (–વિદ્યમાન) હોય છે, અને પર રૂપે [બીજાના રૂપે] અસત્ (–અવિદ્યમાન) હોય છે. દા. ત. ઘટ સ્વરૂપે–ઘટ રૂપે સત્ છે, પણ પર રૂપે–પટ રૂપે અસત્ છે. જો ઘટ પટ રૂપે પણ સત્ હોય તો તેને પટ પણ કહેવો જોઈએ. અને પટનાં સઘળાં કાર્યો ઘટથી થવા જોઈએ. પણ તેમ બનતું નથી. આપણે બોલીએ પણ છીએ કે આ ઘટ છે, પણ પટ નથી. આથી ઘટ પટ રૂપે અસત્ છે. એ પ્રમાણે જીવો એક–સમાન પણ છે, અનેક–ભિન્ન પણ છે. કારણ કે દરેક વસ્તુ સામાન્ય અને વિશેષ એમ ઉભય સ્વરૂપે હોય છે. સામાન્ય [=વિવક્ષિત દરેક વસ્તુમાં હોય તે] સ્વરૂપ ઐક્યની બુદ્ધિ કરાવે છે અને વિશેષ [=વિવક્ષિત દરેક વસ્તુમાં ભિન્ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભિન્ન હોય તે ] સ્વરૂપ ભિન્નતાની બુદ્ધિ કરાવે છે. દરેક જીવનું જીવત્વ એ સામાન્ય સ્વરૂપ છે. આથી આપણે જ્યારે જીવો તરફ જીવત્વ રૂપ સામાન્યથી જોઈએ છીએ ત્યારે આ જીવ છે, આ ય જીવ છે. તે ય જીવ છે એમ દરેક જીવમાં જીવરૂપે ઐકય બુદ્ધિ થાય છે. સઘળા જીવો જીવરૂપે એક ભાસે છે. જીવોમાં મનુષ્યપણું, ગાયપણું દેવપણું વગેરે વિશેષ સ્વરૂપ છે. આથી જ્યારે આપણે આ મનુષ્ય છે, આ ગાય છે, આ દેવ છે એમ વિશેષ રૂપે જોઈએ છીએ ત્યારે મનુષ્ય, ગાય, દેવ વગેરે રૂપે ભિન્ન ભિન્ન ભાસે છે.

વાંચકો! અહીં જરા સાવધાન રહેજો. સ્યાદ્વાદના સિદ્ધાંતમા એક જ વસ્તુ નિત્ય પણ છે, અને અનિત્ય પણ છે, એટલે વસ્તુનું કોઈ ચોક્કસ સ્વરૂપ ન હોવાથી સ્યાદ્વાદ એ સંશયવાદ છે એમ કંઈ માની લેતા! સ્યાદ્વાદને સંશય-વાદ કહેનારા સ્યાદ્વાદના વાસ્તવિક સ્વરૂપને સમજ્યા જ નથી. સંશયમાં કોઇ ધર્મનો નિયમ હોતો નથી. જ્યારે સ્યાદ્વાદમાં તેમ નથી. દા. ત. રસ્તામાં જતાં ચળકતો એક રજત [ કલઈ]નો ટૂકડો દેખી તમને સંશય થયો કે આ ટુકડો રજત છે કે ચાંદી છે? અહીં ચાંદી કે રજત એ એમાંથી એકેયનો નિર્ણય નથી. જ્યારે સ્યાદ્વાદમાં દરેક ધર્મના અસ્તિત્વનો નિર્ણય હોય છે. વસ્તુ અપેક્ષાએ નિત્ય જ છે, અપેક્ષાએ અનિત્ય જ છે. પણ વસ્તુ અપેક્ષાએ નિત્ય છે કે અનિત્ય છે એવો સંશય રહેતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સપ્તભંગી

સ્યાદ્વાદની દૃષ્ટિએ વસ્તુને બરોબર ઓળખાવવી હોય તો સાત વાક્યોથી ઓળખાવી શકાય છે. કોઈ પ્રશ્ન કરે કે આત્મા કેવો છે? નિત્ય છે કે અનિત્ય? આના જવાબમાં 'આત્મા નિત્ય છે' એમ કહેવામાં આવે તો આ ઉત્તર અધુરો હોવાથી યથાર્થ નથી. કારણકે આત્મા નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. દરેક વસ્તુમાં અનેક ધર્મો રહેલા હોય છે. એટલે આપણે વસ્તુને ઓળખાવવામાં ખ્યાલ રાખવો જોઇએ કે-જે ધર્મને આગળ કરીને વસ્તુને ઓળખાવીએ છીએ તે સિવાયના ધર્મોનો સર્વથા નિષેધ ન થવો જોઈએ. અહીં આત્મા નિત્ય છે એમ કહેવામાં આત્મામાં અનિત્યતા ધર્મનો નિષેધ થાય છે. આનાથી સમજનાર સમજે છે કે આત્મા નિત્ય છે, અનિત્ય નથી. આથી "આત્મા નિત્ય છે." એવું વાક્ય અપૂર્ણ હોવાથી અયથાર્થ છે. એટલે અપેક્ષાએ આત્મા નિત્ય છે એમ કહેવામાં આવે તો 'અપેક્ષા' શબ્દ આવવાથી અનિત્યતાનો નિષેધ થતો નથી. અપેક્ષાએ આત્મા નિત્ય છે એમ બોધ થતાંની સાથે જ મનમાં પ્રશ્ન થાય છે કે આત્મા અપેક્ષાએ નિત્ય છે તો અપેક્ષાએ અનિત્ય પણ હોવો જોઇએ. આ પ્રશ્નના સમાધાન માટે બીજું વાક્ય કહેવું પડે છે કે- "આત્મા અપેક્ષાએ અનિત્ય" છે. હવે આ બન્ને વાક્યો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધુરાં છે. કારણ કે જે અપેક્ષાએ આત્મા નિત્ય છે એ અપેક્ષાએ નિત્ય જ છે, નહિ કે અનિત્ય પણ. એમ જે અપેક્ષાએ આત્મા અનિત્ય છે, એ અપેક્ષાએ તો અનિત્ય જ છે, નહિ કે નિત્ય પણ. આથી બંને વાક્યોમાં ' જ 'કાર જોડવાની જરૂર છે. એટલે (૧) " આત્મા અપેક્ષાએ નિત્ય જ છે." (૨) " આત્મા અપેક્ષાએ અનિત્ય જ છે." એમ બે વાક્યો થયાં. અહીં પ્રથમ વાક્યનો અર્થ એ થયો કે આત્મા અપેક્ષાએ નિત્ય છે અને જે અપેક્ષાએ નિત્ય છે તે અપેક્ષાએ નિત્ય જ છે. બીજા વાક્યનો અર્થ એ થયો કે આત્મા અપેક્ષાએ અનિત્ય છે, અને જે અપેક્ષાએ અનિત્ય છે તે અપેક્ષાએ અનિત્ય જ છે.

[ શાસ્ત્રમાં જ્યાં વસ્તુના નિરૂપણમાં અપેક્ષાનો કે જકારનો પ્રયોગ ન થયો હોય ત્યાં પણ અધ્યાહારથી એનો પ્રયોગ સમજી લેવો. ]

ઉક્ત બંને વાક્યોના સરવાળા રૂપ ત્રીજું વાક્ય (૩) " આત્મા અપેક્ષાએ નિત્ય જ છે, અપેક્ષાએ અનિત્ય જ છે." એ પ્રમાણે છે. આ વાક્યથી ક્રમશઃ આત્માની નિત્યતાનું અને અનિત્યતાનું પ્રતિપાદન થાય છે. પૂર્વના બે વાક્યોથી થયેલ સમજણ આ ત્રીજા વાક્યથી દૃઢ બને છે.

હવે કોઈ કહે કે, આત્મા અપેક્ષાએ નિત્ય છે અપેક્ષાએ અનિત્ય છે એમ આત્માના નિત્યત્વ અને અનિત્યત્વ એ બે ધર્મોનું ક્રમશઃ પ્રતિપાદન કર્યું; પણ યુગપત્-ક્રમ વિના [ એકી સાથે ] આત્મા નિત્ય પણ છે અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનિત્ય પણ છે એમ સમજાવો, તો કહેવું પડે કે, ક્રમ વિના (એકી સાથે) આત્મા નિત્ય પણ છે અનિત્ય પણ છે એમ નહિ સમજાવી શકાય. કારણ કે જગતમાં એવો એક પણ શબ્દ નથી કે જેનાથી નિત્યતા અને અનિત્યતા એ બંને ધર્મોનો યુગપત્ બોધ થાય. આથી ક્રમશઃ નિત્ય અને અનિત્ય એ બે શબ્દો વાપરવા જ પડે છે. એટલે આત્મા નિત્ય રૂપે અને અનિત્યરૂપે એકી સાથે કહી શકાય તેમ નથી. આનો અર્થ એ છે કે અપેક્ષાએ [ નિત્ય અને અનિત્ય એ ઉભય સ્વરૂપે એકી સાથે બોળખાવવાની અપેક્ષાએ ] આત્મા અવક્તવ્ય જ છે." આમ ચોથું વાકય (૪) આત્મા અપેક્ષાએ અવક્તવ્ય જ છે, એવું બને છે. દરેક વાકયમાં જકારનો અર્થ પૂર્વે કહ્યા મુજબ જ છે.

આ ચાર વાકયોમાં પ્રથમનાં બે વાકયો મુખ્ય છે. પ્રથમનાં બે વાકયોના અર્થને સુદૃઢ રીતે સમજાવવા ત્રીજું વાકય છે. ત્રીજા વાકયનો અર્થ એકી સાથે ન કહી શકાય, એ સમજાવવા ચોથું વાકય છે. આ ચાર વાકયોના મિશ્રણથી અન્ય ત્રણ વાકયો બને છે. નિત્ય પદ તથા અવક્તવ્યપદથી પાંચમુ, અનિત્યપદ અને અવક્તવ્યપદથી છઠ્ઠું, નિત્યપદ, અનિત્યપદ અને અવક્તવ્યપદ એ ત્રણ પદોથી સાતમું વાકય બને છે. તે આ પ્રમાણે (૫) " આત્મા અપેક્ષાએ નિત્ય જ છે, અપેક્ષાએ અવક્તવ્ય જ છે." એમ પાંચમું વાકય છે. આનો અર્થ એ છે કે, અપેક્ષાએ આત્મા નિત્ય જ છે, તથા જેમ આત્મા અપેક્ષાએ નિત્ય જ છે, તેમ અપેક્ષાએ અનિત્ય જ છે, પણ તે બંનેને એકી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાથે કહી શકાય તેમ નથી જ. હવે પછીનાં બે વાક્યોમાં પણ અવક્તવ્યનો અર્થ આ જ સમજવો. (૬) "આત્મા અપેક્ષાએ અનિત્ય જ છે અને અપેક્ષાએ અવક્તવ્ય જ છે." એમ છઠ્ઠું વાક્ય છે. (૭) "આત્મા અપેક્ષાએ નિત્ય જ છે, અપેક્ષાએ અનિત્ય જ છે, અને અપેક્ષાએ અવક્તવ્ય જ છે."

આ સાત વાક્યોમાં સાત ભંગો=પ્રકારો થતા હોવાથી આ સાત વાક્યોને **સપ્તભંગી** કહેવામાં આવે છે. સંસ્કૃતમાં આ સાત વાક્યોની રચના નીચે મુજબ છે—

(૧) આત્મા સ્યાન્નિત્ય એવ—આત્મા અપેક્ષાએ નિત્ય જ છે,

(૨) આત્મા સ્યાદનિત્ય એવ—આત્મા અપેક્ષાએ અનિત્ય જ છે.

(૩) આત્મા સ્યાન્નિત્ય એવ, સ્યાદનિત્ય એવ—આત્મા અપેક્ષાએ નિત્ય જ છે. અપેક્ષાએ અનિત્ય જ છે.

(૪) આત્મા સ્યાદવક્તવ્ય એવ—આત્મા અપેક્ષાએ અવક્તવ્ય જ છે.

(૫) આત્મા સ્યાન્નિત્ય એવ, સ્યાદવક્તવ્ય એવ—આત્મા અપેક્ષાએ અનિત્ય જ છે, અપેક્ષાએ અવક્તવ્ય જ છે.

(૬) આત્મા સ્યાદનિત્ય એવ, સ્યાદવક્તવ્ય એવ—આત્મા અપેક્ષાએ અનિત્ય જ છે, અપેક્ષાએ અવક્તવ્ય જ છે.

(૭) આત્મા સ્યાન્નિત્ય એવ, સ્યાદનિત્ય એવ, સ્યાદવક્તવ્ય એવ—આત્મા અપેક્ષાએ નિત્ય જ છે, અપેક્ષાએ અનિત્ય જ છે, અપેક્ષાએ અવક્તવ્ય જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રમાણે દરેક વસ્તુમાં પરસ્પર વિરુદ્ધ છતાં ભિન્ન ભિન્ન અપેક્ષાએ સિદ્ધ થતા એકત્વ-અનેકત્વ આદિ ધર્મ-યુગ્મને આશ્રયીને વિધિ અને નિષેધથી સપ્તભંગી થાય છે.[૩૧]

[ આ અધ્યાયમાં સ્કંધની ઉત્પત્તિ જણાવવાના પ્રસંગે ૨૬ મા સૂત્રમાં સંઘાત શબ્દનો ઉલ્લેખ કર્યો છે. સંઘાત એટલે પુદ્ગલોનું પરસ્પર જોડાણ અથવા બંધ.* આથી પુદ્ગલોનો બંધ કયાં કયાં કારણોથી થાય છે, અને કેવા કેવા પુદ્ગલોનો બંધ ન થાય એ જણાવવા બંધ પ્રકરણ શરૂ કરે છે. ]

## પુદ્ગલના બંધમાં હેતુ-

## સ્નિગ્ધરૂક્ષત્વાદ્ બન્ધઃ ॥ ૫-૩૨ ॥

**સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શથી પુદ્ગલોનો બંધ થાય છે.**

બંધ એટલે પુદ્ગલોનો પરસ્પર એકમેક સંશ્લેષ= જોડાણ. અર્થાત્ જુદા જુદા પુદ્ગલો [ સ્કંધ યા પરમાણુ ] પરસ્પર જોડાઈને એક થાય તે બંધ. આ જોડાણ પુદ્ગલમાં રહેલ સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શ ગુણથી થાય છે. સ્નિગ્ધ સ્પર્શવાળા પુદ્ગલોનો સ્નિગ્ધ સ્પર્શવાળા કે રૂક્ષ સ્પર્શ-વાળા એ બંને પ્રકારના પુદ્ગલોની સાથે બંધ થાય છે.

* બંધ એટલે પુદ્ગલોનો સંયોગ (અંતર વિના સહ અવસ્થાન) થયા બાદ અવયવ-અવયવિરૂપે પરિણમન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે જ પ્રમાણે રૂક્ષ સ્પર્શવાળા પુદ્ગલો માટે પણ જાણવું. અહીં બંધ પ્રકરણમાં પુદ્ગલ શબ્દથી પરમાણુ અને સ્કંધ એ બંને સમજવા. [૩૨]

[ અહીં કોઈ પણ પ્રકારના પુદ્ગલોનો કોઈ પણ પ્રકારના પુદ્ગલો સાથે બંધ થાય છે એમ જણાવ્યું. હવે આમાં અપવાદો બતાવે છે. ]

## બંધના વિષયમાં પ્રથમ અપવાદ–

## न जघन्यगुणानाम् ॥ ૫–૩૩ ॥

**જઘન્ય ગુણવાળા પુદ્ગલોનો પરસ્પર બંધ થતો નથી.**

કોઈ પુદ્ગલોમાં રૂક્ષ સ્પર્શ તો કોઈ પુદ્ગલોમાં સ્નિગ્ધ સ્પર્શ હોય છે. હવે જે જે પુદ્ગલોમાં જે જે સ્નિગ્ધ કે રૂક્ષ ગુણ હોય તે તે સઘળા પુદ્ગલો તે તે ગુણથી સમાન જ હોય એવો નિયમ નથી, ન્યૂનાધિક પણ હોય છે. જેમ કે–પાણી, બકરીનું દૂધ, ભેંસનું દૂધ-આ દરેકમાં સ્નિગ્ધ ગુણ હોવા છતાં દરેકમાં સમાન નથી. પાણીથી બકરીના દૂધમાં સ્નિગ્ધતા વધારે હોય છે. તેનાથી ભેંસના દૂધમાં સ્નિગ્ધતા વધારે હોય છે. તેમ ધૂળ, ધાન્યનાં ફોતરાં અને રેતી એ ત્રણેમાં રૂક્ષતા ઉત્તરોત્તર વધારે છે. એ જ પ્રમાણે સર્વ પુદ્ગલોમાં સ્નિગ્ધતા અને રૂક્ષતા ગુણ વધારે ઓછા પણ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં પુદ્ગલોમાં સ્નિગ્ધ અને રૂક્ષ ગુણ સમાન પણ હોય છે અને વધારે ઓછો પણ હોય છે એ વિચારણા કરી. પણ હજી મૂળ સૂત્રનો અર્થ સમજવાનો તો બાકી જ છે. મૂળ સૂત્રના અર્થને સમજવા નીચેની હકીકત સમજવી જરૂરી છે.

આપણે ગુણનો [ સ્નિગ્ધ કે રૂક્ષનો ] જે ભાગમાંથી કેવળીની દૃષ્ટિએ પણ બે વિભાગ ન થઈ શકે તેવો સૌથી નાનો ભાગ કલ્પીએ. ગુણનો આવો ભાગ જે પુદ્ગલમાં હોય તે એકગુણ* પુદ્ગલ કહેવાય. આવા બે ભાગ જેમાં હોય તે દ્વિગુણ પુદ્ગલ કહેવાય. આવા ત્રણ ભાગ જેમાં હોય તે ત્રિગુણ કહેવાય. એમ આગળ વધતાં ચતુર્ગુણ, પંચગુણ, સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ, યાવત્ અનંતગુણ પુદ્ગલ હોય છે. આમાં સૌથી ઓછો ગુણ એકગુણ પુદ્ગલમાં હોય છે. દ્વિગુણ પુદ્ગલમાં તેનાથી વધારે હોય છે. ત્રિગુણ પુદ્ગલમાં તેનાથી વધારે હોય છે. ચતુર્ગુણ પુદ્ગલમાં તેનાથી વધારે હોય છે. એમ વધતાં વધતાં અનંતગુણ પુદ્ગલમાં સૌથી વધારે ગુણ હોય છે.

આમ પુદ્ગલોમાં ગુણની તરતમતાની દૃષ્ટિએ અનેક ભેદો પડે છે. એ સઘળા ભેદોનો ત્રણ ભેદોમાં સમાવેશ કરી શકાય. તે આ પ્રમાણે—(૧) જઘન્ય ગુણ. (૨) મધ્યમ ગુણ. (૩) ઉત્કૃષ્ટ ગુણ. સૌથી ઓછો ગુણ જે પુદ્ગલમાં હોય તે

* અહીં ગુણ શબ્દ ભાગ અર્થમાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જઘન્યગુણ કહેવાય. જે પુદ્ગલમાં સૌથી વધારે ગુણ હોય તે ઉત્કૃષ્ટ ગુણ કહેવાય. તે સિવાયના બધા પુદ્ગલો મધ્યમગુણ કહેવાય.

જઘન્યગુણ પુદ્ગલમાં અને એકગુણ પુદ્ગલમાં સૌથી વધારે ન્યૂન ગુણ હોય છે, અને તે બંનેમાં સમાન હોય છે. આથી જઘન્યગુણ અને એકગુણ એ બંનેનો એક જ અર્થ છે.

આ સૂત્રમાં જઘન્યગુણ [ = એક ગુણ ] પુદ્ગલમાં પરસ્પર બંધનો નિષેધ કરવામાં આવ્યો છે. એટલે કે જઘન્યગુણ સ્નિગ્ધ પુદ્ગલનો જઘન્યગુણ રૂક્ષ કે જઘન્યગુણ સ્નિગ્ધ પુદ્ગલની સાથે બંધ ન થાય. તે જ પ્રમાણે જઘન્યગુણ રૂક્ષ પુદ્ગલનો જઘન્યગુણ સ્નિગ્ધ કે જઘન્યગુણ રૂક્ષ પુદ્ગલની સાથે બંધ ન થાય. [૩૩]

## બંધના વિષયમાં બીજો અપવાદ–

## गुणसाम्ये सदृशानाम् ॥ ५–३४ ॥

**ગુણસામ્ય હોય ( = ગુણની સમાનતા હોય ) તો સદૃશ પુદ્ગલોનો બંધ થતો નથી.**

અહીં સદૃશતા સ્નિગ્ધ કે રૂક્ષ ગુણની અપેક્ષાએ સમજવી. એટલે કે સ્નિગ્ધગુણવાળો પુદ્ગલ અન્ય સ્નિગ્ધગુણવાળા પુદ્ગલોની અપેક્ષાએ સદૃશ છે. એમ રૂક્ષગુણવાળો પુદ્ગલ અન્ય રૂક્ષગુણવાળા પુદ્ગલની અપેક્ષાએ સદૃશ છે. સ્નિગ્ધગુણવાળો પુદ્ગલ રૂક્ષગુણ પુદ્ગલની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપેક્ષાએ અસદૃશ છે. રૂક્ષગુણવાળો પુદ્ગલ સ્નિગ્ધગુણ પુદ્ગલની અપેક્ષાએ અસદૃશ છે.

ગુણસામ્ય એટલે ગુણની તરતમતાનો અભાવ. જેમ ૧૦ હજારની મૂડીવાળી બધી વ્યક્તિઓમાં મૂડીની સંખ્યાની દૃષ્ટિએ સમાનતા છે. લાખની મૂડીવાળી બધી વ્યક્તિઓમાં મૂડીની સંખ્યાની દૃષ્ટિએ સમાનતા છે. તેમ સરખા ગુણવાળા બધા પુદ્ગલોમાં ગુણની દૃષ્ટિએ સમાનતા છે. જેટલા પુદ્ગલોમાં એકગુણ [ સ્નિગ્ધ કે રૂક્ષ ] સ્પર્શ હોય તે બધા પુદ્ગલોમાં ગુણસામ્ય છે. સ્પર્શના ગુણની [ ભાગની ] દૃષ્ટિએ એ બધા સમાન છે. જે પુદ્ગલોમાં દ્વિગુણ સ્પર્શ હોય તે બધા પરસ્પર સમાન છે.

પણ એકગુણ પુદ્ગલ અને દ્વિગુણ પુદ્ગલમાં પરસ્પર ગુણસામ્યનો અભાવ છે, પછી ભલે તે બંનેમાં સ્નિગ્ધ સ્પર્શ હોય. તે બંનેમાં [ એકગુણ અને દ્વિગુણ પુદ્ગલમાં ] સ્નિગ્ધ સ્પર્શ હોય તો તે સદૃશ કહેવાય, પણ સમાન ન કહેવાય. તેમ એકગુણ રૂક્ષ અને એકગુણ સ્નિગ્ધ પુદ્ગલ પરસ્પર સદૃશ ન કહેવાય, પણ સમાન કહેવાય.

આ સૂત્રમાં પુદ્ગલો સદૃશ હોય, અને ગુણસમાન પણ હોય, એટલે કે તેમનામાં ગુણસામ્ય પણ હોય, તો તેમનો પરસ્પર બંધ થતો નથી, એ જણાવવામાં આવ્યું છે. કોણ કોણ સદૃશ છે, કોણ કોણ ગુણસમાન છે, કોનો કોનો પરસ્પર બંધ ન થાય તે નીચેના કોષ્ઠકથી બરોબર સમજાશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| પુદ્ગલો | સદશ કે અદસશ | ગુણસમાન કે અગુણસમાન | બંધ થાય કે ન થાય |
|---|---|---|---|
| પંચગુણી સ્નિગ્ધ તથા ચતુર્ગુણી સ્નિગ્ધ | સદશ | અગુણી સમાન | થાય |
| ચતુર્ગુણી સ્નિગ્ધ તથા દ્વિગુણી સ્નિગ્ધ | ,, | ,, | ,, |
| પંચગુણી રૂક્ષ તથા ચતુર્ગુણી રૂક્ષ | ,, | ,, | ,, |
| ચતુર્ગુણી રૂક્ષ તથા દ્વિગુણી રૂક્ષ | ,, | ,, | ,, |
| પંચગુણી સ્નિગ્ધ તથા પંચગુણી રૂક્ષ | અસદશ | ગુણી સમાન | ,, |
| ચતુર્ગુણી સ્નિગ્ધ તથા ચતુર્ગુણી રૂક્ષ | ,, | ,, | ,, |
| પંચગુણી સ્નિગ્ધ તથા પંચગુણી સ્નિગ્ધ | સદશ | ,, | ન થાય |
| પંચગુણી રૂક્ષ તથા પંચગુણી રૂક્ષ | ,, | ,, | ,, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## બંધના વિષયમાં ત્રીજો અપવાદ-

## દ્વ્યધિકાદિગુણાનાં તુ ॥ ૫-૩૫ ॥

**સદૃશ પુદ્ગલોમાં ગુણ વૈષમ્ય હોવા ઉપરાંત દ્વિગુણ વગેરે સ્પર્શથી અધિક હોય તો પરસ્પર બંધ થાય.**

પૂર્વ સૂત્રમાં સદૃશ પુદ્ગલોમાં ગુણસામ્ય હોય તો બંધ ન થાય એમ કહ્યું છે. એનો અર્થ એ થયો કે સદૃશ પુદ્ગલોમાં ગુણવૈષમ્ય હોય તો બંધ થાય. આ સૂત્રથી સદૃશ પુદ્ગલોમાં ગુણવૈષમ્ય હોય તો પણ બંધનો નિષેધ કરવામાં આવ્યો છે. તે આ પ્રમાણે- સદૃશ પુદ્ગલોમાં માત્ર એકગુણ વૈષમ્ય હોય તો બંધ ન થાય. જેમકે-ચતુર્ગુણ સ્નિગ્ધ પુદ્ગલનો પંચગુણ સ્નિગ્ધ પુદ્ગલ સાથે બંધ ન થાય. ચતુર્ગુણ રૂક્ષ પુદ્ગલનો પંચગુણ સ્નિગ્ધ પુદ્ગલ સાથે બંધ ન થાય. ચતુર્ગુણ રૂક્ષ પુદ્ગલનો પંચગુણ રૂક્ષ પુદ્ગલ સાથે બંધ ન થાય. કારણ કે અહીં માત્ર એક ગુણ વૈષમ્ય છે. એટલે સદૃશ પુદ્ગલોમાં દ્વિગુણ, ત્રિગુણ, ચતુર્ગુણ વગેરે ગુણ વૈષમ્ય હોય તો બંધ થાય. જેમકે-ચતુર્ગુણ સ્નિગ્ધ પુદ્ગલનો ષડ્ગુણસ્નિગ્ધ પુદ્ગલ સાથે બંધ થાય. અહીં દ્વિગુણ વૈષમ્ય છે. ચતુર્ગુણ સ્નિગ્ધ પુદ્ગલનો સપ્તગુણ સ્નિગ્ધ પુદ્ગલ સાથે બંધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય. અહીં ત્રિગુણ ગુણવૈષમ્ય છે. એ પ્રમાણે રૂક્ષ સ્પર્શ વિષે પણ સમજવું. [૩૫]

## ૩૨-૩૩-૩૪-૩૫ સૂત્રોનો સારઃ-

પુદ્ગલોમાં રહેલા સ્નિગ્ધ અને રૂક્ષગુણના કારણે ગમે તે ગુણવાળા પુદ્ગલનો ગમે તે ગુણવાળા પુદ્ગલની સાથે બંધ થાય. આમ ૩૨ મા સૂત્રમાં કહ્યું છે. ત્યાર પછીનાં ત્રણ સૂત્રોમાં બંધમાં અપવાદ બતાવવામાં આવ્યો છે. તેમાં ૩૩ મા સૂત્રમાં જઘન્યગુણ પુદ્ગલોનો પરસ્પર બંધ ન થાય એ જણાવવામાં આવ્યું છે. એનો ફલિતાર્થ એ થયો કે જઘન્યગુણ પુદ્ગલનો મધ્યમગુણ કે ઉત્કૃષ્ટગુણ પુદ્ગલ સાથે બંધ થાય, તથા મધ્યમગુણ અને ઉત્કૃષ્ટગુણ પુદ્ગલોનો પરસ્પર બંધ થાય. આ ફલિતાર્થનો ૩૪મા સૂત્રમાં સંકોચ કરવામાં આવ્યો કે-સદૃશ પુદ્ગલોમાં ગુણસામ્ય હોય તો બંધ ન થાય. આનો ફલિતાર્થ એ થયો કે સદૃશ પુદ્ગલોમાં ગુણવૈષમ્ય હોય તો બંધ થાય. આ ફલિતાર્થનો ૩૫મા સૂત્રમાં સંકોચ કરવામાં આવ્યો કે-સદૃશ પુદ્ગલોમાં એકગુણ વૈષમ્ય હોય તો બંધ ન થાય. સદૃશ પુદ્ગલોમાં દ્વિગુણ, ત્રિગુણ, ચતુર્ગુણ વગેરે ગુણવૈષમ્ય હોય તો બંધ થાય. અર્થાત્ સદૃશ પુદ્ગલોમાં એકગુણથી વધારે ગુણવૈષમ્ય હોય તો બંધ થાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## નીચે જણાવેલા પુદ્ગલોનો પરસ્પર બંધ થાય.

| બંધ થાય | કેમ થાય ? |
|---|---|
| એકગુણ સ્નિગ્ધનો દ્વિગુણ રૂક્ષ સાથે | બંનેમાં જઘન્યગુણ નથી, સદશ પણ નથી. |
| એકગુણ રૂક્ષનો દ્વિગુણ સ્નિગ્ધ સાથે | બંનેમાં જઘન્ય ગુણ નથી, સદશ પણ નથી. |
| એકગુણ સ્નિગ્ધનો ત્રિગુણ સ્નિગ્ધ સાથે | બંનેમાં જઘન્ય ગુણ નથી. સદશ હોવા છતાં એકગુણ વૈષમ્ય નથી. |
| એકગુણ રૂક્ષનો ત્રિગુણ રૂક્ષ સાથે | બંનેમાં જઘન્ય ગુણ નથી, સદશ હોવા છતાં એકગુણ વૈષમ્ય નથી. |
| દ્વિગુણ સ્નિગ્ધનો દ્વિગુણ રૂક્ષ સાથે | સામ્ય છે પણ સદશ નથી. |
| દ્વિગુણ રૂક્ષનો દ્વિગુણ સ્નિગ્ધ સાથે | સામ્ય છે પણ સદશ નથી. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## નીચે જણાવેલા પુદ્ગલોનો પરસ્પર બંધ ન થાય.

| બંધ ન થાય | કેમ ન થાય | નિષેધક સૂત્ર |
|---|---|---|
| એકગુણ સ્નિગ્ધનો એકગુણ સ્નિગ્ધ સાથે | બંનેમાં જઘન્ય ગુણ છે. | ૩૩ |
| એકગુણ સ્નિગ્ધનો એકગુણ રુક્ષ સાથે | ,, | ,, |
| એકગુણ રુક્ષનો એકગુણ રુક્ષ સાથે | ,, | ,, |
| એકગુણ રુક્ષનો એકગુણ સ્નિગ્ધ સાથે | ,, | ,, |
| દ્વિગુણ સ્નિગ્ધનો દ્વિગુણ સ્નિગ્ધ સાથે | સદૃશ છે અને ગુણ સામ્ય છે. | ૩૪ |
| દ્વિગુણ રુક્ષનો દ્વિગુણ રુક્ષ સાથે | ,, | ,, |
| પંચગુણ સ્નિગ્ધનો પંચગુણ સ્નિગ્ધ સાથે | ,, | ,, |
| પંચગુણ રુક્ષનો પંચગુણ રુક્ષ સાથે | ,, | ,, |
| દ્વિગુણ સ્નિગ્ધનો ત્રિગુણ સ્નિગ્ધ સાથે | માત્ર એકગુણ વૈષમ્ય છે. | ૩૫ |
| દ્વિગુણ રુક્ષનો ત્રિગુણ રુક્ષ સાથે | ,, | ,, |
| એકગુણ સ્નિગ્ધનો દ્વિગુણ સ્નિગ્ધ સાથે | ,, | ,, |
| એકગુણ રુક્ષનો દ્વિગુણ રુક્ષ સાથે | ,, | ,, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બંધ થયા બાદ સ્કંધમાં થતો સ્પર્શનો પરિણામ**

**बन्धे समाधिकौ पारिणामिकौ ॥ ૫–૩૬ ॥**

**પુદ્ગલોનો બંધ થયા બાદ સમ અને અધિક ગુણ અનુક્રમે સમ અને હીન ગુણને પોતાના રૂપે પરિણમાવે છે.**

રૂક્ષ અને સ્નિગ્ધ ગુણવાળા પુદ્ગલો [ પરમાણુ કે સ્કંધ ] નો પરસ્પર બંધ થાય છે તે આપણે ૩૩મા સૂત્રમાં જોઈ ગયા. તેમાં જ્યારે સ્નિગ્ધ અને રૂક્ષ પુદ્ગલોનો કે સ્નિગ્ધ અને સ્નિગ્ધ પુદ્ગલોનો અથવા રૂક્ષ અને રૂક્ષ પુદ્ગલોનો બંધ થાય ત્યારે બંધ થયા બાદ સ્કંધમાં કયો ગુણ રહે તે આ સૂત્ર સમજાવે છે.

જ્યારે સમાનગુણ રૂક્ષનો અને સ્નિગ્ધનો બંધ થાય ત્યારે કોઈ વખત રૂક્ષ ગુણ સ્નિગ્ધગુણને રૂક્ષરૂપે પરિણમાવે છે–રૂક્ષરૂપે કરે છે, તો કોઈ વખત સ્નિગ્ધ ગુણ રૂક્ષને સ્નિગ્ધરૂપે પરિણમાવે છે. દા. ત. દ્વિગુણરૂક્ષનો દ્વિગુણ સ્નિગ્ધની સાથે બંધ થતાં કોઈ વખત દ્વિગુણ રૂક્ષ દ્વિગુણ-સ્નિગ્ધને દ્વિગુણરૂક્ષરૂપે પરિણમાવે છે, એટલે કે દ્વિગુણ રૂક્ષ–રૂપે કરી નાખે છે. અને કોઈ વખત દ્વિગુણ સ્નિગ્ધ દ્વિગુણ રૂક્ષને દ્વિગુણ સ્નિગ્ધરૂપે પરિણમાવે છે.

સમગુણ સ્નિગ્ધ–સ્નિગ્ધનો કે રૂક્ષ–રૂક્ષનો પરસ્પર બંધ થતો નથી. કારણ કે ૩૪ મા સૂત્રમાં તેનો નિષેધ કર્યો છે. આથી તે વિશે અત્રે વિચારણા કરવાની રહેતી જ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે જ્યારે દ્વિગુણ આદિ વિષમગુણ રૂક્ષ–સ્નિગ્ધનો, સ્નિગ્ધ–સ્નિગ્ધનો કે રૂક્ષ–રૂક્ષનો બંધ થાય ત્યારે અધિકગુણ હીનગુણને પોતાના રૂપે પરિણમાવે છે. દા. ત. ત્રિગુણ સ્નિગ્ધનો એકગુણ સ્નિગ્ધ સાથે કે એકગુણ રૂક્ષ સાથે બંધ થાય છે ત્યારે ત્રિગુણ સ્નિગ્ધ એકગુણ સ્નિગ્ધને કે એકગુણ રૂક્ષને ત્રિગુણ સ્નિગ્ધરૂપે પરિણમાવે છે. આથી તે આખો સ્કંધ ત્રિગુણ સ્નિગ્ધ બને છે. જો ત્રિગુણરૂક્ષનો એકગુણ સ્નિગ્ધ સાથે કે એકગુણરૂક્ષ સાથે બંધ થાય તો ત્રિગુણ રૂક્ષ એકગુણ સ્નિગ્ધને કે એકગુણરૂક્ષને ત્રિગુણ રૂક્ષરૂપે પરિણમાવે છે. આથી તે આખો સ્કંધ ત્રિગુણ રૂક્ષ બની જાય છે. [૩૬]

## દ્રવ્યનું લક્ષણ–

## गुणपर्यायवद् द्रव्यम् ॥ ५–३७ ॥

**જેમાં ગુણો (= સદા રહેનારા જ્ઞાનાદિ અને સ્પર્શાદિ ધર્મો) અને પર્યાયો (= ઉત્પન્ન થનારા તથા નાશ પામનારા જ્ઞાનોપયોગ આદિ અને શુક્લ રૂપ આદિ ધર્મો) હોય તે દ્રવ્ય.**

દરેક દ્રવ્યમાં અનેક પ્રકારના ભિન્ન ભિન્ન ધર્મો–પરિણામો હોય છે. આ ધર્મો–પરિણામો બે પ્રકારના છે. કેટલાક ધર્મો દ્રવ્યમાં સદા રહે છે. કદી પણ દ્રવ્યમાં તે ધર્મોનો અભાવ જોવા મળતો નથી. જ્યારથી દ્રવ્યની સત્તા છે ત્યારથી જ એ ધર્મોની દ્રવ્યમાં સત્તા છે. અર્થાત્ દ્રવ્યના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહભાવી છે. દ્રવ્યના સહભાવી (= સદા દ્રવ્યની સાથે રહેનારા) એ ધર્મોને ગુણો કહેવામાં આવે છે. જેમકે– આત્મ દ્રવ્યનો ચૈતન્ય ધર્મ. ચૈતન્ય ધર્મ આત્માની સાથે જ રહે છે. આત્મ દ્રવ્યમાં ચૈતન્ય ન હોય એવું કદી બનતું નથી. આત્મા અને ચૈતન્ય સૂર્ય–પ્રકાશની જેમ સદા સાથે જ રહે છે. આથી ચૈતન્ય આત્માનો ગુણ છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે પુદ્ગલ દ્રવ્યના ગુણો છે. કારણ કે નિરંતર પુદ્ગલની સાથે જ રહે છે.

આથી એ નિષ્કર્ષ આવ્યો કે જે ધર્મો જે દ્રવ્યના સહભાવી હોય (=સતત સાથે રહેતા હોય) તે ધર્મો તે દ્રવ્યના ગુણો છે.

હવે બીજા પ્રકારના ધર્મોનો વિચાર કરીએ. કેટલાક ધર્મો દ્રવ્યમાં સદા રહેતા નથી, કિન્તુ કયારેક હોય, અને કયારેક ન પણ હોય. અર્થાત્ કેટલાક ધર્મો ક્રમભાવી (=ઉત્પન્ન થનારા અને નાશ પામનારા) હોય છે. ક્રમભાવી (=ઉત્પાદ–વિનાશશીલ) આ ધર્મોને પર્યાય કહેવામાં આવે છે. જેમકે–આત્માના જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ આદિ ધર્મો. આત્મામાં જ્યારે જ્ઞાનોપયોગ હોય છે ત્યારે દર્શનોપયોગ હોતો નથી, અને દર્શનોપયોગ હોય છે ત્યારે જ્ઞાનોપયોગ હોતો નથી. આમ જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ એ બે ધર્મો ક્રમભાવી= નાશ પમનારા અને ઉત્પન્ન થનારા હોવાથી આત્માના પર્યાયો છે. આ પ્રમાણે કૃષ્ણ, શ્વેત આદિ વર્ણ, તિક્ત આદિ રસ, સુરભિ આદિ ગંધ, કઠીન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ સ્પર્શ વગેરે પુદ્ગલના પર્યાયો છે. કારણ કે કાલાંતરે એ ધર્મો નાશ પામે છે અને ઉત્પન્ન થાય છે. અહીં એ ખ્યાલ રાખવાનો છે કે સામાન્યથી વર્ણ એ ગુણ છે, જ્યારે કૃષ્ણવર્ણ શ્વેતવર્ણ એ પર્યાયો છે. એમ રસ આદિ વિશે પણ જાણવું.

દરેક દ્રવ્યમાં અનંતા ગુણો અને અનંતા પર્યાયો રહેલા છે. દ્રવ્યો અને ગુણો ઉત્પન્ન થતાં ન હોવાથી નિત્ય, અર્થાત્ અનાદિ–અનંત છે. પર્યાયો પ્રતિસમય ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે આથી અનિત્ય, અર્થાત્ સાદિ–સાંત છે. પર્યાયોની અનિત્યતા વ્યક્તિની અપેક્ષાએ છે. પ્રવાહની અપેક્ષાએ તો પર્યાયો પણ નિત્ય છે. દરેક દ્રવ્યમાં પ્રતિસમય અમુક પર્યાયો નાશ પામે છે અને અમુક પર્યાયો ઉત્પન્ન થાય છે. એથી પર્યાયોનો પ્રવાહ સદા ચાલ્યા કરે છે. પર્યાયોના પ્રવાહનો આરંભ કે અંત ન હોવાથી પ્રવાહની અપેક્ષાએ પર્યાયો અનાદિ–અનંત છે. આથી જ દ્રવ્યો જેમ કયારે પણ ગુણોથી રહિત હોતાં નથી, તેમ કયારે પણ પર્યાયોથી પણ રહિત હોતાં નથી. દ્રવ્યોમાં ગુણો વ્યક્તિની અપેક્ષાએ સદા રહે છે, જ્યારે પર્યાયો પ્રવાહની અપેક્ષાએ સદા રહે છે; પણ બંને રહે છે તો સદા.

દરેક દ્રવ્યમાં પ્રત્યેક સમયે અનંતા પર્યાયો રહેલા છે. એક સમયે અનંત પર્યાયોની ઉપલબ્ધિ ભિન્ન ભિન્ન ગુણોની અપેક્ષાએ થાય છે, નહિ કે કોઈ એક ગુણની અપેક્ષાએ. કોઈ એક ગુણની અપેક્ષાએ એક સમયે એક જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પર્યાય હોય. આત્મામાં ચૈતન્ય, વેદના (=સુખ-દુઃખનો અનુભવ), ચારિત્ર વગેરે ગુણોની અપેક્ષાએ એક જ સમયમાં અનંતા પર્યાયો છે. પણ જો ચૈતન્ય આદિ કોઈ એક ગુણની અપેક્ષાએ વિચારવામાં આવે તો એક સમયે જ્ઞાનોપયોગ કે દર્શનોપયોગ એ બેમાંથી કોઈ એક પર્યાય હોય છે. એ પ્રમાણે કોઈ એક પુદ્ગલ દ્રવ્યમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે ભિન્ન ભિન્ન ગુણોની અપેક્ષાએ એક સમયે અનંતા પર્યાયો રહેલા છે, પણ રૂપ આદિ કોઈ એક ગુણની અપેક્ષાએ શ્વેત, કૃષ્ણ, નીલ, પીત આદિ પર્યાયોમાંથી (વ્યવહાર નયથી) કોઈ એક જ પર્યાય હોય છે. હા, ત્રિકાળની (=ભૂત ભવિષ્ય અને વર્તમાન એ ત્રણ કાળની) અપેક્ષાએ વિચારવામાં આવે તો એક જ ગુણની અપેક્ષાએ પણ અનંતા પર્યાયો થાય છે. જેમ કે—આત્માના ચૈતન્ય ગુણની અપેક્ષાએ આત્મામાં એક સમયે જ્ઞાનોપયોગ બીજા સમયે દર્શનોપયોગ ત્રીજા સમયે પુનઃ જ્ઞાનોપયોગ ચોથા સમયે પુનઃ દર્શનોપયોગ એમ ઉપયોગનો પ્રવાહ ચાલતો હોવાથી ત્રિકાળની અપેક્ષાએ ચૈતન્ય ગુણના અનંતા પર્યાયો થાય છે. એ પ્રમાણે પુદ્ગલ દ્રવ્યમાં રૂપ ગુણની અપેક્ષાએ ત્રિકાળમાં શ્વેત, કૃષ્ણ, નીલ આદિ અનંતા પર્યાયો થાય છે.

એક જ સમયે એક દ્રવ્યમાં પર્યાયોની અનંતતા અનંત ગુણોને આભારી છે. પ્રત્યેક દ્રવ્યમાં સદા અનંતા ગુણો રહેલા છે. આથી પ્રત્યેક દ્રવ્યમાં પ્રત્યેક સમયે પર્યાયો પણ અનંતા હોય છે. પ્રત્યેક દ્રવ્યમાં સદા અનંતા ગુણો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોવા છતાં સામાન્ય બુદ્ધિવાળા જીવોને કલ્પનામાં આવી શકતા નથી. વિશિષ્ટ જ્ઞાની જ અનંત ગુણોને જાણી શકે છે. છદ્મસ્થ જીવોની કલ્પનામાં તો આત્માના ચેતના, સુખ, ચારિત્ર, વીર્ય આદિ તથા પુદ્ગલના રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ પરિમિત ગુણો જ આવી શકે છે. બાકીના સઘળા ગુણો વિશિષ્ટ જ્ઞાની ગમ્ય છે.

દ્રવ્યમાં રહેલા ગુણો બે પ્રકારના છે. (૨) સાધારણ અને (૨) અસાધારણ. જે ગુણો અમુક જ દ્રવ્યમાં હોય, અન્યમાં ન હોય; તે ગુણો જે દ્રવ્યના હોય તે દ્રવ્યના અસાધારણ ગુણો કહેવાય. જે ગુણો અનેક દ્રવ્યોમાં હોય, તે ગુણો સાધારણ કહેવાય. ચેતના આત્માનો અસાધારણ ગુણ છે. કારણ કે તે ગુણ આત્મામાં જ છે, આત્માથી અતિરિક્ત કોઈ દ્રવ્યમાં નથી. રૂપ, રસ આદિ પુદ્ગલ દ્રવ્યના અસાધારણ ગુણો છે. પુદ્ગલ સિવાય કોઈ દ્રવ્યમાં એ ગુણો નથી. અસ્તિત્વ, જ્ઞેયત્વ વગેરે સાધારણ ગુણો છે. તે ગુણો સર્વ દ્રવ્યમાં રહે છે. [૩૭]

## કાળનું નિરૂપણ–

## कालश्चेत्येके ॥ ૫–૩૮ ॥

**કેટલાક આચાર્યો કાળને પણ દ્રવ્ય તરીકે માને છે.**

અહીં કેટલાક આચાર્યો કાળને દ્રવ્ય તરીકે માને છે એમ કહેવાથી એ સિદ્ધ થાય છે કે, કાળમાં દ્રવ્યનું લક્ષણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘટતું ન હોવાથી સૂત્રકારને કાળ દ્રવ્ય તરીકે ઈષ્ટ નથી. જગતની સત્તા, જગતમાં થતા ફેરફારો, ક્રમથી કાર્યની પૂર્ણતા, નાના મોટાનો વ્યવહાર વગેરે કાળ વિના ન ઘટી શકે. આથી જ વર્તના, પરિણામ વગેરે કાળનો ઉપકાર છે એમ આ અધ્યાયના ૨૨ મા સૂત્રમાં જણાવ્યું છે. એટલે કાળ જેવી વસ્તુ જગતમાં છે એમાં કોઈનાથી નિષેધ કરી શકાય તેમ નથી. પણ કાળ દ્રવ્ય રૂપ છે કે ગુણ-પર્યાય રૂપ છે એમાં મતભેદ છે. આ મતભેદનો આ સૂત્રમાં નિર્દેશ કર્યો છે. [૩૮]

## કાળનું વિશેષ સ્વરૂપ-

## સોઽનન્તસમયઃ ॥ ૫-૩૯ ॥

### કાળ અનંત સમય પ્રમાણ છે.

સમય એટલે કાળનો અંતિમ અવિભાજ્ય સૂક્ષ્મ અંશ. કાળના વર્તમાન, ભૂત અને ભવિષ્ય એમ ત્રણ ભેદ છે. તેમાં વર્તમાન કાળ એક સમયનો છે. ભૂત અને ભવિષ્ય એ બંને કાળ અનંત સમયના છે. અહીં ભૂત અને ભવિષ્યકાળને આશ્રયીને કાળને અનંત સમય પ્રમાણ કહ્યો છે.

જેમ પુદ્ગલનો અવિભાજ્ય (જેના બે વિભાગ ન થઈ શકે તેવો અંતિમ) અંશ પ્રદેશ કે પરમાણુ કહેવાય છે તેમ કાળનો અવિભાજ્ય (=જેના બે વિભાગ ન થઈ શકે તેવો અંતિમ સૂક્ષ્મ) અંશ સમય કહેવાય છે. આંખનો એક પલકારો થાય તેટલામાં અસંખ્યાતા સમયો થઈ જાય છે. કોઈ સશક્ત યુવાન પોતાના સંપૂર્ણ બળનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપયોગ કરીને ભાલાની તીક્ષ્ણ અણીવડે કમળના સો પત્રોને એકી સાથે ભેદે તેમાં દરેક પત્રના ભેદમાં અસંખ્યાતા અસંખ્યાતા સમયો થઈ જાય છે. સશક્ત યુવાન જીર્ણ-શીર્ણ વસ્ત્રને એકી સાથે ફાડે તેમાં દરેક તાંતણાને તૂટતાં અસંખ્યાતા સમયો પસાર થઈ જાય છે. આ દૃષ્ટાંતોથી સમય કેટલો સૂક્ષ્મ છે તેનો ખ્યાલ આવે છે. સમય પછીના કાળના ભેદો નીચે પ્રમાણે છે :-

અસંખ્ય સમયો = આવલિકા. ૨૫૬ આવલિકા = ૧ ક્ષુલ્લક ભવ.* ૧૭॥ ક્ષુલ્લક ભવ = ૧ શ્વાસોશ્વાસ [પ્રાણ]. ૭ શ્વાસોશ્વાસ (પ્રાણ) = ૧ સ્તોક. ૭ સ્તોક = ૧ લવ. ૩૮॥ લવ = ૧ ઘડી. ૨ ઘડી = ૧ મુહૂર્ત. ૩૦ મુહૂર્ત = ૧ દિવસ (અહો રાત્ર). ૧૫ દિવસ(અહો રાત્ર) = ૧ પક્ષ. ૨ પક્ષ = ૧ માસ. ૬ માસ = ૧અયન (ઉત્તરાયણ કે દક્ષિણાયન). ૨ અયન (=૧૨ માસ) = ૧ વર્ષ. ૮૪ લાખ વર્ષ = ૧ પૂર્વાંગ. પૂર્વાંગ × પૂર્વાંગ = ૧ પૂર્વ [ અથવા ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦ વર્ષ= ૧ પૂર્વ]. અસંખ્ય વર્ષ = ૧ પલ્યોપમ. ૧૦ કોડાકોડિ પલ્યોપમ = ૧ સાગરોપમ. ૧૦ કોડાકોડિ સાગરોપમ = ૧ ઉત્સર્પિણી કે ૧ અવસર્પિણી. ૧ ઉત્સર્પિણી અને ૧ અવસર્પિણી ( ૨૦ કો. કો. સા.) = ૧ કાળચક્ર. અનંત કાળચક્ર = એક પુદ્ગલ પરાવર્ત.

---

* જેનાથી અન્ય નાનો ભવ ન હોય તે નાનામાં નાનો ભવ. આ ભવ નિગોદના જીવોને અને મતાંતરે સઘળા લબ્ધિ અપર્યાપ્ત મનુષ્ય તિર્યંચોને હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાળના નૈશ્ચયિક અને વ્યાવહારિક એમ બે ભેદો છે. પૂર્વે આ અધ્યાયના ૨૨મા સૂત્રમાં કાળના ઉપકાર રૂપે બતાવેલા વર્તના આદિ પર્યાયો નૈશ્ચયિક કાળ છે. અહીં જણાવેલ સમયથી આરંભી પુ. પરાવર્ત સુધીનો બધો કાળ વ્યાવહારિક કાળ છે. નૈશ્ચયિક કાળ લોક અને અલોક બંનેમાં છે. કારણ કે વર્તનાદિ પર્યાયો જેમ લોકમાં છે, તેમ અલોકમાં પણ છે. વ્યાવહારિક કાળ માત્ર લોકમાં જ છે. લોકમાં પણ માત્ર અઢીદ્વીપમાં જ છે. કારણ કે વ્યાવહારિક કાળ જ્યોતિષ્ચક્રના પરિભ્રમણથી ઉત્પન્ન થાય છે. જ્યોતિષ્ચક્રનું પરિભ્રમણ માત્ર અઢીદ્વીપમાં જ થાય છે.

અથવા ઋજુસૂત્રનયની અપેક્ષાએ વર્તમાન સમયરૂપ કાળ નૈશ્ચયિક કાળ છે. અને ભૂત-ભવિષ્ય વ્યાવહારિક કાળ છે. કારણ કે ઋજુસૂત્ર વર્તમાન અવસ્થાને જ તાત્ત્વિક માને છે. એટલે ઋજુસૂત્રનયની અપેક્ષાએ વર્તમાન સમય વિદ્યમાન હોવાથી નૈશ્ચયિક-મુખ્ય (તાત્ત્વિક) કાળ છે. જ્યારે ભૂતકાળ નષ્ટ હોવાથી અને ભવિષ્યકાળ હજુ ઉત્પન્ન થયો ન હોવાથી વ્યાવહારિક-ગૌણ (અતાત્ત્વિક) કાળ છે.

સૂક્ષ્મદૃષ્ટિથી વિચારણા કરવામાં આવે તો કાળ એ દ્રવ્ય નથી, કિન્તુ દ્રવ્યના વર્તનાદિ પર્યાય સ્વરૂપ છે. જીવાદિ દ્રવ્યોમાં થતા વર્તનાદિ પર્યાયોમાં કાળ ઉપકારક હોવાથી એને પર્યાય અને પર્યાયીના અભેદની વિવક્ષાથી ઔપચારિક (ઉપચારથી) દ્રવ્ય કહેવામાં આવે છે.

**પ્રશ્ન**—પર્યાય અને પર્યાયીના (દ્રવ્યના) અભેદની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવક્ષાથી જો કાળને દ્રવ્ય કહેવામાં આવે તો વર્તનાદિ પર્યાયો જેમ અજીવના છે, તેમ જીવના પણ છે, એટલે કાળને જીવ અને અજીવ ઉભય સ્વરૂપ કહેવો જોઈએ. જ્યારે શાસ્ત્રોમાં કાળને અજીવ સ્વરૂપ કહેવામાં આવ્યો છે. તેનું શું કારણ ? **ઉત્તર**–યદ્યપિ આ નૈશ્ચયિક કાળ જીવ અને અજીવ ઉભય સ્વરૂપ છે. પણ જીવ દ્રવ્યથી અજીવ દ્રવ્યની સંખ્યા અનંતગણી હોવાથી અજીવ દ્રવ્યની બહુલતાને આશ્રયીને કાળને સામાન્યથી અજીવ તરીકે ઓળખાવવામાં આવે છે. [ ૩૯ ]

## ગુણનું લક્ષણ–

**द्रव्याश्रया निर्गुणा गुणाः ॥ ૬–૪૦ ॥**

**જે દ્રવ્યમાં સદા રહે અને ( સ્વયં ) ગુણોથી રહિત હોય તે ગુણ.**

યદ્યપિ પર્યાયો પણ દ્રવ્યમાં રહે છે, અને ગુણથી રહિત હોય છે, છતાં તે દ્રવ્યમાં સદા રહેતા નથી. જ્યારે ગુણો સદા રહે છે. અસ્તિત્વ, જ્ઞાન, દર્શન વગેરે જીવના ગુણો છે. અસ્તિત્વ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે પુદ્ગલના ગુણો છે. ઘટજ્ઞાન વગેરે જીવના પર્યાયો છે. શુક્લ રૂપ વગેરે પુદ્ગલના પર્યાયો છે.

પ્રમાણનય તત્ત્વાલોક ગ્રંથમાં ગુણોનું અને પર્યાયોનું લક્ષણ નીચે મુજબ છે. **सहभाविनो गुणाः** = દ્રવ્યના સહભાવી ( = સદા દ્રવ્યની સાથે રહેનારા ) ધર્મોને ગુણ કહેવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવે છે. ક્રમભાવિનો પર્યાયાઃ = દ્રવ્યના ક્રમભાવી (=ક્રમશઃ ઉત્પન્ન થનારા અને નાશ પામનારા) ધર્મોને પર્યાયો કહેવામાં આવે છે. [૪૦]

## પરિણામનું લક્ષણ-

**તદ્ભાવઃ પરિણામઃ ॥ ૫–૪૧ ॥**

**તેનો (–દ્રવ્યોનો અને ગુણોનો) ભાવ એ પરિણામ છે.**

દ્રવ્યો અને ગુણો જે સ્વરૂપે બને તે રૂપ દ્રવ્યોનો અને ગુણોનો પરિણામ છે. અર્થાત્ સ્વજાતિનો (–દ્રવ્યત્વનો કે ગુણત્વનો) ત્યાગ કર્યા વિના દ્રવ્યનો કે ગુણનો જે વિકાર તે પરિણામ.

બૌદ્ધદર્શન ક્ષણિકવાદી હોવાથી દરેક વસ્તુને ક્ષણ-વિનાશી માને છે. આથી તેના મતે ઉત્પન્ન થઈને વસ્તુનો સર્વથા (–નિરન્વય) નાશ એ જ પરિણામ છે. દ્રવ્ય અને ગુણને સર્વથા ભિન્ન માનનાર ન્યાયદર્શન આદિ ભેદવાદી દર્શનોના મતે અવિકૃત દ્રવ્યમાં ગુણોની ઉત્પત્તિ કે નાશ તે પરિણામ છે. પણ જૈનદર્શન ભેદાભેદવાદી હોવાથી પરિણામનો અર્થ ઉક્ત બંને પ્રકારના અર્થોથી જુદો જ બતાવે છે. જૈનદૃષ્ટિએ પરિણામ એટલે સ્વજાતિના (=સ્વ-રૂપના) ત્યાગ વિના વસ્તુમાં (દ્રવ્યમાં કે ગુણમાં) થતો વિકાર. દ્રવ્ય કે ગુણ પ્રતિસમય વિકારને (=અવસ્થાંતરને) પામે છે. છતાં તેના મૂળ સ્વરૂપમાં કોઈ જાતનો ફેરફાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થતો નથી. મનુષ્ય, દેવ, પશુ આદિ ભિન્ન ભિન્ન અવસ્થાને (–વિકારને) પામવા છતાં જીવમાં જીવત્વ કાયમ રહે છે, જીવત્વમાં કોઈ જાતનો વિકાર થતો નથી. આથી મનુષ્યત્વ, દેવત્વ વગેરે જીવના પરિણામો છે. એ પ્રમાણે આત્માના ચૈતન્ય ગુણના ઘટજ્ઞાન, પટજ્ઞાન, ઘટદર્શન, પટદર્શન વગેરે વિકારો થવા છતાં મૂળ ચૈતન્ય ગુણમાં કોઈ જાતની વિકૃતિ થતી નથી. આથી ઘટજ્ઞાન, ઘટદર્શન વગેરે આત્માના ચતન્યગુણના પરિણામો છે. ચૈતન્યની જ્ઞાનોપયોગ આદિ વિકૃતિ થવા છતાં તે દરેકમાં ચૈતન્ય કાયમ રહે છે.

પુદ્ગલના દ્વયણુક, ત્રયણુક, ચતુરણુક આદિ અનંત પરિણામો છે. તે દરેકમાં પુદ્ગલત્વ (–પુદ્ગલ જાતિ) કાયમ રહે છે. રૂપ આદિ ગુણના શ્વેત નીલ આદિ અનેક પરિણામો છે. તે દરેકમાં રૂપત્વ (–રૂપજાતિ) આદિ કાયમ રહે છે. આ પ્રમાણે ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો વિશે પણ સમજવું. [ ૪૧ ]

## પરિણામના બે ભેદ–

## अनादिरादिमांश्च ॥ ૫–૪૨ ॥

**પરિણામ અનાદિ અને આદિમાન (–નવો અનતો) એ બે પ્રકારે છે.**

જેની આદિ નથી, અર્થાત અમુક કાળે શરૂઆત થઈ એમ જેના માટે ન કહી શકાય, તે અનાદિ. જેની આદિ છે, અર્થાત્ અમુક કાળે શરૂઆત થઈ એમ જેના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે કહી શકાય, તે આદિમાન. દ્રવ્યોના રૂપી અને અરૂપી એમ બે ભેદ છે. તેમાં અરૂપિદ્રવ્યોના પરિણામ અનાદિ છે. ધર્માસ્તિકાયના અસંખ્યપ્રદેશત્વત્વ, લોકાકાશવ્યાપિત્વ, ગતિઅપેક્ષાકારણત્વ, અગુરુલઘુત્વ વગેરે, અધર્માસ્તિકાયના અસંખ્યપ્રદેશત્વત્વ લોકાકાશવ્યાપિત્વ, સ્થિતિઅપેક્ષાકારણત્વ, અગુરુલઘુ વગેરે, આકાશના અનંતપ્રદેશત્વત્વ, અવગાહનાયિત્વ વગેરે, જીવના જીવત્વ વગેરે, કાળના વર્તના વગેરે પરિણામો અનાદિ છે. આ પરિણામો કોઈ અમુક કાળે ઉત્પન્ન થયા એવું નથી, કિન્તુ જ્યારથી દ્રવ્યો છે ત્યારથી જ છે. દ્રવ્યો અનાદિ છે. માટે આ પરિણામો પણ અનાદિ છે. [ ૪૨ ]

## આદિમાન પરિણામ-

## रूपिष्वादिमान् ॥ ૫-૪૩ ॥

## રૂપી દ્રવ્યોમાં આદિમાન પરિણામ હોય છે.

પુદ્ગલ રૂપી દ્રવ્ય છે. તેમાં રહેલ શ્વેતરૂપ આદિ પરિણામ આદિમાન છે. કારણ કે તેમાં પ્રતિક્ષણ રૂપ આદિનું પરિવર્તન થાય છે. વિવક્ષિત સમયે થયેલા પરિણામ પૂર્વ સમયે ન હોવાથી આદિમાન છે. પ્રવાહની અપેક્ષાએ તો રૂપી દ્રવ્યોમાં પણ અનાદિ પરિણામ છે. આથી અહીં રૂપી દ્રવ્યોમાં આદિમાન પરિણામનું કથન વ્યક્તિની અપેક્ષાએ છે.

જો આપણે જરા સૂક્ષ્મદૃષ્ટિથી વિચારીશું તો જણાશે કે, જેમ રૂપી દ્રવ્યોમાં પ્રવાહની અપેક્ષાએ અનાદિ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યક્તિની અપેક્ષાએ આદિમાન પરિણામ છે. તેમ અરૂપી દ્રવ્યોમાં પણ બંને પ્રકારના પરિણામો રહેલા જ છે. દા.ત. ગતિ કરવામાં પ્રવૃત્ત થયેલા પદાર્થને ધર્માસ્તિકાય સહાયતા કરે છે. વિવક્ષિત સમયે કોઈ પદાર્થની ગતિ થઇ તો એ સમયે ધર્માસ્તિકાયમાં તે પદાર્થ સંબંધી (-ગતિમાન પદાર્થ સંબંધી) ઉપગ્રાહકત્વરૂપ પર્યાય ઉત્પન્ન થયો. એ પહેલાં તેમાં તે પદાર્થની (ગતિમાન પદાર્થની) અપેક્ષાએ ઉપગ્રાહકત્વ રૂપ પરિણામ ન હતો. હવે જ્યારે તે પદાર્થ સ્થિર બને છે ત્યારે ઉપગ્રાહકત્વ રૂપ પરિણામ નાશ પામે છે. આમ ધર્માસ્તિકાયમાં વિવક્ષિત સમય પહેલાં તે પદાર્થની અપેક્ષાએ અવિદ્યમાન ઉપગ્રાહકત્વ રૂપ પરિણામ વિવક્ષિત સમયે ઉત્પન્ન થયો અને નાશ પામ્યો માટે તે ઉપગ્રાહકત્વ રૂપ પરિણામ આદિમાન થયો. પણ પ્રવાહની અપેક્ષાએ અનાદિકાળથી ઉપગ્રાહકત્વ રૂપ પરિણામ તેમાં રહેલ છે. આ પ્રમાણે સર્વ અરૂપી દ્રવ્યો વિશે પણ બંને પ્રકારનાં પરિણામ ઘટી શકે છે.

આમ હોવા છતાં, અહીં તત્ત્વાર્થકાર પૂજ્ય શ્રીઉમાસ્વાતિ મહારાજે અરૂપીમાં અનાદિ અને રૂપીમાં આદિમાન પરિણામ હોય છે એમ કેમ કહ્યું એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આ પ્રશ્ન અંગે વિચારતાં લાગે છે કે-પૂજ્ય શ્રીઉમાસ્વાતિ મહારાજે આ પ્રતિપાદન બાળજીવોની સ્થૂલ બુદ્ધિને લક્ષ્યમાં રાખીને કર્યું હશે. બાળજીવોની સ્થૂલ બુદ્ધિમાં પણ આ વિષય ઠસી જાય એ હેતુથી વ્યાવહારિક


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસંગોને અનુસરીને આમ પ્રતિપાદન કર્યું હશે. અથવા રૂપિદ્રવ્યોમાં સાદિ પરિણામની પ્રધાનતા અને અરૂપીદ્રવ્યોમાં અનાદિ પરિણામની પ્રધાનતા લક્ષ્યમાં રાખીને ઉપરોક્ત ઉલ્લેખ કર્યો હશે એમ સંભવે છે. અથવા અનાદિ–આદિનો કોઈ જુદો જ અર્થ હોય એ પણ સંભવિત છે. આ વિષયમાં તત્ત્વ (–સત્ય હકીકત) શું છે તે તો સર્વજ્ઞ ભગવંતો ઉપર કે બહુશ્રુતો ઉપર છોડવું એ જ હિતાવહ છે. [૪૩]

## જીવોમાં આદિમાન પરિણામ-

## યોગોપયોગૌ જીવેષુ ॥ ૬–૪૪ ॥

**જીવોમાં યોગ અને ઉપયોગ એ બે પરિણામો આદિમાન છે.**

પુદ્ગલના સંબંધથી આત્મામાં ઉત્પન્ન થતો વીર્યનો પરિણામવિશેષ યોગ છે. જ્ઞાન અને દર્શન ઉપયોગ છે. આ બંને પરિણામો આદિમાન છે. કારણ કે એ પરિણામો ઉત્પન્ન થાય છે, અને નાશ પામે છે. પૂર્વની જેમ અહીં પણ પ્રવાહ અને વ્યક્તિની અપેક્ષાએ અનુક્રમે અનાદિ અને આદિ વિશે વિચારણા કરી લેવી. [૪૪]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# છઠ્ઠો અધ્યાય

[ અહીં સુધી સાત તત્ત્વોમાંથી જીવ અને અજીવ એ બે તત્ત્વોનું વિવિધ રીતે વર્ણન કર્યું. હવે ત્રીજા આસ્રવ-તત્ત્વનું નિરૂપણ શરૂ કરે છે. આસ્રવનું મુખ્ય કારણ યોગ છે. આથી પ્રથમ યોગનું સ્વરૂપ જણાવે છે. ]

## યોગનું સ્વરૂપ :-

**काय-वाङ्-मनःकर्म योगः ॥ ६-१ ॥**

**કાયા, વચન અને મનની ક્રિયા એ યોગ છે.**

યોગ શબ્દના અનેક અર્થ છે. અહીં યોગ શબ્દ આત્મવીર્યના અર્થમાં છે. અહીં યોગ એટલે વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમાદિથી અને પુદ્ગલના આલંબનથી પ્રવર્તમાન આત્મવીર્ય—આત્મશક્તિ. સંસારી દરેક જીવને વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમાદિથી પ્રગટેલી આત્મશક્તિનો ઉપયોગ કરવા પુદ્ગલના આલંબનની જરૂર પડે છે. જેમ નદી આદિમાં રહેલા પાણીનો નહેર આદિથી ઉપયોગ થાય છે, તેમ દરેક સંસારી આત્મામાં રહેલી શક્તિનો ઉપયોગ મન, વચન અને કાયાના આલંબનથી થાય છે. આત્મામાં રહેલી શક્તિ એક જ હોવા છતાં તેનો ઉપયોગ કરવાનાં મન, વચન અને કાયા એ ત્રણ સાધન હોવાથી તેના ત્રણ ભેદો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. કાયાના આલંબનથી થતો શક્તિનો ઉપયોગ કાયયોગ. વચનના આલંબનથી થતો શક્તિનો ઉપયોગ વચનયોગ. મનના આલંબનથી થતો શક્તિનો ઉપયોગ મનોયોગ. *

ત્રણ પ્રકારના યોગના કુલ ૧૫ ભેદો છે. તેમાં કાયયોગના ૭, વચનયોગના ૪ અને મનોયોગના ૪ ભેદો છે.

**કાયયોગના ભેદો :-** (૧) ઔદારિક (૨) ઔદારિક મિશ્ર (૩) વૈક્રિય (૪) વૈક્રિય મિશ્ર (૫) આહારક (૬) આહારકમિશ્ર (૭) કાર્મણ.

ઔદારિક કાયયોગ એટલે ઔદારિક કાયા દ્વારા થતો શક્તિનો ઉપયોગ. આ પ્રમાણે ઔદારિકમિશ્ર આદિ વિશે પણ જાણવું. અર્થાત્ તે તે કાયા દ્વારા થતો શક્તિનો ઉપયોગ તે તે યોગ છે. કાયાના ઔદારિક આદિ સાત ભેદો છે એટલે કાયયોગના પણ સાત ભેદો છે.

ઔદારિક, વૈક્રિય, આહારક અને કાર્મણ એ ચારનો અર્થ બીજા અધ્યાયના ૩૭ મા સૂત્રમાં કહેવાઈ ગયો છે. યદ્યપિ ત્યાં પાંચ શરીરનું વર્ણન છે. પણ અહીં તૈજસ શરીર સદા કાર્મણની સાથે જ રહેતું હોવાથી કાર્મણકાયમાં તૈજસ શરીરનો સમાવેશ કરવામાં આવેલ છે. આથી કાયયોગના ભેદ સાત જ થાય છે.

ઔદારિક મિશ્ર આદિ ત્રણ મિશ્ર યોગોનો અર્થ આ પ્રમાણે :—

* મન વચન કાયા પુદ્ગલ છે. જુઓ પાંચમા અધ્યાયનું ૧૯ મું સૂત્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઔદારિક મિશ્ર** :– પરભવમાં ઉત્પન્ન થતાંની સાથે જ જીવ ઔદારિક શરીરની રચના શરૂ કરી દે છે. જ્યાં સુધી તે શરીર પૂર્ણ રૂપે તૈયાર ન થાય ત્યાં સુધી કાયાની પ્રવૃત્તિ કેવળ ઔદારિકથી નથી થતી, કાર્મણ કાયયોગની પણ મદદ લેવી પડે છે. આથી જ્યાં સુધી ઔદારિક શરીર પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔદારિક અને કાર્મણ એ બેનો મિશ્ર યોગ હોય છે. તેમાં ઔદારિક શરીરની પ્રધાનતા હોવાથી આ મિશ્ર યોગને ઔદારિક મિશ્રયોગ કહેવામાં આવે છે. ઔદારિક શરીરની પૂર્ણતા બાદ કેવળ ઔદારિક કાય યોગ હોય છે. એ જ પ્રમાણે **વૈક્રિય મિશ્ર** અને **આહારક મિશ્ર** વિશે પણ જાણવું. થોડો તફાવત છે. તે આ પ્રમાણે :–વૈક્રિય કે આહારક શરીર રચવાની શરૂઆત થઈ ત્યારથી આરંભી જ્યાં સુધી વૈક્રિય કે આહારક શરીર પૂર્ણ ન થાય ત્યાં સુધી વૈક્રિયમિશ્ર કે આહારક મિશ્ર યોગ હોય છે. વૈક્રિયમિશ્ર યોગ દેવો ઉપરાંત લબ્ધિધારી મુનિ આદિને પણ હોય છે. તેમાં દેવોના વૈક્રિય મિશ્રયોગમાં વૈક્રિય અને કાર્મણ એ બેનો મિશ્ર યોગ હોય છે. તથા લબ્ધિધારી મુનિ વગેરેને વૈક્રિય અને ઔદારિક એ બેનો મિશ્રયોગ હોય છે. બંનેમાં વૈક્રિયની પ્રધાનતા હોવાથી વૈક્રિયમિશ્ર યોગ કહેવામાં આવે છે. આહારક મિશ્રમાં આહારક અને ઔદારિક એ બેનો મિશ્ર યોગ હોય છે. આહારકની પ્રધાનતા હોવાથી આહારક મિશ્ર કહેવાય છે.

**ચાર વચનયોગ** :– (૧) સત્ય (૨) અસત્ય (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મિશ્ર (૪) અસત્યામૃષા. (૧) સત્ય :– સત્ય વચન બોલવું તે. દા. ત. પાપનો ત્યાગ કરવો જોઈએ વગેરે. (૨) અસત્ય :– અસત્ય વચન બોલવું તે. દા. ત. પાપ જેવું જગતમાં છે જ નહિ. (૩) મિશ્ર :–થોડું સત્ય અને થોડું અસત્ય વચન બોલવું તે. દા. ત. સ્ત્રીઓ અને પુરુષો બંને જતાં હોય ત્યારે પુરુષો જાય છે એમ કહેવું વગેરે. અહીં પુરુષો જાય છે તે અંશે સાચું છે. પણ તેમાં સ્ત્રીઓ પણ હોવાથી આ વચન બોટું પણ છે. આથી આ વચન મિશ્ર–સત્યમૃષા છે. (૪) અસત્યામૃષા :– સાચું પણ નહિ અને બોટું પણ નહિ તેવું વચન. દા. ત. ગામ જા વગેરે. **ચાર મનોયોગ:–** વચનયોગના જે ચાર ભેદો છે તે જ ચાર ભેદો મનોયોગના છે. અર્થ પણ તે જ છે. માત્ર બોલવાના સ્થાને વિચાર કરવો એમ સમજવું. [ ૧ ]

## આસ્રવનું નિરૂપણ :–

**स आस्रवः ॥ ૬–૨ ॥**

**તે (યોગ) આસ્રવ છે.**

આસ્રવ એટલે કર્મોનું આવવું. જેમ વ્યવહારમાં પ્રાણનું કારણ બનનાર અન્નને (ઉપચારથી) પ્રાણ કહેવામાં આવે છે તેમ અહીં કર્મોને આવવાના કારણને પણ આસ્રવ કહેવામાં આવે છે. જેમ બારી દ્વારા મકાનમાં કચરો આવે છે તેમ યોગ દ્વારા આત્મામાં કર્મો આવે છે માટે યોગ પણ આસ્રવ છે. જેમ પવનથી આવતી ધૂળ જળથી ભિના કપડામાં એકમેક રૂપે ચોંટી જાય છે, તેમ પવન રૂપ યોગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વારા આવતી કર્મરૂપી રજ કષાયરૂપ પાણીથી ભિના આત્માના સઘળા પ્રદેશોમાં એકમેક ચોંટી જાય છે.

યોગથી કર્મનો આસ્રવ, કર્મના આસ્રવથી બંધ, બંધથી કર્મનો ઉદય, કર્મના ઉદયથી સંસાર. માટે સંસારથી મુક્તિ મેળવવી હોય તો આસ્રવનો ત્યાગ કરવો જોઇએ. જેમ છિદ્રો દ્વારા નૌકામાં જળનો પ્રવેશ થતાં તે સમુદ્રમાં ડૂબી જાય છે, તેમ યોગરૂપ છિદ્રો દ્વારા જીવ રૂપ નૌકામાં કર્મ રૂપ જળનો પ્રવેશ થવાથી તે સંસાર રૂપ સાગરમાં ડૂબી જાય છે.

આસ્રવનો દ્રવ્ય-ભાવની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો મન, વચન અને કાયા એ ત્રણ યોગ દ્રવ્ય આસ્રવ છે. જીવના શુભ કે અશુભ અધ્યવસાય ભાવ આસ્રવ છે. દ્રવ્ય એટલે અપ્રધાન-ગૌણ. ભાવ એટલે પ્રધાન-મુખ્ય. આસ્રવમાં મુખ્ય કારણ આત્માના શુભ કે અશુભ અધ્યવસાયો છે. કારણ કે યોગની વિદ્યમાનતા હોવા છતાં શુભ કે અશુભ અધ્યવસાયો ન હોય તો કર્મનો આસ્રવ થતો નથી. જેમ કે ૧૩ મા ગુણસ્થાને વર્તમાન કેવળી ભગવંતને કાય આદિ યોગો હોવા છતાં કેવળ સાતા વેદનીય કર્મનો જ આસ્રવ થાય છે. તથા આગળના બે સૂત્રોમાં કહેવામાં આવશે કે શુભયોગ પુણ્યનું કારણ છે અને અશુભ યોગ પાપનું કારણ છે. યોગની શુભતા અને અશુભતા અધ્યવસાયોના આધારે થાય છે. શુભ અધ્યવસાયથી યોગ શુભ બને છે અને અશુભ અધ્યવસાયથી યોગ અશુભ બને છે. આથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આસ્રવમાં યોગ ગૌણ કારણ છે અને અધ્યવસાયો મુખ્ય કારણ છે. [ ૨ ]

**શુભયોગ પુણ્યકર્મનો આસ્રવ છે એનો નિર્દેશ :-**

**શુભઃ પુણ્યસ્ય ॥ ૬-૩ ॥**

**શુભ યોગ પુણ્યકર્મનો આસ્રવ છે.**

કાયાદિ પ્રત્યેક યોગના શુભ અને અશુભ એમ બે ભેદ છે. આત્માના શુભ પરિણામથી ( -અધ્યવસાયથી ) થતો યોગ શુભયોગ. આત્માના અશુભ પરિણામથી (-અધ્યવસાયથી) થતો યોગ અશુભયોગ. આસ્રવના પણ પુણ્ય અને પાપ એમ બે ભેદો છે. શુભ કર્મોનો આસ્રવ તે પુણ્ય અને અશુભ કર્મોનો આસ્રવ તે પાપ. કયા કર્મો શુભ છે અને કયા કર્મો અશુભ છે તેનું વર્ણન આઠમા અધ્યાયના અંતિમ સૂત્રમાં આવશે.

અહિંસા, દેવગુરુભક્તિ, દયા, દાન વગેરે શુભ કાય યોગ છે. સત્ય અને હિતકર વાણી, દેવગુરુ આદિની સ્તુતિ, ગુણ-ગુણીની પ્રશંસા વગેરે શુભ વચનયોગ છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, દેવગુરુ ભક્તિ, દયા, દાન વગેરેના વિચારો શુભ મનોયોગ છે.

**પ્રશ્ન :-** શુભયોગથી નિર્જરા પણ થાય છે તો અહીં તેને કેવળ પુણ્યના કારણ તરીકે કેમ કહેલ છે? **ઉત્તર :-** શુભયોગથી પુણ્ય જ થાય, નિર્જરા ન થાય. નિર્જરા શુદ્ધ યોગથી-શુદ્ધ ઉપયોગથી થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન :–** શુભયોગ વખતે જ્ઞાનવરણીયાદિ ઘાતી કર્મોનો પણ આસ્રવ થાય છે. ઘાતી કર્મો આત્માના ગુણોને રોકનારા હોવાથી અશુભ છે. આથી શુભ યોગથી પુણ્યનો આસ્રવ થાય છે. એમ કહેવું ઠીક નથી. **ઉત્તર :–** શુભયોગ વખતે જ્ઞાનાવરણીયાદિ અશુભ કર્મોનો પણ આસ્રવ થતો હોવા છતાં તેમાં રસ અત્યંત અલ્પ હોવાથી તેનું ફળ નહિવત્ મળે છે. વસ્તુ હોવા છતાં જો અલ્પ હોય તો નથી એમ કહી શકાય. જેમ કે પાંચ–પચીશ રૂપિયા હોવા છતાં નિર્ધન કહેવાય છે. તેમ પ્રસ્તુતમાં શુભયોગ વખતે બંધાતા જ્ઞાનાવરણીય આદિ કર્મોમાં અલ્પ રસ હોવાથી સ્વકાર્ય કરવા સમર્થ બનતા નથી. આથી અહીં તેનો નિષેધ કરવો એ જરાય અયોગ્ય નથી. અથવા અહીં પુણ્ય અને પાપનો નિર્દેશ અઘાતી કર્મોની અપેક્ષાએ છે. અથવા પૂર્વે કહ્યું તેમ "શુભ યોગથી જ પુણ્યનો આસ્રવ થાય છે." એમ આ સૂત્રનો અર્થ કરવાથી શુભ યોગ વખતે થતા જ્ઞાનાવરણીયાદિ ઘાતી કર્મોના આસ્રવનો નિષેધ નહિ થાય. શુભયોગ વખતે ઘાતી કર્મોનો બંધ, પુણ્ય અને નિર્જરા એ ત્રણે થાય છે. પણ ઘાતી કર્મમાં રસ અતિ મંદ, પુણ્યમાં તીવ્ર રસ અને અધિક નિર્જરા થાય છે. [૩]

**અશુભયોગ પાપકર્મનો આસ્રવ છે એનો નિર્દેશ–**

**અશુભઃ પાપસ્ય ॥ ૬–૪ ॥**

**અશુભયોગ પાપનો આસ્રવ છે.**

હિંસા, ચોરી, વ્યભિચાર, પરિગ્રહ વગેરેની પ્રવૃતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અશુભ કાયયોગ છે. અસત્યવચન, કઠોર અને અહિતકર-વચન, પૈશૂન્ય, નિંદા વગેરે અશુભ વચનયોગ છે. હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર, પરિગ્રહ વગેરેના વિચારો તથા રાગ, દ્વેષ, મોહ, ઈર્ષ્યા વગેરે અશુભ મનોયોગ છે. [૪]

આસ્રવના બે ભેદ –

**सकषायाऽकषाययोः साम्परायिकैर्यापथयोः ॥ ૬–૫ ॥**

**સકષાય (–કષાયસહિત) આત્માનો યોગ સાંપરાયિક કર્મનો આસ્રવ બને છે અને અકષાય (–કષાયરહિત) આત્માનો યોગ ઈર્યાપથ (રસરહિત) કર્મનો આસ્રવ બને છે.**

સંપરાય એટલે સંસાર. જેનાથી સંસારમાં પરિભ્રમણ થાય તે સાંપરાયિક કર્મ. કષાયના સહયોગથી થતો શુભ યા અશુભ આસ્રવ સંસારનો હેતુ બને છે. કારણ કે પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને રસ એ ચાર પ્રકારના બંધમાં સ્થિતિ અને રસ મુખ્ય છે. કષાયથી શુભ યા અશુભ સ્થિતિ અને રસનો બંધ અધિક થાય છે. આથી સંસારનું મુખ્ય કારણ કષાયો=રાગદ્વેષ છે. પ્રશસ્તકષાયના સહયોગથી થતો કર્મબંધ શુભ થાય છે, અપ્રશસ્ત કષાયના સહયોગથી થતો કર્મબંધ અશુભ થાય છે. બંને પ્રકારનો કર્મબંધ સંસારનો હેતુ બને છે. પણ પ્રશસ્ત કષાયના સહયોગથી થતો શુભ કર્મબંધ પરિણામે સંસારથી મુક્તિ કરાવનારો છે.

ઈર્યા એટલે ગમન. ગમનના ઉપલક્ષણથી કષાય વિનાની મન, વચન અને કાયાની દરેક પ્રવૃત્તિ જાણવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પથ** એટલે દ્વારા. કેવળ (–કષાય રહિત) યોગદ્વારા થતો આસ્રવ (અર્થાત્ બંધ) ઈર્યાપથ છે. કષાયરહિત આત્મામાં આસ્રવ (કર્મબંધ) કેવળ યોગથી જ થાય છે આથી તે ઈર્યાપથ આસ્રવ કહેવાય છે. આ આસ્રવથી થતો બંધ રસ રહિત હોય છે અને તેની સ્થિતિ પણ એક સમયની હોય છે. ઈર્યાપથમાં કર્મો પ્રથમ સમયે બંધાય, બીજા સમયે રહે અને ત્રીજા સમયે આત્માથી વિખૂટા પડી જાય છે. જેમ શુષ્ક (–ચીકાશરહિત) ભીંત ઉપર પથ્થર ફેંકવામાં આવે તો તે પથ્થર ભીંતની સાથે ચોંટ્યા વિના અથડાઈને તુરત નીચે પડી જાય છે, તેમ ઈર્યાપથમાં કર્મો તુરત (એક જ સમયમાં) આત્માથી વિખૂટા પડી જાય છે.

સકષાયથી થતા સાંપરાયિક બંધમાં કર્મો આત્માની સાથે ચીકાશવાળી ભીંત ઉપર રજ ચોંટે તેમ ચોંટી જાય છે, અને લાંબા કાળ સુધી (સ્થિતિ પ્રમાણે) રહે છે. અબાધાકાળ પૂર્ણ થતાં પોતાનું ફળ આપે છે.

પ્રથમ ગુણસ્થાનકથી ૧૦ મા ગુણસ્થાનક સુધી કષાયોદય હોવાથી સાંપરાયિક આસ્રવ, અને ૧૧ થી ૧૩ ગુણસ્થાનક સુધી ઈર્યાપથ આસ્રવ હોય છે. ૧૪ મા ગુણસ્થાને યોગનો પણ અભાવ હોવાથી આસ્રવનો સર્વથા અભાવ હોય છે. [૫]

## સાંપરાયિક આસ્રવના ભેદો-

**ઇન્દ્રિય–કષાયા–ઽવ્રત–ક્રિયાઃ પઞ્ચ–ચતુઃ–પઞ્ચ–પઞ્ચવિંશતિ–સંખ્યાઃ પૂર્વસ્ય ભેદાઃ ॥ ૬–૬ ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૫ ઇન્દ્રિયો, ૪ કષાયો, ૫ અવ્રત, ૨૫ ક્રિયા એમ કુલ ૩૯ ભેદો *સાંપરાયિક આસ્રવના છે.**

પાંચ ઇંદ્રિયોનું સ્વરૂપ બીજા અધ્યાયના વીસમા સૂત્રમાં આવી ગયું છે. ઇંદ્રિયો રાગાદિયુક્ત પ્રવૃત્તિ દ્વારા સાંપરાયિક આસ્રવ છે. રાગાદિ વિના ઇંદ્રિયો સાંપરાયિક આસ્રવ બનતી નથી, કિન્તુ ઈર્યાપથ આસ્રવ બને છે. કષાયનું સ્વરૂપ આઠમા અધ્યાયના ૧૦ મા સૂત્રમાં બતાવવામાં આવશે. પાંચ અવ્રતોનું વર્ણન સાતમા અધ્યાયના ૮-૯-૧૦-૧૧-૧૨ એ પાંચ સૂત્રોમાં કરવામાં આવશે. ૨૫ ક્રિયાઓનું સ્વરૂપ આ પ્રમાણે છે.—

(૧) **સમ્યક્ત્વક્રિયા**–સમ્યક્ત્વયુક્ત જીવની દેવગુરુ-સંબંધી નમસ્કાર, પૂજા, સ્તુતિ, સત્કાર, સન્માન, દાન, વિનય, વૈયાવચ્ચ વગેરે ક્રિયા. આ ક્રિયા સમ્યક્ત્વની પુષ્ટિ તથા શુદ્ધિ કરે છે. આ ક્રિયાથી સાતા વેદનીય, દેવગતિ વગેરે પુણ્યકર્મનો આસ્રવ થાય છે. (૨) **મિથ્યાત્વ ક્રિયા** :-મિથ્યાદૃષ્ટિ જીવની સ્વમાન્ય દેવગુરુ સંબંધી નમસ્કાર, પૂજા, સ્તુતિ, સત્કાર, સન્માન, દાન, વિનય, વૈયાવચ્ચ વગેરે ક્રિયા. આ ક્રિયાથી મિથ્યાત્વની વૃદ્ધિ થાય છે. (૩) **પ્રયોગ ક્રિયા** :-શરીરની ગમન-આગમન આદિ ક્રિયા. (૪) **સમાદાન ક્રિયા** :-જેનાથી કર્મબંધ થાય તેવી

* નવતત્ત્વ પ્રકરણમાં ૩ યોગ સહિત ૪૨ ભેદો જણાવ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંયમીની સાવદ્ય ક્રિયા. (૫) **ઇર્યાપથ**[1] **ક્રિયા** :–ઇર્યાપથ આસ્રવમાં કારણ બનનારી ક્રિયા. (૬) **કાય ક્રિયા** :–દુષ્ટની અન્યનો પરાભવ કરવાની ક્રિયા. (૭) **અધિકરણ ક્રિયા** :–હિંસાનાં સાધનો બનાવવાં, સુધારવાં વગેરે. (૮) **પ્રાદ્વેષિકી ક્રિયા** :–ક્રોધાવેશથી થતી ક્રિયા. (૯) **પારિતાપિકી ક્રિયા** :–અન્યને કે સ્વને પરિતાપ–સંતાપ થાય તેવી ક્રિયા. (૧૦) **પ્રાણાતિપાત ક્રિયા** :–સ્વના કે પરના પ્રાણનો નાશ કરનારી ક્રિયા. (૧૧) **દર્શન ક્રિયા** :–રાગથી સ્ત્રી આદિનું દર્શન–નિરીક્ષણ કરવું. (૧૨) **સ્પર્શન ક્રિયા** :–રાગથી સ્ત્રી આદિનો સ્પર્શ કરવો. (૧૩) **પ્રત્યય ક્રિયા** :–નવાં (પૂર્વે નહિ થયેલાં) શસ્ત્રો શોધીને બનાવવાં. (૧૪) **સમન્તાનુપાત ક્રિયા** :–જ્યાં મનુષ્ય પશુ વગેરેનું ગમનાગમન થતું હોય ત્યાં મલ–મૂત્ર આદિ અશુચિ પદાર્થનો ત્યાગ કરવો. (૧૫) **અનાભોગ ક્રિયા** :–જોયા વિના અને પ્રમાર્જન કર્યા વિના વસ્તુ મૂકવી. (૧૬) **સ્વહસ્ત ક્રિયા** :–અન્યનું કાર્ય અભિમાનથી જાતે કરવું. (૧૭) **નિસર્ગ ક્રિયા** :–પાપકાર્યોમાં સમ્મતિ આપવી–સ્વીકાર કરવો. (૧૮) **વિદારણ ક્રિયા** :–અન્યના ગુપ્ત પાપકાર્યની લોકમાં જાહેરાત કરવી. (૧૯) **આનયની ક્રિયા** :–સ્વયં પાલન ન કરી શકવાથી શાસ્ત્ર આજ્ઞાથી અન્યથા પ્રરૂપણા કરવી.

---

૧. ઇર્યાપથ ક્રિયા સાંપરાયિક આસ્રવમાં કારણ ન હોવા છતાં, સામાન્યથી આસ્રવના કારણ તરીકે ૨૫ ક્રિયા પ્રસિદ્ધ હોવાથી અહીં તેનું ગ્રહણ કર્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨૦) **અનવકાંક્ષા ક્રિયા** :–પ્રમાદથી જિનોક્ત વિધિનો અનાદર કરવો. (૨૧) **આરંભ ક્રિયા** :–પૃથ્વીકાય આદિ જીવોની હિંસા થાય તેવી ક્રિયા. (૨૨) **પારિગ્રહિકી ક્રિયા**:–લોભથી ખૂબ ધન મેળવવું, તેનું રક્ષણ કરવું વગેરે. (૨૩) **માયા ક્રિયા** :–વિનયરત્ન આદિની જેમ માયાથી મોક્ષ માર્ગની આરાધના કરવી. (૨૪) **મિથ્યાદર્શન ક્રિયા** :–ઐહલૌકિક આદિ દુન્યવી ફળની ઇચ્છાથી મિથ્યા-દિષ્ટની સાધના કરવી. (૨૫) **અપ્રત્યાખ્યાન ક્રિયા**–પાપ-કાર્યોના પ્રત્યાખ્યાનથી (નિયમથી) રહિત જીવની ક્રિયા.

**પ્રશ્ન** :–જ્યાં ઇંદ્રિયો, કષાયો અને અવ્રતો છે ત્યાં ક્રિયા અવશ્ય રહેવાની. આથી કેવળ ક્રિયાના નિર્દેશથી આસ્રવનું વિધાન થઈ શકે છે. તો ઇંદ્રિય આદિનો નિર્દેશ કરવાની શી જરૂર છે? **ઉત્તર** :–વાત સાચી છે. કેવળ ૨૫ ક્રિયાઓના ગ્રહણથી આસ્રવનું (આસ્રવ હેતુનું) વિધાન થઈ શકે છે. પણ ૨૫ ક્રિયાઓમાં ઇંદ્રિય, કષાય, અવ્રત કારણ છે એમ જણાવવા ઇંદ્રિય આદિનું ગ્રહણ કર્યું છે. દા. ત. પારિગ્રહિકી ક્રિયામાં પરિગ્રહ રૂપ અવ્રત કારણ છે. પરિગ્રહમાં લોભરૂપ કષાય કારણ છે. સ્પર્શ ક્રિયામાં સ્પર્શનેંદ્રિયની પ્રવૃત્તિ કારણ છે. સ્પર્શનેંદ્રિયની પ્રવૃત્તિમાં રાગ કારણ છે. માયા ક્રિયામાં માયા કારણ છે. આમ અન્ય ક્રિયાઓમાં પણ કાર્ય–કારણ ભાવ જાણવો.

**પ્રશ્ન** :–કેવળ ઇંદ્રિયોના નિર્દેશથી અન્ય કષાય આદિનું પણ ગ્રહણ થઈ જશે. કારણ કે કષાય આદિનું મૂળ ઇંદ્રિયો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. જીવો ઇંદ્રિયો દ્વારા વસ્તુનું જ્ઞાન કરી તેના વિશે વિચારણા કરી કષાયોમાં, અવ્રતોમાં અને ક્રિયાઓમાં પ્રવર્તે છે. આથી અહીં કષાય આદિનો પૃથક્ નિર્દેશ કરવાની જરૂર નથી. ઉત્તર :—જો કેવળ ઇંદ્રિયોનું જ ગ્રહણ કરવામાં આવે તો પ્રમત્ત જીવના જ આસ્રવોનું કથન થાય. અપ્રમત્ત જીવના આસ્રવોનું કથન રહી જાય. કારણ કે અપ્રમત જીવને ઇંદ્રિયો વડે કર્મોનો આસ્રવ થતો જ નથી. તેમને કષાય અને યોગથી જ આસ્રવ થાય છે. બીજું એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય અને અસંજ્ઞિ પંચેંદ્રિય જીવોને યથાસંભવ પૂર્ણ ઇંદ્રિયો અને મન ન હોવા છતાં કષાય આદિથી આસ્રવ થાય છે. આથી સર્વ જીવોમાં સર્વ સામાન્ય આસ્રવનું વિધાન થાય એ માટે ઇંદ્રિય આદિ ચારેયનું સૂત્રમાં ગ્રહણ કરવું જરૂરી છે.

**પ્રશ્ન** :—કેવળ કષાયનું ગ્રહણ કરવાથી ઇંદ્રિય આદિનું ગ્રહણ થઈ જાય છે. કારણ કે સાંપરાયિક આસ્રવમાં મુખ્યતયા કષાયો જ કારણ છે એમ આ જ અધ્યાયના પાંચમા સૂત્રમાં કહેવામાં આવ્યું છે. કષાયથી રહિત ઇંદ્રિય આદિ સાંપરાયિક આસ્રવ બનતા નથી. આથી ઇંદ્રિય આદિનું ગ્રહણ કરવાની શી જરૂર છે? **ઉત્તર** :—વાત સત્ય છે. કષાયના યોગે જીવ આસ્રવની કેવી કેવી પ્રવૃત્તિ કરે છે તેનો સ્પષ્ટ બોધ થાય અને એથી તે પ્રવૃત્તિને રોકવા પ્રયત્ન કરે એ માટે અહીં ઇંદ્રિય આદિનું પૃથક્ ગ્રહણ કર્યું છે.

**પ્રશ્ન** :—કેવળ અવ્રતનું ગ્રહણ કરવાથી ઇંદ્રિય, કષાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વગેરેનું ગ્રહણ થઈ જાય છે. કેમ કે ઇંદ્રિય આદિના પરિણામ વિના અવ્રતમાં પ્રવૃત્તિ થતી નથી. આથી અહીં ઇંદ્રિય આદિનું ગ્રહણ કરવાની શી જરૂર છે? **ઉત્તર** :- વાત સાચી છે. પણ અવ્રતમાં ઇંદ્રિય આદિના પરિણામ કારણ છે એ જણાવવા માટે ઇંદ્રિય આદિનું ગ્રહણ કર્યું છે.

**સારાંશ** :-ઇંદ્રિય આદિ ચારમાંથી ગમે તે એકનું ગ્રહણ કરે તો પણ અન્ય આસ્રવોનો તેમાં સમાવેશ થઈ જાય છે. આમ હોવાં છતાં ઇંદ્રિયો વગેરે એકબીજામાં કેવી રીતે નિમિત્ત રૂપ બને છે, અને તેના યોગે કેવી કેવી પ્રવૃત્તિ થાય છે ઇત્યાદિનો સ્પષ્ટ બોધ થાય એ દૃષ્ટિ લક્ષ્યમાં રાખીને અહીં ચાર આસ્રવોનું ગ્રહણ કર્યું છે. આ ચારમાં પણ કષાયની પ્રધાનતા છે. બાકીના ત્રણનો એમાં સમાવેશ થઈ જાય છે.

જેમ પૂર્વે યોગ શુભ અશુભ એમ બે પ્રકારે છે, તેમાં શુભયોગ પુણ્યનો આસ્રવ છે અને અશુભયોગ પાપકર્મનો આસ્રવ છે, એમ જણાવ્યું છે; તેમ અહીં પણ ઇંદ્રિય આદિની પ્રવૃત્તિ પણ પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે પ્રકારે છે. તેમાં પ્રશસ્ત ઇંદ્રિય આદિની પ્રવૃત્તિ પુણ્ય કર્મનો અને અપ્રશસ્ત ઇંદ્રિય આદિની પ્રવૃત્તિ પાપ કર્મનો આસ્રવ છે. પૌદ્ગલિક સુખ માટે ઇંદ્રિય આદિની પ્રવૃત્તિ અપ્રશસ્ત છે. આત્મકલ્યાણના ઉદ્દેશથી ઇંદ્રિય આદિની પ્રવૃત્તિ પ્રશસ્ત છે. સ્ત્રીના અંગોપાંગ, નાટક આદિ જોવામાં ચક્ષુ ઇંદ્રિયની પ્રવૃત્તિ અપ્રશસ્ત છે. વીતરાગ દેવ, ગુરુ વગેરેના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દર્શનમાં ચક્ષુ ઇંદ્રિયની પ્રવૃત્તિ પ્રશસ્ત છે. પોતાનું અપમાન કરનાર વગેરે પ્રત્યે અહંકાર આદિને વશ બનીને ક્રોધ કરવો તે અપ્રશસ્ત ક્રોધ. અવિનીત શિષ્યાદિકને સન્માર્ગે લાવવાના શુભ ઇરાદાથી તેના પ્રત્યે બાહ્યથી ક્રોધ કરવો એ પ્રશસ્ત ક્રોધ છે.

આ પ્રમાણે અન્ય ઇંદ્રિયો વગેરેમાં પણ યથાયોગ્ય પ્રશસ્ત-અપ્રશસ્તની ઘટના કરી લેવી. સંક્ષેપમાં કહીએ તો જિનેશ્વરદેવની આજ્ઞાનુસારે થતી ઇંદ્રિય આદિની પ્રવૃત્તિ પ્રશસ્ત છે. અને આજ્ઞાને ઉલ્લંઘીને થતી ઇંદ્રિય આદિની પ્રવૃત્તિ અપ્રશસ્ત છે. [૬]

આસ્રવના (બાહ્ય) કારણો સમાન હોવા છતાં આંતરિક પરિણામ ભેદના કારણે કર્મબંધમાં થતા ભેદનું પ્રતિપાદન.

**तीव्र-मन्द-ज्ञाता-ऽज्ञातभाव-वीर्या-ऽधिकरण-**
**विशेषेभ्यस्तद्विशेषः ॥ ६-७ ॥**

**તીવ્ર-ભાવ, મંદભાવ, જ્ઞાતભાવ, અજ્ઞાતભાવ, વીર્ય અને અધિકરણના ભેદથી (પરિણામમાં ભેદ પડવાથી) કર્મબંધમાં ભેદ પડે છે.**

**તીવ્રમંદ ભાવ :**-તીવ્રભાવ એટલે અધિક પરિણામ. મંદભાવ એટલે અલ્પ પરિણામ. દા. ત. દોષિત અને નિર્દોષ વ્યક્તિના પ્રાણનો નાશ કરવામાં પ્રાણાતિપાતિકી ક્રિયા સમાન હોવા છતાં દોષિત વ્યક્તિની હિંસામાં હિંસાના પરિણામ મંદ હોય છે અને નિર્દોષ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યક્તિની હિંસામાં હિંસાના પરિણામ અધિક તીવ્ર હોય છે. રાજાની કે અન્યની પરતંત્રતાથી–આજ્ઞાથી જીવને હણવામાં અને પોતાના દુન્યવી સ્વાર્થના કારણે જીવને હણવામાં ક્રિયા સમાન છતાં હિંસાના પરિણામમાં ઘણો જ ભેદ હોય છે. એકમાં મંદ ભાવ હોય છે, જ્યારે બીજામાં તીવ્રભાવ હોય છે. એક પેટી પૂરવા અનીતિ કરે છે અને એક પેટ પૂરવા અનીતિ કરે છે. અહીં અનીતિના પરિણામ એકમાં તીવ્ર અને એકમાં મંદ છે. આથી કર્મબંધમાં ભેદ પડે છે. એકને તીવ્ર કર્મબંધ થાય છે અને એકને મંદ કર્મબંધ થાય છે. એક ખૂબ ઉલ્લાસમાં આવીને જિન ભક્તિ કરે છે અને એક સામાન્ય ઉલ્લાસથી જિનભક્તિ કરે છે. અહીં જિનભક્તિની ક્રિયા સમાન હોવા છતાં પરિણામમાં ભેદ છે. એથી પુણ્યમાં પણ ભેદ પડે છે. અત્યંત ઉલ્લાસવાળાને ઉત્કૃષ્ટ પુણ્યબંધ અને સામાન્ય ઉલ્લાસવાળાને સામાન્ય પુણ્યબંધ થાય છે. તીવ્રભાવ અને મંદભાવના ભેદથી કર્મબંધમાં ભેદ પડે છે.

**જ્ઞાત–અજ્ઞાતભાવઃ**—જ્ઞાતભાવ એટલે જાણીને ઈરાદાપૂર્વક આસ્રવની પ્રવૃત્તિ. અજ્ઞાતભાવ એટલે અજ્ઞાનતાથી–ઈરાદા વિના આસ્રવની પ્રવૃત્તિ. દા. ત. શિકારી જાણીને ઈરાદાપૂર્વક બાણથી હરણને હણે છે, જ્યારે અન્ય સ્તંભ આદિને વિંધવાના ઈરાદાથી બાણ ફેંકે છે, પણ કોઈ પ્રાણીને લાગતાં તે મરી જાય છે. અહીં પ્રથમ જીવ હિંસા કરે છે, જ્યારે બીજો જીવ હિંસા કરતો નથી, પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેનાથી હિંસા થઈ જાય છે, એ ભેદ છે. આથી બંનેના હિંસાના પરિણામમાં ભેદ છે. પરિણામના ભેદથી કર્મ-બંધમાં ભેદ પડે છે.

**વીર્ય**:—વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમ આદિથી પ્રાપ્ત શક્તિ. જેમ જેમ વીર્ય–શક્તિ વધારે તેમ તેમ પરિણામ વધારે તીવ્ર અને જેમ જેમ વીર્ય ઓછું તેમ તેમ પરિણામ વધારે મંદ હોય છે. તીવ્ર શક્તિવાળો અને મંદ શક્તિવાળો એ બંને એક જ પ્રકારની હિંસાની ક્રિયા કરવા છતાં વીર્યના ભેદના કારણે પરિણામમાં પણ ભેદ પડે છે. માટે જ[1] છઠ્ઠા સંઘયણવાળો (અત્યંત નબળા સંઘયણવાળો) સાતમી નરકમાં જવું પડે તેવું પાપ કરી શકે જ નહિ. જ્યારે પ્રથમ (અત્યંત બળયુક્ત) સંઘયણ-વાળો તેવું પાપ કરી શકે છે. જેમ નબળા સંઘયણવાળો જીવ પ્રબળ પાપ કરી શકતો નથી, તેમ પ્રબળ પુણ્ય પણ કરી શકતો નથી. નબળા સંઘયણવાળો ગમે તેવો ઉત્કૃષ્ટ ધર્મ કરે છતાં ચોથા દેવલોકથી ઉપર ન જાય. વીર્યનો આધાર શરીરના સંઘયણ ઉપર જ છે. આથી જેમ જેમ સંઘયણ મજબૂત તેમ તેમ પુણ્ય કે પાપ અધિક થઇ શકે. કયા કયા સંઘયણવાળો જીવ વધારેમાં વધારે કેટલું પુણ્ય–પાપ કરી શકે તે જાણવા કયા કયા સંઘયણવાળો જીવ કયા કયા દેવલોક સુધી કે કયી કયી નરક સુધી જઈ શકે છે તે જાણવું જરૂરી છે. તે આ પ્રમાણે:–

---

૧ સંઘયણની મજબૂતી માટે જુઓ આઠમા અધ્યાયનું ૧૨ મું સૂત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| સંઘયણ | સ્વર્ગ | નરક | સંઘયણ | સ્વર્ગ | નરક |
|---|---|---|---|---|---|
| ૬ | ૪ | ૨ | ૩ | ૧૦ | ૫ |
| ૫ | ૬ | ૩ | ૨ | ૧૨ | ૬ |
| ૪ | ૮ | ૪ | ૧ | મોક્ષ | ૭ |

ભરતક્ષેત્રમાં વર્તમાન કાળમાં છઠું જ સંઘયણ હોવાથી જીવો વધારેમાં વધારે ઉપર ચોથા દેવલોક સુધી અને નીચે બીજી નરક સુધી જ જઈ શકે.

**અધિકરણ:**—અધિકરણ એટલે આસ્રવની ક્રિયાનાં સાધનો. અધિકરણના ભેદથી પણ કર્મબંધમાં ભેદ પડે છે. દા. ત. એકની પાસે તલવાર તીક્ષ્ણ છે અને એકની પાસે બુઠ્ઠી છે તો એ બન્નેની હિંસાની ક્રિયા સમાન હોવા છતાં પરિણામમાં ભેદ પડે છે.

**પ્રશ્ન:**—અધિકરણ આદિના ભેદથી કર્મબંધમાં ભેદ પડે છે એવો એકાંતે નિયમ નથી. કેટલાકને અધિકરણ આદિ ન હોવા છતાં તીવ્ર કર્મ બંધ થાય છે. જેમકે તંદુલ મત્સ્ય. તેની પાસે હિંસાનાં સાધનો હોતાં નથી, વાસુદેવ આદિના જેવું બળ પણ હોતું નથી. છતાં તે સાતમી નરકમાં જાય છે. **ઉત્તર:**—અહીં કહેલ તીવ્ર ભાવ આદિ છમાં તીવ્રભાવ અને મંદભાવની જ મુખ્યતા છે. જ્ઞાતભાવ આદિ ચાર તીવ્ર ભાવ અને મંદ ભાવમાં નિમિત્ત હોવાથી કારણની દૃષ્ટિએ એ ચારનું ગ્રહણ કર્યું છે. જ્ઞાત ભાવ આદિની વિશેષતાથી કર્મબંધમાં ( આસ્રવમાં ) વિશેષતા આવે જ એવો એકાંતે નિયમ નથી. અહીં જ્ઞાતભાવ આદિની વિશેષતાથી કર્મબંધમાં વિશેષતા આવે છે એ કથન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહુલતાની દૃષ્ટિએ છે. તંદુલ મત્સ્ય આદિ અપવાદભૂત દૃષ્ટાંતોને છોડીને મોટા ભાગે જ્ઞાતભાવ આદિની વિશેષતાથી કર્મબંધમાં વિશેષતા (=ભેદ) થાય છે. અથવા અધિકરણ હવે પછીના સૂત્રમાં કહેવાશે તેમ બે પ્રકારે છે. તલવાર આદિ બાહ્ય અધિકરણ છે. કષાયાદિની તીવ્રતા-મંદતા વગેરે ૯મા સૂત્રમાં બતાવાશે તે પ્રમાણે (એકસો આઠ પ્રકારે) અભ્યંતર અધિકરણ છે. તંદુલીયો મત્સ્ય વગેરેને તલવારાદિ બાહ્ય અધિકરણનો અભાવ હોવા છતાં રૌદ્રધ્યાન સ્વરૂપ મન અને કષાયાદિ અભ્યન્તર અધિકરણ અતિ ભયંકર હોવાથી તે સાતમી નરકમાં જઈ શકે છે. [૭]

## અધિકરણના ભેદો-

**अधिकरणं जीवाऽजीवाः ॥ ६-८ ॥**

**અધિકરણના જીવ અને અજીવ એમ બે ભેદો છે.**

કેવળ જીવથી કે કેવળ અજીવથી આસ્રવ (=કર્મબંધ) થાય જ નહિ. જીવ અને અજીવ બંને હોય તો જ આસ્રવ થાય. માટે અહીં જીવ અને અજીવ એ બંનેને આસ્રવનાં અધિકરણ કહ્યા છે. જીવ આસ્રવનો કર્તા છે અને અજીવ આસ્રવમાં સહાયક છે. આથી જ જીવ ભાવ (=મુખ્ય) અધિકરણ છે. અને અજીવ દ્રવ્ય (=ગૌણ) અધિકરણ * છે. યદ્યપિ [૧]તીવ્ર

* आद्यं च जीवविषयत्वाद् भावाधिकरणमुक्तं, कर्मबन्धहेतुर्मुख्यतः । इदं तु द्रव्याधिकरणमुच्यते, परममुख्यं, निमित्तमात्रत्वाद् । (अ. ६ सू. १० नी टीका)

१ भावः तीव्रादिपरिणाम आत्मनः, स एवाधिकरणम् । (अ. ६ सू. ८ नी टीका)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવ અને મંદભાવમાં જીવ અધિકરણનો સમાવેશ થઈ જાય છે. છતાં તેના વિશેષ ભેદો બતાવવા અહીં ભાવ અધિકરણરૂપે જીવનું ગ્રહણ કર્યું છે. [૮]

## જીવ અધિકરણના ૧૦૮ ભેદો–

**आद्यं संरम्भ–समारम्भा–ऽऽरम्भ–योग कृत–कारिता–ऽनुमत–कषायविशेषैस्त्रिस्त्रिस्त्रिश्चतुश्चैकशः ॥ ६–९ ॥**

**સંરંભ, સમારંભ, આરંભ, ત્રણયોગ, કૃત, કારિત, અનુમત, ચારકષાય આ સર્વના સંયોગથી જીવાધિકરણના ૧૦૮ ભેદો છે.**

૧૦૮ ભેદોઃ—સંરંભ, સમારંભ અને આરંભ એ ત્રણ મન, વચન અને કાયા દ્વારા થાય છે. માટે ૩×૩=૯. આ નવ ભેદો જીવ સ્વયં કરે છે, કરાવે છે, અને અનુમોદે છે. એટલે ૯×૩=૨૭. આ ૨૭ ભેદોમાં ક્રોધાદિ ચાર કષાયો નિમિત્ત બને છે. માટે ૨૭×૪=૧૦૮.

સંરંભાદિનો અર્થઃ— સંરંભ=હિંસા આદિ ક્રિયાનો [૨]સંકલ્પ. સમારંભ=હિંસા આદિના સંકલ્પને પૂર્ણ કરવા જરૂરી સામગ્રી એકઠી કરવી. આરંભ= હિંસા આદિની ક્રિયા કરવી. ત્રણ યોગોનું સ્વરૂપ પૂર્વે આ અધ્યાયના પ્રથમ સૂત્રમાં આવી ગયું છે. કૃત=સ્વયં હિંસા આદિની ક્રિયા કરવી. કારિત=બીજા પાસે હિંસા આદિની ક્રિયા કરાવવી.

---

૨ संरंभो संकप्पो परितावकरो भवे समारंभो ।
आरंभो उद्दवतो शुद्धनयाणं तु सव्वेसिं ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુમત=અન્યની હિંસા આદિ ક્રિયાની અનુમોદના કરવી, પ્રશંસા કરવી. ક્રોધાદિ ચાર કષાયો સામાન્યથી પ્રસિદ્ધ છે. વિશેષથી કષાયોનું સ્વરૂપ આઠમા અધ્યાયના દશમા સૂત્રમાં જણાવવામાં આવશે. [૯]

## અજીવ અધિકરણના ભેદો–

**निर्वर्तना–निक्षेप–संयोग–निसर्गा द्वि–चतु–र्द्वि–त्रिभेदाः परम् ॥ ६–१० ॥**

**નિર્વર્તના, નિક્ષેપ, સંયોગ અને નિસર્ગ એ ચાર પ્રકારે અજીવાધિકરણ છે. તે ચારના અનુક્રમે ૨, ૪, ૨, ૩ ભેદો છે.**

(૧) **નિર્વર્તના** એટલે રચના. નિર્વર્તનાના મૂલ ગુણ અને ઉત્તર ગુણ એમ બે ભેદો છે. મૂલ ગુણ નિર્વર્તના એટલે ઔદારિક આદિ પાંચ શરીર, ભાષા, મન અને શ્વાસોશ્વાસની રચના. ઉત્તર ગુણ નિર્વર્તના એટલે કાષ્ઠ, તલવાર આદિની રચના. અહીં મૂળનો અર્થ મુખ્ય કે આભ્યંતર અને ઉત્તરનો અર્થ અમુખ્ય કે બાહ્ય છે. હિંસા આદિ ક્રિયા કરવામાં શરીર આદિ મુખ્ય–અભ્યંતર સાધન છે. અને તલવાર આદિ અમુખ્ય–બાહ્ય સાધન છે. મૂલ ગુણ અને ઉત્તર ગુણની રચનામાં હિંસા આદિ થવાથી એ રચના સ્વયં અધિકરણ રૂપ છે, અને અન્ય અધિકરણમાં કારણ પણ બને છે.

(૨) **નિક્ષેપ** એટલે મૂકવું. નિક્ષેપના અપ્રત્ય-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વેક્ષિત, દુષ્પ્રમાર્જિત, સહસા અને અનાભોગ એમ ચાર ભેદો છે. અપ્રત્યવેક્ષિત નિક્ષેપ એટલે ભૂમિને દૃષ્ટિથી જોયા વિના (કે જેમ તેમ જોઇને) વસ્તુ મૂકવી. દુષ્પ્રમાર્જિત-નિક્ષેપ એટલે ભૂમિનું જેમ તેમ પ્રમાર્જન કરીને અથવા પ્રમાર્જન કર્યા વિના વસ્તુ મૂકવી. સહસા નિક્ષેપ એટલે અશક્તિ આદિના કારણે સહસા (–ઔચિંતા કે ઉતાવળથી) બરોબર જોયા વિનાની અને પ્રમાર્જન કર્યા વિનાની ભૂમિ ઉપર વસ્તુ મૂકવી. અનાભોગ નિક્ષેપ એટલે વિસ્મૃતિ થવાથી ઉપયોગના અભાવે ભૂમિને જોયા વિના અને પ્રમાર્જ્યા વિના વસ્તુ મૂકવી.

અહીં નિક્ષેપ અધિકરણના ચાર ભેદો કારણના ભેદથી છે. કોઈ પણ વસ્તુ મૂકવી હોય તો જ્યાં મૂકવી હોય ત્યાં પ્રથમ દૃષ્ટિથી નિરીક્ષણ કરવું જોઈએ. જેથી વસ્તુ મૂકતાં કોઈ જીવ મરે નહિ. સૂક્ષ્મ જીવો એવા પણ હોય છે કે બરોબર જોવા છતાં દૃષ્ટિમાં આવે નહિ. આથી આંખોથી બરોબર જોયા પછી પણ રજોહરણ વગેરે જીવરક્ષાના સાધનથી ભૂમિનું પ્રમાર્જન કરવું જોઈએ. જેથી ત્યાં સૂક્ષ્મ જીવ હોય તો દૂર થઈ જાય. એટલે જો જ્યાં વસ્તુ મૂકવી હોય ત્યાં દૃષ્ટિથી નિરીક્ષણ તથા રજોહરણ આદિથી ભૂમિનું પ્રમાર્જન ન કરવામાં આવે, કરવામાં આવે તો પણ બરોબર ન કરવામાં આવે, તો નિક્ષેપ અધિકરણ બને છે. તેમાં જો દૃષ્ટિથી બરોબર નિરીક્ષણ ન કરવામાં આવે તો અપ્રત્યવેક્ષિત અને રજોહરણ આદિથી બરોબર પ્રમાર્જન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન કરવામાં આવે તો દુષ્પ્રમાર્જિત એમ બે નિક્ષેપ અધિકરણ બને છે. પછીના બે નિક્ષેપ પણ નિરીક્ષણ અને પ્રમાર્જન ન કરવાથી કે બરોબર ન કરવાથી જ બને છે. છતાં પ્રથમના બે (અપ્રત્યવેક્ષિત અને દુષ્પ્રમાર્જિત) બેદરકારીથી (પ્રમાદથી) બને છે, જ્યારે પછીના બે (સહસા અને અનાભોગ) બેદરકારીથી–પ્રમાદથી નથી બનતા, કિન્તુ અનુક્રમે સહસા અને વિસ્મૃતિથી બને છે. યદ્યપિ અનાભોગમાં બેદરકારી તો છે, પણ પ્રથમના બે જેટલી નથી. આમ કારણભેદના કારણે એક જ નિક્ષેપના ચાર ભેદ પડે છે.

(૩) **સંયોગ** એટલે ભેગું કરવું–જોડવું. સંયોગ અધિકરણ ભક્તપાન અને ઉપકરણ એ બે પ્રકારે છે. ભક્તપાન સંયોગ એટલે ભોજનને સ્વાદિષ્ટ બનાવવા રોટલી આદિની સાથે ગોળ, મુરબ્બો, શાક આદિનો સંયોગ કરવો, દૂધમાં સાકર નાખવી વગેરે. ઉપકરણ સંયોગ એટલે વેશભૂષાના ઉદ્દેશથી પહેરવાનું એક વસ્ત્ર નવું હોય અને એક વસ્ત્ર જૂનું હોય તો જૂનું કાઢીને બીજું પણ નવું વસ્ત્ર પહેરવું વગેરે.

(૪) **નિસર્ગ** એટલે ત્યાગ. નિસર્ગ અધિકરણના મન, વચન અને કાયા એ ત્રણ ભેદો છે. મનોનિસર્ગ એટલે શાસ્ત્ર વિરુદ્ધ વિચાર કરવો. અહીં મનનો ત્યાગ એટલે મન રૂપે પરિણમાવેલા મનોવર્ગણાના પુદ્ગલોનો ત્યાગ, અને મનરૂપે પરિણમાવેલા મનોવર્ગણાના પુદ્ગલોનો ત્યાગ એટલે જ વિચાર. વાચાનિસર્ગ એટલે શાસ્ત્રથી વિરુદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બોલવું. અહીં પણ ભાષાનો ત્યાગ એટલે ભાષારૂપે પરિણમાવેલા ભાષા વર્ગણાના પુદ્ગલોનો ત્યાગ, અને ભાષા રૂપે પરિણમાવેલા ભાષા વર્ગણાના પુદ્ગલોનો ત્યાગ એટલે જ ભાષા-બોલવું. કાયનિસર્ગ એટલે શસ્ત્ર, અગ્નિપ્રવેશ, જલપ્રવેશ, પાશબંધન આદિથી કાયાનો ત્યાગ કરવો. [૧૦]

[ અહીં સુધી સામાન્યથી આસ્રવનું અને આસ્રવમાં થતી વિશેષતાનાં કારણોનું વર્ણન કર્યું. હવે જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મોને આશ્રયીને તે તે કર્મસંબંધી વિશેષ આસ્રવોનું ક્રમશઃ વર્ણન શરૂ થાય છે. જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મોનું વર્ણન આઠમા અધ્યાયમાં ત્રીજા સૂત્રથી શરૂ થશે. ]

## જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના આસ્રવો

**તત્પ્રદોષ-નિહ્નવ-માત્સર્યા-ઽન્તરાયા-ઽઽસાદનોપઘાતા જ્ઞાનદર્શનાવરણયોઃ ॥ ૬-૧૧ ॥**

**જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનો સંબંધી યથાસંભવ પ્રદોષ, નિહ્નવ, માત્સર્ય, અંતરાય, આસાદન અને ઉપઘાત એ છ જ્ઞાનાવરણીય કર્મના અને દર્શન, દર્શની અને દર્શનનાં સાધનો વિશે યથાસંભવ પ્રદોષ આદિ છ એ દર્શનાવરણીય કર્મના આસ્રવો છે.**

(૧) **પ્રદોષ** :-વાચના કે વ્યાખ્યાન આદિના સમયે પ્રકાશિત થતા તત્ત્વજ્ઞાન પ્રત્યે અરુચિ થવી, જ્ઞાન ભણતાં કંટાળો આવવો. જ્ઞાનીની પ્રશંસા આદિ સહન ન થવાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે અન્ય કારણથી તેના પ્રત્યે દ્વેષ-વૈર ભાવ રાખવો. જ્ઞાનનાં સાધનોને જોઈને તેમના પ્રત્યે રુચિ-પ્રેમ ન થાય વગેરે.

(૨) **નિહ્નવ** :–પોતાની પાસે જ્ઞાન હોવા છતાં કોઈ ભણવા આવે તો (કંટાળો, પ્રમાદ આદિના કારણે) હું જાણતો નથી એમ કહીને ન ભણાવવું. જેમની પાસે અભ્યાસ કર્યો હોય તેમને જ્ઞાનગુરુ તરીકે ન માનવા. જ્ઞાનનાં સાધનો પોતાની પાસે હોવા છતાં નથી એમ કહેવું વગેરે.

(૩) **માત્સર્ય** :–પોતાની પાસે જ્ઞાન હોય અને અન્ય યોગ્ય વ્યક્તિ ભણવા આવે ત્યારે, આ ભણીને મારા સમાન વિદ્વાન થઈ જશે, કે મારાથી પણ આગળ વધી જશે, એમ ઈર્ષ્યાથી તેને જ્ઞાનનું દાન ન કરવું. જ્ઞાની પ્રત્યે ઈર્ષ્યા ધારણ કરવી વગેરે.

(૪) **અંતરાય** :–અન્યને ભણવા વગેરેમાં વિઘ્ન ઊભું કરવું. સ્વાધ્યાય ચાલુ હોય ત્યારે નિરર્થક તેને (સ્વાધ્યાય કરનારને) બોલાવવો, કામ સોંપવું, તેના સ્વાધ્યાયમાં વિક્ષેપ થાય તેમ બોલવું કે વર્તવું. વ્યાખ્યાન આદિમાં વાતચીત કરવી, ઘોંઘાટ કરવો. અન્યને વ્યાખ્યાનમાં જતા રોકવા. જ્ઞાનનાં સાધનો હોવા છતાં ન આપવાં વગેરે.

(૫) **આસાદન** :–જ્ઞાન, જ્ઞાની કે જ્ઞાનનાં સાધનો પ્રત્યે અનાદરથી વર્તવું, વિનય, બહુમાન વગેરે ન કરવું, ઉપેક્ષા સેવવી. અવિધિએ ભણવું–ભણાવવું [1] વગેરે.

---

[1] **आसादना अविध्यादिग्रहणादिना, उपघातो मति-मोहेनाहाराद्यदानेन** । (શ્રી હરિભદ્રસૂરિની ટીકા)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬) ઉપઘાતઃ—અજ્ઞાનતા આદિથી "આ કથન અસત્ય છે." ઇત્યાદિ રૂપે જ્ઞાનમાં દૂષણ લગાડવું. આમ ન જ હોય ઇત્યાદિ રૂપે જ્ઞાનીનાં વચનો અસત્ય માનવાં. જ્ઞાનીને આહારાદિના દાનથી સહાયતા ન કરવી. જ્ઞાનનાં સાધનોનો નાશ કરવો વગેરે.

યદ્યપિ આસાદન અને ઉપઘાત એ બંનેનો અર્થ નાશ થાય છે. પણ આસાદનમાં જ્ઞાન આદિ પ્રત્યે અનાદરની પ્રધાનતા છે, જ્યારે ઉપઘાતમાં દૂષણની પ્રધાનતા છે. આમ આસાદન અને ઉપઘાતમાં તફાવત છે એમ સર્વાર્થસિદ્ધિ ટીકા[૨] આદિમાં જણાવ્યું છે.

**તદુપરાંતઃ**—જ્ઞાનીની પ્રતિકૂળ વર્તવું, જ્ઞાનીના વચન ઉપર શ્રદ્ધા ન રાખવી, જ્ઞાનીનું અપમાન કરવું, જ્ઞાનનો ગર્વ કરવો, અકાળે અધ્યયન, અભ્યાસમાં પ્રમાદ, સ્વાધ્યાય, વ્યાખ્યાનશ્રવણ વગેરે અનાદરથી કરવું, ખોટો ઉપદેશ આપવો, સૂત્ર વિરુદ્ધ બોલવું, શાસ્ત્રો (અર્થોપાર્જનના હેતુથી) વેચવાં[૩] વગેરેનો પણ પ્રદોષ આદિમાં સમાવેશ થાય છે.

**વર્તમાનકાળમાં થતી જ્ઞાનની આશાતનાઃ—**

પુસ્તક આદિ જ્ઞાનનાં સાધનોને નીચે ભૂમિ ઉપર

---

૨ सतो ज्ञानस्य विनयप्रदानादिगुणकीर्तनाननुष्ठानमासादनम्, उपघातस्तु ज्ञानमज्ञानमेवेति ज्ञानना-शाभिप्रायः इत्यनयोरयं भेदः। (सर्वार्थसिद्धि टीका)

૩ જુઓ રાજવાર્તિક વગેરે ગ્રંથો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાખવાં, ગમે ત્યાં ફેંકી દેવાં, મેલા કપડા સાથે કે શરીર આદિ અશુદ્ધ વસ્તુ સાથે અડાડવાં, બગલમાં કે બીસામાં રાખવાં, સાથે રાખી ઝાડો પેશાબ વગેરે કરવું, એંઠા મુખે બોલવું, અક્ષરવાળા પેંડા, કપડાં, સાબુ વગેરેનો ઉપયોગ કરવો, કાગળોમાં બાવા વગેરેની વસ્તુઓ બાંધવી, બાવું, કાગળોને ગમે ત્યાં ફેંકી દેવા, પગ લગાડવો, બાળી નાંખવા, ચરવળો, ઓઘો, મુહપત્તિ વગેરે સાથે પુસ્તકો અડાડવાં કે રાખવાં વગેરે. ઉક્ત આસ્રવોથી ભવાંતરમાં જ્ઞાન ન ચડે તેવાં અશુભ કર્મો બંધાય છે. આ પ્રમાણે દર્શનગુણને આશ્રયીને પણ સમજી લેવું. અહીં દર્શન એટલે તાત્વિક પદાર્થોની શ્રદ્ધા. વિશિષ્ટ આચાર્ય વગેરે દર્શની છે. વિશિષ્ટ જ્ઞાનના ગ્રંથો, જિનમંદિર વગેરે દર્શનનાં સાધનો છે. [1][૧૧]

## અસાતા વેદનીય કર્મના આસ્રવો :—

**दुःख-शोक-ताप-ऽऽक्रन्दन-वध-परिदेवनान्यात्मपरो-भयस्थान्यसद्वेद्यस्य ॥ ६-१२ ॥**

**દુઃખ, શોક, સંતાપ, આક્રંદન, વધ અને પરિદેવન સ્વયં અનુભવે કે અન્યને કરાવે તથા**

---

[1] नवरं दर्शनस्य तत्त्वार्थश्रद्धानलक्षणस्य, दर्शनिनां विशिष्टाचार्याणां दर्शनसाधनानां च सम्मत्यादि-पुस्तकानामिति वाच्यम् । (श्री हरिभद्रसूरि टीका).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્વયં પણ અનુભવે અને અન્યને પણ કરાવે એમ [1]ત્રણે રીતે આસાતાવેદનીય કર્મના આસ્રવો બને છે.**

(૧) **દુઃખ** એટલે અનિષ્ટ વસ્તુનો સંયોગ અને ઇષ્ટ વસ્તુનો વિયોગ આદિ બાહ્ય કે રાગ વગેરે અભ્યંતર નિમિત્તોથી અસાતાવેદનીય કર્મના ઉદયથી થતી પીડા. (૨) **શોક** એટલે અનુગ્રહ કરનાર બંધુ આદિના વિયોગથી વારંવાર તેના વિયોગના વિચારો દ્વારા માનસિક ચિંતા–ખેદ વગેરે. (૩) **તાપ** એટલે કઠોરવચનશ્રવણ, ઠપકો પરાભવ વગેરેથી હૃદયમાં બળ્યા કરવું વગેરે. (૪) **આક્રંદન** એટલે હૃદયમાં પરિતાપ (માનસિક બળતરા) થવાથી માથું પછાડવું, છાતી કૂટવી, હાથ–પગ પછાડવા, અશ્રુપાત કરવા પૂર્વક રડવું વગેરે. (૫) **વધ** એટલે પ્રાણનો વિયોગ કરવો, સોટી આદિથી માર મારવો વગેરે. (૬) **પરિદેવન** એટલે અનુગ્રહ કરનાર બંધુ આદિના વિયોગથી વિલાપ કરવો, બીજાને દયા આવે એ પ્રમાણે દીન બનીને તેના વિયોગનું દુઃખ પ્રગટ કરવું વગેરે.

યદ્યપિ શોક વગેરે પણ દુઃખ રૂપ જ છે, છતાં અસાતા વેદનીય કર્મના ઉદયથી જીવો કેવા કેવા પ્રકારનાં દુઃખો અનુભવે છે તે જણાવવા અહીં શોક વગેરેને જુદાં બતાવ્યાં છે.

---

૧ બરાબ સ્વભાવના લોકો અયોગ્ય વર્તન કરીને સ્વયં તો દુઃખ પામે છે. પણ પોતાના સહવાસીઓને પણ દુઃખી કરે છે. તેમને અનેક તકલીફો ઉભી કરે છે. આથી આવા જીવો બન્ને રીતે અસાતા બાંધે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શોકમાં મનમાં ચિંતા કે ખેદ આદિ થાય છે. જ્યારે પરિદેવનમાં હૃદયમાં રહેલી ચિંતા આદિ કરુણ શબ્દોથી બહાર પ્રગટ થાય છે. આમ શોક અને પરિદેવનમાં ભેદ છે.

અનીતિ, વિશ્વાસઘાત, ત્રાસ, તિરસ્કાર, ઠપકો, ચાડી, પરપરાભવ, પરનિંદા, આત્મશ્લાઘા, નિર્દયતા, મહાઆરંભ, મહાપરિગ્રહ વગેરે પણ અસાતા વેદનીયના આસ્રવો છે. ટૂંકમાં અન્યને દુઃખ થાય તેવી કોઈ પણ પ્રવૃત્તિ અસાતા-વેદનીય કર્મના આસ્રવરૂપ બને છે. આ આસ્રવોથી ભવાંતરમાં કે આ ભવમાં પણ દુઃખ મળે તેવાં અશુભ કર્મો બંધાય છે.

**પ્રશ્ન** :—જો દુઃખ અસાતાવેદનીય કર્મનો આસ્રવ છે તો તીર્થંકરોએ તપ, ત્યાગ, કેશલુંચન આદિનો ઉપદેશ નહિ આપવો જોઈએ. કારણ કે તેનાથી દુઃખ ઉત્પન્ન થાય છે. **ઉત્તર** :–અહીં દુઃખ અસાતા વેદનીય કર્મનો આસ્રવ છે એનો અર્થ એ છે કે ક્રોધાદિ કષાયના આવેશથી દીનતા પૂર્વક ઉત્પન્ન થતું દુઃખ અસાતાવેદનીય કર્મનો આસ્રવ છે. પણ આત્મશુદ્ધિના ધ્યેયથી સ્વેચ્છાથી સ્વીકારવામાં આવતું દુઃખ કે તેવા પ્રકારના કર્મોના ઉદયથી સ્વયં આવી પડેલું હોવાં છતાં આત્મશુદ્ધિના ધ્યેયથી સમભાવે સહન કરાતું દુઃખ અસાતાવેદનીયનો આસ્રવ નથી. અધ્યાત્મ પ્રેમી જીવો આત્મશુદ્ધિના ધ્યેયથી સ્વેચ્છાથી તપ આદિનું દુઃખ સહન કરે છે એટલે તે દુઃખમાં ક્રોધાદિ કષાયનો આવેશ ન હોવાથી અને મનની પ્રસન્નતા હોવાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમને અસાતાવેદનીયનો બંધ થતો નથી, બલ્કે ઘણી નિર્જરા ( પૂર્વે બંધાયેલા અશુભ કર્મનો ક્ષય ) થાય છે.

સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારવામાં આવે તો અધ્યાત્મ-પ્રેમીઓને તપ આદિમાં થતુ દુઃખ દુઃખરૂપ લાગતું નથી, બલ્કે સુખનો અનુભવ થાય છે. કારણ કે એમની નજર ભાવી સુખ તરફ હોય છે. આપણે આપણા જીવનમાં અનેક પ્રસંગોમાં કયાં અનુભવતા નથી કે વર્તમાનનું ગમે તેવું દુઃખ ભાવી સુખની આશાથી દુઃખરૂપ લાગતું નથી. રોગી રોગને દૂર કરવા કટુ ઔષધનું સેવન, પથ્યપાલન વગેરે અનેક કષ્ટો સહન કરે છે. છતાં તે કષ્ટો તેને કષ્ટરૂપ લાગતાં નથી, બલ્કે સુખરૂપ લાગે છે. તેના મુખ ઉપર પ્રસન્નતા હોય છે. કારણ કે તેની નજર ભાવી સુખ તરફ હોય છે. વર્ષોથી પતિવિયોગથી ઝૂરતી યુવતિ જ્યારે બેચાર દિવસોમાં પતિનો સંયોગ થશે તેવા સમાચાર મળે છે ત્યારે સુખનો કેવો અનુભવ કરે છે? પતિસંયોગના માત્ર સમાચારથી ઉત્પન્ન થયેલું સુખ એના દિલમાં સમાતું નથી. શું અત્યારે પતિનો વિયોગ નથી? પતિ વિયોગનું દુઃખ હોવા છતાં ભાવી સંયોગસુખની આશાથી તે દુઃખ તેને દુઃખરૂપ લાગતું નથી.

આધ્યાત્મિક માર્ગમાં કષ્ટનું વિધાન ભાવી સુખને લક્ષ્યમાં રાખીને કરવામાં આવ્યું છે. આથી તીર્થંકરોના ઉપદેશથી થતા તપ વગેરેમાં મનની પ્રસન્નતા – સમતા હોવાથી અસાતાવેદનીય કર્મ બંધાતું નથી, બલ્કે ભવિષ્યમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપનાર અસાતા વેદનીય કર્મનો ક્ષય વગેરે થાય છે. દુઃખથી સર્વથા મુક્ત થવાનો ઉપાય પણ આજ છે. જો સમભાવે સહન કરવામાં આવતા દુઃખથી પણ અસાતાવેદનીય કર્મનો બંધ થાય તો દુઃખનો કદી અંત જ ન આવે. કારણ કે જ્યારે જ્યારે દુઃખ આવશે ત્યારે ત્યારે અસાતાવેદનીય કર્મનો બંધ થશે. એ કર્મ ઉદયમાં આવશે ત્યારે પુનઃ દુઃખનો અનુભવ અને અસાતાવેદનીય કર્મનો બંધ થશે. પુનઃ એ કર્મ ઉદયમાં આવશે ત્યારે પુનઃ દુઃખનો અનુભવ અને અસાતાવેદનીય કર્મનો બંધ થશે. આમ ઘટમાળ ચાલ્યા કરશે. પણ તેવું નથી. સમભાવે દુઃખ સહન કરવાથી નવું અસાતાવેદનીય કર્મ તો ન બંધાય, બલ્કે પૂર્વે બંધાયેલ અસાતાવેદનીય કર્મ બળી જાય. આથી જેણે સર્વથા દુઃખથી મુક્ત થવું હોય તેણે તપ આદિનું સેવન કરવું જ જોઈએ. પ્રાયઃ દરેક જીવે પૂર્વે અજ્ઞાન અવસ્થામાં અસાતાવેદનીય કર્મો બાંધેલાં હોય છે. એટલે એ કર્મો ગમે ત્યારે ઉદયમાં આવીને દુઃખ આપવાનાં. એ કર્મો કયારે ઉદયમાં આવશે તે આપણે જાણતા નથી. પણ એ કર્મો ઉદયમાં આવશે એ તો નિશ્ચિત છે. હવે જો એ કર્મો ઉદયમાં આવે અને તે વખતે અનિચ્છાએ પણ આપણે દુઃખ ભોગવવું પડશે અને નવાં કર્મો બંધાશે, તો એ કર્મો ઉદયમાં આવે એ પહેલાં જ તપ આદિ દ્વારા એનો નાશ શા માટે ન કરવો ? પોતાની પાસે મૂડી હોવા છતાં દેણદારને સ્વયં આપે નહિ, પછી પઠાણી ઉઘરાણી આવે ત્યારે આપે એ કેવો ગણાય ? સમજુ માણસ તો પાસે મૂડી હોય તો પઠાણી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉધરાણી આવે એ પહેલાં જ જાતે જ જઈને સ્વેચ્છાથી આનંદપૂર્વક બધી રકમ ચૂકતે કરી દે. એકી સાથે આપી શકાય તેમ ન હોય તો ટુકડે ટુકડે પણ ઉધરાણી આવે એ પહેલાં જ આપી દે. તેમ સાધક પણ કર્મ ઉદયમાં આવે એ પહેલાં જ તેને પોતાની શક્તિ પ્રમાણે ખપાવવાનો પ્રયત્ન કરે. કદાચ તેવા પ્રકારની મનની નિર્બળતાથી કર્મો ઉદયમાં આવે એ પહેલાં નાશ કરવાનો પ્રયત્ન ન કરે તો પણ સ્વયં એ કર્મો ઉદયમાં આવી જાય તો તેને સમભાવે સહન કરી લે. કારણ કે એ સમજતો હોય છે કે ઇચ્છાએ કે અનિચ્છાએ મારે દુઃખ સહન કરવાનું જ છે, તો મન બગાડ્યા વિના સહન કરી લેવામાં જ સારું છે.

આનાથી ભાવી નવા કર્મોનો બંધ અટકે છે. ઉદયમાં આવતાં કર્મો સમભાવે ભોગવાય, અને નવાં કર્મો ન બંધાય તો એક દિવસ એવો આવે કે સઘળાં કર્મોનો ક્ષય થઈ જાય અને આત્મા દુઃખથી સર્વથા મુક્ત બની જાય. માટે જેણે દુઃખથી સર્વથા મુક્ત બનવું હોય તેણે તપ આદિ દ્વારા પૂર્વે બંધાયેલાં કર્મોનો નાશ કરવા પ્રયત્ન કરવો જોઈએ. તે ન બની શકે તો પણ સ્વયં ઉદયમાં આવેલાં કર્મોને તો સમભાવે જ ભોગવી લેવા જોઈએ. અન્યથા કર્મ અને દુઃખની ઘટમાળ ચાલ્યા કરશે. [૧૨]

## સાતા વેદનીય કર્મના આસ્રવો–

**ભૂત–વ્રત્યનુકમ્પા દાનં સરાગસંયમાદિયોગઃ ક્ષાન્તિઃ શૌચમિતિ સદ્વેદ્યસ્ય ॥ ૬–૧૩ ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભૂત–અનુકંપા, વ્રતી–અનુકંપા, દાન, સરાગ-સંયમ, સંયમાસંયમ, અકામનિર્જરા, બાલતપ, ક્ષમા અને શૌચ એ સાતાવેદનીય કર્મના આસ્રવો છે.**

(૧) **ભૂત–અનુકંપાઃ**—ભૂત એટલે જીવ. સર્વ જીવો પ્રત્યે અનુકંપા–દયાના પરિણામ. (૨) **વ્રતી–અનુ-કંપાઃ**—વ્રતીના અગારી અને અણગાર એમ બે પ્રકાર છે. ગૃહાવસ્થામાં રહીને સ્થૂલ પ્રાણાતિપાત આદિ પાપોનો ત્યાગ કરનાર દેશવિરતિ શ્રાવક અગારી વ્રતી છે. સર્વ પ્રકારના પાપોનો ત્યાગ કરનાર પંચમહાવ્રતધારી સાધુઓ અણગાર વ્રતી છે. બંને પ્રકારના વ્રતીની ભક્તપાન, વસ્ત્ર, પાત્ર, આશ્રય, ઔષધ આદિથી અનુકંપા–ભક્તિ કરવી એ વ્રતી–અનુકંપા છે. (૩) **દાનઃ**—સ્વ–પર પ્રત્યે અનુગ્રહ બુદ્ધિથી પોતાની વસ્તુ પરને આપવી. (૪)**સરાગસંયમઃ**–(સંજ્વલન) લોભાદિ કષાયો રાગ છે. રાગથી સહિત તે સરાગ. સંયમ એટલે પ્રાણાતિપાત આદિ પાપોથી નિવૃત્તિ. રાગ સહિત સંયમ તે સરાગસંયમ. અથવા સરાગ (રાગ સહિત) વ્ય-ક્તિનો સંયમ સરાગસંયમ. અર્થાત્ સંજ્વલન કષાયના ઉદય-વાળા મુનિઓનું સંયમ એ સરાગસંયમ છે. (૫) **સંયમા-સંયમઃ**—જેમાં આંશિક સંયમ હોય અને આંશિક અસં-યમ હોય તે સંયમાસંયમ, અર્થાત્ દેશવિરતિ.

(૬) **અકામનિર્જરાઃ**—કામ એટલે ઇચ્છા. નિર્જરા એટલે કર્મોનો ક્ષય. સ્વેચ્છાથી કર્મોનો નાશ તે સકામનિર્જરા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ઇચ્છા વિના કર્મોનો નાશ તે અકામનિર્જરા. ઇચ્છા ન હોવા છતાં પરતંત્રતા, અનુરોધ, સાધનનો અભાવ, રોગ વગેરેના કારણે પાપપ્રવૃત્તિ ન કરે, વિષય સુખનું સેવન ન કરે, આવેલ કષ્ટ શાંતિથી સહન કરે, ઇત્યાદિથી અકામનિર્જરા થાય. પરતંત્રતાથી અકામનિર્જરાઃ– જેલમાં ગયેલ માણસ, નોકર વગેરે પરતંત્રતાના કારણે ઇષ્ટ વિયોગનું અને અનિષ્ટ સંયોગનું દુઃખ સહન કરે, આહાર, સુંદર વસ્ત્ર આદિનો ભોગ-ઉપભોગ ન કરે, આવેલી પરિસ્થિતિને શાંતિથી સહન કરે તો અકામનિર્જરા થાય. અનુરોધ (દાક્ષિણ્ય કે પ્રીતિ)થી અકામનિર્જરાઃ– મિત્ર કે સ્વજન વગેરે આપત્તિમાં આવે ત્યારે દાક્ષિણ્યતાથી કે પ્રીતિથી તેમને મદદ કરવા કષ્ટ સહન કરે, વ્યવહારની ખાતર મિષ્ટાન્ન આદિનો ત્યાગ કરે, વગેરેથી અકામનિર્જરા થાય. સાધનના અભાવથી અકામનિર્જરાઃ– ભિખારી, ગરીબ મનુષ્યો, તિર્યંચો વગેરેને શીત–તાપ આદિ કષ્ટથી અકામનિર્જરા થાય. રોગથી અકામનિર્જરાઃ– રોગના કારણે મિષ્ટાન્ન આદિનો ત્યાગ કરે, વૈદ્યાદિની પરતંત્રતા સહન કરે, તાવ આદિનું દુઃખ સહન કરે વગેરેથી અકામનિર્જરા થાય. અહીં સહન કરવાના ઇરાદા વિના સહન કરવાથી અકામનિર્જરા થાય છે.

(૭) **બાલતપઃ**—અજ્ઞાનતાથી (વિવેક વિના) થતો અગ્નિપ્રવેશ, પંચાગ્નિતાપ, ભૃગુપાત વગેરે તપ બાલતપ છે. (૮) **ક્ષમાઃ**—ક્રોધ કષાયના ઉદયને રોકવો કે ઉદય પામેલા કષાયને નિષ્ફળ બનાવવો. (૯) **શૌચઃ**—લોભ કષાયનો ત્યાગ, અર્થાત્ સંતોષ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સર્વે સાતાવેદનીય કર્મના આસ્રવો છે.

**તદુપરાંત**—ધર્મરાગ, તપનું સેવન, બાળ, ગ્લાન, તપસ્વી આદિનું વૈયાવચ્ચ, દેવગુરુની ભક્તિ, માતા-પિતાની સેવા વગેરેના શુભ પરિણામો પણ સાતાવેદનીય કર્મના આસ્રવો છે. આ આસ્રવોથી ભવાંતરમાં કે આ ભવમાં[1] પણ સુખ મળે તેવાં શુભ કર્મો બંધાય છે. [૧૩]

## દર્શનમોહનીયના આસ્રવો-

**केवलि-श्रुत-सङ्घ-धर्म-देवाऽवर्णवादो दर्शनमोहस्य ॥६-१४॥**

**કેવળીનો, શ્રુતનો, સંઘનો, ધર્મનો અને દેવોનો અવર્ણવાદ દર્શનમોહનીયનો આસ્રવ છે.**

**(૧) કેવળી:**—રાગદ્વેષ રહિત અને કેવળજ્ઞાન યુક્ત હોય તે કેવળી. કેવળી શરમ વગરના છે કારણકે નગ્ન ફરે છે. સમવસરણમાં થતી અપ્કાય આદિની હિંસાનું અનુમોદન કરે છે. કારણકે હિંસાથી તૈયાર થયેલા સમવસરણનો ઉપયોગ કરે છે. સર્વજ્ઞ હોવાથી મોક્ષના સર્વ પ્રકારના ઉપાયો જાણવા છતાં આવા તપ-ત્યાગ આદિ કઠીન ઉપાયો બતાવ્યા છે. નિગોદમાં અનંત જીવો ન હોઈ શકે. ઇત્યાદિ રૂપે કેવળીનો અવર્ણવાદ દર્શનમોહનીયનો આસ્રવ છે.

**(૨) શ્રુત:**—અર્થથી તીર્થંકર પ્રણીત અને સૂત્રથી ગણધર ગુંફિત આચારાંગ વગેરે અંગસૂત્રો, ઔપપાતિક

---

૧. જો તીવ્રભાવથી શુભ કાર્ય કરવામાં આવે તો આ ભવમાં પણ તેનું ફળ મળે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વગેરે ઉપાંગ સૂત્રો, છેદ ગ્રંથો વગેરે શ્રુત છે. સૂત્રો પ્રાકૃત ભાષામાં–સામાન્ય ભાષામાં રચાયેલાં છે. એકની એક વસ્તુનું નિરર્થક વારંવાર વર્ણન આવે છે. વ્રત, છ જીવનિકાય, પ્રમાદ વગેરેનો નિરર્થક વારંવાર ઉપદેશ આવે છે. અનેક પ્રકારના અયોગ્ય અપવાદો બનાવેલા છે. ઇત્યાદિ રૂપે શ્રુતનો અવર્ણવાદ દર્શનમોહનીયનો આસ્રવ છે.

(૩) **સંઘઃ**—સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ ચાર પ્રકારનો સંઘ છે. સાધુ–સાધ્વીઓ શરીર આદિની પવિત્રતા રાખતા નથી. કદી સ્નાન કરતા નથી. સમાજને ભારરૂપ થાય છે. સમાજનું અન્ન ખાવા છતાં સમાજની સેવા કરતા નથી. શ્રાવકો અને શ્રાવિકાઓ સ્નાનને ધર્મ માનતા નથી, બ્રાહ્મણોને દાન આપતા નથી, હોસ્પિટલ વગેરે આરોગ્યનાં સાધનો બનાવતા નથી. ઇત્યાદિ રૂપે સંઘનો અવર્ણવાદ દર્શનમોહનીયનો આસ્રવ છે.

(૪) **ધર્મઃ**—પાંચ મહાવ્રત આદિ અનેક પ્રકારનો ધર્મ છે. ધર્મનું પ્રત્યક્ષ ફળ દેખાતું નથી માટે ધર્મ હુંબક છે. ધર્મથી સુખ મળે છે એવું છે જ નહિ. કારણ કે ધર્મ કરવા છતાં દુઃખી અને ધર્મ ન કરવા છતાં સુખી દેખાય છે. ઇત્યાદિ રૂપે ધર્મનો અવર્ણવાદ દર્શનમોહનીયનો આસ્રવ છે.

(૫) **દેવઃ**—અહીં દેવ શબ્દથી ભવનપતિ આદિ દેવ વિવક્ષિત છે. દેવો છે નહિ. દેવો હોય તો અહીં શા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે ન આવે ? દેવો મદ્ય-માંસનું સેવન કરે છે. ઇત્યાદિ રૂપે દેવોનો અવર્ણવાદ દર્શનમોહનીયનો આસ્રવ છે.

**તદુપરાંત**—મિથ્યાત્વનો તીવ્ર પરિણામ, ઉન્માર્ગ દેશના, ધાર્મિક લોકોનાં દૂષણો જોવાં, અસદ્ અભિનિવેશ (-કદાગ્રહ), કુદેવ આદિનું સેવન વગેરે પણ દર્શનમોહનીયના આસ્રવો છે. એ આસ્રવોથી ભવાંતરમાં સદ્ધર્મ ન મળે તેવાં કર્મો બંધાય છે.

દુઃખનું મૂળ સંસાર છે. સંસારનું મૂળ દર્શનમોહનીય-મિથ્યાત્વ છે. માટે સાધકે ભૂલે ચૂકે પણ કેવળી આદિનો અવર્ણવાદ ન થઈ જાય તેની કાળજી રાખવી જોઈએ. દેવ આદિ વિશે બોલતાં પહેલાં ખૂબ જ વિચાર કરવો જોઈએ. કોઈનો પણ અવર્ણવાદ પાપ છે. જ્યારે કેવળી આદિનો અવર્ણવાદ મહાપાપ છે. સ્વયં અવર્ણવાદ ન બોલે, પણ અન્ય બોલે તેમાં હાજી હા કરે, તેનું સાંભળે તો પણ મહાપાપ લાગે. માટે ગમે ત્યારે ગમે તેનું સાંભળવામાં કે વાંચવામાં પણ બહુ જ સાવધગીરી રાખવાની જરૂર છે. [૧૪]

## ચારિત્રમોહનીય કર્મના આસ્રવો-

**कषायोदयात् तीव्रात्मपरिणामश्चारित्रमोहस्य ॥ ६-१५ ॥**

**કષાયના ઉદયથી આત્માના અત્યંત સંક્લિષ્ટ પરિણામો ચારિત્ર મોહનીય કર્મના આસ્રવો છે.**

સમ્યગ્દર્શનાદિ ગુણસંપન્ન સાધુઓની કે શ્રાવક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિની નિંદા કરવી, તેમના ઉપર ખોટા આરોપ ચડાવવા, તેમની સાધનામાં વિઘ્નો ઊભા કરવા, તેમનાં દૂષણો જોયા કરવું, સ્વયં કષાયો કરવા અને અન્યને કરાવવા વગેરે અત્યંત સંક્લિષ્ટ પરિણામોથી ભવાંતરમાં ચારિત્રની પ્રાપ્તિ ન થાય તેવાં કર્મો બંધાય છે. [૧૫]

**નરકગતિના આયુષ્યના આસ્રવો–**

**બહ્વારંભ-પરિગ્રહત્વં ચ નારકસ્યાયુષઃ ॥ ૬–૧૬ ॥**

**અતિશય આરંભ અને અતિશય પરિગ્રહ નરકાયુના આસ્રવો છે.**

તદુપરાંત માંસાહાર, પંચેન્દ્રિયવધ, કૃષ્ણલેશ્યાના પરિણામો, રૌદ્રધ્યાન, તીવ્ર કષાયો વગેરે પણ નરકગતિના આસ્રવો છે. આ આસ્રવોથી ભવાંતરમાં નરકમાં જવું પડે તેવાં કર્મો બંધાય છે. [૧૬]

**તિર્યંચગતિના આયુષ્યના આસ્રવો–**

**માયા તૈર્યગ્યોનસ્ય ॥ ૬–૧૭ ॥**

**માયા તિર્યંચ આયુષ્યનો આસ્રવ છે.**

કુધર્મદેશના, આરંભ, પરિગ્રહ, અસત્ય, અતિઅનીતિ, બહુ કૂડ–કપટ, નીલ કે કાપોત લેશ્યાના પરિણામો, આર્ત-ધ્યાન વગેરે પણ તિર્યંચ આયુષ્યના આસ્રવો છે. આ આસ્રવોથી ભવાંતરમાં તિર્યંચગતિમાં ઉત્પન્ન થવું પડે તેવાં અશુભ કર્મો બંધાય છે. [૧૭]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મનુષ્યગતિના આયુષ્યના આસ્રવો–

અલ્પાऽऽરમ્ભ-પરિગ્રહત્વં-સ્વભાવમાર્દવા–ऽऽર્જવં ચ માનુષસ્ય ॥ ૬–૧૮ ॥

**અલ્પ આરંભ, અલ્પપરિગ્રહ, સ્વાભાવિક [અકૃત્રિમ] મૃદુતા અને સ્વાભાવિક સરળતા એ મનુષ્ય આયુષ્યના આસ્રવો છે.**

તથા વિનય, કષાયની અલ્પતા, સુસ્વભાવ, દેવ–ગુરુની પૂજા, અતિથિસત્કાર, કાપોતલેશ્યાપરિણામ, ધર્મધ્યાન વગેરે પણ મનુષ્ય આયુષ્યના આસ્રવો છે. [૧૮]

## ઉક્ત નરકાયુ આદિ ત્રણ આયુષ્યનો સમુદિત આસ્રવ.

નિઃશીલ–વ્રતત્વં ચ સર્વેષામ્ ॥ ૬–૧૯ ॥

**[૧]શીલ અને વ્રતના પરિણામનો અભાવ નરક, તિર્યંચ અને મનુષ્ય એ ત્રણે આયુષ્યોનો આસ્રવ છે. અર્થાત્ વ્રત અને શીલના પરિણામથી રહિત જીવ ત્રણે પ્રકારના આયુષ્યને બાંધી શકે છે.**

---

૧ સાધુઓને પાંચ મહાવ્રતો વ્રત છે. એ વ્રતોના પાલન માટે જરૂરી પિંડ વિશુદ્ધિ (એતાલીશ દોષથી રહિત ભિક્ષા મેળવવી), ગુપ્તિ, સમિતિ, ભાવના વગેરે શીલ છે. શ્રાવકોને પાંચ અણુવ્રતો વ્રત છે. તેના પાલન માટે આવશ્યક ચાર ગુણવ્રત, ત્રણ શિક્ષાવ્રત, અભિગ્રહો વગેરે શીલ છે.

વ્રતોનું નિરૂપણ અ. ૭ સૂ. ૧ માં આવશે. ગુપ્તિ આદિનું નિરૂપણ અ. ૯ સૂ. ૨ થી શરૂ થશે. ગુણવ્રત અને શિક્ષાવ્રતોનું વર્ણન અ. ૭ સૂ. ૧૬ માં આવશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વે બતાવેલા તે તે આયુષ્યના તે તે આસ્રવો તો છે જ. તદુપરાંત શીલ-વ્રતના પરિણામનો અભાવ પણ તે ત્રણે પ્રકારના આયુષ્યનો આસ્રવ છે.

**પ્રશ્ન**—શીલ-વ્રતના પરિણામનો અભાવ જેમ નરકાદિ આયુષ્યનો આસ્રવ છે તેમ દેવગતિના આયુષ્યનો પણ આસ્રવ છે. કારણ કે ભોગ-ભૂમિમાં ઉત્પન્ન થયેલા યુગલિકો નિયમા દેવલોકમાં ઉત્પન્ન થાય છે. યુગલિકોને શીલવ્રતના પરિણામનો અભાવ હોય છે. તો અહીં શીલ-વ્રતના અભાવને ત્રણ જ આયુષ્યના આસ્રવ તરીકે કેમ જણાવ્યો?

**ઉત્તર**—સૂત્રમાં સર્વેષાં પદ છે. સર્વેષાં પદથી ત્રણ આયુષ્ય લેતાં ઉપરોક્ત વિરોધ આવે છે. એટલે સર્વેષાં પદથી ચારેય આયુષ્યનું ગ્રહણ કરવામાં આવે તો આ વિરોધ ન રહે. પણ પ્રસ્તુત સૂત્રના ભાષ્યમાં સર્વેષાં પદથી ત્રણ જ આયુષ્યનું ગ્રહણ કર્યું છે. સૂત્રકાર પોતે જ ભાષ્યકાર છે. એટલે એમની ભૂલ છે એમ પણ જરાય કહી શકાય નહિ. આથી આની પાછળ કંઈક રહસ્ય હોવું જોઈએ. તત્ત્વ કેવલી ભગવંત જાણે. [૧૯]

## દેવગતિના આયુષ્યના આસ્રવો-

**सरागसंयम-संयमासंयमा-ऽकामनिर्जरा-बालतपांसि दैवस्य ॥ ६-२० ॥**

**સરાગસંયમ, સંયમાસંયમ, અકામનિર્જરા અને બાલતપ એ દેવ આયુષ્યના આસ્રવો છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સરાગસંયમ આદિ ચાર શબ્દોના અર્થો આ અધ્યાયના ૧૩ મા સૂત્રમાં આવી ગયા છે.

કલ્યાણમિત્રનો સંપર્ક, ધર્મશ્રવણ, દાન, શીલ, તપ, ભાવના, શુભ લેશ્યાપરિણામ, અવ્યક્ત સામાયિક, વિરાધિત સમ્યગ્દર્શન વગેરે પણ દેવ આયુષ્યના આસ્રવો છે. [૨૦]

## અશુભ નામ કર્મના આસ્રવો–

**યોગવક્રતા વિસંવાદનં ચાશુભસ્ય નામ્નઃ ॥૬–૨૧॥**

**મન, વચન અને કાયા એ ત્રણ યોગોની વક્રતા-કુટિલ પ્રવૃત્તિ તથા વિસંવાદન અશુભ નામ કર્મના આસ્રવો છે.**

(૧) **કાયયોગ વક્રતા** :–કાયાના રૂપાંતરો કરી અન્યને ઠગવું. (૨) **વચનયોગ વક્રતા** :–જુદું બોલવું વગેરે. (૩) **મનોયોગ વક્રતા** :–મનમાં બીજું જ હોવા છતાં લોકપૂજા, સત્કાર, સન્માન વગેરેની ખાતર બાહ્ય કાયાની અને વચનની પ્રવૃત્તિ જુદી જ કરવી. (૪) **વિસંવાદન** :– પૂર્વે સ્વીકારેલ હકીકતમાં કાલાંતરે ફેરફાર કરવો વગેરે.

યદ્યપિ સામાન્યથી વિસંવાદન અને વચનયોગ વક્રતાનો અર્થ એક જ છે. પણ સૂક્ષ્મદૃષ્ટિથી બંનેના અર્થમાં ભેદ છે. કેવળ પોતાને આશ્રયીને મન વચન અને કાયાની પ્રવૃત્તિ જુદી પડતી હોય ત્યારે યોગવક્રતા કહેવાય અને બીજાના વિષયમાં પણ તેમ થાય તો વિસંવાદન કહેવાય. અર્થાત્ કેવળ પોતાની વિરુદ્ધ પ્રવૃત્તિ તે વચનયોગ વક્રતા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પોતાની યોગ વક્રતાના કારણે અન્યની પણ વિરુદ્ધ પ્રવૃત્તિ થાય તે વિસંવાદન. જેમકે–ભય આદિના કારણે ખોટું બોલે તો તે વચનયોગ વક્રતા છે. પણ એકને કંઈ કહે અને બીજાને કંઈ કહે એમ કહીને એક બીજાને લડાવે તો તે વિસંવાદન છે. તથા નીતિથી વર્તનારને પણ આડું અવળું સમજાવી અનીતિ કરાવવી વગેરે પણ વિસંવાદન છે. અર્થાત્ વચનયોગ વક્રતામાં પોતાની જ પ્રવૃત્તિ વિરુદ્ધ હોય છે. જ્યારે વિસંવાદનમાં પોતાની અને પરની પણ પ્રવૃત્તિ વિરુદ્ધ બને છે.

મિથ્યાદર્શન, પૈશૂન્ય, અસ્થિરચિત્ત, ખોટાં માપ–તોલાં રાખવાં, અસલી વસ્તુમાં નકલી વસ્તુનું મિશ્રણ કરવું, પરનિંદા, આત્મપ્રશંસા, પરદ્રવ્યહરણ, મહાઆરંભ, મહા-પરિગ્રહ, કઠોરવચન, અસભ્ય વચન (વ્યર્થ બોલબોલ કરવું), વશીકરણપ્રયોગ, સૌભાગ્યોપઘાત વગેરે પણ અશુભ નામ કર્મના આસ્રવો છે. [૨૧]

**શુભ નામ કર્મના આસ્રવો–**

**तद्विपरीतं शुभस्य ॥ ६–२२ ॥**

**અશુભ નામ કર્મના આસ્રવોથી વિપરીત ભાવો શુભ નામ કર્મના આસ્રવો છે.**

મન, વચન અને કાયાની સરળતા તથા અવિસંવાદ એ ચાર શુભ નામ કર્મના મુખ્ય આસ્રવો છે. તદુપરાંત ધર્મી પ્રત્યે આદરભાવ, સંસારભય, અપ્રમાદ વગેરે પણ શુભ નામ કર્મના આસ્રવો છે. [૨૨]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## તીર્થંકર નામ કર્મના આસ્રવો–

દર્શનવિશુદ્ધિર્વિનયસંપન્નતા શીલ-વ્રતેષ્વનતિચારોઽભીક્ષ્ણં જ્ઞાનોપયોગ-સંવેગૌ શક્તિતસ્ત્યાગ-તપસી, સંઘ-સાધુસમાધિ-વૈયાવૃત્ત્યકરણમર્હદાચાર્ય-બહુશ્રુત- પ્રવચનભક્તિરાવશ્યકાપરિહાણિ-માર્ગપ્રભાવના પ્રવચનવત્સલત્વમિતિ તીર્થકૃત્ત્વસ્ય ॥૬-૨૩॥

દર્શનવિશુદ્ધિ, વિનય, શીલ-વ્રતમાં અપ્રમાદ, વારંવાર જ્ઞાનોપયોગ અને સંવેગ, યથાશક્તિ ત્યાગ અને તપ, સંઘ અને સાધુઓની સમાધિ તથા વૈયાવચ્ચ, અરિહંત, આચાર્ય, બહુશ્રુત અને પ્રવચનની ભક્તિ, આવશ્યક અપરિહાણિ, મોક્ષમાર્ગની પ્રભાવના, પ્રવચનવાત્સલ્ય એ તીર્થંકર નામકર્મના આસ્રવો છે.

(૧) **દર્શનશુદ્ધિ** :–શંકાદિ પાંચ અતિચારથી રહિત સમ્યગ્દર્શનનું પાલન[૧].

(૨) **વિનય** :—સમ્યગ્જ્ઞાન આદિ મોક્ષનાં સાધનોનો તથા ઉપકારી આચાર્ય આદિનો યોગ્ય સત્કાર, સન્માન, બહુમાન વગેરે કરવું.[૨]

---

૧ સમ્યગ્દર્શનનું વર્ણન પ્રથમ અધ્યાયના બીજા સૂત્રમાં આવી ગયું છે. પાંચ અતિચારોનું વર્ણન અ. ૭ સૂત્ર ૧૮માં આવશે.

૨ વિનયનું વિસ્તૃત વર્ણન ૯ મા અધ્યાયના ૨૩ મા સૂત્રમાં આવશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) **શીલ-વ્રતમાં અપ્રમાદ** :—શીલ અને વ્રતોનું પ્રમાદ[૩] રહિત નિરતિચારપણે પાલન કરવું. (૪) **વારંવાર જ્ઞાનોપયોગ** :—વારંવાર-પ્રતિક્ષણ વાચના આદિ પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં રત રહેવું.[૪] (૫) **વારંવાર સંવેગ** :—સંસારનાં સુખો પણ દુઃખ રૂપ લાગવાથી મોક્ષ સુખ મેળવવાની ઇચ્છાથી ઉત્પન્ન થયેલ શુભ આત્મપરિણામ.[૫]

(૬) **યથાશક્તિ ત્યાગ** :—પોતાની શક્તિ પ્રમાણે ન્યાયોપાર્જિત વસ્ત્ર-પાત્ર આદિનું સુપાત્રમાં દાન આપવું. (દાનના સ્વરૂપ માટે જુઓ અ. ૭ સૂ. ૩૩-૩૪).

(૭) **યથાશક્તિ તપ** :—પોતાની શક્તિ પ્રમાણે બાહ્ય-અભ્યંતર તપનું સેવન કરવું. (તપના વિસ્તૃત વર્ણન માટે જુઓ. અ. ૯ સૂ. ૧૯ વગેરે).

(૮) **સંઘ-સાધુની સમાધિ** :—સંઘ અને સાધુઓમાં શાંતિ રહે તેમ વર્તવું. સંઘમાં પોતાના નિમિત્તે અશાંતિ ઊભી ન કરવી અને અન્યથી થયેલ અશાંતિને દૂર કરવી. સીદાતા શ્રાવકોને ધર્મમાં જોડવા. સાધુઓ સંયમનું સુંદર પાલન કરી શકે એ માટે શક્ય કરી છૂટવું વગેરે. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ સંઘ છે. સાધુઓનો સંઘમાં સમાવેશ હોવા છતાં અહીં સાધુઓનો પૃથગ્ નિર્દેશ સંઘમાં સાધુઓની પ્રધાનતા જણાવવા છે. (૯) **સંઘ-સાધુ-**

૩ પ્રમાદના વિસ્તૃત વર્ણન માટે જુઓ અ. ૮ સૂત્ર ૧.
૪ સ્વાધ્યાયના વિસ્તૃત વર્ણન માટે જુઓ અ. ૯ સૂત્ર ૨૫.
૫ સંવેગ લાવવાના ઉપાય માટે જુઓ અ. ૭ સૂત્ર ૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**એનું વૈયાવચ્ચ :**—આર્થિક કે અન્ય કોઈ આપત્તિમાં આવેલા શ્રાવકોને અનુકૂળતા કરી આપવી. સાધુઓને આહાર–પાણી આદિનું દાન કરવું. માંદગીમાં ઔષધ આદિથી સેવા કરવી વગેરે.[1]

(૧૦) **અરિહંત ભક્તિ :**—રાગાદિ અઢાર દોષોથી રહિત હોય તે અરિહંત. ગુણોની સ્તુતિ, વંદન, પુષ્પાદિકથી પૂજા ઇત્યાદિ અરિહંતની ભક્તિ કરવી. (૧૧) **આચાર્ય ભક્તિ :**—પાંચ ઇંદ્રિયોનો જય ઇત્યાદિ ૩૬ ગુણોથી યુક્ત હોય તે આચાર્ય. આચાર્ય પધારે ત્યારે બહુમાન પૂર્વક સામે જવું, વંદન કરવું, પ્રવેશમહોત્સવ કરવો વગેરે રીતે આચાર્યની ભક્તિ કરવી. (૧૨) **બહુશ્રુત ભક્તિ :**—ઘણા શ્રુતને–શાસ્ત્રોને જાણનાર બહુશ્રુત કહેવાય.[2] બહુશ્રુત પાસે વિધિપૂર્વક અભ્યાસ કરવો, વિનય કરવો, તેમના બહુશ્રુતપણાની પ્રશંસા–અનુમોદના કરવી વગેરે બહુશ્રુત ભક્તિ છે. (૧૩) **પ્રવચન ભક્તિ :**—પ્રવચન એટલે આગમશાસ્ત્ર વગેરે શ્રુત. દરરોજ નવા નવા શ્રુતનો અભ્યાસ કરવો, અભ્યસ્ત શ્રુતનું પ્રતિદિન પરાવર્તન કરવું, અન્યને શ્રુત ભણાવવું, શ્રુતનો પ્રચાર કરવો વગેરે અનેક રીતે શ્રુતભક્તિ થઈ શકે છે.

---

૧. વૈયાવચ્ચના વિશેષ વર્ણન માટે જુઓ અ. ૯ સૂત્ર ૨૪

૨. અહીં શ્રી હરિભદ્રસૂરિ મ. ની ટીકામાં બહુશ્રુતનો અર્થ ઉપાધ્યાય કરવામાં આવ્યો છે. જ્યારે શ્રી સિદ્ધસેન ગણિની ટીકામાં ઉપાધ્યાય વાચનાચાર્ય હોવાથી "આચાર્યભક્તિ" એ પદથી આચાર્ય અને ઉપાધ્યાય બંનેનું ગ્રહણ કર્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૪) **આવશ્યક અપરિહાણિઃ**—જે અવશ્ય કરવું જોઈએ, જેના વિના ચાલે નહિ તે આવશ્યક. સામાન્યથી સામાયિક આદિ છ આવશ્યક છે. પણ અહીં આવશ્યક શબ્દથી સંયમના નિર્વાહ માટે જરૂરી સર્વ ક્રિયાઓ સમજવી. સંયમની સર્વપ્રકારની ક્રિયાઓ ભાવથી સમયસર વિધિપૂર્વક કરવી એ આવશ્યક અપરિહાણિ છે. ભાવથી એટલે માનસિક ઉપયોગ પૂર્વક. ઉપયોગ વિનાના સર્વ ધાર્મિક અનુષ્ઠાનો દ્રવ્ય અનુષ્ઠાનો છે. દ્રવ્ય અનુષ્ઠાનોથી આત્મકલ્યાણ ન થાય.

(૧૫) **મોક્ષમાર્ગપ્રભાવનાઃ**—સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ મોક્ષનો માર્ગ (=મોક્ષપ્રાપ્તિનો ઉપાય) છે. મોક્ષમાર્ગની પ્રભાવના એટલે સ્વયં મોક્ષમાર્ગનું પાલન કરવા સાથે અન્ય જીવો પણ મોક્ષમાર્ગ પામે એ માટે ઉપદેશ આદિ દ્વારા મોક્ષમાર્ગનો પ્રચાર કરવો.

(૧૬) **પ્રવચનવાત્સલ્યઃ**—અહીં પ્રવચન શબ્દથી શ્રુતધર, બાળ, વૃદ્ધ, ગ્લાન,[૧] તપસ્વી, શૈક્ષક, ગણ વગેરે મુનિ ભગવંતો સમજવા. તેમના ઉપર સંગ્રહ, ઉપગ્રહ અને અનુગ્રહથી વાત્સલ્ય ભાવ રાખવો તે પ્રવચન વાત્સલ્ય. સંગ્રહ એટલે અભ્યાસ આદિ માટે આવેલ પર સમુદાયના સાધુનો શાસ્ત્રોક્ત વિધિપૂર્વક સ્વીકાર કરવો, પોતાની પાસે રાખીને અભ્યાસ આદિ કરાવવું. ઉપગ્રહ એટલે સાધુઓને જરૂરી વસ્ત્ર, પાત્ર, વસતિ આદિ મેળવી આપવું. અનુગ્રહ એટલે

૧. ગ્લાન આદિના અર્થ માટે જુઓ અ. ૯, સૂત્ર ૨૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસ્ત્રોક્ત વિધિ મુજબ સાધુઓને ભક્ત-પાન આદિ લાવી આપવું. અથવા પ્રવચન એટલે પ્રવચનની-જિનશાસનની આરાધના કરનાર સાધર્મિક. જેમ માતા પોતાના પુત્ર ઉપર અકૃત્રિમ સ્નેહ ધારણ કરે છે તેમ સાધર્મિક ઉપર અકૃત્રિમ સ્નેહ રાખવો એ પ્રવચન વાત્સલ્ય છે.

(૧) અરિહંત (૨) સિદ્ધ (૩) પ્રવચન (૪) આચાર્ય-ગુરુ (૫) સ્થવિર (૬) ઉપાધ્યાય[ -બહુશ્રુત ] (૭) સાધુ (૮) જ્ઞાન( =વાચનાદિ પાંચ પ્રકારના સ્વાધ્યાયથી સૂત્રાર્થનો અભ્યાસ ) (૯) સમ્યગ્દર્શન (૧૦) વિનય (૧૧) આવશ્યક ક્રિયા (૧૨) મૂલગુણ-ઉત્તરગુણરૂપ ચારિત્ર (૧૩) ધ્યાન (૧૪) તપ (૧૫) દાન (૧૬) વૈયાવચ્ચ (૧૭) સંઘ (૧૮) જ્ઞાન [ =નૂતન સૂત્રાર્થનો અભ્યાસ ] (૧૯) શ્રુતજ્ઞાન [ =શ્રદ્ધા પ્રચાર આદિ ] (૨૦) શાસન પ્રભાવના-એ વીશ સ્થાનકોની ( -પદોની ) આરાધનાથી તીર્થંકર નામકર્મ બંધાય છે. અરિહંત આદિ વીસ પદોનો આ સૂત્રમાં જણાવેલા આસ્રવોમાં યથાયોગ્ય સમાવેશ થઈ જાય છે. આ આસ્રવો સમુદિત( -બધા ભેગા મળીને ) અથવા પ્રત્યેક ( -એક એક ) કે બે, ત્રણ વગેરે પણ તીર્થંકર નામકર્મના આસ્રવો છે.

આ આસ્રવોના સેવનની સાથે જ્યારે જગતના સર્વ જીવો પ્રત્યે વિશિષ્ટ પ્રકારની કરુણા જાગે છે ત્યારે તીર્થંકર નામ કર્મનો નિકાચિત બંધ થાય છે. તીર્થંકરના જીવો તીર્થંકરના ભવથી ત્રીજા ભવે અરિહંત આદિ ( વીશ સ્થાનકના ) પદોની આરાધના કરે છે; અને " અહો ! આ આશ્ચર્ય છે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે સકલ ગુણ સંપન્ન તીર્થંકરોએ પ્રરૂપેલ સ્ફુરાયમાન તેજવાળું પ્રવચન હોવા છતાં મહા મોહના અંધકારથી સુખનો સાચો માર્ગ નહિ દેખાવાથી અત્યંત દુઃખી અને વિવેકથી રહિત જીવો આ ગહન સંસારમાં ભમ્યા કરે છે, માટે હું આ જીવોને પવિત્ર પ્રવચન (જૈન શાસન) પમાડીને આ સંસારમાંથી (યથાયોગ્ય) પાર ઉતારું" એ પ્રમાણે જગતના સઘળા જીવો પ્રત્યે સર્વોત્કૃષ્ટ કરુણા ભાવના ભાવે છે. પ્રત્યેક ક્ષણે ઉત્તરોત્તર આ ભાવના અત્યંત વૃદ્ધિ પામતી જાય છે. સદા પરાર્થવ્યસની (=પરનું કલ્યાણ કરવાના વ્યસનવાળા) અને કરુણાદિ અનેક ગુણોથી યુક્ત તે જીવો માત્ર આવી ભાવના ભાવીને બેસી રહેતા નથી, કિન્તુ જે જે રીતે જીવોનું કલ્યાણ થાય તે તે રીતે પ્રયત્ન કરે છે. આથી તેઓ તીર્થંકર નામનો નિકાચિત બંધ કરે છે. [૨૩]

## નીચ ગોત્રના આસ્રવો–

**परात्मनिंदाप्रशंसे सदसद्गुणाच्छादनोद्भावने च नीचैर्गोत्रस्य ॥ ६-२४ ॥**

**પરનિંદા, આત્મપ્રશંસા, સદ્ગુણ-આચ્છાદન, અસદ્ગુણ-ઉદ્ભાવન એ નીચગોત્રના આસ્રવો છે.**

(૧) **પરનિંદા**—અન્યના વિદ્યમાન કે અવિદ્યમાન દોષો કુબુદ્ધિથી પ્રગટ કરવા. (૨) **આત્મપ્રશંસા**—સ્વના વિદ્યમાન કે અવિદ્યમાન ગુણો સ્વોત્કર્ષ સાધવા પ્રગટ કરવા. (૩) **સદ્ગુણાચ્છાદન**—પરના વિદ્યમાન ગુણોને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઢાંકવા, પ્રસંગવશાદ્ પરના ગુણોને પ્રકાશમાં લાવવાની જરૂર હોવા છતાં ઈર્ષ્યા આદિથી ન લાવવા. (૪) **અસદ્ગુણોદ્ભાવન**—પોતાનામાં ગુણો ન હોવા છતાં સ્વોત્કર્ષ સાધવા ગુણો છે એવો દેખાવ કરવો.

**તદુપરાંત**—જાતિ આદિનો મદ, પરની અવજ્ઞા (તિરસ્કાર), પરની મશ્કરી, ધાર્મિક જનનો ઉપહાસ, મિથ્યા કીર્તિ મેળવવી, વડિલોનો પરાભવ કરવો વગેરે પણ નીચ-ગોત્ર કર્મના આસ્રવો છે. [૨૪]

## ઉચ્ચ ગોત્રના આસ્રવો–

**तद्विपर्ययो नीचैर्वृत्त्यनुत्सेकौ चोत्तरस्य ॥ ૬–૨૫ ॥**

**નીચગોત્રનાં કારણોથી વિપરીત કારણો, એટલે કે સ્વનિંદા, પરપ્રશંસા, સદ્ગુણાચ્છાદન અને અસદ્ગુણોદ્ભાવન, તથા નમ્રવૃત્તિ અને અનુત્સેક એ છ ઉચ્ચ ગોત્ર કર્મના આસ્રવો છે.**

(૧) **સ્વનિંદા**—પોતાના દોષોને પ્રગટ કરવા. (૨) **પરપ્રશંસા**—પરના ગુણોને પ્રગટ કરવા. (૩) **સદ્ગુણાચ્છાદન**—સ્વોત્કર્ષથી બચવા પોતાના વિદ્યમાન ગુણોને ઢાંકવા. (૪) **અસદ્ગુણોદ્ભાવન**—પોતાના દુર્ગુણોને પ્રગટ કરવા.

યદ્યપિ અહીં સ્વનિંદા અને અસદ્ગુણોદ્ભાવનનો અર્થ સમાન છે. છતાં સ્વનિંદાનો પોતાની લઘુતા બતાવવા વિષ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માન કે [૧]અવિદ્યમાન પોતાના દોષોને પ્રગટ કરવા એવો અર્થ કરવામાં આવે અને અસદ્‌ગુણોદ્‌ભાવનનો વિદ્યમાન દુર્ગુણોને પ્રગટ કરવા એવો અર્થ કરવામાં આવે તો બંનેના અર્થમાં કંઈક ફેર પડે. અથવા આત્મનિંદા એટલે પોતાનામાં દોષો કેવળ જોવા, પ્રગટ ન કરવા; અને અસદ્‌ગુણોદ્‌ભાવન એટલે પોતાના દુર્ગુણો–દોષો બહાર પ્રગટ કરવા એવો અર્થ કરવામાં આવે તો એ બંનેના અર્થમાં ભેદ પડે.

અથવા સદ્‌ગુણ–આચ્છાદનનો વિપરીત અર્થ સદ્‌ગુણોદ્‌ભાવન અને અસદ્‌ગુણ–ઉદ્‌ભાવનનો વિપરીત અર્થ અસદ્‌ગુણાચ્છાદન પણ થઈ શકે. પરના ગુણોનું પ્રકાશન એ સદ્‌ગુણોદ્‌ભાવન છે અને પરના દોષોને ઢાંકવા એ અસદ્‌ગુણાચ્છાદન છે. આ અર્થમાં પરપ્રશંસા અને સદ્‌ગુણ ઉદ્‌ભાવનનો અર્થ સમાન છે.

આથી સદ્‌ગુણ–આચ્છાદનનો વિપરીત અર્થ સ્વ–સદ્‌ગુણાચ્છાદન=પોતાના ગુણોને ઢાંકવા એવો, અને અસદ્‌ગુણ–ઉદ્‌ભાવનનો વિપરીત અર્થ પર–અસદ્‌ગુણાચ્છાદન= બીજાના દોષોને ઢાંકવા એવો, કરવામાં આવે તો સ્વનિંદા આદિ ચારેના અર્થો ભિન્ન થશે.

---

૧. જેમ સ્વોત્કર્ષથી બચવા વિદ્યમાન પણ પોતાના ગુણોને છુપાવવા એ દોષ રૂપ નથી, કિન્તુ ગુણરૂપ; છે તેમ પોતાની લઘુતા બતાવવા સ્વમાં અવિદ્યમાન દોષોને પણ કહેવા એ દોષરૂપ નથી, કિન્તુ ગુણરૂપ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫) **નમ્રવૃત્તિ**—ગુણી પુરુષો પ્રત્યે નમ્રતા અને વિનય પૂર્વક વર્તવું. (૬) **અનુત્સેક**—વિશિષ્ટ શ્રુત આદિની પ્રાપ્તિ થવા છતાં ગર્વ ન કરવો.

**તદુપરાંત**—જાતિ આદિનો મદ ન કરવો, પરની અવજ્ઞા નહિ કરવી, મશ્કરી ન કરવી, ધાર્મિકોની પ્રશંસા કરવી વગેરે પણ ઉચ્ચ ગોત્ર કર્મના આસ્રવો છે. [૨૫]

## અંતરાયકર્મના આસ્રવો–

**વિઘ્નકરણમન્તરાયસ્ય ॥ ૬–૨૬ ॥**

**દાન આદિમાં વિઘ્ન કરવો એ ક્રમશઃ દાનાંતરાય આદિના આસ્રવો છે.**

દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય એ પાંચ પ્રકારનું અંતરાયકર્મ છે. અન્યને દાનમાં વિઘ્ન ( –અંતરાય ) કરવામાં આવે તો દાનાંતરાય, લાભમાં વિઘ્ન કરવામાં આવે તો લાભાંતરાય, ભોગમાં અંતરાય કરવામાં આવે તો ભોગાંતરાય, ઉપભોગમાં અંતરાય કરવામાં આવે તો ઉપભોગાંતરાય, અને વીર્યમાં અંતરાય કરવામાં આવે તો વીર્યાંતરાય કર્મનો આસ્રવ–બંધ થાય છે.[૧]

**દાન**—સ્વ–પરના અનુગ્રહની બુદ્ધિથી સ્વવસ્તુ પરને આપવી.[૨] **લાભ**—વસ્તુની પ્રાપ્તિ. **ભોગ**—એક જ વાર

૧. પાંચ અંતરાયની વિશેષ વિગત માટે જુઓ અ. ૮. સૂ. ૧૪.

૨. દાનના સ્વરૂપ માટે જુઓ અ. ૭. સૂ. ૩૩–૩૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભોગવી શકાય તેવા શબ્દાદિ વિષયોનો ઉપયોગ કરવો. **ઉપભોગ**—અનેકવાર ભોગવી શકાય તેવા સ્ત્રી, વસ્ત્ર આદિ પદાર્થોનો ઉપયોગ કરવો. **વીર્ય**—આત્મિક શક્તિ.

(૧) **દાનાંતરાય**—દાન આપનાર દાન ન આપી શકે તેવો પ્રયત્ન કરીને દાનમાં વિઘ્ન કરવો. જ્ઞાનદાન આદિ અનેક પ્રકારે દાન છે. જે જે દાનમાં વિઘ્ન કરવામાં આવે તે તે દાનાંતરાય કર્મ બંધાય. જ્ઞાન દાન કરનારને (=ભણાવનારને) જ્ઞાન દાનમાં અંતરાય કરવાથી જ્ઞાન દાનાંતરાય કર્મ બંધાય. જેથી એ કર્મ ઉદયમાં આવતાં જ્ઞાન હોવા છતાં બીજાને જ્ઞાન આપી શકાય નહિ. કોઈના સત્કાર–સન્માનના દાનમાં અંતરાય કરવાથી ગુણીને સત્કાર–સન્માનનું દાન ન કરી શકાય તેવાં કર્મો બંધાય. એ પ્રમાણે સુપાત્રદાન, અભયદાન વગેરે વિશે પણ સમજવું.

(૨) **લાભાંતરાય**—જ્ઞાન, ધન આદિની પ્રાપ્તિમાં અન્યને વિઘ્ન કરવાથી જ્ઞાન, ધન આદિના લાભાંતરાયના કર્મો બંધાય છે. જેમકે બીજાને જ્ઞાનપ્રાપ્તિમાં વિઘ્ન કરવો, ચોરી, અનીતિ વગેરે કરી અન્યના ધનલાભમાં અંતરાય કરવો વગેરે. (૩) **ભોગાંતરાય**—નોકર આદિને સમયસર આવા ન આપવું કે સમયસર આઈ ન શકે તેવાં કાર્યો બતાવવાં વગેરે રીતે બીજાના ભોગમાં અંતરાય કરવાથી ભોગાંતરાય કર્મ બંધાય. (૪) **ઉપભોગાંતરાય**—પરસ્ત્રી-અપહરણ, ક્લેશ–કંકાસ કરાવવો વગેરે રીતે સ્ત્રી આદિના ઉપભોગમાં વિઘ્ન કરવાથી ઉપભોગાંતરાય કર્મ બંધાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫) **વીર્યાંતરાય**—અન્યની શક્તિનો નાશ કરવો (બળદની ખસી કરવી વગેરે), ધાર્મિક કાર્યોમાં શક્તિ અનુસાર પ્રવૃત્તિ ન કરવી, કોઇના તપ આદિના ઉત્સાહને ભાંગી નાંખવો, અન્યને તપ આદિમાં અંતરાય કરવો વગેરે રીતે અંતરાય કર્મનો બંધ થાય છે.

**પ્રશ્ન**—અહીં જે જે કર્મના જે જે આસ્રવો બતાવ્યા છે, તે તે આસ્રવોની હયાતિમાં તે તે જ કર્મો બંધાય છે કે અન્ય કર્મો પણ બંધાય છે. **ઉત્તર**—અહીં જે જે કર્મના જે જે આસ્રવો છે તે તે આસ્રવોની હયાતિમાં તે તે જ કર્મો બંધાય છે એવું નથી, અન્ય કર્મો પણ અવશ્ય બંધાય છે. સંસારી દરેક જીવને ગમે તે આસ્રવ હોય પણ પ્રત્યેક સમયે સાત કર્મો અને આયુષ્ય બંધાય ત્યારે પ્રત્યેક સમયે આઠ કર્મો અવશ્ય બંધાય છે. છતાં અહીં અમુક અમુક આસ્રવોથી અમુક અમુક કર્મો બંધાય છે એવું કથન રસબંધને આશ્રયીને કરવામાં આવ્યું છે. અર્થાત્ તે તે આસ્રવથી તે તે કર્મમાં રસ વધારે પડે અને અન્ય કર્મમાં રસ બહુ જ ઓછો પડે. [૧]ચાર પ્રકારના બંધમાં મુખ્યતા રસબંધની છે. દા. ત. દાનમાં વિઘ્ન કરવાના અધ્યવસાય આત્મામાં ઉત્પન્ન થાય ત્યારે દાનાંતરાય કર્મના બંધની સાથે અન્ય જ્ઞાનાવરણીય આદિ કર્મનો પણ બંધ થાય છે, પણ દાનાંતરાયમાં રસ ઘણો પડે છે, અને અન્ય કર્મોમાં રસ અતિ ન્યૂન પડે છે. આમ અન્ય આસ્રવો વિશે પણ જાણવું.

૧. ચાર પ્રકારના બંધની સમજૂતી માટે જુઓ અ. ૮. સૂ. ૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—સંયમ, દેશવિરતિ આદિ દેવગતિના આસ્રવો હોવાથી તેમને ધર્મ કેમ કહેવાય ? ધર્મનું મુખ્ય ફળ મોક્ષ છે. મોક્ષ કર્મના સંવરથી અને નિર્જરાથી થાય. એટલે જે સંવર અને નિર્જરાનું કારણ બને તે જ ધર્મ કહેવાય, દેવગતિ આદિનું કારણ બને તેને ધર્મ કેમ કહેવાય ? શુભ આસ્રવો પણ સંસારનાં કારણો છે.

**ઉત્તર**—કોઈ પણ પ્રરૂપણા નિશ્ચય અને વ્યવહાર એ બે નયોથી થાય છે. એટલે અહીં જો નિશ્ચય નયથી વિચારવામાં આવે તો દેશવિરતિ આદિ ધર્મ સંવર અને નિર્જરાનું જ કારણ છે. વ્યવહારનયને આશ્રયીને દેશવિરતિ આદિને દેવગતિ આદિના કારણ તરીકે જણાવવામાં આવે છે. દેવગતિનું કારણ સંયમ આદિ ધર્મ નથી, કિન્તુ તેમાં રહેલી કષાયની શુભ પરિણતિ છે. એટલે દેવગતિ આદિ કર્મના આસ્રવનું કારણ પ્રશસ્ત રાગ–દ્વેષની પરિણતિ છે. સંયમ આદિમાં જેટલા અંશે રાગ–દ્વેષ તેટલા અંશે તે આસ્રવનું કારણ બને છે. પ્રશસ્ત રાગ–દ્વેષ શુભ આસ્રવનું અને અપ્રશસ્ત રાગ–દ્વેષ અશુભ આસ્રવનું કારણ બને છે. છતાં ઉપચારથી (—વ્યવહારથી) સંયમ આદિને દેવગતિ આદિના આસ્રવ કહેવામાં આવે છે.

અપુનર્બંધકથી આરંભી ૧૦ મા ગુણસ્થાન સુધી દરેક આત્મા મોક્ષ માટે ધર્મ કરે છે. તે દરેકમાં જેટલા અંશે રાગ–દ્વેષની પરિણતિ ઓછી તેટલા અંશે આસ્રવ અલ્પ અને સંવર–નિર્જરા વધારે થાય છે. અપુનર્બંધકથી સમ્યગ્દૃષ્ટિમાં, સમ્યગ્દૃષ્ટિથી દેશવિરતિમાં એમ ઉત્તરોત્તર સાધકમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાગ-દ્વેષની પરિણત ન્યૂન હોવાથી આસ્રવ ઓછો અને સંવર-નિર્જરા વધારે થાય છે. અપુનર્બંધકની અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિ વધારે સંવર-નિર્જરા કરે છે. સમ્યગ્દૃષ્ટિની અપેક્ષાએ દેશવિરતિ વધારે સંવર-નિર્જરા કરે છે. દેશવિરતિની અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિને અને સમ્યગ્દૃષ્ટિની અપેક્ષાએ અપુનર્બંધકને આસ્રવ વધારે હોય છે.

આનું તાત્પર્ય એ આવ્યું કે ધર્મ તો સંવર અને નિર્જરાનું જ કારણ છે. પણ તેની સાથે રહેલી પ્રશસ્ત રાગ-દ્વેષની માત્રા તે તે કર્મના શુભ કે અશુભ કર્મના આસ્રવનું કારણ બને છે. આથી કોઈ એમ કહેતું હોય કે ધાર્મિક અનુષ્ઠાનો-ક્રિયાકાંડો આસ્રવનાં કારણ છે તેથી હેય છે; તો તે તદ્દન અસત્ય છે. ધાર્મિક અનુષ્ઠાનો તો સંવર અને નિર્જરાનાં એટલે કે મોક્ષનાં જ કારણ છે. પણ ધર્મ સાથે રહેલી રાગ-દ્વેષની પરિણતિ આસ્રવનું કારણ બને છે. માટે જ પ્રસ્તુતમાં સંયમને સરાગ એવું વિશેષણ લગાડવામાં આવ્યું છે. વીતરાગ સંયમ કેવળ નિર્જરાનું જ કારણ બને છે. જેમ ઘી-ગોળથી બનાવેલા લાડવા ગળ્યા હોય છે, પણ જો તેમાં મેથી નાંખવામાં આવે તો કડવા લાગે છે. જેમ જેમ મેથી વધારે તેમ તેમ કડવાશ પણ વધારે. અહીં કડવાશ લાડવાની છે કે મેથીની છે ? અહીં કડવાશ મેથીની હોવા છતાં લાડવાને કડવા કહેવામાં આવે છે. તેમ ધર્મના પ્રત્યેક અનુષ્ઠાનો મીઠા લાડવા સમાન છે, અને તેની સાથે રહેલી રાગ-દ્વેષની પરિણતિ મેથી સમાન છે.[૧]

૧. શ્રાદ્ધવર્ય પંડિત શ્રી પ્રભુદાસ બેચરદાસના વિવેચનનો ભાવ અહીં લીધો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજે જેઓ મોક્ષને ઉદ્દેશીને ધર્મનું આચરણ કરે છે તેવા ધર્મી આત્માઓ અમુક જરૂરી વ્યવહારના નિયમો પાળી શકતા નથી એવું પણ બને છે. તેમના આ દોષોને આગળ કરીને જેમને ધર્મનો બધ નથી, ધર્મ ગમતો નથી તેવાઓ ધર્મને વખોડે છે. તેમણે ઉપર કહેલું દૃષ્ટાંત યાદ રાખવું જોઈએ. લાડવામાં ઘી-ગોળ અલ્પ હોય અને મેથી વધારે હોય તો તેમાં ઘી-ગોળ હોવા છતાં તેની બબર ન પડે. તેનો સ્વાદ ન દેખાય. તેમ જેઓ અતિ અલ્પ ધર્મ કરે છે તેઓમાં ધર્મની ઉન્નતિ થઈ હોવા છતાં સંસારની પરિણતિ હજી વધારે હોવાથી ધર્મથી થયેલી સામાન્ય ઉન્નતિ આપણને દેખાતી નથી. બાકી તેમાં અલ્પાંશે પણ ઉન્નતિ અવશ્ય થઈ હોય છે. આથી આવા (જેમનામાં અલ્પાંશે ઉન્નતિ થઈ છે તેવા) ધાર્મિકોના અમુક અમુક દોષોને આગળ કરીને ધર્મને દોષ આપવો એ નરી અજ્ઞાનતા છે. ધર્મ તો દરેકની ઉન્નતિ જ કરે છે. પણ સાથે રહેલી કષાયની પરિણતિ અવનતિ કરે છે. એટલે ધર્મીના જીવનમાં દેખાતી ત્રુટિઓનું કારણ ધર્મ નથી, કિન્તુ તેની સાથે રહેલી રાગ-દ્વેષની પરિણતિ છે. એટલે ધર્મીના જીવનમાં જ્યારે જ્યારે ત્રુટિઓ દેખાય ત્યારે ત્યારે ધર્મ તરફ કરડી નજર ન કરતાં રાગ-દ્વેષ તરફ કરડી નજર કરવી એ જ હિતાવહ છે. [૨૬]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સાતમો અધ્યાય

[ પૂર્વે છઠ્ઠા અધ્યાયના તેરમા સૂત્રમાં વ્રતી શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. વ્રત ઉપરથી વ્રતી શબ્દ બન્યો છે. એટલે વ્રત અને વ્રતીનું જ્ઞાન કરાવવું આવશ્યક છે. આથી આ અધ્યાયમાં વ્રતની વ્યાખ્યા, સાધુના તથા શ્રાવકના વ્રતોનું સ્વરૂપ, વ્રતીની વ્યાખ્યા વગેરે જણાવવામાં આવ્યું છે. જીવાદિ સાત તત્ત્વોની અપેક્ષાએ આ અધ્યાયમાં આસ્રવતત્ત્વનું વર્ણન છે. કારણ કે આમાં વ્રતના અતિચારોનું વર્ણન કરવામાં આવ્યું છે. વ્રતના અતિચારો આસ્રવરૂપ છે. વ્રતના અતિચારોનું જ્ઞાન કરાવવા વ્રતોનું પણ જ્ઞાન કરાવવું જોઈએ. આથી આ અધ્યાયમાં વ્રતનું સ્વરૂપ વગેરે જણાવીને આસ્રવરૂપ વ્રતના અતિચારોનું વર્ણન કરવામાં આવ્યું છે. ]

## વ્રતની વ્યાખ્યા–

**હિંસા–ઽનૃત–સ્તેયા–ઽબ્રહ્મ–પરિગ્રહેભ્યો–વિરતિર્વ્રતમ્**

**॥ ૭–૧ ॥**

**હિંસા, અનૃત (–અસત્ય), સ્તેય (–ચોરી) અબ્રહ્મ (–મૈથુન) અને પરિગ્રહ એ પાંચ પાપોને જાણીને શ્રદ્ધાપૂર્વક મન, વચન અને કાયાથી એ પાંચ પાપોથી અટકવું એ વ્રત.[1]**

---

૧. હિંસા આદિની વ્યાખ્યા માટે જુઓ આ અધ્યાયમાં સૂત્ર ૮ વગેરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હિંસાના પાપથી અટકવું તે હિંસા વિરમણ વ્રત. અસત્યના પાપથી અટકવું તે મૃષાવાદ વિરમણવ્રત. એમ યાવત્ પરિગ્રહથી અટકવું તે પરિગ્રહ વિરમણવ્રત. મુખ્ય પાપો પાંચ હોવાથી મુખ્ય વ્રતો પાંચ છે. તેમાં પણ હિંસાવિરમણ વ્રત (અહિંસા વ્રત) મુખ્ય છે. શેષ ચાર વ્રતો જેમ ધાન્યની રક્ષા કરવા ખેતરમાં ચારે બાજુ વાડ હોય છે તેમ પ્રથમ વ્રતની રક્ષા માટે વાડ સ્વરૂપ છે. યદ્યપિ સાધુઓને માટે છઠ્ઠું રાત્રિભોજન વિરમણ વ્રત પણ છે. છતાં અહીં મુખ્ય-સર્વસામાન્ય[૨] વ્રતોની ગણતરી હોવાથી તેનો ઉલ્લેખ કર્યો નથી. અહીં વ્રતની વ્યાખ્યામાં વ્રતને નિવૃત્તિ રૂપ બતાવેલ છે, પણ અર્થાપત્તિથી વ્રત નિવૃત્તિ-પ્રવૃત્તિ ઉભય સ્વરૂપ છે. કારણ કે નિવૃત્તિ-પ્રવૃત્તિ પિતા-પુત્રની જેમ સાપેક્ષ છે. હિંસા આદિથી નિવૃત્તિ થતાં જીવ શાસ્ત્રવિહિત ક્રિયામાં પ્રવૃત્તિ કરે છે. અહીં નિવૃત્તિની પ્રધાનતાથી વ્રતને નિવૃત્તિ રૂપ બતાવવામાં આવેલ છે.

**પ્રશ્ન** :—સર્વ સાધનાનું ધ્યેય રાગદ્વેષને દૂર કરવાનું છે. કારણ કે રાગ-દ્વેષથી પાપપ્રવૃત્તિ થાય છે. પાપપ્રવૃત્તિથી કર્મબંધ થાય છે. કર્મબંધથી સંસારમાં પરિભ્રમણ થાય છે. સંસારપરિભ્રમણમાં કેવળ દુઃખનો જ અનુભવ થાય છે. આમ દુઃખનું મૂળ રાગ-દ્વેષ (-કષાયો) છે. આથી વ્રતીએ રાગ-દ્વેષ-કષાયો નહિ કરવાનો નિયમ લેવો જોઈએ.

---

૨. ૨૨ જિનેશ્વરોના શાસનમાં આ વ્રત નથી. તેમજ શ્રાવકના વ્રતોમાં પણ એની વ્રત તરીકે ગણતરી કરવામાં આવી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાગ-દ્વેષ દૂર થતાં પાપપ્રવૃત્તિ એની મેળ જ અટકી જાય, ચાવી ખલાસ થતાં ઘડિયાળ અટકે છે તેમ. આથી રાગ-દ્વેષ નહિ કરવાના નિયમનું વિધાન ન કરતાં હિંસા આદિ પાપથી અટકવાના નિયમનું વિધાન કેમ કરવામાં આવ્યું છે? **ઉત્તર**:-વાત સત્ય છે. સકળ દુઃખોનું મૂળ રાગ-દ્વેષ-કષાયો છે. આથી રાગ-દ્વેષને દૂર કરવા એ સાધનાનું મુખ્ય ધ્યેય છે. છતાં રાગ-દ્વેષ માનસિક પરિણામ હોવાથી પ્રારંભમાં સર્વથા દૂર ન થઈ શકે. એટલે પ્રથમ તો રાગ-દ્વેષને જેનાથી પુષ્ટિ મળતી હોય તેને અટકાવવાની જરૂર છે. પુષ્ટિના અભાવે સમય જતાં રાગ-દ્વેષ સર્વથા નષ્ટ થઈ જાય. રોગનો નાશ કરવો હોય તો પ્રથમ જે કારણોથી રોગ વૃદ્ધિ પામતો હોય તે કારણોને દૂર કરવાં જોઈએ. પછી દવા લેવાથી રોગને જતાં વાર ન લાગે. તેમ અહીં રાગ-દ્વેષ પાપની પ્રવૃત્તિથી વૃદ્ધિ પામે છે. માટે પ્રથમ તેને અટકાવવી જોઈએ. પછી શુભપ્રવૃત્તિ રૂપ દવાનું સેવન કરવાથી અલ્પકાળમાં રાગ-દ્વેષ રૂપ રોગનો નાશ થઈ જાય. જેમ જીવન ટકાવવા આહાર જોઈએ છે, આહાર ન મળે તો મૃત્યુ થાય છે, તેમ રાગ-દ્વેષને જીવવા પાપ-પ્રવૃત્તિ આહાર છે. આથી જો પાપપ્રવૃત્તિ રૂપ આહાર બંધ કરવામાં આવે તો રાગ-દ્વેષ-કષાયો લાંબો ટાઈમ ન ટકી શકે. એટલે સાધકે સર્વ પ્રથમ હિંસા આદિ પાપનો ત્યાગ કરવા પૂર્વક શુભ અનુષ્ઠાનોનું સેવન કરવું એ જ હિતાવહ છે. પાપો અનેક પ્રકારનાં છે. તેમાં અહીં જણાવેલાં હિંસા આદિ પાંચ પાપો મુખ્ય છે. આથી સર્વ પ્રથમ એ પાંચ પાપોનો ત્યાગ કરવાનું વિધાન છે. પ્રારંભમાં રાગ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વેષનો સર્વથા ત્યાગ અશકય છે. પણ રાગ-દ્વેષથી થતાં પાપોનો સર્વથા ત્યાગ શકય છે, જેમ વર્ષાદ રોકવો અશકય છે, પણ તેનાથી આપણું શરીર કે કપડાં ભીનાં ન થાય એ છત્રી આદિ સાધનોથી શકય છે તેમ.

બીજી વાત. કર્મબંધનાં મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર કારણો છે. એ દૃષ્ટિએ પણ પ્રથમ મિથ્યાત્વના ત્યાગ પૂર્વક અવિરતિનો=પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરવો જોઈએ. અવિરતિના ત્યાગ પછી જ કષાયોનો (રાગ-દ્વેષનો) ત્યાગ થઈ શકે છે. અને પછી જ યોગોનો ત્યાગ થઈ શકે છે.

ત્રીજી વાત. પાંચ આસ્રવ રાગ-દ્વેષ રૂપ શત્રુના હથિયાર રૂપ છે. શત્રુમાં બળ ગમે તેટલું હોય પણ જો તે હથિયારથી રહિત હોય તો ઢીલો પડી જાય છે, રાંક બની જાય છે. ગુસ્સો આવ્યો, પણ હિંસાદિનો નિયમ હોવાથી જીવને મરાય નહિ, અસત્ય બોલાય નહિ....આમ ગુસ્સો અકિંચિત્કર બની જાય છે. આમ હિંસાદિના નિયમથી રાગાદિ નિર્બલ બની જવાથી પોતાનું કાર્ય ન કરી શકવાથી અકિંચિત્કર બની જાય છે.

ચોથી વાત. કરેમિભંતે સૂત્રનો પાઠ બોલીને સામાયિક કરવાની પ્રતિજ્ઞા લેવામાં આપે છે. સામાયિક એટલે સમતા. સમતા એટલે કષાયોનો અભાવ. પણ અહીં સર્વથા કષાયોનો અભાવ અશકય છે. એટલે તે તે કક્ષાના સાધકને આશ્રયીને અપ્રત્યાખ્યાની કે પ્રત્યાખ્યાનાવરણ રૂપ કષાયોનો (રાગ-દ્વેષનો) નિયમ લેવામાં આવે છે જ. [૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉક્ત પાંચ વ્રતના બે ભેદો–

**દેશ-સર્વતોઽણુ-મહતી ॥ ૭–૨ ॥**

**હિંસાદિ પાપોથી દેશથી (આંશિક કે સ્થૂલ) નિવૃત્તિ તે અણુવ્રત અને સર્વથા (સૂક્ષ્મથી) નિવૃત્તિ) તે મહાવ્રત છે.**

**પાંચ મહાવ્રતો :—**

(૧) **પ્રાણાતિપાત વિરમણ વ્રત**:–સર્વ[૧] પ્રકારના[૨] જીવોની હિંસાનો ત્યાગ. (૨) **મૃષાવાદ વિરમણ વ્રત** :–સર્વ પ્રકારના અસત્યનો ત્યાગ. (૩) **અદત્તાદાન વિરમણ વ્રત** :–સર્વ પ્રકારની ચોરીનો ત્યાગ. (૪) **મૈથુન વિરમણ વ્રત** :–સર્વ પ્રકારના મૈથુનનો (–વિષયોનો) ત્યાગ. (૫) **પરિગ્રહ વિરમણ વ્રત** :–સર્વ પ્રકારના પરિગ્રહનો ત્યાગ.

**પાંચ અણુવ્રતો :–**

(૧) **સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ** :–નિષ્કારણ, નિરપરાધી, ત્રસજીવોની સંકલ્પ પૂર્વકની હિંસાનો ત્યાગ. (૧) આ વ્રતમાં ત્રસ અને સ્થાવર એ બે પ્રકારના જીવોમાંથી ત્રસ જીવોની જ હિંસાનો ત્યાગ કરવામાં આવે છે. ગૃહસ્થપણામાં સ્થાવર જીવોની હિંસાનો ત્યાગ અશક્ય છે. (૨) તેમાં પણ સંકલ્પથી, એટલે કે મારવાની બુદ્ધિથી, હિંસાનો ત્યાગ કરવામાં આવે છે. મારવાની બુદ્ધિ ન હોવાં છતાં

---

૧. જીવોના ભેદોની સમજૂતી માટે જુઓ અ. ૨ સૂ. ૧૦ વગેરે.

૨. હિંસા આદિ પાંચ પાપની વ્યાખ્યા ગ્રંથકાર સ્વયમેવ આ અધ્યાયના આઠમા સૂત્રથી શરૂ કરશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખેતી–રસોઈ આદિની પ્રવૃત્તિમાં અજાણતાં કે સહસા વગેરે કારણોથી ત્રસ જીવો હણાઈ જાય તો તે આરંભજન્ય હિંસાનો ત્યાગ થતો નથી. (૩) તેમાં પણ નિરપરાધી જીવોની જ હિંસાનો ત્યાગ કરવામાં આવે છે. કોઈ બદમાસ સ્ત્રીની લાજ લેતો હોય, ઘરમાં ચોર પેઠો હોય, હિંસક પ્રાણી હુમલો કરે, કૂતરું કરડવા આવે, રાજા હોય તો શત્રુની સાથે લડવું પડે, વગેરે પ્રસંગોમાં અપરાધીને યથાયોગ્ય શિક્ષા આદિ કરતાં સ્થૂલહિંસા થઈ જાય છે. અપરાધીને મારવો પડે તો તેમાં થતી હિંસાનો ત્યાગ થતો નથી. (૪) તેમાં પણ નિષ્કારણ હિંસાનો ત્યાગ છે. નિરપરાધી હોવા છતાં કારણસર પ્રમાદી પુત્ર આદિને, બરોબર કામ ન કરનાર નોકર આદિને, કે અપલક્ષણા બળદ આદિને મારવાનો પ્રસંગ આવે તો તેનો નિયમ નથી.

## હિંસાના પ્રકારો :—




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ મહાવ્રતની અપેક્ષાએ અણુવ્રતમાં સવા વસો (રૂપિયામાં એક આની જેટલું) અહિંસાનું પાલન થાય છે.

ફળ :–આ વ્રતના પાલનથી હિંસા સંબંધી ક્રૂર પરિણામના પાપથી બચી જવાય છે. જીવદયાનું વિશેષ પાલન થાય છે.

(૨) સ્થૂલમૃષાવાદ વિરમણ–કન્યા–અલીક, ગો–અલીક, ભૂમિ–અલીક, ન્યાસ–અપહાર, કૂટસાક્ષી એ પાંચ પ્રકારના અસત્યનો ત્યાગ. (૧) **કન્યા–અલીક** :–સગપણ વગેરે પ્રસંગે કન્યા સંબંધી અલીક–ખોટું બોલવું. દા. ત. કન્યા રૂપાળી ન હોવા છતાં રૂપાળી કહેવી. અહીં કન્યા એ ઉપલક્ષણ છે. એટલે દ્વિપદપ્રાણી (=બે પગવાળા જીવો) સંબંધી સર્વપ્રકારના અસત્યનો કન્યા–અલીકમાં સમાવેશ થાય છે. આથી દાસ–દાસી વગેરે સંબંધી અસત્યનો પણ કન્યા–અલીકમાં સમાવેશ થઈ જાય છે. (૨) **ગો–અલીક**:–ગાય સંબંધી અસત્ય બોલવું. ગાયના અંગમાં અમુક પ્રકારનો રોગ હોવા છતાં તેને રોગ રહિત કહીને અન્યને ઠગવાનો પ્રયત્ન કરવા વગેરે. અહીં ગાયના ઉપલક્ષણથી ચતુષ્પદ (=ચાર પગવાળા) ગાય, ભેંસ વગેરે સર્વ પશુઓ સંબંધી અસત્યનો ગો–અલીકમાં સમાવેશ થાય છે.

(૩) **ભૂમિ–અલીક** :–ભૂમિ સંબંધી અસત્ય. ભૂમિ ફળદ્રુપ ન હોવા છતાં ફળદ્રુપ કહીને અન્યને ઠગવાનો પ્રયત્ન કરવો વગેરે. અહીં ભૂમિના ઉપલક્ષણથી સર્વપ્રકારની સંપત્તિ સંબંધી અસત્યનો ભૂમિ–અલીકમાં સમાવેશ થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) ન્યાસ-અપહાર :-ન્યાસ એટલે થાપણ. પૂર્વે થાપણ રૂપે મૂકેલા પૈસા લેવા આવે ત્યારે નથી આપ્યા એમ કહીને થાપણનો અપહાર-અસ્વીકાર કરવો તે ન્યાસ-અપહાર. જો કે આ ચોરીનો જ એક પ્રકાર છે. છતાં એ ચોરી અસત્ય બોલીને કરાતી હોવાથી, એમાં અસત્યની પ્રધાનતા હોવાથી એનો અસત્યમાં સમાવેશ કર્યો છે.

(૫) કૂટસાક્ષી-કોર્ટ આદિના પ્રસંગે કોઈની ખોટી સાક્ષી પૂરવી. ખોટી સાક્ષીથી બીજાના પાપને પણ પુષ્ટિ મળતી હોવાથી કૂટસાક્ષી અસત્યને ઉપરના ચાર અસત્યથી જુદો ગણેલ છે. અસત્યના અનેક પ્રકાર છે. તેમાં આ પાંચ પ્રકારના અસત્યથી આધ્યાત્મિક અને વ્યવહારિક એ બંને દૃષ્ટિએ ઘણું જ નુકશાન થાય છે. આથી ગૃહસ્થે આ સ્થૂલ પાંચ અસત્યનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ. આ અસત્યોથી કેટલીક વાર પોતાના કે પરના પ્રાણ જવાનો પણ પ્રસંગ ઉપસ્થિત થાય, પરસ્પર વૈમનસ્ય ઊભું થાય, લોકમાં પોતાના પ્રત્યે અવિશ્વાસ પેદા થાય વગેરે અનેક નુકશાનો થાય છે. પરિણામે વ્યવહાર બગડે છે અને એને લઈને ધર્મને પણ ધક્કો પહોંચે છે.

કોઈનો જીવ બચાવવા અસત્ય બોલવું પડે તો તેનો આ નિયમમાં સમાવેશ થતો નથી. કારણ કે તે વાસ્તવિક અસત્ય નથી.

ફળ : લોકોને (-લાગતા) વળગતાઓને પોતાના પ્રત્યે વિશ્વાસ પેદા થાય છે. અસત્યના યોગે થતા કલેશ-કંકાસ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મારામારી, દુશ્મનાવટ આદિ અનેક અનર્થોથી બચી જવાય છે.

(૩) **સ્થૂલઅદત્તાદાન વિરમણુ** :-જેને વ્યવહારમાં ચોરી કહેવામાં આવે તેવી બીજું કાપવું, દાણચોરી વગેરે સ્થૂલ ચોરીનો ત્યાગ. (રસ્તામાંથી પથ્થર, ઘાસ આદિ લેવું વગેરે સૂક્ષ્મ ચોરીનો ત્યાગ થતો નથી.)

**ફળ** :-ચોરી કરનાર બહારથી ગમે તેમ વર્તતો હોવા છતાં અંદરથી ફફડતો હોય છે. પકડાઈ જવાના ભયથી હૃદયમાં ફફડાટ હોય છે. આથી આ વ્રત લેનાર સદા નિર્ભય રહે છે. તથા લોકાપવાદ, અપકીર્તિ, રાજદંડ આદિ અનેક અનર્થોથી બચી જાય છે.

(૪) **સ્થૂલમૈથુન વિરમણ** :-સ્વપત્નીથી અન્ય કોઈ પણ સ્ત્રીની સાથે અથવા પરસ્ત્રી [1]સાથે મૈથુનનો ત્યાગ.

**ફળ** :-જીવન સદાચારી બને છે. પરસ્ત્રી ગમનના મહાન પાપથી અને એનાથી ઉત્પન્ન થતા લોકાપવાદ, પ્રાણનાશભય આદિ અનેક અનર્થોથી બચી જવાય છે.

(૫) **સ્થૂલપરિગ્રહ વિરમણુ**:-રોકડ નાણાં, દાગીનાં, ઘર, દુકાન, રાચ-રચીલું વગેરે દરેકનો અમુક અમુક પ્રમાણથી વધારેનો ત્યાગ. અથવા રોકડનાણાં વગેરે બધું ભેગું મળીને અમુક મિલકતથી વધારે મિલકતનો ત્યાગ.

---

૧. અહીં પરસ્ત્રી એટલે પરની-બીજાની સ્ત્રી એવો અર્થ હોવાથી કુમારિકા, વિધવા, વેશ્યા વગેરેનો ત્યાગ થતો નથી. કારણ કે કુમારિકા વગેરે વર્તમાનમાં કોઈની સ્ત્રી નથી. જ્યારે સ્વપત્નીથી અન્ય કોઈ પણ સ્ત્રીના ત્યાગમાં કુમારિકા વગેરેનો પણ ત્યાગ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફળ :–સંતોષ આવે છે. જીવન સ્વસ્થ બને છે. મન અનેક ચિંતાઓથી મુક્ત બને છે.

**મહાવ્રત–અણુવ્રતમાં અન્ય વિશેષતા**–(૧) પાંચે મહાવ્રતોનો સાથે સ્વીકાર કરવાનો હોય છે. અર્થાત્ પોતાની અનુકૂળતા પ્રમાણે એક બે એમ છૂટાં છૂટાં મહાવ્રતોનો સ્વીકાર ન થઈ શકે. જ્યારે અણુવ્રતોમાં પોતાની અનુકૂળતા મુજબ એક બે વગેરે અણુવ્રતો સ્વીકારી શકે છે. (૨) પાંચ મહાવ્રતોમાં મન, વચન અને કાયાથી કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણે કોટિએ પાપનો ત્યાગ કરવામાં આવે છે. હિંસા આદિ મનથી કરવું નહિ, વચનથી કરવું નહિ, કાયાથી પણ કરવું નહિ, એમ મન આદિ ત્રણથી કરાવવું પણ નહિ, અન્ય કરતો હોય તેનું અનુમોદન પણ કરવું નહિ. આમ કોઈ જાતના અપવાદ વિના પાંચ મહાવ્રતોનો સ્વીકાર થાય છે. અણુવ્રતોમાં પાપોનો મન, વચન અને કાયાથી કરવાનો અને કરાવવાનો ત્યાગ થાય છે, પણ અનુમોદનાનો ત્યાગ થતો નથી. એમાં પણ સંક્ષેપ કરવો હોય–છૂટ લેવી હોય તો લઈ શકાય છે. પાંચ મહાવ્રતોમાં કોઈ જાતની છૂટ લઈ શકાતી નથી.

**દેશથી હિંસાદિ પાપોથી નિવૃત્તિ એ અણુવ્રતો કેમ છે એનાં કારણો** :–(૧) મહાવ્રતોની અપેક્ષાએ નાનાં વ્રતો હોવાથી અણુ–નાનાં વ્રતો તે અણુવ્રતો. (૨) ગુણોની અપેક્ષાએ સાધુઓથી ગૃહસ્થો અણુ–નાના હોવાથી અણુનાં–નાનાનાં વ્રતો તે અણુવ્રતો. (૩) દેશના સમયે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવ્રતોના ઉપદેશ પછી આ વ્રતોનો ઉપદેશ આપવામાં આવતો હોવાથી અણુ–પછી ( મહાવ્રતોની પછી ) ઉપદેશાતાં વ્રતો અણુવ્રતો.

આગળ બતાવવામાં આવશે તે ગુણવ્રતો અને શિક્ષાવ્રતો પણ ઉક્ત ત્રણે અર્થની દૃષ્ટિએ અણુવ્રતો હોવા છતાં મોટા [1]ભાગે પ્રથમનાં પાંચ વ્રતોમાં અણુવ્રત શબ્દનો પ્રયોગ રૂઢ બની ગયો છે. એટલે પ્રાયઃ જ્યાં જ્યાં અણુવ્રત શબ્દનો પ્રયોગ આવે ત્યાં અણુવ્રત શબ્દથી પ્રથમનાં પાંચ વ્રતો જ સમજવાં. [૨]

[ મહાવ્રતોનો સ્વીકાર કર્યા બાદ નિરતિચારપણે પાલન કરવું જોઈએ. એ માટે શક્ય પ્રયત્ન પણ કરવો જોઈએ. અન્યથા મહાવ્રતોમાં અતિચાર લાગે કે ભંગ પણ થઈ જાય એ સંભવિત છે. આથી અહીં મહાવ્રતોના શુદ્ધ પાલન માટે જરૂરી ભાવનાઓનો ઉપદેશ શરૂ કરે છે.]

**મહાવ્રતોને સ્વીકાર્યા બાદ નિરતિચારપણે પાલન કરવા માટે ભાવનાઓ :—**

**તત્સ્થૈર્યાર્થં ભાવનાઃ પઞ્ચ પઞ્ચ ॥ ૭–૩ ॥**

---

૧. અહીં મોટા ભાગે કહેવાનું કારણ એ છે કે આગળ ' અણુવ્રતોઽગારી ' એ સૂત્રમાં જેને અણુવ્રત હોય તેને અગારી વ્રતી કહેવાય એમ કહેવામાં આવ્યું છે. ત્યાં અણુવ્રત શબ્દથી કેવળ પાંચ વ્રતો નહિ, કિન્તુ બારે વ્રતો લેવાં જોઇએ.. નહિ તો જેને પ્રથમનાં પાંચ સિવાયનાં બીજાં બે વગેરે વ્રતો હોય તેને ઉક્ત વ્યાખ્યા લાગુ પડી શકે નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મહાવ્રતોની સ્થિરતા માટે (-નિરતિચાર પાલન કરવા માટે) દરેક મહાવ્રતની પાંચ પાંચ ભાવનાઓ છે.**

**(૧) પ્રથમ મહાવ્રતની ભાવનાઓ :—**

(૧) **ઈર્યાસમિતિ** :- લોકોનું ગમનાગમન થતું હોય અને સૂર્યનો પ્રકાશ પડતો હોય તેવા માર્ગે જીવ રક્ષા માટે યુગ[૧] પ્રમાણ દૃષ્ટિ રાખીને ચાલવું. (૨) **મનોગુપ્તિ**:-આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરી ધર્મધ્યાનમાં મનનો ઉપયોગ રાખવો.[૨] (૩) **એષણાસમિતિ** :-ગવેષણા, ગ્રહણૈષણા, ગ્રાસૈષણા એ ત્રણ પ્રકારની એષણામાં ઉપયોગપૂર્વક વર્તવું.[૩] (૪) **આદાન નિક્ષેપણા સમિતિ** :-આદાન એટલે લેવું અને નિક્ષેપણા એટલે મૂકવું. વસ્તુ લેવી હોય ત્યારે તેનું દૃષ્ટિથી નિરીક્ષણ કરીને તથા રજોહરણ આદિથી પ્રમાર્જન કરીને લેવી. તથા વસ્તુ મૂકવી હોય ત્યારે ભૂમિનું દૃષ્ટિથી નિરીક્ષણ કરીને તથા રજોહરણ આદિથી પ્રમાર્જન કરીને મૂકવી. (૫) **આલોકિતપાન ભોજન** :-પાત્રમાં રહેલી ભિક્ષાને પ્રકાશમાં ચક્ષુથી સૂક્ષ્મ રીતે નિરીક્ષણ કરવા પૂર્વક પ્રકાશવાળા સ્થાને બેસીને ભોજન કરવું.

---

૧. યુગ એટલે ગાડામાં જોડેલા બળદના સ્કંધ ઉપર રહેલી ધોંસરી. એ લગભગ ૩॥ હાથની હોય છે.

૨. આર્ત વગેરે ધ્યાનની સમજૂતી માટે જુઓ અ. ૯, સૂત્ર ૩૧ વગેરે.

૩. સાધુઓને દેહ ટકાવવા આહારની જરૂર પડે તો ગૃહસ્થના ઘરે જઈ કોઈ પણ જાતનો દોષ ન લાગે તેમ એષણા-તપાસ કરીને આહાર લાવવાનો છે. આહાર લાવ્યા પછી ગૃધ્ધિ આદિ દોષ રહિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨) બીજા મહાવ્રતની ભાવનાઓ :-

(૧) **અનુવીચિ ભાષણ** :-અનુવીચિ એટલે વિચાર. વિચારપૂર્વક બોલવું તે અનુવીચિ ભાષણ. (૨) **ક્રોધપ્રત્યાખ્યાન** :-ક્રોધનો ત્યાગ કરવો. (૩) **લોભપ્રત્યાખ્યાન** :-લોભનો ત્યાગ કરવો. (૪) **ભય પ્રત્યાખ્યાન**:-ભયનો ત્યાગ કરવો.× (૫) **હાસ્ય પ્રત્યાખ્યાન** :-હાસ્યનો ત્યાગ કરવો.

---

વાપરવાનો છે. આહાર લાવવામાં કયા કયા દોષો સંભવિત છે એ બતાવતાં શાસ્ત્રમાં મુખ્યતયા ૪૨ દોષો જણાવ્યા છે. તેમાં ગવેષણાના ૩૨ અને ગ્રહણૈષણાના ૧૦ એમ કુલ ૪૨ દોષો આહાર લાવવામાં સંભવે છે. ગવેષણાના ૩૨ દોષોના બે વિભાગ છે. ૧૬ ઉદ્‌ગમ દોષો અને ૧૬ ઉત્પાદન દોષો છે. ઉદ્‌ગમ એટલે આહારની ઉત્પત્તિમાં થતા દોષો. આ દોષો ગૃહસ્થ થકી ઉત્પન્ન થાય છે ઉત્પાદન એટલે ઉત્પન્ન કરવા. ગૃહસ્થના ઘરે આહારની ઉત્પત્તિમાં કોઈ દોષ ન લાગ્યો હોય, પણ સાધુ પ્રમાદવશ એમાં દોષો ઉત્પન્ન કરે તે ઉત્પાદન દોષ. આહારની ઉત્પત્તિમાં કોઇ દોષ ન લાગ્યો હોય અને સાધુએ પણ કોઇ દોષ લગાડ્યો ન હોય, પણ આહાર ગ્રહણ કરતી વખતે જે દોષો ઉત્પન્ન થાય તે ગ્રહણૈષણાના દોષો કહેવાય છે. ગવેષણાના અને ગ્રહણૈષણાના દોષોથી રહિત ભિક્ષા લાવ્યા પછી પણ આહાર વાપરતાં જે દોષો લાગે તે ગ્રાસૈષણના દોષો છે. આ દોષો પાંચ છે. આ સઘળા દોષોનું વિસ્તારથી વર્ણન પિંડનિર્યુક્તિ આદિમાં છે.

× ઇહલોક (મનુષ્યથી) ભય, પરલોક (તિર્યંચથી) ભય, આદાન (કોઈ લઈ જશે એવો) ભય, અકસ્માત્ (વિજળી વગેરેનો) ભય, આજીવિકા (જીવન નિર્વાહનો) ભય, મરણ ભય, અપકીર્તિ ભય-આ સાત પ્રકારના ભયનો ત્યાગ કરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચાર કર્યા વિના બોલવું વગેરે અસત્યનાં કારણો છે માટે તેમનો ત્યાગ કરવો જોઈએ.

(૩) **ત્રીજા મહાવ્રતની ભાવનાઓઃ-**

(૧) **અનુવીચિ અવગ્રહ યાચના :**-અનુવીચિ એટલે વિચાર. અવગ્રહ એટલે રહેવા માટેની જગ્યા. યાચના એટલે માગણી. સાધુઓએ જે સ્થાને વાસ કરવો હોય તે સ્થાનનો જે માલિક હોય તેની (કેટલી જગ્યા જોઈશે ઇત્યાદિ) વિચારપૂર્વક રજા લઈને જ તે સ્થાનમાં વાસ કરવો જોઈએ. અન્યથા અદત્તાદાનનો દોષ લાગે. ઈન્દ્ર, ચક્રવર્તી, માંડલિક રાજા, ગૃહસ્વામી અને સાધર્મિક (પોતાની પહેલાં ત્યાં રહેલા સાધુઓ) એમ પાંચ પ્રકારના સ્વામી છે. (૨) **વારંવાર અવગ્રહ યાચના**ઃ-સામાન્યથી અવગ્રહની યાચના કરવા છતાં રોગ આદિની અવસ્થામાં ભિન્ન ભિન્ન જગ્યાનો ભિન્ન ભિન્ન રીતે ઉપયોગ કરવો પડે તો જ્યારે જ્યારે જે જે જગ્યાનો જે જે રીતે ઉપયોગ કરવાનો હોય ત્યારે ત્યારે તે તે જગ્યાનો તે તે રીતે ઉપયોગ કરવાની યાચના કરવી જોઈએ. (૩) **અવગ્રહ અવધારણ :**-અવગ્રહની માગણી વખતે કેટલી જગ્યાની જરૂર છે તેનો નિર્ણય કરી જરૂર જેટલી જગ્યા માગીને તેટલી જ જગ્યાનો ઉપયોગ કરવો. (૪) **સમાન ધાર્મિક અવગ્રહ યાચન :**-સાધુઓના સમાન ધાર્મિક સાધુઓ છે. જે સ્થળે પૂર્વે આવેલા સાધુઓ ઉતરેલા હોય તે સ્થળે ઉતરવું હોય તો પૂર્વે ઉતરેલા સાધુઓની અનુજ્ઞા લેવી જોઈએ. (૫) **અનુ-**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જ્ઞાપિતપાનભોજન :**–ગુરુની આજ્ઞા લઈને ભોજન–પાણી લેવા જવું જોઈએ. શાસ્ત્રોક્ત વિધિથી ભોજન–પાણી લઈ આવ્યા બાદ ગુરુને બતાવીને ગુરુની અનુજ્ઞા લઈને ભોજન –પાણી વાપરવાં જોઈએ. અન્યથા ગુરુ અદત્તાદાન વગેરે દોષો લાગે.

### (૪) ચોથા મહાવ્રતની ભાવનાઓ–

**(૧) સ્ત્રી પશુ પંડક સંસ્તવવસતિ વર્જન**–જ્યાં સ્ત્રીઓનું ગમનાગમન વધારે હોય, જ્યાં પશુઓ અધિક પ્રમાણમાં હોય, જ્યાં નપુંસકો રહેતા હોય, તેવી વસતિનો (–સ્થાનનો) ત્યાગ કરવો જોઈએ. **(૨) રાગ સંયુક્તા સ્ત્રીકથા વર્જન**–રાગથી સ્ત્રીઓની કથા નહિ કરવી જોઈએ. દા. ત. અમુક દેશની સ્ત્રીઓ અતિશય રૂપાળી હોય છે. અમુક દેશની અમુક જાતિની સ્ત્રીઓનો કંઠ અધિક મધુર હોય છે. અમુક જાતિની સ્ત્રીઓ અમુક પ્રકારનાં વસ્ત્રો પહેરે છે ઇત્યાદિ. **(૩) મનોહર ઇંદ્રિય અવલોકન વર્જન**–રાગથી સ્ત્રીઓની ઇંદ્રિયો કે અન્ય અંગોપાંગ તરફ દૃષ્ટિ પણ નહિ કરવી જોઈએ. અચાનક દૃષ્ટિ પડી જાય તો તુરત પાછી ખેંચી લેવી જોઈએ. **(૪) પૂર્વક્રીડા સ્મરણ વર્જન**– પૂર્વે ગૃહસ્થ અવસ્થામાં કરેલી કામક્રીડાઓનું સ્મરણ નહિ કરવું જોઈએ. **(૫) પ્રણીત રસ ભોજન વર્જન**– પ્રણીત રસવાળા આહારનો ત્યાગ કરવો જોઈએ. દૂધ, દહીં, ઘી, માખણ વગેરે સ્નિગ્ધ અને મધુર રસવાળો આહાર પ્રણીત આહાર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫) પાંચમા મહાવ્રતની ભાવનાઓ.

( ૧ થી ૫ ) સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ એ પાંચ વિષયો મનોજ્ઞ( –ઇષ્ટ ) હોય તો તેમાં રાગ નહિ કરવો જોઈએ, અમનોજ્ઞ ( –અનિષ્ટ ) હોય તો તેમાં દ્વેષ નહિ કરવો જોઈએ. સ્પર્શ આદિ દરેકની એક એક ભાવના હોવાથી પાંચ વિષયોની પાંચ ભાવનાઓ છે.

અહીં જે જે મહાવ્રતોની જે જે ભાવનાઓ બતાવવામાં આવી છે તેનું બરોબર પાલન કરવાથી મહાવ્રતોનું પાલન શુદ્ધ–નિરતિચાર થાય છે. અન્યથા અતિચારો લાગે કે મહાવ્રતોનો ભંગ થાય. [૩]

## મહાવ્રતોને સ્થિર કરવા સર્વ વ્રતો માટે સર્વ સામાન્ય પ્રથમ ભાવના–

**હિંસાદિષ્વિહામુત્ર ચાપાયાવદ્યદર્શનમ્ ॥૭–૪॥**

**હિંસાદિ પાપોથી આ લોકમાં અપાયની (–અનર્થની) પરંપરા અને પરલોકમાં અવદ્યનો (–પાપનો) કરુણ વિપાક ભોગવવો પડે છે એ પ્રમાણે વિચારણા કરવી.**

**આ લોકમાં અપાય :**–(૧) હિંસામાં પ્રવૃત્ત પ્રાણી સદા પોતે ઉદ્વિગ્ન રહે છે અને અન્યને ઉદ્વેગ કરાવે છે. અન્ય પ્રાણી પ્રત્યે વેરની પરંપરા ખડી થાય છે. વધ, બંધ વગેરે અનેક પ્રકારના ક્લેશો પામે છે. ટાઢ–તડકો વગેરે કષ્ટો સહન કરવાં પડે છે. (૨) અસત્યવાદી લોકમાં અવિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપ્રિય બને છે. જિહ્વાછેદ વગેરે કષ્ટો પામે છે જેની પાસે ખોટું બોલે છે તેની સાથે વૈર–દુશ્મનાવટ થાય છે. આથી અવસરે તેને કોઈ પણ સહાયતા મળતી નથી. (૩) ચોરી કરનાર જીવ અનેકને દુઃખી–ઉદ્વિગ્ન કરે છે. પોતાને સદા ભયભીત રહેવું પડે છે. ચોરી લાવેલી વસ્તુઓના રક્ષણ માટે અનેક પ્રકારનાં કષ્ટો સહન કરવાં પડે છે. સદા મન ભયભીત હોવાથી ભોગ–ઉપભોગ પણ શાંતિથી કરી શકતો નથી. પોલીસ આદિના હાથે પકડાઈ જાય તો જેલ, અપકીર્તિ વગેરે દુઃખો પામે છે. (૪) અબ્રહ્મમાં( –મૈથુન સેવનમાં )આસક્ત પ્રાણી વીર્યક્ષય, અશક્તિ, પરસ્ત્રીની સોબત કરવાથી અપકીર્તિ, પ્રાણનો નાશ વગેરે અનેક દુઃખો પામે છે. (૫) ધન મેળવવા ટાઢ, તડકો, ભૂખ, તરસ વગેરે અનેક કષ્ટો સહન કરવાં પડે છે. મેળવવા માટે શારીરિક અનેક કષ્ટો સહન કરવા છતાં જો ન મળે તો માનસિક ચિંતા આદિ દુઃખ ઉત્પન્ન થાય છે. કદાચ મળી જાય તો તેના રક્ષણ માટે અનેક કષ્ટો સહન કરવાં પડે છે. ચોર આદિ લઈ ન જાય તેની ચિંતા, ભય વગેરે માનસિક દુઃખો પણ સદા રહ્યાં કરે છે. ધન ઘણું મળવા છતાં તૃપ્તિ થતી નથી, સદા મન અતૃપ્ત રહે છે. અતૃપ્ત માણસ કદી શાંતિ પામતો નથી. પુણ્ય પરવારી જતાં ધનનો નાશ થાય તો કેટલાકનું હૃદય બંધ પડી જાય છે. કેટલાકને અતિસાર, સંગ્રહણી વગેરેથી ઝાડાનો રોગ થાય છે. અથવા મરણ સુધી માનસિક પરિતાપ રહ્યા કરે છે. લોભી માણસ ધન મેળવવાની લાલસામાં વિવેક પણ ભૂલી જાય છે. હું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કયા સ્થાનમાં છું, અમુક સ્થાનમાં રહેલા મારે શું કરવું જોઈએ, અને શું ન કરવું જોઈએ વગેરે ભૂલી જાય છે. આથી આ લોકમાં અનેકની સાથે કલેશ-કંકાસ, વૈમનસ્ય વગેરે થવાથી તે લોકમાં અપ્રિય બની જાય છે. આગળ વધીને વિવેક ભૂલીને માતા-પિતા આદિને મારવા સુધીની પ્રવૃત્તિ કરે છે. આથી આ લોકમાં અપકીર્તિ આદિ પામે છે. આમ પરિગ્રહી-લોભી જીવ આ લોકમાં શારીરિક અને માનસિક અનેક પ્રકારનાં કષ્ટો પામે છે.

## પરલોકમાં કરુણ વિપાક.

પાપાનુબંધી પુણ્યના ઉદયવાળા કોઈ જીવને હિંસાદિ પાપોથી કદાચ આ લોકમાં ઉપર કહેલાં દુઃખો અલ્પ થાય કે ન થાય; તો પણ પરલોકમાં તો અવશ્ય એ પાપોનો કરુણ વિપાક ભોગવવો પડે છે. પરલોકમાં તેના માટે અશુભગતિ તૈયાર હોય છે. ત્યાં શારીરિક અને માનસિક અનેક પ્રકારનાં દુઃખો ભોગવવાં પડે છે. તિર્યંચગતિમાં શીત-તાપ, પરાધીનતા વગેરે કષ્ટો સહન કરવાં પડે છે. નરકગતિ તો કેવળ દુઃખો ભોગવવા માટે જ છે. ત્યાં એક ક્ષણ પણ સુખ નથી. ત્યાં દુઃખથી કંટાળીને મરવાની ઇચ્છા થાય તો પણ મરી શકે નહિ.[૧] [૪]

---

૧. નરકગતિના દુઃખના વિસ્તૃત વર્ણન માટે જુઓ અ ૩ સૂ ૩ વગેરે. જીવો હિંસાદિ પાપોથી તિર્યંચ વગેરે ગતિમાં ઉત્પન્ન થઈને કેવાં કેવાં દુઃખો અનુભવે છે તેનું વિસ્તૃત વર્ણન 'ભવભાવના' ગ્રંથમાં પાંચમી ભાવનામાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મહાવ્રતોને સ્થિર કરવા સર્વ વ્રતો માટે સર્વ સામાન્ય (બીજી) ભાવના–

દુઃખમેવ વા ॥ ૭–૬ ॥

**તથા હિંસાદિ પાપો દુઃખ રૂપ જ છે એમ વિચારવું.**

હિંસાદિથી કેવળ સ્વને જ દુઃખ થતું નથી, અન્ય પ્રાણીઓને પણ દુઃખ થાય છે. આથી સાધકે વિચારવું જોઈએ કે–જેમ મને દુઃખ પ્રિય નથી તેમ અન્ય કોઈ પણ જીવને દુઃખ પ્રિય નથી. જેવો હું છું તેવા જ અન્ય પ્રાણીઓ છે. આથી જેમ કોઈ મારો વધ કરે તો મને દુઃખ થાય છે, તેમ અન્યનો વધ કરવાથી તેને પણ દુઃખ થાય છે. કોઈ અસત્ય બોલીને મને ઠગે તો જેમ મને દુઃખ થાય છે તેમ શું અન્યને અસત્યથી દુઃખ ન થાય? એ પ્રમાણે ચોરી આદિથી પણ અન્ય પ્રાણીઓને દુઃખ થાય છે. માટે એ પાપોનો ત્યાગ કરવો એ જ હિતાવહ છે. મૈથુનસેવનમાં અનુભવાતું સુખ પણ ખણજ આદિ વ્યાધિના ક્ષણિક પ્રતીકાર સમાન હોવાથી દુઃખ જ છે. પરિગ્રહ પણ અપ્રાપ્ત ધનની ઇચ્છાનો સંતાપ, પ્રાપ્ત ધનના રક્ષણની ચિંતા, તેના ઉપભોગમાં અતૃપ્તિ, તેનો નાશ થતાં શોક વગેરે દુઃખનું કારણ હોવાથી દુઃખ રૂપ જ છે. આમ હિંસાદિ પાપો વર્તમાનમાં સ્વ–પરના દુઃખનાં કારણ હોવાથી તથા ભવિષ્યમાં દુઃખ આપનાર કર્મબંધનાં કારણ હોવાથી દુઃખ રૂપ જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોથા સૂત્રની ભાવનામાં હિંસાદિ દુઃખનાં કારણ છે એ વિચારણા કરવામાં આવી છે. જ્યારે આ સૂત્રની ભાવનામાં હિંસાદિ પાપો સ્વયં (દુઃખનાં કારણ હોવાથી અને દુઃખનાં કારણ કર્મનાં કારણ હોવાથી કારણમાં કાર્યના ઉપચારથી) દુઃખ રૂપ જ છે એ વિચારવાનું છે. તથા ચોથા સૂત્રની ભાવનામાં હિંસાદિ પાપો પોતાના દુઃખનાં કારણ છે એ વિચારણાની પ્રધાનતા છે. જ્યારે આ સૂત્રની ભાવનામાં હિંસાદિથી અન્યને પણ દુઃખ થાય છે એ વિચારણાની પ્રધાનતા છે. [૫]

## મહાવ્રતોની સ્થિરતા માટે ચાર ભાવનાઓ-

**મૈત્રી-પ્રમોદ-કારુણ્ય-માધ્યસ્થ્યાનિ સત્ત્વ-ગુણાધિક-ક્લિશ્યમાના-ઽવિનયેષુ ॥ ૭-૬ ॥**

**મહાવ્રતોને સ્થિર રાખવા સર્વ પ્રાણીઓ પ્રત્યે મૈત્રીભાવ, ગુણાધિક જીવો પ્રત્યે પ્રમોદભાવ, દુઃખી જીવો ઉપર કરુણાભાવ અને અવિનીતજીવો ઉપર માધ્યસ્થ ( ઉપેક્ષા ) ભાવ રાખવો જોઇએ.**

(૧) **મૈત્રીભાવનાઃ**-મૈત્રી એટલે જગતના સર્વ જીવો ઉપર હાર્દિક સ્નેહ(પ્રેમ)નો [૧]પરિણામ. અર્થાત્ કોઈ પણ જાતના સ્વાર્થ વિના, કોઈ પણ જાતના ઉપકારની આશા વિના, નિઃસ્વાર્થભાવે જગતના જીવો ઉપર પ્રીતિ એ મૈત્રી

૧. મૈત્રી સર્વસત્ત્વવિષયસ્નેહપરિણામઃ (શ્રી હરિભદ્રસૂરિની ટીકા)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. સાધકે નાના–મોટા, ઉચ્ચ–નીચ, સ્વ–પર, ગરીબ–શ્રીમંત વગેરે કોઈ જાતના ભેદભાવ વિના જગતના તમામ પ્રાણીઓ ઉપર પ્રેમભાવ રાખવો જોઈએ. પોતાને દુઃખી કરનાર જીવ ઉપર પણ પ્રેમભાવ રાખવો જોઈએ. આ માટે સકલ પ્રાણી પ્રત્યે આત્મવત્ દૃષ્ટિ કેળવવી જોઈએ. તો જ સકલ જીવો પ્રત્યે મૈત્રી ભાવના આવે. મૈત્રી ભાવનાથી ભાવિત હૃદયવાળો સાધક જ હિંસા આદિ પાપોથી અટકી શકે છે. સાચા મિત્રના હૃદયમાં પોતાના મિત્રનો વધ કરવાની, ખોટું બોલીને તેને ઠગવાની, ચોરી કરીને તેનું ધન આદિ લઈ લેવાની ભાવના ન હોય. મૈત્રીભાવના યુક્ત સાધક જગતના તમામ જીવોને પોતાના મિત્ર માને છે. એટલે તેના હૃદયમાં જગતના તમામ જીવોના હિતની જ ભાવના હોય છે.[૨] આથી અહિંસા આદિના પાલન માટે મૈત્રી ભાવ અનિવાર્ય છે.

(૨) **પ્રમોદભાવના**:–પ્રમોદ એટલે માનસિક હર્ષ.

૨ આ દૃષ્ટિએ શ્રી હરિભદ્રસૂરિ મહારાજે **परहितचिन्ता मैत्री**–પરના હિતની ચિંતાને–ભાવનાને મૈત્રી કહી છે. (ષોડશકપ્રકરણ) **मा कार्षीत् कोऽपि पापानि, मा च भूत् कोऽपि दुःखितः। मुच्यतां जगदप्येषा मतिर्मैत्री निगद्यते ॥१॥** (શ્રી યોગશાસ્ત્ર) કોઈ પણ જીવ પાપ ન કરે, કોઈ પણ જીવ દુઃખી ન થાય, સંપૂર્ણ જગત દુઃખમાંથી મુક્ત થાય એવી ભાવના મૈત્રી છે. **शिवमस्तु सर्वजगतः** વગેરે પણ મૈત્રી ભાવના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧]ગુણથી અધિક જીવો ઉપર પ્રમોદ એ પ્રમોદ ભાવના છે. સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર, તપ આદિથી અધિક-મહાન (ઉત્તમ) મહાત્માઓને વંદન, સ્તુતિ, પ્રશંસા, વૈયાવચ્ચ આદિ કરવાથી પ્રમોદની-માનસિક હર્ષની અભિવ્યક્તિ થાય છે. પ્રમોદભાવના યુક્ત જીવ જ્ઞાનાદિ ગુણોથી અધિક-ઉત્તમ ગુણીઓને જોઈને આનંદ પામે છે અને પોતાના એ આનંદને શક્તિ કે સંયોગો પ્રમાણે યથાયોગ્ય વંદનાદિ કરીને વ્યક્ત કરે છે. જો ગુણથી અધિકને-મહાનને જોઈને કે સાંભળીને આનંદ ન થાય તથા યથાયોગ્ય વંદનાદિ કરવાનું મન ન થાય તો સમજવું કે હજી પ્રમોદભાવના આવી નથી. પ્રમોદભાવનાના અભાવે અન્યના ગુણોના દર્શનથી કે શ્રવણથી સાધકનું હૃદય ×ઈર્ષ્યા, અસૂયા કે માત્સર્ય રૂપ અગ્નિથી

---

૧. અહીં ગુણાધિક શબ્દનો પોતાનાથી ગુણથી અધિક એવો અર્થ ન કરતાં ગુણથી અધિક એટલો જ અર્થ કરવો વધારે ઠીક છે. આચાર્ય ઉપાધ્યાય, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા વગેરે ગુણી પ્રત્યે પ્રમોદભાવ રાખવો જોઇએ. ઉપાધ્યાય વગેરે આચાર્યથી ગુણથી અધિક નથી. એટલે જો ગુણાધિક શબ્દનો પોતાનાથી ગુણથી અધિક એવો અર્થ કરવામાં આવે તો આચાર્યને ઉપાધ્યાય વગેરે પ્રત્યે પ્રમોદભાવ રાખવાનું રહેતું નથી. તે બરોબર નથી. આચાર્ય વગેરે દરેક સાધકે પોતાનાથી ગુણથી લઘુ ગુણી પ્રત્યે પણ પ્રમોદ ભાવ રાખવો જોઈએ. આથી ગુણાધિક શબ્દનો ગુણથી અધિક-મહાન (ઉત્તમ) એવો અર્થ કરવો વધારે સંગત છે.

× **परसम्पत्तौ चेतसो व्यारोष इर्ष्या । गुणेषु दोषाऽऽविष्करणमसूया ।** શ્રી સિ. સ. ૨-૨-૨૭ સૂ. ની બૃહદ્વૃત્તિ. પરની (બાહ્ય-અભ્યંતર) સંપત્તિ જોઇને ઉત્પન્ન થતો ચિત્તનો રોષ-અણતરા ઈર્ષ્યા છે. બીજાના ગુણોને દોષરૂપે કહેવા એ અસૂયા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સળગી ઉઠે છે. પરિણામે હિંસા, અસત્ય આદિ અનેક પાપો પણ પેદા થવાની શકયતા છે. આથી સાધકે પોતાના હૃદયને પ્રમોદ ભાવનાથી પૂર્ણ રાખવું જોઈએ. પ્રમોદ-ભાવના આત્મામાં રહેલા ગુણોને પ્રગટાવવા અમોઘ ઉપાય છે. સાધકમાં ગુણો ઓછા હોય એ ચાલી શકે, પણ પ્રમોદ ભાવના વિના ન ચાલી શકે. પ્રમોદભાવના વિના પોતાનામાં રહેલી ગુણોની પણ કોઈ કિંમત નથી.

(૩) **કરુણાભાવના**:–કરુણા એટલે દુઃખીને જોઈને તેના પ્રત્યે દયાના પરિણામ. કરુણા, દયા, અનુકંપા, કૃપા, અનુગ્રહ વગેરે શબ્દોનો એક (કરુણા) અર્થ છે. કરુણાને યોગ્ય જીવો બે પ્રકારના હોવાથી કરુણાના બે પ્રકાર છે– દ્રવ્ય કરુણા અને ભાવ કરુણા. રોગ આદિ બાહ્ય દુઃખોથી ઘેરાયેલા જીવોને જોઈને ઉત્પન્ન થતી કરુણા દ્રવ્ય કરુણા છે. અજ્ઞાનતા આદિ આભ્યંતર દુઃખોથી ઘેરાયેલા જીવોને જોઈને ઉત્પન્ન થતી કરુણા ભાવ કરુણા છે. ભાવ કરુણાને યોગ્ય જીવોને યોગ્યતા પ્રમાણે મોક્ષ આદિનો ઉપદેશ આપીને, દ્રવ્ય કરુણાને યોગ્ય જીવોને ઔષધ, અન્નપાન વગેરે આપીને, ઉભય પ્રકારની કરુણાને યોગ્ય જીવોને ઉપદેશ તથા ઔષધાદિ બે બંને આપીને (પોતાની શક્તિ પ્રમાણે) તેમના ઉપર કરુણા કરવી જોઈએ.

અથવા બીજી રીતે દ્રવ્ય અને ભાવ એ બે પ્રકારે કરુણા છે. દુઃખીને જોઈને હૃદયમાં ઉત્પન્ન થતી દયા એ ભાવકરુણા અને તેના દુઃખને દૂર કરવા માટે યોગ્ય પ્રયત્ન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ દ્રવ્યકરુણા છે. અહીં સાધુઓ માટે તો મુખ્યતયા ભાવ કરુણાનું વિધાન છે. ગૃહસ્થોએ યથાયોગ્ય બંને પ્રકારની ભાવના રાખવી જોઈએ. શક્તિ અને સંયોગ હોવા છતાં કેવળ ભાવકરુણા રાખનાર ગૃહસ્થની ભાવકરુણા પોકળ છે.

(૪) **માધ્યસ્થ્યભાવનાઃ**–માધ્યસ્થ્ય, ઉપેક્ષા, સમભાવ વગેરે શબ્દોનો એક અર્થ છે. ઉપદેશને અયોગ્ય અવિનીત પ્રાણી પ્રત્યે સમભાવ (રાગદ્વેષના ત્યાગ) પૂર્વક (એને સમજાવવા કે સુધારવા માટે) ઉપદેશ આપવાનો ત્યાગ કરવો એ માધ્યસ્થ્ય ભાવના છે. જે પ્રાણી અવિનીત હોવાથી હિતોપદેશ સાંભળે નહિ, કદાચ સાંભળે તો પણ એક કાને સાંભળીને બીજા કાનથી કાઢી નાખે, શકય હોવા છતાં ઉપદેશને આંશિક પણ અમલમાં ન મૂકે, એવા પ્રાણી પ્રત્યે ઉપેક્ષા ભાવના ભાવવી, એટલે કે તેના પ્રત્યે જરા પણ દ્વેષ લાવ્યા વિના ઉપદેશ આપવાનું છોડી દેવું જોઈએ. જો એવા પ્રાણી પ્રત્યે માધ્યસ્થ્ય ભાવના ન રાખવામાં આવે તો સાધકનો હિતોપદેશનો પ્રયત્ન નિષ્ફળ બને છે, અને સાધકના મનમાં કદાચ તેના પ્રત્યે દ્વેષ વૃત્તિ જાગે એ પણ સંભવિત છે. આગળ વધીને એક બીજાને ક્લેશ-કંકાસ અને વૈમનસ્ય પણ ઉત્પન્ન થાય. આથી સાધકે દીર્ઘ વિચાર કરીને ઉપેક્ષા ભાવનાને યોગ્ય જીવ ઉપર ઉપેક્ષા ભાવનાનો પ્રયોગ અવશ્ય કરવો જોઈએ. અન્યથા બંનેને આધ્યાત્મિક અને વ્યાવહારિક એ બંને દૃષ્ટિએ નુકશાન થવાનો સંભવ છે. આ ભાવનાથી અવિનીત આદિ પ્રત્યે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વેષભાવ થતો નથી એ મોટો લાભ છે. મૈત્રી આદિ ચારે ભાવના શુભ છે. એટલે ઉપેક્ષા ભાવના પણ શુભ છે. આથી યોગ્ય સ્થાને ઉપેક્ષા ભાવનાના પ્રયોગથી નુકશાન જરાય નથી. બલ્કે (નવો કર્મબંધ ન થાય, નિર્જરા થાય વગેરે) લાભ થાય છે. આથી સાધકે યોગ્યસ્થાને ઉપેક્ષાનું સેવન કરવું જરૂરી છે. સાથે સાથે એ પણ જરૂરી છે કે આ જીવ ઉપેક્ષા ભાવનાને યોગ્ય છે કે નહિ તે દીર્ઘદૃષ્ટિથી વિચારવું. અન્યથા ઉપેક્ષા ભાવનાને અયોગ્ય જીવ ઉપર ઉપેક્ષા ભાવના કરવાથી પોતાને આધ્યાત્મિક અને વ્યાવહારિક એ બંને દૃષ્ટિએ ઘણું નુકશાન થાય. [૬]

**મહાવ્રતોની સ્થિરતા માટે પ્રકારાંતરે વિચારણા—**

**जगत्कायस्वभावौ च संवेगवैराग्यार्थम् ॥ ७-७ ॥**

**સંવેગ અને વૈરાગ્યની પુષ્ટિ માટે સંસાર અને કાયાનું સ્વરૂપ વિચારવું જોઇએ.**

સંવેગ એટલે સંસારના ભય-સંસાર ઉપર કંટાળો. વૈરાગ્ય એટલે અનાસક્તિ. સંસારના સ્વરૂપની વિચારણાથી સંવેગની અને કાયાના સ્વરૂપની વિચારણાથી વૈરાગ્યની પુષ્ટિ થાય છે.

**સંસારસ્વરૂપની વિચારણાથી સંવેગની પુષ્ટિ—** મહાવ્રતોનું પાલન એ મહાન આધ્યાત્મિક સાધના છે. આ સાધના સંસારનો નાશ કરવા માટે છે. સંસારનો નાશ એ એનું ફળ છે. સંસાર ઉપર કંટાળો આવ્યા વિના તેના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાશનો પ્રયત્ન શક્ય નથી. આથી સાધનામાં સંવેગની પહેલી જરૂર છે. જેટલા અંશે સંવેગ તીવ્ર તેટલા અંશે સાધના પ્રબળ બને છે. સંવેગને તીવ્ર બનાવવા સંસારના સ્વરૂપને વિચારવાની જરૂર છે. સંસારના સ્વરૂપને વિચારતાં સંસાર દુઃખસ્વરૂપ, દુઃખ ફલક અને દુઃખાનુબંધી લાગે છે. સંસારના ભૌતિક સુખનાં સાધનો અનિત્ય-ક્ષણુ-ભંગુર અને અશરણ ભાસે છે. સંસારનું સુખ પણ દુઃખ રૂપ દેખાય છે. આથી સંસાર ઉપર કંટાળો આવે છે અને સંસારનો નાશ કરવાની ઇચ્છા થાય છે. એથી સંસારનાં કારણો તરફ દૃષ્ટિ જાય છે. સંસારના કારણોનો નાશ કર્યા વિના સંસારનો નાશ અશક્ય જ છે. સંસારનાં કારણો હિંસા આદિ છે. આથી તે સાધકને હિંસા આદિ ઉપર પણ અરતિ ઉત્પન્ન થાય છે. સંસાર અને સંસારનાં કારણો ઉપર અરતિ એનું જ નામ સંવેગ. આથી અહીં સંવેગને પુષ્ટ બનાવવા સંસારના સ્વરૂપને વિચારવાનો ઉપદેશ આપ્યો છે.

**સંવેગનું ચિહ્ન (-માપક યંત્ર)** :-સંસાર ઉપર અરતિ થતાં ધર્મ અને ધાર્મિક પુરુષો પ્રત્યે બહુમાન અવશ્ય જાગે છે. **આથી ધર્મ અને ધાર્મિક પુરુષો પ્રત્યે બહુમાન એ સંવેગને જાણવા માટે ચિહ્ન-માપક યંત્ર છે.** ધર્મ અને ધાર્મિક પુરુષો પ્રત્યે બહુમાન થતાં ધર્મની જિજ્ઞાસા થવાથી અતિપ્રેમથી ધર્મશ્રવણ થાય છે, અને ધાર્મિક પુરુષોનાં દર્શનથી અત્યંત આનંદ થાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. પોતે જે સાધના કરતો હોય તેનાથી અધિક સાધના કરવાની ઇચ્છા રહ્યા કરે છે. એ માટે શક્ય પ્રયત્ન પણ કરે છે. આથી અતિપ્રેમથી ધર્મનું શ્રવણ, ધાર્મિક પુરુષોનાં દર્શનથી થતો આનંદ, અને અધિક સાધનાની ઇચ્છા એ ત્રણ ધર્મ અને ધાર્મિક પુરુષો પ્રત્યે જાગેલા બહુમાનનાં લક્ષણો છે. ધર્મ અને ધાર્મિક પુરુષો પ્રત્યે જાગેલું બહુમાન એ સંવેગનું લક્ષણ છે.

## કાયાના સ્વરૂપની વિચારણાથી વૈરાગ્યની પુષ્ટિ :-

કોઈ પણ પ્રકારની આસક્તિ સાધનામાં બાધક છે. પાંચ મહાવ્રતોના સાધકે સંસારના સર્વ પદાર્થોનો ત્યાગ કરી દીધો હોય છે. એની પાસે મહાવ્રતોની સાધનામાં જરૂરી ઉપકરણો હોય છે. એનું શરીર પણ ઉપકરણ રૂપ જ હોય છે. ઉપકરણ એટલે સંયમની સાધનામાં સહાયક વસ્તુ. શરીર અને વસ્ત્રો વગેરે સંયમની સાધનામાં સહાયક બનતાં હોવાથી સાધુઓ તેનું રક્ષણ કરે છે, પણ અનાસક્ત ભાવથી. તેમાં જો આસક્તિભાવ આવી જાય તો તે ઉપકરણ બનવાને બદલે અધિકરણ (સંસારમાં સહાયક) બની જાય છે. આથી સાધકે બિન જરૂરી કોઈ વસ્તુ રાખવાની નથી, અને જરૂરી વસ્તુનો ઉપયોગ પણ આસક્તિ વિના કરવાનો છે, તેમાં પણ કાયા ઉપર આસક્તિ ન રહે એ માટે બહુ જ સાવધ રહેવાની જરૂર છે. દરેક જીવને સામાન્યથી અન્ય પદાર્થોની અપેક્ષાએ કાયા ઉપર અધિક આસક્તિ હોય છે. અન્ય પદાર્થો ઉપરથી આસક્તિ દૂર થયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી પણ કાયાનું ઉપરની આસક્તિ દૂર થવી ઘણી કઠીન છે. જો સાવધ રહેવામાં ન આવે તો કાયાની આસક્તિ અન્ય પદાર્થો ઉપર પણ આસક્તિ કરાવે છે. એટલે કાયા ઉપર આસક્તિ ભાવ ન થાય અને થયો હોય તો દૂર થાય એ માટે સાધકે સંસારના સ્વરૂપની વિચારણા સાથે કાયાના સ્વરૂપની વિચારણા પણ કરવી જોઈએ. કાયાના સ્વરૂપની વિચારણાથી કાયા અશુચિમય અને અનિત્ય જણાય છે. આથી કાયા પ્રત્યે આસક્તિ રહેતી નથી. કાયા પ્રત્યે આસક્તિ ન હોવાથી કાયાના પોષણ માટે જરૂરી વસ્ત્ર, પાત્ર, વસતિ, આહાર–પાણી વગેરે જે કોઈ વસ્તુનો ઉપયોગ કરે છે તે અનાસક્ત ભાવથી કરે છે. આથી મહાવ્રતોના પાલન માટે કાયાના સ્વરૂપનું ચિંતન અતિ જરૂરી છે. નહીં તો કાયા અને અન્ય ઉપકરણો ઉપકરણને બદલે અધિકરણ બની જાય તો સાધના નિષ્ફળ જાય. [૭]

[ મહાવ્રતો હિંસાદિ પાંચ પાપોથી નિવૃત્તિ રૂપ હોવાથી મહાવ્રતોના પાલન માટે પ્રથમ હિંસા આદિ પાંચ પાપોનું જ્ઞાન અનિવાર્ય છે. આથી હવે ક્રમશઃ હિંસાદિ પાપોની વ્યાખ્યા જણાવે છે. ]

## હિંસાની વ્યાખ્યા–

**પ્રમત્તયોગાત્ પ્રાણવ્યપરોપણં હિંસા ॥ ૭–૮ ॥**

**[1]પ્રમાદના યોગે પ્રાણનો વિયોગ એ હિંસા છે.**

---

૧. પ્રમાદનો અર્થ વિશાળ છે. પણ અહીં મુખ્યતયા જીવરક્ષા પરિણામના અભાવરૂપ પ્રમાદ વિવક્ષિત છે. પ્રમાદના વિસ્તૃત અર્થ માટે જુઓ અ. ૮. સૂ. ૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચ ઇંદ્રિયો, મનોબળ, વચનબળ અને કાયબળ એ ત્રણ બળો, શ્વાસોશ્વાસ અને આયુષ્ય એ દશ પ્રકારના દ્રવ્ય પ્રાણ છે. એ પ્રાણોનો વિયોગ કરવો તે હિંસા.

## દ્રવ્ય-ભાવહિંસા

**પ્રશ્ન** :–આ પ્રાણો આત્માથી જુદા છે. પ્રાણોના વિયોગથી આત્માનો વિનાશ થતો નથી. તો પછી પ્રાણોના વિયોગમાં અધર્મ–પાપ કેમ લાગે છે? **ઉત્તર** :–પ્રાણના વિયોગથી આત્માનો નાશ થતો નથી, પણ આત્માને દુઃખ અવશ્ય થાય છે. પ્રાણના વિયોગથી આત્માને દુઃખ થાય છે માટે જ પ્રાણ વિયોગથી અધર્મ–પાપ લાગે છે. આથી એ પણ સ્પષ્ટ થાય છે કે પ્રાણ વિયોગ એ જ અધર્મ–પાપ કે હિંસા છે એમ નથી, કિન્તુ અન્યને દુઃખ આપવું એ પણ અધર્મ–હિંસા છે. મુખ્ય હિંસા પણ આ જ છે. પ્રાણ વિયોગ એ ગૌણ હિંસા છે. શાસ્ત્રના શબ્દોમાં કહીએ તો બીજાને દુઃખ આપવું એ નિશ્ચય હિંસા છે અને પ્રાણવિયોગ એ વ્યવહાર હિંસા છે. વ્યવહાર હિંસા નિશ્ચય હિંસાનું કારણ છે માટે તેનાથી પાપ લાગે છે. બીજા શબ્દોમાં કહીએ તો દુઃખ આપવું એ ભાવહિંસા છે અને પ્રાણવિયોગ દ્રવ્યહિંસા છે.

## બીજી અપેક્ષાએ દ્રવ્ય-ભાવ હિંસા :–

આત્માના જ્ઞાનાદિ ગુણો ભાવ પ્રાણ છે. વિષય–કષાય આદિ પ્રમાદથી આત્માના ગુણોનો ઘાત પણ હિંસા છે. આત્માના ગુણોનો ઘાત એ ભાવ હિંસા છે. આત્માના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણોના ઘાત રૂપ ભાવ હિંસાની અપેક્ષાએ દ્રવ્ય પ્રાણોનો ઘાત એ દ્રવ્ય હિંસા છે. અહીં પણ ભાવહિંસા મુખ્ય છે. આ બંને પ્રકારની હિંસાના સ્વ અને પર એમ બે ભેદ છે. પોતાના આત્માના ગુણોનો ઘાત એ સ્વભાવ હિંસા અને પરના આત્માના ગુણોના ઘાતમાં નિમિત્ત બનવું એ પર ભાવહિંસા છે. ઝેર આદિથી પોતાના દ્રવ્ય પ્રાણોનો ઘાત એ સ્વ દ્રવ્યહિંસા અને પરના દ્રવ્ય પ્રાણોનો ઘાત કરવો એ પર દ્રવ્યહિંસા છે.

## પર દ્રવ્ય હિંસાના ત્રણ ભેદો-

અન્યના દ્રવ્ય પ્રાણના ઘાત રૂપ હિંસાને બીજી રીતે વિચારતાં હિંસાના દ્રવ્ય, ભાવ અને દ્રવ્ય-ભાવ એમ ત્રણ ભેદો છે. આ સૂત્રમાં કરેલી હિંસાની વ્યાખ્યા દ્રવ્ય-ભાવ હિંસાની છે. કેવળ પ્રાણ વ્યપરોપણ-પ્રાણવધ એ દ્રવ્ય હિંસા છે, કેવળ પ્રમત્તયોગ-અસાવધાની એ ભાવ હિંસા છે. પ્રમાદ અને પ્રાણવિયોગ એ બંનેનો સમયોગ એ દ્રવ્ય-ભાવ હિંસા છે. જ્યાં પ્રમાદના યોગે પ્રાણવિયોગ થાય છે ત્યાં દ્રવ્ય અને ભાવ એ ઉભય સ્વરૂપ હિંસા છે. જ્યાં પ્રમાદ નથી છતાં પ્રાણવિયોગ થઈ જાય, ત્યાં કેવળ દ્રવ્ય હિંસા છે. જ્યાં પ્રાણવિયોગ નથી, પણ પ્રમાદ છે, ત્યાં કેવળ ભાવ હિંસા છે. અહીં ભાવ હિંસાની મુખ્યતા છે. પ્રમાદ-અસાવધાની એ ભાવ હિંસા છે. આથી અહિંસાના પાલન માટે સાધકે સદા અપ્રમત્ત-સાવધાન રહેવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન :**–ઉપરોક્ત ત્રણ પ્રકારની હિંસામાં કયા કયા જીવોને કઈ કઈ હિંસા સંભવે છે ? **ઉત્તર :**–(૧) જ્યારે કોઈ જીવ પ્રાણવધ કરવા પ્રયત્ન કરે પણ તેમાં નિષ્ફળ નિવડે ત્યારે માત્ર ભાવ હિંસા હોય છે. દા. ત. શિકારી હરણને તાકીને બાણ મારે, પણ હરણને બાણ ન વાગવાથી હરણ બચી જાય. અહીં દ્રવ્યપ્રાણોનો વિયોગ ન હોવાથી દ્રવ્ય-હિંસા નથી. પણ પ્રમાદ–જીવ રક્ષાના પરિણામનો અભાવ હોવાથી ભાવ હિંસા છે. એ પ્રમાણે અંધારામાં દોરડાને સર્પ માની મારવાનો પ્રયત્ન કરવામાં માત્ર ભાવ હિંસા થાય છે. આ બે દૃષ્ટાંતોમાં હિંસા માટે કાયાથી પ્રયત્ન કર્યો, પણ નિષ્ફળતા મળવાથી માત્ર ભાવ હિંસા થઈ એ વિચાર્યું. જ્યારે કોઈ ક્રોધાવેશમાં આવીને અન્યને ગમે તેવાં હિંસાત્મક વચનો બોલે છે, મૃત્યુ માટે શ્રાપ આપે છે, ત્યારે પણ ભાવ હિંસા થાય છે. હજી આગળ વધીને વિચારીએ તો જણાશે કે હિંસા માટે કાયિક પ્રયત્ન અને વચન પ્રયોગ વિના માત્ર મનમાં હિંસાના વિચારથી ભાવ હિંસા થાય છે. જેમ કે તંદુલ મત્સ્ય. આ મત્સ્ય તંદુલના (ચોખાના) દાણા જેટલું હોય છે. માટે તેને તંદુલ મત્સ્ય કહેવામાં આવે છે. તે મહામત્સ્યની આંખની પાંપણમાં ઉત્પન્ન થાય છે. મહામચ્છ કેટલાંક માછલાં ગળી જાય છે ત્યારે તેની સાથે થોડુંક પાણી પણ તેના મુખમાં દાખલ થઈ જાય છે. આ પાણીને તે બહાર કાઢે છે ત્યારે પાણીની સાથે દાંતોની પોલાણમાં રહેલાં કેટલાંક નાનાં નાનાં માછલાં પણ બહાર નીકળી જાય છે. આ જોઈને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તંદુલ મત્સ્ય વિચારે છે કે હું મહામત્સ્ય હોઉં તો એક પણ માછલાને આવી રીતે નીકળવા ન દઉં, સઘળાં માછલાઓનું ભક્ષણ કરી જાઉં. આવા દારુણ હિંસાના અધ્યવસાયથી તે સતત ભાવ હિંસા કર્યા કરે છે, અને માત્ર અંતર્મુહૂર્ત જેટલા આયુષ્યમાં સાતમી નરકનું આયુષ્ય બાંધે છે. હજી સૂક્ષ્મ દૃષ્ટિથી ભાવ હિંસાને વિચારીએ. હિંસા માટે કાયાથી પ્રયત્ન ન કરે, વચનથી બોલે નહિ અને મનમાં વિચારણા ન કરે તો પણ જો આત્મામાં જીવરક્ષાના પરિણામ ન હોય તો ભાવ હિંસા થાય છે. આથી જીવરક્ષાના પરિણામ રહિત સર્વ જીવો સદા ભાવ હિંસાનું પાપ બાંધે છે. (૨) રક્ષાના પરિણામથી રહિત જીવ જ્યારે પ્રાણવધ કરે છે ત્યારે દ્રવ્ય-ભાવ હિંસા કરે છે. ગૃહસ્થાવાસમાં રહેલ જે સાધક હિંસાની સૂક્ષ્મ વ્યાખ્યા સમજે છે અને હિંસાથી સર્વથા નિવૃત્ત થઈ જવાની તીવ્ર ઇચ્છા રાખે છે, છતાં સંયોગોની વિપરીતતાથી સર્વથા હિંસાથી નિવૃત્ત થઈ શકતો નથી, તે સાધકથી થતી જીવનનિર્વાહ માટે અનિવાર્ય હિંસા દ્રવ્યહિંસા છે. આમ સંસારમાં રહેલા મનુષ્યોમાં ત્રણે પ્રકારની હિંસા સંભવે છે.

(૩) સંસરત્યાગી અપ્રમત્ત મુનિની સંયોગવશાત્ થઈ જતી હિંસા દ્રવ્યહિંસા છે. જેમકે- અપ્રમત્તભાવે યુગપ્રમાણ દૃષ્ટિ રાખીને જઈ રહેલ મુનિના પગ નીચે અકસ્માત્ કોઈ જીવ આવી જાય અને મૃત્યુ પામે તો એ દ્રવ્યહિંસા છે. કારણ કે મુનિ અપ્રમત્ત છે. તેમનું મન જીવોને બચા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વવાના જ ધ્યાનમાં છે. છતાં સંયોગ એવો છે કે જીવ બચાવી શકાતો નથી. તેવા પ્રકારના રોગ આદિ પ્રબળ કારણો ઉપસ્થિત થતાં દુઃખાતા હૃદયે શાસ્ત્રોક્ત વિધિ મુજબ ઔષધસેવન આદિમાં થતી હિંસા પણ દ્રવ્યહિંસા છે. સંસાર ત્યાગી મુનિ જો પ્રમાદ કરે–જીવ રક્ષા તરફ લક્ષ્ય ન રાખે તો પ્રાણવિયોગ રૂપ દ્રવ્યહિંસા ન થવા છતાં ભાવહિંસા અવશ્ય થાય છે, અને જ્યારે પ્રમાદની સાથે પ્રાણવિયોગ પણ થાય છે ત્યારે દ્રવ્ય–ભાવ હિંસા થાય છે. આમ અપેક્ષાએ ગૃહસ્થાવાસના ત્યાગી મુનિઓમાં પણ ત્રણે પ્રકારની હિંસા સંભવિત છે.

અહીં સૂક્ષ્મદૃષ્ટિથી વિચારવામાં આવે તો જણાશે કે જેમ મોટા ભાગના ગૃહસ્થોમાં સદા ભાવ હિંસા હોય છે તેમ સાધુઓમાં સદા દ્રવ્ય હિંસા હોય છે. કારણ કે શ્વાસોશ્વાસ, હાથ–પગ પ્રસારણ આદિથી સૂક્ષ્મ વાયુ કાયના જીવોની હિંસા થયા કરે છે. પોતે અપ્રમત્ત હોવા છતાં આ હિંસાનો પરિહાર અશક્ય છે. આવી દ્રવ્ય હિંસા ૧૩ મા ગુણસ્થાનક સુધી હોય છે. ૧૪ મા ગુણસ્થાને રહેલા તથા સિદ્ધ જીવો દ્રવ્ય અને ભાવ એ બંને પ્રકારની હિંસાથી રહિત છે. [૮]

## અસત્યની વ્યાખ્યા–

**असदभिधानमनृतम् ॥ ७–९ ॥**

**પ્રમાદથી અસત્ (અયથાર્થ) બોલવું તે અસત્ય.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસત્ (અસત્ય)ના ત્રણ ભેદો છે. (૧) સદ્‌ભાવ-પ્રતિષેધ, (૨) અર્થાંતર, અને (૩) ગર્હા. સદ્‌ભાવ પ્રતિષેધના ભૂતનિહ્નવ અને અભૂતોદ્‌ભાવન એ બે ભેદો છે.

(૧) **ભૂતનિહ્નવ** :–ભૂત એટલે બનેલ, નિહ્નવ એટલે છુપાવવું–અપલાપ કરવો. બની ગયેલ વસ્તુસ્થિતિનો અપલાપ કરવો તે ભૂતનિહ્નવ રૂપ અસત્ (અસત્ય) છે. દા. ત. કોઈએ પોતાને અમુક રકમ થોડા ટાઈમ માટે આપી હોય, મુદત પૂરી થતાં તે લેવા આવે ત્યારે નથી આપી એમ કહેવું. અથવા પાસે પૈસા હોવા છતાં માગનારને હમણાં મારી પાસે નથી એમ કહેવું.

(૨) **અભૂતોદ્‌ભાવન** :–અભૂત એટલે નહિ બનેલું, ઉદ્‌ભાવન એટલે ઉત્પન્ન કરવું. નહિ બનેલી વસ્તુસ્થિતિને ઉત્પન્ન કરવી એ અભૂતોદ્‌ભાવન રૂપ અસત્ય છે. દા ત. અન્ય કોઈ વ્યક્તિએ પોતાની પાસેથી અમુક વસ્તુ ન લીધી હોવા છતાં તે વ્યક્તિને તેં મારી પાસેથી અમુક વસ્તુ લીધી છે એમ કહેવું.

(૨) **અર્થાંતર** :–અર્થાંતર એટલે ફેરફાર. વસ્તુ જે સ્વરૂપે હોય તે સ્વરૂપથી ભિન્ન સ્વરૂપે–ફેરફાર કરીને કહેવું તે અર્થાંતર અસત્ય. અન્યને ૫૦૦ રૂપિયા આપ્યા હોય, પણ થોડા ટાઈમ પછી ૬૦૦ રૂપિયા આપ્યા હતા એમ કહેવું. નકલી વસ્તુને અસલી અને અસલી વસ્તુને નકલી કહેવી. જૂનાને નવો અને નવાને જૂનો માલ કહેવો. રૂપિયાની કિંમતના માલનો ગ્રાહક પાસે સવા રૂપિયો ભાવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેવો. આમ થોડા ફેરફાર સાથે જે બોલવામાં આવે તે અર્થાંતર અસત્ય છે.

(૩) **ગર્હા** :–સત્ય બોલવા છતાં હિંસા, કઠોરતા વગેરેથી યુક્ત વચન બોલવું તે ગર્હા રૂપ અસત્ય છે.

**હિંસાનું કારણ સત્ય વચન પણ અસત્ય છે:–**

પાંચ વ્રતોમાં અહિંસા મુખ્ય વ્રત છે. બીજાં વ્રતો તેના રક્ષણ માટે છે. એટલે અસત્ય આદિ વ્રતોનું બાહ્યદૃષ્ટિએ પાલન થવા છતાં જો તેનાથી અહિંસા વ્રતનું પાલન ન થતું હોય તો એ વાસ્તવિક પાલન જ નથી. આથી બાહ્યદૃષ્ટિએ વચન સત્ય હોવા છતાં જો તેનાથી હિંસા થતી હોય તો તે વચન વાસ્તવિક રીતે અસત્ય જ છે. સાધુએ રસ્તામાં હરણને જતું જોયું. કોઈ શિકારી સામે મળતાં હરણ કઈ દિશામાં ગયું છે એ પૂછ્યું. સાધુએ હરણના જવાની દિશા બતાવી. અહીં બાહ્યદૃષ્ટિએ સાધુનું વચન અસત્ય નથી. પણ તે વચનથી શિકારી તે દિશામાં જઈને હરણનો શિકાર કરે એટલે પરિણામે હિંસા ઉત્પન્ન થાય. આથી આ વચન અસત્ય છે. એ પ્રમાણે મૂર્ખને મૂર્ખ કહેવો, કાણાને કાણો કહેવો વગેરે સત્યો પણ અસત્ય જ છે. કારણ કે તેનાથી પ્રાણવિયોગ રૂપ હિંસા ન થવા છતાં દુઃખાનુભવ રૂપ હિંસા અવશ્ય થાય છે. વાસ્તવિક હિંસા પણ એ જ છે. આ આપણે ગયા સૂત્રમાં વિચારી ગયા છીએ. કઠોરતા, પૈશૂન્ય, ગાળ આદિથી યુક્ત વચનો અસત્ય વચનો છે. આવાં વચનો કોઈને સાંભળવાં ગમતાં ન હોવાથી સાંભળીને દુઃખ થાય છે. [૯]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ચોરીની વ્યાખ્યા–

## अदत्तादानं स्तेयम् ॥ ७–१० ॥

**પ્રમાદથી અન્યની નહિ આપેલી વસ્તુ ગ્રહણ કરવી તે સ્તેય–ચોરી છે.**

અદત્ત એટલે નહિ આપેલ. આદાન એટલે ગ્રહણ કરવું. માલિકે નહિ આપેલી વસ્તુ લેવી તે અદત્તાદાન. અદત્તાદાન એ ચોરી છે. અદત્તાદાનના સ્વામી અદત્ત, જીવ અદત્ત, તીર્થંકર અદત્ત અને ગુરુ અદત્ત એમ ચાર ભેદ છે. સાધક જો સ્વામી આદિ ચારેની રજા વિના કોઈ પણ વસ્તુ ગ્રહણ કરે તો ત્રીજા મહાવ્રતમાં સ્ખલના થાય.

(૧) **સ્વામી અદત્ત**–જે વસ્તુનો જે માલિક હોય તે વસ્તુનો તે સ્વામી છે. વસ્તુના માલિકની રજા વિના વસ્તુ લે તો સ્વામી અદત્ત દોષ લાગે. આથી મહાવ્રતના સાધકે તૃણ જેવી પણ વસ્તુ ગ્રહણ કરતાં પહેલાં તેના માલિકની રજા લેવી જોઈએ. (૨) **જીવ અદત્ત**–માલિકે રજા આપી હોય તો પણ જો તે વસ્તુ સચિત્ત (જીવ યુક્ત) હોય તો ગ્રહણ ન કરી શકાય. તે વસ્તુનો માલિક તેમાં રહેલ જીવ છે. તે વસ્તુ તેમાં રહેલા જીવની કાયા છે. કોઈ પણ જીવને કાયાની પીડા ગમતી નથી. સચિત્ત વસ્તુ ગ્રહણ કરવાથી પીડા, કાયાનો નાશ આદિ થાય છે. આથી તેણે (–વસ્તુમાં રહેલા જીવે)એ વસ્તુ ભોગવવાનો અધિકાર (રજા) કોઈને પણ આપ્યો નથી. માટે મહાવ્રતના સાધકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માલિકે રજા આપી હોવા છતાં સચિત્ત વસ્તુનું ગ્રહણ નહિ કરવું જોઈએ. અન્યથા જીવ અદત્ત દોષ લાગે.

(૩) **તીર્થંકર અદત્ત**-વસ્તુ અચિત્ત હોય અને માલિકે રજા આપી હોય તો પણ સાધકે વિચારવું જોઈએ કે આ વસ્તુ લેવા તીર્થંકર (શાસ્ત્ર)ની આજ્ઞા છે કે નહિ? તીર્થંકરની આજ્ઞા ન હોય અને લે તો તીર્થંકર અદત્ત દોષ લાગે. જેમ કે સાધુ માટે તૈયાર કરેલ આહાર-પાણીનું ગ્રહણ. દાતા ભક્તિથી સાધુને આહાર-પાણી આપતો હોય, તે આહાર-પાણી અચિત્ત હોય, છતાં જો તે સાધુ માટે તૈયાર કરેલાં હોય તો સાધુથી (નિષ્કારણ) ન લેવાય. જો લે તો તીર્થંકર અદત્ત દોષ લાગે. કારણ કે તીર્થંકરોએ સાધુ માટે તૈયાર કરેલ આહાર-પાણી (નિષ્કારણ) લેવાનો નિષેધ કર્યો છે. (૪) **ગુરુ અદત્ત**-સ્વામીની અનુજ્ઞા હોય, વસ્તુ સચિત્ત હોય, તીર્થંકરની પણ અનુજ્ઞા હોય, છતાં જો ગુરુની અનુજ્ઞા લીધા વિના વસ્તુ ગ્રહણ કરે તો ગુરુ અદત્ત દોષ લાગે. જેમકે ગુરુની અનુજ્ઞા વિના નિર્દોષ આહાર-પાણીનું ગ્રહણ. નિર્દોષ પણ આહાર-પાણી લેતાં પહેલાં ગુરુની અનુજ્ઞા અવશ્ય લેવી જોઈએ. દાતા ભક્તિથી આપે છે એટલે સ્વામી અદત્ત નથી. નિર્દોષ હોવાથી જીવ અદત્ત કે તીર્થંકર અદત્ત પણ નથી. છતાં જો ગુરુની અનુજ્ઞા વિના લાવેલાં હોય તો ગુરુ અદત્ત છે. આથી સાધકે જે વસ્તુ લેવાની તીર્થંકરોએ અનુજ્ઞા આપી હોય તે વસ્તુ લેવા માટે પણ ગુરુની અનુજ્ઞા અવશ્ય મેળવવી જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રમાણે અસ્તેય મહાવ્રતના પાલન માટે આ ચારે પ્રકારે અદત્ત વસ્તુનો ત્યાગ કરવો જોઇએ. [૧૦]

## અબ્રહ્મની વ્યાખ્યા–

## મૈથુનમબ્રહ્મ ॥ ૭–૧૧ ॥

**મૈથુન એ અબ્રહ્મ છે.**

મિથુન શબ્દ ઉપરથી મૈથુન શબ્દ બન્યો છે. મિથુન એટલે જોડલું. મિથુનની–જોડલાની જે ક્રિયા તે મૈથુન એવો મૈથુન શબ્દનો શબ્દાર્થ છે. પણ અહીં આપણે મૈથુન શબ્દનો શબ્દાર્થ નહિ, કિન્તુ ભાવાર્થ લેવાનો છે. વેદોદયથી પુરુષ–સ્ત્રીના સંયોગથી થતી કામચેષ્ટા મૈથુન છે. પુરુષ–સ્ત્રીના સંયોગથી થતી કામચેષ્ટા રૂપ મૈથુન અબ્રહ્મ છે.

જેમ પુરુષ અને સ્ત્રીના સંયોગથી થતી કામચેષ્ટાથી સ્પર્શ સુખનો અનુભવ થાય છે, તેમ પુરુષને અન્ય પુરુષના કે સ્વહસ્તાદિના સંયોગથી થતી કામચેષ્ટાથી સ્પર્શ સુખનો અનુભવ થાય છે. તે પ્રમાણે સ્ત્રીને પણ હસ્તાદિના સંયોગથી કામચેષ્ટાથી સ્પર્શ સુખનો અનુભવ થાય છે. એટલે મૈથુન શબ્દનો ફલિતાર્થ કામચેષ્ટા છે. કોઈ પણ પ્રકારની કામચેષ્ટા એ મૈથુન છે.

જેના પાલનથી અહિંસાદિ આધ્યાત્મિક ગુણોની વૃદ્ધિ થાય તે બ્રહ્મ. જેના સેવનથી અહિંસા આદિ આધ્યાત્મિક ગુણોનો હ્રાસ કે નાશ થાય તે અબ્રહ્મ. કોઈ પણ પ્રકારની કામચેષ્ટા રૂપ મૈથુનના સેવનથી અહિંસાદિ ગુણોનો નાશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય છે. માટે કામચેષ્ટા અબ્રહ્મ છે. મૈથુનની નિવૃત્તિથી આધ્યાત્મિક અહિંસાદિ ગુણોની વૃદ્ધિ થાય છે. માટે મૈથુનની નિવૃત્તિ એ બ્રહ્મ છે. બ્રહ્મનું પાલન તે બ્રહ્મચર્ય.

બ્રહ્મચર્યના પાલનથી આધ્યાત્મિક દૃષ્ટિએ તો લાભ છે જ. વધારામાં ઐહલૌકિક દૃષ્ટિએ પણ ઘણો લાભ છે. બ્રહ્મચર્યથી વીર્યરક્ષા, શરીરબળ, રોગનો અભાવ, કાંતિ, પ્રતાપ, ઉત્સાહ આદિ અનેક લાભો થાય છે.[1] [૧૧]

## પરિગ્રહની વ્યાખ્યા–

**મૂર્ચ્છા પરિગ્રહઃ ॥ ૭–૧૨ ॥**

**જડ કે ચેતન વસ્તુ ઉપર મૂર્ચ્છા–આસક્તિ પરિગ્રહ છે.**

સામાન્યથી પરિગ્રહનો અર્થ સ્વીકાર થાય છે. પણ

---

૧. અહીં વેદના ઉદયથી થતી કોઈ પણ કામચેષ્ટા મૈથુન છે એમ જે કહેવામાં આવ્યું છે તે સ્થૂલદૃષ્ટિએ છે. સૂક્ષ્મદૃષ્ટિથી તો શબ્દાદિ કોઈ પણ વિષયના સુખની ક્રિયા મૈથુન છે. કારણ કે બ્રહ્મ એટલે આત્મા, **બ્રહ્મણિ ચરણમ્=બ્રહ્મચર્યમ્** બ્રહ્મમાં–આત્મામાં રમણતા કરવી એ બ્રહ્મચર્ય છે. આ દૃષ્ટિએ રાગ-દ્વેષથી શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ પાંચ વિષયોનું સેવન પણ અબ્રહ્મ–મૈથુન છે. આથી જ સાધુઓના પાક્ષિક સૂત્રમાં

**सद्दा रूवा रसा गंधा फासाणं पडियारणा ॥**
**मेहुणस्स वेरमणे पस वुत्ते अइक्कमे ॥**

"રાગ–દ્વેષ પૂર્વક શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શનું સેવન એ મૈથુનવિરમણવ્રતમાં દોષરૂપ છે" એમ કહેવામાં આવ્યું છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં કેવળ સ્વીકાર અર્થ નથી. કિન્તુ જેનાથી આત્મા સંસારમાં જકડાય તે પરિગ્રહ એવો અર્થ છે. આત્મા આસક્તિથી-મૂર્છાથી સંસારમાં જકડાય છે માટે આસક્તિ-મૂર્છા:પરિગ્રહ છે આથી વસ્તુનો સ્વીકાર કરવા છતાં તેના વિશે આસક્તિ ન હોય તો વસ્તુનો સ્વીકાર પરિગ્રહ રૂપ બનતો નથી. વસ્તુનો સ્વીકાર ન કરવા છતાં જો તેમાં આસક્તિ હોય તો તે પરિગ્રહ છે. જો એમ ન હોય તો ભિખારીને પણ નિષ્પરિગ્રહી-પરિગ્રહ રહિત કહેવો જોઈએ. આમ આસક્તિ વિના-ઈચ્છા વિના વસ્તુનો સ્વીકાર યા ઉપભોગ એ પરિગ્રહ નથી. તથા આસક્તિ-ઈચ્છા હોય તો વસ્તુ ન મળવા છતાં-ન ભોગવવા છતાં પરિગ્રહ છે.

**પ્રશ્ન:**-ઈષ્ટ વસ્તુમાં આસક્તિ હોવા છતાં પુણ્યના અભાવે તે વસ્તુ ન મેળવી શકે એ બરોબર છે. પણ અનિષ્ટ વસ્તુમાં આસક્તિ ન હોવા છતાં-ઈચ્છા ન હોવા છતાં તે વસ્તુને સ્વીકારે-તે વસ્તુનો ઉપભોગ કરે એ કેમ બને? વસ્તુનો સ્વીકાર-વસ્તુનો ઉપભોગ જ કહી આપે છે કે એને એ વસ્તુ ઈષ્ટ છે. જો અનિષ્ટ હોય તો તેનો સ્વીકાર-ઉપભોગ કેમ કરે છે? કાંટો અનિષ્ટ છે તો તેનાથી દૂર રહે છે.

**ઉત્તર:**-શું રોગી કડવાં ઔષધ પીએ છે તે તેને ગમે છે માટે પીએ છે? રોગી કડવાં ઔષધ ન ગમવા છતાં પીએ છે. કારણ કે તે વિના એ નિરોગી થઈ શકે તેમ નથી. કેટલીક વખત ઈષ્ટને મેળવવા અનિષ્ટનું સેવન કરવું પડે છે. રોગીને આરોગ્ય ઈષ્ટ છે. પણ તે અનિષ્ટ કડવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઔષધિના સેવન વિના પ્રાપ્ત થઈ શકે તેમ ન હોવાથી રોગી અનિચ્છાએ પણ તેનું સેવન કરે છે. જેમ વસ્તુ ઇષ્ટ હોવા છતાં પુણ્યના અભાવે મળતી નથી, તેમ વસ્તુ અનિષ્ટ હોવા છતાં પુણ્યના અભાવે અવશ્ય સ્વીકારવી પડે છે. આથી આસક્તિ ન હોવા છતાં–ગમતું ન હોવા છતાં વસ્તુનો સ્વીકાર અને ઉપભોગ કરવો પડે છે. કાંટાથી દૂર ભાગનાર પણ જ્યારે કાંટો વાગે છે ત્યારે તેને કાઢવા બીજા કાંટાને શોધતો નથી?

પ્રસ્તુત પ્રશ્નનો ઉત્તર આપણે આધ્યાત્મિક દૃષ્ટિએ વિચારવાનો છે. જેમ રોગી ન ગમવા છતાં કડવાં ઔષધોનું સેવન કરે છે, તેમ અહિંસા આદિ મહાવ્રતોના સાધક આત્માને દુનિયાના કોઈ પણ પદાર્થ ઉપર આસક્તિ–મમત્વ ભાવ ન હોવા છતાં મહાવ્રતોના પાલન માટે અમુક વસ્તુઓનો સ્વીકાર અને ઉપભોગ અનિવાર્ય બની જાય છે. મહાવ્રતોનું પાલન દેહને આધીન છે. દેહનું પોષણ આહાર, વસ્ત્ર, વસતિ આદિ વિના ન થઈ શકે. આહાર–પાણી પાત્ર વિના ન લઈ શકાય. આથી સાધક આહાર, વસ્ત્ર, પાત્ર, વસતિ વગેરે ઇષ્ટ ન હોવાં છતાં કેવળ શરીરના નિર્વાહ માટે ગ્રહણ કરે છે. તેમાં આસક્તિ ન હોવાથી તે સ્વીકાર પરિગ્રહની કોટિમાં આવી શકતો નથી. આથી જ તીર્થંકરોએ સાધુઓને શરીરના નિર્વાહ માટે જરૂરી વસ્ત્ર આદિ સ્વીકારવાની અનુજ્ઞા આપી છે. પરંતુ તેમાં આસક્તિ ન જાગે તે માટે સાધકે સતત સાવધાન રહેવું જોઈએ. અન્યથા સંયમનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપકરણો અધિકરણ રૂપ બની જાય અને પરિગ્રહની કોટિમાં આવી જાય.

આમ મહાવ્રતોના પાલન માટે પોતાની કક્ષા પ્રમાણે વસ્ત્ર આદિનો સ્વીકાર કરવામાં જરાય દોષ નથી, બલ્કે નહિ સ્વીકારવામાં અનેક દોષો છે. (૧) પાત્રના અભાવે હાથમાં ભોજન કરતાં નીચે પડે તો કીડી આદિ જીવો એકઠા થાય અને પગ આદિથી મરી જાય. (૨) બાળ, ગ્લાન, વૃદ્ધ અને લાભાંતરાય કર્મના ઉદયવાળા મુનિ વગેરેની ભક્તિ ન કરી શકાય. આથી તેઓ સંયમમાં સીદાય. (૩) કામળી આદિ ન રાખવાથી કાળના કે વર્ષાદના સમયમાં અપ્કાયના જીવોની રક્ષા ન થઈ શકે. (૪) શિયાળામાં ઠંડી સહન ન થવાથી ઘાસ કે અગ્નિ આદિની અપેક્ષા રહે. તે ન મળે તો પ્રાયઃ અસમાધિ પણ થાય. પરિણામે કદાચ વ્રતોનો ભંગ પણ થાય. (૫) ચોલપટ્ટો આદિ ન રાખવાથી લોકમાં જૈન શાસનની હીલના થાય. એથી અજ્ઞાન જીવો બોધિ દુર્લભ બની જાય. એમાં નિમિત્ત સાધુ બનવાથી સાધુને અશુભ કર્મોનો બંધ થાય. આમ પોતાની કક્ષા પ્રમાણે પાત્ર આદિ ન રાખવાથી અનેક દોષો ઉત્પન્ન થાય છે. [૧૨]

## વ્રતની વ્યાખ્યા–

**નિઃશલ્યો વ્રતી ॥ ૭–૧૩ ॥**

**શલ્યરહિત તથા અહિંસાદિ વ્રત સહિત જે હોય તે વ્રતી કહેવાય.**

યદ્યપિ વ્રતી શબ્દથી જ વ્રત જેને હોય તે વ્રતી કહેવાય એમ સમજી શકાય છે. છતાં અહીં વ્રતીની વ્યાખ્યા માટે વિશિષ્ટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્રની રચના એટલા માટે કરી કે, કેવળ વ્રત હોવા માત્રથી વ્રતી ન કહેવાય, કિંતુ શલ્ય રહિત પણ જોઈએ. અહીં વ્રતીની વ્યાખ્યામાં અંગાંગી ભાવ સમાયેલો છે. વ્રતી અંગી છે. નિઃશલ્યતા અંગ છે. જેમ અંગ–અવયવ વિના અંગી–અવયવી ન હોઈ શકે તેમ નિઃશલ્યતા વિના વ્રતી ન હોઈ શકે. આથી અહીં નિઃશલ્યાતાની (શલ્યના અભાવની) પ્રધાનતા છે. વ્રત સહિત હોવા છતાં નિઃશલ્યતા ન હોય તો વ્રતી ન કહેવાય. જેમ કોઈ પાસે ગાયો હોવા છતાં જો દૂધ વિનાની હોય તો તે વાસ્તવિક રીતે ગાયવાળો કહેવાતો નથી. કારણ કે દૂધ વિનાની ગાયોની કોઈ કિંમત હોતી નથી.

માયા, નિદાન, અને મિથ્યાત્વ એ ત્રણ શલ્ય છે. શરીરમાં રહી ગયેલ કાંટા આદિનું શલ્ય જેમ શરીર અને મનને અસ્વસ્થ બનાવી દે છે, તેમ માયા આદિ આત્મામાં રહી જાય તો આત્માને અસ્વસ્થ બનાવી દે છે. એથી આત્માની પ્રગતિ રુંધાઈ જાય છે. માટે માયા આદિ ત્રણ શલ્ય છે.

માયા[1] એટલે કપટ. [2]નિદાન એટલે મહાવ્રતો આદિની સાધનાના ફળ રૂપે આ લોક અને પરલોકનાં દુન્યવી સુખોની ઇચ્છા રાખવી. [3]મિથ્યાત્વ એટલે તાત્ત્વિક પદાર્થો ઉપર અશ્રદ્ધા.

---

૧. માયાના વિશેષ વિવેચન માટે જુઓ અ. ૮ સૂ. ૧૦

૨. નિદાન માટે જુઓ અ. ૯ સૂ. ૩૪

૩. મિથ્યાત્વના વિવેચન અંગે જુઓ અ. ૮ સૂ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન:**–ક્રોધ આદિ ચારે કષાયો આત્માને અસ્વસ્થ બનાવે છે, આત્માની પ્રગતિને રોકે છે; માટે શલ્ય રૂપ જ છે. તો માયાને જ શલ્ય કેમ કહેવામાં આવે છે?

**ઉત્તર:**–શલ્યની વ્યાખ્યા માયામાં પૂર્ણરૂપે લાગુ પડે છે, જ્યારે ક્રોધ આદિમાં સંપૂર્ણ લાગુ પડતી નથી. જે દોષ ગુપ્ત રહીને વિકારો પેદા કરે તે શલ્ય. કાંટો વગેરે શલ્ય ગુપ્ત રહીને અસ્વસ્થતા આદિ વિકારો કરે છે. માયા પણ ગુપ્ત રહીને આત્મામાં વિકારો પેદા કરે છે. ક્રોધાદિ પ્રગટ થઈને આત્મામાં વિકારો કરે છે. જ્યારે આત્મામાં ક્રોધ ઉત્પન્ન થાય છે ત્યારે શરીરની આકૃતિ આદિથી દેખાય છે, માયા દેખાતી નથી. યદ્યપિ કયારેક ક્રોધાદિ પણ ગુપ્ત રહે છે, પણ તે માટે પ્રયત્ન કરવો પડે છે. જ્યારે માયા તો જ્યારે જ્યારે થાય છે ત્યારે ત્યારે વિના પ્રયત્ને ગુપ્ત જ રહે છે. ક્રોધ આદિમાં ગુપ્ત રહે અને વિકાર પેદા કરે એ બેમાંથી વિકાર કરે એ એક જ ઘટે છે માટે એને શલ્ય રૂપ ન કહેતાં માયાને શલ્ય રૂપ કહી.[૧૩]

## વ્રતીના બે ભેદ–

### अगार्यनगारश्च ॥ ७–१४ ॥

**વ્રતીના અગારી અને અનગાર એમ મુખ્ય બે ભેદ છે.**

અગાર એટલે ઘર–સંસાર. જે ઘરમાં–સંસારમાં રહીને (અણુ)વ્રતોનું પાલન કરે તે અગારી વ્રતી. જે ઘરનો–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંસારનો ત્યાગ કરવા પૂર્વક (મહા) વ્રતોનું પાલન કરે તે અનગાર વ્રતી. અગારી વ્રતીને શ્રાવક, શ્રમણોપાસક, દેશ-વિરતિ શ્રાવક વગેરે શબ્દોથી સંબોધવામાં આવે છે. અનગારવ્રતીને શ્રમણ, મુનિ, સાધુ વગેરે શબ્દોથી સંબોધવામાં આવે છે. [૧૪]

## અગારી વ્રતીની વ્યાખ્યા–

## અણુવ્રતોઽગારી ॥ ૭–૧૫ ॥

**જે વ્રતીને અણુવ્રત (એક બે વગેરે) હોય તે અગારી અર્થાત્ અગારી વ્રતીને પાંચ અણુ-વ્રતો હોય છે.**

અગારીની આ વ્યાખ્યાથી અર્થાપત્તિથી સિદ્ધ થાય છે કે જેને મહાવ્રતો હોય તે અનગાર વ્રતી. અણુ–નાનાં અને મોટાં એમ બે પ્રકારનાં વ્રતો છે એમ અધ્યાય ૭ સૂત્ર ૨ માં જણાવ્યું છે. વ્રતોના અણુ અને મહાન એ બે ભેદને લઈને વ્રતીના બે ભેદ છે. અણુવ્રતધારી સાધક અગારી છે અને મહાવ્રતધારી સાધક અનગાર છે. ગૃહસ્થાવાસમાં રહેલ વ્યક્તિ મહાવ્રતોનું પાલન અશક્ય હોવાથી અણુવ્રતોનું પાલન કરે છે. પાંચ અણુવ્રતોનું સ્વરૂપ સાતમા અધ્યાયના બીજા સૂત્રમાં જણાવવામાં આવ્યું છે. [૧૫]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગુણવ્રત-શિક્ષાવ્રતોનો નિર્દેશ :—

**દિગ્-દેશા-ઽનર્થદણ્ડવિરતિ-સામાયિક-પૌષધોપવાસોપ-ભોગ-પરિભોગપરિમાણાઽતિથિસંવિભાગવ્રતસંપન્નશ્ચ ॥૭-૧૬॥**

**અગારી વ્રતીને (પાંચ અણુવ્રતો ઉપરાંત) દિગ્વિરતિ, દેશવિરતિ, અનર્થદંડ વિરતિ, પૌષધોપવાસ, ઉપભોગ-પરિભોગ પરિમાણ અને અતિથિ-સંવિભાગ એ સાત વ્રતો પણ હોય છે.**

આ વ્રતોનું સ્વરૂપ તથા ફળ આ પ્રમાણે છે.

(૬) **દિગ્વિરતિ**—પૂર્વ આદિ દશ[1] દિશામાં અમુક હદ સુધી જ જવું, તેની બહાર ન જવું એ પ્રમાણે દરેક દિશામાં ગમનપરિમાણનો નિયમ કરવો તે દિગ્વિરતિ. દા. ત. કોઈ પણ દિશામાં ૧૦૦૦ માઈલથી દૂર ન જવું. અથવા કોઈ પણ દિશામાં ભારતથી બહાર ન જવું. અથવા અમુક અમુક દિશામાં અમુક અમુક દેશથી બહાર ન જવું. આમ ઇચ્છા મુજબ દિશા સંબંધી વિરતિ કરવી તે દિગ્વિરતિ. આ વ્રતમાં દિશાનું પરિમાણ નક્કી થતું હોવાથી આ વ્રતને દિક્પરિમાણ વ્રત પણ કહેવામાં આવે છે.

---

૧. પૂર્વાદિ ચાર દિશા, ચાર વિદિશા, ઉપર અને નીચે એમ કુલ દશ દિશા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફળ–દિગ્વિરતિ વ્રતનાં અનેક ફળો છે. તેમાં મુખ્ય બે ફળ છે. (૧) ધારેલ દિશાની બહાર થતી સર્વ પ્રકારની હિંસાનો ત્યાગ થાય છે. પોતે ન જાય, પોતે હિંસા ન કરે, કોઈને પ્રેરણા ન કરે, છતાં જો દિશાની હદનું નિયમન ન કર્યું હોય તો ત્યાં થતી સર્વ પ્રકારની હિંસાનું પાપ લાગે. કારણ કે નિયમન ન કરવાથી તે હિંસાનું અનુમોદન રહેલું છે. (૨) લોભ મર્યાદિત બને છે. હદનું નિયમન થયા પછી તે હદમાં ગમે તેવો આર્થિક લાભ થવાનો હોય તો પણ ત્યાં ન જઈ શકાય. એટલે લોભને મર્યાદિત બનાવ્યા વિના આ નિયમ ન લઈ શકાય. લીધા પછી તેનું સમ્યગ્ પાલન કરવાથી લોભ અધિક અધિક ઘટતો જાય છે. અનેક પ્રકારના પ્રલોભનોની સામે ટકવાનું સાત્ત્વિક બળ મળે છે.

(૭) **દેશવિરતિ** (દેશાવગાશિક) –દિગ્વિરતિ વ્રતમાં ગમનની જે હદ નક્કી કરી હોય તેમાં પણ દરરોજ યથા-યોગ્ય અમુક દેશનો (–ભાગનો) સંક્ષેપ કરવો તે દેશવિરતિ. દેશ (–અમુક ભાગ) સંબંધી વિરતિ તે દેશવિરતિ. દા. ત. દરેક દિશામાં ૧૦૦૦ માઈલથી દૂર ન જવું એમ દિગ્વિરતિ વ્રતમાં નિયમ છે, તો આ વ્રતમાં દરરોજ જ્યાં જ્યાં જવાની જરૂર હોય કે સંભાવના હોય તેટલો જ દેશ છૂટો રાખી બાકીના દેશનો નિયમ કરવો. પધારીવશ બની જવાય કે અન્ય માંદગી હોય તો આજે ઘરની કે હોસ્પિટલની બહાર ન જવું એવો નિયમ કરવો. મુંબઈ કે અમદાવાદ જેવા શહેરમાં કે નાના ગામડામાં રહેઠાણ હોય અને એ શહેરની કે ગામડાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહાર જવાની કોઈ જ સંભાવના નથી કે જરૂર નથી તો આજે શહેર કે ગામથી બહાર ન જવું એ પ્રમાણે નિયમ ધારી શકાય.

ફળ—આ નિયમથી દિગ્વિરતિમાં જે હદ છૂટી હોય તેનો પણ સંકોચ થઈ જાય છે. આથી દિગ્વિરતિ વ્રતમાં જે લાભ થાય તે જ લાભ આ વ્રતમાં થાય છે. પણ દિગ્વિરતિ વ્રતની અપેક્ષાએ આ વ્રતમાં અધિક લાભ થાય છે.

અહીં દિગ્વિરતિ વ્રતનો સંક્ષેપ એ ઉપલક્ષણ હોવાથી વ્રતોનો (પાંચ અણુવ્રત, ભોગોપભોપપરિમાણ, અનર્થદંડ-વિરતિ એ સાત વ્રતોનો) સંકોચ પણ કરવાનું વિધાન કરવામાં આવ્યું છે. આથી ઉપભોગ–પરિભોગ પરિમાણવ્રતમાં ધારેલા ચૌદ નિયમોનો પણ દરરોજ યથાશક્ય સંક્ષેપ કરવો જોઈએ. ઉપભોગ–પરિભોગ પરિમાણવ્રતમાં ચૌદ નિયમો ધારણ કરવાનું વિધાન છે. અને આ વ્રતમાં ધારેલ ચૌદ નિયમોનો દરરોજ સંક્ષેપ કરવાનું વિધાન છે. ચૌદ નિયમોમાં દિશાનો નિયમ પણ આવતો હોવાથી ચૌદ નિયમોના સંક્ષેપમાં દિશાનો સંક્ષેપ પણ આવી જાય છે.

આ વ્રતને દેશાવગાશિક વ્રત પણ કહેવામાં આવે છે. વર્તમાનમાં દેશાવગાશિક (કે દેશવિરતિ) વ્રતમાં ઓછામાં ઓછા એકાસણાના તપ સાથે દશ સામાયિક કરવાનો રિવાજ છે. સવાર સાંજ પ્રતિક્રમણમાં બે સામાયિક અને બીજાં ૮ સામાયિક એ પ્રમાણે દશ સામાયિક થાય. આ વ્રત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રહણ કરતી વખતે હું વર્ષમાં અમુક (પાંચ-દશ વગેરે) દેશાવગાશિક કરીશ એમ નિયમ કરવામાં આવે છે. પૂર્વે કહ્યું તેમ એક દિવસ દશ સામાયિક કરવાથી એક દેશાવગાશિક વ્રત થાય છે. આથી નિયમમાં જેટલા દેશાવગાશિક ધાર્યા હોય તેટલા દિવસ દશ દશ સામાયિક કરવાથી આ વ્રતનું પાલન થાય છે.

(૮) **અનર્થદંડ વિરતિ** – અર્થ એટલે પ્રયોજન. જેનાથી આત્મા દંડાય-દુઃખ પામે તે દંડ. પાપસેવનથી આત્મા દંડાય છે-દુઃખ પામે છે માટે દંડ એટલે પાપસેવન. પ્રયોજનવશાત્ (-સકારણ) પાપનું સેવન તે અર્થદંડ. પ્રયોજન વિના નિષ્કારણ પાપનું સેવન તે અનર્થદંડ.

ગૃહસ્થને પોતાનો તથા સ્વજન આદિનો નિર્વાહ કરવો પડે છે. આથી ગૃહસ્થ પોતાના તથા સ્વજન આદિના નિર્વાહ માટે જે પાપસેવન કરે તે સપ્રયોજન (-સકારણ) હોવાથી અર્થદંડ છે. જ્યારે જેમાં પોતાના કે સ્વજનાદિના નિર્વાહનો પ્રશ્ન જ ન હોય તેવું પાપસેવન અનર્થદંડ છે. અર્થાત્ જેના વિના ગૃહસ્થાવાસ ન ચલાવી શકાય તે પાપ-સેવન અર્થદંડ અને જેના વિના ગૃહસ્થાવાસ ચાલી શકે તે પાપસેવન અનર્થદંડ છે.

અનર્થદંડના મુખ્ય ચાર ભેદો છે. (૧) અપધ્યાન, (૨) પાપકર્મોપદેશ, (૩) હિંસકાર્પણ, (૪) પ્રમાદાચરણ. આ ચાર પાપો ન કરવામાં આવે તો ગૃહસ્થાવાસ ચલાવ-વામાં (નિર્વાહમાં) કોઈ જાતનો વાંધો ન આવે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) **અપધ્યાન**–અપધ્યાન એટલે દુર્ધ્યાન – અશુભ વિચારો. શત્રુ મરી જાય તો સારું, શહેરના લોકો મરી જાય તો સારું, અમુક રાજાએ અમુક રાજાને જીત્યો તે સારું થયું, અમુક દેશના લોકો મારને જ યોગ્ય છે, હું રાજા બનું તો સારું, ઇત્યાદિ અશુભ વિચારો અપધ્યાન છે. આવા વિચારોથી પોતાના કોઈ કાર્યની સિદ્ધિ થતી નથી. આવા વિચારોથી નિરર્થક પાપ બંધાય છે.

(૨) **પાપકર્મોપદેશ**—લડાઈ કરવી જોઈએ, મત્સ્યોદ્યોગનો ફેલાવો કરવો જોઇએ, વર્તમાન જમાનામાં કાપડની મિલો વિના ન ચાલે માટે કાપડની મિલો તૈયાર થવી જોઈએ, વિજળી ઉત્પન્ન કરવી જોઈએ, વહાણો તૈયાર કરો, તમારી કન્યા વિવાહને યોગ્ય થઈ ગઈ છે માટે જલદી પરણાવી દો, વર્ષાદ સારો થયો છે માટે વાવણી શરૂ કરો....વગેરે સર્વપ્રકારનો પાપકાર્યોનો ઉપદેશ[1] પાપ-કર્મોપદેશ છે.

(૩) **હિંસકાપર્ણ**–જે આપવાથી હિંસા થાય તેવી વસ્તુ અન્યને આપવી. દા.ત. હથિયાર, ઝેર, અગ્નિ વગેરે.[2]

---

૧. વિવેક વિના છાપું વાંચનારાઓ નિરર્થક કેટલું અપધ્યાન કરે છે, અને છાપું વાંચીને ગમે તેની પાસે ગમે તે રીતે છાપાની વાતો કરનારા કેટલો પાપકર્મોપદેશ કરે છે એ આના ઉપરથી સમજી શકાય તેમ છે.

૨. દાક્ષિણ્યતાના કારણે પાપકર્મનો ઉપદેશ કરવાનો પ્રસંગ આવે અને હિંસા થાય તેવી વસ્તુ આપવી પડે એ માટે નિયમમાં તેટલા પૂરતી છૂટ રાખવી પડતી હોય તો પણ બને ત્યાં સુધી તે છૂટનો ઉપયોગ ન કરવો પડે એ માટે કાળજી રાખવી જોઇએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) પ્રમાદાચારણ–કુતૂહલથી ગીત સાંભળવાં, નૃત્ય કે નાટક–સિનેમાનું નિરીક્ષણ કરવું, વારંવાર કામશાસ્ત્રનું વાંચન કરવું, તળાવ આદિમાં સ્નાન કરવું, વૃક્ષની શાખા કે હિંડોળા વગેરે ઉપર હીંચકવું, કુકડા આદિ પ્રાણીઓને પરસ્પર લડાવવા, વનસ્પતિ ઉપર ચાલવું–ખૂંદવી, નિષ્કારણ પાંદડું, પુષ્પ, ડાળખી વગેરે છેદવું. સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા અને રાજકથા એ ચાર વિકથાઓ કરવી, તેલ આદિનાં વાસણ ઉઘાડાં રાખવાં, બીજો માર્ગ હોવા છતાં વનસ્પતિ કે નિગોદ ઉપર ચાલવું, કીડકાં આદિ પ્રાણીને મારવા, નિષ્ઠુર અને મર્મ વચનો બોલવાં, ખડખડાટ પેટ ભરીને હસવું, નિંદા કરવી, કાર્ય પતી જવા છતાં સગડી, ચૂલો, બત્તી, નળ, પંખો વગેરે ચાલુ રાખવા, જોયા વિના છાણાં, લાકડાં, કોલસા, ધાન્ય, પાણી વગેરેનો ઉપયોગ કરવો, વ્યસનો[૩] સેવવાં, બોકસીંગ (–મલ્લયુદ્ધ) વગેરે રમતો જોવી, કોમેંટ્રી સાંભળવી વગેરે પ્રમાદાચરણ છે.

આ ચાર પ્રકારના અનર્થદંડના સેવનથી પોતાને કોઈ

૩. **द्यूतं च मांसं च सुरा च वेश्या, पापर्द्धिचौरी परदारसेवा ।**
**एतानि सप्तव्यसनानि लोके, घोरातिघोरं नरकं नयन्ति ॥**

જુગાર, માંસ, મદિરા, વેશ્યા, શિકાર, ચોરી, પરસ્ત્રીસેવન આ સાત વ્યસનો દારુણ નરકમાં લઈ જાય છે.

આ સાત વ્યસનોની જેમ આજનાં રેડિયો, છાપું, નોવેલ, નાટક, સિનેમા, હોટલ અને ક્લબ એ સાત વ્યસનો પણ આત્માને દુર્ગતિના માર્ગે ધકેલી જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાભ થતો નથી, બદલે નિરર્થક પાપ કર્મનો બંધ થાય છે. આ વ્રતમાં સૂક્ષ્મતાથી ત્યાગ ન થઈ શકે તો પણ સ્થૂલપણે સાત વ્યસન, નાટક, સિનેમા, ખેલ–તમાસો, રેડિયો, નૃત્ય વગેરેનો અવશ્ય ત્યાગ કરવો.

ફળ–આ વ્રતથી અનેક પ્રકારનાં ખોટાં પાપોથી બચી જવાય છે. જીવન સંસ્કારિત બને છે. તામસ અને રાજસ વૃત્તિ દૂર થાય છે. સાત્ત્વિકવૃત્તિ પ્રગટે છે.

(૯) **સામાયિક**–સમ એટલે સમતા–શાંતિ, આય એટલે લાભ. જેનાથી શાંતિ પ્રાપ્ત થાય તે સામાયિક. સર્વ સાવદ્ય યોગોનો (–પાપવ્યાપારોનો) ત્યાગ કર્યા વિના શાંતિ ન મળે માટે આ વ્રતમાં સર્વ સાવદ્ય યોગોનો ત્યાગ કરવામાં આવે છે. અમુક કાળ સુધી (ધારણા પ્રમાણે, જેમ કે સાધુ પાસે રહું ત્યાં સુધી વગેરે) દ્વિવિધ–ત્રિવિધથી (મન, વચન અને કાયા એ ત્રિવિધથી પાપ ન કરું અને ન કરાવું એ દ્વિવિધથી) સર્વ સાવદ્યયોગોનો ત્યાગ તે સામાયિક. વર્તમાનમાં આ વ્રતમાં બે ઘડી સુધી સર્વ સાવદ્યયોગોનો ત્યાગ કરવામાં આવે છે. એટલે બે ઘડી સુધી દ્વિવિધ–ત્રિવિધે સર્વસાવદ્ય યોગોનો ત્યાગ તે સામાયિક.

આ વ્રતનો સ્વીકાર કરનારે દરરોજ ઓછામાં ઓછું એક સામાયિક કરવું એવો નિયમ લેવો જોઈએ. રોજ ન બની શકે તો વર્ષમાં અમુક સામાયિક કરવાં એ પ્રમાણે નિયમ કરવો જોઇએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફળઃ-આ વ્રતથી મોક્ષસુખની વાનગી રૂપ શાંતિનો-સમતાનો અનુભવ થાય છે. ગૃહસ્થ હોવા છતાં સાધુ જેવું જીવન બને છે. અનેક પ્રકારના પૂર્વસંચિત પાપોનો નાશ થાય છે. મોક્ષમાર્ગની-જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના થાય છે.

(૧૦) **પૌષધોપવાસ**-પૌષધ એટલે પર્વતિથિ. અષ્ટમી આદિ પર્વતિથિએ ઉપવાસ કરવો તે પૌષધોપવાસ. આ પૌષધોપવાસ શબ્દનો માત્ર શબ્દાર્થ છે. ભાવાર્થ આ પ્રમાણે -આહાર, શરીરસત્કાર, [૧]અબ્રહ્મ અને સાવદ્ય કર્મ આ ચારનો ત્યાગ તે પૌષધોપવાસ (કે પૌષધ) વ્રત. આ વ્રત કેવળ દિવસ પુરતું, કેવળ રાત્રિ પૂરતું, યા દિવસ-રાત્રિ પૂરતું લેવામાં આવે છે. આહાર ત્યાગ સિવાય ત્રણ પ્રકારનો ત્યાગ સર્વથા કરવામાં આવે છે. આહારત્યાગ સર્વથા અથવા શક્તિના અભાવે દેશથી પણ કરવામાં આવે છે. જો ચોવિહાર ઉપવાસ કરવામાં આવે તો આહારનો સર્વથા અને તિવિહાર ઉપવાસ, આયંબિલ આદિ કરવામાં આવે તો દેશથી ત્યાગ થાય છે. આ વ્રત ગ્રહણ કરનારે અષ્ટમી આદિ પર્વતિથિએ પૌષધ લેવાનો નિયમ ગ્રહણ કરવો જોઈએ. દરેક પર્વતિથિએ ન લઈ શકાય તો વર્ષમાં અમુક ૧૦-૨૦-૩૦ પૌષધ કરવા એવો નિયમ કરવો જોઈએ.

---

૧. સ્નાન કરવું, તેલ ચોળવું, સુગંધિ પદાર્થોનું વિલેપન કરવું, વાળ ઓળવા વગેરે શરીરની વિભૂષા કરવી એ શરીર સત્કાર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફળ—આ વ્રતથી સાધુધર્મનો અભ્યાસ થાય છે. કષ્ટ સહન કરવાની શક્તિ આવે છે. શરીર પરનો મમત્વ-ભાવ ઓછો થાય છે. આગથી બળેલાને શીતલ દ્રવ્યોના સંયોગથી જેમ શાંતિ થાય છે, તેમ સંસારમાં દરરોજ રાગ-દ્વેષની આગમાં બળતા જીવને પૌષધથી શાંતિનો અનુભવ થાય છે.

(૧૧) ઉપભોગ પરિભોગ પરિમાણુઃ—એક જ વાર ભોગવી શકાય તેવી વસ્તુનો ઉપયોગ તે ઉપભોગ. જેમ કે આહાર, પુષ્પ વગેરે. અથવા જે વસ્તુનો શરીરની અંદર ઉપયોગ થાય તે ઉપભોગ. જેમકે આહાર વગેરે. વારંવાર ભોગવી શકાય તેવી વસ્તુનો ઉપયોગ તે પરિભોગ. જેમકે વસ્ત્ર આદિ. જેમાં ઉપભોગ અને પરિભોગનું પરિમાણ કરવામાં આવે તે ઉપભોગ પરિભોગ પરિમાણ વ્રત. આ પ્રમાણે ઉપભોગ-પરિભોગ પરિમાણ શબ્દનો શબ્દાર્થ છે. ભાવાર્થ આ પ્રમાણે-અતિસાવદ્ય વસ્તુઓનો સર્વથા ત્યાગ અને અલ્પ સાવદ્યવાળી વસ્તુઓનો ઉપભોગ પણ પરિમાણથી કરવો તે ઉપભોગ-પરિભોગ પરિમાણ વ્રત.

આ વ્રતનો નિયમ બે રીતે કરવામાં આવે છે. એક ભોજન સંબંધી અને બીજો કર્મ (-ધંધા) સંબંધી. આહારમાં બાવીશ અભક્ષ્ય, બત્રીશ અનંતકાય, રાત્રિભોજન, ચલિતરસ તથા સચિત્ત વસ્તુઓનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. કારણ કે આ વસ્તુઓના ઉપયોગથી બહુ પાપ લાગે છે. આ વસ્તુઓનો સર્વથા ત્યાગ ન થઇ શકે તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેનો ઉપયોગ કરવો પડતો હોય તે સિવાયની વસ્તુઓનો તો અવશ્ય ત્યાગ કરવો. તથા આ સિવાયની અલ્પ પાપવાળી વસ્તુઓમાં પણ જેનો ઉપયોગ ન કરવાનો હોય તેનો ત્યાગ કરવો જોઇએ. જેથી નિરર્થક પાપથી બચી જવાય. સચ્ચિત્ત-દ્રવ્ય-વિગઇ....એ ચૌદ નિયમો દરરોજ લેવાથી બિન ઉપયોગી વસ્તુઓનો ત્યાગ અને ઉપયોગી વસ્તુઓનું પરિમાણ સહેલાઈથી થઈ શકે છે. આ ચૌદ નિયમોના પાલનથી નિરર્થક પાપોથી બચવા સાથે બાહ્ય અને અભ્યંતર દૃષ્ટિએ જીવન કેવું સુંદર બને છે, તથા એનાથી આધ્યાત્મિક અને શારીરિક કેવા લાભો થાય છે વગેરે તો એ નિયમોનું પાલન કરનાર જ સમજી શકે છે-અનુભવી શકે છે. ધંધામાં પંદર પ્રકારના કર્માદાનનો ત્યાગ કરવો જોઈએ. બધાનો ત્યાગ ન થઈ શકે તો અમુકનો-જે બિનજરી હોય તેનો અવશ્ય ત્યાગ કરવો.

ફળ-આ વ્રતથી જીવનમાં સાદાઈ અને ત્યાગ આવે છે. આ વ્રતથી આધ્યાત્મિક દૃષ્ટિએ લાભ થવા સાથે શારીરિક, માનસિક, આર્થિક, સામાજિક વગેરે દૃષ્ટિએ પણ ઘણો લાભ થાય છે.

**(૧૨) અતિથિ સંવિભાગ**—તિથિ, પર્વ વગેરે લૌકિક વ્યવહારનો જેમણે ત્યાગ કર્યો છે તેવા ભિક્ષુઓ અતિથિ છે. પ્રસ્તુતમાં શ્રાવક ધર્મનો અધિકાર હોવાથી અતિથિ રૂપે વીતરાગપ્રણીત ચારિત્રધર્મની આરાધના કરનારા સાધુઓ સમજવા જોઇએ. અતિથિનો-સાધુઓનો સંવિભાગ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવો, એટલે કે તેમને સંયમમાં જરૂરી આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર આદિનું ભક્તિથી પ્રદાન કરવું. સાધુઓને ન્યાયાગત (-ન્યાયથી મેળવેલ) વસ્તુનું દાન કરવું જોઈએ, અને તે પણ વિધિપૂર્વક; એટલે કે દેશ, કાળ, શ્રદ્ધા, સત્કાર, ક્રમ અને કલ્પનીયના ઉપયોગપૂર્વક, કરવું જોઈએ.

(૧) **દેશ**–આ દેશમાં અમુક વસ્તુ સુલભ છે કે દુર્લભ ઇત્યાદિ વિચાર કરીને દુર્લભ વસ્તુ અધિક પ્રમાણમાં આપવી વગેરે. (૨) **કાળ**–સુકાળ છે કે દુષ્કાળ છે ઇત્યાદિ વિચાર કરવો. દુષ્કાળ હોય અને પોતાને સુલભ હોય તો સાધુઓને અધિક પ્રમાણમાં વહોરાવવું. કયા કાળે કેવી વસ્તુની અધિક જરૂર પડે. વર્તમાનમાં કઈ વસ્તુ સુલભ છે કે દુર્લભ છે ઇત્યાદિ વિચાર કરીને તે પ્રમાણે વહોરાવવું વગેરે. (૩) **શ્રદ્ધા**–વિશુદ્ધ અધ્યવસાયથી આપવું. આપવું પડે છે માટે આપો એવી બુદ્ધિ નહિ, કિન્તુ આપવું એ આપણી ફરજ છે, એમનો આપણા ઉપર મહાન ઉપકાર છે, આપણે પણ એ રસ્તે જવાનું છે, તેમને આપવાથી આપણે એ માર્ગે જવા સમર્થ બની શકીએ, તેમને આપવાથી આપણા અનેક પાપો બળી જાય ઇત્યાદિ વિશુદ્ધ ભાવનાથી આપવું. (૪) **સત્કાર**–આદરથી આપવું. નિમંત્રણ કરવા જવું, ઓચિંતા ઘરે આવે તો ખબર પડતાં સામે જવું, વહોરાવ્યા બાદ થોડા સુધી પાછળ જવું વગેરે સત્કારપૂર્વક દાન કરવું. (૫) **ક્રમ**–શ્રેષ્ઠ વસ્તુ પ્રથમ આપવી, પછી સામાન્ય વસ્તુ આપવી. અથવા દુર્લભ વસ્તુનું કે તે કાળે જરૂરી વસ્તુનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ નિમંત્રણ કરવું. પછી બીજી વસ્તુઓનું નિમંત્રણ કરવું. અથવા જે દેશમાં જે ક્રમ હોય તે ક્રમે વહોરાવવું. (૬) કલ્પનીય–આધાકર્મ આદિ દોષોથી રહિત, સંયમમાં ઉપકાર વગેરે ગુણોથી યુક્ત વસ્તુ કલ્પનીય છે.

વર્તમાનકાળે ચોવિહાર યા તિવિહાર ઉપવાસથી રાત–દિવસનો પૌષધ કરી બીજે દિવસે એકાસણું કરવું અને સાધુઓ જે વસ્તુ વહોરે તે વસ્તુ વાપરવી એ પ્રમાણે અતિથિ સંવિભાગ વ્રત કરવામાં આવે છે. આ નિયમ લેનારે વર્ષમાં બે–ત્રણ-ચાર એમ જેટલા દિવસ અતિથિસંવિભાગ કરવો હોય તેટલા દિવસની સંખ્યા નક્કી કરી લેવી જોઇએ.

ફળ–આ વ્રતના સેવનથી દાનધર્મની આરાધના થાય છે. સાધુઓ પ્રત્યે પ્રેમ–બહુમાન અને ભક્તિ વધે છે. સાધુને દાન આપીને તેની અનુમોદના દ્વારા સંયમધર્મનું ફળ પામે છે.

**સાત વ્રતોના બે વિભાગ**–અહીં બતાવેલા સાત વ્રતોના ગુણવ્રત અને શિક્ષાવ્રત એમ બે વિભાગ છે. દિગ્વિરતિ, ઉપભોગ પરિભોગ પરિમાણ, અને અનર્થદંડ વિરમણ એ ત્રણ ગુણવ્રત છે. કારણ કે તે વ્રતો પાંચ અણુ-વ્રતોમાં ગુણ–લાભ કરે છે. આ ત્રણ વ્રતોથી પાંચ અણુવ્રતોનું પાલન સરળ બને છે. દેશવિરતિ, સામાયિક, પૌષધોપવાસ અને અતિથિ સંવિભાગ એ ચાર શિક્ષાવ્રત છે. કારણ કે તે વ્રતોના પાલનથી સંયમધર્મની શિક્ષા–અભ્યાસ (પ્રેકટીસ) થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સાત વ્રતોના ક્રમમાં અને નામમાં ફેરફાર–** અહીં સાત વ્રતોનો જે ક્રમ છે, તેનાથી આગમમાં જુદો ક્રમ છે. આગમમાં દિગ્વિરતિ, ઉપભોગ પરિભોગ પરિમાણ, અનર્થદંડ વિરતિ, સામાયિક, દેશવિરતિ (–દેશાવગાસિક), પૌષધોપવાસ અને અતિથિ સંવિભાગ એ ક્રમથી સાત વ્રતો બતાવ્યાં છે.[૧] દેશવિરતિ, ઉપભોગ પરિભોગ પરિમાણ અને પૌષધોપવાસ એ ત્રણનાં આગમ ગ્રંથોમાં અનુક્રમે [૨]દેશાવગાસિક, ભોગોપભોગ પરિમાણ અને પૌષધ એ ત્રણ નામો છે. [૧૬]

---

૧. પ્રથમ ત્રણ ગુણવ્રતો આવે અને પછી શિક્ષાવ્રતો આવે એ દૃષ્ટિએ આગમમાં આ ક્રમ રાખવામાં આવ્યો હોય એમ લાગે છે. પ્રસ્તુત ગ્રંથમાં દિગ્વિરતિ પછી દેશવિરતિ (દેશાવગાસિક) વ્રતનું ગ્રહણ ક્રમ કર્યું એ વિચારતાં લાગે છે કે–આગમગ્રંથોમાં દેશાવગાસિક વ્રતમાં દિગ્વિરતિતવ્રતના ઉપલક્ષણથી સર્વવ્રતોનો સંક્ષેપ કરવાનું વિધાન છે. જ્યારે પ્રસ્તુતગ્રંથમાં માત્ર દિગ્વિરતિનો સંક્ષેપ કરવાનું વિધાન છે. આથી આ વ્રત દિગ્વિરતિના સંક્ષેપ રૂપ હોઈ દિગ્વિરતિ પછી એનો ક્રમ આવે એ ઠીક ગણાય એ દૃષ્ટિએ દિગ્વિરતિ પછી દેશવિરતિ (દેશાવગાસિક) વ્રતનો ક્રમ રાખ્યો હોય.

૨. દેશમાં–દિગ્વિરતિમાં રાખેલ દિશાના પ્રમાણથી ઓછા દેશમાં અવકાશ–રહેવું તે દેશાવકાશ. જેમાં દિગ્વિરતિમાં રાખેલ દિશાના પ્રમાણનો સંક્ષેપ કરવામાં આવે તે દેશાવગાસિક. એક વસ્તુ એકવાર ભોગવાય તે ભોગ અને વારંવાર ભોગવાય તે ઉપભોગ. જેમાં ભોગ અને ઉપભોગનું પરિમાણ કરવામાં આવે તે ભોગોપભોગ પરિમાણ. જે ધર્મની પુષ્ટિ કરે તે પૌષધ. આમ દેશાવગાસિક આદિ ત્રણનો શબ્દાર્થ છે. ભાવાર્થ તો પૂર્વ મુજબ જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સંલેખનાનું વિધાન–

**मारणान्तिकीं संलेखनां जोषिता ॥ ७–१७ ॥**

**વ્રતી (–ગૃહસ્થ કે સાધુ) મરણને અંતે સંલેખના કરે છે.**

સંલેખના એટલે શરીર અને કષાયોને પાતળા કરનાર તપ વિશેષ. દુષ્કાળ, શરીર નિર્બળતા, રોગ, ઉપસર્ગ આદિના કારણે ધર્મનું પાલન ન થઈ શકે તેમ હોય ત્યારે અથવા મરણ નજીક હોય ત્યારે વ્રતીએ ઉણોદરી, ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ વગેરે તપ વડે કાયા અને કષાયોને પાતળા કરીને (શ્રાવક હોય તો મહાવ્રતોનો સ્વીકાર કરવા પૂર્વક) જીવન-પર્યંત ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો જોઈએ. આ વખતે જીવનના અંતિમ સમય સુધી મનમાં મૈત્રી આદિ અને અનિત્યાદિ ભાવનાઓ ભાવવી જોઈએ. સ્વીકારેલી પ્રતિજ્ઞાનું સ્મરણ કરવું જોઈએ. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરીને મનને સ્વસ્થ–સમાધિયુક્ત રાખવું જોઈએ. આ પ્રમાણે કરવાથી વ્રતી અંતિમ કાળે અતિ સુંદર મોક્ષ-માર્ગની આરાધના કરી લે છે. [૧૭]

[વ્રતોને સ્વીકાર્યા બાદ તેમાં દૂષણો–અતિચારો ન લાગે તેની કાળજી રાખવી જોઈએ. આ માટે કેવી કેવી રીતે કયા કયા અતિચારો લાગવાનો સંભવ છે એ સાધકે જાણવું જોઈએ. આથી હવે ગ્રંથકાર સમ્યગ્દર્શનમાં, બાર વ્રતોમાં અને સંલેખનામાં સંભવિત મુખ્ય મુખ્ય અતિચારોનું વર્ણન શરૂ કરે છે.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સમ્યગ્દર્શનના અતિચારો–

**શઙ્કા-કાઙ્ક્ષા-વિચિકિત્સા-ઽન્યદૃષ્ટિપ્રશંસા-સંસ્તવાઃ સમ્યગ્દૃષ્ટેરતિચારાઃ ॥ ૭–૧૮ ॥**

**શંકા, કાંક્ષા, વિચિકિત્સા, અન્યદૃષ્ટિપ્રશંસા અને અન્યદૃષ્ટિ સંસ્તવ એ પાંચ સમ્યગ્દર્શનના અતિચારો છે.**

અતિચાર, સ્ખલના, દૂષણ વગેરે શબ્દોનો એક અર્થ છે. જેનાથી વ્રતોમાં દૂષણ લાગે તે અતિચાર.

(૧) **શંકા** :–પોતાની મતિમંદતાથી આગમોક્ત પદાર્થો ન સમજી શકવાથી અમુક વસ્તુ અમુક રૂપે હશે કે નહિ ? ઇત્યાદિ સંશય રાખવો. શંકાના બે પ્રકાર છે. (૧) સર્વ શંકા અને (૨) દેશ શંકા. (૧) સર્વ શંકાઃ– મૂળ વસ્તુની જ શંકા એ સર્વ શંકા. જેમ કે–ધર્મ હશે કે નહિ ? આત્મા હશે કે નહિ ? સર્વજ્ઞ હશે કે નહિ ? જિનધર્મ સત્ય હશે કે નહિ ? (૨) દેશ શંકાઃ– મૂળ વસ્તુની શંકા ન હોય, પણ તે વસ્તુ અમુક રૂપે હશે કે નહિ એ પ્રમાણે વસ્તુના એક દેશની શંકા તે દેશ શંકા; દા. ત. આત્મા તો છે, પણ તે શરીરપ્રમાણ હશે કે નહિ ? શરીરપ્રમાણ છે કે લોક–વ્યાપી છે ? પૃથ્વીકાય આદિ જીવો હશે કે નહિ ? નિગોદમાં અનંત જીવો હશે કે નહિ ? આત્માના અસંખ્ય પ્રદેશો હશે કે નહિ ? વગેરે.

(૨) **કાંક્ષાઃ**– કાંક્ષા એટલે ઇચ્છા. ધર્મના ફળ રૂપે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ લોકના કે પરલોકના સુખની ઇચ્છા રાખવી. સંસારનું સર્વ-પ્રકારનું સુખ દુઃખ રૂપ હોવાથી જિનેશ્વરોએ હેય કહ્યું છે. આથી ધર્મ કેવળ મોક્ષને ઉદ્દેશીને કરવાની આજ્ઞા છે. આથી ધર્મના ફળ રૂપે આ લોકના કે પરલોકના સુખની ઇચ્છા રાખનાર વ્યક્તિ જિનેશ્વર ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે. આજ્ઞાનું ઉલ્લંઘન સમ્યક્ત્વને મલિન–દૂષિત બનાવે છે. આથી આ લોકના કે પરલોકના સુખ માટે ધર્મ કરવો એ અતિચાર છે. અથવા વીતરાગપ્રણીત દર્શન સિવાય અન્ય દર્શનની ઇચ્છા તે કાંક્ષા. તેના સર્વ કાંક્ષા અને દેશ કાંક્ષા એમ બે પ્રકાર છે. સર્વ દર્શનો સમાન છે, સર્વ દર્શનો મોક્ષમાર્ગ બતાવે છે, સર્વ દર્શનો સારાં છે એમ સર્વ દર્શનોની ઇચ્છા તે સર્વકાંક્ષા. કોઈ એક બે દર્શનની ઇચ્છા રાખવી તે દેશકાંક્ષા. જેમ કે–બૌદ્ધદર્શન શ્રેષ્ઠ છે. કારણ કે તેમાં કષ્ટ સહન કર્યા વિના ધર્મ કરવાનો ઉપદેશ આપ્યો છે, સ્નાન વગેરેની છૂટ આપવામાં આવી છે....કાંક્ષાથી વીતરાગ પ્રણીત દર્શનમાં અવિશ્વાસ–અશ્રદ્ધા પેદા થવાનો સંભવ છે.

(૩) વિચિકિત્સા :–વિચિકિત્સા એટલે સંશય–સંદેહ. ધર્મના ફળનો સંદેહ રાખવો. મેં કરેલી તપ વગેરે સાધનાનું ફળ મને મળશે કે નહિ ? લોકમાં ખેતી વગેરે ક્રિયાઓ ઘણી વખત સફળ થાય છે અને ઘણી વખત સફળ થતી નથી. તેમ આ જૈન ધર્મના પાલનથી (–દાન આદિના સેવનથી) તેનું ફળ મને મળશે કે નહિ એ પ્રમાણે સંશય રાખવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શંકા અને વિચિકિત્સામાં તફાવત** :–શંકા અને વિચિકિત્સા એ બંનેમાં શંકા તો છે જ, પણ શંકાનો વિષય ભિન્ન ભિન્ન છે. શંકા અતિચારમાં શંકાનો વિષય પદાર્થો કે ધર્મ છે. જ્યારે વિચિકિત્સા અતિચારમાં શંકાનો વિષય ધર્મનું ફળ છે. અર્થાત્ શંકા રૂપ અતિચારમાં પદાર્થની કે ધર્મની શંકા હોય છે, અને વિચિકિત્સામાં ધર્મના ફળની શંકા હોય છે. અથવા વિચિકિત્સા એટલે જુગુપ્સા. સાધુ–સાધ્વીનાં મલિન શરીર–વસ્ત્રાદિને જોઈને દુર્ગંછા કરવી. તથા આ લોકો પાણીથી સ્નાન પણ કરતા નથી, સચિત્ત પાણીમાં ભલે દોષ હોય, પણ અચિત્ત પાણીથી સ્નાન અને વસ્ત્રપ્રક્ષાલન કરે તો શો વાંધો આવે ? એમ તેમની નિંદા કરવી.

**(૪) અન્યદૃષ્ટિ પ્રશંસા** :–સર્વજ્ઞપ્રણીત દર્શન સિવાયના અન્ય બૌદ્ધ આદિ દર્શનની પ્રશંસા કરવી. જેમ કે–તેઓ પુણ્યવાન છે. તેમનો જન્મ સફળ છે. તેમનો ધર્મ શ્રેષ્ઠ છે. તેમનામાં દાક્ષિણ્યતા વગેરે ગુણો રહેલા છે. ઇત્યાદિ રૂપે પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રશંસા કરવી. આવી પ્રશંસાથી અપરિપક્વ બુદ્ધિવાળા જીવો તેમના ગુણોથી આકર્ષાઈને સમ્યગ્દર્શન ગુણ ગુમાવી દે એ સુસંભવિત છે. આથી અન્યદૃષ્ટિની પ્રશંસા અતિચાર છે.

**(૫) અન્યદૃષ્ટિ સંસ્તવ** :–સંસ્તવ એટલે પરિચય. અન્યદર્શનવાળા લોકોની સાથે રહેવું, પરિચય રાખવો. તેમની સાથે અતિ પરિચય રાખવાથી તેમના દર્શનની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રિયાઓને કે સિદ્ધાંતોને જોવાથી કે સાંભળવાથી, સમ્યક્ત્વથી પતિત થવાનો સંભવ છે.[1] સમ્યક્ત્વના આ અતિચારો સાધુ અને શ્રાવક બંનેને લાગુ પડે છે. [૧૮]

આમાં પ્રથમના ત્રણ અતિચારો ગુપ્ત (બીજા ન જોઈ શકે તેવા) છે, અને છેલ્લા બે અતિચારો પ્રગટ છે, બીજાઓ જોઈ શકે તેવા છે.

## ૧૨ વ્રતોમાં પ્રત્યેક વ્રતના અતિચારોની સંખ્યા–

વ્રત–શીલેષુ પઞ્ચ પઞ્ચ યથાક્રમમ્ ॥ ૭–૧૯ ॥

પાંચ અણુવ્રત અને સાત શીલ (૩ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રત)માં દરેકના પાંચ પાંચ અતિચારો ક્રમશઃ નીચે મુજબ છે. [૧૯]

## પ્રથમ વ્રતના અતિચારો–

બન્ધ–વધ–છવિચ્છેદા–ઽતિભારારોપણા–ઽન્નપાનનિરોધાઃ ॥ ૭–૨૦ ॥

બંધ, વધ, છવિચ્છેદ, અતિભારારોપણ અને અન્નપાનનિરોધ એ પાંચ અહિંસા (સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ) વ્રતના અતિચારો છે.

---

૧. જેમની બુદ્ધિ અપરિપક્વ હોય તેવાઓ અન્યના પરિચયથી ભોળવાઈ જાય એ સહજ છે. આથી તો સ્વદઙ્ગનમાં–જૈનદઙ્ગનમાં રહેલા પાસત્થા આદિ કુસાધુઓની સાથે પણ એક રાત પણ રહેવાનો નિષેધ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) **બંધઃ**– ક્રોધથી બળદ આદિ પશુઓને કે અવિનીત સ્વપુત્ર આદિને અત્યંત મજબુતાઈથી બાંધવા. શ્રાવકે નિષ્કારણ કોઈ પણ પ્રાણીને બાંધવો નહિ જોઈએ. કારણવશાત્ પશુઓને કે અવિનીત સ્વપુત્ર આદિને બાંધવાની જરૂર પડે તો પણ નિર્દયતાથી મજબૂત તો નહિ જ બાંધવા.

(૨) **વધઃ**–વધ એટલે માર. શ્રાવકે નિષ્કારણ કોઈને પણ મારવું નહિ જોઈએ. શ્રાવકે ભીતપર્ષદૂ બનવું જોઈએ. જેથી પોતાનો દાબ રહેવાથી કોઈ અવિનય આદિ ગુનો કરે નહિ. છતાં જો કોઈ અવિનયાદિ ગુનો કરે કે પશુ વગેરે યોગ્ય રીતે ન વર્તે એથી મારવાની જરૂરિયાત લાગે તો પણ ગુસ્સે થઈને નિર્દયતાથી નહિ મારવું જોઈએ. બહારથી ગુસ્સો બતાવવો પડે તો પણ અંદર હૃદયમાં તો ક્ષમા જ ધારણ કરવી.

(૩) **છવિચ્છેદઃ**–છવિ એટલે ચામડી. ચામડીનું છેદન કરવું તે છવિચ્છેદ. નિષ્કારણ કોઈપણ પ્રાણીની ચામડીનો છેદ નહિ કરવો જોઈએ. ચોર આદિની ચામડીનો છેદ કરવાની જરૂર પડે તો ભય બતાવવા પૂરતો જ કરવો જોઈએ. જો નિર્દયતા પૂર્વક છવિછેદ કરવામાં આવે તો તે અતિચાર છે.

(૪) **અતિભારારોપણઃ**–બળદ કે મજૂર આદિ ઉપર શક્તિ ઉપરાંત ભાર–બોજો મૂકવો. યદ્યપિ શ્રાવકે ગાડાં ચલાવવાં આદિ ધંધો નહિ કરવો જોઈએ. છતાં અન્ય ઉપાયના અભાવે તેવો ધંધો કરવો પડે તો પણ બળદ વગેરે જેટલો ભાર ખુશીથી વહન કરી શકે તેનાથી કંઈક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓછો મૂકવો જોઈએ. મજૂર આદિ પાસે ભાર ઉપડાવવાનો પ્રસંગ આવે તો મજૂર જાતે જેટલો ભાર ઊંચકી શકે અને નીચે ઉતારી શકે તેટલો આપવો જોઈએ.

(૫) **અન્નપાન નિરોધઃ**-ભોજન-પાણી સમયસર ન આપવાં. બળદ આદિને, ઘરના માણસોને કે નોકર વગેરેને સમયસર ભોજન-પાણી મળે તેની કાળજી રાખવી જોઈએ. અવિનીતપુત્ર આદિને શિક્ષા આપવા અન્ન-પાનનો નિરોધ કરવો પડે તો પણ મર્યાદામાં કરવો જોઈએ.

**પ્રશ્ન** :-વ્રતીએ (શ્રાવકે) માત્ર પ્રાણવિયોગ રૂપ હિંસાનો નિયમ કર્યો છે, બંધ આદિનો નિયમ કર્યો નથી. તો બંધ આદિથી દોષ કેમ લાગે? કારણ કે તેમાં તેના નિયમનો ભંગ થતો નથી. હવે જો કહો કે પ્રાણવિયોગના નિયમની સાથે બંધ આદિનો નિયમ પણ આવી જાય છે, તો બંધ આદિથી નિયમનો સર્વથા ભંગ થાય. આથી બંધ આદિ અતિચાર કેવી રીતે ગણાય? અતિચારમાં નિયમનો આંશિક ભંગ હોય છે, સર્વથા નહિ.

**ઉત્તરઃ**-યદ્યપિ પ્રાણવિયોગ રૂપ હિંસાનું જ પ્રત્યાખ્યાન કર્યું છે, બંધ આદિનું નહિ. છતાં પરમાર્થથી હિંસાના પ્રત્યાખ્યાન સાથે બંધ આદિનું પ્રત્યાખ્યાન પણ આવી જાય છે. કારણ કે બંધ આદિ હિંસાનાં કારણો છે. કાર્યના નિયમની સાથે કારણનો નિયમ પણ આવી જાય. જેમ કે-કોઈએ અવાજ નહિ કરવો એમ કહ્યું, તો જે જે કારણોથી અવાજ થાય તે તે કારણોનો પણ નિષેધ થઇ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાય છે. આથી એની આજ્ઞાનું પાલન કરનાર જે જે કારણોથી અવાજ થાય કે અવાજ થવાની શક્યતા હોય તે તે કારણોથી દૂર રહે છે. તેમ અહીં હિંસાના પ્રત્યાખ્યાનથી બંધ આદિનું પ્રત્યાખ્યાન પણ થઇ જાય છે. હવે એ પ્રશ્ન રહ્યો કે બંધ આદિના સેવનથી નિયમનો સર્વથા ભંગ થાય છે, તો બંધ આદિ અતિચાર કેવી રીતે? આનું સમાધાન આ પ્રમાણે-વ્રત બે રીતે છે. (૧) અંતર્વૃત્તિથી અને (૨) બાહ્યવૃત્તિથી. હૃદયમાં વ્રતના પરિણામ તે અંતર્વૃત્તિથી વ્રત. બાહ્યથી પ્રાણવિયોગ આદિનો અભાવ તે બાહ્યવૃત્તિથી વ્રત. જ્યારે ગુસ્સે થઇને નિર્દયતાથી બંધ આદિ કરવામાં આવે છે ત્યારે બાહ્યથી પ્રાણવિયોગનો અભાવ છે. એટલે બાહ્યવૃત્તિથી અહિંસાવ્રતનો ભંગ થયો નથી. પણ હૃદયમાં અહિંસાના-દયાના પરિણામ ન હોવાથી અંતર્વૃત્તિથી વ્રતનો ભંગ થયો છે. આમ આંશિક વ્રતપાલન છે, અને આંશિક વ્રતભંગ છે. માટે ગુસ્સાથી નિર્દયતાપૂર્વક કરવામાં આવેલ બંધ આદિ અતિચાર રૂપ છે. આ પ્રમાણે અન્ય વ્રતોના અતિચારો વિશે પણ યથાયોગ્ય સમજી લેવું. [૨૦]

## બીજા વ્રતના અતિચારો-

**મિથ્યોપદેશ-રહસ્યાભ્યાખ્યાન-કૂટલેખક્રિયા-ન્યાસાપહાર-સાકારમન્ત્રભેદાઃ ॥ ૭-૨૧ ॥**

**મિથ્યા ઉપદેશ, રહસ્યઅભ્યાખ્યાન, કૂટલેખક્રિયા, ન્યાસ અપહાર અને સાકાર મંત્રભેદ એ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પાંચ સત્ય (સ્થૂલ મૃષાવાદ વિરમણ) વ્રતના અતિચારો છે.**

(૧) **મિથ્યા ઉપદેશ**–પરપીડાકારી વચન, અસત્ય ઉપદેશ, અતિસંધાન ઉપદેશ વગેરે મિથ્યા ઉપદેશ છે. ચોરને મારી નાંખો, વાંદરાઓને પૂરી દો વગેરે પરપીડાકારી વચનો છે. ખોટી સલાહ આપી ઊંધા માર્ગે ચડાવવો એ અસત્ય ઉપદેશ છે. વિવાદમાં અન્યને છેતરવાનો ઉપાય બતાવવો તે અતિસંધાન ઉપદેશ છે.

અહીં પરપીડાકારી વચનમાં અન્યને દુઃખ ન આપવું એ અહિંસાનું પાલન થતું નથી. અન્ય સર્વ વ્રતો અહિંસાના પાલન માટે છે. આથી પરપીડાકારી વચનથી બાહ્ય દૃષ્ટિએ વ્રતભંગ ન હોવા છતાં આંતરદૃષ્ટિએ વ્રતભંગ છે. જે વિષયમાં પોતાને બરોબર અનુભવ ન હોય તે વિષયમાં પોતે સલાહ આપે અને અન્ય વ્યક્તિ વિપરીત માર્ગે ચડે તેમાં પોતાની દૃષ્ટિએ અસત્ય ન હોવા છતાં અનુભવીની દૃષ્ટિએ અસત્ય છે. એટલે બાહ્યથી સત્ય છે, અને તાત્ત્વિક દૃષ્ટિથી અસત્ય છે. એ પ્રમાણે અતિસંધાનમાં પણ યથાયોગ્ય સમજી લેવું.

(૨) **રહસ્ય–અભ્યાખ્યાન**–રહસ્ય એટલે એકાંતમાં બનેલ, અભ્યાખ્યાન એટલે કહેવું. વિરુદ્ધ રાજ્યો, મિત્ર–મિત્ર, પતિ–પત્ની વગેરેની એકાંતમાં થયેલ ક્રિયા કે વાત વગેરેને હાસ્યાદિપૂર્વક બહાર પાડવી.[૧] ગુપ્ત હકીકત

૧. એકાંતમાં વાતચીત આદિ કરનારને કહે કે મેં તમારી વાત આદિ જાણી લીધું છે. અથવા અન્યને કહે કે અમુક અમુક અમુક વાત આદિ કર્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહાર આવવાથી પતિ-પત્ની વગેરેને દુઃખ ઉત્પન્ન થાય, કલેશ-કંકાસ થાય, યાવત્ મારામારી સુધીનો પ્રસંગ પણ બને. અહીં હકીકત સાચી હોવાથી બાહ્યદૃષ્ટિએ વ્રતભંગ ન હોવા છતાં તાત્ત્વિક દૃષ્ટિએ વ્રતભંગ થવાથી રહસ્યાભ્યાખ્યાન અતિચાર છે.[૨]

(૩) **કૂટલેખક્રિયા**-સાચા લેખને ફેરવી નાખવો, ચોપડા વગેરેમાં ખોટી સાક્ષી પૂરવી, ખોટી સહી કરવી, ખોટા જમા-ખર્ચ કરવા, મહોર, હસ્તાક્ષર આદિથી ખોટા દસ્તાવેજો કરવા, ખોટા લેખો લખવા, ખોટી બિના છાપવી વગેરે. અહીં અસત્ય બોલવાનો નિયમ છે, અસત્ય લખવાનો નિયમ નથી. આથી બાહ્યદૃષ્ટિથી વ્રતનો ભંગ નથી, પણ તાત્ત્વિક દૃષ્ટિએ (જે દોષો અસત્ય બોલવાથી લાગે તે દોષો અસત્ય લખવાથી લાગે છે માટે) વ્રતનો ભંગ છે. આથી કૂટલેખક્રિયા અતિચાર છે.

(૪) **ન્યાસાપહાર**-કોઇએ અમુક રકમ પોતાને સાચવવા આપી હોય. સમય જતાં આપનાર વ્યક્તિ કેટલા આપ્યા છે તે ભૂલી જાય. લેવા આવે ત્યારે આપ્યા હોય તેનાથી ઓછા માગે. તેણે જેટલા માગ્યા હોય તેટલા પૈસા આપે. બાકીની રકમ પોતે હજમ કરી જાય. દા. ત. ૫૦૦ રૂપિયા સાચવવા આપ્યા હોય. માગવા જાય ત્યારે ૪૦૦ આપ્યા છે એમ માનીને ૪૦૦ રૂપિયા માગે. આથી

૨. યોગશાસ્ત્ર આદિ ગ્રંથોમાં આ અતિચારનું "ગુહ્યભાષણ" નામ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપનાર વ્યક્તિ તમે ૫૦૦ આપ્યા છે એમ ન કહે. ૪૦૦ રૂપિયા આપી દે અને ૧૦૦ રૂપિયા પોતે હજમ કરી જાય.

યદ્યપિ ન્યાસાપહાર એ ચોરી છે, છતાં તેમાં ચોરીને છુપાવવા તેવાં અસત્ય મિશ્રિત વાક્યો બોલવાનો પ્રસંગ આવે એ દૃષ્ટિએ એને સત્યવ્રતના અતિચાર તરીકે ગણવામાં આવેલ છે.

અન્ય ગ્રંથોમાં 'ન્યાસાપહાર' અતિચારના સ્થાને 'સહસા અભ્યાખ્યાન' અતિચાર આવે છે. સહસા એટલે વિચાર કર્યા વિના ઓચિંતું. અભ્યાખ્યાન એટલે આરોપ. વગર વિચારે તું ચોર છે, તું બદમાસ છે ઇત્યાદિ આરોપ મૂકવો. અહીં અન્યને આરોપ આપવાનો પોતાનો ઇરાદો નથી. પણ ઉતાવળથી હકીકત બરોબર જાણ્યા વિના અસત્ય હકીકતને સત્ય હકીકત સમજીને અનાભોગથી કહી દે છે. આથી અહીં અંતરમાં વ્રતભંગના પરિણામ નથી. પણ તેનાથી પરદુઃખ આદિ થવાનો સંભવ હોવાથી આંશિક ભંગ છે. આથી સહસાભ્યાખ્યાન અતિચાર રૂપ છે. પણ જો જાણી જોઈને દુઃખ આપવાના આશયથી ખોટો આરોપ ચડાવવામાં આવે તો વ્રતભંગ જ ગણાય.

(૫) **સાકાર મંત્રભેદ** :–આકાર એટલે શરીરની આકૃતિ–વિશિષ્ટ ચેષ્ટા. આકારથી સહિત તે સાકાર. મંત્ર એટલે અભિપ્રાય. અન્યની તેવા પ્રકારની શરીરની ચેષ્ટાથી જાણવામાં આવેલ અભિપ્રાય તે સાકારમંત્ર. તેનો ભેદ એટલે બહાર પ્રકાશન કરવું. આ સાકારમંત્ર ભેદનો શબ્દાર્થ છે. ભાવાર્થ આ પ્રમાણે–વિશ્વાસપાત્ર બનીને તેવા પ્રકારની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરીરની ચેષ્ટાથી અથવા તેવા પ્રકારના પ્રસંગ ઉપરથી કે આજુબાજુના વાતાવરણ વગેરેના આધારે અન્યનો ગુપ્ત અભિપ્રાય (ગુપ્ત હકીકત) જાણીને બીજાને કહે અને બીજાનો અભિપ્રાય (ગુપ્ત હકીકત) તેને કહે એમ એક-બીજાની ગુપ્ત વાતો એક બીજાને કહીને પરસ્પરની પ્રીતિનો વિચ્છેદ કરાવે. અથવા વિશ્વાસુ બની રાજ્યની કે અન્ય કોઈની પણ ગુપ્ત હકીકત પૂર્વોક્ત સુજ્ઞ (ચેષ્ટા, પ્રસંગ, વાતાવરણ વગેરેથી) જાણીને બહાર પ્રકાશન કરે.[1]

ધર્મરત્ન પ્રકરણ વગેરે અન્ય ગ્રંથોમાં 'સાકાર મંત્ર ભેદ'ના સ્થાને 'સ્વદારા[2] મંત્ર ભેદ' અતિચાર આવે છે. સ્વની-પોતાની દારાનો-પત્નીનો મંત્ર-અભિપ્રાય (ગુપ્ત હકીકત) તે સ્વદારા મંત્ર. તેનો ભેદ એટલે બહાર પ્રકાશન કરવું. આ સ્વદારા મંત્રભેદનો શબ્દાર્થ છે. ભાવાર્થ આ પ્રમાણે-પોતાના ઉપર વિશ્વાસ રાખીને પત્ની, મિત્ર, પાડોશી આદિ કોઈ પણ વ્યક્તિએ જે ગુપ્તવાત કરી હોય તેનું બહાર પ્રકાશન કરવું એ સ્વદારા મંત્રભેદ છે.[3]

સાકાર મંત્રભેદમાં (કે સ્વદારા મંત્રભેદમાં) હકીકત

---

૧. આમ કરવાનું કારણ ઈર્ષ્યા, દ્વેષ વગેરે છે.

૨. સંસ્કૃતમાં અકારાંતદાર શબ્દ હોવાથી "સ્વદારમંત્ર ભેદ" એવો પ્રયોગ થાય. ગુજરાતીમાં આકારાંતદારા શબ્દ પ્રસિદ્ધ હોવાથી અહીં "સ્વદારામંત્ર ભેદ" એવો પ્રયોગ કર્યો છે.

૩. યોગશાસ્ત્ર આદિ ગ્રંથોમાં આ અતિચારના આ ભાવાર્થ પ્રમાણે એનું "વિશ્વસ્તમંત્રભેદ" (વિશ્વાસુના અભિપ્રાયનું પ્રકાશન કરવું) એવું નામ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સત્ય હોવા છતાં તે હકીકતના પ્રકાશનથી સ્વ-પરને દ્વેષ, આપઘાત, લડાઈ, કલેશ-કંકાસ વગેરે મહાન અનર્થ થવાનો સંભવ છે. એટલે આંશિક વ્રતભંગ હોવાથી તે અતિચાર રૂપ છે.

**સાકાર મંત્રભેદ અને સ્વદારા મંત્રભેદ (યા વિશ્વસ્ત મંત્રભેદ)માં તફાવત**-સાકાર મંત્ર ભેદ અને સ્વદારા મંત્ર ભેદ એ બંનેમાં વિશ્વાસુની ગુપ્ત હકીકતનું બહાર પ્રકાશન કરવું એ અર્થ સમાન છે. પણ ગુપ્ત હકીકતને જાણવામાં ભેદ છે. સાકાર મંત્ર ભેદમાં શરીરચેષ્ટા, પ્રસંગ, વાતાવરણ વગેરે દ્વારા ગુપ્ત હકીકતને જાણે છે. જ્યારે સ્વદારામંત્રભેદમાં વિશ્વાસુ વ્યક્તિ જ તેને પોતાની હકીકત જણાવે છે.

**સાકારમંત્રભેદ અને રહસ્યાભ્યાખ્યાનમાં ભેદ**-સાકાર મંત્ર ભેદ અને રહસ્યાભ્યાખ્યાન એ બંનેમાં ગુપ્ત હકીકતનું પ્રકાશન કરવું એ અર્થ સમાન છે. પણ ગુપ્ત હકીકતના પ્રકાશનમાં ભેદ છે. સાકાર મંત્ર ભેદમાં વિશ્વાસુ બનીને ગુપ્ત હકીકતનું પ્રકાશન કરે છે. જ્યારે રહસ્યાભ્યાખ્યાનમાં સામાન્યથી (વિશ્વાસુ અવિશ્વાસુના ભેદ વિના) ગુપ્ત હકીકતનું પ્રકાશન કરે છે. તથા બીજો ભેદ એ છે કે સાકાર મંત્ર ભેદમાં ગુપ્ત હકીકત જેની પાસેથી જાણી હોય તેનાથી અન્ય સંબંધી હોય છે. જ્યારે રહસ્યાભ્યાખ્યાનમાં (પતિ-પત્ની, મિત્ર-મિત્ર વગેરે) જેની પાસેથી જાણી હોય તેના સંબંધી હોય છે. જેમકે પતિ-પત્નીએ એકાંતમાં સ્વસંબંધી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ વાત કરી. બીજો કોઈ એ જાણી ગયો અને બહાર પ્રકાશન કર્યું. આ પ્રકાશન રહસ્યાભ્યાખ્યાન છે. હવે જો પતિ–પત્નીએ બીજાના સંબંધી કોઈ વાતચીત કરી હોય અને બીજો કોઈ જાણીને પ્રકાશન કરે તો તે સાકાર મંત્ર ભેદ ગણાય. હવે ત્રીજો ભેદ એ છે કે સાકાર મંત્ર ભેદમાં ગુપ્ત હકીકત જેના સંબંધી હોય તેને જ કહેવાની હોય છે. જ્યારે રહસ્યાભ્યાખ્યાનમાં જેના સંબંધી હોય તેને કે અન્યને પણ કહેવાની હોય છે. સાકારમંત્ર ભેદ અને રહસ્યાભ્યાખ્યાનમાં આ ત્રણ દૃષ્ટિએ ભેદ છે એમ મને લાગે છે. છતાં આ વિષયમાં અનુભવીની પાસે વિશેષ જાણવાની જરૂર છે. [૨૧]

## ત્રીજા વ્રતના અતિચારો–

**स्तेनप्रयोग–तदाहृतादान–विरुद्धराज्यातिक्रम–हीनाधिक–मानोन्मान–प्रतिरूपकव्यवहाराः ॥ ७–२२ ॥**

**સ્તેનપ્રયોગ, તદાહૃતાદાન, વિરુદ્ધરાજ્યાતિક્રમ, હીનાધિકમાનોન્માન અને પ્રતિરૂપકવ્યવહાર એ પાંચ અસ્તેય (સ્થૂલ અદત્તાદાન વિરમણ) વ્રતના અતિચારો છે.**

(૧) **સ્તેન પ્રયોગ**–સ્તેન એટલે ચોર. પ્રયોગ એટલે પ્રેરણા–ઉત્તેજન. ચોરને ચોરી કરવામાં ઉત્તેજન આપવું તે સ્તેનપ્રયોગ. ચોરની સાથે લેવડ–દેવડનો વ્યવહાર રાખવો, ચોરી કર્યા બાદ તેની પ્રશંસા કરવી, ચોરી માટે જોઈતાં ઉપકરણો આપવાં, રહેવા આશ્રય આપવો, અન્ન–પાણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપવાં વગેરે રીતે ચોરને ચોરી કરવાનું ઉત્તેજન આપવું તે અતિચાર છે.

(૨) **તદાહૃતાદાન**–ચોરે ચોરી લાવેલી વસ્તુ મફત કે વેચાતી લેવી.

સ્તેનપ્રયોગ અને તદાહૃતાદાનમાં પોતે ચોરી કરતો નથી, પણ ચોરીમાં ઉત્તેજન આપતો હોવાથી પરમાર્થ દૃષ્ટિએ આંશિક વ્રતભંગ થવાથી આ અતિચાર છે.[૧]

(૩) **વિરુદ્ધ રાજ્યાતિક્રમ**–રાજ્યનો નિષેધ છતાં છૂપી રીતે અન્ય રાજ્યમાં પ્રવેશ કરવો, દાણચોરી કરવી, જકાતની ચોરી કરવી વગેરે રાજ્ય વિરુદ્ધ કાર્યોનો આમાં સમાવેશ થાય છે. અહીં રાજ્યવિરુદ્ધ કર્મ કરનારને ચોરીનો દંડ થતો હોવાથી અદત્તાદાનવ્રતનો ભંગ છે. પણ હું તો વેપાર કરું છું ઇત્યાદિ બુદ્ધિથી વ્રત સાપેક્ષ હોવાથી તથા લોકમાં ચોર છે એમ કહેવાતું નહિ હોવાથી (–આંશિક વ્રત ભંગ હોવાથી) વિરુદ્ધરાજ્યાતિક્રમ અતિચાર છે.

(૪) **હીનાધિક માનોન્માન**–છૂપી રીતે ખોટાં નાનાં મોટાં માપ–તોલાં રાખી મૂકે. જ્યારે વસ્તુ ખરીદવાની હોય

---

૧. **चौरश्चौरापको मन्त्री भेदज्ञः काणकक्रयी ।**
**अन्नदः स्थानदश्चेति चौरः सप्तविधः स्मृतः ॥**

ચોરી કરનાર, ચોરી કરાવનાર, ચોરી માટે મસલત કરનાર, ચોરીના ભેદને જાણનાર, ચોરીના માલને ખરીદનાર, ચોરને અન્ન–પાણી આપનાર, ચોરને આશ્રય આપનાર–એમ ચોરના સાત પ્રકારો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે મોટા માપ-તોલાનો ઉપયોગ કરે અને વેચવાની હોય ત્યારે નાના માપ-તોલાનો ઉપયોગ કરે.

(૫) **પ્રતિરૂપક વ્યવહાર**–સારા માલમાં બરાબ કે નકલી માલની ભેળસેળ કરવી. બનાવટી વસ્તુ પેદા કરી અસલરૂપે વેચવી.

યદ્યપિ હીનાધિક માનોન્માન અને પ્રતિરૂપક વ્યવહાર એ બે કાર્યોમાં ઠગબાજીથી પરધન લેવાતું હોવાથી વ્રત-ભંગ છે. છતાં બાતર પાડવું એ જ ચોરી છે, આ તો વણિક કળા છે, એવી કલ્પનાથી આંશિક વ્રતભંગ થવાથી (એની દૃષ્ટિએ ચોરી નથી. પણ શાસ્ત્રદૃષ્ટિએ ચોરી છે) આ બંને અતિચાર ગણાય છે. [૨૨]

## ચોથા વ્રતના અતિચારો–

**પરવિવાહકરણેત્વરપરિગૃહીતાપરિગૃહીતાગમના–ઽનઙ્ગક્રીડા –તીવ્રકામાભિનિવેશાઃ ॥ ૭–૨૩ ॥**

**પરવિવાહકરણ, ઈત્વરપરિગૃહીતાગમન, અપરિગૃહીતાગમન, અનંગક્રીડા અને તીવ્ર કામાભિનિવેશ એ પાંચ બ્રહ્મચર્ય (સ્થૂલ મૈથુન વિરમણ) વ્રતના અતિચારો છે.**

(૧) **પરવિવાહકરણ**–કન્યાદાનના ફળની ઇચ્છાથી કે સ્નેહ વગેરેથી આગળ પડતો ભાગ લઈ અન્યનાં સંતાનોના વિવાહ કરવા. અહીં પરદારાની સાથે મૈથુન નહિ કરું અને નહિ કરાવું એવો નિયમ છે. વિવાહ ઠરાવવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમાર્થથી મૈથુન કરાવ્યું ગણાય. એટલે પરમાર્થથી વ્રત-ભંગ છે. પણ હું વિવાહ જ કરાવું છું, મૈથુન નથી કરાવતો એવા માનસિક પરિણામની દૃષ્ટિએ પોતે વ્રત સાપેક્ષ છે. આમ આંશિક (અપેક્ષાએ) વ્રતભંગ અને આંશિક વ્રત-પાલન હોવાથી આ અતિચાર છે.

જેમ પરનાં સંતાનોના વિવાહથી અતિચાર લાગે છે તેમ પોતાનાં સંતાનોના વિવાહથી પણ અતિચાર લાગે. પણ જો પોતાનાં સંતાનોનો વિવાહ ન કરે તો સંતાનો સ્વે-ચ્છાચારી બને. તેમ થતાં શાસનની હિલના થાય. આથી પોતાનાં સંતાનોના વિવાહનો નિર્દેશ અહીં નથી કર્યો. પણ જો પોતાનાં સંતાનોનો વિવાહ અન્ય પોતાનો મોટો પુત્ર કે ભાઈ વગેરે સંભાળી લે તેમ હોય તો પોતે તેમાં જરાપણ માથું નહિ મારવું જોઈએ.

(૨) **ઈત્વર પરિગૃહીતા ગમન**–ઈત્વર એટલે થોડા ટાઈમ. પરિગૃહીતા એટલે સ્વીકારેલી. બીજા કોઈએ થોડા ટાઈમ માટે વેશ્યાનો સ્વીકાર કર્યો હોય ત્યારે વેશ્યાગમન કરવું. જેટલા ટાઈમ સુધી અન્ય વ્યક્તિએ (પૈસા આપવા વગેરેથી) વેશ્યાનો સ્વીકાર કર્યો હોય તે ટાઈમમાં વેશ્યાગમન કરવું એ અતિચાર છે. તેટલા વખત સુધી બીજાએ પગાર બાંધી વેશ્યાને પોતાની સ્ત્રી રૂપે રાખેલી હોવાથી પરદ્વારા છે. એટલે વ્રતભંગ છે. છતાં હું પરસ્ત્રીસેવન કરતો નથી, કિન્તુ વેશ્યાસેવન કરું છું એમ માનસિક પરિણામની દૃષ્ટિએ વ્રતભંગ ન હોવાથી ઈત્વરપરિગૃહીતાગમન અતિચાર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા પોતે પૈસા આપી થોડા ટાઇમ પોતાની સ્ત્રી કરીને વેશ્યાગમન કરવું તે ઇત્વરપરિગૃહીતાગમન. અહીં ભાડું આપી થોડા ટાઇમ માટે પોતાની સ્ત્રી કરીને રાખી હોવાથી મારી પોતાની સ્ત્રી છે એ દૃષ્ટિએ આ અતિચાર છે.

(૩) **અપરિગૃહીતા ગમન**–જેનો કોઈએ સ્ત્રી તરીકે સ્વીકાર ન કર્યો હોય તે અપરિગૃહીતા. વેશ્યા, પ્રોષિત-ભર્તૃકા (જેનો પતિ પરદેશ ગયો છે તેવી સ્ત્રી), અનાથ સ્ત્રી, કુમારિકા વગેરે અપરિગૃહીતા સ્ત્રીનો ઉપભોગ કરવો તે અપરિગૃહીતાગમન. લોકમાં વેશ્યા વગેરે પરસ્ત્રી રૂપે ગણાય છે. પણ જેનો કોઈ ધણી ન હોય તે પરસ્ત્રી કહેવાય એમ ધારીને વેશ્યા આદિનું સેવન કરનાર વ્યક્તિની દૃષ્ટિએ વ્રતભંગ ન થવાથી આ અતિચાર છે.

આ બે અતિચાર પરસ્ત્રીનો ત્યાગ કરનારની અપેક્ષાએ છે. સ્વદારા–સંતોષ રૂપ વ્રત ગ્રહણ કરનારની અપેક્ષાએ તો આ બે સર્વથા વ્રતભંગ રૂપ છે. કારણ કે તેણે સ્વસ્ત્રી સિવાય બધી સ્ત્રીઓનો ત્યાગ કર્યો છે. સ્ત્રીને 'સ્વપતિ સંતોષ' રૂપ એક જ વ્રત હોવાથી તેને પણ આ બે અતિચારો સામાન્યથી ન હોય. અપેક્ષાએ તો તેને પણ આ બે અતિચારો હોઈ શકે. જ્યારે પોતાના પતિને શોકે વારાના દિવસે પરિગૃહીત કર્યો હોય ત્યારે તેના વારાને ઉલ્લંઘી પતિ સાથે સંભોગ કરતાં પ્રથમ અતિચાર (ઇત્વરપરિગૃહીતાગમન) લાગે અને પરપુરુષ તરફ વિકારદૃષ્ટિથી જુએ, તેના તરફ આકર્ષાય વગેરે પ્રસંગે બીજો અતિચાર લાગે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) **અનંગક્રીડા**–મૈથુન સેવન માટેના અંગો (–યોનિ અને પ્રજનન) સિવાયના શરીરના હસ્તાદિ અવયવોથી ક્રીડા કરવી–કામ સેવન કરવું, અર્થાત્ અસ્વાભાવિક–સૃષ્ટિવિરુદ્ધ કામ સેવન કરવું. અથવા અનંગ એટલે કામ રાગ. અતિશય કામ રાગ ઉત્પન્ન થાય તેવી અધરચુંબન આદિ ક્રીડા કરવી.

(૫) **તીવ્રકામાભિનિવેશ**–તીવ્ર મોહનીય કર્મના ઉદયથી (મૈથુન સેવનની) તીવ્ર ઇચ્છાથી મૈથુન સેવન કરવું.

પરસ્ત્રી વિરમણ કે સ્વદારાસંતોષ એ બંને પ્રકારમાંથી ગમે તે રીતે બ્રહ્મચર્ય વ્રત સ્વીકારનારને મૈથુનસેવનનો ત્યાગ છે. પણ આવી અનંગ ક્રીડા કરવાનો ત્યાગ નથી. તથા તીવ્ર કામથી મૈથુનસેવનનો સાક્ષાત્ ત્યાગ નથી. આ દૃષ્ટિએ અનંગક્રીડા અને તીવ્રકામાભિનિવેશ એ બંનેથી વ્રત ભંગ થતો નથી. પણ બ્રહ્મચર્યનું ધ્યેય કામની ઇચ્છાને ઘટાડવાનું છે. આ બંનેમાં એ ધ્યેયનું પાલન થતું નથી. કારણ કે બંનેથી કામ–ભોગની ઇચ્છા વૃદ્ધિ પામે છે. આથી પરમાર્થદૃષ્ટિએ આ બંને પ્રકારના કામસેવનનો પણ ત્યાગ થઈ ગયો હોવાથી વ્રતભંગ થાય છે. આમ આ બેમાં અપેક્ષાએ વ્રતનો અભંગ અને અપેક્ષાએ ભંગ હોવાથી બંને અતિચાર રૂપ છે. [૨૩]

## પાંચમા વ્રતના અતિચારો–

**क्षेत्रवास्तु–हिरण्यसुवर्ण–धनधान्य–दासीदास–कुप्य–प्रमाणातिक्रमाः ॥ ७–२९ ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ક્ષેત્ર-વાસ્તુ, હિરણ્ય-સુવર્ણ, ધન-ધાન્ય, દાસી દાસ અને કુપ્ય એ પાંચના પ્રમાણમાં અતિક્રમ (વધારો) એ પાંચ અતિચારો સંતોષ (સ્થૂલ પરિગ્રહ વિરમણ) વ્રતના છે.**

**(૧) ક્ષેત્ર-વાસ્તુ પ્રમાણાતિક્રમ** – ખેતી કરવા લાયક ભૂમિ તે ક્ષેત્ર. રહેવા લાયક (ઘર આદિ) ભૂમિ તે વાસ્તુ. પરિગ્રહ પ્રમાણમાં ધારેલ પ્રમાણથી અધિક ક્ષેત્ર-વાસ્તુનો (સર્વ પ્રકારની જમીનનો) સ્વીકાર કરવો એ ક્ષેત્ર-વાસ્તુ પ્રમાણાતિક્રમ. **(૨) હિરણ્ય-સુવર્ણાતિક્રમ**–હિરણ્ય એટલે ચાંદી. સુવર્ણ એટલે સોનું. અહીં ચાંદી-સુવર્ણના ઉપલક્ષણથી રત્ન આદિ ઉચ્ચ પ્રકારની ધાતુઓ, ઇંદ્રમણિ વગેરે કિંમતી પથ્થરની જાત, અને રોકડ નાણું વગેરે સમજી લેવું. લોભવશ બનીને પરિગ્રહ પ્રમાણમાં ધારેલ પ્રમાણથી અધિક ચાંદી-સુવર્ણ આદિ તથા રોકડ નાણું રાખવું એ [1]હિરણ્ય-સુવર્ણાતિક્રમ છે. [2](૩) **ધન-ધાન્ય**

---

૧. કેટલાક ગ્રંથોમાં હિરણ્ય એટલે ઘડેલું સોનું અને સુવર્ણ એટલે વગર ઘડેલું સોનું એવો અર્થ આવે છે. કેટલાક ગ્રંથોમાં આનાથી વિપરીત અર્થ, એટલે કે હિરણ્ય એટલે ઘડયા વિનાનું સોનું અને સુવર્ણ એટલે ઘડેલું સોનું એવો અર્થ પણ છે.

૨. કેટલાક ગ્રંથોમાં ધન શબ્દથી ગણિમ (ગણી શકાય તે સોપારી વગેરે), ધરિમ (કાંટાથી તોલીને લઈ-આપી શકાય તે ગોળ વગેરે), મેય (માપીને આપી લઈ શકાય તે ઘઉં વગેરે), પરિચ્છેદ્ય (પરીક્ષા કરીને લેવા-દેવામાં આવે તે રત્ન વગેરે) એ ચાર પ્રકારના ધનનું ગ્રહણ કરવામાં આવ્યું છે. તથા ગાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રમાણાતિક્રમ**–ગાય વગેરે ચારપગા પ્રાણી ધન છે. ચોખા, ઘઉં વગેરે ધાન્ય છે. પરિગ્રહ પ્રમાણમાં ધારેલ પ્રમાણથી અધિક ધન–ધાન્યનો સ્વીકાર કરવો એ ધન–ધાન્ય પ્રમાણાતિક્રમ છે. [૩](૪) **દાસી–દાસ પ્રમાણાતિક્રમ**– અહીં દાસી–દાસ પદથી બેપગા ( નોકર, ચાકર વગેરે મનુષ્યો અને મયૂર આદિ પક્ષીઓ ) પ્રાણી સમજવાં. ધારેલ પ્રમાણથી અધિક નોકર આદિનો કે મયૂર–પોપટ આદિ પક્ષીઓનો સંગ્રહ કરવો. (૫) **કુપ્ય પ્રમાણાતિક્રમ**– અલ્પકિંમતવાળી લોઢું વગેરે ધાતુઓ, ઘરના ઉપયોગમાં આવતી વસ્તુઓ (રાચ રચીલું વગેરે), કાષ્ઠ, ઘાસ વગેરેનો કુપ્યમાં સમાવેશ થાય છે. ધારેલ પ્રમાણથી અધિક કુપ્યનો સંગ્રહ કરવો એ કુપ્ય પ્રમાણાતિક્રમ છે.

અહીં ક્ષેત્ર–વાસ્તુ આદિ પાંચેમાં પરિગ્રહ પ્રમાણમાં ધારેલ પ્રમાણથી અધિક ક્ષેત્ર–વાસ્તુ આદિનો સ્વીકાર કરવાથી સાક્ષાત્ રીતે તો વ્રતનો ભંગ જ થાય છે. પણ એ પાંચમાં અનુક્રમે ચોજન, પ્રદાન, બંધન, કારણ અને ભાવથી હૃદયમાં વ્રતરક્ષાના પરિણામ હોવાથી ( વ્રત ભંગ ન થવાથી ) એ પાંચે અતિચાર રૂપ છે. તે આ પ્રમાણે–

---

વગેરે ચાર પગા પ્રાણીઓનો દાસી–દાસ પ્રમાણાતિક્રમમાં દાસી–દાસ પદથી સંગ્રહ કરવામાં આવ્યો છે.

૩. ધર્મરત્ન પ્રકરણ વગેરે ગ્રંથોમાં અહીં દ્વિપદ–ચતુષ્પદ પ્રમાણાતિક્રમ અતિચાર છે. તેમાં સર્વ પ્રકારના મનુષ્ય–તિર્યંચોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તથા ત્રીજા અતિચારમાં ધનધાન્યથી ગણિમ આદિ ચાર પ્રકારના ધનનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) **ચોજન**—ચોજન એટલે જોડવું. એક ઘરથી અધિકના અભિગ્રહવાળાને અધિકની જરૂર પડતાં (કે કોઈ કારણસર લેવાની ઇચ્છા થતાં) વ્રતભંગ થવાના ભયથી પ્રથમ ઘરની બાજુમાં જ બીજું ઘર લે અને વચ્ચેની ભીંત પાડી નાંખી બંનેનું ચોજન-જોડાણ કરી એક ઘર બનાવે. અહીં બે ઘર હોવાથી અપેક્ષાએ ભંગ થાય. પણ હૃદયમાં વ્રતરક્ષાના પરિણામ હોવાથી અપેક્ષાએ ભંગ ન થાય. ૨) **પ્રદાન**—પ્રદાન એટલે આપવું. સુવર્ણ આદિનું પ્રમાણ કર્યા પછી કોઈની પાસેથી (કમાણી આદિથી) બીજું મળે તો વ્રતભંગની ભીતિથી હમણાં તમારી પાસે રાખો એમ કહી બીજાને આપી દે. વ્રતની અવધિ પૂર્ણ થતાં લઈ લે. (૩) **બંધન**—બંધન એટલે ઠરાવ. પરિમાણ કર્યા બાદ બીજા પાસેથી અધિક મળે તો વ્રતભંગના ડરથી ચાર માસ (વગેરે અવધિ) પછી હું લઈ જઈશ, હમણાં તમારી પાસે રહેવા દો એમ ઠરાવ કરીને ત્યાં જ રહેવા દે. ચાર માસ (વગેરે નિયમની અવધિ) પૂર્ણ થતાં લઈ લે. (૪) **કારણ**—ગાય બળદ વગેરેનું પ્રમાણ નક્કી કર્યા પછી ગાય આદિને ગર્ભ રહે અથવા વાછરડાં આદિનો જન્મ થાય તો વ્રતભંગના ભયથી ગણતરી કરે નહિ. મારે તો ગાય કે બળદનું પરિમાણ છે. ગર્ભ યા વાછરડાં ગાય-બળદ નથી. કિન્તુ ગાય બળદનાં કારણ છે. મોટા થશે ત્યારે ગાય-બળદ થશે. (૫) **ભાવ**—ભાવ એટલે પરિવર્તન. દથ્થી વધારે ચાંદીના પ્યાલાનો નિયમ કર્યા બાદ ભેટ આદિથી અધિક થતાં વ્રતભંગના ભયથી પ્યાલાઓને ભંગાવી નાના પ્યાલાઓને મોટા પ્યાલા કરીને વ્રતની સંખ્યા કાયમ રાખે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં સર્વત્ર સાક્ષાત્ તો નિયમનો ભંગ થયો છે. પણ હૃદયમાં વ્રત ભંગના ભયના કારણે વ્રત સાપેક્ષ હોવાથી અપેક્ષાએ વ્રતભંગ નથી. આથી પ્રમાણનો અતિક્રમ-ઉલ્લંઘન અતિચાર છે. [૨૪]

છઠ્ઠા વ્રતના અતિચારો-

ऊर्ध्वाधस्तिर्यग्व्यतिक्रम-क्षेत्रवृद्धि-स्मृत्यन्तर्धानानि ॥७-२५॥

**ઊર્ધ્વ, અધો અને તિર્યગ્ એ ત્રણ દિશાના પ્રમાણમાં વ્યતિક્રમ તથા ક્ષેત્રવૃદ્ધિ અને સ્મૃત્યન્તર્ધાન એ પાંચ દિગ્વિરતિ વ્રતના અતિચારો છે.**

(૧) **ઊર્ધ્વ વ્યતિક્રમ**-ઉપરની દિશામાં પર્વતાદિ ઉપર **ભૂલથી** ધારેલ પ્રમાણથી અધિક દૂર જવું. (૨) **અધો વ્યતિક્રમ**-નીચેની દિશામાં કૂવા આદિમાં ભૂલથી ધારેલ પ્રમાણથી અધિક દૂર જવું. (૩) **તિર્યગ્વ્યતિક્રમ**-તિર્છુ પૂર્વ આદિ આઠ દિશામાં ભૂલથી ધારેલ પ્રમાણથી અધિક દૂર જવું. આ ત્રણે ભૂલથી થાય તો અતિચાર છે. જાણી જોઈને કરે તો સર્વથા વ્રતભંગ થાય છે.

(૪) **ક્ષેત્રવૃદ્ધિ**-એક દિશાનું પ્રમાણ બીજી દિશામાં નાંખીને બીજી દિશાના પ્રમાણમાં વૃદ્ધિ કરવી. દા. ત. પૂર્વ અને પશ્ચિમ દિશામાં ૫૦-૫૦ માઈલનું પ્રમાણ ધાર્યા બાદ પૂર્વ દિશામાં ૬૦ માઈલ જવાની જરૂર પડતાં પશ્ચિમ દિશામાંથી ૧૦ માઈલ લઈને પૂર્વ દિશામાં ઉમેરે. અહીં નિયમભંગ થવા છતાં કુલ સંખ્યા કાયમ રહેવાથી અપેક્ષાએ અતિચાર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫) **સ્મૃત્યન્તર્ધાન**–લીધેલા નિયમને (–દિશાના પ્રમાણને) ભૂલી જવું–બરોબર યાદ ન રાખવું. દિશાના પ્રમાણને ભૂલી ગયા પછી ધારેલ પ્રમાણથી દૂર ન જવા છતાં અતિચાર લાગે. જેમ કે ૫૦ માઇલ ધાર્યા છે કે ૧૦૦ માઇલ એમ શંકા થવાથી કદાચ ૫૦ ધાર્યા હશે તો આગળ જઈશું તો નિયમનો ભંગ થશે એમ વિચારી ૫૦ માઇલથી આગળ ન જાય તો પણ અતિચાર લાગે. કારણ કે કોઈ પણ નિયમનું બરાબર પાલન નિયમને યાદ રાખવાથી થાય છે.[૧] એટલે નિયમને ભૂલી જવું એ અતિચાર છે.[૨]

**પ્રશ્ન**–જો નિયમને ભૂલી જવું એ અતિચાર છે તો સ્મૃત્યન્તર્ધાન અતિચાર સર્વ વ્રતોને લાગુ પડે છે. તો પછી એની સર્વ વ્રતોમાં ગણતરી ન કરતાં અહીં જ કેમ કરી?

**ઉત્તર**–દરેક વ્રતના પાંચ અતિચાર ગણાવવાના હોવાથી પાંચની સંખ્યા પૂરી કરવા અહીં તેની ગણતરી કરવામાં આવી છે.[૩] બાકી આ અતિચાર સર્વવ્રતો માટે છે. [૨૫]

---

૧. **अविस्मृतिमूलं धर्मानुष्ठानम्**–નિયમની સ્મૃતિ નિયમ-પાલનનું મૂળ છે. (પ્રસ્તુતસૂત્રની શ્રી સિદ્ધસેન ગણિની ટીકા)

૨. ધર્મરત્ન પ્રકરણ વગેરે ગ્રંથોમાં સ્મૃત્યન્તર્ધાન અતિચારનો અર્થ આ પ્રમાણે છે–૫૦ યોજન ધાર્યા છે કે ૧૦૦ યોજન? આવા સંશયમાં ૫૦ યોજનથી દૂર ન જવું જોઈએ. જો ૫૦ યોજનથી આગળ જાય તો અતિચાર લાગે.

૩. **अयं चातिचारः सर्वव्रतसाधारणोऽपि पञ्चसंख्या-पूरणार्थमत्रोपात्तः**। (શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્રની અર્થ દીપિકા ટીકા)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સાતમા વ્રતના અતિચારો–

**આનયન–પ્રેષ્યપ્રયોગ–શબ્દ–રૂપાનુપાત–પુદ્‌ગલક્ષેપાઃ ॥૭–૨૬॥**

**આનયન, પ્રેષ્યપ્રયોગ, શબ્દાનુપાત, રૂપાનુપાત અને પુદ્‌ગલ ક્ષેપ એ પાંચ દેશવિરતિ (દેશાવગાશિક) વ્રતના અતિચારો છે.**

(૧) **આનયન**–ધારેલ પ્રમાણથી અધિક દેશમાં રહેલ વસ્તુને (કાગળ, ચિઠ્ઠી, તાર, ટેલિફોન આદિ દ્વારા) અન્ય પાસેથી મંગાવવી. આ અતિચારને આનયનપ્રયોગ પણ કહેવાય છે. (૨) **પ્રેષ્યપ્રયોગ**–ધારેલ પ્રમાણથી અધિક દેશમાં કોઈ વસ્તુ મોકલવાની હોય યા અન્ય કોઈ કાર્ય કરવું હોય તો નોકર આદિને મોકલીને કરાવે. આનયન (પ્રયોગ) અને પ્રેષ્યપ્રયોગમાં ફેર–આનયનમાં ધારેલ પ્રમાણથી અધિક દેશમાંથી વસ્તુને પોતાની પાસે મંગાવવાની હોય છે. જ્યારે પ્રેષ્યપ્રયોગમાં ધારેલ દેશથી અધિક દેશમાં સમાચાર વગેરે કે કોઈ વસ્તુ મોકલવાની હોય છે. બીજું, આનયનમાં વસ્તુ મંગાવવા નોકર આદિ કોઈને મોકલતો નથી. આવનારના પાસેથી મંગાવી લે છે. જ્યારે પ્રેષ્ય–પ્રયોગમાં ખાસ નોકર આદિને ત્યાં મોકલે છે.

(૩) **શબ્દાનુપાત**–નજીકમાં ખોંખારો, ઉધરસ વગેરેથી અને દૂર તાર, ટેલિફોન વગેરેથી (શબ્દોના અનુપાતથી–ફેંકવાથી) ધારેલ દેશથી અધિક દેશમાં રહેલી વ્યક્તિને પોતાની પાસે બોલાવે. (૪) **રૂપાનુપાત**–ધારેલ દેશથી અધિક દેશમાં રહેલી વ્યક્તિને બોલાવવા ધારેલ દેશમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઊભા રહીને પોતાનું શરીર કે શરીરના અંગો બતાવે, અથવા તેવા પ્રકારની કાયિક ચેષ્ટા કરે. (૫) **પુદ્ગલક્ષેપ**– ધારેલ પ્રમાણથી અધિક દેશમાં રહેલી વ્યક્તિનું કામ પડતાં તેને બોલાવવા ધારેલ દેશમાં રહીને તે વ્યક્તિ નજીક હોય તો કાંકરો વગેરે ફેંકે અને દૂર હોય તો તેવા પ્રકારની ચિઠ્ઠી વગેરે મોકલે કે જેથી તે વ્યક્તિ પોતાની પાસે આવે.

અહીં પોતે પોતાના શરીરથી નિયમિત દેશથી બહાર જતો નથી, એટલે એ દૃષ્ટિએ વ્રતભંગ થતો નથી. પણ બીજા દ્વારા વસ્તુ મંગાવવી, બીજાને મોકલવો, શબ્દાનુપાત આદિથી બીજાને પોતાની પાસે બોલાવવા વગેરેમાં નિયમનું ધ્યેય સચવાતું નથી. નિયમિત દેશથી બહાર હિંસા અટકાવવા દિશાનું નિયમન કર્યું છે. પોતે ન જવા છતાં વસ્તુ મંગાવવા આદિથી હિંસા તો થાય છે. પોતે જાય એના કરતાં બીજા પાસે મંગાવવા વગેરેમાં વધારે હિંસા થાય એવું પણ બને. કારણ કે પોતે જેવી જયણા પાળે તેવી બીજાઓ પાળે નહિ. આથી પોતે જાય તો–પોતે કામ કરે તો હિંસા ઓછી થવાનો સંભવ છે. આમ આનયન આદિમાં નિયમનું ધ્યેય જળવાતું ન હોવાથી પરમાર્થથી વ્રતનો ભંગ છે. આ રીતે આનયન આદિમાં અપેક્ષાએ વ્રતનો અભંગ અને અપેક્ષાએ વ્રતનો ભંગ હોવાથી અતિચાર છે. [૨૬]

અહીં પ્રથમના બે અતિચારો સમજણના અભાવે કે સહસાત્કાર વગેરેથી થાય છે. પછીના ત્રણ અતિચારો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માયાથી થાય છે. પ્રથમના બે અતિચારોમાં હું બીજા પાસે મારું કાર્ય કરાવીશ તો મારા નિયમમાં બાધો નહિ આવે એવી બુદ્ધિ છે. પણ આ અજ્ઞાનતા છે. બીજા પાસે કરાવવાથી વધારે વિરાધના થવાનો સંભવ છે. [૨૬]

આઠમા વ્રતના અતિચારો–

**कन्दर्प-कौत्कुच्य-मौखर्या-ऽसमीक्ष्याधिकरणोप-भोगाधिकत्वानि ॥ ७-२७ ॥**

**કંદર્પ, કૌત્કુચ્ય, મૌખર્ય, અસમીક્ષ્યાધિકરણ અને ઉપભોગાધિકત્વ એ પાંચ અનર્થદંડ વિરતિ વ્રતના અતિચારો છે.**

(૧) **કંદર્પ**–રાગ સહિત, હાસ્યપૂર્વક કામોત્તેજક અસભ્ય વાક્યો બોલવાં. જેનાથી મોહ (–તે તે ઇંદ્રિયના વિષયોપભોગની ઇચ્છા) પ્રગટે તેવું વચન નહિ બોલવું જોઈએ. શ્રાવકને પેટભરીને અડબડાટ જોરથી હસવું પણ વ્યાજબી નથી. (૨) [૧]**કૌત્કુચ્ય**–રાગસહિત, હાસ્યપૂર્વક કામોત્તેજક અસભ્ય વાક્યો બોલવા સાથે અસભ્ય કાયિક ચેષ્ટા કરવી. કંદર્પમાં હાસ્ય અને વચનનો પ્રયોગ હોય છે. જ્યારે કૌત્કુચ્યમાં હાસ્ય અને વચનના પ્રયોગની સાથે કાયિક પ્રયોગ પણ હોય છે. આથી કંદર્પમાં કાયિક તેવી ચેષ્ટા હોય ત્યારે તે કૌત્કુચ્ય કહેવાય છે. (૩) **મૌખર્ય**–અસંબદ્ધ બહુ બોલબોલ કરવું. (૪) [૨]**અસમીક્ષ્યાધિકરણ**–

૧. ધર્મરત્નપ્રકરણ વગેરે ગ્રંથોમાં "કૌકુચ્ય" એવું નામ છે.
૨. ધર્મરત્ન પ્રકરણ વગેરે ગ્રંથોમાં 'સંયુક્તાધિકરણ' એવું નામ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસમીક્ષ્ય એટલે વિચાર્યા વિના. અધિકરણ એટલે પાપનું સાધન. મારે જરૂર છે કે નહિ ઇત્યાદિ વિચાર કર્યા વિના પોતાને જરૂર ન હોવા છતાં શસ્ત્ર આદિ અધિકરણો (પાપનાં સાધનો) તૈયાર રાખવાં. (જેથી કોઈ માગવા આવે તો આપવા પડે એટલે નિરર્થક પાપ બંધાય) (૫) **ઉપભોગાધિકત્વ**–પોતાને જરૂરિયાત હોય તેનાથી અધિક વસ્તુ પોતાની પાસે રાખવી. દા. ત. તળાવ વગેરે સ્થળે સ્નાન કરવા જાય ત્યારે સાબુ વગેરે વસ્તુ પોતાને જરૂરિયાત પૂરતી જ લઈ જવી જોઈએ. અન્યથા વધારે જોઈને તેવા મશ્કરા લોકો કે અન્ય સ્વાર્થી વગેરે પોતાને જરૂર ન હોવા છતાં તેનો ઉપયોગ કરે એથી નિરર્થક પાપ બંધાય.

અહીં કંદર્પ આદિ સહસા કે અનાભોગ આદિથી થઈ જાય તો અતિચાર રૂપ છે. પણ જો ઈરાદાપૂર્વક કરે તો વ્રતભંગ થાય. પ્રથમના ત્રણ અતિચારો પ્રમાદાચરણ રૂપ અનર્થદંડના છે. ચોથો અને પાંચમો અતિચાર અનુક્રમે પાપકર્મોપદેશ અને હિંસક પ્રદાન રૂપ અનર્થ દંડના છે. ઉપયોગના અભાવે કે સહસાત્કાર વગેરેના કારણે દુર્ધ્યાન કરવું એ અપધ્યાન રૂપ અનર્થ દંડનો અતિચાર છે. આ અતિચાર અહીં કહ્યો નથી. જાતે સમજી લેવો. [૨૭]

## નવમા વ્રતના અતિચારો–

**योगदुष्प्रणिधाना-ऽनादर-स्मृत्यनुपस्थापनानि ॥७-२८॥**

**મન, વચન અને કાયા એ ત્રણ યોગોનું**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દુષ્પ્રણિધાન, અનાદર અને સ્મૃત્યનુપસ્થાપન એ પાંચ સામાયિક વ્રતના અતિચારો છે.**

(૧) મનોયોગ દુષ્પ્રણિધાન–નિરર્થક કે પાપના વિચારો કરવા.[૧]

(૨) વચનયોગ દુષ્પ્રણિધાન–નિરર્થક કે પાપનાં વચનો બોલવાં.[૨]

---

૧. આ અતિચારથી બચવા સામાયિકમાં મનના દશ દોષોનો ત્યાગ કરવો. દશ દોષો આ પ્રમાણે છે–(૧) અવિવેક. સામાયિકના વાસ્તવિક સ્વરૂપને ન જાણવાથી આવી ક્રિયાથી શું ફળ મળે? ઇત્યાદિ સામાયિકના ફળ સંબંધી કુવિકલ્પો કરવા. (૨) યશોવાંછા. બીજાઓ પોતાની પ્રશંસા કરશે એવી ઇચ્છાથી સામાયિક કરવું. (૩) ધનવાંછા. ધનની (પ્રભાવના વગેરેની) ઇચ્છાથી સામાયિક કરવું. (૪) ગર્વ. સામાયિક કરીને ધર્મી તરીકેનો અહંકાર કરવો. (૫) ભય. જો હું સામાયિક નહિ કરું તો અમુક તરફથી ઠપકો મળશે કે અમુક મારી નિંદા કરશે, હું હલકો દેખાઈશ વગેરે ભયથી સામાયિક કરવું. (૬) નિદાન. સામાયિકના ફળ રૂપે આલોક પરલોકના સુખની ઇચ્છા રાખવી. (૭) સંશય. સામાયિકનું ફળ મળશે કે નહિ એમ સામાયિકના ફળ વિશે સંશય રાખવો. (૮) કષાય. ક્રોધથી આવેશમાં આવીને સામાયિક કરવું કે સામાયિકમાં ક્રોધ કરવો. (૯) અવિનય. વિનય રહિત સામાયિક કરવું. (૧૦) અબહુમાન. બહુમાન વિના કે ઉત્સાહ વિના સામાયિક કરવું.

૨. આ અતિચારથી બચવા સામાયિકમાં દશવચનના દોષોનો ત્યાગ કરવો જોઈએ. દસ દોષો નીચે મુજબ છે—

(૧) કુવચન. કોઈનું અપમાન આદિ થાય તેવાં કુવચનો બોલવાં (૨) સહસાત્કાર. સહસા અયોગ્ય વચનો બોલવાં (૩) અસ-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) કાયયોગ દુષ્પ્રણિધાન–નિરર્થક કે પાપની પ્રવૃત્તિ કરવી.[૧]

(૪) અનાદર–સામાયિકમાં ઉત્સાહનો અભાવ, નિયત સમયે સામાયિક ન લેવું વગેરે.

---

દારોપણ. વિચાર કર્યા વિના કોઈના ઉપર ખોટો આરોપ મૂકવો. (૪) નિરપેક્ષ. શાસ્ત્રની દરકાર કર્યા વિના વચનો બોલવાં (૫) સંક્ષેપ. સૂત્રો ટુંકાવીને બોલવાં (૬) કલેશ. અન્યની સાથે કલેશ–કંકાશ કરવો. (૭) વિકથા. સ્ત્રીકથા આદિ વિકથા કરવી. (૮) હાસ્ય. ઠઠ્ઠા–મશ્કરી કરવી, હસવું. (૯) અશુદ્ધ. સૂત્રો અશુદ્ધ બોલવાં. (૧૦) મુણમુણ. પોતે અને બીજા ન સમજી શકે તે રીતે સૂત્રનો અસ્પષ્ટ ઉચ્ચાર કરવો વગેરે.

૧ આ અતિચારથી બચવા સામાયિકમાં કાયાના ૧૨ દોષોનો ત્યાગ કરવો જોઇએ. ૧૨ દોષો આ પ્રમાણે છે–(૧) આકુંચનઃ–પગ ઉપર પગ ચડાવીને બેસવું (૨) ચલાસનઃ સ્થિર ન બેસવું–વારંવાર નિષ્પ્રયોજન આસનથી ઊઠવું. (૩) ચલદૃષ્ટિઃ–કાયોત્સર્ગ વગેરેમાં આંખો આમ તેમ ફેરવવી. (૪) સાવદ્યક્રિયાઃ–સ્વયં સાવદ્ય (–પાપની) ક્રિયા કરવી કે અન્યને આજ્ઞા આદિથી પાપ ક્રિયા કરવા કહેવું. (૫) આલંબનઃ–ભીંત, થાંભલો વગેરેનું ઓઠિંગણ લઇને બેસવું. (૬) આકુંચન–પ્રસારણઃ–હાથ–પગ વગેરે અત્યંત પહોળા કરવા અને સંકોચવા (૭) આળસઃ–અંગ મરડવું. બગાસાં ખાવાં વગેરે આળસ કરવી. (૮) મોટનઃ–આંગળીના ટચાકા ફોડવા. (૯) મલઃ–શરીરનો મેલ કાઢવો. (૧૦) વિમાસણઃ–જાણે કાંઇ ચિંતા હોય તેમ ગાલ વગેરે ઉપર હાથ રાખી બેસવું વગેરે (૧૧) નિદ્રાઃ–ઝોકાં ખાવાં, ઊંઘી જવું વગેરે. (૧૨) વસ્ત્રસંકોચનઃ–ટાઢ આદિના કારણે વસ્ત્રથી શરીર સંકોચવું–ઢાંકવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫) સ્મૃત્યનુપસ્થાપન–એકાગ્રતાના અભાવે સામાયિક કરી કે નહિ તે ભૂલી જવું વગેરે.

મનોયોગ દુષ્પ્રણિધાન આદિ સહસા, અનાભોગ (અનુપયોગ) વગેરેથી થાય તો અતિચાર રૂપ છે. જો ઈરાદાથી (જાણીને) કરવામાં આવે તો વ્રતભંગ થાય છે. [૨૮]

## દશમા વ્રતના અતિચારો–

**અપ્રત્યવેક્ષિતાપ્રમાર્જિતોત્સર્ગા-ઽઽદાનનિક્ષેપ-સંસ્તારોપક્રમણા-ઽનાદર-સ્મૃત્યનુપસ્થાપનાનિ ॥ ૭–૨૯ ॥**

**અપ્રત્યવેક્ષિત-અપ્રમાર્જિત-ઉત્સર્ગ, અપ્રત્યવેક્ષિત-અપ્રમાર્જિત-આદાનનિક્ષેપ, અપ્રત્યવેક્ષિત-અપ્રમાર્જિત-સંસ્તારોપક્રમણ, અનાદર અને સ્મૃત્યનુપસ્થાપન એ પાંચ પૌષધોપવાસ (પૌષધ) વ્રતના અતિચારો છે.**

(૧) **અપ્રત્ય. અપ્રમા. ઉત્સર્ગ**–અપ્રત્યવેક્ષિત એટલે દૃષ્ટિથી બિલકુલ જોયા વિના કે બરોબર જોયા વિના. અપ્રમાર્જિત એટલે ચરવળો વગેરેથી બિલકુલ કે બરોબર પ્રમાર્જ્યા વિના. ઉત્સર્ગ એટલે ત્યાગ કરવો. ભૂમિને દૃષ્ટિથી જોયા વિના કે બરોબર જોયા વિના અને ચરવળો વગેરેથી પ્રમાર્જન કર્યા વિના કે બરોબર પ્રમાર્જન કર્યા વિના મલ-મૂત્ર આદિનો ત્યાગ કરવો. (૨) **અપ્રત્ય. અપ્રમા. આદાન નિક્ષેપ**–આદાન એટલે લેવું. નિક્ષેપ એટલે મૂકવું. દૃષ્ટિથી જોયા વિના કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બરોબર જોયા વિના અને ચરવળો વગેરેથી પ્રમાર્જન કર્યા વિના કે બરોબર પ્રમાર્જન કર્યા વિના વસ્તુ લેવી અને મૂકવી. (૩) **અપ્રત્ય. અપ્રમા. સંસ્તારોપક્રમણ**–સંસ્તાર એટલે સંથારો, આસન વગેરે સૂવાનાં અને પાથરવાનાં સાધનો. ઉપક્રમણ એટલે પાથરવું. દૃષ્ટિથી જોયા વિના કે બરોબર જોયા વિના અને ચરવળો વગેરેથી પ્રમાર્જન કર્યા વિના કે બરોબર પ્રમાર્જ્યા વિના સંથારો, આસન વગેરે પાથરવું. (૪) **અનાદર**–પૌષધમાં ઉત્સાહ ન રાખવો. જેમ તેમ અનાદરથી પૌષધ પૂર્ણ કરવો. (૫) **સ્મૃત્યનુસ્થાપન**–પોતે પૌષધમાં છે તે ભૂલી જવું. પૌષધની વિધિઓ યાદ ન રાખવી વગેરે. [૨૯]

## અગિયારમા વ્રતના અતિચારો–

**सचित्तसंबद्ध–संमिश्रा–ऽभिषव–दुष्पक्वाहाराः ॥ ७–३० ॥**

**સચિત્ત આહાર, સચિત્ત સંબદ્ધ આહાર, સચિત્તસંમિશ્ર આહાર, અભિષવ આહાર અને દુષ્પક્વ આહાર એ પાંચ ઉપભોગ–પરિભોગ પરિમાણ વ્રતના અતિચારો છે.**

આ અતિચારો જેને સચિત્ત આહારનો ત્યાગ છે તેના માટે છે.

(૧) **સચિત્ત આહાર**–સચિત્ત (દાડમ આદિ) ફળ આદિનો ઉપયોગ કરવો. અહીં સચિત્તનો ત્યાગ હોવાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનાભોગ[1] આદિથી સચિત્ત આહાર વાપરે તો અતિચાર. પણ જો જાણી જોઈને વાપરે તો વ્રતભંગ થાય. (૨) **સચિત્ત સંબદ્ધ આહાર**–ઠળિયા, ગોટલી આદિ સચિત્ત બીજ યુક્ત બોર, કેરી વગેરે આહાર વાપરવો. અહીં ઠળિયા, ગોટલી આદિ છોડી દે છે–મોંમાંથી બહાર કાઢી નાંખે છે. માત્ર ફળનો અચિત્ત ગર્ભ–સાર વાપરે છે. આ દૃષ્ટિએ વ્રતનો ભંગ નથી. પણ વ્રતનું ધ્યેય (જીવ રક્ષા) સચવાતું નથી. એથી પરમાર્થથી તો વ્રતભંગ છે. આમ અહીં આંશિક વ્રતભંગ અને આંશિક વ્રતપાલન હોવાથી અતિચાર લાગે છે. (૩) **સચિત્ત સંમિશ્ર આહાર**–થોડો ભાગ સચિત્ત અને થોડો ભાગ અચિત્ત હોય તેવો આહાર કરવો. દા. ત. તલ, ખસખસ આદિથી યુક્ત મોદક આદિનો આહાર કરવો. (૪) **અભિષવ–આહાર**–મદ્ય આદિ માદક આહાર કરવો. અથવા કીડી, કુંથુ આદિ સૂક્ષ્મ જીવોથી યુક્ત ખોરાકનો આહાર કરવો. (૫) **દુષ્પક્વ–આહાર**–બરોબર ન રંધાવાથી કંઈક પક્વ અને કંઈક અપક્વ કાકડી વગેરેનો આહાર કરવો.

ધર્મરત્ન પ્રકરણ વગેરે ગ્રંથોમાં અહીં બતાવેલા છેલ્લા ત્રણ અતિચારોના સ્થાને અપક્વૌષધિ–ભક્ષણતા, દુષ્પક્વૌષધિ–ભક્ષણતા અને તુચ્છૌષધિ–ભક્ષણતા એ ત્રણ અતિચારોનો ઉલ્લેખ છે. (૩) **અપક્વૌષધિભ.**–રાંધ્યા

---

૧. સચિત્તનો ત્યાગ છે એમ ખ્યાલમાં ન રહેવું. અથવા આ વસ્તુ સચિત્ત છે એમ ખ્યાલમાં ન રહેવું...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિનાનો આહાર લેવો. દા. ત. સચિત્ત દૂણવાળા લોટને અચિત્ત સમજીને વાપરે. (૪) **દુષ્પક્વૌષધિભ.**–આનો અર્થ આ ગ્રંથમાં આવેલ દુષ્પક્વ આહાર અતિચારના પ્રમાણે છે. (૫) **તુચ્છૌષધિભ.**–જેનાથી તૃપ્તિ ન થાય તેવી પાપડ, બોર વગેરે વસ્તુ વાપરવી.

**પ્રશ્ન** :–તુચ્છ ઔષધિ (–જેનાથી તૃપ્તિ ન થાય તેવી વસ્તુઓ) જો સચિત્ત વાપરે છે તો તેનો સમાવેશ સચિત્ત આહાર નામના પ્રથમ અતિચારમાં થઈ જાય છે. હવે જો અચિત્ત વાપરે છે તો અતિચાર જ ન ગણાય. **ઉત્તર** :–વાત સત્ય છે. પણ અચિત્ત વાપરવામાં વ્રતના ધ્યેયનું પાલન ન થવાથી પરમાર્થથી વ્રતની વિરાધના થાય છે. જે આરાધક સાવદ્યથી–પાપથી બહુ ડરતો હોય અને લોલુપતાને ઓછી કરી હોય તે શ્રાવક સચિત્તનું પ્રત્યાખ્યાન કરે છે. જેનાથી તૃપ્તિ ન થતી હોય તેવી વસ્તુ વાપરવામાં લોલુપતા કારણ છે. કારણ કે તેનાથી શરીરને પુષ્ટિ મળતી નથી. આથી શ્રાવક જો આવી વસ્તુઓ વાપરે તો તેનામાં લોલુપતા અધિક છે એ સિદ્ધ થાય છે. આમાં શરીરને લાભ થતો નથી અને પાપ વધારે થાય છે. આથી અપેક્ષાએ તુચ્છ ઔષધિનું લક્ષણ એ અતિચાર છે. [૩૦]

## બારમા વ્રતના અતિચારો–

**सचित्तनिक्षेप–पिधान–परव्यपदेश–मात्सर्य–कालातिक्रमाः**

॥ ૭–૩૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સચિત્તનિક્ષેપ, સચિત્તપિધાન, પરવ્યપદેશ, માત્સર્ય અને કાલાતિક્રમ એ પાંચ અતિથિસંવિભાગ વ્રતના અતિચારો છે.**

(૧) **સચિત્તનિક્ષેપ**–નહિ આપવાની બુદ્ધિથી આપવા લાયક વસ્તુને ઘઉં વગેરે સચિત્ત વસ્તુમાં મૂકી દેવી. (૨) **સચિત્તપિધાન**–નહિ આપવાની બુદ્ધિથી આપવા લાયક વસ્તુ ઉપર સચિત્ત વસ્તુ ઢાંકી દેવી. (૩) **પરવ્યપદેશ**–નહિ આપવાની બુદ્ધિથી આપવા લાયક વસ્તુ પોતાની હોવા છતાં બીજાની છે એમ કહેવું, અથવા આપવાની બુદ્ધિથી બીજાની હોવા છતાં પોતાની છે એમ કહેવું. (૪) **માત્સર્ય**–હૃદયમાં ગુસ્સે થઈને આપવું. સામાન્ય માણસ પણ આપે છે તો શું હું તેનાથી ઉતરતો છું? એમ ઈર્ષ્યાથી આપવું. (૫) **કાલાતિક્રમ**–ભિક્ષાકાળ વીતી ગયા પછી અથવા ભિક્ષાકાળ થયા પહેલાં સાધુઓને નિમંત્રણ કરવું. [૩૧]

**સંલેખના વ્રતના અતિચારો–**

**જીવિત–મરણાશંસા–મિત્રાનુરાગ–સુખાનુબંધ–**
**નિદાનકરણાનિ ॥ ૭–૩૨ ॥**

**જીવિત–આશંસા, મરણ–આશંસા, મિત્ર–અનુરાગ, સુખ–અનુબંધ અને નિદાન કરણ એ પાંચ સંલેખના વ્રતના અતિચારો છે.**

(૧) **જીવિત – આશંસા**–આશંસા એટલે ઇચ્છા. જીવિત એટલે જીવવું. જીવવાની ઇચ્છા તે જીવિત આશંસા. પૂજા, સત્કાર–સન્માન, પ્રશંસા આદિ ખૂબ થવાથી હું વધારે જીવું તો સારું એમ જીવવાની ઇચ્છા રાખવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) **મરણુ-આશંસા**–પૂજા, સત્કાર-સન્માન, કીર્તિ, વૈયાવચ્ચ આદિ ન થવાથી કંટાળીને હું જલદી મરી જઉં તો સારું એમ મરણની ઇચ્છા રાખવી.

(૩) **મિત્ર-અનુરાગ**–મિત્ર, પુત્ર આદિ સ્વજન-સ્નેહીઓ ઉપર મમત્વભાવ રાખવો.

(૪) **સુખ-અનુબંધ**–પૂર્વે અનુભવેલા સુખોને યાદ કરવાં.

(૫) **નિદાન-કરણ**–તપ અને સંયમના પ્રભાવથી હું પરલોકમાં ચક્રવર્તી, વાસુદેવ, માંડલિક રાજા, બળવાન કે રૂપવાન બનું ઇત્યાદિ પરલોકના સુખની ઇચ્છા રાખવી. [૩૨]

## દાનની વ્યાખ્યા–

**અનુગ્રહાર્થં સ્વસ્યાતિસર્ગો દાનમ્ ॥ ૭-૩૩ ॥**

**સ્વ અને પરના[1] ઉપકાર માટે પોતાની વસ્તુ પાત્રને આપવી તે દાન.**

સ્વ-ઉપકાર પ્રધાન અને આનુષંગિક એમ બે પ્રકારે છે. પ્રધાન એટલે મુખ્ય. કર્મ નિર્જરાથી આત્માની સંસારથી મુક્તિ એ પ્રધાન સ્વ-ઉપકાર છે. આનુષંગિક ઉપકાર એટલે મુખ્ય ઉપકારની સાથે સાથે અનાયાસે થઈ જતો ઉપકાર. આનુષંગિક ઉપકારના બે ભેદ છે. (૧) આ લોક સંબંધી અને (૨) પરલોક સંબંધી. સંતોષ, વૈભવ આદિની પ્રાપ્તિ એ આ લોક સંબંધી આનુષંગિક સ્વ-ઉપકાર છે. અર્થાત્ દાનથી દાન કરનારના આત્મામાં સંતોષગુણ આવે. (સંતોષની

---

૧. **આત્મપરાનુગ્રહાર્થં સ્વસ્ય**.....(પ્રસ્તુત સૂત્ર ઉપર ભાષ્ય)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાથે ઉદારતા આદિ ઘણા ગુણો આવે. તથા રાગાદિ દોષો ઘટી જાય.) તેવા પ્રકારના વિશિષ્ટ પુણ્યના ઉદયથી બાહ્ય વૈભવની પણ પ્રાપ્તિ થાય. પરલોકમાં વિશિષ્ટ પ્રકારના સ્વર્ગાદિ સુખની પ્રાપ્તિ એ પરલોક સંબંધી આનુષંગિક સ્વ-ઉપકાર છે.

એ પ્રમાણે પર ઉપકાર પણ પ્રધાન અને આનુષંગિક એમ બે પ્રકારે છે. કર્મ નિર્જરાથી આત્માની સંસારથી મુક્તિ એ પ્રધાન પર ઉપકાર છે. આનુષંગિક પર ઉપકાર આ લોક સંબંધી અને પરલોક સંબંધી એમ બે પ્રકારે છે. સંયમનું પાલન કે મોક્ષ માર્ગની આરાધના એ આલોક સંબંધી પર ઉપકાર છે. વિશિષ્ટ પ્રકારના સ્વર્ગાદિ સુખની પ્રાપ્તિ એ પરલોક સંબંધી પર ઉપકાર છે.




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દાનની ક્રિયા સમાન છતાં ફળમાં તફાવત-**

**વિધિ-દ્રવ્ય-દાતૃ-પાત્રવિશેષાચ્ચ તદ્વિશેષઃ ॥૭-૩૪॥**

**વિધિ, દ્રવ્ય, દાતા અને પાત્રની વિશેષતાથી દાનધર્મમાં (અર્થાત્ ફળમાં) તફાવત પડે છે.** (દાનધર્મની વિશેષતાથી તેના ફળમાં પણ વિશેષતા(-તફાવત) આવે છે.)

(૧) **વિધિ**-દેશ, કાળ, શ્રદ્ધા, સત્કાર અને ક્રમપૂર્વક કલ્પનીય વસ્તુ આપવી વગેરે[૧] વિધિ છે.[૨]

(૨) **દ્રવ્ય**-અન્ન, પાન, વસ્ત્ર, પાત્ર આદિ શ્રેષ્ઠ દ્રવ્યોનું દાન કરવું જોઇએ.

(૩) **દાતા**-દાતા પ્રસન્નચિત્ત, આદર, હર્ષ, શુભાશય એ ચાર ગુણોથી યુક્ત અને વિષાદ, સંસારસુખની ઇચ્છા, માયા અને નિદાન એ ચાર દોષોથી રહિત હોવો જોઇએ.

(૧) **પ્રસન્નચિત્ત**-સાધુ આદિ પોતાના ઘરે આવે ત્યારે, હું પુણ્યશાળી છું, જેથી તપસ્વીઓ મારા ઘરે પધારે છે, એમ વિચારે અને પ્રસન્ન થાય. પણ આ તો રોજ અમારા ઘરે આવે છે, વારંવાર આવે છે, એમ વિચારી કંટાળી ન જાય. (૨) **આદર**-વધતા આનંદથી

---

૧. જાતે જ પોતાના હાથે સહર્ષ દાન કરવું એ પણ વિધિ છે. આદિ (વગેરે) શબ્દથી આ વિધિનો નિર્દેશ કર્યો છે.

૨. દેશ-કાળ આદિની સમજુતી માટે જુઓ આ અધ્યાયના ૧૬મા સૂત્રમાં અતિથિ સંવિભાગ વ્રતનું વર્ણન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"પધારો પધારો ! અમુકનો જોગ છે, અમુકનો લાભ આપો," એમ આદરપૂર્વક દાન આપે. (૩) **હર્ષ**–સાધુને જોઈને અથવા સાધુ કોઇ વસ્તુ માંગે ત્યારે હર્ષ પામે. વસ્તુનું દાન કરતાં હર્ષ પામે. આપ્યા પછી પણ અનુમોદના કરે. આમ દાન આપતાં પહેલાં, આપતી વખતે અને આપ્યા પછી પણ હર્ષ પામે. (૪) **શુભાશય**–પોતાના આત્માનો સંસારથી નિસ્તાર કરવાના આશયથી દાન આપે.

(૫) **વિષાદનો અભાવ**–આપ્યા પછી મેં કયાં આપી દીધું ? વધારે આપી દીધું ! એમ પશ્ચાત્તાપ ન કરે. કિન્તુ વ્રતીના (તપસ્વીના) ઉપયોગમાં આવે એ જ મારું છે, મારી વસ્તુ તપસ્વીના પાત્રમાં ગઈ એ મારો અહો ભાગ્ય ! એમ અનુમોદના કરે.[1]

(૬) **સંસાર સુખની ઇચ્છાનો અભાવ**–દાન આપીને તેના ફળ રૂપે કોઈ પણ જાતના સંસાર સુખની ઇચ્છા ન રાખે.[2]

(૭) **માયાનો અભાવ**–દાન આપવામાં કોઈ જાતની માયા ન કરે. સરળભાવથી દાન કરે.

(૮) **નિદાનનો અભાવ**–દાનના ફળ રૂપે પરલોકમાં સ્વર્ગાદિના સુખની માગણી ન કરે.

સુખની ઇચ્છાનો અભાવ અને નિદાનનો અભાવ એ

---

૧. ઉપર જણાવેલા ચાર ગુણોમાંથી હર્ષ ગુણ આવે તો વિષાદ દોષ જાય.

૨. ઉપર જણાવેલા ચાર ગુણોમાંથી શુભાશય આવે તો સંસાર સુખની ઇચ્છા અને નિદાન એ બે દોષ જાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંનેમાં સંસાર સુખની ઇચ્છાનો અભાવ હોવાથી સામાન્યથી અર્થ સમાન છે. છતાં વિશેષથી બંનેના અર્થમાં થોડો ફેર પણ છે. સંસાર સુખની ઇચ્છાના અભાવમાં વર્તમાન જીવનમાં સંસારસુખની ઇચ્છા ન રાખે એ ભાવ છે અને નિદાનના અભાવમાં પરલોકમાં સંસાર સુખની ઇચ્છા ન રાખે એ ભાવ છે.

(૪) પાત્ર–સમ્યગ્દર્શન આદિ ગુણોથી યુક્ત સર્વવિરતિધર સાધુઓ અને દેશવિરતિધર શ્રાવકો વગેરે.

જેટલા અંશે વિધિ આદિ બરોબર હોય તેટલા અંશે દાનથી અધિક લાભ. જેટલા અંશે વિધિ આદિમાં ન્યૂનતા હોય તેટલા અંશે ઓછો લાભ. [૩૪]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આઠમો અધ્યાય

[ અહીં સુધી સાત તત્ત્વોમાં જીવ, અજીવ અને આસ્રવ એ ત્રણ તત્ત્વોનું વર્ણન કર્યું. હવે આઠમા અધ્યાયમાં બંધ તત્ત્વનું વર્ણન કરે છે. ]

## કર્મબંધના હેતુઓ :—

**मिथ्यादर्शना-ऽविरति-प्रमाद-कषाय-योगा बन्ध-हेतवः ॥८-१॥**

**મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ કર્મબંધના હેતુઓ-કારણો છે.**

**બંધ** એટલે કાર્મણ વર્ગણાના પુદ્ગલોનો આત્મ-પ્રદેશોની સાથે ક્ષીરનીરની જેમ ગાઢ સંબંધ.

(૧) **મિથ્યાદર્શન** એટલે તત્ત્વો પ્રત્યે અશ્રદ્ધા. મિથ્યા-દર્શન, મિથ્યાત્વ, અશ્રદ્ધા વગેરે શબ્દો એકાર્થક છે. મિથ્યા-દર્શનના પાંચ ભેદો છે. (૧) આભિગ્રાહિક (૨) અનાભિગ્રાહિક (૩) આભિનિવેશિક (૪) સાંશયિક અને (૫) અનાભોગિક.

(૧) **આભિગ્રાહિક**—અભિગ્રહ એટલે પકડ, વિપરીત સમજણથી અતાત્ત્વિક બૌદ્ધ આદિ કોઈ એક દર્શન ઉપર આ જ સત્ય છે એવા અભિગ્રહથી-પકડથી યુક્ત જીવની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તત્ત્વો પ્રત્યે અશ્રદ્ધા તે આભિગ્રાહિક મિથ્યાત્વ. આમાં વિપરીત સમજણ તથા અભિગ્રહ–પકડ મુખ્ય ભાગ ભજવે છે. (૨) **અનાભિગ્રાહિક**–અનાભિગ્રાહિક એટલે અભિગ્રહથી –પકડથી રહિત. અમુક જ દર્શન સત્ય છે એવા અભિગ્રહથી રહિત બનીને "સર્વ દર્શનો સત્ય છે" એમ સર્વ દર્શનો ઉપર શ્રદ્ધા રાખનાર જીવની તત્ત્વો પ્રત્યે અશ્રદ્ધા તે અનાભિગ્રાહિક મિથ્યાત્વ. આમાં યથાર્થ સમજણનો અભાવ તથા સરળતા મુખ્ય કારણ છે. (૩) **આભિનિવેશિક**–અભિનિવેશ એટલે કદાગ્રહ–પકડ. યથાવસ્થિત તત્ત્વોને જાણવા છતાં અહંકાર આદિના કારણે અસત્ય સિદ્ધાંતને પકડી રાખનાર જીવની તત્ત્વો પ્રત્યે અશ્રદ્ધા એ આભિનિવેશિક મિથ્યાત્વ. આમાં અહંકારની પ્રધાનતા છે. અસત્ય સિદ્ધાંત વિશે અભિનિવેશ–પકડ અહંકારના પ્રતાપે છે.

યદ્યપિ અભિગ્રહ અને અભિનિવેશ એ બેનો અર્થ પકડ છે. એટલે શબ્દાર્થની દૃષ્ટિએ બંનેનો અર્થ એક છે. છતાં બંનેમાં પકડના હેતુમાં ભેદ હોવાથી અર્થનો ભેદ પડે છે. આભિગ્રાહિક મિથ્યાત્વમાં વિપરીત સમજણથી પકડ છે. જ્યારે આભિનિવેશિકમાં અંદરથી (હૃદયમાં) સત્ય હકીકતને સમજવા છતાં " મારું માનેલું–મારું કહેલું હું કેમ ફેરવું ?" ઇત્યાદિ અહંકારના પ્રતાપે પોતાની અસત્ય માન્યતાને પકડી રાખે છે. બીજું, આભિગ્રાહિકમાં સર્વ તત્ત્વો પ્રત્યે વિપરીત માન્યતા હોય છે, જ્યારે આભિનિવેશિકમાં કોઈ એકાદ તત્ત્વ વિશે કે કોઈ એક વિષયમાં વિપરીત માન્યતા હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આભિગ્રાહિક મિથ્યાત્વ જૈનદર્શન સિવાય બૌદ્ધ આદિ કોઈ એક દર્શનના આગ્રહવાળાને હોય છે. જ્યારે આભિનિવેશિક મિથ્યાત્વ જૈનદર્શનને પામેલાને હોય છે. જેમ કે જમાલિ.

(૪) **સાંશયિક**–સત્ય દેવ, ગુરુ અને ધર્મમાં સત્ય હશે કે નહિ એવી શંકા સાંશયિક મિથ્યાત્વ છે. અહીં અવિશ્વાસ એ મુખ્ય કારણ છે.(૫)**અનાભોગિક**–અનાભોગ એટલે અજ્ઞાનતા. અજ્ઞાનતાના યોગે તત્ત્વો પ્રત્યે અશ્રદ્ધા (=શ્રદ્ધાનો અભાવ કે વિપરીત શ્રદ્ધા) તે અનાભોગિક મિથ્યાત્વ. અહીં સમજણ શક્તિનો અભાવ મુખ્ય કારણ છે. આ મિથ્યાત્વ એકેંદ્રિય આદિને તથા કોઈ એક વિષયમાં અનાભોગના કારણે વિપરીત શ્રદ્ધા ધરાવનાર સાધુ યા શ્રાવકને હોય છે. અનાભોગના કારણે વિપરીત શ્રદ્ધા ધરાવનારને જો કોઈ સમજાવે તો તે પોતાની ભૂલ સુધારી લે છે. કારણ કે તે આગ્રહ રહિત હોય છે. અન્યના સમજાવવા છતાં સમજાવનારની દલીલ વગેરે તેને સત્ય ન જણાય તેથી વિપરીત શ્રદ્ધા ધરાવે એ બને. પણ સમજાવનારની દલીલ વગેરે સત્ય છે એમ જણાયા પછી પોતાની ભૂલનો અવશ્ય સ્વીકાર કરી લે.

અહીં અશ્રદ્ધાના બે અર્થ છે. (૧) વિપરીત શ્રદ્ધા અને (૨) શ્રદ્ધાનો અભાવ. તેમાં પ્રથમનાં ત્રણ મિથ્યાત્વમાં વિપરીત શ્રદ્ધા રૂપ અશ્રદ્ધા છે. ચોથા મિથ્યાત્વમાં મિશ્રભાવ છે, એટલે કે શ્રદ્ધાનો બિલકુલ અભાવ નથી, તેમ પૂર્ણ શ્રદ્ધા પણ નથી. આમાં વિપરીત શ્રદ્ધાનો બિલકુલ અભાવ છે. પાંચમા મિથ્યાત્વમાં એકેન્દ્રિય આદિ જીવોને (જેઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ પણ દર્શનને-ધર્મને પામ્યા નથી.) શ્રદ્ધાના અભાવ રૂપ મિથ્યાત્વ છે. કદાગ્રહ રહિત સાધુ તથા શ્રાવકને (જો મિથ્યાત્વ હોય તો) વિપરીત શ્રદ્ધા રૂપ મિથ્યાત્વ હોય.[૧]

(૨) **અવિરતિ**-વિરતિનો અભાવ તે અવિરતિ. હિંસા આદિ પાપોથી નિવૃત્તિ એ વિરતિ છે. આથી અહિંસા આદિ પાપોથી અનિવૃત્તિ એ અવિરતિ છે.

(૩) **પ્રમાદ**-ભૂલી જવું, ધાર્મિક અનુષ્ઠાનોમાં ઉત્સાહનો અભાવ, આર્તધ્યાન, રૌદ્રધ્યાન (અશુભ વિચાર) તથા એનાથી થતી પ્રવૃત્તિ વગેરે પ્રમાદ છે. શાસ્ત્રોમાં મદ્ય (-મદ અથવા માદક આહાર), વિષય (-ઈંદ્રિયના સ્પર્શ આદિ પાંચ વિષયો), કષાય (ક્રોધાદિ ચાર), નિદ્રા, અને વિકથા (સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા, રાજકથા એ ચાર) એમ પાંચ પ્રકારનો પ્રમાદ બતાવવામાં આવ્યો છે.[૨] પ્રકારાંતરથી આઠ પ્રકારનો પણ પ્રમાદ બતાવવામાં આવ્યો છે. અજ્ઞાન, સંશય, મિથ્યાજ્ઞાન, રાગ, દ્વેષ, મતિભ્રંશ (ભૂલી

૧. તત્ત્વાર્થ સૂત્રના ભાષ્યમાં મિથ્યાત્વના સંક્ષેપમાં અભિગૃહીત અને અનભિગૃહીત એમ બે ભેદો જ બતાવવામાં આવ્યા છે. અભિગૃહીત એટલે સ્વીકારેલ. મતિ અજ્ઞાન આદિના યોગે કોઇ એક અસત્ય દર્શનનો આ જ સત્ય છે એવો સ્વીકાર તે અભિગૃહીત મિથ્યાત્વ. તે સિવાયનું મિથ્યાત્વ અનભિગૃહીત મિથ્યાત્વ. જેમણે કોઇ પણ દર્શનનો સ્વીકાર કર્યો નથી તેવા એકેન્દ્રિય આદિ જીવોને અનભિગૃહીત હોય છે.

૨. **मज्जं विषय-कषाया निद्दा विकहा य पञ्चमी भणिया।**
**एए पञ्च पमाया जीवं पाडंति संसारे ॥ १ ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જવું વગેરે), ધર્મને વિશે અનાદર અને યોગોનું દુષ્પ્રણિધાન (અયોગ્ય પ્રવૃત્તિ) એ આઠ પ્રકારનો પ્રમાદ છે.[૧]

ઉપરોક્ત પ્રમાદના બંને પ્રકારમાં કષાયોનો સમાવેશ થઈ જાય છે. કષાયો કરવા એ પ્રમાદ જ છે. આથી આ સૂત્રમાં કષાયનો પૃથક્ નિર્દેશ ન કરે અને પ્રમાદનો જ નિર્દેશ કરે, અથવા કષાયનો નિર્દેશ કરે અને પ્રમાદનો નિર્દેશ ન કરે તો પણ ચાલી શકે.[૨] છતાં અહીં બંનેનો પૃથક્ નિર્દેશ કરવામાં આવ્યો છે, તેનું કારણ એ છે કે (ઉક્ત બંને પ્રકારના) પ્રમાદમાં કષાયરૂપ પ્રમાદ મુખ્ય છે. બીજા બધા પ્રમાદો આ કષાયના આધારે જ ટકે છે. આમ કષાયની પ્રધાનતા બતાવવા કષાયનો પૃથક્ નિર્દેશ કરવામાં આવ્યો છે.

અહીં સૂક્ષ્મદૃષ્ટિથી વિચારીએ તો મિથ્યાત્વ, અવિરતિ અને પ્રમાદ એ ત્રણેનો કષાયમાં સમાવેશ થઈ જાય છે. એટલે કષાય અને યોગ એ બેનો જ નિર્દેશ કરવામાં આવે તો ચાલી શકે છે.[૩] આમ છતાં, મિથ્યાત્વ આદિ ત્રણ

૧ अन्नाणं संसओ चेव, मिच्छानाणं तहेव य ।
रागो दोसो मइब्भंसो, धम्मंमि य अणायारो ॥ १ ॥
जोगाणं दुप्पणिहाणं, पमाओ अट्ठहा भवे ।
संसारुत्तारकामेणं, सव्वहा वज्जिअव्वओ ॥ २ ॥

૨. આથી જ કર્મગ્રંથ તથા પંચસંગ્રહ વગેરેમાં બંધના હેતુ તરીકે પ્રમાદ સિવાય ચારનો નિર્દેશ છે.

૩. આથી જ કર્મપ્રકૃતિ (કમ્મપયડિ) વગેરે ગ્રંથોમાં કષાય અને યોગ એ બેને જ કર્મબંધનાં કારણ કહ્યાં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કષાયનાં કાર્ય છે, કષાયો મિથ્યાત્વાદિ ત્રણનાં કારણ છે, એ જણાવવા અહીં મિથ્યાત્વાદિનો અલગ નિર્દેશ કર્યો છે. મિથ્યાત્વ અનંતાનુબંધી કષાયનું કાર્ય છે. અવિરતિ અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાનાવરણ કષાયનું કાર્ય છે. પ્રમાદ સંજ્વલન કષાયનું કાર્ય છે. આથી જ અનંતાનુબંધી આદિ કષાયોના ક્ષયોપશમાદિથી મિથ્યાત્વાદિ દૂર થાય છે. અનંતાનુબંધી કષાયનો ક્ષયોપશમ આદિ થતાં મિથ્યાત્વ દૂર થાય છે. ત્યારબાદ અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાનાવરણ કષાયોનો ક્ષયોપશમ આદિ થતાં અવિરતિ દૂર થાય છે. બાદ સંજ્વલન કષાયોનો ક્ષયોપશમ આદિ થતાં પ્રમાદ દૂર થાય છે. આમ અહીં કષાયોના કારણે જીવ ક્યાં ક્યાં પાપો કરે છે, કેવી કેવી પ્રવૃત્તિ કરે છે, કેવા કેવા આત્મપરિણામ થાય છે–એ સ્પષ્ટ કરવા મિથ્યાત્વ આદિનો પૃથગ્ નિર્દેશ કર્યો છે.

(૪) **કષાય**–ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો છે. કષાયોનું વિશેષ સ્વરૂપ આઠમા અધ્યયાયના ૧૦ મા સૂત્રમાં કરવામાં આવશે.

(૫) **યોગ**–મન, વચન અને કાય એ ત્રણ પ્રકારનો યોગ છે. યોગનું વિશેષ વર્ણન ૭ મા અધ્યાયના પ્રથમ સૂત્રમાં કરવામાં આવ્યું છે.

**પ્રશ્ન**–બંધનાં જે કારણો છે તે જ કારણો આશ્રવનાં છે. કારણ કે છઠ્ઠા અધ્યાયમાં સામાન્યથી યોગોને આસ્રવનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણો કહ્યા છે. અહીં પણ **સામાન્યથી** બંધમાં યોગોને જ કારણ કહ્યા છે. યદ્યપિ અહીં મિથ્યાત્વ આદિ પાંચ કારણો બતાવ્યાં છે. છતાં મિથ્યાત્વ આદિ ચાર કારણો માનસિક પરિણામ રૂપ હોવાથી તેમનો મનોયોગમાં સમાવેશ થઈ જાય છે. એટલે અર્થાપત્તિથી **સામાન્યતઃ** યોગ જ કર્મબંધનું કારણ છે એ સિદ્ધ થાય છે. તથા **વિશેષથી** અવ્રત, કષાય, ઇંદ્રિય અને ક્રિયા એ ચાર આસ્રવનાં કારણો છે. આસ્રવનાં એ ચાર કારણો અને બંધનાં મિથ્યાત્વ આદિ પાંચ કારણો ભિન્ન નથી. મિથ્યાત્વ, પ્રમાદ અને યોગનો ક્રિયાઓમાં સમાવેશ થઈ જાય છે. અવિરતિનો અવ્રતમાં સમાવેશ થઈ જાય છે. કષાયોનો બંનેમાં નિર્દેશ કર્યો છે. આમ આસ્રવનાં અને બંધનાં કારણો એક જ હોવા છતાં આસ્રવનાં જે કારણો છે તે જ બંધનાં કારણો છે એમ ન કહેતાં બંધનાં કારણોનો જુદો ઉલ્લેખ કેમ કર્યો ?

**ઉત્તર**–વાત સત્ય છે. પરમાર્થથી જે આસ્રવનાં કારણો છે તે જ બંધનાં કારણો છે. આથી જ જ્યારે પાંચ તત્ત્વોની વિવક્ષા કરવામાં આવે છે ત્યારે આસ્રવ તત્ત્વનો બંધ તત્ત્વમાં સમાવેશ કરવામાં આવે છે. છતાં બંનેનાં કારણો જુદાં જુદાં જણાવવાનું કારણ એ છે કે સામાન્ય વ્યક્તિ (જેની બુદ્ધિ હજી અપરિપકવ છે તે) શીઘ્રતાથી સમજી શકે. અહીં આસ્રવ અને બંધ એ બેને અલગ ગણવામાં આવ્યા છે. તથા એ બંને કાર્ય રૂપ છે. એટલે એ બંનેનાં કારણો હોવા જોઇએ એવો પ્રશ્ન થાય તે સહજ છે. આ પ્રશ્નના સમાધાન માટે બંનેનાં કારણો જુદાં જુદાં જણાવ્યાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં આસ્રવનાં કારણો અવ્રત વગેરેના ક્રમમાં કોઈ ખાસ હેતુ નથી. જ્યારે બંધનાં કારણો મિથ્યાત્વ વગેરેના ક્રમમાં ખાસ હેતુ રહેલો છે. મિથ્યાત્વ વગેરે હેતુઓનો ક્રમ આધ્યાત્મિક વિકાસને નજર સામે રાખીને જણાવવામાં આવ્યો છે. મિથ્યાત્વાદિ હેતુઓ જણાવવા દ્વારા આધ્યાત્મિક વિકાસ કેવી રીતે સાધવો તે જણાવવામાં આવ્યું છે. જેમ જેમ હેતુઓનો અભાવ થતો જાય છે તેમ તેમ સાધક ક્રમશઃ અધિક અધિક વિકાસ સાધતો જાય છે. સાધકે સર્વ પ્રથમ મિથ્યાત્વનો નાશ કરવો જોઈએ. બાદ ક્રમશઃ અવિરતિ વગેરેનો નાશ થઈ શકે છે. આથી પછી પછીના બંધહેતુઓ વિદ્યમાન હોય ત્યારે નીચે નીચેના બંધ હેતુઓ હોય કે ન પણ હોય. પણ નીચેના બંધ હેતુઓ વિદ્યમાન હોય ત્યારે ઉપરના બંધ હેતુઓ અવશ્ય હોય છે.

**સારાંશ**–સૂક્ષ્મદૃષ્ટિએ બંધનાં કષાય અને યોગ એ બે જ કારણો છે, તથા આસ્રવનાં અને બંધનાં કારણો સમાન છે, છતાં સામાન્ય અભ્યાસીની સુગમતા માટે અહીં બંધના કારણો પાંચ જણાવ્યાં છે, તથા આશ્રવનાં અને બંધનાં હેતુઓ જુદા જુદા જણાવ્યા છે. આસ્રવનાં કારણોના ક્રમમાં કોઈ ખાસ કારણ નથી. બંધનાં કારણોનો ક્રમ કારણોના નાશની અપેક્ષાએ છે. [૧]

## બંધની વ્યાખ્યા–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्ते ॥८-२॥

स बन्धः ॥८-३॥

કષાયના કારણે જીવ કર્મને યોગ્ય (કાર્મણ વર્ગણાના) પુદ્ગલોને ગ્રહણ કરે છે. ગ્રહણ કરેલા પુદ્ગલોને આત્મામાં દૂધમાં પાણીની જેમ એકમેક કરે છે. (૨) તે જ કર્મનો બંધ છે. અર્થાત્ કાર્મણ વર્ગણાના કર્મને યોગ્ય પુદ્ગલોનો આત્માની સાથે ક્ષીરનીરવત્ કે લોહાગ્નિવત્ એકમેક રૂપે સંબંધ તે બંધ. (૩)

યદ્યપિ કષાયો બંધના હેતુ છે એ પ્રથમ સૂત્રમાં જણાવી દીધું છે, છતાં અહીં કષાયોનો ઉલ્લેખ બંધમાં કષાયની પ્રધાનતા બતાવવા માટે છે. ચોથા સૂત્રમાં નિર્દિષ્ટ ચાર પ્રકારના બંધમાં રસબંધ અને સ્થિતિબંધ મુખ્ય છે. તેમાં પણ રસબંધ અધિક મુખ્ય છે. રસબંધ અને સ્થિતિબંધ કષાયની સહાયતાથી થાય છે. આથી બંધના હેતુઓમાં કષાયની પ્રધાનતા છે. [૨-૩]

બંધના ભેદો-

प्रकृति-स्थित्यनुभाव-प्रदेशास्तद्विधयः ॥८-४॥

બંધના પ્રકૃતિ, સ્થિતિ, અનુભાવ (-રસ) અને પ્રદેશ એ ચાર પ્રકાર છે.

જ્યારે કર્મના અણુઓનો આત્માની સાથે સંબંધ થાય છે ત્યારે સ્વભાવ, સ્થિતિ, ફળ આપવાની શક્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને કર્મના અણુઓની વહેંચણી એ ચાર બાબતો નક્કી થાય છે. એ ચારને ક્રમશઃ પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ કહેવામાં આવે છે.

**પ્રકૃતિબંધ**–પ્રકૃતિ એટલે સ્વભાવ. કર્મના જે અણુઓનો આત્માની સાથે સંબંધ થયો તે અણુઓમાં કયા કયા અણુઓ આત્માના કયા કયા ગુણને દબાવશે ? આત્માને કેવી કેવી અસર પહોંચાડશે ? એમ એમના સ્વભાવનો નિર્ણય થાય છે. કર્માણુઓના સ્વભાવનિર્ણયને પ્રકૃતિબંધ કહેવામાં આવે છે. આત્માના અનંત ગુણો છે. તેમાં મુખ્ય ગુણો અનંતજ્ઞાન વગેરે આઠ છે. કર્માણુઓનો આત્માની સાથે સંબંધ થાય છે, એટલે કે પ્રદેશબંધ થાય છે, ત્યારે બંધાયેલા કર્માણુઓમાંથી અમુક અણુઓમાં જ્ઞાનગુણનો અભિભવ કરવાનો (દબાવવાનો) સ્વભાવ નિયત થાય છે. અમુક કર્માણુઓમાં દર્શનગુણને આવરવાનો (દબાવવાનો) સ્વભાવ નક્કી થાય છે. અમુક કર્માણુઓમાં આત્માના અવ્યાબાધ સુખને રોકીને બાહ્ય સુખ યા દુઃખ આપવાનો સ્વભાવ નિયત થાય છે. કેટલાંક કર્માણુઓમાં ચારિત્રગુણને દબાવવાનો ગુણ નક્કી થાય છે. આ પ્રમાણે અન્ય ગુણો વિશે પણ સમજવું. કર્માણુઓના આ સ્વભાવને આશ્રયીને આત્માની સાથે બંધાયેલા કર્માણુઓના મૂળ પ્રકારો આઠ પડે છે અને ઉત્તર પ્રકારો ૧૨૦ પડે છે. આથી મૂળ પ્રકૃતિબંધ આઠ પ્રકારે અને ઉત્તર પ્રકૃતિબંધ ૧૨૦ પ્રકારે છે.[૧]

૧. મૂળ અને ઉત્તર પ્રકૃતિઓનું સ્વરૂપ હવે પછીના સૂત્રથી જાણવું થશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્થિતિબંધ**–કર્માણુઓનો આત્માની સાથે સંબંધ થાય છે તે વખતે જેમ તે તે કર્માણુઓમાં આત્માના તે તે ગુણોને આવરવા વગેરેનો સ્વભાવ નિયત થાય છે તેમ, તે તે કર્માણુઓમાં એ સ્વભાવ કયાં સુધી રહેશે, અર્થાત્ તે તે કર્મ આત્મામાં કેટલા સમય સુધી અસર કરશે, તે તે પણ તે જ વખતે નક્કી થઈ જાય છે. કર્માણુઓમાં આત્માને અસર પહોંચાડવાના કાળનો નિર્ણય તે સ્થિતિબંધ.

કર્મોની સ્થિતિના ઉત્કૃષ્ટ અને જઘન્ય એમ મુખ્ય બે ભેદો છે. વધારેમાં વધારે સ્થિતિ(–જેનાથી વધારે સ્થિતિ ન હોય) તે ઉત્કૃષ્ટ સ્થિતિ. ઓછામાં ઓછી સ્થિતિ(–જેનાથી ઓછી સ્થિતિ હોય જ નહિ) તે જઘન્ય સ્થિતિ.[1]

**રસબંધ**–હવે ત્રીજા રસબંધ વિશે વિચારણા કરવાની બાકી રહે છે. તે તે કર્મમાં આત્માના તે તે ગુણને દબાવવા વગેરેનો સ્વભાવ છે. પણ તે સ્વભાવ દરેક વખતે સમાન હોતો નથી, ન્યૂન–અધિક પણ હોય છે. દા. ત. મદ્યમાં કેફ કરવાનો સ્વભાવ છે. પણ દરેક પ્રકારનું મદ્ય એક સરખા કેફને ઉત્પન્ન કરતું નથી. અમુક પ્રકારનું મદ્ય અતિશય કેફ ઉત્પન્ન કરે છે. અમુક પ્રકારનું મદ્ય તેનાથી ઓછા કેફને કરે છે. અમુક મદ્ય તેનાથી પણ ન્યૂન કેફ ઉત્પન્ન કરે છે. એમ કર્મોના આત્મગુણોને દબાવવા વગેરે સ્વભાવમાં પણ તરતમતા હોય છે. અર્થાત્ કર્મોના

---

૧. મૂળ આઠ કર્મોની ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ આ અધ્યાયમાં ૧૫ થી ૨૧ સૂત્રમાં ગ્રંથકાર સ્વયં કહેશે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(આત્મગુણને દબાવવા વગેરે) વિપાકમાં (–ફળમાં) તરતમતા હોય છે. તે તે કર્મ કેટલા અંશે પોતાનો વિપાક (–ફળ) આપશે એનો નિર્ણય પણ પ્રદેશબંધ વખતે જ થઈ જાય છે. તે તે કર્મ પોતાનો વિપાક (–ફળ) કેટલા અંશે આપશે તેના નિર્ણયને રસબંધ કહેવાય છે. દા. ત. જ્ઞાનાવરણીય કર્મ આત્માના જ્ઞાન ગુણને રોકે છે. પણ આપણે જોઇએ છીએ કે, દરેક જીવમાં જ્ઞાન ગુણનો અભિભવ સમાનપણે નથી. કોઈ વ્યક્તિ અમુક વિષયને સમજવા અતિ પ્રયત્ન કરવા છતાં સ્થૂલ સ્થૂલ સમજી શકે છે. જ્યારે અન્ય વ્યક્તિ એ જ વિષયને અલ્પ પ્રયત્નથી સૂક્ષ્મદૃષ્ટિથી સમજી જાય છે. ત્રીજી વ્યક્તિ એ જ વિષયનો વિના પ્રયત્ને અત્યંત સૂક્ષ્મદૃષ્ટિથી બોધ કરી લે છે. આ પ્રમાણે બોધમાં જોવા મળતું તારતમ્ય રસબંધને આભારી છે. પ્રદેશબંધ વખતે કર્મોમાં રસ ઉત્પન્ન થાય છે. એ રસની તરતમતાના અનુસારે કર્મના સ્વભાવમાં તરતમતા આવે છે.

**રસના ચાર ભેદો**–કર્માણુઓમાં ઉત્પન્ન થતા રસની અસંખ્ય તરતમતાઓ છે. છતાં સ્થૂલદૃષ્ટિએ એના ચાર ભેદ છે. તે આ પ્રમાણે–એક સ્થાનિક રસ, દ્વિસ્થાનિક રસ, ત્રિસ્થાનિક રસ, ચતુઃસ્થાનિક રસ.[૧] તેમાં સામાન્ય મંદ રસને એક સ્થાનિક રસ કહેવામાં આવે છે. આ રસથી આત્માના ગુણોનો અભિભવ અલ્પાંશે થાય છે. એક સ્થાનિક

૧. ચાલુ ભાષામાં એક ઠાણિયો, બે ઠાણિયો, ત્રણ ઠાણિયો અને ચાર ઠાણિયો રસ એમ કહેવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રસથી અધિક તીવ્ર રસને દ્વિસ્થાનિક રસ કહેવામાં આવે છે. તેનાથી પણ અધિક તીવ્ર રસને ત્રિસ્થાનિક રસ કહેવામાં આવે છે. ત્રિસ્થાનિક રસથી અધિક તીવ્ર રસને ચતુઃસ્થાનિક રસ કહેવામાં આવે છે. રસની આ તરતમતા લીંબડાના અને શેલડીના રસની તરતમતાથી સમજી શકાય છે. આ (લીંબડાનો કે શેલડીનો) રસ સ્વાભાવિક હોય ત્યારે એક સ્થાનિક હોય છે. તેના બે ભાગ કલ્પી એક ભાગ બાળી નાખવામાં આવે તો બચેલો એક ભાગ રસ દ્વિસ્થાનિક બને છે. તેના ત્રણ ભાગ કલ્પી બે ભાગ બાળી નાખવામાં આવે તો બચેલો એક ભાગ રસ ત્રિસ્થાનિક બને છે. તેના ચાર ભાગ કલ્પી ત્રણ ભાગ બાળી નાંખવામાં આવે તો બચેલો એક ભાગ રસ ચતુઃસ્થાનિક બને છે. એ પ્રમાણે કર્મના રસ વિશે પણ જાણવું.[1]

---

૧. જેમ શેલડીનો રસ સુખ આપે છે તેમ શુભ કર્મનું ફળ પણ સુખ આપે છે, તથા જેમ લીમડાનો રસ દુઃખ આપે છે તેમ અશુભ કર્મથી પણ દુઃખની પ્રાપ્તિ થાય છે. આથી શાસ્ત્રમાં શુભ કર્મના રસને શેલડીના રસથી અને અશુભ કર્મના રસને લીમડાના રસથી સમજાવવામાં આવે છે. શેલડીનો રસ જેમ જેમ વધુ બળે તેમ તેમ અધિક મધુર બને છે. લીમડાનો રસ જેમ જેમ વધુ બળે તેમ તેમ અધિક કડવો બને છે. એ જ પ્રમાણે શુભ પ્રકૃતિમાં જેમ જેમ વધારે તીવ્ર રસ તેમ તેમ તેનું શુભ ફળ અધિક મળે. અને અશુભ પ્રકૃતિમાં જેમ જેમ વધારે તીવ્ર રસ તેમ તેમ તેનું અશુભ ફળ અધિક મળે. દા. ત બે વ્યક્તિઓને અસાતાવેદનીયથી દુઃખ થાય. છતાં એકને દુઃખનો અનુભવ અધિક થાય જ્યારે અન્યને અલ્પ થાય. આનું કારણ રસની તરતમતા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રદેશબંધ**–કર્માણુઓનો આત્માની સાથે સંબંધ થાય છે ત્યારે એ કર્માણુઓની આઠે પ્રકૃતિઓમાં(–કર્મોમાં) વહેંચણી થાય છે. આઠ પ્રકૃતિઓમાં કર્માણુઓની વહેંચણી એ પ્રદેશબંધ.

**મોદકનું દૃષ્ટાંત**–કર્મબંધના પ્રકૃતિબંધ વગેરે ચાર ભેદોને શાસ્ત્રમાં મોદકના દૃષ્ટાંતથી સમજાવવામાં આવ્યા છે. જુદા જુદા પ્રકારના મોદકમાં ભિન્ન ભિન્ન પ્રકૃતિ (–સ્વભાવ) હોય છે. જે મોદકો વાત વિનાશક દ્રવ્યો નાંખીને બનાવેલા હોય તે મોદકોનો સ્વભાવ વાતને શમાવવાનો હોય છે. જે મોદકો પિત્તનાશક દ્રવ્યો નાખીને બનાવવામાં આવે તે મોદકોનો સ્વભાવ પિત્તને શાંત કરવાનો બને છે. કફનાશક દ્રવ્યો નાખીને બનાવેલા મોદકોનો સ્વભાવ કફનો નાશ કરવાનો થાય છે. એ જ પ્રમાણે ભિન્ન ભિન્ન જાતિના મોદકોમાં કોઈ જાતના વિકાર વિના ટકી રહેવાની સ્થિતિ પણ જુદી જુદી હોય છે. અમુક પ્રકારના મોદકો એક જ દિવસ ખાદ્ય તરીકે રહે છે, બીજા દિવસે તેમાં વિકાર આવવાથી અખાદ્ય બની જાય છે. જ્યારે કેટલાક મોદકો અઠવાડિયું, ૧૫ દિવસ, યાવત્ મહિના સુધી પણ ખાદ્ય તરીકે રહે છે. ભિન્ન ભિન્ન મોદકોમાં મધુરતા કે સ્નિગ્ધતા વગેરે રસ પણ ન્યૂનાધિક હોય છે. જે મોદકોમાં ગળપણ અધિક નાંખવામાં આવ્યું હોય એ મોદકો અધિક મધુર હોય છે. અલ્પ ગળપણ નાંખીને બનાવવામાં આવેલા મોદકોમાં મીઠાશ અલ્પ હોય છે. તે જ પ્રમાણે અધિક ઘી નાંખીને બનાવેલા મોદકોમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્નિગ્ધતા–ચીકાશ ઘણી હોય છે. અલ્પ ઘૃતથી બનેલા મોદકોમાં ચીકાશ અલ્પ હોય છે. તથા વધારે મેથી નાખીને બનાવેલા મોદકો અધિક કડવા અને અલ્પ મેથી નાખીને બનાવેલા મોદકો અલ્પ કડવા હોય છે. ભિન્ન ભિન્ન મોદકોમાં કણિયા રૂપ પ્રદેશોનું પ્રમાણ પણ ન્યૂનાધિક હોય છે. કોઈ મોદક ૫૦ ગ્રામનો, કોઈ મોદક ૧૦૦ ગ્રામનો, તો કોઈ મોદક ૨૦૦ ગ્રામનો હોય છે.

એ જ પ્રમાણે પ્રસ્તુતમાં કોઈ કર્મમાં જ્ઞાનને આવરવાનો સ્વભાવ, કોઈ કર્મમાં દર્શનનો અભિભવ કરવાનો (દબાવવાનો) સ્વભાવ, એમ ભિન્ન ભિન્ન કર્મનો ભિન્ન ભિન્ન સ્વભાવ છે. કોઈ કર્મની ત્રીશ કોડાકોડિ સાગરોપમની સ્થિતિ, કોઈ કર્મની ૨૦ કોડાકોડિ સાગરોપમની સ્થિતિ, એમ ભિન્ન ભિન્ન કર્મમાં ભિન્ન ભિન્ન સ્થિતિ હોય છે. કોઈ કર્મમાં એક સ્થાનિક (એક ઠાણિયો) રસ, કોઈ કર્મમાં દ્વિસ્થાનિક (બે ઠાણિયો) રસ, એમ ભિન્ન ભિન્ન રસ ઉત્પન્ન થાય છે. કોઈ કર્મમાં કર્માણુઓ અલ્પ, કોઈ કર્મમાં તેનાથી વધારે, તો કોઈ કર્મમાં તેનાથી પણ વધારે, એમ ભિન્ન ભિન્ન કર્મમાં ન્યૂનાધિક કર્માણુઓ હોય છે. [૪]

**आद्यो ज्ञान–दर्शनावरण–वेदनीय–मोहनीया–ऽऽयुष्य–नाम–गोत्रा–ऽऽन्तरायाः ॥८–५॥**

**જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય એમ પ્રકૃતિબંધના આઠ ભેદો છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે કર્માણુઓ આત્માના જ્ઞાનગુણને દબાવે તે કર્માણુઓ જ્ઞાનાવરણીય કર્મ. જે કર્માણુઓ આત્માના દર્શન ગુણનો અભિભવ કરે તે દર્શનાવરણીય કર્મ. જે કર્માણુઓ આત્માના અનંત અવ્યાબાધ સુખને રોકીને બાહ્ય સુખ અને દુઃખ આપે તે કર્માણુઓ વેદનીય કર્મ. આત્માના સ્વભાવ રમણતા (કે સ્થિરતા) રૂપ ચારિત્રને દબાવનારા કર્માણુઓ મોહનીય કર્મ. અક્ષય સ્થિતિ ગુણને રોકીને જન્મ-મરણનો અનુભવ કરાવનારા કર્માણુઓ આયુષ્ય કર્મ. અરૂપિપણાને દબાવીને મનુષ્યાદિ પર્યાયોનો અનુભવ કરાવનારા કર્માણુઓ નામ કર્મ. અગુરુ-લઘુપણાનો અભિભવ કરીને ઉચ્ચ કુળ કે નીચ કુળનો વ્યવહાર કરાવનારા કર્માણુઓ ગોત્ર કર્મ. અનંત વીર્ય ગુણને દબાવનારા કર્માણુઓ અંતરાય કર્મ.

## આઠ કર્મોની આત્મા ઉપર અસર.

આ આઠ પ્રકૃતિઓની આત્માના ગુણો ઉપર અસર થવાથી આત્માની કેવી સ્થિતિ બની છે તે જોઈએ. આત્મામાં રહેલા જ્ઞાન અને દર્શન ગુણને સમજવા માટે આપણે એ સમજવાની જરૂર છે કે, દરેક વસ્તુ સામાન્ય અને વિશેષ એમ બે પ્રકારે છે. વસ્તુનો વિશેષ રૂપે બોધ તે જ્ઞાન, અને સામાન્ય રૂપે બોધ તે દર્શન. આનો અર્થ એ થયો કે જ્ઞાન અને દર્શન એ બંને જ્ઞાન સ્વરૂપ =બોધ સ્વરૂપ જ છે. છતાં વસ્તુના વિશેષ બોધને જ્ઞાન કહેવામાં આવે છે, અને સામાન્ય બોધને દર્શન કહેવામાં આવે છે. આ જ્ઞાન અને દર્શન ગુણથી આત્મામાં ભૂત, ભાવી અને વર્તમાન એ ત્રણે કાળની સમસ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્તુઓનો સામાન્ય અને વિશેષ રૂપે બોધ કરવાની શક્તિ છે. છતાં અત્યારે આપણને, ભૂત અને ભાવી કાળની વસ્તુઓની વાત દૂર કરીએ, વર્તમાન કાળની વસ્તુઓમાં પણ અમુક જ વસ્તુઓનો સામાન્ય-વિશેષ રૂપે બોધ થાય છે, તે પણ ઇંદ્રિયોની સહાયથી. આનું શું કારણ? આનું કારણ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય પ્રકૃતિ છે. આ બંને પ્રકૃતિઓએ આત્માની જ્ઞાન-દર્શનની શક્તિને દબાવી દીધી છે. છતાં એ પ્રકૃતિઓ આત્માના જ્ઞાન-દર્શન ગુણને સર્વથા નથી દબાવી શકતી. તેથી સૂર્યને વાદળોનું આવરણ હોવા છતાં વાદળોનાં છિદ્રો દ્વારા થોડો પ્રકાશ પડે છે તેમ, આત્મારૂપી સૂર્ય પર પ્રકૃતિ રૂપી વાદળોનું આવરણ હોવા છતાં ક્ષયોપશમ રૂપી છિદ્રો દ્વારા કંઈક જ્ઞાન-દર્શન ગુણ રૂપી પ્રકાશ વ્યક્ત થાય છે.

હવે આત્માના ત્રીજા ગુણ વિશે વિચારીએ. આત્માનો ત્રીજો ગુણ અનંત અવ્યાબાધ સુખ છે. આ ગુણના પ્રતાપે આત્મામાં ભૌતિક કોઈ વસ્તુની અપેક્ષા વિના સ્વાભાવિક-સહજ સુખ રહેલું છે. છતાં અત્યારે આપણે દુઃખી થઇએ છીએ. જે યત્કિંચિત્ સુખ પ્રાપ્ત થાય છે તે પણ ભૌતિક વસ્તુઓ દ્વારા. આમાં વેદનીય કર્મ કારણ છે. આત્મામાં ચોથો ગુણ સ્વભાવરમણુતા રૂપ અનંત ચારિત્ર છે. આત્મામાં કેવળ સ્વભાવમાં-પોતાના જ ભાવમાં રમણુતા કરવાનો ગુણ છે. છતાં મોહનીય કર્મથી આ ગુણનો અભિભવ થઈ ગયો છે એટલે આત્મા ભૌતિક વસ્તુ મેળવવી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાચવવી, તેના ઉપર રાગ–દ્વેષ કરવા વગેરે પરભાવમાં રમે છે. આત્માનો પાંચમો ગુણ અક્ષય સ્થિતિ છે. આ ગુણના પ્રભાવે આત્માને નથી જન્મ, નથી જરા, કે નથી મરણ. છતાં આયુષ્ય કર્મના કારણે આત્માને જન્મ–મરણ કરવાં પડે છે. આત્માનો છઠ્ઠો ગુણ અરૂપિપણું ( –રૂપનો અભાવ ). આત્મામાં આ ગુણ હોવાથી આત્માને નથી રૂપ, નથી રસ,નથી ગંધ, કે નથી સ્પર્શ. છતાં અત્યારે આપણે શરીરધારી છીએ એથી કૃષ્ણ, શ્વેત વગેરે રૂપ, તથા મનુષ્યાદિ ગતિ, યશ, અપયશ, સુસ્વર, દુઃસ્વર વગેરે જે વિકારો દેખાય છે તે છઠ્ઠી નામ પ્રકૃતિના કારણે છે. આત્માનો સાતમો ગુણ અગુરુલઘુતા છે. આ ગુણથી આત્મા નથી ઉચ્ચ, કે નથી નીચ. છતાં અમુક વ્યક્તિ ઉચ્ચ કુળમાં જન્મેલી છે, અમુક વ્યક્તિ નીચ કુળમાં જન્મેલી છે, એ પ્રમાણે જે ઉચ્ચ–નીચ કુળનો વ્યવહાર થાય છે તે સાતમી ગોત્ર પ્રકૃતિના કારણે છે. આત્માનો આઠમો ગુણ અનંતવીર્ય છે. આ ગુણથી આત્મામાં અતુલ અનંત શક્તિ છે. છતાં અત્યારે એ અતુલ સામર્થ્યનો અનુભવ કેમ નથી થતો ? અંતરાય પ્રકૃતિથી એ શક્તિનો અભિભવ થઈ ગયો છે. આ પ્રમાણે આઠ કર્મોનો અનુક્રમે આત્માના આઠ ગુણોને દબાવીને આત્મામાં વિકૃતિ કરવાનો સ્વભાવ છે.[૧] [૫]

---

૧. આ આઠ પ્રકૃતિઓના નામ સાર્થક છે–તેમના કાર્ય (ફળ) પ્રમાણે છે. આ હકીકતનો નિર્દેશ ગ્રંથકાર સ્વયં આ અધ્યાયના ૨૩ મા સૂત્રમાં કરશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકૃતિબંધના ઉત્તરભેદોની સંખ્યા–

પઞ્ચ-નવ-દ્વ્યષ્ટાવિંશતિ-ચતુ-ર્દ્વિચત્વારિંશદ્-દ્વિ-પઞ્ચભેદા યથાક્રમમ્ ॥૮-૬॥

જ્ઞાનાવરણ વગેરે આઠ મૂળ પ્રકૃતિના અનુક્રમે ૫, ૯, ૨, ૨૮, ૪, ૪૨, ૨, અને ૫ ભેદો છે. કુલ ૯૭ ભેદો છે [૬]

જ્ઞાનાવરણ પ્રકૃતિના પાંચ ભેદો–

મત્યાદીનામ્ ॥૮-૭॥

મતિ આદિ પાંચ જ્ઞાનના[1] પાંચ આવરણો જ્ઞાનાવરણના પાંચ ભેદો છે. અર્થાત્ મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ અને કેવલજ્ઞાનાવરણ એમ જ્ઞાનાવરણના પાંચ ભેદો છે.

(૧) મતિજ્ઞાનને રોકે તે મતિજ્ઞાનાવરણ પ્રકૃતિ. (૨) શ્રુતજ્ઞાનને રોકે તે શ્રુતજ્ઞાનાવરણ પ્રકૃતિ. (૩) અવધિજ્ઞાનને રોકે તે અવિધજ્ઞાનાવરણ પ્રકૃતિ. (૪) મનઃપર્યજ્ઞાનને રોકે તે મનઃપર્યવજ્ઞાનાવરણ પ્રકૃતિ. (૫) કેવલજ્ઞાનને રોકે તે કેવલજ્ઞાનાવરણ પ્રકૃતિ. [૭]

દર્શનાવરણ પ્રકૃતિના ભેદો–

ચક્ષુરચક્ષુરવધિકેવલાનાં નિદ્રા–નિદ્રાનિદ્રા–પ્રચલા–પ્રચલાપ્રચલા–સ્ત્યાનર્દ્ધિવેદનીયાનિ ચ ॥૮-૮॥

---

૧. મતિજ્ઞાન આદિ પાંચ જ્ઞાનનું સ્વરૂપ પ્રથમ અધ્યાયના નવમા સૂત્રથી વિસ્તારથી બતાવવામાં આવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવલ એ ચાર દર્શનના ચાર આવરણો, તથા નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા અને સ્ત્યાનર્દ્ધિ એ પાંચ વેદનીય એમ દર્શનાવરણ પ્રકૃતિના નવ ભેદો છે.**

(૧) જેનાથી ચક્ષુદ્વારા રૂપનું (સામાન્ય) જ્ઞાન ન કરી શકાય તે ચક્ષુદર્શનાવરણ. (૨) અચક્ષુ શબ્દથી ચક્ષુ સિવાય ચાર ઇંદ્રિયો અને મન ગ્રહણ કરવામાં આવે છે. જેનાથી સ્પર્શનેંદ્રિય આદિ ચાર ઇંદ્રિયો તથા મન દ્વારા પોત-પોતાના વિષયનું (સામાન્ય) જ્ઞાન ન થઈ શકે તે અચક્ષુ-દર્શનાવરણ. (૩) જે કર્મના ઉદયથી અવધિદર્શનરૂપ સામાન્ય જ્ઞાન ન થઈ શકે તે અવધિદર્શનાવરણ. (૪) જેનાથી કેવલદર્શન રૂપ સામાન્ય જ્ઞાન ન થઈ શકે તે કેવલ દર્શનાવરણ.

પૂર્વે આ અધ્યાયના પાંચમા સૂત્રમાં આપણે જોઈ ગયા છીએ કે સામાન્ય અને વિશેષ એમ બે પ્રકારે બોધ થાય છે. તેમાં સામાન્ય બોધ તે દર્શન અને વિશેષ બોધ તે જ્ઞાન છે.

જ્ઞાન વિશે પ્રથમ અધ્યાયમાં આપણે જોઈ ગયા છીએ કે મતિજ્ઞાનમાં ઇંદ્રિયોની અને મનની જરૂર છે. પાંચ ઇંદ્રિયો અને મન દ્વારા થતું મતિજ્ઞાન સામાન્ય અને વિશેષ એમ ઉભય રૂપ છે. પાંચ ઇંદ્રિયો અને મનની સહાયતાથી પ્રથમ સામાન્ય મતિજ્ઞાન થાય છે, પછી વિશેષ મતિજ્ઞાન થાય છે. તેમાં ચક્ષુ ઇંદ્રિયથી રૂપનું સામાન્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મતિજ્ઞાન તે જ ચક્ષુદર્શન, તથા શેષ ચાર ઇંદ્રિયો અને મન દ્વારા તે તે વિષયનું સામાન્ય મતિજ્ઞાન એ જ અચક્ષુદર્શન છે.

એ પ્રમાણે અવધિજ્ઞાન અને કેવલજ્ઞાન પણ સામાન્ય અને વિશેષ એમ ઉભય રૂપ છે. અવધિ લબ્ધિથી સામાન્ય બોધ તે અવધિદર્શન અને વિશેષ બોધ તે અવધિજ્ઞાન છે. કેવલલબ્ધિથી સામાન્ય બોધ તે કેવલદર્શન અને વિશેષ બોધ તે કેવલજ્ઞાન છે.

**પ્રશ્ન**–મતિજ્ઞાનઆદિની જેમ મનઃપર્યવ જ્ઞાન સામાન્ય અને વિશેષ એમ ઉભયરૂપ કેમ નથી? **ઉત્તર**–જેનાથી મનના પર્યાયો જાણી શકાય તે મનઃપર્યવ જ્ઞાન. મનના પર્યાયો વિશેષ રૂપ છે. આથી આ જ્ઞાનથી પ્રથમથી જ વિશેષ બોધ થાય છે. આમ મનઃપર્યવ જ્ઞાન પટુ ક્ષયોપશમથી થતું હોવાથી ચક્ષુદર્શન આદિની જેમ મનઃપર્યવ દર્શન નથી.[૧]

**પ્રશ્ન**–મનઃપર્યવજ્ઞાનના ભેદરૂપ ઋજુમતિને સામાન્ય ન કહેવાય? કારણ કે મનના પર્યાયોનો સામાન્ય રૂપે બોધ એ ઋજુમતિ જ્ઞાન છે. **ઉત્તર**–અહીં સામાન્ય બોધ વિપુલમતિથી થતા વિશેષ બોધની અપેક્ષાએ છે. જેમ લક્ષાધિપતિ વિશેષ (ઘણો) શ્રીમંત હોવા છતાં કોડાધિપતિની અપેક્ષાએ સામાન્ય જ કહેવાય, તેમ ઋજુમતિ વિશેષ બોધરૂપ હોવા છતાં વિપુલમતિની અપેક્ષાએ સામાન્ય બોધરૂપ છે. **વિશેષબોધની જ** તરતમતા બતાવવા મનઃપર્યવજ્ઞાનના બે ભેદ બતાવવામાં આવ્યા છે.

૧. વિશેષ ચર્ચા માટે કર્મગ્રંથ, નંદીસૂત્ર આદિ ગ્રંથો જોઈ લેવા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રુતજ્ઞાન પણ શબ્દ–અર્થના પર્યાલોચનપૂર્વક થતું હોવાથી વિશેષ રૂપ જ છે.

પાંચ જ્ઞાનમાં મતિ, અવધિ અને કેવલ એ ત્રણ જ્ઞાન સામાન્ય (દર્શન) અને વિશેષ (જ્ઞાન) રૂપ છે.

(૫) સુખપૂર્વક (–વિશેષ પ્રયત્ન વિના) શીઘ્ર જાગી શકાય તેવી ઊંઘ તે **નિદ્રા**. જે કર્મના ઉદયથી નિદ્રા આવે તે નિદ્રાવેદનીય દર્શનાવરણ. (૬) કષ્ટપૂર્વક (–ઘણા જ પ્રયત્ન પૂર્વક) જાગી શકાય તેવી ગાઢ ઊંઘ તે **નિદ્રાનિદ્રા**. જે કર્મના ઉદયથી નિદ્રાનિદ્રા આવે તે નિદ્રાનિદ્રા વેદનીય દર્શનાવરણ કર્મ. (૭) બેઠા બેઠા ઊંઘ આવે તે **પ્રચલા**. જે કર્મના ઉદયથી પ્રચલા ઊંઘ આવે તે પ્રચલા વેદનીય દર્શનાવરણ. (૮) ચાલતાં ચાલતાં ઊંઘ આવે તે **પ્રચલા–પ્રચલા**. જે કર્મના ઉદયથી પ્રચલાપ્રચલા ઊંઘ (–ચાલતા ચાલતા ઊંઘ) આવે તે પ્રચલાપ્રચલા વેદનીય દર્શનાવરણ. (૯) દિવસે ચિંતવેલું કાર્ય રાત્રે ઊંઘમાં કરી શકે તેવી નિદ્રા તે **સ્ત્યાનર્દ્ધિ**. જે કર્મના ઉદયથી સ્ત્યાનર્દ્ધિ નિદ્રા આવે તે સ્ત્યાનર્દ્ધિ વેદનીય દર્શનાવરણ.

**પ્રશ્ન**–વેદનીય કર્મ તો ત્રીજું છે. અહીં દર્શનાવરણ પ્રકૃતિના ભેદમાં નિદ્રાવેદનીય આદિ પાંચનો ઉલ્લેખ કરવાનું શું કારણ?

**ઉત્તર**–નિદ્રા વેદનીય વગેરે કર્મો પણ ચક્ષુદર્શનાવરણ આદિની જેમ દર્શનાવરણ રૂપ જ છે. ફેર એટલો જ છે કે ચક્ષુદર્શનાવરણ વગેરે ચાર કર્મો મૂળથી જ દર્શન લબ્ધિને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રોકે છે, દર્શનલબ્ધિને જ પામવા દેતા નથી. જ્યારે નિદ્રા વેદનીય આદિ પાંચ કર્મો ચક્ષુદર્શનાવરણ આદિના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલી દર્શનલબ્ધિને રોકે છે. જીવ જ્યારે ઊંઘી જાય છે ત્યારે ચક્ષુદર્શન આદિ દર્શનની પ્રાપ્ત થયેલી કોઈ લબ્ધિનો–શક્તિનો ઉપયોગ થતો નથી, અર્થાત્ પ્રથમના ચાર કર્મોના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલી દર્શનશક્તિનો ઉપયોગ થતો નથી. આમ નિદ્રાવેદનીય આદિ પાંચ કર્મો પણ દર્શનાવરણ રૂપ હોવાથી દર્શનાવરણ કર્મના ભેદો છે, નહિ કે ત્રીજા વેદનીય કર્મના. વેદનીય શબ્દનો પ્રયોગ તો જે વેદાય –અનુભવાય તે વેદનીય એમ સામાન્ય અર્થમાં કરવામાં આવ્યો છે. આ સામાન્ય અર્થની દૃષ્ટિએ બધાં જ કર્મો વેદનીય જ છે. છતાં વેદનીયશબ્દ શાસ્ત્રમાં ત્રીજા પ્રકારના કર્મમાં રૂઢ બની ગયો છે. અહીં નિદ્રાવેદનીય વગેરેમાં વેદનીય શબ્દનો રૂઢ અર્થ નથી, કિન્તુ જે વેદાય તે વેદનીય એવો (યૌગિક) અર્થ છે. એટલે તેમાં વેદનીય શબ્દનો પ્રયોગ દોષ રૂપ નથી. [૮]

## વેદનીય કર્મના બે ભેદો–

## सदसद्वेद्ये ॥ ૮–૯ ॥

**સદ્વેદ્ય=સાતા વેદનીય અને અસદ્વેદ્ય= અસાતા વેદનીય એમ વેદનીય પ્રકૃતિના બે ભેદ છે.**

જે કર્મના ઉદયથી શારીરિક અને માનસિક સુખનો અનુભવ થાય તે સાતાવેદનીય. જે કર્મના ઉદયથી શારીરિક–માનસિક દુઃખનો અનુભવ થાય તે અસાતા વેદનીય. [૯]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મોહનીય પ્રકૃતિના ભેદો–

દર્શન–ચારિત્રમોહનીય-કષાય-નોકષાયવેદનીયાખ્યાસ્ત્રિ–દ્વિ–ષોડશ–નવભેદાઃ સમ્યક્ત્વ – મિથ્યાત્વ – તદુભયાનિ, કષાય–નોકષાયૌ, અનન્તાનુબન્ધ્યપ્રત્યાખ્યાન–પ્રત્યાખ્યાનાવરણ–સંજ્વલન – વિકલ્પાશ્ચૈકશઃ ક્રોધ–માન–માયા – લોભાઃ હાસ્ય–રત્યરતિ–શોક–ભય–જુગુપ્સાઃ સ્ત્રી-પું-નપુંસકવેદાઃ(૧૦)

મોહનીય કર્મના મુખ્ય બે ભેદો છે. (૧) દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય. દર્શનમોહનીયના ત્રણ ભેદો છે. (૧) સમ્યક્ત્વમોહનીય, (૨) મિથ્યાત્વ મોહનીય, (૩) મિશ્રમોહનીય. ચારિત્ર મોહનીયના કષાયમોહનીય અને નોકષાયમોહનીય એમ બે ભેદો છે. કષાયમોહનીયના મુખ્ય ચાર ભેદો છે. (૧) ક્રોધ, (૨) માન, (૩) માયા, (૪) લોભ. ક્રોધ વગેરે દરેક કષાયના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનવરણ અને સંજ્વલન એમ ચાર ચાર ભેદો હોવાથી કષાયના કુલ ૧૬ ભેદો છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ. અપ્રત્યાખ્યાન ક્રોધ, માન, માયા, લોભ. પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ. સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ. નોકષાય મોહનીયના નવ ભેદો છે. હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ. ( હાસ્ય આદિ છ કર્મોની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાસ્યષટ્ક અને ત્રણવેદની વેદત્રિક સંજ્ઞા છે.) આમ મોહનીય પ્રકૃતિના કુલ ૨૮ ભેદો છે.[૧]

**મોહનીયશબ્દની વ્યાખ્યા**–મોહનીય એટલે મુંઝવનાર. જે કર્મ, વિચારમાં (–શ્રદ્ધામાં) કે વર્તનમાં (–ચારિત્રમાં) મુંઝવે, એટલે કે તત્ત્વાનુસારી વિચાર ન કરવા દે, અથવા તત્ત્વાનુસારી વિચાર થયા પછી પણ તદનુસાર પ્રવૃત્તિ ન કરવા દે, તે મોહનીય.

**દર્શનમોહનીયની વ્યાખ્યા**–દર્શન એટલે જીવાદિ તત્ત્વો પ્રત્યે શ્રદ્ધા. શ્રદ્ધામાં મુંઝવણ ઊભી કરે, એટલે કે ઉત્પન્ન થયેલી શ્રદ્ધામાં (–સમ્યક્ત્વમાં) દૂષણ લગાડે, અથવા મૂળથી જ શ્રદ્ધા ઉત્પન્ન થવા ન દે તે દર્શન મોહનીય. તેના સમ્યક્ત્વ મોહનીય આદિ ત્રણ ભેદોની વ્યાખ્યા આ પ્રમાણે છે. (૧) જે ઉત્પન્ન થયેલા સમ્યક્ત્વમાં-શ્રદ્ધામાં મુંઝવે–દૂષણ લગાડે તે સમ્યક્ત્વ મોહનીય. (૨) જેનાથી જીવાદિ તત્ત્વો વિશે યથાર્થ શ્રદ્ધા ન થાય, એથી જીવ કુદેવ, કુગુરુ અને કુધર્મને અનુક્રમે સુદેવ, સુગુરુ અને સુધર્મ માને તે મિથ્યાત્વ મોહનીય. (૩) જે કર્મના ઉદયથી સુદેવ,

---

૧. અટ્ઠાવીશ ભેદો ઉદય, ઉદીરણા અને સત્તાની અપેક્ષાએ છે. બંધની અપેક્ષાએ છવીસ ભેદો છે. કારણ કે સમ્યક્ત્વમો૰ અને મિશ્રમો૰ એ બે પ્રકૃતિઓનો બંધ થતો નથી. મિથ્યાત્વમો૰ના શુદ્ધ દલિકો અને અર્ધશુદ્ધ દલિકો અનુક્રમે સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય કહેવાય છે. આની સમજુતી માટે જુઓ અ. ૧ સૂત્ર ૩ નું વિવેચન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુગુરુ અને સુધર્મ વિશે (અથવા જીવાદિ નવતત્ત્વો વિશે) આ જ સત્ય છે એવી શ્રદ્ધા ન થાય, તથા આ અસત્ય છે એવી અશ્રદ્ધા પણ ન થાય, કિંતુ મિશ્રભાવ (–મધ્યસ્થભાવ) રહે તે મિશ્ર (=સમ્યક્ત્વ–મિથ્યાત્વ) મોહનીય કર્મ.

**ચારિત્ર મોહનીયની વ્યાખ્યા**–જે ચારિત્રમાં= હિંસાદિ પાપોથી નિવૃત્તિમાં મુંઝવે, એટલે કે હિંસાદિ પાપોથી નિવૃત્ત ન થવા દે, કે ચારિત્રમાં અતિચારો લગાડે તે ચારિત્ર મોહનીય.

**કષાય મોહનીયની વ્યાખ્યા** :–કષ એટલે સંસાર, આય એટલે લાભ. જેનાથી સંસારનો લાભ થાય, સંસારમાં પરિભ્રમણ કરવું પડે તે કષાય મોહનીય. તેના ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર ભેદો છે. ક્રોધ એટલે ગુસ્સો–અક્ષમા. માન એટલે અહંકાર–ગર્વ. માયા એટલે દંભ–કપટ. લોભ એટલે અસંતોષ–આસક્તિ. કોપ, રોષ, દ્વેષ, કલહ, વૈમનસ્ય, ઈર્ષ્યા, અસૂયા, બળતરિયો સ્વભાવ વગેરે ક્રોધના જ પ્રકારો છે. ગર્વ, અહંકાર, દર્પ, મદ, અભિમાન વગેરે માનના જ પ્રકારો છે. વંચના, છેતરપિંડી, દંભ, કપટ, વક્રતા, કુટિલતા વગેરે માયાના પ્રકારો છે. ઇચ્છા, મૂર્ચ્છા, કામ, સ્નેહ, ગૃદ્ધિ મમત્વ, અભિલાષ, આકાંક્ષા, અભિષ્વંગ, આસક્તિ, કામના વગેરે લોભના પ્રકારો છે. આ ચાર કષાયો મમતા અને અહંકાર સ્વરૂપ અથવા રાગ–દ્વેષ સ્વરૂપ છે. માયા અને લોભ મમતા યા રાગ સ્વરૂપ છે. ક્રોધ અને માન અહંકાર યા દ્વેષ સ્વરૂપ છે.[1]

૧. પ્રશમરતિ ગાથા ૩૧–૩૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા રાગ-દ્વેષ મોહ સ્વરૂપ છે. એટલે મોહનો સામાન્ય અર્થ રાગ-દ્વેષ અથવા ક્રોધાદિ કષાયો છે. મોહનો અજ્ઞાનતા અર્થ પણ કરવામાં આવે છે. અહીં અજ્ઞાનતા એટલે જ્ઞાનનો અભાવ અર્થ નથી, કિન્તુ વિરુદ્ધ જ્ઞાન અથવા અયથાર્થ જ્ઞાન છે. વિરુદ્ધજ્ઞાન અને અયથાર્થ જ્ઞાન મોહનીય કર્મથી થાય છે. એટલે મોહનો અર્થ અજ્ઞાનતા પણ બરોબર છે.

**કષાયોના અનંતાનુબંધી આદિ ભેદોની વ્યાખ્યા—**

(૧) **અનંતાનુબંધી**-જે કષાયોના ઉદયથી મિથ્યાત્વ મોહનીય કર્મનો ઉદય થાય તે અનંતાનુબંધી. આ કષાયો અનંત સંસારનો અનુબંધ=પરંપરા કરાવતા હોવાથી અનંતાનુબંધી કહેવાય છે. આ કષાયના ઉદયથી જીવને હેય- ઉપાદેયનો વિવેક હોતો નથી.

(૨) **અપ્રત્યાખ્યાન** :-જે કષાયો (દેશ) વિરતિને રોકે, કોઈપણ જાતના પાપથી વિરતિ ન કરવા દે તે અપ્રત્યાખ્યાન. જેના ઉદયથી પ્રત્યાખ્યાનનો અભાવ થાય તે અપ્રત્યાખ્યાન. પ્રત્યાખ્યાનનું મહત્ત્વ સમજતો હોવા છતાં તથા પ્રત્યાખ્યાન કરવાની ઈચ્છા હોવા છતાં આ કષાયના ઉદયથી જીવ કોઈ પણ પ્રકારનું વિશિષ્ટ પ્રત્યાખ્યાન કરી શકતો નથી. (૩) **પ્રત્યાખ્યાનાવરણ**:-જે કષાયો સર્વવિરતિના પ્રત્યાખ્યાન ઉપર આવરણ =પડદો કરે, સર્વવિરતિની પ્રાપ્તિ થવા ન દે, તે પ્રત્યાખ્યાનાવરણ. ચારિત્ર વિના આત્મકલ્યાણ થવાનું જ નથી એમ સમજતો હોવાથી ચારિત્રને સ્વીકારવાની ઈચ્છા હોવા છતાં આ કષાયના ઉદયથી જીવ ચારિત્ર ગ્રહણ કરી શકતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી. (૪) **સંજ્વલન** :—જે કષાયના ઉદયથી ચારિત્રમાં અતિચારો લાગે તે સંજ્વલન. ! સંજ્વલન એટલે બાળનાર= મલિન કરનાર. જે કષાયો અતિચારોથી ચારિત્રને બાળે–મલિન કરે તે સંજ્વલન. આ કષાયના ઉદયથી જીવને યથાખ્યાત (= જિનેશ્વર ભગવંતોએ જેવું કહ્યું છે તેવું)[૧] ચારિત્ર પ્રાપ્ત થતું નથી, કિન્તુ અતિચારોથી મલિન ચારિત્ર પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ**—અનંતાનુબંધી આદિ ચાર પ્રકારના કષાયો અનુક્રમે શ્રદ્ધા (–સમ્યગ્દર્શન), દેશવિરતિ, સર્વવિરતિ અને યથાખ્યાત (નિરતિચાર) ચારિત્રને રોકે છે.

**વિશેષ માહિતી** :— પૂર્વ કષાયના ઉદય વખતે પછીના કષાયનો ઉદય અવશ્ય હોય છે. પછીના કષાયના ઉદય વખતે પૂર્વના કષાયનો ઉદય હોય, અથવા ન પણ હોય. જેમકે અનંતાનુબંધી કષાયના ઉદય વખતે અન્ય ત્રણે પ્રકારના કષાયનો ઉદય હોય છે. અપ્રત્યાખ્યાન કષાયના ઉદય વખતે અનંતાનુબંધી કષાયનો ઉદય હોય છે, અથવા નથી પણ હોતો; પણ પ્રત્યાખ્યાનાવરણ અને અને સંજ્વલન એ બે પ્રકારના કષાયનો ઉદય હોય જ છે. કષાયના આ ચાર ભેદો કષાયની તરતમતાને આશ્રયીને છે. અનંતાનુબંધી કષાય અત્યંત તીવ્ર હોય છે. અપ્રત્યાખ્યાન

૧. જિનેશ્વરોએ નિરતિચાર ચારિત્ર કહ્યું છે, અર્થાત્ અતિચાર રહિત ચારિત્રનું પાલન કરવાનો ઉપદેશ આપ્યો છે. સંજ્વલન કષાયોનો ઉદય ન હોય ત્યારે જ યથાખ્યાત ચારિત્ર આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કષાય મંદ હોય છે. પ્રત્યાખ્યાનાવરણ કષાય અધિક મંદ હોય છે. સંજ્વલન કષાય તેનાથી પણ અધિક મંદ હોય છે.

## કયા પ્રકારના કષાયની કેટલી સ્થિતિ ?

કષાયોની સ્થિતિ (= નિરંતર કેટલો કાળ રહે તે) કષાયોની તીવ્રતા અને મંદતાને આશ્રયીને છે. અનંતાનુબંધી આદિ કષાયોની સ્થિતિ અનુક્રમે સંપૂર્ણ જીવન, ૧૨ માસ, ચાર માસ અને એક પક્ષ છે. અર્થાત્ અનંતાનુબંધી કષાયોનો ઉદય જીવન પર્યંત હોઈ શકે છે. અપ્રત્યાખ્યાન કષાયોનો ઉદય (નિરંતર) વધારેમાં ૧૨ માસ સુધી જ રહે. પ્રત્યાખ્યાન કષાયોનો ઉદય (નિરંતર) વધારેમાં વધારે ચાર માસ સુધી જ રહે છે. સંજ્વલન કષાયોનો ઉદય (નિરંતર) વધારેમાં વધારે એક પક્ષ (૧૫ દિવસ) સુધી જ રહે છે.

**તાત્પર્ય** :-જે કષાય જેના વિષે ઉત્પન્ન થાય તે કષાય તેના વિષે સતત જેટલો ટાઈમ રહે તે તેની સ્થિતિ છે. જેમ કે, એક વ્યક્તિને અમુક વ્યક્તિ ઉપર ક્રોધ ઉત્પન્ન થયો. આ ક્રોધ તે વ્યક્તિ ઉપર સતત જેટલો ટાઈમ રહે તે તેની સ્થિતિ કહેવાય. એટલે એ ક્રોધ જો અનંતાનુબંધી હોય તો તે જ વ્યક્તિ ઉપર સતત જીંદગી સુધી પણ રહે. જીંદગી સુધી રહે જ એવો નિયમ નથી. અધિક કાળ રહે તો જીંદગી સુધી પણ રહે. હવે જો એ ક્રોધ અપ્રત્યાખ્યાન હોય તો એ વ્યક્તિ ઉપર વધારેમાં વધારે બાર માસ સુધી જ રહે, પછી અવશ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( થોડો સમય પણ ) દૂર થાય. જો એ ક્રોધ પ્રત્યાખ્યાનાવરણ હોય તો એ વ્યક્તિ ઉપર વધારેમાં વધારે ચાર માસ સુધી જ રહે, પછી અવશ્ય દૂર થાય. જો સંજ્વલન ક્રોધ હોય તો એ વ્યક્તિ ઉપર વધારેમાં વધારે ૧૫ દિવસ સુધી જ રહે. એ પ્રમાણે માન આદિ વિશે પણ સમજવું. જે જે કષાયની જે જે સ્થિતિ બતાવી છે તે તે કષાય તેટલો ટાઈમ રહે જ એવો નિયમ નથી, એ પહેલાં પણ દૂર થાય. પણ જલદી દૂર ન થાય અને વધારે કાળ રહે તો વધારેમાં વધારે બતાવેલ કાળ સુધી જ રહે. પછી થોડો સમય પણ અવશ્ય દૂર થાય.

**પ્રશ્ન** :—સંજ્વલન કષાયની સ્થિતિ વધારેમાં વધારે ૧૫ દિવસની છે તો બાહુબલિને માન કષાય ૧૨ મહિના સુધી કેમ રહ્યો ?

**ઉત્તર** :—અહીં બતાવેલ તે તે કષાયોની તે તે સ્થિતિ વ્યવહારથી (—સ્થૂલદૃષ્ટિથી) છે. નિશ્ચયથી (—સૂક્ષ્મદૃષ્ટિથી) તો ઉક્ત કાળથી વધારે કાળ પણ રહી શકે છે. તેથી જ સોળ કષાયના ૬૪[૧] ભેદો પણ થાય છે.

## કયા પ્રકારના કષાયના ઉદયથી કઇ ગતિ થાય ?

જીવ અનંતાનુબંધી કષાયના ઉદય વખતે મૃત્યુ પામે તો નરકમાં જાય છે. અપ્રત્યાખ્યાનના ઉદય વખતે મૃત્યુ પામે તો તિર્યંચગતિમાં જાય છે. પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદય વખતે મૃત્યુ પામે તો મનુષ્યગતિમાં જાય છે. સંજ્વલન

૧. જુઓ પ્રથમ કર્મગ્રંથ ગાથા ૧૮ ની ટીકા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કષાયના ઉદય વખતે મૃત્યુ પામે તો દેવગતિમાં જાય છે. આ પ્રરૂપણા (– નિયમ) પણ વ્યવહારથી (–સ્થૂલ-દૃષ્ટિથી) છે. કારણ કે અનંતાનુબંધી કષાયના ઉદયવાળા તાપસો, અકામનિર્જરા કરનારા જીવો, અભવ્યસંયમી વગેરે દેવલોકમાં કે મનુષ્યલોકમાં ઉત્પન્ન થાય છે. તથા અપ્રત્યાખ્યાન કષાયના ઉદયવાળા સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો કે તિર્યંચો દેવગતિમાં અને દેવો મનુષ્ય ગતિમાં ઉત્પન્ન થાય છે. પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયવાળા દેશવિરતિ મનુષ્યો અને તિર્યંચો દેવગતિમાં ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન** :—આ દૃષ્ટિએ કયા પ્રકારના કષાયવાળા જીવો કઈ ગતિમાં જાય તેનો ચોક્કસ નિયમ ન રહ્યો ? **ઉત્તર** :– ગતિની પ્રાપ્તિ આયુષ્યબંધના આધારે છે. જીવે જે ગતિનું આયુષ્ય બાંધ્યું હોય તે ગતિમાં ઉત્પન્ન થાય છે. આયુષ્યબંધનો આધાર અનંતાનુબંધી આદિ કષાયો ઉપર છે. અનંતાનુબંધી કષાયના ઉદય વખતે જો આયુષ્યનો બંધ થાય તો અધ્યવસાય પ્રમાણે (કષાય પરિણતિની તરતમતા પ્રમાણે) ચાર ગતિમાંથી ગમે તે ગતિનું આયુષ્ય બંધાય. એટલે અનંતાનુબંધી કષાયના ઉદય વખતે કઈ ગતિનું આયુષ્ય બધાય તેનો ચોક્કસ નિયમ નથી. જો એ કષાયોની પરિણતિ અતિમંદ હોય તો દેવગતિનું આયુષ્ય પણ બંધાય, અતિતીવ્ર હોય તો નરકગતિનું આયુષ્ય બંધાય, અને મધ્યમ હોય તો તિર્યંચ કે મનુષ્ય ગતિનું આયુષ્ય બંધાય. અપ્રત્યાખ્યાન કષાય વખતે આયુષ્ય બંધાય તો દેવોને અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નારકોને મનુષ્યગતિનું જ, તથા મનુષ્યો અને તિર્યંચોને દેવગતિનું જ આયુષ્ય બંધાય. પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન એ બે પ્રકારના કષાયના ઉદય વખતે આયુષ્ય બંધાય તો નિયમા દેવગતિનું જ આયુષ્ય બંધાય. આમ ગતિનો આધાર મૃત્યુ વખતે કયા પ્રકારના કષાયો છે તેના ઉપર નથી, કિંતુ આયુષ્ય બંધ વખતે કેવા પ્રકારના કષાયો છે તેના ઉપર છે. આયુષ્ય કયારે બંધાય છે તેની આપણને ખબર પડતી નથી. માટે સદ્ગતિમાં જવું હોય તો સદા શુભ પરિણામ રાખવા જોઈએ.

## દૃષ્ટાંતોથી ક્રોધાદિ કષાયોનું સ્વરૂપ-

ક્રોધ-સંજ્વલન ક્રોધ જલરેખા સમાન છે. જેમ લાકડીના પ્રહાર આદિથી જલમાં પડેલી રેખા પડતાંની સાથે જ તુરત વિના પ્રયત્ને નાશ પામે છે. તેમ ઉદય પામેલ સંજ્વલન ક્રોધ ખાસ પુરુષાર્થ કર્યા વિના શીઘ્ર નાશ પામે છે. જેમ કે મહાત્મા વિષ્ણુકુમારનો ક્રોધ. પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ રેણુરેખા સમાન છે. જેમ રેતીમાં પડેલી રેખાનો (પવન આદિનો યોગ થતાં) થોડા વિલંબે નાશ થાય છે તેમ ઉદય પામેલ પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ જરા વિલંબથી નાશ પામે છે. અપ્રત્યાખ્યાન ક્રોધ પૃથ્વી-રેખા સમાન છે. જેમ પૃથ્વીમાં પડેલી ફાડ કષ્ટથી વિલંબે પૂરાય છે, તેમ ઉદય પામેલ અપ્રત્યાખ્યાન ક્રોધ થોડા કષ્ટથી અને અધિક કાળે દૂર થાય છે. અનંતાનુબંધી ક્રોધ પર્વત-રેખા સમાન છે. જેમ પર્વતમાં પડેલી ફાડ પૂરવી દુઃશકય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે તેમ અનંતાનુબંધી ક્રોધના ઉદયને દૂર કરવો એ દુઃશકય બને છે. અહીં ક્રોધને રેખાની સાથે સરખાવવામાં ઘણું રહસ્ય રહેલું છે. રેખા પડવાથી વસ્તુનો ભેદ થાય છે, ઐકય નાશ પામે છે. તેમ ક્રોધના ઉદયથી પણ જીવોમાં પરસ્પર ભેદ પડે છે, અને ઐકયનો–સંપનો નાશ થાય છે.

**માન**–સંજ્વલન માન નેતર સમાન છે. જેમ નેતર સહેલાઈથી વાળી શકાય છે, તેમ સંજ્વલન માનના ઉદયવાળો જીવ સ્વઆગ્રહનો ત્યાગ કરી શીઘ્ર નમવા તૈયાર થાય છે. જેમકે બ્રાહ્મી–સુંદરીના વાકયોથી મહાત્મા બાહુબલિ. પ્રત્યાખ્યાનાવરણ માન કાષ્ઠ સમાન છે. જેમ કાષ્ઠને વાળવામાં થોડું કષ્ટ પડે છે તેમ પ્રત્યાખ્યાનાવરણ માનના ઉદયવાળો જીવ થોડો પ્રયત્ન કરવાથી નમે છે–નમ્ર બને છે. અપ્રત્યાખ્યાન માન અસ્થિસમાન છે. જેમ હાડકાને વાળવામાં ઘણું કષ્ટ પડે છે, તેમ અપ્રત્યાખ્યાન માનના ઉદયવાળો જીવ ઘણા કષ્ટથી વિલંબે નમવા તૈયાર થાય છે. અનંતાનુબંધી માન પથ્થરના સ્તંભસમાન છે. જેમ પથ્થરનો થાંભલો ન નમાવી શકાય, તેમ અનંતાનુબંધી માનવાળો જીવ નમે એ દુઃશકય છે. જેમ નેતર વગેરે પદાર્થો અક્કડ હોય છે તેમ માન કષાયવાળો જીવ અક્કડ રહે છે. આથી અહીં માનને નેતર આદિ અક્કડ વસ્તુ સાથે સરખાવવામાં આવ્યો છે.

**માયા**–સંજ્વલન માયા ઇંદ્રધનુષ્યની રેખાસમાન છે. જેમ આકાશમાં થતી ઇંદ્રધનુષ્યની રેખા શીઘ્ર નાશ પામે છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમ સંજ્વલન માયા જલદી દૂર થાય છે. પ્રત્યાખ્યાનાવરણ માયા બળદ આદિના મૂત્રની ધારા સમાન છે. જેમ મૂત્રની ધારા (તાપ આદિના યોગે) જરા વિલંબે નાશ પામે છે તેમ આ માયા થોડા વિલંબે નાશ પામે છે. અપ્રત્યાખ્યાન માયા ઘેટાના શિંગડા સમાન છે. જેમ ઘેટાના શિંગડાની વક્રતા કષ્ટથી દૂર થાય છે, તેમ આ માયા ઘણા કષ્ટથી દૂર થાય છે. અનંતાનુબંધી માયા ઘનવાંસના મૂળિયા સમાન છે. જેમ ઘનવાંસના મૂળિયાની વક્રતા દૂર થઈ શકતી નથી તેમ અનંતાનુબંધી માયા પ્રાયઃ દૂર થતી નથી. જેમ ઇંદ્રધનુષ્યની રેખા વગેરે વક્ર હોય છે તેમ માયાવી જીવ વક્ર હોય છે. આથી અહીં માયાને ઇંદ્રધનુષ્યની રેખા આદિની ઉપમા આપી છે.

**લોભ**–સંજ્વલન લોભ હળદરના રંગ સમાન છે. વસ્ત્રમાં લાગેલો હળદરનો રંગ સૂર્યનો તાપ લાગવા માત્રથી શીઘ્ર નીકળી જાય છે, તેમ સંજ્વલન લોભ કષ્ટ વિના શીઘ્ર દૂર થાય છે. પ્રત્યાખ્યાનાવરણ લોભ દિવાની મેષ સમાન છે. જેમ વસ્ત્રમાં લાગેલી દીવાની મેષ (કાજળ) જરા કષ્ટથી દૂર થાય છે તેમ આ લોભ થોડા કષ્ટથી વિલંબે દૂર થાય છે. અપ્રત્યાખ્યાન લોભ ગાડાના પૈડાની મળી સમાન છે. વસ્ત્રમાં લાગેલી ગાડાના પૈડાની મળી જેમ ઘણા કષ્ટથી દૂર થાય છે, તેમ આ લોભ પણ ઘણા કષ્ટથી દૂર થાય છે. અનંતાનુબંધી લોભ કૃમિરંગ (કીરમજી રંગ) સમાન છે. જેમ વસ્ત્રમાં લાગેલ કીરમજી રંગ વસ્ત્ર નાશ પામે ત્યાં સુધી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહે છે તેમ આ લોભ પ્રાયઃ જીવ મરે ત્યાં સુધી રહે છે. લોભ રાગ સ્વરૂપ છે. માટે અહીં લોભને હળદર આદિના રાગની–રંગની સાથે સરખાવેલ છે.

**નોકષાયની વ્યાખ્યા**–અહીં નોશબ્દનો અર્થ સાહચર્ય (–સાથે રહેવું) છે. જે કષાયોની સાથે રહી પોતાનું ફળ બતાવે તે નોકષાય. નોકષાયોનો વિપાક–ફળ કષાયોના આધારે હોય છે. જો કષાયોનો વિપાક મંદ હોય તો નોકષાયોનો વિપાક પણ મંદ અને કષાયોનો વિપાક તીવ્ર હોય તો નોકષાયોનો વિપાક પણ તીવ્ર હોય છે. આમ કષાયોના આધારે ફળ આપતા હોવાથી કેવળ નોકષાયોની પ્રધાનતા નથી. અથવા નો એટલે પ્રેરણા. જે કષાયોને પ્રેરણા કરે–કષાયોના ઉદયમાં નિમિત્ત બને તે નોકષાય. હાસ્યાદિ ક્રોધ વગેરે કષાયના ઉદયમાં નિમિત્ત બને છે માટે નોકષાય છે.

## હાસ્યષટ્ક

જે કર્મના ઉદયથી હસવું આવે તે હાસ્યમો૦.

જે કર્મના ઉદયથી રતિ ઉત્પન્ન થાય તે રતિમો૦.

જે કર્મના ઉદયથી અરતિ ઉત્પન્ન થાય તે અરતિમો૦.

જે કર્મના ઉદયથી ભય ઉત્પન્ન થાય તે ભયમો૦.

જે કર્મના ઉદયથી શોક ઉત્પન્ન થાય તે શોકમો૦.

જે કર્મના ઉદયથી જુગુપ્સા ઉત્પન્ન થાય તે જુગુપ્સામો૦.

**વેદત્રિક**–જે કર્મના ઉદયથી સ્ત્રી સાથે મૈથુન સેવનની ઇચ્છા થાય તે પુરુષવેદ મોહનીય. જે કર્મના ઉદયથી પુરુષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાથે મૈથુન સેવનની ઇચ્છા થાય તે સ્ત્રીવેદ મોહનીય. જે કર્મના ઉદયથી સ્ત્રી-પુરુષ બંનેની સાથે મૈથુન સેવનની ઇચ્છા થાય તે નપુંસકવેદ.

## દૃષ્ટાંતોથી વેદત્રિકનું સ્વરૂપ-

પુરુષવેદ તૃણના અગ્નિ સમાન છે. તૃણનો અગ્નિ શીઘ્ર પ્રદીપ્ત થાય છે અને શાંત પણ શીઘ્ર થઈ જાય છે. તેમ પુરુષવેદનો ઉદય શીઘ્ર થાય છે અને શાંત પણ શીઘ્ર થઈ જાય છે. સ્ત્રીવેદ લાકડાના અગ્નિ સમાન છે. લાકડાનો અગ્નિ જલદી સળગે નહિ, તેમ સ્ત્રીવેદનો ઉદય જલદી ન થાય. પણ લાકડાનો અગ્નિ સળગ્યા પછી જલદી શાંત ન થાય. તેમ સ્ત્રીવેદ પણ જલદી શાંત ન થાય. નપુંસકવેદ નગરના દાહ (આગ) સમાન છે. નગરના દાહની જેમ નપુંસકવેદનો ઉદય ઘણા કાળ સુધી શાંત થતો નથી.

આ પ્રમાણે મોહનીય કર્મના ૨૮ ભેદોનું વર્ણન પૂર્ણ થયું. [૧૦]

## આયુષ્ય કર્મના ચાર ભેદો-

**નારક-તૈર્યગ્યોન-માનુષ-દૈવાનિ ॥ ૮-૧૧ ॥**

**નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર પ્રકારે આયુષ્ય છે.**

જે કર્મના ઉદયથી નરકગતિનું જીવન પ્રાપ્ત થાય તે નરક આયુષ્ય. જે કર્મના ઉદયથી તિર્યંચ ગતિનું જીવન પ્રાપ્ત થાય તે તિર્યંચ આયુષ્ય. જે કર્મના ઉદયથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનુષ્યગતિનું જીવન પ્રાપ્ત થાય તે મનુષ્ય આયુષ્ય. જે કર્મના ઉદયથી દેવગતિનું જીવન પ્રાપ્ત થાય તે દેવ આયુષ્ય. [૧૧]

## નામકર્મના ભેદો–

गति–जाति–शरीरा–ऽङ्गोपाङ्ग–निर्माण–बन्धन–संघात–संस्थान–संहनन–स्पर्श–रस – गन्ध – वर्णा– ऽऽनुपूर्व्यगुरु–लघूपघात – पराघात– ऽऽतपोद्योतोच्छ्वास – विहायोगतयः प्रत्येक–शरीर–त्रस–सुभग–सुस्वर– शुभ – सूक्ष्म – पर्याप्त–स्थिरा–ऽऽदेय–यशांसि–सेतराणि तीर्थकृत्त्वं च ॥ ८–१२ ॥

ગતિ, જાતિ, શરીર, અંગોપાંગ, બંધન, સંઘાત, સંહનન, સંસ્થાન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, આનુપૂર્વી, વિહાયોગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, અગુરુલઘુ, તીર્થંકર, નિર્માણ, ઉપઘાત, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક શરીર, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય, યશ, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ શરીર, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અયશ–એમ કુલ ૪૨ ભેદો નામકર્મના છે.[૧]

૧. આ સૂત્રમાં બતાવેલ પ્રકૃતિઓનો ક્રમ અને કર્મગ્રંથમાં બતાવેલ પ્રકૃતિઓનો ક્રમ ભિન્ન છે. કર્મ ગ્રંથના અભ્યાસીઓને પ્રકૃતિઓ સમજવામાં અનુકૂળતા રહે એ દૃષ્ટિએ અહીં આ સૂત્રના અનુવાદમાં તથા વિવેચનમાં કર્મગ્રંથના ક્રમ પ્રમાણે પ્રકૃતિઓ લખવામાં આવી છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગતિનામ કર્મથી આરંભી વિહાયોગતિ નામ કર્મ સુધીની ૧૪ પ્રકૃતિઓના પેટા વિભાગો હોવાથી તેમને 'પિંડપ્રકૃતિ' કહેવામાં આવે છે. ત્યાર પછીની પરાઘાતથી આરંભી ઉપઘાત સુધીની આઠ પ્રકૃતિઓના પેટા વિભાગો ન હોવાથી તેમને 'પ્રત્યેક પ્રકૃતિ' કહેવામાં આવે છે. ત્યાર પછીની દશ પ્રકૃતિઓને 'ત્રસ દશક' અને ત્યારપછીની દશ પ્રકૃતિઓને 'સ્થાવર દશક' કહેવામાં આવે છે.

નામ કર્મના ભેદોની ૪૨, ૯૩, ૧૦૩ અને ૯૭ એમ ચાર સંખ્યા જોવા મળે છે. નામકર્મના કેવળ મૂળ ભેદોની ગણતરી કરવામાં આવે તો ૪૨ સંખ્યા થાય છે, જે પ્રસ્તુત સૂત્રમાં જણાવવામાં આવી છે. નામકર્મના અવાંતર ભેદોનો વિચાર કરવામાં આવે તો ૯૩ વગેરે સંખ્યા થાય છે. તેમાં ૯૩ સંખ્યા નીચે પ્રમાણે છે.

## ચૌદ પિંડપ્રકૃતિઓના ભેદો-

(૧) **ગતિ**-ગતિના નરક, તિર્યંચ, મનુષ્ય, અને દેવ એમ ચાર ભેદો છે. જે કર્મના ઉદયથી નારકપર્યાય પ્રાપ્ત થાય, નરક ગતિની પ્રાપ્તિ થાય, તે નરક ગતિ નામ કર્મ. આ પ્રમાણે તિર્યંચ ગતિ આદિ વિશે પણ જાણવું.

(૨) **જાતિ**-જાતિના એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, પંચેંદ્રિય એમ પાંચ ભેદ છે. જે કર્મના ઉદયથી જીવ એકેંદ્રિય કહેવાય (એક ઇંદ્રિયની પ્રાપ્તિ થાય) તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકેંદ્રિય જાતિ નામ કર્મ. એ પ્રમાણે બેઇંદ્રિય આદિમાં પણ જાણવું.

(૩) **શરીર**–શરીરના પાંચ ભેદ છે. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને [૧]કાર્મણ. જે કર્મના ઉદયથી જીવ ઔદારિક શરીર યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરીને ઔદારિક શરીરરૂપે પરિણમાવે તે ઔદારિક શરીર નામ કર્મ. એ પ્રમાણે વૈક્રિય આદિ વિશે પણ જાણવું.

(૪) **અંગોપાંગ**–અંગોપાંગ શબ્દમાં અંગ અને ઉપાંગ એમ બે શબ્દો છે. હાથ પગ વગેરે શરીરના અંગો છે. આંગળી વગેરે ઉપાંગો (અંગોના અંગો) છે. અંગોપાંગ ત્રણ પ્રકારનાં છે. ઔદારિક, વૈક્રિય અને આહારક. જે કર્મના ઉદયથી ઔદારિક શરીરરૂપે ગ્રહણ કરેલા પુદ્ગલો ઔદારિક શરીરનાં અંગ અને ઉપાંગ રૂપે પરિણમે છે તે ઔદારિક અંગોપાંગ નામ કર્મ. એ પ્રમાણે અન્ય બે અંગોપાંગ વિશે પણ જાણવું. શરીર પાંચ હોવા છતાં અંગોપાંગ ત્રણ છે. કારણ કે કાર્મણ અને તૈજસ શરીરને અંગોપાંગ હોતાં નથી.

(૫) **બંધન**–બંધન એટલે જતુ-કાષ્ઠની જેમ એકમેક સંયોગ. બંધનના પાંચ ભેદ છે. ઔદારિક, વૈક્રિય, આહારક

૧. ઔદારિક આદિ પાંચ શરીરના વિસ્તૃત વર્ણન માટે જુઓ અધ્યાય ૨ સૂત્ર ૩૭ વગેરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તૈજસ અને કાર્મણ. જે કર્મના ઉદયથી પૂર્વે ગ્રહણ કરેલા ઔદારિક શરીરના પુદ્ગલો સાથે નવા ગ્રહણ કરાતા ઔદારિક શરીર યોગ્ય પુદ્ગલોનો જતુ–કાષ્ઠવત્ એકમેક સંયોગ થાય તે ઔદારિક બંધન નામ કર્મ. એ પ્રમાણે અન્ય બંધન વિશે પણ જાણવું.

(૬) **સંઘાત**–સંઘાત એટલે પિંડરૂપે સંઘટિત કરવું. સંઘાતના પાંચ ભેદો છે. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ. જે કર્મના ઉદયથી જેમ દંતાળીથી ઘાસ એકઠું થાય છે તેમ (ઘાસના પથારાને એકઠું કરી દબાવી નાનો ઢગલો બનાવે છે તેમ) ગ્રહણ કરાતા ઔદારિક શરીરના પુદ્ગલો પિંડરૂપે સંઘટિત થાય છે તે ઔદારિક સંઘાત નામ કર્મ. એ પ્રમાણે અન્ય સંઘાત વિશે પણ જાણી લેવું.

(૭) **સંહનન**–સંહનન એટલે શરીરમાં હાડકાંઓની વિશિષ્ટ રચના. સંહનનને ચાલુ ભાષામાં સંઘયણ કે બાંધો કહેવામાં આવે છે. સંહનનના છ પ્રકાર છે. વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા, અને સેવાર્ત. વજ્રઋષભનારાચ શબ્દમાં વજ્ર ઋષભ. અને નારાચ એ ત્રણ શબ્દો છે. વજ્ર. એટલે ખીલી ઋષભ એટલે પાટો. નારાચ એટલે વિશિષ્ટ પ્રકારનું બંધન, જેને શાસ્ત્રમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મર્કટબંધ કહેવામાં આવે છે. બે હાડકાંઓની ઉપર કીલિકા હોય, એટલે કે ત્રીજું હાડકું પાટાની જેમ વીંટાયેલું હોય. એ ત્રણની ઉપર ખીલીની જેમ એ ત્રણ હાડકાંઓને ભેદીને ચોથું હાડકું રહેલું હોય છે. આવા પ્રકારનું અતિશય મજબૂત સંહનન-હાડકાંઓની રચના તે વજ્રઋષભનારાચ સંહનન. અર્થાત્ જેમાં નારાચ (–મર્કટબંધ), ઋષભ (–પાટો), અને વજ્ર (ખીલી) એ ત્રણ હોય તે વજ્રઋષભનારાચ સંહનન. જેમાં બે હાડકાં પરસ્પર મર્કટબંધથી બંધાયેલાં હોય, એ બે હાડકાંઓની ઉપર ત્રીજું હાડકું પાટાની જેમ વીંટાયેલું હોય, (એ ત્રણની ઉપર ખીલીની જેમ ચોથું હાડકું ન હોય) એવા પ્રકારનું સંહનન ઋષભનારાચ કહેવાય અર્થાત્ જેમાં નારાચ અને ઋષભ હોય, અને વજ્ર ન હોય તે ઋષભનારાચ સંહનન. જેમાં માત્ર બે હાડકાં મર્કટબંધથી બંધાયેલાં હોય તે નારાચ સંહનન. અર્થાત્ જેમાં વજ્ર અને ઋષભ ન હોય, માત્ર નારાચ જ હોય તે નારાચસંહનન. જેમાં એક બાજુ મર્કટ બંધ અને બીજી બાજુ કીલિકા (–પાટો) હોય તે અર્ધનારાચ સંહનન. જેમાં એકેય બાજુ મર્કટબંધ ન હોય, હાડકાં માત્ર કીલિકાથી બંધાયેલા હોય તે કીલિકા સંહનન. જેમાં મર્કટબંધ ન હોય, કીલિકા પણ ન હોય, માત્ર હાડકાં પરસ્પર અડેલાં (–સામાન્ય જોડાયેલાં) હોય તે સેવાર્ત સંહનન. જે કર્મના ઉદયથી વજ્રઋષનારાચ સંહનન (સંઘયણ) પ્રાપ્ત થાય તે વજ્રઋષભ નારાચ સંહનન નામ કર્મ. આ પ્રમાણે અન્ય સંહનનની પણ વ્યાખ્યા સમજી લેવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




(૮) **સંસ્થાન**–સંસ્થાન એટલે શરીરની બાહ્ય આકૃતિની રચના. સંસ્થાનના છ પ્રકારો છે. સમચતુરસ્ર, ન્યગ્રોધપરિમંડલ, સાદિ, કુબ્જ, વામન અને હુંડક. શરીરના દરેક અવયવની શાસ્ત્રોક્ત લક્ષણ પ્રમાણે સમાન રચના તે સમચતુરસ્ર સંસ્થાન. પલાંઠી વાળીને સીધા બેઠેલા જીવના જમણા ઢીંચણથી ડાબા ખભા સુધીનું, ડાબા ઢીંચણથી જમણા ખભા સુધીનું, બે ઢીંચણ વચ્ચેનું અને પોતાના આસનથી નાસિકા સુધીનું એ ચારે અંતર સમાન હોય તેવી અંગરચના સમચતુરસ્ર સંસ્થાન છે. ન્યગ્રોધ એટલે વડ. પરિમંડલ એટલે આકાર. જેમાં વડના જેવો શરીરનો આકાર હોય, અર્થાત્ જેમ વડનો વૃક્ષ ઉપરના ભાગમાં સંપૂર્ણ હોય, જ્યારે નીચેના ભાગમાં કૃશ હોય, તેમ નાભિથી ઉપરના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવયવોની રચના સમાન (–ભરાવદાર) હોય, પણ નીચેના અવયવોની રચના અસમાન (–કૃશ) હોય તે ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન.ન્યગ્રોધ પરિમંડલની રચનાથી વિપરીત રચના તે સાદિ સંસ્થાન. અર્થાત્ જેમાં નાભીથી ઉપરના અવયવોની રચના અસમાન અને નીચેના અવયવોની રચના સમાન હોય તે સાદિ સંસ્થાન. જેમાં છાતી, પેટ વગેરે અવયવો કુબડા હોય તે કુબ્જ સંસ્થાન. જેમાં હાથ, પગ વગેરે અવયવો ટૂંકા હોય તે વામન સંસ્થાન. જેમાં સઘળા અવયવો અવ્યવસ્થિત (શાસ્ત્રોક્ત લક્ષણોથી રહિત) હોય તે હુંડક સંસ્થાન. જે કર્મના ઉદયથી શરીરની સમચતુરસ્ર રચના (સંસ્થાન) થાય તે સમચતુરસ્ર સંસ્થાન નામ કર્મ. એ પ્રમાણે અન્ય સંસ્થાનની વ્યાખ્યા અંગે પણ સમજી લેવું.

(૯) **વર્ણ** એટલે રૂપ–રંગ. વર્ણ પાંચ છે. કૃષ્ણ, નીલ, (લીલો), રક્ત, પીત અને શુક્લ. જે કર્મના ઉદયથી શરીરનો વર્ણ કૃષ્ણ થાય તે કૃષ્ણવર્ણનામ કર્મ. એ પ્રમાણે અન્ય વર્ણ વિશે પણ જાણવું. (૧૦) **ગંધઃ**–ગંધના બે ભેદો છે. સુગંધ અને દુર્ગંધ. જે કર્મના ઉદયથી શરીર સુગંધી હોય તે સુગંધ નામ કર્મ અને દુર્ગંધી હોય તે દુર્ગંધ નામ કર્મ. (૧૧) **રસઃ**–રસ (–સ્વાદ) પાંચ પ્રકારનો છે. તિક્ત (તીખો), કટુ, કષાય (તૂરો), અમ્લ (ખાટો) અને મધુર.[1] જે કર્મના ઉદયથી શરીર તિક્ત હોય–શરીરનો રસ તીખો હોય તે તિક્તરસ નામ કર્મ. એ પ્રમાણે અન્ય રસની પણ વ્યાખ્યા સમજી લેવી. (૧૨) **સ્પર્શ**:–સ્પર્શના આઠ ભેદો છે. કર્કશ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૃદુ (–નરમ), ગુરુ, લઘુ, સ્નિગ્ધ, રૂક્ષ, શીત અને ઉષ્ણ. જે કર્મના ઉદયથી શરીરનો સ્પર્શ કર્કશ થાય તે કર્કશનામ કર્મ. એ પ્રમાણે અન્ય સ્પર્શ વિશે પણ જાણવું.

(૧૩) **આનુપૂર્વી**–જીવ મૃત્યુ પામીને અન્ય ગતિમાં વક્ર(–વાંકી) અને ઋજુ(–સરળ) એ બે પ્રકારની ગતિથી જાય છે. તેમાં જ્યારે ઋજુગતિથી પરભવના સ્થાને જાય છે, ત્યારે એક જ સમયમાં પોતાના ઉત્પત્તિ સ્થાને પહોંચી જાય છે. આ વખતે તેને કોઈ પણ જાતની મદદની જરૂર રહેતી નથી. પણ જ્યારે વક્રગતિથી પરભવના સ્થાને જાય છે, ત્યારે પોતાના ઉત્પત્તિ સ્થાને પહોંચતાં બે, ત્રણ કે ચાર સમય લાગી જાય છે. આ વખતે તેને ગતિ કરવામાં મદદની જરૂર પડે છે. જેમ કોઈ મુસાફરને ૪–૫ કલાકની મુસાફરી કરવી હોય તો વચ્ચે નવા આહારની જરૂર પડતી નથી. જે આહાર લીધો હોય તેની મદદથી જ પોતાના ઈષ્ટ સ્થાને પહોંચી જાય છે. પણ બે કે તેથી વધારે દિવસની મુસાફરી કરવી હોય તો તેને રસ્તામાં નવા આહારની જરૂર પડે છે. તેમ અહીં ઋજુગતિથી એક સમયમાં ઉત્પત્તિ સ્થાને પહોંચનાર જીવને વિશિષ્ટ નવી મદદની જરૂર પડતી નથી. પોતાના પૂર્વભવના આયુષ્યના વ્યાપારથી તે ઈષ્ટ સ્થાને પહોંચી જાય છે. પોતાના પૂર્વભવના આયુષ્યનો વ્યાપાર એક જ સમય રહે છે. આથી બીજા વગેરે સમયોમાં ગતિ કરવા

---

૧, અન્ય ગ્રંથોમાં લવણ (ખારો) રસ સાથે ૭ પ્રકારના રસ જણાવેલા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવી મદદની જરૂર પડે છે. અહીં બીજા વગેરે સમયોમાં (આકાશ પ્રદેશની શ્રેણિ અનુસાર ગમન કરવામાં) જે કર્મ નવી મદદ આપે છે તેને આનુપૂર્વી નામ કર્મ કહેવામાં આવે છે. જીવ ચારગતિમાં ઉત્પન્ન થાય છે માટે તે ચાર-ગતિના નામ પૂર્વક ચાર આનુપૂર્વી છે. દેવગતિ–આનુપૂર્વી, મનુષ્યગતિ–આનુપૂર્વી, તિર્યંચગતિ–આનુપૂર્વી અને નરકગતિ આનુપૂર્વી. જે કર્મ વક્રગતિથી દેવગતિમાં જતા જીવને ઉત્પત્તિસ્થાને પહોંચવામાં (–આકાશ પ્રદેશની શ્રેણિ અનુ-સાર ગમન કરવામાં) મદદ કરે તે દેવગતિ–આનુપૂર્વી કર્મ. એ પ્રમાણે અન્ય આનુપૂર્વી કર્મની વ્યાખ્યા પણ જાણી લેવી.

(૧૪) **વિહાયોગતિ**— [1]વિહાયોગતિ શબ્દમાં બે શબ્દો છે. વિહાયસ્ અને ગતિ. વિહાયસ્ એટલે આકાશ. આકાશમાં થતી ગતિ વિહાયોગતિ. વિહાયોગતિ શબ્દનો આ શબ્દાર્થ છે. એનો ભાવાર્થ ગતિ કરવી એવો છે. જીવોની ગતિ (ચાલ) શુભ અને અશુભ એમ બે પ્રકારની છે. આથી વિહાયોગતિ નામ કર્મના શુભવિહાયોગતિ અને અશુભ-વિહાયોગતિ એમ બે ભેદો છે. જે કર્મના ઉદયથી જીવ શુભ (પ્રશસ્ત) ગતિ કરે છે તે શુભવિહાયોગતિ નામ કર્મ. જેમકે–હંસ, ગજ વગેરેની ગતિ શુભ હોય છે. જે કર્મના ઉદયથી જીવ અશુભ (–અપ્રશસ્ત) ગતિ કરે છે તે અશુભ

૧. અહીં વિહાયોગતિ શબ્દનો અર્થ પ્રથમ કર્મગ્રંથની ટીકાના આધારે કર્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિહાયોગતિ નામ કર્મ. જેમકે-ઊંટ, શિયાળ વગેરેની ગતિ અશુભ હોય છે.

**પ્રશ્ન** :-અહીં વિહાયોગતિનો ભાવાર્થ તો ગતિ કરવી એ છે. એટલે અહીં વિહાયસ્ શબ્દ ન લખવામાં આવે અને જે કર્મના ઉદયથી શુભ ગતિ થાય તે શુભ ગતિનામ કર્મ અને અશુભ ગતિ થાય તે અશુભ ગતિનામ કર્મ એ પ્રમાણે અર્થ કરવામાં કોઈ જાતનો વાંધો આવતો નથી. આથી અહીં વિહાયસ્ શબ્દનો ઉલ્લેખ કરવાની જરૂર ન હોવા છતાં તેનો ઉલ્લેખ કેમ કરવામાં આવ્યો છે ? **ઉત્તર** :-ચૌદ પિંડ પ્રકૃતિઓમાં ગતિ નામ કર્મ પણ છે. એટલે જો અહીં વિહાયસ્ શબ્દ ન લખવામાં આવે તો ગતિ નામ કર્મ બે થાય. આથી પિંડપ્રકૃતિમાં આવેલ ગતિ નામ કર્મને જુદું બતાવવા ગતિની સાથે વિહાયસ્ શબ્દનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેનો અર્થ તો જે કર્મના ઉદયથી જીવ શુભ ગતિ-ચાલ કરી શકે તે શુભ વિહયોગતિ અને અશુભ ગતિ-ચાલ કરી શકે તે અશુભ વિહાયોગતિ એ જ છે.

## આઠ પ્રત્યેક પ્રકૃતિઓ

(૧) **પરાઘાત**—જેનાથી જીવ અન્યથી પરાભવ ન પામે, અથવા પોતાનાથી અધિક બળવાનનો પણ પોતે પરાભવ કરી શકે, તે પરાઘાત નામ કર્મ. (૨) **ઉચ્છ્વાસ**—જેનાથી જીવ શ્વાસોશ્વાસની ક્રિયા કરી શકે તે ઉચ્છ્વાસ નામકર્મ. (૩) **આતપ**-જેનાથી શરીર શીત હોવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છતાં ઉષ્ણ પ્રકાશવાળું હોય તે આતપ નામ કર્મ. સૂર્યના વિમાનમાં રહેલા એકેંદ્રિય જીવોને આતપ નામ કર્મનો ઉદય હોય છે. એમનું શરીર શીત સ્પર્શવાળું હોય છે. પણ એમના શરીરમાંથી નીકળતો પ્રકાશ ઉષ્ણ હોય છે.[૧] (૪) **ઉદ્યોત**–જેનાથી જીવનું શરીર અનુષ્ણ પ્રકાશ રૂપ ઉદ્યોતને કરે તે ઉદ્યોત નામ કર્મ. પતંગિયા વગેરે જીવોને આ કર્મનો ઉદય હોય છે. **અગુરુલઘુ**–જેનાથી શરીર ગુરુ (–ભારે) નહિ અને લઘુ (–હલકું) પણ નહિ, કિંતુ અગુરુલઘુ બને છે તે અગુરુલઘુ નામ કર્મ. (૬) **તીર્થંકર**–જેનાથી જીવ ત્રિભુવન પૂજ્ય બને અને ધર્મરૂપ તીર્થને કરે (–પ્રવર્તાવે) તે તીર્થંકર નામ કર્મ. (૭) **નિર્માણ**–જેનાથી શરીરના દરેક અંગની અને ઉપાંગની પોત પોતાના નિયત સ્થાને રચના થાય તે નિર્માણ નામ કર્મ. (૮) **ઉપઘાત**–જેનાથી શરીરના અંગોનો અને ઉપાંગોનો ઉપઘાત (–ખંડન) થાય તે ઉપઘાત નામ કર્મ.

**ત્રસ દશક**–

(૧) **ત્રસ**–જેનાથી જીવ ઇચ્છા થતાં એક સ્થાનેથી બીજા સ્થાને જઈ શકે તે ત્રસ નામ કર્મ. બેઇંદ્રિય આદિ જીવોને ત્રસ નામ કર્મનો ઉદય હોય છે. યદ્યપિ વાયુકાય

૧. આપણને દેખાતા સૂર્ય–ચંદ્ર દેવોને રહેવાનાં વિમાન છે. તે અસંખ્ય પૃથ્વીકાય જીવોના શરીરના સમૂહરૂપ છે. સૂર્ય વિમાનના પૃથ્વીકાય જીવોને 'આતપ' અને ચંદ્ર વિમાનના પૃથ્વીકાય જીવોને 'ઉદ્યોત' નામ કર્મનો ઉદય હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને તેઉકાયના જીવો અન્યસ્થાને જઈ શકે છે. પણ તેમાં તેમની ઇચ્છા કારણ નથી. કિન્તુ સ્વાભાવિક રીતે ગતિ થાય છે. આથી તેમને આ કર્મનો ઉદય ન હોય. (૨) બાદરઃ– જેનાથી બાદર ( સ્થૂલ ) શરીર પ્રાપ્ત થાય તે બાદર નામ કર્મ.

(૩) પર્યાપ્ત–જેનાથી સ્વપ્રાયોગ્ય સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ થાય તે પર્યાપ્ત નામ કર્મ. પર્યાપ્તિ એટલે પુદ્ગલના ઉપચયથી ઉત્પન્ન થયેલી તે તે પુદ્ગલોના ગ્રહણ અને પરિણમનમાં કારણભૂત શક્તિ વિશેષ. પર્યાપ્તિઓ છ છે. આહારપર્યાપ્તિ, શરીરપર્યાપ્તિ, ઇંદ્રિયપર્યાપ્તિ, શ્વાસોશ્વાસ-પર્યાપ્તિ, ભાષા પર્યાપ્તિ અને મનઃપર્યાપ્તિ. (૧) જીવ જે શક્તિથી બાહ્ય પુદ્ગલોનો આહાર ગ્રહણ કરીને તે પુદ્ગલોને ખલ ( –મળ ) અને રસ રૂપે પરિણમાવે તે શક્તિ આહાર પર્યાપ્તિ. (૨) રસ રૂપે થયેલા આહારને લોહી આદિ ધાતુ રૂપે પરિણમાવવાની શક્તિ એ શરીર પર્યાપ્તિ. (૩) ધાતુ રૂપે પરિણમેલા આહારને ઇંદ્રિયો રૂપે પરિણમા-વવાની શક્તિ એ ઇંદ્રિય પર્યાપ્તિ. (૪) જે શક્તિથી શ્વાસો-શ્વાસ પ્રાયોગ્ય વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને શ્વાસોશ્વાસ રૂપે પરિણમાવી તે જ પુદ્ગલોના આલંબનથી તે પુદ્ગલોને છોડી દે તે શક્તિ શ્વાસોશ્વાસ પર્યાપ્તિ. (૫) ભાષાપ્રાયોગ્ય વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી ભાષા રૂપે પરિણમાવી તે જ પુદ્ગલોના આલંબનથી તે જ પુદ્ગલોને છોડી દેવાની શક્તિ તે ભાષાપર્યાપ્તિ. (૬) મનપ્રાયોગ્ય વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી મન રૂપે પરિણમાવી તે જ પુદ્ગલોના આલંબનથી તે પુદ્ગલોને છોડી દેવાની શક્તિ તે મનપર્યાપ્તિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકેંદ્રિય જીવોને પ્રથમની ચાર, સંજ્ઞી પંચેંદ્રિય જીવોને છ, અને બાકીના સઘળા (બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, અને અસંજ્ઞિ પંચેંદ્રિય) જીવોને મન સિવાયની પાંચ પર્યાપ્તિઓ હોય છે.

દરેક જીવ ઉત્પત્તિ સ્થાને આવતાંની સાથે જ સ્વપ્રાયોગ્ય પર્યાપ્તિઓને પૂર્ણ કરવા પ્રયત્ન શરૂ કરી દે છે. તેમાં જે જીવોને પર્યાપ્ત નામ કર્મનો ઉદય હોય તે જ જીવો સ્વપ્રાયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરી શકે છે. જેને અપર્યાપ્ત નામ કર્મનો ઉદય હોય તે જીવ સ્વપ્રાયોગ્ય પર્યાપ્તિઓને પૂર્ણ કર્યા વિના જ મૃત્યુ પામે છે. અપર્યાપ્ત નામ કર્મ સ્થાવર દશકમાં આવશે.

(૪) **પ્રત્યેક શરીર**—જેનાથી જીવને સ્વતંત્ર એક શરીર પ્રાપ્ત થાય તે પ્રત્યેક શરીર નામ કર્મ. (૫) **સ્થિર**–જેનાથી શરીરના દાંત, હાડકાં આદિ અવયવો નિશ્ચલ બને તે સ્થિર નામ કર્મ. (૬) **શુભ**–જેનાથી નાભિથી ઉપરના શુભ અવયવો પ્રાપ્ત થાય તે શુભ નામકર્મ. નાભિથી ઉપરના અવયવો શુભ ગણાય છે. (૭) **સુભગ**–જેનાથી જીવ ઉપકાર ન કરવા છતાં સર્વને પ્રિય બને તે સુભગ નામ કર્મ. (૮) **સુસ્વર**–જેનાથી મધુર સ્વર પ્રાપ્ત થાય તે સુસ્વર નામ કર્મ. (૯) **આદેય**–જેનાથી જીવનું વચન ઉપાદેય બને, દર્શન માત્રથી સત્કાર–સન્માન થાય, તે આદેય નામ કર્મ. (૧૦) **યશ**–જેનાથી યશ–કીર્તિ–ખ્યાતિ મળે તે યશ નામ કર્મ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્થાવર દશક–**

ત્રસ દશકમાં ત્રસ આદિનો જે અર્થ છે તેનાથી વિપરીત અર્થ અનુક્રમે સ્થાવર આદિનો છે. જેમકે–ત્રસના અર્થથી સ્થાવરનો અર્થ વિપરીત છે. બાદરના અર્થથી સૂક્ષ્મનો અર્થ વિપરીત છે.

(૧) **સ્થાવર**–જેનાથી જીવ ઇચ્છા થવા છતાં અન્યત્ર ન જઈ શકે તે. (૨) **સૂક્ષ્મ**–જેનાથી સૂક્ષ્મ (આંખોથી ન દેખી શકાય તેવા) શરીરની પ્રાપ્તિ થાય તે. (૩) **અપર્યાપ્ત**– જેનાથી સ્વપ્રાયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ ન થાય તે. (૪) **સાધારણ શરીર**–જેનાથી અનંત જીવો વચ્ચે એક–સાધારણ (સર્વ સામાન્ય એક) શરીર પ્રાપ્ત થાય તે. (૫) **અસ્થિર**–જેનાથી કર્ણ, જીભ વગેરે અસ્થિર અંગો પ્રાપ્ત થાય છે તે. (૬) **અશુભ**–જેનાથી નાભિથી નીચેના અશુભ અવયવો મળે તે. નાભિથી નીચેના અવયવો લોકમાં અશુભ ગણાય છે. આથી કોઈ પગ વગેરે લગાડે તો તેના ઉપર ગુસ્સો થાય છે. (૭) **દુર્ભગ**–જેનાથી જીવ ઉપકાર કરવા છતાં અપ્રિય બને તે. (૮) **દુઃસ્વર**–જેનાથી સ્વર કઠોર (કાનને અપ્રિય બને તેવો) મળે તે. (૯) **અનાદેય**–જેનાથી યુક્તિયુક્ત અને સુંદરશૈલીથી કહેવા છતાં વચન ઉપાદેય ન બને તે. (૧૦) **અયશ**–જેનાથી પરોપકાર આદિ સારાં કાર્યો કરવા છતાં યશ–કીર્તિ ન મળે તે.

આ પ્રમાણે નામ કર્મના ૯૩ ભેદોનું વર્ણન પૂર્ણ થયું.

આ ૯૩ ભેદોમાં ૧૦ બંધન ઉમેરવામાં આવે તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦૩ સંખ્યા થાય છે. બંધનના અપેક્ષાએ ૫ અને અપેક્ષાએ ૧૫ ભેદો છે. એટલે જ્યારે બંધનના ૫ ભેદો ગણવામાં આવે ત્યારે ૯૩ અને ૧૫ ભેદો ગણવામાં આવે ત્યારે ૧૦ સંખ્યા વધતાં ૧૦૩ સંખ્યા થાય છે. હવે બંધનના ૧૫ ભેદોનો અને સંઘાતના ૫ ભેદોનો પાંચ શરીરમાં સમાવેશ કરવામાં આવે, તથા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ ચારના અવાંતર ભેદો ન ગણવામાં આવે, તો ૧૦૩ માંથી (બંધનના ૧૫, સંઘાતના ૫, વર્ણાદિ ચારના ૧૬ એમ) ૩૬ ભેદો ઓછા થવાથી કુલ ૬૭ ભેદો થાય છે. બંધ, ઉદય અને ઉદીરણાને આશ્રયીને ૬૭, અને સત્તાને આશ્રયીને ૯૩ કે ૧૦૩ સંખ્યા ગણવામાં આવે છે. [૧૨]

## ગોત્રકર્મના ભેદો–

## उच्चैर्नीचैश्च ॥ ८–१३ ॥

**ઉચ્ચ અને નીચ એમ ગોત્રના બે ભેદો છે.**

જેના ઉદયથી જીવ સારા–ઉચ્ચ કુળમાં જન્મે તે ઉચ્ચ ગોત્ર કર્મ, અને હલકા–નીચ કુળમાં જન્મે તે નીચ ગોત્ર કર્મ. ધર્મ અને નીતિનું રક્ષણ કરવાથી ઘણા કાળથી પ્રખ્યાતિને પામેલાં ઈક્ષ્વાકુ વંશ વગેરે ઉચ્ચ કુલો છે. અધર્મ અને અનીતિનું સેવન કરવાથી નિંદ્ય બનેલાં કસાઈ, માચ્છીમાર આદિનાં કુળો નીચ કુલો છે. [૧૩]

## અંતરાય કર્મના ભેદો–

## दानादीनाम् ॥ ८–१४ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય એમ અંતરાય કર્મના પાંચ ભેદો છે,**

(૧) **દાનાંતરાય**—દ્રવ્ય હાજર હોય, પાત્રનો યોગ હોય, પાત્રને આપવાથી લાભ થશે એમ જ્ઞાન પણ હોય, છતાં જેના ઉદયથી દાન આપવાનો ઉત્સાહ ન થાય, અથવા ઉત્સાહ હોવા છતાં અન્ય કોઇ કારણથી દાન ન આપી શકે, તે દાનાંતરાય કર્મ. (૨) **લાભાંતરાય**–દાતા વિદ્યમાન હોય, આપવા યોગ્ય વસ્તુ પણ હાજર હોય, માગણી પણ કુશળતાથી કરી હોય, છતાં જેના ઉદયથી યાચક ન મેળવી શકે તે લાભાંતરાય કર્મ. આ કર્મના ઉદયથી પ્રયત્ન કરવા છતાં ઈષ્ટ વસ્તુનો લાભ ન થાય. (૩) **ભોગાંતરાય**—વૈભવ આદિ હોય, ભોગની વસ્તુ હાજર હોય, ભોગવવાની ઇચ્છા પણ હોય, છતાં જેના ઉદયથી ઇષ્ટવસ્તુનો ભોગ ન કરી શકાય તે ભોગાંતરાય કર્મ. (૪) **ઉપભોગાંતરાય**—વૈભવ આદિ હોય, ઉપભોગ યોગ્ય વસ્તુ પણ હોય, ઉપભોગ કરવાની ઇચ્છા પણ હોય, છતાં જેના ઉદયથી ઉપભોગ ન કરી શકાય તે ઉપભોગાંતરાય કર્મ. (૫) **વીર્યાંતરાય**–જે કર્મના ઉદયથી નિર્બળતા પ્રાપ્ત થાય તે વીર્યાંતરાય કર્મ.

આમ મૂળ આઠ પ્રકૃતિના કુલ ૧૪૮ ભેદો છે. ૫ + ૯ + ૨ + ૨૮ + ૪ + [ ૬૫ + ૨૮ ] ૯૩ + ૨ + ૫ = ૧૪૮. આ અધ્યાયના છઠ્ઠા સૂત્રમાં મૂળ પ્રકૃતિના કુલ ૯૭ ભેદો જણાવ્યા છે. કારણ કે ત્યાં ચૌદ પિંડપ્રકૃતિઓના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પેટા વિભાગોની ગણતરી કરવામાં આવી નથી. ચૌદ પિંડ પ્રકૃતિઓના ભેદોને ગણવાથી ૫૧ ભેદો વધે છે. એટલે ૯૭ + ૫૧ = ૧૪૮ ભેદો થાય છે. આ ૧૪૮ ભેદો તથા બંધનના ભેદો ૧૦ ઉમેરવાથી ૧૫૮ ભેદો સત્તાની અપેક્ષાએ છે. ઉદય અને ઉદીરણાની અપેક્ષાએ નામકર્મની ૬૭ પ્રકૃતિઓ ગણવામાં આવતી હોવાથી ૧૨૨ ભેદો થાય છે. બંધની અપેક્ષાએ સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય એ બે પ્રકૃતિઓ નીકળી જવાથી ૧૨૦ ભેદો થાય છે. આ વિશે અધિક સ્પષ્ટતા માટે પ્રથમ કર્મગ્રંથ જોવાની જરૂર છે.

[ચાર પ્રકારના બંધમાં અહીં સુધી પ્રકૃતિ બંધનું વર્ણન કર્યું. હવ સ્થિતિબંધનું વર્ણન કરે છે. તેમાં પ્રથમ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ જણાવીને પછી જઘન્ય સ્થિતિબંધ જણાવશે.]

## સ્થિતિબંધ-

**आदितस्तिसृणामन्तरायस्य च त्रिंशत्सागरोपमकोटी-कोटयः परा स्थितिः ॥ ८-१५ ॥**

**सप्ततिर्मोहनीयस्य ॥ ८-१६ ॥**

**नामगोत्रयोर्विंशतिः ॥ ८-१७ ॥**

**त्रयस्त्रिंशत्सागरोपमाण्यायुष्कस्य ॥ ८-१८ ॥**

**अपरा द्वादश मुहूर्ता वेदनीयस्य ॥ ८-१९ ॥**

**नामगोत्रयोरष्टौ ॥ ८-२० ॥**

**शेषाणामन्तर्मुहूर्तम् ॥ ८-२१ ॥**

**પ્રારંભની ત્રણ પ્રકૃતિની, અર્થાત્ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને વેદનીયની; તથા અંતરાયકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ ૩૦ કોટાકોટિ સાગરોપમ છે. [૧૫]**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોહનીય કર્મની ઉત્કૃષ્ટસ્થિતિ ૭૦ કોડાકોડિ સાગરોપમ છે. [૧૬]

નામ અને ગોત્ર કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦ કોડાકોડિ સાગરોપમ છે [૧૭]

આયુષ્ય કર્મની ઉત્કૃષ્ટસ્થિતિ ૩૩ સાગરોપમ છે. [૧૮]

વેદનીય કર્મની જઘન્યસ્થિતિ ૧૨ મુહૂર્ત છે.[૧૯]

નામ અને ગોત્ર કર્મની જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત છે. [૨૦]

બાકીના-પાંચ (જ્ઞાના૦, દર્શના૦, મોહ૦, આયુ, અંતરાય) કર્મોની જ૦ સ્થિતિ અંતર્મુહૂર્ત છે. [૨૧]

સ્થિતિબંધનું કોષ્ટક—

| પ્રકૃતિ | ઉ. સ્થિતિ | પ્રકૃતિ | જ. સ્થિતિ |
|---|---|---|---|
| જ્ઞાના૦ દર્શના૦ વેદ૦ અંત૦ | ૩૦ કોડા. સા. | વેદનીય | ૧૨ મુહૂર્ત |
| મોહનીય | ૭૦ કોડા. સા. | નામ-ગોત્ર | ૮ મુહૂર્ત |
| નામ-ગોત્ર | ૨૦ કોડા. સા. | જ્ઞાના૦ દર્શના૦ મોહ૦ આયુ૦ અંત૦ | અંત મુહૂર્ત |
| આયુષ્ય | ૩૩ સા. | | |

૧. અહીં આયુષ્યનું અંતર્મુહૂર્ત 'ક્ષુલ્લક ભવ' પ્રમાણ જાણવું. અસંખ્યસમય = ૧ આવલિકા. ૨૫૬ આવલિકા = ૧ ક્ષુલ્લક ભવ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## રસબંધની વ્યાખ્યા–

**વિપાકોઽનુભાવઃ ॥ ૮–૨૨ ॥**

**કર્મનો વિપાક ( –ફળ આપવાની શક્તિ ) એ અનુભાવ ( –રસ છે.)**

પરિપાક, વિપાક, અનુભાવ, રસ, ફળ વગેરે શબ્દો એકાર્થક છે. કર્મબંધ વખતે કયું કર્મ તીવ્ર, મધ્યમ કે જઘન્ય ઇત્યાદિ કેવું ફળ આપશે એનો કર્માણુઓમાં રહેલ રસના આધારે નિર્ણય તે રસબંધ. [૨૨]

કર્મમાં ફળ આપવાની શક્તિ એ રસબંધ છે. આથી કયા કર્મમાં કયા પ્રકારનું ફળ આપવાની શક્તિ છે તે જણાવે છે–

**સ યથાનામ ॥ ૮–૨૩ ॥**

**સર્વ કર્મોનો વિપાક–ફળ પોત પોતાના નામ પ્રમાણે છે.**

જે કર્મનું જે નામ છે તે નામ પ્રમાણે તે કર્મનો વિપાક–ફળ મળે છે. તે આ પ્રમાણે : જ્ઞાનાવરણ કર્મનું ફળ જ્ઞાનનો અભાવ. દર્શનાવરણ કર્મનું ફળ દર્શનનો (સામાન્ય જ્ઞાનનો) અભાવ. વેદનીયનું ફળ સુખ કે દુઃખ. મોહનીયનું ફળ તત્ત્વો ઉપર શ્રદ્ધાનો તથા વિરતિ વગેરેનો અભાવ. આયુષ્યનું ફળ નરકગતિ આદિના જીવનની પ્રાપ્તિ. નામ કર્મનું ફળ શરીર આદિની પ્રાપ્તિ. ગોત્ર કર્મનું ફળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉચ્ચ કે નીચ ગોત્રમાં જન્મ. અંતરાયનું ફળ દાનાદિનો અભાવ.

## ઉપમા દ્વારા પ્રત્યેક કર્મના વિપાકનું વર્ણન–

જ્ઞાનાવરણ કર્મ આંખે બાંધેલા પાટા સમાન છે. આંખે પાટો બાંધવાથી જેમ કોઈ ચીજ દેખાતી નથી–જણાતી નથી, તેમ આત્માના જ્ઞાનરૂપ નેત્રને જ્ઞાનાવરણ કર્મ રૂપ પાટો આવી જવાથી આત્મા જાણી શકતો નથી. તથા જેમ જેમ પાટો જાડો તેમ તેમ ઓછું દેખાય, અને જેમ જેમ પાટો પાતળો તેમ તેમ વધારે દેખાય; તેમ જ્ઞાનાવરણનું આવરણ જેમ જેમ વધારે તેમ તેમ ઓછું જણાય, અને જેમ જેમ ઓછું તેમ તેમ વધારે જ્ઞાન થાય. આત્મા સર્વથા જ્ઞાનરહિત બનતો નથી. ગમે તેવાં વાદળો હોય તો પણ સૂર્યનો આછો પણ પ્રકાશ રહે છે, તેમ જીવને અલ્પ જ્ઞાન અવશ્ય હોય છે. દર્શનાવરણીય કર્મ પ્રતિહારના (–દ્વારપાળના) સમાન છે. પ્રતિહાર રાજ્યસભામાં આવતી વ્યક્તિને રોકી રાખે તો તેને જેમ રાજાનાં દર્શન થતાં નથી, તેમ દર્શનાવરણથી જીવ વસ્તુને જોઇ શકતો નથી, સામાન્ય બોધ રૂપ જ્ઞાન કરી શકતો નથી. વેદનીય કર્મ મધવડે લેપાયેલી તલવારની તીક્ષ્ણ ધાર સમાન છે. કેમ કે તેને ચાટતાં પ્રથમ સ્વાદ લાગે, પણ પરિણામે જીભ કપાતાં પીડા થાય. તેમ આ વેદનીય કર્મ દુઃખનો અનુભવ કરાવે છે અને તેનાથી સુખનો અનુભવ પણ પરિણામે દુઃખ આપનારો થાય છે. મોહનીય કર્મ મદિરા સમાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ મદિરાનું પાન કરવાથી માણસ વિવેક રહિત બની જાય છે, હિતાહિતનો વિચાર પણ કરી શકતો નથી, એથી અયોગ્ય ચેષ્ટા કરે છે. તેમ મોહનીય કર્મના યોગે જીવ વિવેક રહિત બને છે, અને આત્મા માટે હેય શું છે? ઉપાદેય શું છે? ઇત્યાદિ વિચાર કરી શકતો નથી. પરિણામે અયોગ્ય (–આત્માનું અહિત કરનારી) પ્રવૃત્તિ કરે છે. આયુષ્ય કર્મ બેડી સમાન છે. બેડીમાં બંધાયેલ જીવ અન્યત્ર જઈ શકતો નથી. તેમ આયુષ્ય રૂપ બેડીથી બંધાયેલ જીવ વર્તમાન ગતિનું આયુષ્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી બીજી ગતિમાં જઈ શકતો નથી. નામ કર્મ ચિત્રકાર સમાન છે. જેમ ચિત્રકાર મનુષ્ય, હાથી આદિનાં જુદાં જુદાં ચિત્રો–આકારો ચિત્રે છે; તેમ નામ કર્મ અરૂપી એવા આત્માના ગતિ, જાતિ, શરીર વગેરે અનેક રૂપો તૈયાર કરે છે. ગોત્ર કર્મ કુલાલ (કુંભાર) સમાન છે. કુલાલ સારા અને ખરાબ એમ બે પ્રકારના ઘડા બનાવે છે. તેમાં સારા ઘડાની કળશ રૂપે સ્થાપના થાય છે, અને ચંદન, અક્ષત, માળા આદિથી પૂજા થાય છે. ખરાબ ઘડાઓમાં મદ્ય આદિ ભરવામાં આવે છે. એથી તે ઘડા લોકમાં નિંદ્ય ગણાય છે. તેમ ગોત્રકર્મના યોગે ઉચ્ચ અને નીચ કુળમાં જન્મ પામી જીવની ઉચ્ચરૂપે અને નીચરૂપે ગણતરી થાય છે. અંતરાય કર્મ ભંડારી સમાન છે. જેમ દાન કરવાની ઇચ્છાવાળા રાજા આદિને તેનો લોભી ભંડારી દાન કરવામાં વિઘ્ન કરે છે તેમ અંતરાય કર્મ દાન આદિમાં વિઘ્ન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| કર્મ | ઉપમા | ફળ |
|---|---|---|
| જ્ઞાના૦ | પાટા (આંખના) | વિશેષબોધરૂપ જ્ઞાન ન થાય. |
| દર્શના૦ | પ્રતિહાર | સામાન્યબોધરૂપ જ્ઞાન ન થાય |
| વેદનીય | મધથી લેપાયેલ અસિની તીક્ષ્ણધાર | દુઃખનો અનુભવ, સુખ પણ પરિણામે દુઃખ આપનાર બને |
| મોહનીય | મદિરા | વિવેક અને હિતપ્રવૃત્તિ નહિ |
| આયુષ્ય | બેડી | મનુષ્યગતિ આદિમાં રહેવું પડે |
| નામ | ચિત્રકાર | ગતિ, જાતિ આદિ વિકાર |
| ગોત્ર | કુલાલ ( કુંભાર ) | ઉચ્ચ-નીચનો વ્યવહાર |
| અંતરાય | ભંડારી | દાન આદિમાં અંતરાય |

## ફળ આપ્યા પછી કર્મોનું શું થાય છે તેનું પ્રતિપાદન–

ततश्च निर्जरा ॥ ૮–૨૪ ॥

**કર્મોનું ફળ ભોગવ્યા પછી કર્મોની નિર્જરા થાય છે.**

નિર્જરા એટલે કર્મોનું આત્મપ્રદેશોથી છૂટા પડી જવું. નિર્જરા બે પ્રકારે થાય છે. (૧) જેમ ઝાડ ઉપર રહેલી કેરી કાળે કરી સ્વાભાવિક રીતે પાકે છે, તેમ કર્મની સ્થિતિનો પરિપાક થવાથી સ્વાભાવિક રીતે ઉદયમાં આવી પોતાનું ફળ આપી છૂટા પડી જાય. આ નિર્જરાને વિપાકજ નિર્જરા કહેવામાં આવે છે. (૨) જેમ કેરી આદિને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘાસ વગેરેમાં નાખીને જલદી પકાવવામાં આવે છે, તેમ કર્મની સ્થિતિનો પરિપાક ન થયો હોય, પણ તપ આદિથી તેની સ્થિતિ ઘટાડીને જલદી ઉદયમાં લાવીને ફળ આપવા સન્મુખ કરવાથી જે નિર્જરા થાય તે અવિપાકજ નિર્જરા.[૨૪]

## પ્રદેશબંધનું વર્ણન-

**नामप्रत्ययाः सर्वतो योगविशेषात् सूक्ष्मैकक्षेत्रावगाढस्थिताः सर्वात्मप्रदेशेषु अनन्तानन्तप्रदेशाः ॥ ८-२५ ॥**

**નામનિમિત્તક=પ્રકૃતિનિમિત્તક, સર્વ તરફથી, યોગવિશેષથી, સૂક્ષ્મ, એકક્ષેત્રાવગાઢ, સ્થિર, સર્વ આત્મ પ્રદેશોમાં, અનંતાઅનંત પ્રદેશવાળા અનંતા કર્મસ્કંધો બંધાય છે.**

આ સૂત્રને બરોબર સમજવા નીચેના આઠ પ્રશ્નો અને તેના ઉત્તરો સમજવાની જરૂર છે.

(૧) પ્રદેશો (કર્મદલિકો) કોનું કારણ છે? અર્થાત્ પ્રદેશોથી શું કાર્ય થાય છે?

(૨) જીવ પ્રદેશોને (=કર્મપુદ્ગલને) સર્વ દિશાઓમાંથી ગ્રહણ કરે છે કે કોઇ એક દિશામાંથી ગ્રહણ કરે છે?

(૩) દરેક સમયે સમાન કર્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે કે વધારે ઓછા પણ ગ્રહણ કરે છે? અથવા સઘળા જીવો એક સરખા પુદ્ગલો ગ્રહણ કરે છે કે વધારે ઓછા પણ ગ્રહણ કરે છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) સ્થૂલ કર્મપુદ્ગલોને ગ્રહણ કરે છે કે સૂક્ષ્મ કર્મપુદ્ગલોને ?

(૫) કયા સ્થળે રહેલા કર્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે ?

(૬) ગતિમાન પુદ્ગલોને ગ્રહણ કરે છે કે સ્થિત પુદ્ગલોને ?

(૭) ગ્રહણ કરેલા કર્મપુદ્ગલોનો આત્માના અમુક જ પ્રદેશોમાં સંબંધ થાય છે કે સઘળા પ્રદેશોમાં ?

(૮) એકી વખતે કેટલા પ્રદેશવાળા સ્કંધોનો બંધ થાય છે ?

આ આઠ પ્રશ્નોના ઉત્તરો આ સૂત્રમાં ક્રમશઃ " नामप्रत्ययाः, सर्वतः, योगविशेषात्, सूक्ष्म, एकक्षेत्रावगाढ, स्थिताः, सर्वात्मप्रदेशेषु, अनन्तानन्तप्रदेशाः " એ આઠ શબ્દોથી આપવામાં આવ્યો છે. તે આ પ્રમાણે :—

(૧) પ્રદેશો નામનાં કારણ છે, એટલે કે કર્મોનાં જ્ઞાનાવરણીય આદિ જે સાર્થક નામો છે તેનાં કારણ છે. કર્મોનાં નામો તેમના ( ફળ આપવાના ) સ્વભાવ પ્રમાણે છે. બંધસમયે જ કર્મપ્રદેશોમાં સ્વભાવ નક્કી થાય છે, અને એ અનુસારે તેમનું ( કર્મપ્રદેશોનું ) નામ પડે છે. જે કર્મ-પ્રદેશોમાં જ્ઞાન ગુણને આવરવાનો સ્વભાવ નક્કી થાય છે તે કર્મપ્રદેશોનું જ્ઞાનાવરણ એવું નામ નક્કી થાય છે. જે કર્મપ્રદેશોમાં દર્શનગુણને આવરવાનો સ્વભાવ નક્કી થાય છે તે કર્મપ્રદેશોનું દર્શનાવરણ એવું નામ પડે છે. આમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રદેશોમાં સ્વભાવ તથા સ્વભાવ પ્રમાણે નામ નક્કી થાય છે. પ્રદેશો વિના સ્વભાવ કે નામ નક્કી ન થઈ શકે. માટે પ્રદેશો નામનાં અથવા સ્વભાવનાં (–પ્રકૃતિનાં) કારણ છે. આ ઉત્તર આપણને સૂત્રમાં રહેલા 'નામપ્રત્યયાઃ' શબ્દથી મળે છે. નામ એટલે તે તે કર્મનું સાર્થક નામ અથવા સ્વભાવ.[૧] તેના પ્રત્યય એટલે કારણ.

(૨) જીવ ચાર દિશા, ચાર વિદિશા, ઊર્ધ્વદિશા અને અધોદિશા એ દશે દિશામાંથી કર્મપુદ્ગલોને ગ્રહણ કરે છે. આ ઉત્તર સૂત્રમાં રહેલ સર્વતઃ શબ્દથી મળે છે.

(૩) કોઈ એક જીવ દરેક સમયે સમાન પુદ્ગલો ગ્રહણ કરતો નથી, વધારે ઓછા પુદ્ગલો ગ્રહણ કરે છે. કારણકે પ્રદેશબંધ યોગથી–વીર્યવ્યાપારથી થાય છે. જીવનો યોગ–વીર્યવ્યાપાર દરેક સમયે એક સરખો જ રહેતો નથી, વધારે ઓછો થાય છે. જેમ જેમ યોગ વધારે તેમ તેમ અધિક પુદ્ગલો ગ્રહણ કરે છે. જેમ જેમ યોગ ઓછો તેમ તેમ ઓછા પુદ્ગલો ગ્રહણ કરે છે. યદ્યપિ કોઈ વખત એક સરખો યોગ હોય છે. પણ તે વધારેમાં વધારે આઠ સમય સુધી જ રહે છે. પછી અવશ્ય યોગમાં ફેરફાર થાય છે. આથી જીવ દરેક સમયે સમાન પુદ્ગલો ગ્રહણ કરતો નથી, પોતાના યોગ પ્રમાણે વધારે ઓછા પુદ્ગલો ગ્રહણ કરે છે.

---

૧. સ્વભાવ પ્રમાણે જ કર્મોના નામ છે. અથવા નામ પ્રમાણે કર્મોના સ્વભાવ છે. આથી નામનો અર્થ સ્વભાવ પણ થઈ શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા વિવક્ષિત કોઈ એક સમયે સર્વ જીવોને સમાન જ પ્રદેશોનો બંધ થાય એવો નિયમ નથી. જે જીવોનો સમાન યોગ હોય તે જીવોને સમાન પુદ્ગલોનો બંધ થાય છે. જે જીવોના યોગમાં જેટલા અંશે યોગની તરતમતા હોય તે જીવોમાં તેટલા અંશે તરતમતાવાળો પ્રદેશબંધ થાય, આનું તાત્પર્ય એ આવ્યું કે કોઈ પણ જીવને કોઈ પણ સમયે પોતાના યોગ પ્રમાણે પ્રદેશો બંધાય. આ જવાબ યોગવિશેષાત્ શબ્દથી મળે છે.

(૪) આ વિશ્વમાં આંખોથી ન દેખી શકાય તેવા અનેક પ્રકારના સૂક્ષ્મ પુદ્ગલો સર્વત્ર વ્યાપેલા છે. પણ તે દરેક પુદ્ગલો કર્મ રૂપે બની શકતા નથી. જે પુદ્ગલો અત્યંત સૂક્ષ્મ હોય (–કર્મ રૂપે બની શકે તેવા સૂક્ષ્મ હોય) તે જ પુદ્ગલો કર્મ રૂપે બની શકે છે. જેમ જાડો લોટ–કણેક રોટલી બનાવવા માટે અયોગ્ય છે. તેમ બાદર પુદ્ગલો કર્મ બનવા માટે અયોગ્ય છે. કર્મ રૂપે બની શકે તેવા પુદ્ગલોના સમૂહને કાર્મણ વર્ગણા કહેવામાં આવે છે. જીવ કાર્મણ વર્ગણામાં રહેલા સૂક્ષ્મ પુદ્ગલોને લઈને કર્મ રૂપે બનાવે છે. આ ઉત્તર સૂત્રમાં રહેલ સૂક્ષ્મ શબ્દથી મળે છે.

(૫) અન્ય પુદ્ગલોની જેમ કાર્મણ વર્ગણાના પુદ્ગલો પણ સર્વત્ર રહેલા છે. જીવ સર્વત્ર રહેલા કાર્મણ વર્ગણાના પુદ્ગલોનું ગ્રહણ કરતો નથી, કિન્તુ જેટલા સ્થાનમાં પોતાના (જીવના) પ્રદેશો છે તેટલા જ સ્થાનમાં રહેલા કાર્મણ વર્ગ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ણાના પુદ્ગલોનું ગ્રહણ કરે છે. અહીં અગ્નિનું દૃષ્ટાંત છે. જેમ અગ્નિ પોતે જેટલા સ્થાનમાં છે તેટલા જ સ્થાનમાં રહેલ બાળવા યોગ્ય વસ્તુને બાળે છે. પણ પોતાના સ્થાનથી દૂર-બહાર વસ્તુને બાળતો નથી. તેમ જીવ પોતાના ક્ષેત્રમાં જ રહેલા કર્મપુદ્ગલોનું ગ્રહણ કરે છે, પોતાના ક્ષેત્રથી દૂર રહેલા કર્મપુદ્ગલોને ગ્રહણ કરતો નથી. આ ઉત્તર સૂત્રમાં રહેલ 'एकक्षेत्रावगाढ' શબ્દથી મળે છે.

(૬) કાર્મણ વર્ગણાના જે પુદ્ગલો સ્થિત હોય-ગતિ રહિત હોય તે જ પુદ્ગલોનું ગ્રહણ થાય છે. આથી ગતિમાન કાર્મણ વર્ગણાના પુદ્ગલોનો બંધ થતો નથી. આ ઉત્તર 'स्थिताः' એ શબ્દથી મળે છે.

(૭) જીવ સર્વ આત્મપ્રદેશો વડે કર્મ પુદ્ગલોનું ગ્રહણ કરે છે. આ વિષયને સમજવા શૃંખલાનું દૃષ્ટાંત છે. જેમ શૃંખલાની (-સાંકળની) દરેક કડી પરસ્પર જોડાયેલી હોવાથી એક કડીનું ચલન થતાં સર્વ કડીઓનું ચલન થાય છે. તેમ જીવના સર્વ પ્રદેશો પરસ્પર જોડાયેલા હોવાથી જ્યારે કર્મપુદ્ગલોનું ગ્રહણ કરવા કોઈ એક પ્રદેશ વ્યાપાર કરે છે ત્યારે અન્ય સર્વ પ્રદેશો વ્યાપાર કરે છે. હા, કેટલાક પ્રદેશોનો વ્યાપાર ન્યૂન હોય, કેટલાક પ્રદેશોનો વ્યાપાર ન્યૂનતર હોય, એમ વ્યાપારમાં તારતમ્ય અવશ્ય હોય છે. દા. ત. જ્યારે આપણે ઘડાને ઉપાડીએ છીએ ત્યારે હાથના સમગ્ર ભાગોમાં વ્યાપાર હોવા છતાં હથેલીના ભાગમાં વ્યાપાર વિશેષ હોય છે, કાંડાના ભાગમાં તેનાથી ન્યૂન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યાપાર હોય છે. તે જ પ્રમાણે પ્રસ્તુતમાં કર્મપુદ્ગલોને ગ્રહણ કરવાનો વ્યાપાર સર્વ આત્મ પ્રદેશોમાં હોય છે. પણ વ્યાપારમાં તરતમતા અવશ્ય હોય છે. દરેક આત્મપ્રદેશમાં કર્મગ્રહણનો વ્યાપાર હોવાથી દરેક આત્મપ્રદેશમાં આઠે ય કર્મોના પ્રદેશો સંબદ્ધ હોય છે. આ ઉત્તર આપણને સૂત્રમાં રહેલ सर्वात्मप्रदेशेषु એ શબ્દથી મળે છે.

(૮) પ્રદેશબંધમાં એક, બે, ત્રણ એમ છૂટા છૂટા પુદ્ગલો–કર્માણુઓ બંધાતા નથી, કિન્તુ મોટા જથ્થા રૂપે[1] બંધાય છે. તેમાં પણ એકી સાથે એક, બે, ત્રણ, ચાર, યાવત્ સંખ્યાત કે અસંખ્યાત જથ્થા બંધાતા નથી, કિન્તુ અનંત જથ્થા જ બંધાય છે. તથા એક એક જથ્થામાં અનંતા કર્માણુઓ હોય છે આથી એકી વખતે દરેક આત્મપ્રદેશમાં અનંતાનંત કર્માણુઓ બંધાય છે. આ ઉત્તર સૂત્રમાં રહેલ ' अनन्तानन्तप्रदेशाः ' એ શબ્દથી મળે છે. [૨૫]

[ પૂર્વે છઠ્ઠા અધ્યાયમાં શુભયોગ પુણ્ય કર્મનો આસ્રવ છે અને અશુભયોગ પાપકર્મનો આસ્રવ છે એમ જણાવ્યું છે. આથી કર્મોના પુણ્ય અને પાપ એમ બે ભેદો છે એમ ગર્ભિત રીતે સૂચન થઈ ગયું છે. આથી કયાં કર્મો પુણ્ય સ્વરૂપ છે અને કયાં કર્મો પાપ સ્વરૂપ છે એ જણાવવું જરૂરી હોવાથી નીચેના સૂત્રમાં પુણ્ય કર્મોને જણાવીને બાકીનાં પાપ કર્મો છે એવું ગર્ભિત સૂચન કરે છે. ]

---

૧. આ મોટા જથ્થાને શાસ્ત્રની ભાષામાં સ્કંધ કહેવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પુણ્ય પ્રકૃતિઓનો નિર્દેશ–

**સદ્વેદ્ય-સમ્યક્ત્વ-હાસ્ય-રતિ-પુરુષવેદ-શુભાયુર્નામ-ગોત્રાણિ પુણ્યમ્ ॥ ૮–૨૬ ॥**

**સાતાવેદનીય, સમ્યક્ત્વ મોહનીય, હાસ્ય, રતિ, પુરુષવેદ, શુભ આયુષ્ય, શુભનામ અને શુભગોત્ર એ પુણ્ય પ્રકૃતિઓ છે.**

આયુષ્યમાં દેવ અને મનુષ્ય એ બે આયુષ્ય શુભ છે. નામની શુભ પ્રકૃતિઓ ૩૭ છે. તે આ પ્રમાણે–મનુષ્યગતિ, દેવગતિ, પંચેંદ્રિયજાતિ, પાંચ શરીર, ત્રણ અંગોપાંગ, વજ્રઋષભનારાચ સંહનન, સમચતુરસ્ર સંસ્થાન, [1]પ્રશસ્તવર્ણ, પ્રશસ્તગંધ, પ્રશસ્ત રસ, પ્રશસ્ત સ્પર્શ, મનુષ્ય ગતિ–આનુપૂર્વી, દેવગતિ–આનુપૂર્વી, શુભવિહાયોગતિ, ઉપઘાત સિવાયની સાત પ્રત્યેક પ્રકૃતિઓ (પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, અગુરુલઘુ, તીર્થંકર, નિર્માણ), ત્રસદશક અને ઉચ્ચ ગોત્ર શુભ છે.

વેદનીયમાં (સાતાવેદનીય) ૧, મોહનીયમાં (સમ્યક્ત્વ

---

૧. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના કેટલાક ભેદો પુણ્ય અને કેટલાક ભેદો પાપ સ્વરૂપ હોવાથી સામાન્યથી વર્ણ ચતુષ્ક ઉભય સ્વરૂપ છે. વિશેષથી રક્ત, પીત અને શ્વેત એ ત્રણ વર્ણ, સુરભિગંધ, કષાય, અમ્લ અને મધુર એ ત્રણ રસ, લઘુ, મૃદુ, સ્નિગ્ધ અને ઉષ્ણ એ ચાર સ્પર્શ, એમ અગિયાર પુણ્યસ્વરૂપ અને બાકીના નવ પાપ સ્વરૂપ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોહનીય આદિ) ૪, આયુષ્યમાં (દેવ-મનુષ્ય) ૨, નામ કર્મમાં ૩૭, ગોત્રમાં ૧-એમ કુલ ૪૫ પુણ્ય પ્રકૃતિઓ છે.

કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોમાં સમ્યક્ત્વ મોહનીય, હાસ્ય, રતિ, પુરુષવેદ એ ચાર પ્રકૃતિ રહિત તથા તિર્યંચાયુ સહિત ૪૨ પ્રકૃતિઓને પુણ્ય રૂપે બતાવવામાં આવી છે. પુણ્ય-પાપની વ્યાખ્યામાં ભેદ આ મતાંતરમાં કારણ લાગે છે.[૧] તત્ત્વાર્થકારના મતે અનુકૂળ રૂપે વેદાય તે પુણ્ય અને પ્રતિકૂળ રૂપે વેદાય તે પાપ. કર્મપ્રકૃતિ આદિ ગ્રંથકારોના મતે આત્મવિકાસને સાધક કર્મ પુણ્ય અને આત્મવિકાસને બાધક કર્મ પાપ. સમ્યક્ત્વ મોહનીય આદિ અનુકૂળ રૂપે વેદાય છે માટે તત્ત્વાર્થકારના મતે પુણ્ય સ્વરૂપ છે. પણ તે પ્રકૃતિઓ આત્મવિકાસમાં બાધક હોવાથી કર્મપ્રકૃતિ આદિ ગ્રંથકારોના મતે પાપ સ્વરૂપ છે. તિર્યંચોને નારકોની જેમ મરવું ગમતું નથી એથી કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોમાં તેને પુણ્યરૂપે માનવામાં આવી છે.

પુણ્યપ્રકૃતિ સિવાયની સઘળી પ્રકૃતિઓ પાપ પ્રકૃતિઓ છે. ઉદયની અપેક્ષાએ ૧૨૨ પ્રકૃતિઓમાંથી ૪૫ પુણ્ય પ્રકૃતિઓને બાદ કરતાં અને વર્ણચતુષ્કને ઉમેરતાં ૮૧ પ્રકૃતિઓ પાપ રૂપ છે. તે આ પ્રમાણે:-જ્ઞાનાવરણીયની ૫, દર્શનાવરણીયની ૯, વેદનીયની ૧, મોહનીયની ૨૪, આયુષ્યની ૨, નામની ૩૪, ગોત્રની ૧, અંતરાયની ૫ = ૮૧.

**પ્રશ્ન:**-નવતત્ત્વ વગેરે ગ્રંથોમાં ૮૨ પાપ પ્રકૃતિઓ જણાવી છે તે કેવી રીતે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તરઃ–ત્યાં નામકર્મના ૬૭ [1]ભેદોની ગણતરી કરવામાં આવી છે. આથી નામકર્મની ૩૪, ચાર ઘાતી કર્મોની ૪૫, અને શેષ ત્રણ અઘાતીની (વે. ૧, ગો. ૧, આ. ૧) ૩ એમ કુલ ૮૨ પ્રકૃતિઓ પાપ સ્વરૂપ છે. નવતત્ત્વ વગેરે ગ્રંથોમાં બંધની અપેક્ષાએ ૧૨૦ પ્રકૃતિઓને આશ્રયીને ૪૨ પુણ્ય પ્રકૃતિઓ અને ૮૨ પાપ પ્રકૃતિઓ જણાવી છે. [૨૬]

卐

૧. નામ કર્મના ૬૭ ભેદો અંગે પ્રસ્તુત અધ્યયના ૧૨ મા સૂત્રમાં જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# નવમો અધ્યાય

## સંવરની વ્યાખ્યા-

आस्रवनिरोधः संवर ॥ ९-१ ॥

**[1]આસ્રવનો નિરોધ એ સંવર છે.**

દેશસંવર અને સર્વસંવર એમ બે પ્રકારે સંવર છે. સર્વ સંવર એટલે સર્વ પ્રકારના આસ્રવોનો અભાવ. દેશ-સંવર એટલે અમુક થોડા આસ્રવોનો અભાવ. સર્વ સંવર ચૌદમા ગુણસ્થાને હોય છે. તેની નીચેના ગુણસ્થાનોમાં દેશ સંવર હોય છે. દેશ સંવર વિના સર્વ સંવર થાય નહિ માટે પ્રથમ દેશ સંવર માટે પ્રયત્ન કરવો જોઇએ.[2] દેશ સંવરના ઉપાયો નીચેના સૂત્રમાં જણાવશે. [૧]

## સંવરના ઉપાયો-

**स गुप्ति-समिति-धर्माऽनुप्रेक्षा-परीषहजय-चारित्रैः ॥९-२॥**

**ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરીષહજય અને ચારિત્રથી સંવર થાય છે. [૨][3]**

---

૧. આસ્રવનું વિસ્તૃત વર્ણન છઠ્ઠા અધ્યાયમાં આવી ગયું છે.

૨. સંવરના વિશેષ જ્ઞાન માટે જુઓ અધ્યાય-૧ સૂત્ર-૩.

૩. ગુપ્તિ આદિનું વર્ણન ગ્રંથકાર સ્વયં આ અધ્યાયના ચોથા સૂત્રથી શરૂ કરશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## નિર્જરાનો ઉપાય–

**तपसा निर्जरा च ॥ ९–३ ॥**

**તપથી નિર્જરા અને સંવર બંને થાય છે.**

યદ્યપિ ગુપ્તિ આદિથી પણ સંવરની જેમ નિર્જરા પણ થાય છે. પણ તપથી અધિક નિર્જરા થાય છે. માટે તપમાં નિર્જરાની પ્રધાનતા છે, અને ગુપ્તિ આદિમાં સંવરની પ્રધાનતા છે. [૩]

## ગુપ્તિની વ્યાખ્યા–

**सम्यग् योगनिग्रहो गुप्तिः ॥ ९–४ ॥**

**મન, વચન અને કાયા એ ત્રણ યોગોનો સમ્યગ્ નિગ્રહ એ ગુપ્તિ છે.**

સમ્યગ્ એટલે કેવા યોગોથી કર્મબંધ થાય છે, અને કેવા યોગોથી સંવર કે નિર્જરા થાય છે, એમ જાણીને તેની શ્રદ્ધા કરવી. જ્ઞાન–શ્રદ્ધા યુક્ત યોગનિગ્રહ સમ્યક્ છે. અર્થાત્ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન પૂર્વક થતો યોગ–નિગ્રહ સમ્યગ્ છે. આથી સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન વિના થતો યોગનિગ્રહ ગુપ્તિ નથી, કિન્તુ ક્લેશરૂપ છે. અહીં નિગ્રહનો અર્થ કેવળ નિવૃત્તિ નથી, કિન્તુ પ્રવૃત્તિ–નિવૃત્તિ ઉભય છે. શાસ્ત્રનિષિદ્ધથી યોગોની નિવૃત્તિ અને શાસ્ત્રવિહિતમાં યોગોની પ્રવૃત્તિ એ યોગનિગ્રહ છે. યોગો ત્રણ હોવાથી ગુપ્તિના કાયગુપ્તિ, વચનગુપ્તિ અને મનોગુપ્તિ એ ત્રણ ભેદો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) **કાયગુપ્તિ :**—કાયોત્સર્ગ આદિ દ્વારા કાય-વ્યાપારની નિવૃત્તિ અથવા શાસ્ત્રવિહિત અનુષ્ઠાનોમાં શાસ્ત્રોક્ત વિધિ મુજબ પ્રવૃત્તિ એ કાયગુપ્તિ છે.

(૨) **વચનગુપ્તિ :**—મૌન દ્વારા વચનવ્યાપારની નિવૃત્તિ અથવા શાસ્ત્રોક્ત વિધિ મુજબ સ્વાધ્યાય, ઉપદેશ આદિમાં વચનની પ્રવૃત્તિ એ વચનગુપ્તિ છે.

(૩) **મનોગુપ્તિ :**—આર્તધ્યાન અને રૌદ્રધ્યાન રૂપ અશુભ વિચારોથી નિવૃત્તિ અથવા ધર્મધ્યાન કે શુક્લધ્યાન રૂપ શુભ ધ્યાનમાં મનની પ્રવૃત્તિ અથવા શુભ–અશુભ બંને પ્રકારના વિચારોનો[૧] ત્યાગ એ મનોગુપ્તિ છે. [૪]

## સમિતિનું વર્ણન–

**ઈર્યા-ભાષૈષણા-ઽઽદાનનિક્ષેપોત્સર્ગાઃ સમિતયઃ ॥૯-૫॥**

**ઈર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપ અને ઉત્સર્ગ એ પાંચ સમિતિ છે.**

સમિતિ શબ્દમાં સમ્ અને ઇતિ એ બે શબ્દો છે. સમ્ એટલે સમ્યગ્. ઇતિ એટલે પ્રવૃત્તિ. સમ્યગ્ પ્રવૃત્તિ એ સમિતિ છે. સમ્યગ્ એટલે શાસ્ત્રોક્ત વિધિ મુજબ. સમિતિ (સમ્યગ્ પ્રવૃત્તિ) અનેક પ્રકારની છે. તે સઘળી પ્રવૃત્તિઓનો અહીં ઈર્યા આદિ પાંચમાં સમાવેશ થઈ જાય છે. સમિતિ કેવળ પ્રવૃત્તિ સ્વરૂપ છે અને ગુપ્તિ પ્રવૃત્તિ–નિવૃત્તિ ઉભય સ્વરૂપ છે. આથી ગુપ્તિમાં સમિતિનો

૧. આ મનોગુપ્તિ યોગનિરોધ અવસ્થામાં હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમાવેશ થઈ જાય છે. આમ છતાં બાળ જીવોને શીઘ્ર અને સ્પષ્ટ બોધ થાય એ હેતુને લક્ષ્યમાં રાખીને સમિતિનું અલગ વર્ણન કર્યું છે.

(૧) **ઈર્યાસમિતિ**—ઈર્યા એટલે જવું. સંયમની રક્ષાને ઉદ્દેશીને આવશ્યક કાર્ય માટે [૧]યુગપ્રમાણ ભૂમિનું નિરીક્ષણ કરવા પૂર્વક જ્યાં લોકોનું ગમનાગમન થતું હોય અને સૂર્યનો પ્રકાશ પડતો હોય તેવા માર્ગે ધીમી ગતિથી જવું તે ઈર્યાસમિતિ. (૨) **ભાષા સમિતિ**—ભાષા એટલે બોલવું. જરૂર પડે ત્યારે જ, સ્વ-પરને હિતકારી, પ્રમાણોપેત, નિરવદ્ય, અને સ્પષ્ટ વચનો બોલવાં તે ભાષાસમિતિ.[૨] (૩) **એષણા સમિતિ**—એષણા એટલે ગવેષણા કરવી, તપાસવું. સંયમના નિર્વાહ માટે જરૂરી વસતિ, વસ્ત્ર, પાત્ર, આહાર, ઔષધ આદિ વસ્તુઓની શાસ્ત્રોક્ત વિધિ મુજબ તપાસ કરવી તે એષણાસમિતિ. અર્થાત્ શાસ્ત્રોક્ત વિધિ મુજબ તપાસ કરીને દોષ રહિત આહાર આદિનું ગ્રહણ

૧ યુગ એટલે બળદોને ગાડામાં જોડવાની ધોંસરી. ધોંસરી લગભગ ૩॥ હાથ પ્રમાણ હોય છે.

૨ ભાષા સમિતિના પાલન માટે કેવી વાણી બોલવી જોઇએ તે અંગે ઉપદેશમાળા ગ્રંથમાં નીચે મુજબ ગાયા છે.

**महुरं निउणं थोवं कज्जावडियं अगव्वियमतुच्छं ।**
**पुव्विं मइसंकलियं भणंति जं धम्मसंजुत्तं ॥**

વિચક્ષણો મધુર, નિપુણ, અલ્પ, કાર્ય પૂરતું, અભિમાન રહિત, ઉદાર, વિચારપૂર્વક અને ધર્મયુક્ત વચન બોલે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવું તે એષણા સમિતિ. (૪) **આદાન-નિક્ષેપ સમિતિ**– આદાન એટલે ગ્રહણ કરવું. નિક્ષેપ એટલે મૂકવું. સંયમનાં ઉપકરણોને ચક્ષુથી જોઈને તથા રજોહરણ આદિથી પ્રમાર્જીને ગ્રહણ કરવાં તથા ભૂમિનું નિરીક્ષણ-પ્રમાર્જન કરીને મૂકવાં તે આદાન-નિક્ષેપ સમિતિ.

(૫) **ઉત્સર્ગ સમિતિ**—ઉત્સર્ગ એટલે ત્યાગ. શાસ્ત્રોક્ત વિધિ મુજબ ભૂમિનું નિરીક્ષણ-પ્રમાર્જન કરીને મલ આદિનો ત્યાગ કરવો તે ઉત્સર્ગ સમિતિ.

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને અષ્ટ પ્રવચન માતા તરીકે સંબોધવામાં-માનવામાં આવે છે. જેમ માતા બાળકને જન્મ આપે છે, પછી તેનું રક્ષણ અને પોષણ કરે છે, તેમ પાંચસમિતિ અને ત્રણ ગુપ્તિ પ્રવચનને=સંયમને જન્મ આપે છે. તેનું રક્ષણ-પોષણ કરે છે. તેને શુદ્ધ બનાવે છે. ગુપ્તિ અને સમિતિ વિના સંયમ હોય નહિ, તથા સ્વીકારેલા સંયમનું રક્ષણ કે પાલન ન થઈ શકે. આમ સમિતિ અને ગુપ્તિ સંયમની પ્રાપ્તિમાં તથા સ્વીકારેલા સંયમના રક્ષણ-પાલનમાં પ્રધાન કારણ હોવાથી સંયમની-પ્રવચનની માતા છે. [૫]

## ધર્મનું વર્ણન–

**ઉત્તમઃ ક્ષમા-માર્દવા-ઽઽર્જવ-શૌચ-સત્ય-સંયમ-તપસ્ત્યાગા-ઽઽકિઞ્ચન્ય-બ્રહ્મચર્યાણિ ધર્મઃ ॥ ૯-૬ ॥**

**ઉત્કૃષ્ટ ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય,**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એમ દશ પ્રકારનો (યતિ) ધર્મ છે.**

સાધુધર્મ અને ગૃહસ્થધર્મ એ બે પ્રકારના ધર્મમાં અહીં સાધુધર્મનું વર્ણન છે. આથી જ સૂત્રમાં ઉત્તમ શબ્દનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઉત્કૃષ્ટ પ્રકારનો ક્ષમા આદિ ધર્મ સાધુઓને જ હોય છે. ગૃહસ્થોને ક્ષમા આદિ સામાન્ય હોય છે.

(૧) **ક્ષમા**–ક્ષમા એટલે સહિષ્ણુતા. બાહ્ય કે આંતરિક (–શારીરિક કે માનસિક) પ્રતિકૂળતામાં નિમિત્ત બનનાર ઉપર ક્રોધ ન કરવો, ગફલતથી ક્રોધનો ઉદય થઈ જાય તો તેને નિષ્ફળ બનાવવો (–અંતરમાં ક્રોધ હોય, પણ બહાર ન લાવવો, અને તુરત શમાવી દેવો. જેથી તેનાં વૈમનસ્ય આદિ નવાં અશુભ ફળો ન આવે.) એ ક્ષમા છે. ક્ષમાની સાધના માટે નીચેના પાંચ મુદ્દા વિચારવાની જરૂર છે. (૧) દોષનો સદ્‌ભાવ–અસદ્‌ભાવ, (૨) ક્રોધના દોષો, (૩) બાલ સ્વભાવ, (૪) સ્વકર્મોદય, (૫) ક્ષમાગુણ.

(૧) જ્યારે કોઇ આપણને અપ્રિય કહે, આપણા દોષો બોલે ત્યારે વિચારવું કે એ મારા જે દોષો બોલે છે તે મારામાં છે કે નહિ? વિચારતાં જણાય છે કે એ દોષો મારામાં છે તો એ બોટું શું બોલે છે કે જેથી તેના ઉપર ગુસ્સો કરવો? જો એ જે કહે છે તે સાચું છે તો એના ઉપર શા માટે ગુસ્સો કરવો? એમ વિચારીને ક્ષમા ધારણ કરવી. (૨) હવે જો વિચારતાં જણાય કે મારામાં એ દોષો નથી, તો એ અજ્ઞાનતાથી બોલે છે એમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેની અજ્ઞાનતાનો દોષ કાઢવો. એનો દોષ ન કાઢવો. જો એ દોષિત નથી તો પછી એના ઉપર ગુસ્સો શા માટે કરવો ? એમ વિચારીને ક્ષમા ધારણ કરવી. તથા ખોટું બોલનાર ઉન્મત્ત છે. ઉન્મત્ત ઉપર ગુસ્સો કરવો નિરર્થક છે. હોસ્પિટલમાં ગમે તેમ બોલનાર ગાંડા દર્દી ઉપર ડોકટર ગુસ્સે થાય છે? નહિ જ. કેમ કે તે સમજે છે કે ગાંડાને–ઉન્મત્તને શું બોલવું એનો વિવેક ન હોય. એથી એના ઉપર ગુસ્સો કરનાર મૂર્ખ જ ગણાય.

(૨) ક્રોધથી ઉત્પન્ન થતા દ્વેષ, ક્લેશ–કંકાસ, વૈમનસ્ય, શરીરહાનિ, હિંસા, સ્મૃતિભ્રંશ (વિવેકનો નાશ), વ્રતોનો નાશ વગેરે દોષો વિચારવા. ક્રોધથી બાહ્ય જીવન ઉપર, શરીર ઉપર, અને આધ્યાત્મિક જીવનમાં ખૂબ ખરાબ અસર થાય છે.

(૧) **બાહ્ય જીવનમાં નુકશાનઃ**–ક્રોધને વશ બનીને જીવ અન્યની સાથે દ્વેષ કરે છે. પરિણામે બંને વચ્ચે વૈમનસ્ય ભાવ વગેરે થવાથી બંનેનું જીવન અશાંતિમય બને છે. ગુસ્સે થયેલ વ્યક્તિ વિવેક વિસરી જાય છે. અન્યને બે ચાર તીખાં તમતમતાં વચનો સંભળાવી દે છે. નીચ અને હલકાં વચનો બોલે છે. ઉપકારીનો ઉપકાર પણ ભૂલી જઈને તેના પ્રત્યે અયોગ્ય વર્તન કરે છે. આથી તે પોતાની આબરૂને–પ્રતિષ્ઠાને ખોઈ બેશે છે. પરિણામે સમાજ, કુટુંબ, સમુદાય વગેરેમાં તેનું મહત્ત્વ રહેતું નથી. ક્રોધરૂપ અગ્નિ પ્રીતિ, વિનય અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવેકને બાળી નાંખે છે. ક્રોધી જીવ સહવર્તીઓને અપ્રિય બને છે. તેના પ્રત્યે કોઈને આંતરિક માન-આદર રહેતો નથી. તેની સાથે કોઈ બોલવા કે વ્યવહાર કરવા ઇચ્છતું નથી. સમાજમાં પણ તેની કિંમત રહેતી નથી. આથી તેનું બાહ્ય જીવન પણ ફિક્કું-નિરસ બની જાય છે.

(૨) **શારીરિક નુકશાન** :–ક્રોધથી શરીરને થતા નુકશાન વિશે આજના માનસરોગોના નિષ્ણાત ડોકટરોનું કહેવું છે કે ઘણાં અઠવાડિયાં સુધી સખત કામ કરવાથી શરીરને જેટલો શ્રમ લાગે છે તેનાથી કઈ ગણો શ્રમ જરાવાર ક્રોધ કરવાથી લાગે છે. ક્રોધ લોહીમાં વિષ ઉત્પન્ન કરે છે. જઠરાગ્નિને મંદ બનાવી દે છે. આથી જ ક્રોધથી અજીર્ણ, ક્ષય વગેરે રોગો ઉત્પન્ન થાય છે. ક્રોધથી વ્યાપ્ત માતાનું સ્તનપાન કરનારાં બાળકો મૃત્યુ પામ્યાનાં અનેક દૃષ્ટાંતો બની ચૂક્યાં છે. ક્રોધના આવેશ વખતે જમનાર અજીર્ણનો ભોગ બનીને મરણ પામે છે એ અનેક દૃષ્ટાંતોથી સિદ્ધ થઈ ચૂક્યું છે. ક્રોધના યોગે માણસ મનની અને ઇંદ્રિયોની પ્રસન્નતા ગુમાવી દે છે.

(૩) **આધ્યાત્મિક નુકશાન** :–સૌથી અધિક નુકશાન આધ્યાત્મિક દૃષ્ટિએ છે. ક્રોધી આત્માની આંતરિક પરિણતિ અશુભ બની જાય છે. પરિણામે ગમે તેવી કઠીન સાધના કરવા છતાં લાભ મળતો નથી, બલકે નવાં અશુભ કર્મો બંધાય અને પૂર્વબદ્ધ શુભ કર્મો અશુભ બની જાય [1] વગેરે

---

૧. ક્રોધે ક્રોડ પૂરવ તણું સંજમ ફલ જાય.
ક્રોધ સહિત તપ જે કરે તે લેખે નવિ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનેક રીતે નુકશાન થાય છે. ક્રોધીને વૈમનસ્ય આદિથી હિંસા (–અન્યના પ્રાણનો નાશ) પણ કરી નાંખતાં વાર લાગતી નથી. ક્રોધના આવેશમાં સ્મરણ શક્તિનો લોપ થવાથી પોતે કોણ છે? પોતાનું કર્તવ્ય શું છે? અકર્તવ્ય શું છે? ઇત્યાદિ વિવેકનો નાશ થતાં સાધક વ્રતોનો ભંગ પણ કરી નાંખે છે.[૨]

(૩) જ્યારે કોઈ અયોગ્ય વચનો બોલે ત્યારે "ગમે તેમ બોલવું એ બાલસ્વભાવ છે=મૂઢ જીવનો સ્વભાવ છે," એમ વિચારીને તેના પ્રત્યે ક્ષમા ધારણ કરવી જોઈએ. જો એ પરોક્ષ અયોગ્ય વચનો બોલે તો વિચારવું કે "સારું છે કે એ પરોક્ષ=પાછળ જ બોલે છે, મારી સામે બોલતો નથી. બાકી મૂઢ લોકો તો પ્રત્યક્ષ બોલતાં પણ અચકાતા નથી. આથી મને તો લાભ જ છે. કદાચ પ્રત્યક્ષ અયોગ્ય બોલે તો વિચારવું કે એ તો મૂઢ પુરુષોનો સ્વભાવ છે. એમાં કાંઈ નવાઈ નથી, સારું છે કે માત્ર અયોગ્ય બોલે છે, મારપીટ આદિ અયોગ્ય પ્રવૃત્તિ કરતો નથી. આથી

---

૨ ક્રોધાદ્ ભવતિ સંમોહઃ, સંમોહાત્ સ્મૃતિભ્રંશઃ ।
સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશો, બુદ્ધિનાશાત્ પ્રણશ્યતિ ॥
(ગીતા અ. ૨ શ્લોક ૬૩)

ક્રોધથી મૂઢતા થાય છે. મૂઢતાના યોગે સ્મરણ શક્તિ નાશ પામે છે. સ્મરણ શક્તિના અભાવે બુદ્ધિનો (હું કોણ છું ઇત્યાદિ વિવેકનો) નાશ થાય છે. વિવેકનો નાશ થતાં સાધક નાશ પામે છે, અર્થાત્ સાધકની સાધનાનો ભંગ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલો લાભ છે. હવે એ મારવા તૈયાર થાય તો વિચારવું કે-એ માત્ર મને મારે છે, મારા પ્રાણ લેતો નથી. બાકી આવા મૂઢ પુરુષોને તો કોઈના પ્રાણ લેતાં પણ વાર ન લાગે! આથી મને એટલો લાભ જ છે. કદાચ એ પ્રાણ લેવા પ્રયત્ન કરે તો વિચારવું કે મારા માટે હજી સારું છે કે એ માત્ર મારા પ્રાણ લે છે, મને ધર્મથી ભ્રષ્ટ કરતો નથી. મૂઢ લોકો તો ધર્મથી ભ્રષ્ટ કરવામાં પણ પાછી પાની ન કરે. આમ ઉત્તરોત્તર લાભની વિચારણા કરીને મૂઢ જીવ ઉપર ગુસ્સો ન કરવો જોઈએ.

(૪) જ્યારે ક્રોધનું નિમિત્ત મળે ત્યારે પોતાના કર્મોદયનો-કર્મફળનો વિચાર કરવો જોઈએ. જેથી નિમિત્ત બનનાર ઉપર ક્રોધ ન થાય. આપણા અશુભ કર્મનો ઉદય હોય તો જ અન્ય વ્યક્તિ આપણી નિંદા કરે, આપણા માટે અયોગ્ય વચન બોલે, અયોગ્ય વર્તન કરે. એટલે અન્ય વ્યક્તિ આપણી નિંદા આદિ કરે છે તેમાં મુખ્ય દોષ આપણા કર્મનો છે. આગળ વધીને કહીએ તો આપણો જ દોષ છે. કારણ કે અશુભ કર્મો આપણે જ બાંધ્યાં છે. આથી નિંદા કરનાર તો તેમાં નિમિત્ત માત્ર છે. તો પછી એના ઉપર ગુસ્સો શા માટે કરવો? ગુસ્સો તો આપણાં કર્મો ઉપર કે આપણા ઉપર જ કરવો જોઈએ. આ પ્રમાણે વિચાર કરવાથી ક્રોધમાં નિમિત્ત બનનાર ઉપર ક્રોધ રોકી શકાય છે.

(૫) વારંવાર ક્ષમાના ગુણોની વિચારણા કરવાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ ક્રોધને રોકી શકાય છે. ક્ષમાના સેવનથી કોઈ પ્રકારનો શ્રમ પડતો નથી. ક્ષમા ધારણ કરવાથી અનેક પ્રકારના ક્લેશથી બચી જવાય છે. ક્ષમાના યોગે આત્માની પરિણતિ શુભ બને છે. એથી નવાં અશુભ કર્મો બંધાતાં નથી, પૂર્વબદ્ધ અશુભ કર્મોની નિર્જરા થાય, અશુભ કર્મો શુભ બની જાય, અન્યની પ્રીતિનું સંપાદન થાય વગેરે અનેક લાભ થાય છે. ક્ષમા સર્વ ગુણોનો [૧]આધાર છે. ક્ષમા વિના અન્ય ગુણો આવતા નથી અને આવેલા ટકતા નથી. અન્ય ગુણો ગમે તેટલા હોય પણ ક્ષમા ગુણ ન હોય તો એ ગુણોની કોઈ કિંમત નથી. પાણી વિનાની નદીની જેમ ક્ષાન્તિ વિનાના ગુણો શોભા પામતા નથી.[૨] આમ ક્ષાન્તિના ગુણો વિચારવાથી ક્રોધને રોકી શકાય છે.

**યોગશાસ્ત્ર**માં ચોથા પ્રકાશમાં ક્રોધના વર્ણન પ્રસંગે ટીકામાં ક્રોધને દૂર કરવાના બહુ સુંદર ઉપાયો બતાવ્યા છે. તેમાંના કેટલાક ઉપાયો ઉપર આવી ગયા છે. બાકીના ઉપાયોનો સાર આ પ્રમાણે છે. અપકારી જન ઉપર ક્રોધને કેવી રીતે રોકવો એ પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું છે કે આત્મસત્ત્વથી ક્રોધ રોકી શકાય છે. અથવા નીચે પ્રમાણે વિચારણા કરવાથી ક્રોધ રોકી શકાય છે.

(૧) અન્ય ઉપર ક્રોધ આવે ત્યારે વિચારવું જોઈએ કે હું શા માટે ક્રોધ કરું છું? જે એણે ગુનો કર્યો છે

---

૧. **ક્ષાન્તિરેવ હિ સર્વેષાં (દાનાદિગુણાનાં) તેષામાધારભૂતા ।**
૨. **ક્ષાન્તિહીના ગુણાઃ સર્વે ન શોભન્તે નિરાશ્રયાઃ ॥**
(ઉપ૦ ભવ૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે શિક્ષા આપવા ગુસ્સો કરું છું તો હું એને શિક્ષા શું આપવાનો છું ! એના કર્મે જ એને શિક્ષા આપી દીધી છે. કારણ કે મારા ઉપર ગુસ્સો કરીને પોતે પાપ કરે છે. એટલે ગુસ્સો કરવાના કારણે એણે કરેલા પાપરૂપ શિક્ષા એને મળી જ ગઈ છે. (૨) હવે જો એ મને દુઃખ આપે છે માટે હું એના ઉપર ગુસ્સો કરું છું તો હું મોટી ભૂલ કરું છું. એ મને દુઃખ આપતો જ નથી. મારાં કર્મો જ મને દુઃખ આપે છે. બીજાઓ તો નિમિત્ત માત્ર છે. જો મારાં અશુભ કર્મોનો ઉદય ન હોય તો મારો વાળ પણ વાંકો કરવાની કોઈની તાકાત નથી. માટે દુઃખ આપનાર ઉપર ગુસ્સો કરવાનો હોય તો મારા કર્મ ઉપર કે મારી જાત ઉપર જ કરવો જોઈએ. માત્ર નિમિત્ત બનનાર (ગૌણ કારણ) ઉપર ગુસ્સો કરવાથી હું સિંહ જેવા પશુથી પણ પામર બનું છું. સિંહ ઉપર જ્યારે બાણ આવે છે ત્યારે એ બાણ ઉપર દૃષ્ટિ ન કરતાં બાણ ફેંકનાર ઉપર નજર કરે છે, અને તેને પંજામાં લેવા પ્રયત્ન કરે છે. તેમ અહીં મારે મારા દુઃખના મૂળ કારણ ઉપર નજર કરીને તેના ઉપર ગુસ્સો કરવો જોઈએ. જો હું દુઃખનાં બાહ્ય નિમિત્તો ઉપર ગુસ્સે થાઉં તો મારામાં અને શ્વાનમાં ફેર શો ? શ્વાન ઉપર જ્યારે પથ્થર આવે છે ત્યારે એ પથ્થર ફેંકનાર તરફ ન જોતાં પથ્થર તરફ જુએ છે, અને પથ્થરને બચકું ભરે છે. આ તેની નરી અજ્ઞાનતા છે. તેમ હું પણ જો દુઃખ આપવામાં મુખ્ય કારણ મારાં કર્મો ઉપર કે મારા ઉપર ગુસ્સો ન કરું અને અન્ય ઉપર કરું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો શ્વાન તુલ્ય જ છું. (૩) ક્ષમાનો આશ્રય લીધા વિના આત્મકલ્યાણ થવાનું જ નથી. આથી જ ભગવાન મહાવીર ઉપસર્ગો સહન કરવાના ઈરાદાથી મ્લેચ્છ દેશોમાં ગયા હતા. આપણે જો ઈરાદા પૂર્વક સહન ન કરી શકીએ તો પણ સ્વયં આવેલા કષ્ટને (સ્વયં આવેલા ક્ષમાના મોકાને) અવશ્ય વધાવી લેવું જોઈએ. ત્રણ જગતનો નાશ અને રક્ષણ કરવામાં સમર્થ પુરુષોએ પણ આત્મ કલ્યાણ માટે ક્ષમાની સાધના કરી તો કદલી જેવા સત્ત્વવાળા આપણે ક્ષમા વિના આત્મકલ્યાણ કેમ કરી શકીએ ? આમ અનેક રીતે ક્ષમાની વિચારણા કરવાથી ક્રોધને રોકી શકાય છે.

**ઉપમિતિ ભવપ્રપંચા** ગ્રંથમાં ક્રોધને રાક્ષસની ઉપમા આપીને તેના શરીરનું વર્ણન નીચે પ્રમાણે કરવામાં આવ્યું છે:—

ક્રોધ રૂપ રાક્ષસને વૈર અને કલહ નામના વિષમ અને વિસ્તીર્ણ ચરણો છે, ઈર્ષ્યા અને ચોરી એ બે જંઘાઓ છે, અનુશય (પશ્ચાત્તાપ અથવા દ્વેષ) અને અનુપશમ (ઉદ્વિગ્નતા) એ બે સાથળ છે, પૈશૂન્ય રૂપ કેડ છે, પરદોષપ્રકાશન રૂપ પેટ છે, અંતસ્તાપ (હૃદયની બળતરા) રૂપ છાતી છે, દ્વેષ અને મત્સર એ બે હાથ છે. ક્રૂરતા રૂપ ડોક છે, અસત્ય વચન આદિ દાંત છે, પ્રચંડતા અને અસહનશીલતા એ બે કાન છે, તામસભાવ નામે નાસિકા છે, રૌદ્રપણું અને નિર્દયતા એ બે આંખો છે, અયોગ્ય આચરણ રૂપ મસ્તક છે, પરોપતાપ (પરને પીડા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવી ) રૂપ વાળ છે. અર્થાત્ ક્રોધથી વૈર આદિ દોષો ઉત્પન્ન થાય છે.

ઉપમિતિ ભવ પ્રપંચામાં ક્ષમાને દેવીની ઉપમા આપી છે. એ દેવીને ગમે તે જીવ પરણી શકતો નથી. જે યોગ્ય હોય તે જ તેને પરણી શકે છે. તેને પરણવા માટે યોગ્યતા બતાવતાં નીચે મુજબ નવ મુદ્દાઓ બતાવવામાં આવ્યા છે.

(૧) સકલ જીવો વિશે મૈત્રી ભાવ રાખવો. (૨) અન્ય પરાભવ–અપમાન આદિ કરે તો સહન કરવું. (૩) એ દ્વારા (પરાભવ કર્યો એ નિમિત્તે) પ્રેમના સંબંધના અનુમોદના[1] કરવી. (૪) પ્રેમનો સંબંધ થવાથી આત્માનુગ્રહની[2] વિચારણા કરવી. (૫) પરાભવ કરનાર આત્માની દુર્ગતિ થાય છે, તેમાં પોતે હેતુ બને છે, એમ વિચારી ધિક્કાર છે મને કે હું એની દુર્ગતિમાં નિમિત્ત બન્યો એ

૧. પરાભવને સહન કરવો એટલે પરાભવ કરનાર ઉપર ક્રોધ ન કરતાં પ્રેમ રાખવો. પરાભવ સહન કરવાથી પરાભવ કરનાર ઉપર થયેલા આ પ્રેમના સંબંધની અનુમોદના કરવી. જેથી તેના ઉપર અધિક પ્રેમ થાય અને દ્વેષને જરાય અવકાશ ન રહે.

૨. પરાભવ કરનાર ઉપર પ્રેમનો સંબંધ થવો એ ઘણું જ કઠીન છે. પરાભવ કરનારે પ્રેમનો સંબંધ થવાની તક આપવા દ્વારા પ્રેમનો સંબંધ કરાવી આપ્યો છે. માટે તેણે મારા ઉપર ઉપકાર કર્યો છે. એમ આત્માનુગ્રહની વિચારણા કરવી. અથવા આવું કઠીન કાર્ય હું કરી શકયો એથી મારા આત્માને ઘણો લાભ થયો છે એમ આત્માનુગ્રહની વિચારણા કરવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણે પોતાની નિંદા કરવી. (૬) મુક્ત આત્માઓ પારકાને ક્રોધ કરવામાં નિમિત્ત બનતા નથી માટે તેઓ ધન્ય છે એમ સિદ્ધ ભગવંતોની પ્રશંસા કરવી. (૭) પરાભવ કરનાર મારાં કર્મોની નિર્જરામાં કારણ બને છે. માટે પરાભવ કરનાર મારું હિત કરનાર છે એમ સમજવું. (૮) પરાભવ કરનાર સંસારની અસારતા બતાવે છે માટે તે મારો ગુરુ છે. એમ તેનો ગુરુ તરીકે સ્વીકાર કરવો. (૯) પોતાના અંતઃકરણને નિશ્ચલ બનાવવું.

**ષોડશક ગ્રંથમાં** ક્ષમા પાંચ પ્રકારની બતાવવામાં આવી છે. (૧) ઉપકારી ક્ષમા, (૨) અપકારી ક્ષમા, (૩) વિપાક ક્ષમા, (૪) વચન ક્ષમા, (૫) ધર્મોત્તર ક્ષમા. **ઉપકારી ક્ષમા**—પૂર્વે પોતાના ઉપર ઉપકાર કર્યો છે, અથવા વર્તમાનમાં કે ભવિષ્યમાં એની પાસેથી સ્વાર્થ સાધવાનો છે–કામ લેવાનું છે, ઇત્યાદિ આશયથી કઠોર વચનો વગેરે પ્રતિકૂળતા સહન કરવી. **અપકારી ક્ષમા**—સામનો કરવાની શક્તિ ન હોય, અથવા સામનો કરવાથી તે વધારે દુઃખ આપશે, લોકોમાં મારી વગોવણી કરશે, ઇત્યાદિ આશયથી કઠોર વચનો વગેરે પ્રતિકૂળતા સહન કરવી. **વિપાકે ક્ષમા**—ક્રોધનું ફળ બરાબ આવશે. આ લોકમાં શારીરિક અને માનસિક દુઃખો ઊભાં થાય. પરલોકમાં તેનાં કટુ ફળો ભોગવવાં પડે. એમ તેના ફળની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચારણાથી પ્રતિકૂળતાઓ સહન કરવી. **વચન ક્ષમા**—જિનેશ્વર ભગવાનનું વચન છે કે કોઈપણ જાતની પ્રતિકૂળતામાં ક્રોધ ન કરતાં ક્ષમા ધારણ કરી પ્રતિકૂળતાને શાંતિથી સહન કરવી જોઈએ. આ પ્રમાણે જિનેશ્વરનાં વચનોને યાદ કરી ક્ષમા ધારણ કરવી. **ધર્મોત્તર ક્ષમા**—કોઈ પણ જાતના વિચાર વિના સ્વાભાવિક તાણા–વાણાની જેમ વણાઈ ગયેલી ક્ષમા. આ પાંચ પ્રકારની ક્ષમામાં અંતિમ બે પ્રકારની ક્ષમા ઉત્તમ છે.

(૨) **માર્દવ**:—માર્દવ એટલે મૃદુતા–નમ્રતા. અર્થાત્ મદ અને માનનો નિગ્રહ એ માર્દવ છે. બાહ્ય કે અભ્યંતર સંપત્તિનો મદ ન કરવો. હું કંઈક છું એવું મનમાં ન લાવવું. વડિલોનો વિનય કરવો, મોટાઓ પ્રત્યે ભક્તિ–બહુમાન અને નાનાઓ પ્રત્યે વાત્સલ્યભાવ રાખવો ઈત્યાદિથી માર્દવની અભિવ્યક્તિ થાય છે. હું કંઈક છું એવી વૃત્તિ, વડિલો પ્રત્યે ઉદ્ધત વર્તન, વડિલોની અપેક્ષાનો અભાવ, સ્વપ્રશંસા, પરનિંદા ઈત્યાદિથી મદ–માનની અભિવ્યક્તિ થાય છે. મદ અને માન એ બંને અહંકાર સ્વરૂપ હોવા છતાં ચોખા અને વરી (સાઠી ચોખા) ની જેમ તેમના અર્થમાં થોડો તફાવત છે. કોઈપણ પ્રકારે 'હું કંઈક છું' એવી વૃત્તિ એ માન છે. ઉત્તમ જાતિ આદિના કારણે હું કંઈક છું એવી વૃત્તિ મદ છે.

અહંકારના જાતિ આદિ આઠ કારણોને આશ્રયીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મદના આઠ ભેદો છે. જાતિ, કુલ, રૂપ, ઐશ્વર્ય,[૧] [૨]વિજ્ઞાન, શ્રુત, લાભ અને વીર્ય એમ આઠ પ્રકારનો મદ છે. માતાનો વંશ તે જાતિ. પિતાનો વંશ તે કુળ. શારીરિક સૌંદર્ય તે રૂપ. ઐશ્વર્ય એટલે ધન-ધાન્ય આદિ બાહ્ય સંપત્તિ. ઔત્પાતિકી આદિ ચાર પ્રકારની બુદ્ધિ એ વિજ્ઞાન છે.[૩] જિનોક્ત શાસ્ત્રના અધ્યયનથી થયેલ જ્ઞાન શ્રુત છે અથવા મતિજ્ઞાન એ વિજ્ઞાન છે અને શ્રુતજ્ઞાન એ શ્રુત છે. ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ એ લાભ છે. શારીરિક શક્તિ આદિ વીર્ય છે. આ આઠ પ્રકારના મદનો અને માનનો ત્યાગ કરવાથી માર્દવ ધર્મ આવે છે. આથી મુમુક્ષુએ નીચે મુજબ વિચારણા કરી જાતિ આદિના મદનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ. (૧) સંસારમાં પરિભ્રમણ કરતાં અનેકવાર હીન, મધ્યમ અને ઉત્તમ જાતિની પ્રાપ્તિ થઈ છે. પોતપોતાના કર્મ પ્રમાણે જીવો હીન આદિ જાતિમાં ઉત્પન્ન થાય છે. એટલે કોઈની પણ જાતિ શાશ્વતી રહેતી નથી, તો પછી અનિત્ય જાતિનો ગર્વ શા માટે કરવો? (૨) ઉત્તમકુળમાં ઉત્પન્ન થવા છતાં જીવો રૂપ, બલ, બુદ્ધિ, શીલ, વૈભવ આદિ ગુણોથી

૧. પ્રશમરતિ ગ્રંથમાં ઐશ્વર્યના સ્થાને 'વાલભ્યક' મદ આવે છે.

**जाति-कुल-रूप-बल-लाभ-बुद्धि-वालभ्यक-श्रुतमदान्धाः**
**बलीवाः परत्र चेह च हितमप्यर्थं न पश्यन्ति ॥८०॥**

૨. વિજ્ઞાનના સ્થાને કોઈ સ્થળે તપ પણ આવે છે.

૩. ચાર પ્રકારની બુદ્ધિના વર્ણન માટે જુઓ અ. ૧ સૂ. ૧૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહિત હોય તો તેમની કોઈ કિંમત રહેતી નથી. આથી શીલાદિથી રહિત કેવળ ઉત્તમ કુળનું કોઈ મહત્ત્વ નથી. તો પછી ઉત્તમ કુળનો મદ શા માટે? (૩) જે અશુચિ પદાર્થોમાંથી (પિતાના વીર્યથી અને માતાના લોહીથી) ઉત્પન્ન થાય છે, જેમાં રોગાદિકનો ભય રહેલો છે, જેનો વિયોગ અવશ્ય થવાનો છે એવા અનિત્ય રૂપનો ગર્વ કરવો એ વિદ્વાનને યોગ્ય નથી. (૪) જેના અર્જન, રક્ષણ, ઉપભોગ અને વિયોગમાં કલેશ રહેલો છે એવા ઐશ્વર્યનો મદ કરવો એ મૂર્ખતા છે. (૫) જેમ જેમ વિજ્ઞાન વધે તેમ તેમ વિનય વધવો જોઈએ. વિજ્ઞાનનો-બુદ્ધિનો મદ કરવાથી તો વિનય નાશ પામે છે. વિનય રહિત જીવના ધર્મ અને તપ પણ નિષ્ફળ છે. માટે વિજ્ઞાનના મદનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ. (૬) ક્ષયોપશમના અનેક ભેદો છે. એટલે મારાથી પણ અધિક બહુશ્રુત ઘણા છે. તથા આગમના અર્થો ગહન હોવાથી કેટલાક પદાર્થોને હું ન સમજ્યો હોઉં અથવા ઉલટા સમજ્યો હોઉં એવું પણ સંભવિત છે. માટે જે વસ્તુ અપૂર્ણ છે એનો મદ શા માટે કરવો? અરે! ચૌદ ચૌદ પૂર્વોને ધરનારાઓમાં પણ તરતમભાવ કયાં નથી હોતો? માટે સંપૂર્ણશ્રુતના જ્ઞાતાઓએ પણ શ્રુતમદ ન કરવો જોઈએ. (૭) ઈષ્ટ વસ્તુનો લાભ કર્મને આધીન છે. લાભાંતરાયનો ક્ષયોપશમ હોય તો મળે, નહિ તો ન મળે. એટલે ઈષ્ટ વસ્તુનો લાભ આપણને આધીન નથી. જે વસ્તુ આપણને આધીન નથી તેનો મદ શા માટે કરવો?[1] (૮) બલ પણ કોનું

૧. ૮મદના વિશેષ વિવરણ માટે જુઓ પ્રશમરતિ ગાથા૮૧ વગેરે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સદા ટકી રહ્યું છે? તથા નિર્બલ પણ સંયોગવશાદ્ બળવાન બની જાય છે. એટલે બલનો ગર્વ પણ નકામો છે.

(૩) **આર્જવ** :—આર્જવ એટલે ઋજુતા–સરળતા. મન, વચન અને કાયાની પ્રવૃત્તિમાં સરળતા (માયાનો અભાવ) તે આર્જવ છે. અર્થાત્ વૃત્તિ (માનસિક પરિણામ), વચન અને વર્તન એ ત્રણેની ઐક્યતા એ આર્જવ છે. માયા, કૂડ–કપટ, શઠતા આદિ દોષોના ત્યાગથી આર્જવ ધર્મની પ્રાપ્તિ થાય છે. (૪) **શૌચ** :—શૌચ એટલે લોભનો અભાવ–અનાસક્તિ. ધર્મનાં ઉપકરણો ઉપર પણ મમત્વભાવ–આસક્તિ ન રાખવી જોઈએ. લોભથી કે આસક્તિથી આત્મા કર્મરૂપ મલથી મલિન બને છે માટે લોભ કે આસક્તિ અશૌચ–અશુચિ છે. અલોભ કે અનાસક્તિથી આત્મા શુદ્ધ બને છે માટે અલોભ કે અનાસક્તિ શૌચ–શુચિ છે. (૫) **સત્ય** :–જરૂર પડે ત્યારે જ, સ્વ–પરને હિતકારી, પ્રમાણોપેત આદિ ગુણોથી યુક્ત વચનો બોલવાં તે સત્ય. (૬) **સંયમ** :–મન, વચન અને કાયાનો નિગ્રહ (અશુભથી નિવૃત્તિ યા શુભમાં પ્રવૃત્તિ) એ સંયમ છે. સામાન્યથી સંયમના ૧૭ભેદો છે. તે આ પ્રમાણે:–પાંચ અવ્રતરૂપ આસ્રવોનો ત્યાગ, પાંચ ઇંદ્રિયોનો જય, ચાર કષાયોનો ત્યાગ, મનદંડ, વચનદંડ, કાયદંડ એ ત્રણ દંડથી નિવૃત્તિ. અથવા પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, પંચેંદ્રિય, પ્રેક્ષ્ય, ઉપેક્ષ્ય, અપહૃત્ય, પ્રમૃજ્ય, કાય, વચન, મન અને ઉપકરણ એમ સત્તર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકારનો સંયમ છે. (૧) પૃથ્વીકાયના જીવોને દુઃખ થાય તેવી પ્રવૃત્તિનો મન, વચન અને કાયાથી કરવા, કરાવવા અને અનુમોદના રૂપે ત્યાગ કરવો એ પૃથ્વીકાય સંયમ છે. (૨-૯) આ પ્રમાણે પંચેંદ્રિય સંયમ સુધી સમજવું. (૧૦) આંખોથી નિરીક્ષણ કરવા પૂર્વક બેશવા વગેરેની ક્રિયા કરવી તે પ્રેક્ષ્યસંયમ. (૧૧) સાધુઓને શાસ્ત્રોક્ત અનુષ્ઠાનોમાં જોડવા અને સ્વક્રિયાના વ્યાપારથી રહિત ગૃહસ્થોની ઉપેક્ષા કરવી એ ઉપેક્ષ્યસંયમ. (૧૨) બિનજરૂરી વસ્તુનો ત્યાગ (અગ્રહણ) અથવા જીવોથી યુક્ત ભિક્ષા આદિ વસ્તુને પરઠવી દેવી તે અપહૃત્ય સંયમ. (૧૩) રજોહરણથી પ્રમાર્જન કરીને બેશવા આદિની ક્રિયા કરવી તે પ્રમૃજ્યસંયમ. (૧૪-૧૫-૧૬) અશુભયોગોથી નિવૃત્તિ અને શુભયોગોમાં પ્રવૃત્તિ એ કાયસંયમ, વચનસંયમ અને મનસંયમ છે. (૧૭) પુસ્તકાદિ ઉપકરણો જરૂર પ્રમાણે જ રાખવાં, તેમનું સંરક્ષણ કરવું વગેરે ઉપકરણ સંયમ છે.

(૭) તપ :—શરીર અને ઇંદ્રિયોને તપાવવા દ્વારા આત્મવિશુદ્ધિ કરે એ તપ.[1] (૮) ત્યાગ :—બાહ્ય અને અભ્યંતર ઉપધિમાં ભાવદોષનો—મૂર્છાનો ત્યાગ એ ત્યાગધર્મ છે. અન્નપાન બાહ્ય ઉપધિ છે. શરીર અભ્યંતર ઉપધિ છે. અથવા રજોહરણ આદિ બાહ્ય ઉપધિ છે, અને ક્રોધાદિ કષાયો અભ્યંતર ઉપધિ છે. અથવા બિનજરૂરી ઉપકરણોનો

૧. તપનું વિશેષ વર્ણન આ અધ્યાયના ૧૯ મા સૂત્રથી શરૂ થશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસ્વીકાર એ ત્યાગ છે. (૯) **આકિંચન્યઃ**—શરીરમાં તથા સાધનાનાં ઉપકરણોમાં મમત્વનો અભાવ એ આકિંચન્ય ધર્મ છે. આકિંચન્ય એટલે સર્વવસ્તુનો અભાવ. મુનિ મમત્વ વિના માત્ર સંયમની રક્ષા માટે સંયમનાં ઉપકરણોને રાખે છે અને દેહનું પાલન-પોષણ કરે છે. આથી ઉપકરણ આદિ હોવા છતાં તેની પાસે કંઈ નથી. જ્યાં મમત્વ ભાવ નથી ત્યાં વસ્તુ હોવા છતાં નથી. જ્યાં વસ્તુ ન હોવા છતાં મમત્વ ભાવ હોય ત્યાં વસ્તુ છે. આધ્યાત્મિક દૃષ્ટિએ મમત્વ-અમમત્વ ભાવના આધારે જ વસ્તુ હોવાનો કે ન હોવાનો નિર્ણય થઈ શકે. આથી શરીર આદિ ઉપર મમત્વનો અભાવ એ જ વાસ્તવિક આકિંચન્ય છે. (૧૦) **બ્રહ્મચર્ય**:— બ્રહ્મચર્ય એટલે મૈથુનવૃત્તિનો ત્યાગ. યદ્યપિ બ્રહ્મ એટલે આત્મા. તેમાં ચર્ય એટલે રમવું તે બ્રહ્મચર્ય. અર્થાત્ ઇષ્ટ વસ્તુમાં રાગનો અને અનિષ્ટ વસ્તુમાં દ્વેષનો ત્યાગ કરી આત્મામાં રમવું એ બ્રહ્મચર્ય છે. છતાં અહીં મૈથુનવૃત્તિના ત્યાગરૂપ બ્રહ્મચર્ય વિવક્ષિત છે. મૈથુનવૃત્તિના ત્યાગરૂપ બ્રહ્મચર્યના પાલન માટે વસતિ, કથા, નિષદ્યા, ઇંદ્રિય, કુડ્યાંતર, પૂર્વક્રીડિત, પ્રણીત આહાર, અતિમાત્ર ભોજન, વિભૂષા એ નવના ત્યાગરૂપ નવ ગુપ્તિઓનું (વાડોનું) તથા બ્રહ્મચર્ય વ્રતની પાંચ ભાવનાઓનું પાલન અનિવાર્ય છે.[૧]

---

૧. પાંચ ભાવનાઓનું વર્ણન સાતમા અધ્યાયના ત્રીજા સૂત્રમાં આવી ગયું છે. વસતિ આદિ ગુપ્તિઓનો ભાવ આ પ્રમાણે છે—

(૧) જ્યાં સ્ત્રી, પશુ, નપુંસક રહેતા હોય તેવી વસતિમાં ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા બ્રહ્મ એટલે ગુરુ. તેને આધીન જે ચર્યા તે બ્રહ્મચર્ય. અર્થાત્ મૈથુનવૃત્તિના ત્યાગ રૂપ બ્રહ્મચર્યના પાલન માટે, જ્ઞાનની અભિવૃદ્ધિ માટે અને કષાયોની શાંતિ માટે ગુરુકુલવાસનું સેવન કરવું–ગુરુને આધીન રહેવું એ બ્રહ્મચર્ય છે. ગુરુકુલવાસ વિના બ્રહ્મચર્યની નવ વાડો ખંડિત થવાનો સંભવ હોવાથી બ્રહ્મચર્યનું શુદ્ધ પાલન કઠીન છે. શાસ્ત્રોનું અધ્યયન ગુરુની પાસે કરવાનું વિધાન છે. આથી ગુરુકુલવાસ વિના જ્ઞાનની વૃદ્ધિ પણ ન થાય. સુગુરુની આજ્ઞા વિના સ્વતંત્ર રહેનારમાં કષાયો પણ વધે એ અતિ સંભવિત છે. ગુરુની નિશ્રા વિના વિકથા, અયોગ્ય વ્યક્તિનો પરિચય વગેરે દોષોથી પરિણામે મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થવાનો સંભવ છે. આથી મુમુક્ષુએ જીવનપર્યંત ગુરુકુલવાસનું સેવન કરવું જોઈએ અને એ જ પ્રકૃષ્ટ બ્રહ્મચર્ય ધર્મ છે. [૬]

---

રહેવું. (૨) કામવર્ધક સ્ત્રીકથા ન કરવી. (૩) જે સ્થાને સ્ત્રી બેઠેલી હોય તે સ્થાને તેના ઉઠી ગયા પછી પુરુષે બે ઘડી સુધી બેસવું નહિ. પુરુષના ઉઠી ગયા પછી તે સ્થાને સ્ત્રીએ એક પ્રહર સુધી બેસવું નહિ. (૪) સ્ત્રીની ઇંદ્રિયો તથા અંગોપાંગનું નિરીક્ષણ ન કરવું. (૫) જ્યાં ભીંતને આંતરે પતિ–પત્નીના સંભોગ સંબંધી અવાજ સંભળાતો હોય તેવા સ્થાનનો ત્યાગ કરવો. (૬) પૂર્વે–ગૃહસ્થાવસ્થામાં કરેલી કામક્રીડાનું સ્મરણ ન કરવું. (૭) પ્રણીત–અત્યંત સ્નિગ્ધ અને મધુર દૂધ, દહીં આદિ આહારનો ત્યાગ કરવો (૮) અપ્રણીત આહાર પણ વધારે પડતો ન લેવો. (ઉણોદરી રાખવી.) (૯) શરીરના કે ઉપકરણોની વિભૂષાનો (ટાપ–ટીપનો) ત્યાગ કરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અનુપ્રેક્ષાનું વર્ણન-

**અનિત્યા-ઽશરણ-સંસારૈ-કત્વા-ઽન્યત્વા-ઽશુશિત્વા-ઽઽસ્રવ-સંવર-નિર્જરા-લોક-બોધિદુર્લભ-ધર્મસ્વાખ્યાત-તત્ત્વાનુચિન્તનમનુપ્રેક્ષાઃ ॥ ૯-૭ ॥**

**અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિ-દુર્લભ અને ધર્મસ્વાખ્યાત એમ ૧૨ પ્રકારે તત્ત્વ-ચિંતન એ ૧૨ પ્રકારની અનુપ્રેક્ષા-ભાવના છે.**

(૧) **અનિત્યતાઃ**-કુટુંબ, કંચન, કામિની, કીર્તિ, કામ, કાયા વગેરે પદાર્થોની અનિત્યતાનું ચિંતન કરવું એ અનિત્ય ભાવના છે. સંયમનાં સાધનો શરીર, શય્યા, આસન વગેરે પણ અનિત્ય છે. સંસારમાં જ્યાં સંયોગ છે ત્યાં અવશ્ય વિયોગ છે. આથી સર્વપ્રકારનો સંયોગ અનિત્ય છે. સંસારનાં સર્વ સુખો કૃત્રિમ હોવાથી વિનાશ શીલ છે. કેવળ આત્મા અને આત્માનું સુખ જ નિત્ય છે. ફળ-આ વિચારણાથી બાહ્ય પદાર્થો ઉપર અભિષ્વંગ - મમત્વ ભાવ થતો નથી. આથી તે પદાર્થોનો વિયોગ થાય છે ત્યારે દુઃખનો અનુભવ થતો નથી.

(૨) **અશરણતાઃ**-સંસારમાં પોતાનું શરણ-રક્ષણ કરનાર કોઇ નથી એનું ચિંતન એ અશરણ ભાવના છે. રોગાદિનું દુઃખ કે અન્ય કોઈ આપત્તિ આવી પડતાં ભૌતિક કોઈ સાધનો કે સ્નેહી-સંબંધીઓ વગેરે આ જીવને એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુઃખ કે આપત્તિથી બચાવવા સમર્થ બનતા નથી, બલ્કે કેટલીક વખત અધિક દુઃખ ઉત્પન્ન કરે છે. આ અવસરે દેવ–ગુરુ અને ધર્મ એ જ રક્ષણ કરે છે–સાંત્વન આપે છે. આથી સંસારમાં દેવ, ગુરુ અને ધર્મ સિવાય કોઈ પણ લૌકિક વસ્તુ કે સ્વજન વગેરે આપણા માટે શરણ રૂપ બનતા નથી. ફળ–સંસારમાં હું અશરણ છું એમ વિચારતાં સંસારનો ભય ઉત્પન્ન થવાથી સંસાર ઉપર અને સંસારનાં સુખો ઉપર પ્રેમ થતો નથી. તથા જિનશાસન જ શરણભૂત છે એવો ખ્યાલ આવવાથી તેની આરાધના માટે પ્રવૃત્તિ થાય છે–ઉલ્લાસ પ્રગટે છે.

(૩) **સંસાર**:–સંસાર ભાવના એટલે સંસારના સ્વરૂપનું ચિંતન કરવું. જીવ નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ એ ચાર ગતિ રૂપ સંસારમાં પરિભ્રમણ કરતાં અનંત દુઃખો સહન કરે છે. સંસારના કોઈ ખૂણામાં, સંસારની કોઈ વસ્તુમાં આંશિક પણ સુખ નથી, કેવળ દુઃખ જ છે. સંસાર વિવિધ દુઃખોનો મહા જંગલ છે. કર્મના સંયોગથી જીવને સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે. કર્મનો સંયોગ રાગ-દ્વેષના કારણે છે. આથી દુઃખનું મૂળ રાગ–દ્વેષ છે. એટલે સંસારનાં દુઃખોથી બચવું હોય તો રાગ–દ્વેષ આદિ દોષોનો વિનાશ કરવો જોઈએ.

અથવા નીચે પ્રમાણે પણ વિચારી શકાય. નરક આદિ ચાર ગતિઓમાં ચક્રની જેમ પરિભ્રમણ કરતા આ જીવ માટે સઘળા ય જીવો સ્વજન છે, અથવા સઘળા ય જીવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરજન છે. સંસારમાં સ્વજન–પરજનની કોઈ વ્યવસ્થા જ નથી. કારણ કે એક જ જીવ માતા થઈને બહેન થાય છે, બહેન થઈને ભાઈ થાય છે. એમ એક જીવની સાથે સઘળા સંબંધો થાય છે. સંસારમાં અનંતકાળથી પરિભ્રમણ કરતાં એક જીવને અન્ય સઘળા જીવો સાથે ભાઈ, બહેન, માતા, પિતા આદિ દરેક પ્રકારનો સંબંધ થઈ ગયો છે. કોઈ એવો જીવ નથી કે જેની સાથે માતા આદિ દરેક પ્રકારનો સંબંધ ન થયો હોય. આથી સઘળાય જીવો સ્વજન છે. એ સઘળા ય જીવોને સ્વજન તરીકે ન ગણવા હોય તો બધા ય જીવો (વર્તમાનમાં સ્વજન ગણાતા પણ) પરજન છે. જો બધા જ જીવો પરજન છે તો તેમના ઉપર રાગ–દ્વેષ કરવા એ મૂર્ખતા છે. ફળ–સંસાર ભાવનાથી સંસારભય ઉત્પન્ન થાય છે. એથી અધ્યાત્મના પાયારૂપ નિર્વેદ (–સંસાર સુખના વિનાશની[૧] ઇચ્છા) ગુણ ઉત્પન્ન થાય છે.

(૪) એકત્વ—પોતે એકલો જ છે વગેરે વિચાર કરવો એ એકત્વભાવના છે. જીવ એકલો જ હોવાથી પોતાના શુભાશુભ કર્મોનું ફળ એકલો જ ભોગવે છે. અન્ય સ્વજન સંબંધીઓ તેનાં કર્મોના ફળને વહેંચીને લઈ શકતા નથી. પરલોકમાંથી અહીં આવે છે ત્યારે એકલો જ આવે છે, અને અહીંથી પરલોકમાં જાય છે ત્યારે પણ એકલો જ જાય છે. અન્ય કોઈ તેની સાથે પરલોકમાંથી આવતું નથી અને પરલોકમાં જતું પણ નથી. સ્વજન આદિ માટે પાપો

૧. सांसारिकसुखजिहासालक्षणो निर्वेदः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યાં હોય તો પણ પાપોનું ફળ તો પોતાને જ ભોગવવું પડે છે. સંબંધીઓ તેમાં ભાગ પડાવી શકતા નથી. ફળ—હૃદયને એકત્વભાવનાથી વાસિત બનાવવાથી સ્વજન ઉપર સ્નેહ રાગ–આસક્તિ ન થાય, અને પરજન ઉપર દ્વેષ ન થાય. આથી નિઃસંગભાવ આવવાથી મોક્ષ માટે પ્રવૃત્તિ કરવાની ભાવના જાગે છે.

(૫) **અન્યત્વ**—પોતાના આત્મા સિવાય જડ કે ચેતન પદાર્થો અન્ય છે–પોતાનાથી ભિન્ન છે તેવો વિચાર કરવો તે અન્યત્વભાવના છે. આત્મા સિવાય કોઈ પદાર્થ પોતાનો ન હોવા છતાં અજ્ઞાનતાથી આ જીવ શરીરને તથા અન્ય સંબંધીઓને પોતાના માને છે. આથી તેમના ઉપર મમત્વ કરીને તેમના માટે અનેક પ્રકારનાં પાપો કરે છે! આથી શરીર તથા સ્વજનાદિ ઉપર મમત્વભાવ દૂર કરવા અન્યત્વ ભાવનાનું ચિંતન જરૂરી છે. સઘળા પ્રાણીઓ એક બીજાથી ભિન્ન છે. કર્મના યોગે ભેગા થાય છે, અને પુનઃ જુદા પડે છે. જુદા જુદા દેશમાંથી આવેલા જુદા જુદા મુસાફરો થોડો ટાઈમ ધર્મશાળામાં સાથે રહીને વિખૂટા પડી જાય છે, તેમ સમય જતાં સંબંધીઓ પણ વિખૂટા પડી જાય છે. શરીર પણ આત્માથી ભિન્ન છે. શરીર વિનાશી છે. જ્યારે આત્મા અવિનાશી–અજર અમર છે. શરીર જડ છે, આત્મા ચેતન છે. શરીરો બદલાયા કરે છે, આત્મા એક જ રહે છે. સંસારમાં પરિભ્રમણ કરતાં અત્યાર સુધીમાં અનંતા શરીરો બદલાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગયા છતાં આત્મા તે જ છે. શરીર ઇંદ્રિયોથી જાણી શકાય છે, જ્યારે આત્મા અતીંદ્રિય છે, ઇંદ્રિયોથી જાણી શકાતો નથી. આમ અનેક રીતે આત્મા અને શરીર ભિન્ન છે. ફળ–અન્યત્વભાવનાથી શરીર આદિ જડ પદાર્થો ઉપર તથા સ્વજન આદિ ચેતન પદાર્થો ઉપર રાગ ન થાય, થયેલો રાગ દૂર થાય; તથા મોક્ષ માટે પ્રવૃત્તિ થાય છે.

(૬) **અશુચિ** :—શરીરમાં અશુચિનો–અપવિત્રતાનો વિચાર કરવો એ અશુચિ ભાવના છે. શરીર અશુદ્ધ–અપવિત્ર છે તેનાં મુખ્ય સાત કારણો છે. તે આ પ્રમાણે:– (૧) બીજ અશુચિ, (૨) ઉપષ્ટંભ અશુચિ, (૩) સ્વયં અશુચિનું ભાજન, (૪) ઉત્પત્તિ સ્થાન અશુચિ, (૫) અશુચિ પદાર્થોનો નળ, (૬) અશક્ય પ્રતીકાર (૭) અશુચિ કારક.

(૧) શરીર માતાનું લોહી અને પિતાનું શુક્ર એ બેના સંયોગથી ઉત્પન્ન થાય છે. એ બંને પદાર્થો અશુચિમય છે. શરીરનું બીજ (ઉત્પત્તિનું કારણ) અશુચિ હોવાથી શરીર અશુચિ છે. (૨) શરીર આહાર આદિથી ટકે છે. આહાર ગળામાંથી પસાર થઈ પેટમાં આવેલા શ્લેષ્માશયમાં પહોંચે છે. ત્યાં શ્લેષ્મ (કફ) એ આહારને પ્રવાહી રૂપે બનાવી દે છે. તે પ્રવાહી અત્યંત અશુચિ હોય છે. બાદ તે પ્રવાહી પિત્તાશયમાં આવે છે. ત્યાં તેનું પાચન થાય છે. બાદ તે પકવાશયમાં આવે છે. ત્યાં વાયુથી તેના બે ભેદ પડે છે. જેટલા પ્રવાહીનું પાચન થઈ ગયું હોય તેટલાનો રસ બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને જેનું પાચન ન થયું હોય તે ખલ (–નકામો કચરો) બને છે. આ ખલ ભાગમાંથી મૂત્ર વગેરે અશુચિ પદાર્થો ઉત્પન્ન થાય છે. પ્રવાહી ખોરાકમાંથી બનેલ [૧]રસ શરીરની સાત ધાતુઓમાંની પ્રથમ ધાતુ છે. રસમાંથી [૨]લોહી, લોહીમાંથી [૩]માંસ, માંસમાંથી [૪]મેદ (ચરબી), મેદમાંથી [૫]હાડકાં, હાડકાંઓમાંથી [૬]મજ્જા, મજ્જામાંથી [૭]શુક્ર બને છે. (સ્ત્રીને રજસ્ બને છે). આ રસ આદિ સર્વ પદાર્થો અશુચિ છે. આ રસ આદિ ધાતુઓથી શરીર ટકે છે, માટે રસ આદિ સાત ધાતુઓ શરીરનો ઉપષ્ટંભ–ટેકો છે. શરીરના ઉપષ્ટંભ (–ટેકા) રૂપ રસ આદિ પદાર્થો અશુચિ હોવાથી શરીર અશુચિ છે. (૩) શરીર સ્વયં અશુચિનું સ્થાન છે. કારણ કે મળ, મૂત્ર, મેલ વગેરે અનેક અશુચિ પદાર્થો તેમાં ઠાંસી ઠાંસીને ભરેલા છે. શરીર અશુચિથી ભરેલી પેક કરેલી કોથળી અથવા ગટર છે. (૪) શરીર માતાના ઉદરમાં ઉત્પન્ન થાય છે. માતાનું ઉદર અત્યંત અશુચિ પદાર્થોથી ભરેલું છે. આથી શરીરનું ઉત્પત્તિ સ્થાન પણ અશુચિથી ભરેલું છે. (૫) નળ ખોલતાં જેમ પાણી નીકળે છે, તેમ શરીરમાંથી મળ, મૂત્ર, પરુ, મેલ વગેરે અનેક અશુચિ પદાર્થો દરરોજ વહ્યા કરે છે. માટે શરીર અશુચિ પદાર્થોનો નળ છે.

(૬) શરીરની અશુચિને દૂર કરવા ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં તેની અશુચિ દૂર થતી જ નથી. એને દરરોજ સાફ કરવાની ગદ્ધાપચીશી કરવી પડે છે. ગદ્ધાપચીશી કરીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરીરને બહારથી સાફ કરવા છતાં થોડી જ વારમાં મૂળ સ્થિતિમાં આવી જાય છે. શું કોલસો કદી ધોળો થાય ? જો કોલસો ઉજળો થાય તો કાયા પવિત્ર બને ! (૭) આગળ વધીને કાયા શુચિ પદાર્થોને પણ અશુચિ બનાવી દે છે. જે વસ્તુ પ્રથમ સુંદર અને સ્વાદિષ્ટ લાગતી હોય તે જ વસ્તુ પેટમાં ગયા પછી બહાર કાઢવામાં આવે તો જોવી પણ ગમતી નથી. તો ફરી મોઢામાં તો શી રીતે નંખાય ? એને હાથ લગાડવાની પણ ઇચ્છા થતી નથી. સુગંધી વસ્તુ પણ પેટમાં જતાં જ દુર્ગંધવાળી બની જાય છે. આથી કાયા સ્વયં અશુચિ હોવા ઉપરાંત અશુચિકારક છે.[૧]

ફળ–આમ વિવિધ દૃષ્ટિએ શરીરની અશુચિનું ચિંતન કરવાથી શરીર ઉપર ઉદ્વેગ–અપ્રીતિ ઉત્પન્ન થાય છે. આથી સદા માટે શરીરનો નાશ કરવાની–જન્મનો અંત લાવવાની ઇચ્છા થાય છે. જન્મનો અંત લાવવા શરીરના મમત્વનો ત્યાગ કરી યથાશક્તિ પ્રવૃત્તિ થાય છે.

(૭) **આસ્રવ**–આસ્રવ એટલે કર્મોનું આત્મામાં

---

૧. स्थानाद् बीजादुपष्टम्भान्निःस्यन्दान्निधनादपि ।
कायमाधेयशौचत्वात् पण्डिता ह्यशुचिं विदुः ॥

(પાતંજલ યો. દ. અ. ૨ સૂ. ૫ ની ટીકા)

ઉત્પત્તિસ્થાન, ઉત્પત્તિનું કારણ, આધાર–ટેકો, નિઃસ્યન્દ–મળનું ઝરણ, નિધન (જીવ નીકળી ગયા પછી કોઈ તેને અડે તો સ્નાન કરવું પડે છે), આધેયશૌચ (દરરોજ સાફ કરવી પડે), આ ૭ કારણોથી પંડિતો કાયાને અશુચિ જાણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગમન. આસ્રવનું સ્વરૂપ, આસ્રવનાં કારણો, અને આસ્રવથી થતાં દુઃખો વગેરેનો વિચાર કરવો તે આસ્રવ ભાવના. આ ગ્રંથમાં છઠ્ઠા અધ્યાયમાં વિવિધ રીતિએ આસ્રવનો વિચાર કરવામાં આવ્યો છે. સામાન્યથી મન, વચન અને કાયા એ ત્રણ યોગો આસ્રવ છે. ( આસ્રવનાં કારણ છે. ) વિશેષથી અવ્રત, ઇંદ્રિય, કષાય અને ક્રિયા એ ચાર આસ્રવ છે. કર્મોનો આસ્રવ થતાં કર્મબંધ થાય છે. બંધાયેલાં કર્મોના ઉદયથી જીવ નરક આદિ ચાર ગતિ રૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે. તેમાં અનેક પ્રકારનાં દુઃખો સહન કરે છે. નરકગતિમાં ક્ષેત્રકૃત, પરમાધામીકૃત અને પરસ્પરોદીરિત એમ ત્રણ પ્રકારની વેદના સતત જીવન પર્યંત સહન કરવી પડે છે.[૧] તિર્યંચગતિમાં પરાધીનતા, ઠંડી, ગરમી, રોગ વગેરે અનેક દુઃખો સહન કરવાં પડે છે. મનુષ્ય ગતિ પણ ધનનું ઉપાર્જન, રક્ષણ, વિયોગ વગેરેની ચિંતા, પરાધીનતા, રોગ, પરરાજ્યાદિનો ભય વગેરે અનેક કષ્ટોથી ભરપૂર છે. દેવગતિમાં પણ બાહ્ય સુખ હોવા છતાં ઈર્ષ્યા, રોષ, દ્વેષ વગેરે અનેક રીતે માનસિક દુઃખ હોય છે.[૨] ફળ—આસ્રવોનો સુંદર બોધ થાય છે, અને આસ્રવનિરોધ માટે યથાશક્તિ પ્રયત્ન થાય છે.

---

૧. નરક ગતિનાં દુઃખોના વિશેષ વર્ણન માટે જુઓ અ ૩ સૂત્ર ૩-૪ નું વિવેચન.

૨. ચાર ગતિનાં દુઃખોના વિસ્તારથી વર્ણન માટે જુઓ ભવભાવના ગ્રંથ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૮) **સંવર**–સંવરનું સ્વરૂપ, સંવરના હેતુઓ તથા સંવરથી થતું સુખ વગેરેનું ચિંતન કરવું એ સંવર ભાવના છે. આ અધ્યાયમાં સંવરનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. આ અધ્યાયના પ્રારંભમાં કહેવામાં આવ્યું છે કે આસ્રવનો નિરોધ એ સંવર છે. ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય અને તપથી સંવર (આસ્રવનો નિરોધ) થાય છે. આત્મા જેમ જેમ સંવરનું સેવન કરે છે તેમ તેમ આસ્રવથી થતાં દુઃખોથી મુક્ત બનતો જાય છે. ફળ–સંવરનો સુંદર બોધ થાય છે. તથા સંવરના સેવન માટે યથાશક્તિ પ્રયત્ન થાય છે.

(૯) **નિર્જરા**–નિર્જરાનું સ્વરૂપ, નિર્જરાનાં કારણો, નિર્જરાથી થતો લાભ વગેરેની વિચારણા એ નિર્જરા ભાવના છે. નિર્જરા એટલે કર્મોનો ક્ષય. નિર્જરા બે પ્રકારની છે. (૧) અબુદ્ધિપૂર્વક અને (૨) બુદ્ધિપૂર્વક.[૧] હું કર્મોનો ક્ષય કરું એવી ભાવના–બુદ્ધિ વિના કર્મના ઉદયથી થતો કર્મોનો ક્ષય અબુદ્ધિપૂર્વક છે. આમાં કર્મનો નાશ કરવાના અધ્યવસાય નહિ હોવાથી અનિચ્છાએ કર્મોનો ક્ષય થાય છે. આથી કર્મક્ષયની સાથે સાથે અનેક પ્રકારના સંકલ્પ–વિકલ્પો તથા આર્ત અને રૌદ્ર ધ્યાન કરીને નવાં અશુભ કર્મો બાંધે છે. આ કર્મક્ષય (નિર્જરા) અકુશલ કર્મોનો–અશુભ કર્મોનો બંધ કરાવે છે માટે અકુશલાનુબંધી છે. આથી આ નિર્જરા

૧. તત્ત્વાર્થભાષ્ય આદિમાં અહીં કુશલમૂલ એવો શબ્દ વાપરવામાં આવ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાસ્તવિક તો પાપરૂપ જ છે.[૨] કારણ કે તેમાં લાભ કરતાં નુકશાન વધારે છે. આ નિર્જરાને અકામ નિર્જરા પણ કહેવામાં આવે છે. આવી નિર્જરા તો આત્માએ અત્યાર સુધી ઘણી કરી. પણ તેનાથી કંઈ વળ્યું નહિ.

મારા કર્મોનો ક્ષય થાય એવા ઇરાદાથી તપ, પરીષહ આદિથી થતો કર્મોનો ક્ષય તે બુદ્ધિપૂર્વક નિર્જરા છે. અહીં સહન કરવાની વૃત્તિ હોવાથી કર્મના ઉદય વખતે થતા દુઃખથી કોઈ જાતનું અશુભ ધ્યાન થતું નથી, બલ્કે અધિક અધિક શુભ ધ્યાન થાય છે. આથી આ નિર્જરામાં નવાં કર્મો બંધાતાં નથી. અથવા તેવા પ્રકારના વિશિષ્ટ અધ્યવસાયના અભાવે નવાં કર્મો બંધાય તો પણ શુભ જ બંધાય છે. તે શુભ કર્મો મુક્તિના માર્ગમાં બાધક બનતાં નથી, બલ્કે સાધક બને છે. આથી આ કર્મક્ષયને (નિર્જરાને) નિરનુબંધી કે શુભાનુબંધી કહેવામાં આવે છે. આ નિર્જરા મોક્ષનું કારણ છે. આ નિર્જરાને સકામ નિર્જરા પણ કહેવામાં આવે છે.

જેમ જેમ સકામ નિર્જરા થાય છે તેમ તેમ આત્મા કર્મથી મુક્ત બનતો જાય છે. જેમ જેમ કર્મમુક્ત બને છે તેમ તેમ દુઃખથી મુક્ત બને છે. જ્યારે સંપૂર્ણ કર્મનો ક્ષય થાય ત્યારે સિદ્ધ બનીને સર્વ દુઃખોથી મુક્ત બને છે.

૨. तमेवंविधं विपाकमवद्यतः पापं संसारानुबन्धिनमेव चिन्तयेत् नहि तादृशा निर्जरया मोक्षः शक्योऽधिगन्तुमिति...
(પ્રસ્તુત સૂત્રના ભાષ્યની શ્રી સિદ્ધસેનગણિ કૃત ટીકા)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફળ–નિર્જરા ભાવનાથી નિર્જરાનો બોધ થાય છે, અને નિર્જરા કરવા યથાશક્તિ પ્રયત્ન થાય છે.

(૧૦) લોક–લોકના (–જગતના) સ્વરૂપની વિચારણા તે લોકભાવના. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય એ પાંચ અસ્તિકાય સ્વરૂપ લોક છે. અર્થાત્ ધર્માસ્તિકાય આદિ પાંચનો સમુદાય એ જ લોક છે. ધર્માસ્તિકાય આદિ ચાર જડ છે અને જીવાસ્તિકાય ચેતન છે. આ દૃષ્ટિએ જડ અને ચેતનનો સમુદાય એ જગત છે. લોક ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત છે. ઉત્પાદ એટલે ઉત્પત્તિ. વ્યય એટલે નાશ. ધ્રૌવ્ય એટલે સ્થિરતા. અર્થાત્ પ્રત્યેક વસ્તુ (જડ કે ચેતન) ઉત્પન્ન થાય છે, નાશ પામે છે અને સ્થિર પણ રહે છે. પ્રત્યેક વસ્તુ પર્યાય રૂપે ઉત્પન્ન થાય છે અને વિનાશ પામે છે, દ્રવ્ય રૂપે કાયમ રહે છે.[1] જેમકે મનુષ્ય મૃત્યુ પામીને દેવલોકમાં ઉત્પન્ન થાય તો જીવનો મનુષ્ય પર્યાય રૂપે નાશ થયો, દેવપર્યાય રૂપે ઉત્પત્તિ થઈ અને જીવ રૂપે સ્થિરતા થઈ. અર્થાત્ જીવ જીવરૂપે કાયમ રહ્યો, પણ મનુષ્ય રૂપે નાશ પામ્યો અને દેવ રૂપે ઉત્પન્ન થયો. ઉત્પત્તિ અને વિનાશ બે પ્રકારના છે. (૧) પ્રતિક્ષણવર્તી અને (૨) કાલાંતરવર્તી. ઘટમાં પ્રતિક્ષણ નવા પર્યાયોની ઉત્પત્તિ પ્રતિક્ષણવર્તી ઉત્પત્તિ છે. ઘટના સર્વથા નાશથી થતી પર્યાયની

---

૧. આ વિષયના વિશેષ બોધ માટે જુઓ અ. ૫, સૂત્ર ૨૯–૩૦ વગેરેનું વિવેચન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્પત્તિ કાલાંતરવર્તી છે. ઘટમાં પ્રતિક્ષણ થતો પર્યાયોનો નાશ પ્રતિક્ષણવર્તી નાશ છે. ઘટના સર્વથા ક્ષયથી થતો પર્યાયોનો નાશ એ કાલાંતરવર્તી વિનાશ છે. કેવળ-લોકનું શંકાદિ દોષોથી રહિત જ્ઞાન થાય છે. એના સત્ય સ્વરૂપનો ખ્યાલ આવે છે. એથી નક્કી થાય છે કે-આ લોકમાં કર્મયુક્ત જીવ માટે ક્યાંય શાશ્વત સ્થાન નથી. ઉત્પાદ અને વ્યયથી (જન્મ-મરણથી) અત્યાર સુધીમાં તે સર્વત્ર ભમી આવ્યો છે. સર્વત્ર તેની ફેર-બદલી થઈ ગઈ છે. ક્યાંય ઠરી ઠામ રહેવા મળ્યું નથી. આ ફેર-બદલીથી છૂટીને શાશ્વત સ્થાન પ્રાપ્ત કરવું હોય તો કર્મનો ક્ષય કરવા પ્રયત્ન કરવો જોઈએ. આમ લોક ભાવનાથી આત્મકલ્યાણની ભાવના જાગે છે.

(૧૨) બોધિદુર્લભ-અહીં બોધિ એટલે મુક્તિમાર્ગ. મુક્તિમાર્ગની દુર્લભતા વિચારવી એ બોધિદુર્લભ ભાવના છે. અનાદિકાળથી સંસારમાં રખડતા જીવને મુક્તિનો માર્ગ બહુ દુર્લભ છે. અનંતકાળ સુધી જીવો અવ્યવહાર નિગોદમાં દુઃખો સહન કરે છે. તથાભવ્યત્વના[1] પરિપાકથી અકામનિર્જરા કરીને અવ્યવહાર નિગોદમાંથી નીકળ્યા પછી વ્યવહાર નિગોદ આદિમાં અનંત કાળ સુધી ભમીને ત્રસપણું પામે છે. તેમાં પ્રારંભમાં તો ઘણા કાળ સુધી બેઇંદ્રિય આદિ રૂપે ઉત્પન્ન થાય છે. એટલે

૧. જે વસ્તુ જે કાર્ય જે કાળે અને જેવા સંયોગોમાં બનવાનું હોય તે કાર્ય માટે તે કાળ અને તેવા સંયોગો જ્યારે આવી જાય ત્યારે તે કાર્ય માટે જીવના તથાભવ્યત્વનો પરિપાક થયો કહેવાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રસપણું પામવા છતાં પંચેંદ્રિયપણું પામવું ઘણું કઠીન છે. પંચેંદ્રિયમાં આવ્યા પછી પણ તિર્યંચ-નરકગતિમાં ભમે છે. આથી મનુષ્યપણું દુર્લભ છે. મનુષ્યપણું આદિ પ્રાપ્ત થયા પછી પણ જિનવાણીનું શ્રવણ દુર્લભ છે. કારણ કે અનેક મિથ્યાદર્શનોના પ્રચારમાં આ જીવ ફસાઈ જાય છે. જિનવાણીની પ્રાપ્તિ થયા પછી પણ શ્રદ્ધા અને ચારિત્ર દુર્લભ છે. જિનવાણી (જ્ઞાન), શ્રદ્ધા અને ચારિત્ર એ ત્રણ મળીને મોક્ષમાર્ગ છે. આ મોક્ષમાર્ગ આપણે વિચારી ગયા એ મુજબ ઘણો જ દુર્લભ છે. ફળ–આ પ્રમાણે બોધિ–દુર્લભ ભાવનાના ચિંતનથી બોધિની દુર્લભતાનો વાસ્તવિક ખ્યાલ આવે છે. એથી બોધીને–મોક્ષમાર્ગને મેળવવા પ્રયત્ન થાય છે, મળેલા મોક્ષમાર્ગને આરાધવાની કાળજી રહે છે, મોક્ષમાર્ગથી ભ્રષ્ટ ન થવાય એ માટે સાવધાની રહે છે.

(૧૨) **ધર્મસ્વાખ્યાત**–સમ્યગ્દર્શન આદિ ધર્મ જિનેશ્વર દેવોએ બહુ સુંદર રીતે કહ્યો છે એ વિષયની વિવિધ વિચારણા–ચિંતન એ ધર્મસ્વાખ્યાત ભાવના છે. અહો! જિનેશ્વર ભગવાને સંસારનો નાશ કરનાર અને મોક્ષ આપનાર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર રૂપ ધર્મ કેવો સુંદર અને સ્પષ્ટ કહ્યો છે. આવો ધર્મ વીતરાગ સિવાય બીજો કોણ કહી શકે! જિનેશ્વર ભગવાનનો કહેલો આ ધર્મ યુક્તિઓથી અબાધ્ય છે. કારણ કે નિર્દોષ છે. જિનેશ્વર ભગવાને બતાવેલા ધર્મમાં કોઈ સ્ખલના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય નહિ. કારણ કે જિનેશ્વર ભગવાન રાગ, દ્વેષ અને મોહ રહિત થયા પછી જ ધર્મનો ઉપદેશ આપે છે. જ્યાં રાગાદિ દોષો છે ત્યાં ભૂલ થવાનો સંભવ છે. જે રાગાદિ દોષોથી સર્વથા રહિત છે તેની કોઈ પણ વિષયમાં જરાય ભૂલ થાય નહિ. ફળ–આ પ્રમાણે ધર્મસ્વાખ્યાત ભાવના ભાવવાથી શ્રદ્ધા ગુણ પ્રગટ થાય છે. પ્રગટેલી શ્રદ્ધા વિશુદ્ધ બને છે. પરિણામે મોક્ષમાર્ગથી પતિત થવાનો ભય રહેતો નથી. મોક્ષમાર્ગની આરાધના માટે ઉલ્લાસની વૃદ્ધિ થતી જાય છે. [૭]

## પરિષહનો અર્થ અને હેતુ–

**માર્ગાઽચ્યવનનિર્જરાર્થં પરિષોઢવ્યાઃ પરીષહાઃ ॥ ૯–૮ ॥**

**સમ્યગ્દર્શન આદિ મોક્ષમાર્ગમાં સ્થિરતા રહે એ માટે તથા નિર્જરા માટે જે સહન કરવા યોગ્ય છે તે પરિષહ છે.**

પરિષોઢવ્યાઃ પદથી પરિષહ શબ્દનો અર્થ જણાવ્યો છે. પરિષોઢવ્ય – સહન કરવા યોગ્ય છે તે પરિષહ છે. માર્ગાચ્યવનનિર્જરાર્થં પદથી પરિષહો સહન કરવાનું કારણ જણાવ્યું છે.

યદ્યપિ સૂત્રમાં પરિષહ સહન કરવામાં મોક્ષમાર્ગમાં સ્થિરતા અને નિર્જરા એ બે હેતુ બતાવ્યા છે, છતાં પ્રકરણ વશાત્ સંવરને પણ તેમાં હેતુ તરીકે સમજી લેવો જોઇએ. કારણ કે પૂર્વે સ ગુપ્તિ....એ સૂત્રમાં સંવરના ઉપાય તરીકે પરિષહજયનો નિર્દેશ કર્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરીષહો સહન કરવાનો અભ્યાસ કરવાથી આત્મામાં વિશિષ્ટ સામર્થ્ય આવે છે. એ સામર્થ્યના બળે આત્મા મેરુની જેમ સ્થિર રહી સમાધિ પૂર્વક પરિષહો સહન કરીને વિપુલ કર્મોની નિર્જરા કરે છે. જો પરિષહો સહન કરવાનો અભ્યાસ ન કરવામાં આવે તો પરિષહો આવતાં મન આકુળ-વ્યાકુળ બની જાય છે. પરિણામે નિર્જરા તો દૂર રહી, બલ્કે સમ્યગ્દર્શન આદિ મોક્ષમાર્ગથી પતિત થવાનો વખત પણ આવે છે. આથી સંવર પણ થતો નથી. [૮]

## પરિષહો-

**ક્ષુત્-પિપાસા-શીતોષ્ણ-દંશમશક-નાગ્ન્યાઽરતિ-સ્ત્રી-ચર્યા-નિષદ્યા-શય્યા-ઽઽક્રોશ-વધ-યાચના-ઽલાભ-રોગ તૃણસ્પર્શ-મલ-સત્કાર-પ્રજ્ઞા-ઽજ્ઞાના-ઽદર્શનાનિ ॥૯-૯॥**

**ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, નગ્નતા, અરતિ, સ્ત્રી, ચર્યા, નિષદ્યા, શય્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણ સ્પર્શ, મલ, સત્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન અને અદર્શન એમ ૨૨ પરિષહો છે.**

પરિષહોને બરાબર સમજવા પરિષહોનું સ્વરૂપ, પરિષહ જય( =શું કરવાથી પરિષહ જીત્યો કહેવાય ) અને પરિષહ અજય(=શું કરવાથી પરિષહ ન જીતાય ) એ ત્રણ બાબતો બરોબર સમજવી જોઈએ.

ઉક્ત ત્રણ બાબતોની સામાન્ય વ્યાખ્યા:-(૧) વિશિષ્ટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકારના અનુકૂળ કે પ્રતિકૂળ પ્રસંગોની ઉપસ્થિતિ તે પરિષહ. (૨) પરિષહ આવતાં રાગ-દ્વેષને વશ ન થવું અને સંયમ-બાધક કોઈ પણ પ્રવૃત્તિ ન કરવી એ પરિષહ જય. (૩) પરિષહ આવતાં રાગ-દ્વેષને વશ બની જવું અને સંયમ-બાધક પ્રવૃત્તિ કરવી એ પરિષહ અજય છે.

હવે વિશેષથી-દરેક પરિષહને આશ્રયીને આ ત્રણ બાબતોને વિચારીએ.—

(૧) **ક્ષુધા**—અતિશય ક્ષુધાની વેદના એ ક્ષુધા પરિષહ છે. ક્ષુધાને સમભાવે સહન કરવી. જો સહન ન થાય તો શાસ્ત્રોક્ત વિધિ મુજબ ગોચરી-ભિક્ષા લાવીને ક્ષુધાને શાંત કરવી. અહીં ક્ષુધાને શાંત કરવી એનું મહત્ત્વ નથી, કિન્તુ શાસ્ત્રોક્ત વિધિ મુજબ નિર્દોષ ભિક્ષા મેળવવી એનું મહત્ત્વ છે. શાસ્ત્રોક્ત વિધિ મુજબ ભિક્ષા મેળવવા જતાં નિર્દોષ આહાર ન મળે તો પણ દોષિત આહાર ન લેવો, અને મનને મક્કમ કરીને ક્ષુધાને સહન કરવી એ ક્ષુધા પરિષહ જય છે. ક્ષુધા સહન થઈ શકે તેમ હોય તો પણ સહન ન કરવી, અથવા દોષિત આહારથી ક્ષુધા શમાવવી એ પરિષહ અજય છે. (૨) **પિપાસા**—અતિશય તૃષાની વેદના એ પિપાસા પરિષહ છે. પરિષહના જયનું અને અજયનું સ્વરૂપ ક્ષુધા પરિષહની જેમ સમજી લેવું. આહારના સ્થાને પાણી સમજવું. (૩) **શીત**—અતિશય ઠંડીની વેદના શીત પરિષહ છે. પરિષહ જયનું સ્વરૂપ ક્ષુધા પરિષહની જેમ સમજવું. આહારના સ્થાને વસ્ત્રો સમજવાં. શાસ્ત્રોક્ત વિધિનું ઉલ્લંઘન કરીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્ત્રાદિનું ગ્રહણ કરવું, અગ્નિ આદિની ઇચ્છા કરવી એ પરિષહ અજય છે.

(૪) ઉષ્ણ :– અતિશય તાપની વેદના એ ઉષ્ણ પરિષહ છે. તાપની વેદના સહન કરવી. જો સહન ન થાય તો સંયમને બાધ ન આવે તેમ શાસ્ત્રોક્ત વિધિ મુજબ તેના પ્રતિકાર માટે ઉપાય કરવો. ઉપાય કરવા છતાં વેદના દૂર ન થાય તો શાંતિથી સહન કરવી એ ઉષ્ણ પરીષહ જય છે. તાપની વેદના સહન થઈ શકે તેમ હોવા છતાં સહન ન કરવી, અથવા તાપની વેદનાને દૂર કરવા પાણીથી સ્નાન, પંખાનો ઉપયોગ વગેરે સંયમ બાધક સાવદ્ય પ્રવૃત્તિની ઇચ્છા કરવી કે પ્રવૃત્તિ કરવી એ પરિષહ અજય છે.

(૫) દંશ-મશક :–ડાંશ, મચ્છર, માંકડ આદિના ઉપદ્રવથી થતી વેદના દંશમશક પરિષહ છે. દંશમશક પરિષહ આવતાં તે સ્થાનને છોડીને અન્ય સ્થાને ન જવું, ડાંસ આદિને પીડા થાય તેવી પ્રવૃત્તિ ન કરવી, રજોહરણ આદિથી જીવોને દૂર પણ ન કરવા, કિન્તુ સમભાવે વેદનાને સહન કરવી એ પરિષહ જય છે. તે સ્થાનનો ત્યાગ કરવો કે રજોહરણ આદિથી જીવોને દૂર કરવા એ પરિષહ અજય છે. (૬) નગ્નતા :–શાસ્ત્રોક્ત વિધિ મુજબ જીર્ણ–અલ્પમૂલ્ય, આદિ વસ્ત્રો ધારણ કરવાં એ નગ્નતા પરિષહ છે. શાસ્ત્રોક્ત વિધિ મુજબ વસ્ત્રો ન મળતાં દ્વેષાદિને વશ ન બનવું, શાસ્ત્રોક્ત વિધિ મુજબ મળેલાં વસ્ત્રોનો ઉપભોગ કરવો એ પરિષહ જય છે. શાસ્ત્રોક્ત વિધિનું ઉલ્લંઘન કરીને વસ્ત્રાદિનો ઉપભોગ કરવો એ પરિષહ અજય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭) **અરતિ** :–સંયમ પાલન કરતાં અરતિ ઉત્પન્ન થાય એ અરતિ પરિષહ છે. શુભ ભાવનાદિથી અરતિનો ત્યાગ એ પરિષહ જય છે અને અત્યાગ એ પરિષહનો અજય છે. (૮) **સ્ત્રી** :–સ્ત્રી સ્વસમક્ષ હાસ્યાદિ ચેષ્ટા, કે ભોગ–પ્રાર્થનાદિ કરે તે સ્ત્રી પરિષહ છે. અશુચિ ભાવના આદિથી સ્ત્રીની ચેષ્ટા તરફ લક્ષ્ય ન આપવું, તેની પ્રાર્થનાનો સ્વીકાર ન કરવો વગેરે પરિષહ જય છે અને સ્ત્રીની ચેષ્ટાને નિહાળવી કે પ્રાર્થનાદિનો સ્વીકાર કરવો એ પરિષહ અજય છે. (૯) **ચર્યા** :–ચર્યા એટલે વિહાર. વિહારમાં પત્થર, કાંટા આદિની પ્રતિકૂળતા એ ચર્યા પરિષહ છે. પ્રતિકૂળતામાં ઉદ્વેગ આદિને વશ બન્યા વિના શાસ્ત્રોક્ત વિધિ મુજબ વિહાર કરવો એ પરિષહ જય છે. પ્રતિકૂળતા દૂર થાય કે ન આવે એ માટે શાસ્ત્રોક્ત વિધિનું ઉલ્લંઘન કરીને વિહાર કરવો કે વિહાર જ ન કરવો એ પરિષહ અજય છે. (૧૦) **નિષદ્યા** :–નિષદ્યા એટલે ઉપાશ્રય આદિ સ્થાન. ઉપાશ્રય આદિમાં શાસ્ત્રોક્ત વિધિ મુજબ સાધના કરતાં અનુકૂળ કે પ્રતિકૂળ પ્રસંગો ઉપસ્થિત થાય એ નિષદ્યા પરિષહ છે. એ પ્રસંગોને આધીન ન બનવું–રાગદ્વેષ ન કરવા એ પરિષહ જય અને એ પ્રસંગોને આધીન બનીને રાગ–દ્વેષ કરવા એ પરિષહ અજય છે.

(૧૧) **શય્યા** :–શય્યા એટલે સંથારો અથવા વસતિ. અનુકૂળ કે પ્રતિકૂળ શય્યાની પ્રાપ્તિ એ શય્યા પરિષહ છે. અનુકૂળ અને પ્રતિકૂળ શય્યામાં અનુક્રમે હર્ષ–ઉદ્વેગને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આધીન ન બનવું એ પરિષહ જય છે, અને હર્ષ–ઉદ્વેગને આધીન બનવું એ પરિષહ અજય છે. (૧૨) **આક્રોશ**:– કોઈ અજ્ઞાની કે દ્વેષી આક્રોશ–તિરસ્કાર કરે એ આક્રોશ પરિષહ. આક્રોશ થતાં સમતા રાખવી એ પરિષહ જય, અને ઉદ્વિગ્ન બની જવું કે આક્રોશ કરનાર ઉપર દ્વેષ–ક્રોધ વગેરે કરવું એ પરિષહ અજય છે. (૧૩) **વધ** :–કોઈ અજ્ઞાની કે દ્વેષી તાડનાદિ કરે એ વધ પરિષહ છે. એ વખતે સમતા રાખવી એ પરિષહ જય, અને દીન બની જવું કે તાડનાદિ કરનાર ઉપર ક્રોધ વગેરે કરવું એ પરિષહ અજય છે. (૧૪) **યાચના** :–સંયમ સાધના માટે જરૂરી આહારાદિની ગૃહસ્થોની પાસે માગણી કરવી એ યાચના પરિષહ છે. યાચનામાં લઘુતાનો–શરમનો ત્યાગ એ પરિષહ જય અને શરમ આવવી, અહંકાર રાખવો એ પરિષહ અજય છે.

(૧૫) **અલાભ** :–નિર્દોષ ભિક્ષા ન મળવી એ અલાભ પરિષહ છે. અલાભ પરિષહ આવતાં દીનતા ન કરવી કે તેમાં નિમિત્ત બનનાર ઉપર ક્રોધ ન કરવો એ પરિષહ જય, અને દીનતા કે ક્રોધ કરવો એ પરિષહ અજય છે.

(૧૬) **રોગ** :–શરીરમાં રોગ થાય એ રોગ પરિષહ છે. રોગને સહન કરવો કે શાસ્ત્રોક્ત વિધિ મુજબ રોગનો પ્રતિકાર કરવો એ પરિષહ જય છે. રોગમાં ચિંતા કરવી, શાસ્ત્રોક્ત વિધિનું ઉલ્લંઘન કરીને રોગનો પ્રતિકાર કરવો એ પરિષહ અજય છે. (૧૭) **તૃણસ્પર્શ** :–જિનકલ્પ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ વિશિષ્ટ કલ્પવાળા સાધુઓને તથા કેટલાક પ્રસંગોમાં સ્થવિરકલ્પી (-ગચ્છવાસી)સાધુઓને ઘાસનો સંથારો કરવાનું વિધાન છે. તૃણના સંથારામાં તૃણની અણીઓ ખૂંચવી વગેરે તૃણ પરિષહ છે. એ વખતે વેદનાને સમભાવે સહન કરવી, વસ્ત્રની ઇચ્છા ન કરવી એ પરિષહ જય છે, અને ઉદ્વિગ્ન બનીને વસ્ત્રની ઇચ્છા કરવી એ પરિષહ અજય છે. (૧૮) **મલ** :-શરીર ઉપર મેલનું જામવું એ મલ પરિષહ છે. મેલને દૂર ન કરવો, મેલને દૂર કરવાની ઇચ્છા પણ ન થવી એ પરિષહ જય, અને મેલને દૂર કરવાની ઇચ્છા થવી, મેલને દૂર કરવો એ પરિષહ અજય છે.

(૧૯) **સત્કાર** :-સત્કાર-સન્માનની પ્રાપ્તિ એ સત્કાર પરિષહ છે. તેમાં હર્ષ ન કરવો એ પરિષહ જય અને હર્ષ કરવો એ પરિષહ અજય છે. (૨૦) **પ્રજ્ઞા** :-વિશિષ્ટ બુદ્ધિની પ્રાપ્તિ એ પ્રજ્ઞા પરિષહ છે. તેમાં ગર્વ ન કરવો એ પરિષહ જય છે, અને ગર્વ કરવો એ પરિષહ અજય છે. (૨૧) **અજ્ઞાન** :-વિશિષ્ટ જ્ઞાનની અપ્રાપ્તિ એ અજ્ઞાન પરિષહ છે. અજ્ઞાનના કારણે થતા "આ અજ્ઞાન છે, પંગુ સમાન છે, એને કશી જ ગતાગમ નથી" ઇત્યાદિ આક્ષેપ-તિરસ્કારમાં સમતા રાખવી એ પરિષહ જય અને ઉદ્વિગ્ન બની જવું, દ્વેષ કરવો એ પરિષહ અજય છે. (૨૨) **અદર્શન** :-શાસ્ત્રોનાં રહસ્યો ન સમજાય, પરદર્શનના પ્રત્યક્ષ ચમત્કારો દેખાય વગેરે સમ્યગ્દર્શનથી ચલિત થવાના પ્રસંગોની ઉપસ્થિતિ એ અદર્શન પરિષહ છે. તે પ્રસંગોમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્યગ્દર્શનથી ચલિત ન થવું એ જય, અને ચલિત થવું એ પરિષહ અજય છે. [૯]

## પરિષહોની ગુણસ્થાનકોમાં વિચારણા–

**સૂક્ષ્મસંપરાય–છદ્મસ્થવીતરાગયોશ્ચતુર્દશ ॥ ૯–૧૦ ॥**

**સૂક્ષ્મસંપરાય, ઉપશાંતમોહ અને ક્ષીણમોહ (૧૦–૧૧–૧૨) એ ત્રણ ગુણસ્થાનકોમાં ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, ચર્યા, પ્રજ્ઞા, અજ્ઞાન, અલાભ, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, અને મલ એ ૧૪ પરિષહો હોય છે. અર્થાત્ આ ૧૪ પરિષહો ૧૨ મા ગુણસ્થાનક સુધી સંભવે છે.**

શેષ આઠ પરિષહો મોહનીય કર્મજન્ય હોવાથી અને આ ત્રણ ગુણસ્થાનકોમાં મોહનો ઉદય ન હોવાથી નવમા ગુણસ્થાનક સુધી જ હોય છે. યદ્યપિ દશમા ગુણસ્થાને સૂક્ષ્મ લોભ હોય છે, પણ તે અત્યંત સૂક્ષ્મ હોવાથી સ્વકાર્ય કરવા અસમર્થ હોય છે. (૧૦)

## સયોગી કેવળીમાં પરિષહોની વિચારણા–

**એકાદશ જિને ॥ ૯–૧૧ ॥**

**જિનમાં અગિયાર પરિષહો સંભવે છે.**

જિનને ઘાતી કર્મોનો ઉદય ન હોવાથી ઘાતી કર્મના ઉદયથી થતા પરિષહો હોતા નથી. જિનને વેદનીય કર્મનો ઉદય હોવાથી વેદનીય કર્મના ઉદયથી થતા ક્ષુધા, પિપાસા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શીત, ઉષ્ણ, દંશમશક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, મલ એ અગિયાર પરિષહો સંભવે છે. (૧૧)

**નવમા ગુણસ્થાને પરિષહો–**

**બાદરસંપરાયે સર્વે ॥ ૯–૧૨ ॥**

**નવમા ગુણસ્થાને સઘળા પરિષહો હોય છે**

જે જે કર્મના ઉદયથી પરિષહો આવે છે તે સર્વ કર્મોનો ઉદય નવમા ગુણસ્થાન સુધી હોવાથી ત્યાં સઘળા પરિષહો સંભવે છે. (૧૨)

**કયા કયા કર્મના ઉદયે કયા કયા પરિષહો આવે તેની વિચારણા–**

**જ્ઞાનાવરણે પ્રજ્ઞાજ્ઞાને ॥ ૯–૧૩ ॥**

**પ્રજ્ઞા અને અજ્ઞાન એ બે પરિષહ જ્ઞાનાવરણ કર્મના ઉદયે હોય છે.**

**પ્રશ્ન** :–પ્રજ્ઞા જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમ રૂપ છે. આથી પ્રજ્ઞા પરિષહ જ્ઞાનાવરણ કર્મના ઉદયે કેવી રીતે હોઈ શકે? **ઉત્તર** :–અહીં "જ્ઞાનાવરણ કર્મના ઉદયે" એટલે "જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી" એવો અર્થ નથી, કિન્તુ "જ્ઞાનાવરણીય કર્મનો ઉદય વર્તમાન હોય ત્યારે" એવો અર્થ છે.[૧] પ્રજ્ઞા પરિષહ જ્ઞાનાવરણીય કર્મનો ઉદય વર્તમાન હોય ત્યારે આવે છે. કારણ કે પ્રજ્ઞા જ્ઞાનના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે. જ્યારે જ્ઞાનનો

૧. રાજવાર્તિકના આધારે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષયોપશમ વર્તમાન હોય ત્યારે જ્ઞાનાવરણ કર્મનો ઉદય પણ વર્તમાન હોય છે. આથી પ્રજ્ઞા પરિષહ જ્ઞાનાવરણ કર્મના ઉદય વખતે આવે છે એવો અર્થ સુસંગત છે. આગળના સૂત્રોમાં પણ આવા સ્થળે 'ઉદયે'નો 'ઉદય વખતે' એવો અર્થ કરવો ઠીક લાગે છે. જે પરિષહ અમુક કર્મના ઉદયથી જ આવે એ પરિષહમાં 'ઉદયે'નો અર્થ 'ઉદયથી' કરવો જોઈએ. જેમકે–અજ્ઞાન પરિષહ જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી આવે છે. (૧૩)

દર્શનમોહાન્તરાययોરદર્શનાલાભૌ ॥ ૯–૧૪ ॥

**દર્શનમોહના ઉદયે અદર્શન પરિષહ અને લાભાંતરાયના ઉદયે અલાભ પરિષહ સંભવે છે.**

ચારિત્રમોહે નાગ્ન્યા–ઽરતિ–સ્ત્રી–નિષદ્યા–ઽઽક્રોશ–યાચના –સત્કારપુરસ્કારાઃ ॥ ૯–૧૫ ॥

**નાગ્ન્ય, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના, સત્કારપુરસ્કાર એ સાત પરિષહો અનુક્રમે જુગુપ્સા, અરતિ, પુરુષવેદ, ભય, ક્રોધ, માન, અને લોભ રૂપ ચારિત્ર મોહનીયના ઉદયે હોય છે.** (૧૫)

વેદનીયે શેષાઃ ॥ ૯–૧૬ ॥

બાકીના ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, મલ એ અગિયાર પરિષહો વેદનીય કર્મના ઉદયે હોય છે. (૧૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક જીવને એકી સાથે સંભવતા પરિષહો–

एकादयो भाज्या युगपदेकोनविंशतेः ॥ ९–१७ ॥

બાવીશ પરિષહોમાંથી એક જીવને એકી સાથે એક વગેરે ઓગણીશ સુધીના પરિષહો હોઈ શકે છે.

શીત અને ઉષ્ણ એ બેનો પરસ્પર વિરોધ છે. ચર્યા, શય્યા અને નિષદ્યા એ ત્રણનો પરસ્પર વિરોધ છે. વિરોધી પરિષહોમાં એક જીવને એકી સાથે કોઈ એક જ હોઈ શકે. શીત–ઉષ્ણ એ બે પરિષહોમાંથી એક અને ચર્યા આદિ ત્રણમાંથી બે એમ કુલ ત્રણ પરીષહો બાદ કરતાં ૧૯ પરિષહો રહે છે. એ ૧૯પરિષહો પરસ્પર અવિરોધી હોવાથી એક જ વ્યક્તિમાં એક જ સમયે હોઈ શકે છે. [૧૭]

ચારિત્રનું વર્ણન–

सामायिक–छेदोपस्थाप्य–परिहारविशुद्धि–सूक्ष्मसंपराय–यथाख्यातानि चारित्रम् ॥ ९–१८ ॥

સામાયિક, છેદોપસ્થાપ્ય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત એમ પાંચ પ્રકારનું ચારિત્ર છે.

ચારિત્ર એટલે સાવદ્યયોગોથી નિવૃત્તિના અને નિરવદ્ય યોગોમાં પ્રવૃત્તિના પરિણામ. આ પરિણામની વિશુદ્ધિની અનેક તરતમતા હોવાથી ચારિત્રના અનેક ભેદો થાય. પણ મુખ્યતયા સામાયિક આદિ પાંચ પ્રકારે ચારિત્ર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) **સામાયિક**–સમ એટલે રાગદ્વેષનો અભાવ, અર્થાત્ સમતા. આય એટલે લાભ. જેનાથી સમતાનો લાભ થાય તે સામાયિક. યદ્યપિ સામાયિક શબ્દના આ અર્થથી પાંચે પ્રકારનું ચારિત્ર સામાયિક સ્વરૂપ છે. કારણ કે તેનાથી સમતાનો લાભ થાય છે. પણ પ્રસ્તુતમાં સામાયિક શબ્દ પાંચ પ્રકારના ચારિત્રમાં અમુક પ્રકારના ચારિત્રમાં રૂઢ બની ગયો છે. સામાયિક ચારિત્રના બે ભેદો છે. (૧) ઈત્વરકાલિક અને (૨) યાવજ્જીવિક. થોડો કાલ રહેનાર સામાયિક ઈત્વરકાલિક સામાયિક છે. તેને અત્યારે ચાલુ ભાષામાં નાની દીક્ષા યા કાચી દીક્ષા કહેવામાં આવે છે. યાવજ્જીવ સામાયિક એટલે જીવન પર્યંત રહેનાર સામાયિક. પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થના સાધુઓ વિશિષ્ટ નિપુણતા આદિ ગુણોથી રહિત હોવાથી ચારિત્ર સ્વીકારવાની સાથે જ નિરતિચારપણે ચારિત્ર પાળી શકતા નથી. આથી ચારિત્ર લીધા બાદ નિરતિચારપણે ચારિત્ર પાળી શકાય એ માટે વિશિષ્ટ અભ્યાસ, ક્રિયા આદિ કરવું પડે છે. ચારિત્ર લીધા બાદ સાધુ શસ્ત્રપરિજ્ઞા અધ્યયન આદિનો અભ્યાસ તથા યોગોદ્વહન આદિ કરી નિરતિચાર ચારિત્રના પાલનમાં નિપુણ બની જાય છે ત્યારે તેને પૂર્વે પાળેલ ચારિત્રનો છેદ કરી બીજું નવું ચારિત્ર આપવામાં આવે છે. અહીં દીક્ષા દિવસથી આરંભી જ્યાં સુધી બીજું નવું ચારિત્ર (વડી દીક્ષા) આપવામાં ન આવે ત્યાં સુધીનું જે ચારિત્ર તે સામાયિક ચારિત્ર. આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામાયિક થોડો ટાઈમ રહેવાથી તેને ઈત્વર કાલિક સામાયિક કહેવામાં આવે છે. ઈત્વર કાલિક સામાયિક ભરત અને ઐરાવત ક્ષેત્રમાં પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓને જ હોય છે. મહાવિદેહ ક્ષેત્રમાં સઘળા તીર્થંકરોના સાધુઓને તથા ભરત અને ઐરાવત ક્ષેત્રમાં ૨૨ તીર્થંકરોના સાધુઓને યાવજ્જીવિક સામાયિક હોય છે. તે સાધુઓ નિપુણ અને સરળ હોવાથી દીક્ષાના પ્રારંભથી જીવનપર્યંત નિરતિચાર ચારિત્રનું પાલન કરી શકતા હોવાથી તેમને પૂર્વ ચારિત્રનો છેદ કરીને બીજું નવું ચારિત્ર આપવામાં આવતું નથી. એટલે દીક્ષાના પ્રારંભથી જીવન પર્યંત સામાયિક રહે છે.

(૨) છેદોપસ્થાપ્ય—જેમાં પૂર્વપર્યાયનો છેદ કરીને ઉત્તર (નવા) પર્યાયમાં ઉપસ્થાપન કરવામાં આવે તે છેદોપસ્થાપન કે છેદોપસ્થાપ્ય ચારિત્ર છે.* આ ચારિત્ર સામાયિક ચારિત્રના વર્ણનમાં કહ્યા મુજબ ભરત અને ઐરાવત ક્ષેત્રના પહેલા અને છેલ્લા તીર્થંકરોના સાધુઓને જ સામાયિક ચારિત્ર બાદ આપવામા આવે છે. શેષ ૨૨ તીર્થંકરોના સાધુઓ તથા મહાવિદેહ ક્ષેત્રના સઘળા તીર્થંકરોના સાધુઓ દીક્ષાના પ્રારંભથી જ નિરતિચાર ચારિત્રનું પાલન કરતા હોવાથી તેમના પૂર્વપર્યાયનો છેદ કરી ઉત્તર (નવા) પર્યાયમાં ઉપસ્થાપન કરવાની જરૂર રહેતી ન હોવાથી તેમને છેદોપસ્થાપનીય ચારિત્ર હોતું નથી.

* વર્તમાનમાં લોકભાષામાં આ ચારિત્રને વડી દીક્ષા કે પાકી દીક્ષા કહેવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાર[1]:–ભરત અને ઐરાવતક્ષેત્રમાં પહેલા અને છેલ્લા જિનેશ્વરોના સાધુઓને ઇત્વરકાલિક સામાયિક તથા છેદોપસ્થાપનીય એ બે ચારિત્ર હોય છે. તેમાં દીક્ષાના પ્રારંભથી જ્યાં સુધી છેદોપસ્થાપનીય ચારિત્ર (વડી દીક્ષા) ન આપવામાં આવે ત્યાં સુધી ઇત્વરકાલિક સામાયિક (નાની દીક્ષા) હોય છે. જ્યારે છેદોપસ્થાપનીય ચારિત્ર (વડી દીક્ષા) આપવામાં આવે ત્યારથી જીવનપર્યંત છેદોપસ્થાપનીય ચારિત્ર હોય છે. શેષ ૨૨ જિનેશ્વરોના સાધુઓને અને મહાવિદેહક્ષેત્રના દરેક તીર્થંકરના સાધુઓને યાવજ્જીવિક સામાયિક ચારિત્ર જ હોય છે. તેમને છેદોપસ્થાપનીય ચારિત્ર હોતું નથી.

છેદોપસ્થાપનીય ચારિત્રના બે ભેદ છે, (૧) નિરતિચાર અને (૨) સાતિચાર. જેઓ કોઈપણ જાતના અતિચાર લગાડ્યા વિના છેદોપસ્થાપનીય ચારિત્રનું પાલન કરે છે તેમને તથા અંતિમ તીર્થંકરના સાધુઓની પાસે ઉપસંપદા સ્વીકારનાર ત્રેવીસમા તીર્થંકરના સાધુઓને નિરતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર હોય છે. મૂલગુણના ભંગથી જેને પુનઃ મહાવ્રતો ઉચ્ચારવામાં આવે તેને સાતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર હોય છે.

(૩) પરિહારવિશુદ્ધિ–અમુક પ્રકારના તપને પરિહાર કહેવામાં આવે છે. પરિહાર તપથી વિશુદ્ધિવાળું જે ચારિત્ર તે પરિહાર વિશુદ્ધિ ચારિત્ર. આ ચારિત્રના પાલનમાં નવનો સમુદાય હોય છે. નવથી ઓછા ન હોય અને વધારે પણ ન હોય, નવ જ હોય. તેમાં ચાર સાધુઓ પરિહાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org.

તપની વિધિમુજબ પરિહાર તપ કરે. ચાર સાધુઓ પરિહાર તપ કરનારની સેવા કરે. એક સાધુ વાચનાચાર્ય તરીકે રહે. એ આઠે ય સાધુઓને વાચના આપે. આ ચારિત્રને ગ્રહણ કરનારા સઘળા સાધુઓ શ્રુતાતિશય સંપન્ન હોય છે. છતાં તેઓનો આચાર હોવાથી એકને વાચનાચાર્ય તરીકે સ્થાપે છે. **પરિહારતપની વિધિ**–ઉનાળામાં જઘન્ય ઉપવાસ, મધ્યમ છઠ્ઠ, ઉત્કૃષ્ટ અઠ્ઠમ; શિયાળામાં જઘન્ય છઠ્ઠ, મધ્યમ અઠ્ઠમ, ઉત્કૃષ્ટ ચાર ઉપવાસ, ચોમાસામાં જઘન્ય અઠ્ઠમ, મધ્યમ ચાર ઉપવાસ, ઉત્કૃષ્ટ પાંચ ઉપવાસ તપ કરવાનું વિધાન છે. જે સમયે પરિહારતપનું સેવન કરે તે વખતે જે ઋતુ ચાલતી હોય તે ઋતુ પ્રમાણે તપ કરે. પારણે આયંબિલ જ કરે. તેમાં પણ વિશિષ્ટપ્રકારના અભિગ્રહ પૂર્વક જ ગોચરી લાવવાની હોય છે.[1] જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એ ત્રણ પ્રકારમાંથી પોતાની શક્તિ પ્રમાણે ગમે તે પ્રકારનો તપ કરે. આ તપ છ મહિના સુધી કરે. છ મહિના પછી જે સાધુઓ સેવા કરતા હતા તે સાધુઓ આ તપ શરૂ કરે અને છ મહિના સુધી કરે. તપ કરી ચૂકેલા ચાર સાધુઓ છ મહિના સુધી તપ કરનારની સેવા કરે. અર્થાત્ જે તપસ્વી હોય તે સેવક બને અને જે સેવક હોય તે તપસ્વી બને. છ મહિના બાદ વાચનાચાર્ય આ તપ શરૂ કરે. તે પણ છ મહિના સુધી કરે. બાકીના આઠ સાધુઓમાં એક સાધુ તપસ્વીની સેવા કરે અને એક સાધુ

૧. આ માટે જુઓ પ્રવચન સારોદ્ધાર, પંચસંગ્રહ વગેરે ગ્રંથો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાચનાચાર્ય બને. જે વખતે ચાર સાધુઓ તપ કરતા હોય તે વખતે સેવા કરનારા ચાર સાધુઓ તથા વાચનાચાર્ય દરરોજ આયંબિલ કરે, જે વખતે વાચનાચાર્યને તપ ચાલતો હોય તે વખતે અન્ય આઠેય સાધુઓ દરરોજ આયંબિલ કરે. અર્થાત્ તપ કરનાર સિવાયના સઘળા સાધુઓ દરરોજ આયંબિલ કરે. ક્યારેક ઉપવાસ પણ કરે.[૨] આમ આ તપ ૧૮ મહિને પૂર્ણ થાય છે.

પરિહારકલ્પ પૂર્ણ થયા બાદ તે મુનિઓ પુનઃ એ તપનું સેવન કરે, અથવા જિનકલ્પ સ્વીકારે, અથવા સ્થવિરકલ્પ પણ સ્વીકારે. પરિહારકલ્પમાં રહેલા મુનિઓ આંખમાં પડેલું તૃણ પણ સ્વયં બહાર કાઢે નહિ, કોઈ પણ જાતના અપવાદનું સેવન કરે નહિ, ત્રીજા પહોરે ભિક્ષા ન કરે, (બીજા પહોરમાં જ ભિક્ષા પતાવી દે) ભિક્ષા સિવાયના કાળમાં કાયોત્સર્ગમાં રહે, કોઈને દીક્ષા આપે નહિ, ક્વચિત્ ઉપદેશ આપે, નવો અભ્યાસ ન કરે, કિન્તુ ભણેલાનું પરાવર્તન કરે.

પ્રથમ સંઘયણવાળા પૂર્વધરો જ આ સંયમ સ્વીકારી શકે છે. તીર્થંકર પાસે કે જેમણે તીર્થંકર પાસે આ ચારિત્રનો સ્વીકાર કર્યો હોય તેમની પાસે જ આ ચારિત્રનો સ્વીકાર થઈ શકે. આ ચારિત્ર સ્થિતકલ્પમાં (ભરત-ઐરાવત એ બે ક્ષેત્રોમાં પહેલા અને છેલ્લા તીર્થંકરોના તીર્થમાં) જ બે પુરુષયુગ (=પાટપરંપરા) સુધી જ હોય છે. જેમ કે આ

૨. જુઓ વિશેષાવશ્યક ગાથા ૧૨૭૪ ની ટીકા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીર્થમાં શ્રીજંબૂસ્વામી સુધી આ ચારિત્ર હતું. તેમના નિર્વાણ બાદ આ ચારિત્રનો વિચ્છેદ થયો.

(૪) **સૂક્ષ્મસંપરાય**–સૂક્ષ્મસંપરાય શબ્દમાં સૂક્ષ્મ અને સંપરાય એ બે શબ્દો છે. સંપરાય એટલે લોભ. જ્યારે ચાર કષાયોમાં કેવળ લોભ જ હોય અને તે પણ સૂક્ષ્મ (–અતિ અલ્પ પ્રમાણમાં) હોય ત્યારે આ ચારિત્ર હોય છે. કેવળ સૂક્ષ્મ લોભ દશમા ગુણસ્થાને જ હોય છે. માટે આ ચારિત્ર પણ દશમા ગુણસ્થાને જ હોય છે. દશમા ગુણસ્થાને મોહનીયની ૨૭ પ્રકૃતિઓનો ક્ષય કે ઉપશમ થઈ ગયો હોય છે. માત્ર લોભનો જ ઉદય હોય છે. લોભ પણ સૂક્ષ્મ (–અત્યંત અલ્પ પ્રમાણમાં) હોય છે. દશમું ગુણસ્થાન શ્રેણિમાં હોય છે. અત્યારે શ્રેણિનો અભાવ હોવાથી સૂક્ષ્મસંપરાય ચારિત્રનો પણ અભાવ છે.

(૫) **યથાખ્યાત**–યથાખ્યાત એટલે જેવા પ્રકારનું કહ્યું હોય તેવા પ્રકારનું. જિનેશ્વર ભગવંતોએ જેવા પ્રકારનું ચારિત્ર કહ્યું છે તેવા પ્રકારનું જે ચારિત્ર તે યથાખ્યાત ચારિત્ર. જિનેશ્વર ભગવંતોએ શ્રેષ્ઠ ચારિત્ર તરીકે અકષાય (–કષાય રહિત) ચારિત્રને કહ્યું છે. આથી કષાયના ઉદયથી સર્વથા રહિત ચારિત્ર યથાખ્યાત ચારિત્ર. ૧૧, ૧૨, ૧૩, ૧૪ એ ચાર ગુણસ્થાનોમાં કષાયના ઉદયનો બિલકુલ અભાવ હોય છે.[૧] આથી એ ચાર ગુણસ્થાનવર્તી સાધુઓને

૧. ૧૧ મા ગુણસ્થાને કષાયોનો ઉપશમ યા ક્ષય છે. ૧૨–૧૩–૧૪ એ ત્રણ ગુણસ્થાનોમાં ક્ષય હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યથાખ્યાત ચારિત્ર હોય છે. વર્તમાનમાં એ ચાર ગુણસ્થાનોનો અભાવ હોવાથી યથાખ્યાત ચારિત્રનો અભાવ છે.

આ પાંચ ચારિત્રોમાં પૂર્વ પૂર્વ ચારિત્રથી ઉત્તરોત્તર ચારિત્ર વધારે વધારે વિશુદ્ધ છે. સામાયિકથી છેદોપસ્થાપનીય વધારે વિશુદ્ધ છે. છેદોપસ્થાપનીયથી પરિહાર વિશુદ્ધિ વધારે વિશુદ્ધ છે....

**પ્રશ્ન :**–ચારિત્રનો ગુપ્તિ કે સમિતિમાં સમાવેશ કરી દેવો જોઈએ. કારણ કે સમિતિ–ગુપ્તિ વિના ચારિત્રનું પાલન અશક્ય હોવાથી ચારિત્ર સમિતિ–ગુપ્તિ સ્વરૂપ છે. **ઉત્તર :**– સૂક્ષ્મ દૃષ્ટિએ ચારિત્રને સમિતિ–ગુપ્તિ સ્વરૂપ કહી શકાય. પણ સ્થૂલદૃષ્ટિએ ચારિત્ર અને સમિતિ–ગુપ્તિમાં ભેદ છે. ચારિત્ર કાર્ય છે અને સમિતિ–ગુપ્તિ કારણ છે.[૧]

યદ્યપિ દશ પ્રકારના ધર્મમાં ચારિત્ર પણ આવી જાય છે. એથી અહીં ચારિત્રને જુદું જણાવવાની જરૂર રહેતી નથી. છતાં અન્ય ધર્મોથી ચારિત્રની મહત્તા બતાવવા અહીં ચારિત્રનો જુદો નિર્દેશ કર્યો છે. ચારિત્ર સર્વ કર્મોનો ક્ષય કરે છે અને મોક્ષનું સાક્ષાત્ કારણ છે. આથી ચારિત્ર શ્રેષ્ઠ ધર્મ છે. [૧૮]

[ સ ગુપ્તિ....એ સૂત્રમાં ગુપ્તિ આદિ સંવરના ઉપાય છે એમ જણાવીને સમ્યગ્યોગનિગ્રહો....એ સૂત્રથી અહીં સુધી ક્રમશઃ ગુપ્તિ આદિનું વર્ણન કર્યું. તેમાં 'તપસા નિર્જરા ચ' સૂત્રમાં તપને સંવરના અને નિર્જરાના ઉપાય તરીકે જણાવેલ હોવાથી હવે તપનું વર્ણન શરૂ કરે છે.

[૧] **પતાશ્ચારિત્રગાત્રસ્ય જનનાત્...(યોગશાસ્ત્ર)**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપના બાહ્ય અને અભ્યંતર એવા બે ભેદો છે. તેમાં પ્રથમ બાહ્ય-તપનું વર્ણન કરે છે.]

**બાહ્ય તપના છ ભેદો :—**

**અનશના-ઽવમૌદર્ય-વૃત્તિપરિસંખ્યાન-રસપરિત્યાગ-વિવિક્તશય્યાસન-કાયક્લેશા બાહ્યં તપઃ ॥ ૯-૧૯ ॥**

**અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્ત શય્યાસન અને કાયક્લેશ એમ છ પ્રકારનો બાહ્ય તપ છે.**

જે કર્મના રસને તપાવે-બાળી નાંખે તે તપ. આથી સંયમરક્ષા, સંવર, કર્મનિર્જરા આદિ આત્મકલ્યાણના ધ્યેયથી કરવામાં આવતો તપ જ વાસ્તવિક તપ છે. રોગ, પરાધીનતા, આહારની અપ્રાપ્તિ વગેરે કારણે કરવામાં આવતો તપ કાયક્લેશ રૂપ જ છે.

(૧) **અનશન** :—અનશન એટલે આહારનો ત્યાગ. અનશન તપના ઇત્વર અને યાવત્જીવિક એમ બે ભેદ છે. થોડા સમય માટે આહારનો ત્યાગ કરવામાં આવે તે ઇત્વર અનશન. જીવનપર્યંત આહારનો ત્યાગ કરવામાં આવે તે યાવત્જીવિક અનશન.

[૧]ચોવિહાર, તિવિહાર, દુવિહાર તથા નવકારશી, પોરસી, એકાસણુ, આયંબિલ, ઉપવાસ, છઠ્ઠ, યાવત્ છ મહિનાના ઉપવાસ સુધીનો તપ ઇત્વર અનશન છે. યાવ-

૧. ચોવિહાર આદિ પ્રત્યાખ્યાનની સમજ માટે 'પ્રત્યાખ્યાન ભાષ્ય'નું અવલોકન કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવિક અનશનના ત્રણ ભેદો છે. (૧) ભક્તપ્રત્યાખ્યાન, (૨) ઇંગિની, (૩) પાદપોપગમન.

(૧) **ભક્તપ્રત્યાખ્યાન**–જીવનપર્યંત ભક્તનું પ્રત્યાખ્યાન (–ત્રણ પ્રકારના કે ચાર પ્રકારના આહારનો ત્યાગ) એ ભક્તપ્રત્યાખ્યાન. આ તપમાં શરીર પરિકર્મ (–ઉઠવું, બેસવું વગેરે શારીરિક ક્રિયા) સ્વયં કરી શકે છે, અને બીજાની પાસે પણ કરાવી શકે છે. તથા અમુક નિયત પ્રદેશમાં જ જઈ શકાય એવો પ્રતિબંધ નથી. (૨) **ઇંગિની**–ઇંગિની એટલે ચેષ્ટા. જેમાં પ્રતિનિયત–(નિયત કરેલા) અમુક જ ભાગમાં હરવું ફરવું આદિ ચેષ્ટા થઈ શકે તે ઇંગિની અનશન. આમાં ચારે પ્રકારના આહારનો ત્યાગ હોય છે. શરીર પરિકર્મ સ્વયં કરી શકે, પણ બીજાની પાસે ન કરાવી શકે. તથા નિયત કરેલા પ્રદેશથી બહાર ન જઈ શકાય. (૩) **પાદપોપગમન**–પાદપ એટલે વૃક્ષ. ઉપગમન એટલે સમાનતા. જેમાં વૃક્ષની જેમ જીવનપર્યંત નિશ્ચલ રહેવાનું હોય તે પાદપોપગમન અનશન. જેમ પડી ગયેલું વૃક્ષ જેવી સ્થિતિમાં પડ્યું હોય તેવી જ સ્થિતિમાં સદા રહે છે, તેમ આ અનશનમાં પ્રથમ જેવી સ્થિતિમાં હોય તેવી જ સ્થિતિમાં જીવનપર્યંત રહેવાનું હોય છે. અંગોપાંગોને જરા પણ ચલાવી શકાય નહિ. સદા ડાબા પડખે સૂઈને ધ્યાનમાં લીન રહેવાનું હોય છે. આ અનશનમાં ચારે પ્રકારના આહારનો ત્યાગ હોય છે.

આ ત્રણ પ્રકારના અનશનમાં પછી પછીનું અનશન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધિક શ્રેષ્ઠ છે. ધૈર્યવાન સાધક જ આ અનશનોનો સ્વીકાર કરી શકે છે. તેમાં પણ પછી પછીના અનશનનો સ્વીકાર કરનાર અધિક ધૈર્યવાન હોય છે. આ ત્રણમાંથી ગમે તે પ્રકારના અનશનનો સ્વીકાર કરનાર જીવ અવશ્ય વૈમાનિક દેવલોકમાં કે મોક્ષમાં જાય છે. ધૈર્યવાન મહાપુરુષો રોગાદિકના કારણે ધર્મનું પાલન કરવા અસમર્થ બની જાય ત્યારે અથવા મરણ નજીક હોય ત્યારે પોતાની ધીરતા પ્રમાણે કોઈ એક અનશનનો સ્વીકાર કરે છે. આ ત્રણે પ્રકારના અનશનનો (નિર્વ્યાઘાતમાં) સંલેખના પૂર્વક કરવો જોઇએ. વ્યાધિ, વિદ્યુત્પાત, સર્પદંશ, સિંહાદિ ઉપદ્રવ વગેરે વ્યાઘાતમાં સંલેખના વિના પણ થઇ શકે.

(૨) **અવમૌદર્ય**-ભૂખથી ઓછો આહાર લેવો તે અવમૌદર્ય (ઉણોદરી) તપ. કોને કેટલો આહાર જોઇએ એનું માપ ભૂખના આધારે થઈ શકે. તે છતાં સામાન્યથી પુરુષને ૩૨ કોળિયા પ્રમાણ અને સ્ત્રીને ૨૮ કોળિયા પ્રમાણ આહાર પૂરતો છે. કોળિયાનું માપ સામાન્યથી મરઘીના ઇંડા જેટલું, અથવા સુખપૂર્વક (–મુખને વિકૃત કર્યા વિના) મુખમાં પ્રવેશે તેટલું જાણવું. ૩૧ કોળિયા (સ્ત્રીની અપેક્ષાએ ૨૭ કોળિયા) આહાર જઘન્ય (–ઓછામાં ઓછી) ઉણોદરી છે. ત્યારબાદ ૩૦, ૨૯.....એમ યાવત્ ૮ કોળિયા જ આહાર લેવો એ ઉત્કૃષ્ટ ઉણોદરી છે. ઉણોદરી તપથી શરીરમાં સ્ફૂર્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહે છે. પરિણામે સંયમમાં અપ્રમત્તતા, અલ્પનિદ્રા, સંતોષ વગેરે ગુણોનો લાભ થવાથી સ્વાધ્યાય આદિ સઘળી સાધના સુખપૂર્વક સારી રીતે થાય છે. આમ ઉણોદરી તપ સંયમની રક્ષા આદિ માટે અતિશય આવશ્યક છે.

(૩) **વૃત્તિપરિસંખ્યાન**–વૃત્તિ એટલે આહાર. તેનું પરિસંખ્યાન (–ગણતરી) કરવું તે વૃત્તિપરિસંખ્યાન. અર્થાત્ આહારની લાલસાને ઓછી કરવા માટે અમુક પ્રકારનો જ આહાર લેવો એ પ્રમાણે આહારનું નિયમન કરવું તે વૃત્તિપરિસંખ્યાન યા વૃત્તિ સંક્ષેપ તપ છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચાર પ્રકારે વિશિષ્ટ અભિગ્રહો ધારણ કરવાથી આ તપ થઈ શકે છે. (૧) **દ્રવ્યથી**–અમુક જ દ્રવ્યો લેવાં, તે સિવાયનાં દ્રવ્યોનો ત્યાગ એ દ્રવ્યથી અભિગ્રહ છે. અથવા અમુક સંખ્યામાં જ ૪–૫–૬ દ્રવ્યો લેવાં, તેથી અધિક દ્રવ્યોનો ત્યાગ એ પણ દ્રવ્યથી અભિગ્રહ છે. (૨) **ક્ષેત્રથી**–અમુક ક્ષેત્ર સિવાયના ક્ષેત્રનો ત્યાગ. અમુક ઘરોની જ ગોચરી લેવી, તે સિવાયના ઘરોનો ત્યાગ. ગૃહસ્થો ઘરમાં અમુક વસ્તુનો ત્યાગ, અથવા ઘરની બહાર અમુક વસ્તુનો ત્યાગ ઇત્યાદિ રૂપે ક્ષેત્રથી અભિગ્રહ લઈ શકે છે. (૩) **કાળથી**–અમુક સમયે જ ભિક્ષા ગ્રહણ કરવી વગેરે કાળથી અભિગ્રહ છે. ગૃહસ્થો પણ અમુક વસ્તુ રાત્રે ન લેવી, ઉનાળામાં ન લેવી વગેરે અનેક રીતે કાળથી અભિગ્રહ કરી શકે છે. (૪) **ભાવથી**–હસતો પુરુષ વહોરાવે તો જ વહોરવું ઇત્યાદિ ભાવથી અભિગ્રહ છે. ગૃહસ્થો પણ તબિયત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નરમ હોય તો જ અમુક વસ્તુ લેવી, અન્યથા નહિ, અમુક જ વ્યક્તિ પીરશે તો ભોજન કરવું, અન્યથા નહિ, આમ અનેક રીતે ભાવથી અભિગ્રહ લઈ શકે છે. આ તપના સેવનથી આપત્તિના પ્રસંગે ધીરતા રાખી શકાય તેવું સત્ત્વ પ્રગટે છે. આહારની લાલસા નાશ પામે છે કે ઘટી જાય જાય છે. અશુભ કર્મોની ખૂબ નિર્જરા થાય છે. આથી આ તપ સંયમની સાધનામાં ખૂબ સહાયક બને છે.

(૪) **રસપરિત્યાગ**—મધુર-સ્વાદિષ્ટ રસવાળા પદાર્થોનો ત્યાગ એ રસપરિત્યાગ તપ, અર્થાત્ ઇંદ્રિયોને અને સંયમને વિકૃત કરનાર (દૂષિત કરનાર) વિગઈઓનો ત્યાગ એ રસપરિત્યાગ. જે આહાર ઇંદ્રિયોને કે સંયમને વિકૃત કરે તે વિગઈ કહેવાય. વિગઈના મુખ્ય બે ભેદ છે. (૧) મહાવિગઈ અને લઘુવિગઈ. મદિરા, માંસ, માખણ અને મધ એ ચાર મહાવિગઈ છે. દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને તળેલ પદાર્થ (કડાવિગઈ) એ છ લઘુ વિગઈ છે.[1] દેહના પોષણ માટે અનિવાર્ય વિગઈ સિવાયની વિગઇનો સાધકે અવશ્ય ત્યાગ કરવો જોઈએ. વિગઈના ત્યાગથી ઇંદ્રિયો કાબૂમાં રહે છે, નિદ્રા ઓછી થઈ જાય છે, શરીરમાં સ્ફૂર્તિ રહેવાથી સ્વાધ્યાય આદિ સાધના ઉત્સાહપૂર્વક થાય છે. આમ રસપરિત્યાગથી અનેક લાભો થાય છે. બિનજરૂરી વિગઈનો ઉપયોગ કરવાથી ઇંદ્રિયો પુષ્ટ બનીને બેકાબૂ બને છે,

૧. વિગઇઓના વિશેષ વર્ણન માટે 'પ્રત્યાખ્યાનભાષ્ય'નું અવલોકન કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરીરમાં જડતા આવે છે, સ્વાધ્યાય આદિ અનુષ્ઠાનોમાં શિથિલતા આવે છે. પરિણામે આત્મા સંયમથી ચ્યુત બને એ પણ સંભવિત છે. આથી સાધકે અન્ય અનશન આદિ તપ ન થઈ શકે તેમ હોય તો પણ આ તપનું સેવન તો અવશ્ય કરવું જોઈએ.

(૫) **વિવિક્ત શય્યાસન**—વિવિક્ત એટલે એકાંત, એકાંતમાં શય્યા આદિ રાખવું. અર્થાત્ એકાંતમાં રહેવું તે વિવિક્ત શય્યાસન. સ્ત્રી, પશુ, નપુંસક વગેરેથી રહિત તથા સંયમમાં બાધા ન પહોંચે તેવા શૂન્ય ઘર, મંદિર વગેરે એકાંત સ્થળે જ્ઞાનાદિની આરાધનમાં લીન રહેવું એ વિવિક્ત શય્યાસન તપ છે. અન્ય કેટલાક ગ્રંથોમાં વિવિક્ત-શય્યાસનના સ્થાને સંલીનતા તપનો નિર્દેશ છે. સંલીનતા એટલે સંયમ. સંલીનતાના ચાર ભેદ છે. (૧) ઇંદ્રિય સંલીનતા (૨) કષાય સંલીનતા (૩) યોગ સંલીનતા (૪) અને વિવિક્ત ચર્યા સંલીનતા. ઇંદ્રિય, કષાય અને યોગ ઉપર સંયમ રાખવો એ અનુક્રમે ઇંદ્રિય સંલીનતા, કષાયસંલીનતા અને યોગ સંલીનતા છે. સંયમમાં બાધા ન પહોંચે તેવા એકાંત સ્થળમાં રહીને જ્ઞાનાદિની આરાધનામાં લીન રહેવું એ વિવિક્ત સંલીનતા છે.[૨] આમ વિવિક્તચર્યા સંલીનતા અને વિવિક્ત શય્યાસનનો અર્થ સમાન હોવાથી વિવિક્ત શય્યાસનનો વિવિક્તચર્યા સંલીનતામાં સમાવેશ થઈ જાય

૨. વિશેષ સ્પષ્ટતા માટે દશવૈકાલિક–નિર્યુક્તની હારિભદ્રીય ટીકા તથા ઉત્તરાધ્યયન સૂત્રના ભાષ્યની ટીકા વગેરે જોવાની જરૂર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. ઇંદ્રિયસંલીનતા આદિ ત્રણ સંલીનતા વિના વિવિક્ત-ચર્યા સંલીનતા નિરર્થક[૩] છે. એટલે અહીં વિવિક્ત શય્યા-સનના નિર્દેશથી ગર્ભિત રીતે ચાર પ્રકારની સંલીનતાનો નિર્દેશ કર્યો છે. આ દૃષ્ટિએ વિવિક્ત શય્યાસન, વિવિક્ત શય્યાસનસંલીનતા કે સંલીનતા એ શબ્દો લગભગ સમાન અર્થવાળા છે.

આ તપના સેવનથી સંયમની રક્ષા તથા વૃદ્ધિ થાય છે, બ્રહ્મચર્યભંગનો ભય રહેતો નથી, સ્વાધ્યાય આદિ અનુષ્ઠાનો એકાગ્રતા પૂર્વક થાય છે.

(૬) કાયક્લેશ—જેનાથી કાયાને ક્લેશ-કષ્ટ થાય તે કાયક્લેશ તપ. વીરાસન આદિ આસનો, કાયોત્સર્ગ, લોચ, ઉગ્રવિહાર આદિ કાયક્લેશ તપ છે. આ તપના સેવ-નથી શરીર ઉપરનો રાગ દૂર થાય છે, સહન કરવાનું સામર્થ્ય પ્રગટે છે, વીર્યાંતરાયનો તીવ્ર ક્ષયોપશમ થાય છે, શાસનપ્રભાવના થાય છે.

---

૩. આ હકીકત આસ્તિક સર્વ દર્શનકારોને એકસરખી માન્ય છે. આથી ગીતા વગેરે ગ્રંથોમાં આનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।
इन्द्रियार्थान् विमूढात्मा मिथ्याचार स उच्यते ॥
ગીતા અ. ૩ શ્લોક ૬

જે મૂઢપુરુષ કર્મેન્દ્રિયોને હઠથી રોકીને મનમાં ઇંદ્રિયોના ભોગોનું સ્મરણ કરે છે-ભોગોને ઇચ્છે છે તે મિથ્યાચારી-દંભી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ છ પ્રકારનો તપ બાહ્યલોકો-જૈનેતર દર્શનના અનુયાયીઓ પણ કરે છે, આ તપને જોઈને લોકો તપસ્વી કહે છે, બાહ્યથી તપ તરીકે દેખાય છે, બાહ્ય શરીરને તપાવે છે, વગેરે અનેક કારણોથી આ તપને બાહ્ય તપ કહેવામાં આવે છે. બાહ્ય તપના સેવનથી શરીરની મૂર્છાનો ત્યાગ, આહારની લાલસાનો ત્યાગ, પરિણામે ઇંદ્રિયો ઉપર વિજય, શારીરિક રોગોનો અભાવ, શરીર હલકું બને, પરિણામે સંયમની પ્રત્યેક ક્રિયા સ્ફૂર્તિથી-ઉલ્લાસથી થવાથી સંયમની રક્ષા અને વૃદ્ધિ થાય, (અહિંસા) નિકાચિત કર્મોની પણ નિર્જરા ઇત્યાદિ ઘણા લાભો થાય છે. [૧૯]

અભ્યંતર તપના છ ભેદો-

**प्रायश्चित्त-विनय-वैयावृत्य-स्वाध्याय-व्युत्सर्ग-ध्यानान्युत्तरम् ॥ ९-२० ॥**

**પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય વ્યુત્સર્ગ અને ધ્યાન એમ છ પ્રકારનો ઉત્તર=અભ્યંતર તપ છે.**

(૧) **પ્રાયશ્ચિત્ત**—પ્રાયશ્ચિત્ત શબ્દમાં પ્રાયઃ અને ચિત્ત એ બે શબ્દો છે. પ્રાયઃ એટલે અપરાધ. ચિત્ત એટલે શુદ્ધિ કરનાર. જે અપરાધની શુદ્ધિ કરે તે (આલોચના આદિ) પ્રાયશ્ચિત્ત તપ. પ્રાયશ્ચિત્તના નવ ભેદો છે.[૧] (૨) **વિનય**—

૧. પ્રાયશ્ચિત્ત આદિ છ પ્રકારના તપના અવાંતર ભેદોનો નિર્દેશ હવે પછીના સૂત્રથી ક્રમશઃ ગ્રંથકાર સ્વયં કરશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણ અને ગુણી પ્રત્યે આશાતનાના ત્યાગપૂર્વક ભક્તિ-બહુમાન તે વિનય. (૩) **વૈયાવૃત્ત્ય**—આચાર્ય આદિ મહાપુરુષોની સેવા એ વૈયાવૃત્ત્ય કે વૈયાવચ્ચ છે.

વિનયમાં હાર્દિક પરિણામ (આદર-બહુમાન) ની પ્રધાનતા છે, જ્યારે વૈયાવૃત્ત્યમાં બાહ્ય કાયચેષ્ટાની અને આહાર આદિ દ્રવ્યની પ્રધાનતા છે. વૈયાવૃત્ત્ય શબ્દ વ્યાવૃત્ત શબ્દથી બન્યો છે. વ્યાવૃત્ત એટલે વ્યાપારમાં પ્રવૃત્ત. વ્યાવૃત્તના ભાવ-પરિણામ તે વૈયાવૃત્ત્ય. અર્થાત્ આચાર્ય આદિની સેવા માટે જિનોક્ત શાસ્ત્રના અનુસારે તે તે ક્રિયામાં પ્રવૃત્તિ એ વૈયાવૃત્ત્ય છે.

(૪) **સ્વાધ્યાય**—શ્રુતનો અભ્યાસ તે સ્વાધ્યાય. (૫) **વ્યુત્સર્ગ**—વ્યુત્સર્ગ એટલે ત્યાગ. સાધનામાં વિઘ્નભૂત કે બિનજરૂરી વસ્તુનો ત્યાગ વ્યુત્સર્ગ છે. (૬) **ધ્યાન**—ધ્યાન એટલે ચિત્તની એકાગ્રતા. વિવિધ વિષયોમાં ભટકતાં ચિત્તની કોઈ એક વિષયમાં સ્થિરતા—એકાગ્રતા ધ્યાન છે. [૨૦]

ધ્યાન સિવાય પ્રત્યેક અભ્યંતર તપના ભેદોની સંખ્યા—

**नव-चतु-र्दश-पञ्च-द्विभेदं यथाक्रमं प्राग्ध्यानात् ॥९-२१॥**

**પ્રાયશ્ચિત્તથી વ્યુત્સર્ગ સુધીના પ્રત્યેક અભ્યંતર તપના અનુક્રમે ૯, ૪, ૧૦, ૫, ૨ ભેદો છે.[૨] [૨૧]**

---

૨. ધ્યાનના ભેદોના પણ અવાંતર ભેદોના હોવાથી, તથા ધ્યાન વિશે વધારે કહેવાનું હોવાથી અહીં ધ્યાનના ભેદો હોવા છતાં નિર્દેશ કરવામાં આવ્યો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાયશ્ચિત્તના ભેદોનું વર્ણન–

**આલોચન–પ્રતિક્રમણ–તદુભય–વિવેક–વ્યુત્સર્ગ–તપશ્છેદ–પરિહારોપસ્થાપનાનિ ॥ ૯–૨૨ ॥**

**આલોચના, પ્રતિક્રમણ, તદુભય (આલોચના પ્રતિક્રમણ), વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, પરિહાર, ઉપસ્થાપના એમ પ્રાયશ્ચિત્તના નવ ભેદો છે.**

(૧) **આલોચના**—આત્મ સાધનામાં લાગેલા દોષો ગુરુ આદિની સમક્ષ પ્રગટ કરવા. (૨) **પ્રતિક્રમણ**–લાગેલા દોષો માટે મિથ્યા દુષ્કૃત આપવું. અર્થાત્ ભૂલનો હાર્દિક સ્વીકાર કરવા પૂર્વક આ અયોગ્ય કર્યું છે એવો પશ્ચાત્તાપ કરવો અને ભવિષ્યમાં તેવી ભૂલ ન કરવાનો નિર્ણય કરવો એ પ્રતિક્રમણ. (૩) **તદુભય**–આલોચના અને પ્રતિક્રમણ એ બંનેથી દોષોની શુદ્ધિ કરવી. અર્થાત્ દોષોને ગુરુ આદિની સમક્ષ પ્રગટ કરવા અને અંતઃકરણથી મિથ્યા દુષ્કૃત આપવું. (૪) **વિવેક**–વિવેક એટલે ત્યાગ. આહાર આદિ ઉપયોગપૂર્વક લેવા છતાં અશુદ્ધ આવી જાય તો વિધિપૂર્વક તેનો ત્યાગ કરવો એ વિવેક છે. (૫) **વ્યુત્સર્ગ**–વિશેષ પ્રકારે (ઉપયોગ પૂર્વક) ઉત્સર્ગ (–ત્યાગ) તે વ્યુત્સર્ગ. અર્થાત્ ઉપયોગ પૂર્વક વચન અને કાયાના વ્યાપારનો ત્યાગ તે વ્યુત્સર્ગ (કાઉસ્સગ) તપ છે. અનેષણીય કે જંતુમિશ્રિત આહારપાણી, મળ–મૂત્ર વગેરેના ત્યાગમાં તથા ગમનાગમન આદિ ક્રિયાઓમાં લાગેલા દોષોની શુદ્ધિ કાયોત્સર્ગથી કરવામાં આવે છે. (૬) **તપ**–પ્રાયશ્ચિત્તની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુદ્ધિ માટે બાહ્ય–અભ્યંતર તપનું સેવન કરવું તે તપ પ્રાયશ્ચિત્ત. (૭) છેદ–દીક્ષાપર્યાયના છેદથી દોષોની શુદ્ધિ. (૮) પરિહાર–ગુરુએ આપેલું પ્રાયશ્ચિત્ત જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી દોષિતની સાથે જઘન્યથી એક માસ અને ઉત્કૃષ્ટથી છ માસ પર્યંત વંદન, અન્નપાણીનું આદાન–પ્રદાન, આલાપ આદિનો પરિહાર (–ત્યાગ) કરવો એ પરિહાર પ્રાયશ્ચિત્ત. (૯) ઉપસ્થાપન–દોષોની શુદ્ધિ માટે દીક્ષાના પૂર્વપર્યાયનો ત્યાગ કરી બીજા નવા પર્યાયોમાં ઉપસ્થાપના કરવી. અર્થાત્ ફરીથી પ્રવજ્યા આપવી એ ઉપસ્થાપન પ્રાયશ્ચિત્ત.

નવતત્ત્વ પ્રકરણ આદિ ગ્રંથોમાં પરિહાર અને ઉપસ્થાપન એ બે પ્રાયશ્ચિત્તના સ્થાને મૂલ, અનવસ્થાપ્ય અને પારાંચિત એ ત્રણ ભેદ છે. મૂલ :–મૂળથી (સર્વથા) ચારિત્ર પર્યાયનો છેદ કરવો. અર્થાત્ ફરીથી પ્રવજ્યા આપવી. અનવસ્થાપ્ય–શુદ્ધિ માટે ગુરુએ આપેલો તપ પૂર્ણ ન કરે ત્યાં સુધી મહાવ્રતો ન ઉચ્ચરાવવા. પારાંચિત– સાધ્વીનો શીલભંગ વગેરે મોટા દોષોની શુદ્ધિ માટે ગચ્છની બહાર નીકળી ૧૨ વર્ષ સુધી છૂપા વેશમાં ફરે તથા શાસનની પ્રભાવના કરે, બાદ ફરી દીક્ષા લઈ ગચ્છમાં દાખલ થાય એ પારાંચિત પ્રાયશ્ચિત્ત છે.

તત્ત્વાર્થમાં નવતત્ત્વ પ્રકરણ આદિની જેમ પ્રાયશ્ચિત્તના દશ ભેદોનો નિર્દેશ ન કરતાં નવ ભેદોનો નિર્દેશ કેમ કર્યો એ અંગે વિચારતાં જણાય છે કે–વર્તમાનમાં અનવસ્થાપ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પારાંચિતનો વિચ્છેદ છે એથી તે બેનો નિર્દેશ નથી કર્યો. તથા મૂલ અને ઉપસ્થાપનનો અર્થ સમાન છે, માત્ર શબ્દભેદ છે. એટલે મૂલના સ્થાને જ ઉપસ્થાપનનો નિર્દેશ કર્યો છે. આ દૃષ્ટિએ નવ ભેદોનો નિર્દેશ પણ સુસંગત છે. [૨૨]

વિનયના ભેદો–

જ્ઞાન-દર્શન-ચારિત્રોપચારાઃ ॥ ૯-૨૩ ॥

**જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય, ઉપચારવિનય એમ વિનયના ચાર ભેદો છે.**

વિનયના મુખ્ય બે ભેદ છે. (૧) તાત્ત્વિક અને (૨) ઉપચાર. મોક્ષ માર્ગની ( જ્ઞાન, દર્શન, ચારિત્રની ) સ્વયં આરાધના કરવી એ તાત્ત્વિક વિનય. જ્ઞાનાદિ ગુણોથી યુક્ત અન્ય આરાધકનો યથાયોગ્ય વિનય કરવો એ ઉપચાર વિનય. મોક્ષમાર્ગના ત્રણ ભેદ હોવાથી તાત્ત્વિક વિનયના જ્ઞાનવિનય આદિ ત્રણ મુખ્ય ભેદો છે. અવાંતર ભેદો અનેક છે.

(૧) **જ્ઞાનવિનય**--મતિ આદિ પાંચ પ્રકારના જ્ઞાનની તથા તે તે જ્ઞાનના તે તે વિષયની શ્રદ્ધા કરવી, જ્ઞાન તથા જ્ઞાનીની ભક્તિ કરવી, બહુમાન રાખવો, જ્ઞેય પદાર્થોનું ચિંતન કરવું, વિધિપૂર્વક નવું જ્ઞાન ગ્રહણ કરવું, ગ્રહણ કરેલ જ્ઞાનનું પરિશીલન કરવું વગેરે જ્ઞાન વિનય છે. (૨) **દર્શનવિનય**– તત્ત્વભૂત અર્થોની શ્રદ્ધા કરવી, શમ આદિ લક્ષણોથી આત્માને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાસિત કરવો, દેવ-ગુરુની આશાતનાનો ત્યાગ કરવો અને ઉચિત સેવા-ભક્તિ કરવી વગેરે દર્શન વિનય છે. (૩) **ચારિત્રવિનય**–પાંચ પ્રકારના ચારિત્રની શ્રદ્ધા રાખવી, યથાશક્તિ ચારિત્રનું પાલન કરવું, અન્યને ચારિત્રનો ઉપદેશ આપવો વગેરે ચારિત્ર વિનય છે. (૪) **ઉપચારવિનય**–સમ્યગ્દર્શન આદિ ગુણોથી અધિક–મોટા આવે ત્યારે યથાયોગ્ય સન્મુખ જવું, અંજલિ જોડવી, ઉભા થવું, આસન આપવું, વંદન કરવું, પ્રાયોગ્ય વસ્ત્ર આદિ આપીને સત્કાર કરવો, સદ્‌ભૂત ( તેમનામાં હોય તે ) ગુણોની પ્રશંસા કરવા દ્વારા સન્માન કરવું વગેરે ઉપચાર વિનય છે. પરોક્ષ ગુર્વાદિકની મનમાં ધારણા કરી અંજલિ જોડવી, વંદન કરવું, સ્તુતિ કરવી વગેરે પણ ઉપચાર વિનય છે. [૨૩]

વૈયાવચ્ચના ભેદો–

**आचार्योपाध्याय-तपस्वि-शैक्षक-ग्लान-गण-कुल-संघ-साधु समनोज्ञानाम् ॥ ९-२४ ॥**

**આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષક, ગ્લાન, ગણ, કુલ, સંઘ, સાધુ, સમનોજ્ઞ આ દશની વૈયાવચ્ચ એ વૈયાવચ્ચના દશ ભેદો છે.**

આચાર્ય આદિની યથાયોગ્ય સેવા એ અનુક્રમે આચાર્ય વૈયાવચ્ચ આદિ વૈયાવચ્ચના ભેદો છે. સેવા યોગ્યના દશ ભેદોને આશ્રયીને વૈયાવૃત્યના દશ ભેદો છે. (૧) **આચાર્ય**–સાધુઓને ચારિત્રનું પાલન કરાવે તે આચાર્ય. (૨)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉપાધ્યાય**–સાધુઓને શ્રુતનું પ્રદાન કરે તે ઉપાધ્યાય. (૩) **તપસ્વી**–ઉગ્ર તપશ્ચર્યા કરે તે તપસ્વી. (૪) **શૈક્ષક**–જેને ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષા આપવાની જરૂર છે તે નવ દીક્ષિત સાધુ (૫) **ગ્લાન**–જ્વર આદિ રોગોથી પરાભૂત. (૬) **ગણ**–એક આચાર્યનો સમુદાય. (૭) **કુલ**–અનેક ગચ્છોનો (ગણોનો) સમુદાય. (૮) **સંઘ**–સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા એ ચાર પ્રકારનો સંઘ છે. (૯) **સાધુ**–મોક્ષની સાધના કરનાર પંચમહાવ્રત ધારી મુનિ. (૧૦) **સમનોજ્ઞ**–જેમનો પરસ્પર સંભોગ હોય, અર્થાત્ ગોચરી પાણી આદિનો પરસ્પર લેવા–દેવાનો વ્યવહાર હોય તે સાધુઓ સમનોજ્ઞ છે. [૨૪]

સ્વાધ્યાયના ભેદોનું વર્ણન–

**वाचना-पृच्छना-ऽनुप्रेक्षा-ऽऽम्नाय-धर्मोपदेशाः ॥९-२५॥**

**વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય, ધર્મોપદેશ એ પાંચ પ્રકારનો સ્વાધ્યાય છે.**

(૧) **વાચના**–શિષ્ય આદિને આગમ આદિ શ્રુતનો પાઠ આપવો. (૨) **પૃચ્છના**–સૂત્ર અને અર્થ સંબંધી પ્રશ્નો પુછવા. (૩) **અનુપ્રેક્ષા**–મહેલ શ્રુતનું મનમાં ચિંતન–પરાવર્તન કરવું. (૪) **આમ્નાય**–મુખના ઉચ્ચાર પૂર્વક અભ્યાસ કરવો–નવું શ્રુત કંઠસ્થ કરવું કે કંઠસ્થ કરેલ શ્રુતનું પરાવર્તન કરવું. (૫) **ધર્મોપદેશ**–સૂત્રના અર્થનું વ્યાખ્યાન કરવું, શિષ્ય વગેરેને ધર્મનો ઉપદેશ આપવો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અત્યારે શ્રાવકોને અપાતું વ્યાખ્યાન પણ ધર્મોપદેશ રૂપ સ્વાધ્યાય છે. [૨૫]

વ્યુત્સર્ગના ભેદોનું વર્ણન-

**बाह्या-ऽभ्यन्तरोपध्योः ॥ ९-२६ ॥**

**બાહ્ય અને અભ્યંતર ઉપધિનો ત્યાગ એમ બે પ્રકારે વ્યુત્સર્ગ (-ત્યાગ) છે.**

(૧) **બાહ્યોપધિ**-સંયમના નિર્વાહ માટે જરૂરી પાત્ર આદિ ચૌદ પ્રકારની ઉપધિથી અતિરિક્ત ઉપધિનો કે અકલ્પ્ય ઉપધિનો અને ઉપલક્ષણથી અનેષણીય કે જીવ-જંતુથી સંસક્ત આહાર-પાણી આદિનો ત્યાગ કરવો એ બાહ્યોપધિ વ્યુત્સર્ગ છે. (૨) **અભ્યંતરોપધિ**-રોગાદિથી સંયમનો નિર્વાહ ન થઈ શકે ત્યારે કે મરણ સમય નજીક આવે ત્યારે શાસ્ત્રોક્ત વિધિપૂર્વક કાયાનો અને કષાયોનો ત્યાગ એ અભ્યંતરોપધિ વ્યુત્સર્ગ છે. [૨૬]

ધ્યાનનું લક્ષણ-

**उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधो ध्यानम् ॥९-२७॥**

**કોઈ એક વિષયમાં ચિત્તની સ્થિરતા તે ધ્યાન. આવું ધ્યાન ઉત્તમસંઘયણવાળાને હોય છે.**

અહીં સૂત્રમાં એકાગ્રચિન્તાનિરોધ ને ધ્યાન કહેલ છે. એકાગ્ર એટલે એક આલંબન-એક વિષય. ચિન્તા એટલે ચલચિત્ત. નિરોધ એટલે સ્થિરતા. ચળચિત્તની કોઈ એક વિષયમાં સ્થિરતા એ ધ્યાન. **પ્રશ્ન**-ચારે ગતિમાં નબળા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંઘયણવાળા જીવોને પણ (આર્ત-રૌદ્ર આદિ) ધ્યાન હોય છે. અહીં કરેલી ધ્યાનની વ્યાખ્યા પ્રમાણે તો નબળા સંઘયણવાળાને ધ્યાન ન હોઇ શકે. આથી આ વ્યાખ્યામાં વિરોધ આવે છે. ઉત્તર-આ સૂત્રમાં પ્રબળ કોટિનું ધ્યાન જ ધ્યાન તરીકે વિવક્ષિત છે. અહીં સામાન્ય કોટિના ધ્યાનની ધ્યાન તરીકે ગણતરી કરી નથી. જેમ લોકમાં અધિક લક્ષ્મીવાળાને જ શ્રીમંત-ધનવાન કહેવામાં આવે છે. તેમ અહીં પ્રબળ કોટિની એકાગ્રતાને ધ્યાન કહેવામાં આવ્યું છે. આથી ચારે ગતિમાં નબળા સંઘયણવાળા જીવોને પણ ધ્યાન હોય છે એ અંગે આ વ્યાખ્યામાં જરાય વિરોધ નથી.

આ ભરત ક્ષેત્રમાં વર્તમાન કાળમાં સામાન્ય કોટિનું ધ્યાન છે, આ સૂત્રમાં કહેલું પ્રબળ કોટિનું ધ્યાન નથી. કારણ કે આવા ધ્યાન માટે પ્રબળ માનસિક એકાગ્રતા જોઇએ. પ્રબળ માનસિક એકાગ્રતા માનસિક બળ ઉપર આધાર રાખે છે. માનસિક બળ અમુક પ્રકારના શારીરિક બળ વિના ન આવી શકે. ધ્યાન માટે જરૂરી શારીરિક બળ શરીરના મજબૂત સંઘયણની (=વિશિષ્ટ પ્રકારના બાંધાની) અપેક્ષા રાખે છે માટે આ સૂત્રમાં ઉત્તમ સંઘયણવાળાને આ ધ્યાન હોઈ શકે એમ કહ્યું છે. ૬ પ્રકારના સંઘયણમાંથી પ્રથમના [1]ચાર સંઘયણ ઉત્તમ છે. વર્તમાન કાળમાં કેવળ સેવાર્ત નામનું

૧. દિગંબર ગ્રંથોમાં પ્રથમનાં ત્રણ સંઘયણો ઉત્તમ છે એવો નિર્દેશ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છઠું સંઘયણ હોવાથી ઉત્તમ સંઘયણનો અભાવ છે.[૨] માટે આ કાલમાં આવું ધ્યાન ન હોઈ શકે.

ચળચિત્તની એક વિષયમાં સ્થિરતા રૂપ આ ધ્યાન છદ્મસ્થ જીવોને જ હોય છે. અછદ્મસ્થ જીવોને–કેવળી ભગવંતોને મન–ચિત્ત ન હોવાથી આ ધ્યાન હોતું નથી. તેમને યોગનિરોધ રૂપ ધ્યાન (શુકલધ્યાનના અંતિમ બે ભેદો) હોય છે.[૩] [૨૭]

ધ્યાનના કાળનું પ્રમાણ–

## આ મુહૂર્તાત્ ॥ ૯–૨૮ ॥

**લગાતાર ધ્યાન વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી રહે છે.**

મુહૂર્ત એટલે બે ઘડી. બે ઘડીની ૪૮ મિનિટ થાય છે. મુહૂર્તની અંદર–મુહૂર્તથી ઓછું તે અંતર્મુહૂર્ત. મુહૂર્તમાં (૪૮ મિનિટમાં) એક સમય પણ ઓછો હોય તો અંતર્મુહૂર્ત કહેવાય, બે સમય ઓછા હોય તો પણ અંતર્મુહૂર્ત કહેવાય. આ પ્રમાણે એક એક સમય ન્યૂન કરતાં અંતર્મુહૂર્તના અસંખ્ય ભેદો પડે છે. કારણ કે એક મુહૂર્તમાં અસંખ્ય સમયો થઈ જાય છે. જઘન્ય (–નાનામાં નાનું) અંતર્મુહૂર્ત બે સમયનું છે. ઉત્કૃષ્ટ (મોટામાં મોટું) અંત-

૨. સંઘયણની સમજૂતી માટે જુઓ અ. ૮. સૂ.૧૨ નું વિવેચન.

૩. આ માટે જુઓ આ અધ્યાયના ૪૦ મા અને ૪૬ મા સૂત્રનું વિવેચન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુહૂર્ત એક સમય ન્યૂન એક મુહૂર્ત (બે ઘડી)નું છે. અંતર્મુહૂર્ત બાદ અવશ્ય ચિત્ત ચલિત બને છે. ચિત્ત અંતર્મુહૂર્ત સુધી સ્થિર રહીને ચલિત બન્યા પછી તુરત બીજીવાર લગાતાર અંતર્મુહૂર્ત સુધી સ્થિર રહી શકે છે. અંતર્મુહૂર્ત પછી ફરી ચિત્ત ચલિત થાય છે. પુનઃ તુરત અંતર્મુહૂર્ત સુધી સ્થિર રહી શકે છે. સ્થૂલદૃષ્ટિએ આપણને લાગે કે કલાકો સુધી લગાતાર ધ્યાન ચાલે છે. પણ સૂક્ષ્મ દૃષ્ટિથી નિરીક્ષણ કરવામાં આવે તો અંતર્મુહૂર્ત બાદ ચિત્ત સૂક્ષ્મ પણ અવશ્ય ચલિત થઈ જાય છે. પ્રશ્ન–જો ધ્યાન અંતર્મુહૂર્ત સુધી જ રહેતું હોય તો કલાકો કે દિવસો સુધી ધ્યાનમાં રહેવાના મળતા સમાચારો–ઉલ્લેખો અસત્ય છે? ઉત્તર–ના. પૂર્વે કહ્યું તેમ સ્થૂલ દૃષ્ટિથી(વ્યવહારથી) કલાકો કે દિવસો સુધી ધ્યાન હોઈ શકે છે. અહીં કહેલો ધ્યાનનો કાળ સૂક્ષ્મદૃષ્ટિથી (નિશ્ચયથી) છે. [૨૮]

ધ્યાનના ભેદો–

**આર્ત-રૌદ્ર-ધર્મ્ય-શુક્લાનિ ॥ ૯-૨૯ ॥**

**આર્ત, રૌદ્ર, ધર્મ્ય, શુક્લ એ ચાર ધ્યાનના ભેદો છે.**

(૧) ઋત એટલે દુઃખ. દુઃખના કારણે થતું ધ્યાન આર્ત-ધ્યાન. આ ધ્યાન સાંસારિક દુઃખના કારણે ઉત્પન્ન થાય છે, અને પુનઃ દુઃખનો અનુબંધ કરાવે છે. (૨) રુદ્ર એટલે ક્રૂર પરિણામવાળો. હિંસા આદિના ક્રૂર પરિણામથી યુક્ત જીવનું ધ્યાન રૌદ્રધ્યાન. અથવા રુદ્ર એટલે બીજાને દુઃખ આપનાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજાના દુઃખમાં કારણ બને તેવા હિંસા આદિના પરિણામથી યુક્ત જીવનું ધ્યાન રૌદ્રધ્યાન. (૩) ક્ષમા આદિ દશ પ્રકારના ધર્મથી યુક્ત ધ્યાન ધર્મ્ય (કે ધર્મ) ધ્યાન. (૪) શુકલ એટલે નિર્મલ. જે સઘળાં કર્મોનો ક્ષય કરે તે ધ્યાન નિર્મલ-શુકલ છે. યદ્યપિ ધર્મધ્યાન પણ નિર્મલ છે. પણ ધર્મધ્યાન આંશિક કર્મક્ષય કરે છે. જ્યારે શુકલ ધ્યાન સઘળાં કર્મોનો ક્ષય કરે છે. આથી શુકલ ધ્યાન અત્યંત નિર્મલ છે. [૨૯]

ધ્યાનના ફળનો નિર્દેશ-

**परे मोक्षहेतू ॥ ૯-૩૦ ॥**

**અંતિમ બે ધ્યાન મોક્ષના હેતુ છે.**

અહીં અંતિમ બે ધ્યાન (-ધર્મધ્યાન અને શુકલધ્યાન) મોક્ષના હેતુ છે એમ કહીને પ્રથમના બે ધ્યાન (-આર્ત અને રૌદ્ર) સંસારના હેતુ છે એમ ગર્ભિત રીતે સૂચન કર્યું છે. ધર્મધ્યાન પરંપરાએ (-શુકલધ્યાનની પ્રાપ્તિ કરાવવાથી) મોક્ષનું કારણ છે. શુકલધ્યાન સાક્ષાત્ કારણ છે.[૩૦]

[આર્તધ્યાન આદિ પ્રત્યેક ધ્યાનના ચાર ચાર ભેદો છે. આથી હવે ક્રમશઃ એ ભેદોનું વર્ણન શરૂ કરે છે. ભેદોના વર્ણનની સાથે તે તે ભેદ કોને હોય એમ ધ્યાનના સ્વામીનું પણ વર્ણન કરશે.][૧]

૧. તે તે ધ્યાનના ભેદોને વિચારવાથી અહીં જણાવેલ તે તે ધ્યાનનું લક્ષણ બરોબર સમજાઈ જશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આર્તધ્યાનના પ્રથમભેદનું વર્ણન–

**આર્તમમનોજ્ઞાનાં સંપ્રયોગે તદ્વિપ્રયોગાય સ્મૃતિ-**
**સમન્વાહારઃ ॥ ૯-૩૧ ॥**

**અનિષ્ટ વસ્તુનો સંયોગ થતાં તેને દૂર કરવાનો તથા દૂર કરવાના ઉપાયનો એકાગ્ર ચિત્તે વિચાર એ આર્તધ્યાનનો 'અનિષ્ટવિયોગ ચિંતા' રૂપ પ્રથમ ભેદ છે.**

દા. ત. બાજુના મકાનમાંથી રેડિયાનો અવાજ આવે છે. એ અવાજ પ્રતિકૂલ–અનિષ્ટ લાગતાં રેડિયો બંધ થાય તો સારું એ વિચારણા તથા એ કેવી રીતે બંધ થાય એ અંગે વિચારણા આર્તધ્યાન છે. (૨) પ્રતિકૂળ મકાન મળતાં મકાનને બદલવાનો વિચાર તથા બદલવા માટેના ઉપાયના વિવિધ વિચારો આર્તધ્યાન છે. [૩૧]

આર્તધ્યાનના બીજા ભેદનું વર્ણન–

**વેદનાયાશ્ચ ॥ ૯-૩૨ ॥**

**રોગથી થતી વેદનાને દૂર કરવાનો અને તેના ઉપાયનો એકાગ્ર ચિત્તે વિચાર એ 'વેદનાવિયોગ-ચિન્તા' રૂપ આર્તધ્યાનનો બીજો ભેદ છે.**

યદ્યપિ "વેદનાવિયોગ ચિંતા" એક પ્રકારની અનિષ્ટ-વિયોગચિંતા રૂપ હોવાથી તેનો આર્તધ્યાનના પ્રથમ ભેદમાં સમાવેશ થઈ જાય છે. છતાં તેની અધિક સંભાવનાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લક્ષ્યમાં રાખીને તેનો જુદો ભેદ પાડ્યો છે. જીવોને અન્ય પદાર્થો કરતાં શરીર ઉપર વધારે મમત્વ હોય છે. આથી રોગ સૌથી વધારે અનિષ્ટ છે. બીજા અનિષ્ટો કરતાં રોગ વધારે સંતાપ કરાવે છે. બીજા અનિષ્ટોમાં ભિન્ન ભિન્ન જીવોની અપેક્ષાએ અમુક અમુક અનિષ્ટોનો સંયોગ ન પણ હોય. જ્યારે આ વેદના રૂપ અનિષ્ટનો સંયોગ તો વધારે ઓછા પ્રમાણમાં પ્રાયઃ દરેક જીવને હોય છે. [૩૨]

આર્તધ્યાનના ત્રીજા ભેદનું લક્ષણ–

विपरीतं मनोज्ञानाम् ॥ ९-३३ ॥

**ઈષ્ટ વસ્તુ મેળવવાનો અને મેળવવાના ઉપાયનો એકાગ્રચિત્તે વિચાર તે આર્તધ્યાનનો 'ઈષ્ટ સંયોગ ચિંતા' રૂપ ત્રીજો ભેદ છે.**

દા. ત. ધન મેળવવાનો વિચાર (ઈચ્છા) તથા ધન મેળવવાના વિવિધ ઉપાયોનો વિચાર એ આર્તધ્યાન છે. એ પ્રમાણે ઇષ્ટ સઘળી વસ્તુઓ વિશે સમજવું. [૩૩]

આર્તધ્યાનના ચોથા ભેદનો નિર્દેશ–

निदानं च ॥ ९ ३४ ॥

**નિદાન આર્તધ્યાનનો ચોથો ભેદ છે.**

નિદાન એટલે કાપવાનું સાધન. જેનાથી આત્મસુખ કપાઈ જાય તે નિદાન. ધર્મના ફળરૂપે આ લોક કે પરલોકના સુખની ઈચ્છા રાખવાથી આત્મસુખ કપાઈ જાય છે. માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મના ફલરૂપે આ લોક કે પરલોકના ભૌતિક સુખોની ઈચ્છા એ નિદાન છે.

ચારે પ્રકારનું આર્તધ્યાન દુઃખમાંથી જન્મે છે. પ્રથમના બે ભેદોમાં તો સ્પષ્ટ દુઃખનો સંયોગ છે. ત્રીજા ભેદમાં ઈષ્ટ વસ્તુના વિયોગનું માનસિક દુઃખ છે, ચોથા ભેદમાં ઈષ્ટ વસ્તુની અપ્રાપ્તિનું દુઃખ છે. દુઃખના કારણે થતી અશુભ વિચારણા પુનઃ દુઃખ પ્રાપ્ત થાય તેવાં અશુભ કર્મોનો બંધ કરાવે છે. માટે આ ધ્યાન દુઃખનો અનુબંધ કરાવે છે. આમ આર્તધ્યાનથી આદિમાં મધ્યમાં અને અંતે દુઃખ જ છે. [૩૪]

આર્તધ્યાનના સ્વામી–

**तदविरत-देशविरत-प्रमत्तसंयमानाम् ॥९–३५॥**

**તે (–આર્તધ્યાન) અવિરત, દેશવિરત અને પ્રમત્ત સંયમીઓને હોય છે.**

અર્થાત્ પ્રથમ ગુણસ્થાનકથી આરંભી છઠ્ઠા ગુણસ્થાન સુધીના જીવોને આર્તધ્યાન હોઈ શકે છે. સાતમા ગુણ–સ્થાનકથી આર્તધ્યાનનો અભાવ છે. [૩૫]

રૌદ્રધ્યાનના ભેદો અને સ્વામી–

**हिंसा-ऽनृत-स्तेय-विषयसंरक्षणेभ्यो रौद्रमविरत-देश-विरतयोः ॥ ९–३६ ॥**

**હિંસા, અસત્ય, ચોરી, વિષયસંરક્ષણ એ ચારનો એકાગ્ર ચિત્તે વિચાર તે ચાર પ્રકારે રૌદ્ર-**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધ્યાન છે. આ ધ્યાન અવિરત અને દેશવિરત જીવોને હોય છે.

હિંસા આદિ ચારના એકાગ્રચિત્તે વિચારો એ અનુક્રમે હિંસાનુબંધી, અસત્યાનુબંધી, સ્તેયાનુબંધી અને વિષયસંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન છે. હિંસા કેવી રીતે કરવી, કયારે કરવી, તેનાં સાધનો કયાં કયાં છે, સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો ઇત્યાદિ હિંસાના એકાગ્ર ચિત્તે થતા વિચારો **હિંસાનુબંધી** રૌદ્રધ્યાન છે. અસત્ય કેવી રીતે બોલવું, કેવી કેવી રીતે અસત્ય બોલવાથી છૂટી જવાશે, કેવી કેવી રીતે અસત્ય બોલવાથી અન્યને છેતરી શકાશે વગેરે અસત્યના એકાગ્રચિત્તે થતા વિચારો અસત્યાનુબંધી રૌદ્રધ્યાન છે. ચોરી કેવી રીતે કરવી, કેવી રીતે ચોરી કરવાથી પકડાઈ ન જવાય, ચોરીનાં સાધનો કયાં કયાં છે, ચોરીનાં સાધનો કયાં મળે છે ? કેવી રીતે મેળવવાં, કયાં કેવી ચોરી કરવી, વગેરે ચોરીના એકાગ્રચિત્તે થતા વિચારો **સ્તેયાનુબંધી** રૌદ્રધ્યાન છે. રૂપ આદિ ઇષ્ટ વિષયોનું કે વિષયનાં સાધનોનું રક્ષણ કરવાના એકાગ્રચિત્તે થતા વિચારો **વિષયસંરક્ષણાનુબંધી** રૌદ્રધ્યાન છે.[૧]

૧. વિષયોને અને વિષયોનાં સાધનોને મેળવવાના વિચાર આર્તધ્યાન છે અને સાચવી રાખવાના વિચાર રૌદ્રધ્યાન છે. વિષયોની પ્રાપ્તિમાં અને સેવનમાં આનંદ આર્તધ્યાન છે. આર્ત અને રૌદ્ર ધ્યાનના આ સ્વરૂપને જાણનાર વિચારકને લગભગ સઘળા જીવો સદા આર્તધ્યાન અને રૌદ્રધ્યાન જ કરતા હોય છે એમ જણાયા વિના નહિ રહે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ધ્યાન અવિરત અને દેશવિરત જીવોને, અર્થાત્ પ્રથમ ગુણસ્થાનકથી આરંભી પાંચમા ગુણસ્થાનક સુધી હોય છે. પછીના ગુણસ્થાનોમાં આ ધ્યાન હોતું નથી. [૩૬]

ધર્મધ્યાનના ભેદો અને સ્વામી–

**आज्ञा–ऽपाय–विपाक–संस्थानविचयाय**

**धर्म्यमप्रमत्तसंयतस्य ॥ ૯–૩૭ ॥**

**આજ્ઞા, અપાય, વિપાક, સંસ્થાન એ ચારના વિચય સંબંધી એકાગ્ર મનોવૃત્તિ તે ચાર પ્રકારનું ધર્મધ્યાન છે. આ ધ્યાન અપ્રમત્તસંયતને હોય છે.**

વિચય એટલે પર્યાલોચન-ચિંતન. મનની એકાગ્રતાથી આજ્ઞા આદિ ચારનું પર્યાલોચન–ચિંતન એ અનુક્રમે આજ્ઞા-વિચય, અપાયવિચય, વિપાક વિચય, સંસ્થાન વિચય છે.

(૧) **આજ્ઞાવિચય**–જિનેશ્વર ભગવાનની આજ્ઞા સકલ જીવોને હિત કરનારી છે. સર્વ પ્રકારના દોષોથી રહિત છે. એમની આજ્ઞામાં ઘણાં ગૂઢ રહસ્યો રહેલાં છે. આથી અતિલઘુકર્મી નિપુણ પુરુષો જ એમની આજ્ઞાને સમજી શકે છે. ઇત્યાદિ ચિંતન તથા સાધુઓના માટે અને શ્રાવક આદિના માટે ભગવાનની કઈ કઈ આજ્ઞા છે એ વિશે એકાગ્રતાપૂર્વક પર્યાલોચન–ચિંતન એ આજ્ઞાવિચય ધર્મધ્યાન છે.

(૨) **અપાય વિચય**–અપાય એટલે દુઃખ. સંસારનાં જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિ વગેરે શારીરિક અને માનસિક દુઃખોનો, દુઃખોનાં કારણો અજ્ઞાન, અવિરતિ, કષાય વગેરેનો એકાગ્રચિત્તે વિચાર તે અપાયવિચય ધર્મધ્યાન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) વિપાક વિચય–વિપાક એટલે ફળ. તે તે કર્મના ઉદયથી તે તે ફળનો વિચાર તે વિપાક વિચય. તે આ પ્રમાણે–જ્ઞાનાવરણ કર્મના ઉદયથી જીવ અજ્ઞાન રહે છે. દર્શનાવરણના ઉદયથી વસ્તુને જોઈ શકાય નહિ, નિદ્રા આદિનો ઉદય થાય. સાતાવેદનીયથી સુખનો અને અસાતા વેદનીયથી દુઃખનો અનુભવ થાય. વિપરીત જ્ઞાન, અવિરતિ, રતિ, અરતિ વગેરે મોહનીય કર્મના ઉદયથી થાય છે. આયુષ્યના ઉદયથી નરક આદિ ગતિમાં જકડાઈ રહેવું પડે છે. નામકર્મના ઉદયથી શુભ કે અશુભ દેહ આદિ મળે છે. ગોત્રકર્મના ઉદયથી ઉચ્ચ કે નીચ ગોત્રમાં જન્મ થાય છે. અંતરાય કર્મના ઉદયથી દાન, લાભ આદિમાં અંતરાય–વિઘ્ન થાય છે.

(૪) સંસ્થાનવિચય–સંસ્થાન એટલે આકાર. લોકના તથા લોકમાં રહેલા દ્રવ્યોના આકારનું કે સ્વરૂપનું પર્યાલોચન એ સંસ્થાનવિચય. લોક, જગત્, વિશ્વ, દુનિયા વગેરે શબ્દો એકાર્થક છે. લોક ચૌદ રજ્જુ પ્રમાણ છે, અર્થાત્ લોકને ઉપરના છેડાથી નીચેના છેડા સુધી માપવામાં આવે તો ૧૪ રજ્જુ પ્રમાણ થાય છે. તેનો આકાર પગ પહોળા કરી કેડે હાથ દઈ ઊભા રહેલા પુરુષ સમાન છે. તેના ઊર્ધ્વ, અધો અને તિર્છા એમ ત્રણ વિભાગ છે. અધો લોક ઊંધા પડેલા કુંડાના આકાર સમાન છે. તિર્છાલોક થાળીની આકૃતિ સમાન ગોળ છે. ઊર્ધ્વલોક મૃદંગ કે ઊર્ધ્વમુખ કુંડાના આકાર સમાન છે. તિર્છાલોકમાં નીચેના ભાગમાં વ્યંતર તથા ઉપરના ભાગમાં જ્યોતિષ્ક જાતિના દેવો રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મધ્યભાગમાં બંગડીના આકારે અસંખ્ય દ્વીપો અને સમુદ્રો આવેલા છે. પ્રારંભમાં અઢી દ્વીપમાં મનુષ્યો અને તિર્યંચોનો વાસ છે. બાકીના સઘળા દ્વીપોમાં કેવળ તિર્યંચોનો વાસ છે. ઊર્ધ્વલોકમાં વૈમાનિક જાતિના દેવો રહે છે. અધોલોકમાં ભવનપતિ દેવો અને નારકો રહે છે. આ પ્રમાણે જિનોપદિષ્ટ શાસ્ત્રોના આધારે લોકના આકાર–સ્વરૂપ વગેરેનો વિચાર તે સંસ્થાન વિચય ધર્મધ્યાન છે.[૧]

આ ધ્યાન અપ્રમત્ત સંયતને હોય છે. આથી નીચેના છઠ્ઠા વગેરે ગુણસ્થાનોમાં તાત્ત્વિક[૨] ધર્મધ્યાન ન હોય એ સિદ્ધ થાય છે. નીચેના છઠ્ઠા વગેરે ગુણસ્થાનોમાં અભ્યાસ રૂપ ધર્મધ્યાન હોય, પણ પારમાર્થિક ધર્મધ્યાન ન હોય. [૩૭]

ધર્મધ્યાનના સ્વામીનો નિર્દેશ–

**उपशान्त–क्षीणकषाययोश्च ॥ ९–३८ ॥**

**ઉપશાંત કષાય અને ક્ષીણકષાય મુનિને પણ ધર્મધ્યાન હોય છે.**

ઉપરના સૂત્રમાં અપ્રમત્તસંયતને ધર્મધ્યાન હોય એમ કહ્યું છે. આ સૂત્રમાં ઉપશાંત કષાય અને ક્ષીણકષાય સંયતને પણ ધર્મધ્યાન હોય છે એમ જણાવ્યું છે. ૧૧ મા ગુણસ્થાને રહેલ મુનિ ઉપશાંત કષાય અને ૧૨ મા ગુણસ્થાને રહેલ

---

૧. લોકના સ્વરૂપનું વિસ્તૃત વર્ણન પાંચમા અધ્યાયમાં આવી ગયું છે.

૨. દિગંબરગ્રંથોમા ચોથાથી સાતમા ગુણસ્થાનક સુધી ધર્મધ્યાન હોય એવો નિર્દેશ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિ ક્ષીણ કષાય છે. આથી ૭ થી ૧૨ ગુણસ્થાનક સુધી ધર્મધ્યાન હોય છે એ સિદ્ધ થયું.[૧] [૩૮]

શુક્લધ્યાનના પૂર્વના બે ભેદના સ્વામી–

**શુક્લે ચાદ્યે પૂર્વવિદઃ ॥ ૯–૩૯ ॥**

**પૂર્વના જાણકાર ઉપશાંત કષાય અને ક્ષીણકષાય મુનિને શુક્લ ધ્યાનના પ્રથમ બે ભેદો હોય છે.**

અર્થાત્ ઉપશાંતકષાય અને ક્ષીણકષાય મુનિ જો પૂર્વધર ન હોય તો તેમને ૧૧–૧૨ મા ગુણસ્થાને ધર્મધ્યાન હોય અને જો પૂર્વધર હોય તો શુક્લધ્યાન (પ્રથમના બે ભેદ) હોય.

અહીં ૩૮ અને ૩૯ મા સૂત્રના ભાષ્યને અને ભાષ્યની ટીકાને જોતાં જણાય છે કે–ઉપશમ અને ક્ષપક એ બંને પ્રકારની શ્રેણિમાં ધર્મ અને શુક્લ એ બંને પ્રકારના ધ્યાન હોય છે. અર્થાત્ ઉપશમશ્રેણિમાં ધર્મ અને શુક્લ એ બંને પ્રકારના ધ્યાન હોય છે. તથા ક્ષપકશ્રેણિમાં પણ ધર્મ અને શુક્લ એ બંને ધ્યાન હોય છે.

---

૧. દિગંબર ગ્રંથોમાં બંને પ્રકારના શ્રેણિમાં (૮ થી ૧૨ ગુણસ્થાન સુધી) શુક્લધ્યાનનો જ સ્વીકાર કરવામાં આવ્યો છે. તેમાં ઉપશમ શ્રેણિમાં ૮ થી ૧૧ ગુણસ્થાન સુધી અને ક્ષપક શ્રેણિમાં ૮ થી ૧૦ ગુણસ્થાન સુધી શુક્લધ્યાનનો પ્રથમ ભેદ તથા ૧૨ મા ગુણસ્થાને બીજો ભેદ માનેલો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંને પ્રકારની શ્રેણિનો આરંભ આઠમા ગુણસ્થાનકથી થાય છે. પરંતુ કર્મોના ઉપશમનો કે ક્ષયનો પ્રારંભ નવમા ગુણસ્થાનકથી થાય છે. તથા ૧૧ મા ગુણસ્થાને ઉપશમશ્રેણિની અને ૧૨ મા ગુણસ્થાને ક્ષપક શ્રેણિની સમાપ્તિ થાય છે. (ક્ષપક-શ્રેણિમાં અગિયારમું ગુણસ્થાન હોતું નથી.) બંને પ્રકારની શ્રેણિમાં ૮–૯–૧૦ ગુણસ્થાનોમાં ધર્મધ્યાન જ હોય છે તથા ૧૧મા અને ૧૨મા ગુણસ્થાને ધર્મ અને શુકલ બંને ધ્યાન હોઈ શકે છે. શ્રેણિએ ચઢનારા જીવો બે પ્રકારના હોય છે. (૧) પૂર્વધર (શ્રુતકેવલી–સંપૂર્ણ ચૌદ પૂર્વધર). (૨) અપૂર્વધર (ચૌદપૂર્વથી ન્યૂન શ્રુતના જ્ઞાતા). બંને પ્રકારની શ્રેણિમાં યથાસંભવ ૧૧ મા ૧૨ મા ગુણઠાણે પૂર્વધરને શુકલધ્યાન (પ્રથમના બે ભેદ) હોય છે અને અપૂર્વધરને ધર્મધ્યાન હોય છે. [૩૯]

શુકલધ્યાનના અંત્ય બે ભેદના સ્વામી–

**परे केवलिनः ॥ ૯–૪૦ ॥**

**શુકલ ધ્યાનના અંતિમ બે ભેદો કેવલીને હોય છે.**

તેરમા ગુણસ્થાને અંતિમ અંતર્મુહૂર્તમાં મન–વચન –એ બે યોગોનો સર્વથા નિરોધ થયા બાદ બાદર કાયયોગનો નિરોધ થતાં કેવળ સૂક્ષ્મ કાયયોગની ક્રિયા હોય છે ત્યારે ત્રીજો ભેદ હોય છે. સૂક્ષ્મ કાયયોગનો નિરોધ થતાં, અર્થાત્ સંપૂર્ણ યોગનિરોધ થતાં, ચૌદમા ગુણસ્થાને આત્માની નિષ્પ્રકંપ અવસ્થા રૂપ ચોથો ભેદ હોય છે. [૪૦]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુકલધ્યાનના ચાર ભેદો–

**પૃથક્ત્વૈ–કત્વવિતર્ક–સૂક્ષ્મક્રિયાઽપ્રતિપાતિ–વ્યુપરત-ક્રિયાનિવૃત્તીનિ ॥ ૯–૪૧ ॥**

**પૃથક્ત્વવિતર્ક (સવિચાર), એકત્વવિતર્ક (અવિચાર), સૂક્ષ્મક્રિયાઽપ્રતિપાતી અને વ્યુપરત-ક્રિયાનિવૃત્તિ એ ચારે શુકલ ધ્યાનના ભેદો છે.**

(૧) પૃથક્ત્વ–વિતર્કસવિચાર—પૃથક્ત્વ એટલે ભેદ–જુદાપણું. વિતર્ક એટલે પૂર્વગતશ્રુત. વિચાર એટલે દ્રવ્ય–પર્યાયની, અર્થ–શબ્દની કે મન આદિ ત્રણયોગની સંક્રાંતિ–પરાવર્તન. વિચારથી સહિત તે સવિચાર.[૧]

અહીં ત્રણ શબ્દોથી ત્રણ હકીકતો જણાવવામાં આવી છે–(૧)પૃથક્ત્વ શબ્દથી ભેદ, (૨)વિતર્ક શબ્દથી પૂર્વગતશ્રુત, અને (૩) સવિચાર શબ્દથી દ્રવ્ય–પર્યાય આદિનું પરાવર્તન જણાવવામાં આવેલ છે. તથા 'એકાગ્રતા પૂર્વક ચિંતન' એ અર્થ પૂર્વ સૂત્રથી ચાલ્યો આવે છે. આથી પૃથક્ત્વવિતર્ક સવિચાર ધ્યાનનો અર્થ આ પ્રમાણે થાય છે–જે ધ્યાનમાં પૂર્વગતશ્રુતના[૨]

---

૧. અહીં મૂળ સૂત્રમા સાવચાર શબ્દ નથી. પણ આગળ ૪૪ મા સૂત્રમાં બીજા ભેદને વિચાર રહિત કહ્યો છે. એટલે પ્રથમ ભેદ વિચાર સહિત છે એમ અર્થાપત્તિથી સિદ્ધ થાય છે. વિચારનો અર્થ ગ્રંથકારે સ્વયં ૪૬ મા સૂત્રમાં બતાવ્યો છે. તે જ અર્થ અહીં જણાવવામાં આવ્યો છે.

૨. આ અર્થ વિતર્ક શબ્દથી નીકળે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આધારે, [૩]આત્મા આદિ કોઈ એક દ્રવ્યને આશ્રયીને ઉત્પાદાદિ અનેક પર્યાયોનું એકાગ્રતાપૂર્વક [૪]ભેદ પ્રધાન (દ્રવ્ય–પર્યાયનો ભેદ) [૫]ચિંતન થાય અને સાથે દ્રવ્ય–પર્યાય આદિનું [૬]પરાવર્તન થાય, તે પૃથક્ત્વવિતર્ક–સવિચાર ધ્યાન.[૭] આનો ભાવાર્થ આ પ્રમાણે–પૂર્વધર મહાત્મા પૂર્વગત શ્રુતના આધારે, આત્મા કે પરમાણુ આદિ કોઈ એક દ્રવ્યને આશ્રયીને વિવિધ નયોના અનુસારે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, મૂર્તત્વ–અમૂર્તત્વ, નિત્યત્વ–અનિત્યત્વ આદિ પર્યાયોનું ભેદથી (–ભેદપ્રધાન) ચિંતન કરે છે. આ વખતે એક દ્રવ્યનો ત્યાગ કરી અન્ય દ્રવ્યનું કે પર્યાયનું અથવા એક પર્યાયનો ત્યાગ કરી અન્ય પર્યાયનું કે અન્ય દ્રવ્યનું અવલંબન લે છે. તથા શબ્દ ઉપરથી અર્થ ઉપર અને અર્થ ઉપરથી શબ્દ ઉપર જાય છે. તેમજ કાયયોગનો ત્યાગ કરી વચન-

૩. આ અર્થ માટે 'પૃથક્ત્વ વિતર્ક સવિચાર' એ નામમાં કોઈ શબ્દ નથી. પરંતુ આગળ ૪૩ મા સૂત્રમાં આ અર્થનું સૂચન કર્યું છે.

૪. આ અર્થ પૃથક્ત્વ શબ્દથી નીકળે છે.

૫ આ અર્થ ૪૨ મા સૂત્રના ચાલો આવે છે.

૬. આ અર્થ સવિચાર શબ્દથી નીકળે છે.

૭. **पृथक्त्वेन – एकद्रव्याश्रितानामुत्पादादिपर्यायाणां भेदेन पृथुत्वेन वा, विस्तीर्णभावेनेत्यन्ये. वितर्को–विकल्पः पूर्वगतश्रुतालम्बनो नानानयानुसरणलक्षणो यस्मिंस्तत्तथा, पूज्यैस्तु (श्रीमदुमास्वातिवाचकैः) वितर्कः श्रुतालम्बनतया श्रुतमित्युपचारादुद्घोतः तथा विचरणम् – अर्थाद् व्यञ्जने व्यञ्जनादर्थे तथा मनःप्रभृतीनां. ...**( સ્થાનાંગસૂત્ર ચોથું પદ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગ કે મનોયોગનું અવલંબન લે છે, અથવા વચનયોગનો ત્યાગ કરી કાયયોગ કે મનોયોગનું અવલંબન લે છે. અથવા મનોયોગનો ત્યાગ કરી કાયયોગ કે વચનયોગનું અવલંબન લે છે. આ પ્રમાણે અર્થ, વ્યંજન અને યોગોનું પરાવર્તન કરે છે.

(૨) **એકત્વ-વિતર્ક-અવિચારઃ**—એકત્વ એટલે અભેદ. શુક્લધ્યાનના આ ભેદમાં દ્રવ્ય-પર્યાયનું અભેદ રૂપે ચિંતન હોય છે. વિતર્કનો અને વિચારનો અર્થ પ્રથમ ભેદના અર્થમાં જણાવ્યો છે તે જ છે. વિચારનો અભાવ તે અવિચાર. આ ભેદમાં વિચારનો અભાવ હોય છે. જે ધ્યાનમાં, પૂર્વગત શ્રુતના આધારે, આત્મા કે પરમાણુ આદિ કોઈ એક દ્રવ્યને આશ્રયીને, ઉત્પાદ આદિ કોઈ એક પર્યાયનું, અભેદથી-અભેદ પ્રધાન (દ્રવ્ય-પર્યાયનો અભેદ) ચિંતન થાય, અને અર્થ-વ્યંજન-યોગના પરાવર્તનનો અભાવ હોય, તે એકત્વવિતર્ક અવિચાર ધ્યાન.[૧] આ ધ્યાન વિચાર રહિત હોવાથી પવન રહિત સ્થાને રહેલા દીપકની જેમ નિષ્પ્રકંપ-સ્થિર હોય છે.

(૩) **સૂક્ષ્મક્રિયાપ્રતિપાતીઃ**—સૂક્ષ્મક્રિયાપ્રતિપાતી શબ્દમાં સૂક્ષ્મક્રિય અને અપ્રતિપાતી એ બે શબ્દો છે. સૂક્ષ્મ-

---

૧. એકત્વેન - અભેદેનોત્પાદાદિપર્યાયાણામન્યતમૈકપર્યાયાલમ્બનતયેત્યર્થઃ । વિતર્કઃ પૂર્વગતશ્રુતાશ્રયો વ્યઞ્જનરૂપોઽર્થરૂપો વા યસ્ય તદેકત્વવિતર્કમ્ ।

(સ્થાનાંગ સૂત્ર ચોથું પદ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રિય એટલે જેમાં ક્રિયા સૂક્ષ્મ–અતિઅલ્પ હોય તે. અપ્રતિપાતી એટલે પતનથી રહિત. જેમાં માત્ર શ્વાસોશ્વાસ રૂપ સૂક્ષ્મ ક્રિયા જ રહી છે, અને ધ્યાન કરનારના પરિણામવિશેષનું પતન નથી, તે ધ્યાન સૂક્ષ્મક્રિયાપ્રતિપાતી. પોતાનું આયુષ્ય એક અંતર્મુહૂર્ત જેટલું જ બાકી રહે છે ત્યારે કેવળી યોગનિરોધની ક્રિયા શરૂ કરે છે. તેમાં વચનયોગ અને મનોયોગનો સર્વથા નિરોધ થઈ જતાં માત્ર શ્વાસોશ્વાસ રૂપ સૂક્ષ્મ કાયયોગ બાકી રહે ત્યારે આ ધ્યાન હોય છે. યોગ-નિરોધ તેરમા ગુણઠાણાના અંતે (અંતિમ અંતર્મુહૂર્તમાં) થાય છે. માટે આ ધ્યાન પણ તેરમા ગુણઠાણાના અંતે હોય છે.

(૪) **વ્યુપરતક્રિયાનિવૃત્તિ**—વ્યુપરત ક્રિયાનિવૃત્તિ શબ્દમાં વ્યુપરતક્રિય અને અનિવૃત્તિ એ બે શબ્દો છે. જેમાં સર્વથા ક્રિયા અટકી ગઈ છે તે વ્યુપરતક્રિય. જેમાં પતન નથી તે અનિવૃત્તિ. જેમાં મન આદિ ત્રણે યોગોનો સર્વથા નિરોધ થઈ જવાથી કોઇ પણ જાતની ક્રિયા નથી, તથા ધ્યાન કરનારના પરિણામ વિશેષનું પતન નથી તે ધ્યાન વ્યુપરતક્રિયાનિવૃત્તિ. આ ભેદ ચૌદમા ગુણસ્થાને હોય છે. [૪૧]

ધ્યાનના યોગની વિચારણા–

**તત્ ત્ર્યેક–કાયયોગા–ઽયોગાનામ્ ॥ ૯–૪૨ ॥**

**તે (–ચાર પ્રકારનું શુક્લધ્યાન) અનુક્રમે**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રણ યોગ, એક યોગ, કાય યોગ અને અયોગ (-યોગ રહિત)ને હોય છે.

ધ્યાનનો પ્રથમભેદ મન આદિ ત્રણે યોગોના વ્યાપારવાળાને, બીજો ભેદ ત્રણમાંથી ગમે તે એક યોગના વ્યાપારવાળાને, ત્રીજો ભેદ કાયયોગના વ્યાપારવાળાને, ચોથો ભેદ યોગ વ્યાપાર રહિત જીવને હોય છે. અર્થાત્ ધ્યાનના પ્રથમ ભેદમાં ત્રણે યોગોનો વ્યાપાર હોય છે. બીજા ભેદમાં ગમે તે એક યોગનો અને ત્રીજામાં કેવળ કાયયોગનો વ્યાપાર હોય છે. ચોથામાં યોગવ્યાપારનો અભાવ હોય છે. [૪૨]

શુકલધ્યાનના પ્રથમના બે ભેદોમાં વિશેષતા-

**एकाश्रये सवितर्के पूर्वे ॥ ९-४३ ॥**

**પૂર્વના બે ભેદો એકાશ્રય અને સવિતર્ક હોય છે.**

એકાશ્રય એટલે આત્મા કે પરમાણુ આદિ કોઈ એક આલંબન સહિત. સવિતર્ક એટલે શ્રુતસહિત-પૂર્વગત શ્રુતના આધારવાળું. શુકલધ્યાનના પ્રારંભના બે ભેદોમાં આત્મા કે પરમાણુ આદિ કોઈ એક દ્રવ્યનું આલંબન હોય છે, અર્થાત્ કોઈ એક દ્રવ્ય સંબંધી ધ્યાન કરવામાં આવે છે; તથા પૂર્વગત શ્રુતનો આધાર હોય છે, અર્થાત્ પૂર્વગત શ્રુતના આધારે ધ્યાન કરવામાં આવે છે. [૪૩]

પહેલા અને બીજા ભેદમાં તફાવત-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अविचारं द्वितीयं ॥ ९–४४ ॥

**શુકલ ધ્યાનનો બીજો ભેદ વિચારથી રહિત હોય છે**

આથી પ્રથમ ભેદ વિચાર સહિત હોય છે એ અર્થાપત્તિથી સિદ્ધ થાય છે. દ્રવ્ય–પર્યાય, શબ્દ–અર્થ અને યોગોનું સંક્રમણ–પરાવર્તન વિચાર છે, એમ પૂર્વે કહેવાઈ ગયું છે. પ્રથમભેદ એકાશ્રય–પૃથક્ત્વ–સવિતર્ક–સવિચાર છે. બીજો ભેદ એકાશ્રય–એકત્વ–સવિતર્ક–અવિચાર છે. આમ બે ભેદોમાં એકાશ્રય અને વિતર્ક એ બેની સમાનતા છે, તથા પૃથક્ત્વ–એકત્વ તથા વિચારની અસમાનતા છે. [૪૪]

વિતર્કની વ્યાખ્યા–

वितर्कः श्रुतम् ॥ ९–४५ ॥

**વિતર્ક એટલે (પૂર્વગત) શ્રુત.**

યદ્યપિ વિતર્કનો અર્થ વિકલ્પ–ચિંતન થાય છે. પણ અહીં વિકલ્પ (વિતર્ક) પૂર્વગત શ્રુતના આધારે વિવિધ નયના અનુસારે કરવાનો હોવાથી તેમાં (વિકલ્પમાં) પૂર્વગત શ્રુતનું આલંબન લેવું પડતું હોવાથી ઉપચારથી વિતર્કનો શ્રુત અર્થ કરવામાં આવ્યો છે.[૧] તથા શ્રુત શબ્દથી સામાન્ય શ્રુત નહિ, કિન્તુ પૂર્વગત શ્રુત સમજવું. [૪૫]

---

૧. वितर्को विकल्पः पूर्वगतश्रुतालम्बनो नानानयानुसरणलक्षणो यस्मिंस्तत्तथा, पूज्यैस्तु वितर्कः श्रुतालम्बनतया श्रुतमित्युपचारादधीतः ( स्थानांग ટીકા પૃ૬ ).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચારની વ્યાખ્યા–

**विचारोऽर्थ–व्यञ्जन–योगसंक्रान्तिः ॥ ९–४६ ॥**

**અર્થ, વ્યંજન અને યોગની સંક્રાંતિ એ વિચાર છે.**

અર્થ એટલે ધ્યેય દ્રવ્ય કે પર્યાય. વ્યંજન એટલે ધ્યેય પદાર્થનો અર્થવાચક શબ્દ–શ્રુતવચન. મન, વચન અને કાયા એ ત્રણ યોગ છે. સંક્રાંતિ એટલે સંક્રમણ–પરાવર્તન. કોઈ એક દ્રવ્યનું ધ્યાન કરી તેના પર્યાયનું ધ્યાન કરવું, અથવા કોઈ એક પર્યાયના ધ્યાનનો ત્યાગ કરી દ્રવ્યનું ધ્યાન કરવું, એ પ્રમાણે દ્રવ્યપર્યાયનું પરાવર્તન એ અર્થ (દ્રવ્ય–પર્યાય) સંક્રાંતિ છે. કોઈ એક શ્રુતવચનને અવલંબીને ધ્યાન કર્યા પછી અન્ય શ્રુતવચનનું અવલંબન કરીને ધ્યાન કરવું એ વ્યંજનસંક્રાંતિ છે. કાયયોગનો ત્યાગ કરી વચનયોગનો કે મનોયોગનો સ્વીકાર કરવો ઇત્યાદિ યોગસંક્રાંતિ છે.[૨] આ પ્રમાણે અર્થ, વ્યંજન અને યોગની સંક્રાંતિ–પરાવર્તન એ વિચાર છે.

---

૨. अर्थो ध्येयो द्रव्यं पर्यायो वा । व्यञ्जनं वचनम् । योगः कायवाङ्मनःकर्मलक्षणः । संक्रान्तिः परिवर्तनम् । द्रव्यं विहाय पर्यायमुपैति पर्यायं त्यक्त्वा द्रव्यमित्यर्थ–संक्रान्तिः । एकं श्रुतवचनमुपादाय वचनान्तरमालम्बते, तदपि विहायान्यदिति व्यञ्जन संक्रान्तिः । काययोगं त्यक्त्वा योगान्तरं गृह्णाति, योगान्तरं त्यक्त्वा काययोगमिति योगसंक्रान्तिः । (सर्वार्थसिद्धिः)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રમાણે બાહ્ય અને અભ્યંતર તપનું વર્ણન સમાપ્ત થયું. બંને પ્રકારનો તપ સંવર અને નિર્જરાનું કારણ હોવાથી મોક્ષમાર્ગના સાધકે તેનું અવશ્ય સેવન કરવું જોઈએ. તપથી સર્વ કર્મોનો ક્ષય થતાં મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન**—તપ નિર્જરાનું કારણ કેવી રીતે બને છે? તેમાં પણ બાહ્ય તપથી નિર્જરા કેમ થાય? બાહ્ય તપમાં તો કેવળ કાયકષ્ટ થાય છે. જો માત્ર કાયકષ્ટથી નિર્જરા થતી હોય તો જેમ જેમ કાયકષ્ટ વધારે તેમ તેમ નિર્જરા વધારે થાય. એથી સાધુઓ કરતાં પણ તિર્યંચો અને નારકો અધિક કષ્ટ સહન કરતા હોવાથી તેમને અધિક નિર્જરા થવી જોઈએ. તથા સાધુના કરતાં એમનો મોક્ષ વહેલો થવો જોઈએ. માત્ર કાયકષ્ટથી તપસ્વી કહેવાય તો તિર્યંચો અને નારકોને મહાન તપસ્વી કહેવા જોઈએ.

**ઉત્તર**—આ પ્રશ્નના સમાધાન માટે પ્રથમ નિર્જરાનો અર્થ બરોબર સમજી લેવાની જરૂર છે. નિર્જરાના દ્રવ્ય અને ભાવ એમ બે ભેદો છે. આત્મામાંથી કર્મપ્રદેશોનું છૂટા પડવું એ દ્રવ્યનિર્જરા છે. કર્મપ્રદેશોને છૂટા પાડનાર આત્માના શુદ્ધ પરિણામ–અધ્યવસાય ભાવ નિર્જરા છે. આમાં ભાવનિર્જરા જ મુખ્ય નિર્જરા છે. ભાવ નિર્જરા વિના થતી દ્રવ્યનિર્જરાથી આત્મા સર્વથા કર્મમુક્ત બની શકતો નથી. દ્રવ્ય નિર્જરા બે કારણોથી થાય છે. (૧) કર્મની સ્થિતિના પરિપાકથી અને (૨) આત્માના શુદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિણામ રૂપ ભાવનિર્જરાથી. કર્મની સ્થિતિના પરિપાકથી થતી નિર્જરા તો દરેક જીવને થઈ રહી છે. એ નિર્જરાનું જરાય મહત્ત્વ નથી. શુદ્ધ પરિણામરૂપ ભાવનિર્જરાથી થતી દ્રવ્યનિર્જરાની જ મહત્તા છે. આથી પ્રસ્તુતમાં આ જ નિર્જરા ઈષ્ટ છે.

હવે અહીં નિર્જરાનાં જે બે કારણો બતાવ્યાં તેમાં તપનો સમાવેશ તો થયો નહિ. જ્યારે શાસ્ત્રકારો તો તપને નિર્જરાનું કારણ કહે છે, તો આમાં શું તથ્ય છે એ પ્રશ્ન ઉપસ્થિત થાય એ સહજ છે. આનું સમાધાન આ પ્રમાણે– તપ ભાવનિર્જરાનું=આત્માના શુદ્ધ પરિણામોનું કારણ બનવા દ્વારા નિર્જરાનું કારણ છે. તપથી ભાવ નિર્જરા= આત્માના શુદ્ધ પરિણામો થાય છે, અને એનાથી દ્રવ્ય નિર્જરા થાય છે. તપનું સેવન કરવા છતાં જો ભાવ નિર્જરા ન થાય તો તપથી ( પ્રસ્તુતમાં ઈષ્ટ ) નિર્જરા થતી નથી. આથી જ ભાવ નિર્જરામાં કારણ ન બનનાર તપ વાસ્તવિક તપ નથી, કિન્તુ માત્ર કાયકલેશ છે. ભાવનિર્જરામાં કારણ બનનાર તપ જ વાસ્તવિક તપ છે. અહીં એ તપની ગણતરી કરવામાં આવી છે.

હવે એ પ્રશ્ન બાકી રહે છે કે અભ્યંતર તપની આત્મા ઉપર અસર થતી હોવાથી આત્મામાં શુદ્ધ પરિણામ ઉત્પન્ન થાય છે. એથી અભ્યંતર તપ નિર્જરાનું કારણ છે. પણ બાહ્યતપની કેવળ કાયા ઉપર અસર થતી હોવાથી તેનાથી આત્માના શુદ્ધ પરિણામ શી રીતે ઉત્પન્ન થાય ? અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એથી નિર્જરા પણ શી રીતે થાય ? આ પ્રશ્નનું સમાધાન એ છે કે–બાહ્યતપની કેવળ કાયા ઉપર અસર થાય છે એ હકીકત તદ્દન અસત્ય છે. જે બાહ્ય તપની કેવળ કાયા ઉપર અસર થાય, આત્મા ઉપર અસર ન થાય, એ વાસ્તવિક બાહ્ય તપ જ નથી. કિંતુ કાયકલેશ જ છે. આથી જ પ્રસ્તુત સૂત્રના ભાષ્યમાં કહેવામાં આવ્યું છે કે–સમ્યગ્ યોગ....એ સૂત્રમાં આવેલ સમ્યગ્ શબ્દનું અનુસંધાન આ સૂત્રમાં પણ લેવું. એટલે અહીં કેવળ બાહ્ય તપનો નિર્દેશ નથી કર્યો, કિન્તુ સમ્યગ્ બાહ્યતપનો નિર્દેશ કર્યો છે. આત્મશુદ્ધિના આશયથી જિનેશ્વરની આજ્ઞા મુજબ કરવામાં આવતો બાહ્ય તપ સમ્યગ્–ઉત્તમ છે.

આત્મામાં શુદ્ધપરિણામ પેદા ન થાય ત્યાં સુધી સમ્યગ્ બાહ્ય તપ કરવાની ભાવના ન થાય એ ચોક્કસ વાત છે. કારણ કે જ્યાં સુધી દેહનો મમત્વભાવ, આહારની લાલસા, ઇંદ્રિયોનો અસંયમ, સંસારસુખનો રાગ વગેરે દોષો દૂર ન થાય–ઘટે નહિ ત્યાં સુધી (સમ્યગ્) બાહ્યતપ કરવાની ભાવના થતી નથી. તથા જ્યાં સુધી આત્મામાં શુદ્ધ પરિણામો પેદા ન થાય ત્યાં સુધી દેહનો મમત્વભાવ વગેરે દોષો દૂર ન થાય, ઘટે નહિ. આથી બાહ્યતપની પ્રવૃત્તિથી દેહનો મમત્વભાવ વગેરે દોષો દૂર થયા છે–ઘટ્યા છે એ સૂચિત થાય છે. દોષોની હાનિ–ઘટાડો આત્મામાં શુદ્ધ પરિણામો ઉત્પન્ન થયા છે એ સૂચવે છે. આત્મામાં ઉત્પન્ન થયેલ શુદ્ધ પરિણામથી કર્મોની નિર્જરા થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા જેમ જેમ બાહ્યતપનું સેવન થાય છે તેમ તેમ મમત્વાદિ દોષો અધિક અધિક ઘટતા જાય છે, અને આત્મામાં શુદ્ધ પરિણામની વૃદ્ધિ દ્વારા નિર્જરાની વૃદ્ધિ થતી જાય છે. આમ સમ્યગ્ બાહ્યતપ શુદ્ધ પરિણામ હોય તો જ થઈ શકે છે, અને તપના સેવનથી એ પરિણામ અધિક અધિક શુદ્ધ બનતા જાય છે. આથી અભ્યંતર તપની જેમ બાહ્ય તપ પણ નિર્જરામાં કારણ છે. આ હકીકતથી બાહ્ય તપમાં તો કેવળ કાયકષ્ટ છે....એ પ્રશ્નનું પણ સમાધાન થઈ જાય છે. કારણ કે ઉપર કહ્યા મુજબ સમ્યગ્ બાહ્યતપ કેવળ કાયકષ્ટ રૂપ છે જ નહિ. અસમ્યગ્ તપ જ કેવળ કાયક્લેશ રૂપ છે. તથા માત્ર કાયકષ્ટથી નિર્જરા થાય છે એ વાત પણ તદ્દન અસત્ય છે. કાયકષ્ટ દ્વારા ઉત્પન્ન થતા શુદ્ધ પરિણામથી જ નિર્જરા થાય છે. તથા અજ્ઞાન લોકો ગમે તેને તપસ્વી ભલે કહે. પણ શાસ્ત્રો તો સમ્યગ્ તપ કરનારને જ તપસ્વી કહે છે. એટલે જેમ જેમ કાયકષ્ટ વધારે....એ પ્રશ્નને પણ અવકાશ રહેતો નથી. [૪૬]

કોને કેટલી નિર્જરા થાય છે તેનો નિર્દેશ–

**सम्यग्दृष्टि-श्रावक-विरता-ऽनन्तवियोजक-दर्शनमोह-क्षपको-पशमको-पशान्तमोह-क्षपक-क्षीणमोह-जिनाः क्रमशोऽसंख्येयगुणनिर्जराः ॥ ९-४७ ॥**

**સમ્યગ્દૃષ્ટિ, શ્રાવક, વિરત, અનંતાનુબંધિ-વિયોજક, દર્શનમોહક્ષપક, મોહોપશમક, ઉપશાંત-**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મોહ, મોહક્ષપક, ક્ષીણમોહ, જિન–આ દશ અનુક્રમે પૂર્વ પૂર્વથી અસંખ્યગુણ નિર્જરા કરે છે.**

સમ્યગ્દૃષ્ટિ જેટલી નિર્જરા કરે છે તેનાથી શ્રાવક અસંખ્યગુણ નિર્જરા કરે છે. શ્રાવકની નિર્જરાથી અસંખ્ય-ગુણ નિર્જરા વિરત મુનિ કરે છે. એમ પૂર્વ પૂર્વથી ઉત્તર ઉત્તરની નિર્જરા અસંખ્ય ગુણ થાય છે. કર્મોનો સર્વથા ક્ષય એ મોક્ષ છે. કર્મોનો આંશિક ક્ષય નિર્જરા છે. કર્મનો આંશિક ક્ષય દરેક સાધકને સમાન હોતો નથી. કારણ કે કર્મનો આંશિક ક્ષય આત્માની વિશુદ્ધિ ઉપર આધાર રાખે છે. આત્માની વિશુદ્ધિ જેમ અધિક તેમ નિર્જરા વધારે. પ્રસ્તુત સૂત્રમાં નિર્દિષ્ટ સમ્યગ્દૃષ્ટિ આદિ સાધકની આત્મવિશુદ્ધિ અનુક્રમે અસંખ્યગુણી હોવાથી નિર્જરા અસંખ્યગુણી થાય છે. આંશિક[1] નિર્જરાની શરૂઆત મુખ્યતયા સમ્યગ્દૃષ્ટિથી (–ચોથા ગુણસ્થાનકથી) થાય છે અને ૧૩ મા ગુણસ્થાને તેનો અંત આવે છે. ચૌદમા ગુણઠાણે સર્વ કર્મનો ક્ષય થાય છે.

(૧) **સમ્યગ્દૃષ્ટિ**–વિરતિથી રહિત અને સમ્યગ્દર્શનથી યુક્ત. (૨) **શ્રાવક**–સમ્યગ્દર્શન તથા અણુવ્રતોથી યુક્ત. (૩) **વિરત**–મહાવ્રતોને ધારણ કરનાર મુનિ. (૪) **અનંતા-નુબંધિવિયોજક**–અનંતાનુબંધી ચાર કષાયોનો (વર્ત-

---

૧. અહીં સકામ નિર્જરા અપેક્ષિત છે. અકામ નિર્જરા પહેલા ગુણસ્થાને પણ હોય છે. યોગશાસ્ત્રમાં 'સકામા યમિનાં' એમ કહીને સકામ નિર્જરા મુખ્યતયા સાધુઓને હોય છે એમ જણાવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માનમાં) ક્ષય કરનાર (૫) **દર્શનમોહક્ષપક**–દર્શનમોહનો (વર્તમાનમાં)ક્ષય કરનાર. અનંતાનુબંધી ચાર કષાયો, સમ્યક્ત્વમોહ, મિશ્રમોહ, મિથ્યાત્વમોહ એ સાત પ્રકૃતિઓ દર્શન મોહ છે. (૬) **મોહોપશમક**–મોહની પ્રકૃતિઓનો (વર્તમાનમાં) ઉપશમ કરનાર. (૭) **ઉપશાંતમોહ**–જેણે મોહની સર્વ (૨૮) પ્રકૃતિઓનો ઉપશમ કરી દીધો છે તે. (૮) **મોહક્ષપક**–મોહની પ્રકૃતિઓનો (વર્તમાનમાં) ક્ષય કરનાર. (૯) **ક્ષીણમોહ**–જેણે મોહની સઘળી પ્રકૃતિઓનો ક્ષય કરી નાંખ્યો છે તે. (૧૦) **જિન**–જેમણે ચાર ઘાતી કર્મોનો ક્ષય કરી દીધો છે તે કેવલી [૪૭]

ચારિત્રની તરતમતાની દૃષ્ટિએ નિર્ગ્રંથના ભેદો–

**पुलाक-बकुश-कुशील-निर्ग्रन्थ-स्नातका निर्ग्रन्थाः ॥९-४८॥**

**પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ, સ્નાતક–એ પાંચ પ્રકારના નિર્ગ્રંથો–સાધુઓ છે.**

(૧) **પુલાક**–પુલાક એટલે નિઃસાર. ગર્ભથી–સારથી રહિત ફોતરાં કે છાલ જેમ નિઃસાર હોય છે તેમ, જે સાધુ જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં અતિચારો લગાડવાથી જ્ઞાન, દર્શન અને ચારિત્રના સારથી રહિત બને છે તે પુલાક. પુલાકના બે ભેદ છે. (૧) લબ્ધિપુલાક, (૨) સેવાપુલાક.

લબ્ધિપુલાક અનેક પ્રકારની લબ્ધિઓને ધારણ કરે છે. તે ધારે તો લબ્ધિથી ચક્રવર્તીને અને તેના સકળ સૈન્યને ચૂર્ણ કરી શકે છે. તે તપ અને શ્રુતના પ્રભાવથી ઉત્પન્ન થયેલી લબ્ધિઓનો નિષ્કારણ પોતાની મહત્તા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બતાવવા તથા પોતાની ખ્યાતિ વધારવા કરવાથી સંયમ રૂપ સારથી રહિત બને છે. તેનામાં શ્રદ્ધા પૂર્ણ હોય છે. ચારિત્રના પરિણામ પણ હોય છે. છતાં પ્રમાદ વશ બની લબ્ધિઓનો ઉપયોગ કરી આત્માને ચારિત્રના સારથી રહિત કરે છે. સેવાપુલાકના પાંચ ભેદ છે. જ્ઞાનપુલાક, દર્શનપુલાક, ચારિત્રપુલાક, લિંગપુલાક અને સૂક્ષ્મ-પુલાક. (૧) **જ્ઞાનપુલાક**–કાલે ન ભણે, અવિનયથી ભણે, વિદ્યાગુરુનું બહુમાન ન કરે, યોગોદ્વહન કર્યા વિના ભણે, સૂત્રનો ઉચ્ચાર અને અર્થ અશુદ્ધ કરે ઇત્યાદિ જ્ઞાનના અતિચારો લગાડે. (૨) **દર્શનપુલાક**–શંકા આદિથી દર્શન ગુણમાં અતિચારો લગાડે. (૩) **ચારિત્રપુલાક**–મૂલ (પાંચ મહાવ્રતો) ગુણોમાં અને ઉત્તર (પિંડ વિશુદ્ધિ આદિ) ગુણોમાં અતિચારો લગાડે. (૪) **લિંગપુલાક**–નિષ્કારણ શાસ્ત્રોક્ત લિંગથી અન્ય લિંગને–સાધુવેષને ધારણ કરે. (૫) **સૂક્ષ્મપુલાક**–મનથી સૂક્ષ્મ અતિચારો લગાડે.

(૨) **બકુશ**–બકુશ એટલે શબલ–ચિત્રવિચિત્ર. વિશુદ્ધિ અને અવિશુદ્ધિથી જેનું ચારિત્ર ચિત્ર–વિચિત્ર બને તે બકુશ. બકુશ સામાન્યથી બે પ્રકારના છે. (૧) શરીર બકુશ, (૨) ઉપકરણ બકુશ. શરીર બકુશ હાથ–પગ ધોવા, શરીર ઉપરથી મેલ ઉતારવો, મોઢું ધોવું, દાંત સાફ રાખવા, વાળ ઓળવા વગેરે પ્રકારની શરીરની વિભૂષા તરફ લક્ષ્ય રાખે છે. ઉપકરણ બકુશ વિભૂષા માટે દંડ, પાત્ર વગેરેને રંગ, તેલ આદિથી ચળકતાં કરવાં, કપડાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉજળાં રાખવાં, સગવડતા માટે અધિક ઉપકરણો રાખવાં વગેરે તરફ લક્ષ્ય રાખે છે. બંને પ્રકારના બકુશો ક્રિયામાં શિથિલ હોય છે. એમનું ચિત્ત શરીર અને ઉપકરણની વિભૂષા તરફ હોય છે. બાહ્ય આડંબર, માન-સન્માન અને ખ્યાતિ વગેરેની કામનાવાળા હોય છે. સુખ અને આરામની ઇચ્છાવાળા હોય છે. તેમનો પરિવાર પણ દોષ છેદ કે સર્વછેદ પ્રાયશ્ચિત્તને યોગ્ય હોય છે. અન્ય રીતે પણ બકુશના પાંચ પ્રકાર છે-આભોગ, અનાભોગ, સંવૃત, અસંવૃત, અને સૂક્ષ્મ. (૧) **આભોગ**-જાણવા છતાં દોષોનું સેવન કરે. (૨) **અનાભોગ**-અજાણથી દોષોનું સેવન કરે. (૩) **સંવૃત**-અન્યના દેખતાં દોષોનું સેવન કરે (૪) **અસંવૃત**-કોઈ ન દેખે તેમ છુપી રીતે દોષોનું સેવન કરે. (૫) **સૂક્ષ્મ**-થોડો પ્રમાદ કરે.

(૩) **કુશીલ**-કુશીલ એટલે અયોગ્ય આચરણવાળા. ઉત્તરગુણના દોષોથી કે સંજ્વલન કષાયના ઉદયથી જેમનું ચારિત્ર દૂષિત હોય તે કુશીલ નિર્ગ્રંથ. તેના બે ભેદ છે. (૧) પ્રતિસેવના કુશીલ, (૨) કષાય કુશીલ. (૧) પ્રતિસેવના કુશીલ પિંડવિશુદ્ધિ, ભાવના આદિ ઉત્તર ગુણોમાં અતિચારનું પ્રતિસેવન કરે, અર્થાત્ અતિચારો લગાડે. (૨) કષાયકુશીલ:- સંજ્વલન કષાયના ઉદયથી ચારિત્રને દૂષિત કરે તે કષાય કુશીલ. તેના જ્ઞાનકુશીલ, દર્શનકુશીલ, ચારિત્રકુશીલ, લિંગ-કુશીલ, સૂક્ષ્મકુશીલ એ પાંચ ભેદ છે. આ પાંચ પ્રકારના કુશીલનું સ્વરૂપ પાંચ પ્રકારના સેનાપુત્રાકની જેમ જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) નિર્ગ્રંથ–ગ્રંથ એટલે ગાંઠ, ગાંઠથી રહિત તે નિર્ગ્રંથ. જેની મોહની ગાંઠ છેદાઈ ગઈ છે તે નિર્ગ્રંથ, અર્થાત્ જેના મોહનો સર્વથા ક્ષય કે ઉપશમ થઈ ગયેલ છે તે નિર્ગ્રંથ. મોહનો સર્વથા ક્ષય ૧૨મા ગુણસ્થાને અને ઉપશમ ૧૧મા ગુણસ્થાને હોય છે. આથી ૧૨મા અને ૧૧મા ગુણઠાણે રહેલ ક્ષપક અને ઉપશમક નિર્ગ્રંથ છે.

(૫) સ્નાતક–સ્નાતક એટલે મલને દૂર કરનાર. જેણે રાગાદિ દોષો રૂપ મળને દૂર કરી નાખ્યો છે તે સ્નાતક. સ્નાતકના બે ભેદ છે. (૧) સયોગી સ્નાતક અને (૨) અયોગી સ્નાતક. ૧૩મા ગુણઠાણે રહેલ સયોગી કેવળી સયોગી સ્નાતક છે. ૧૪મા ગુણઠાણે રહેલ અયોગી કેવળી અયોગી સ્નાતક છે. [૪૮]

પુલાક આદિ પાંચ નિર્ગ્રંથો સંબંધી વિશેષ વિચારણા–

**संयम–श्रुत–प्रतिसेवना–तीर्थ–लिङ्ग–लेश्यो–पपात–स्थानविकल्पतः साध्याः ॥ ९–४९ ॥**

**સંયમ, શ્રુત, પ્રતિસેવના, તીર્થ, લિંગ, લેશ્યા, ઉપપાત, સ્થાન એ આઠ દ્વારોથી નિર્ગ્રંથો સંબંધી વિશેષ વિચારણા કરવી જોઈએ.**

(૧) સંયમ:–પાંચ ચારિત્રમાંથી કોને કેટલાં ચારિત્ર હોય તેની વિચારણા. પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલ એ ત્રણને સામાયિક અને છેદોપસ્થાપનીય સંયમ હોય છે. કષાયકુશીલને પરિહાર વિશુદ્ધિ અને સૂક્ષ્મ સંપરાય એ બે સંયમ હોય છે. નિર્ગ્રંથ અને સ્નાતકને યથાખ્યાત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચારિત્ર હોય છે. કેટલાકના મતે કષાયકુશીલને યથાખ્યાત સિવાય ચાર સંયમ હોય છે. (૨) **શ્રુત** :–કોને કેટલું શ્રુતજ્ઞાન હોય તેની વિચારણા. ઉત્કૃષ્ટથી પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલ એ ત્રણને સંપૂર્ણ દશપૂર્વનું, કષાયકુશીલ અને નિર્ગ્રંથને ચૌદપૂર્વનું શ્રુત હોય છે. જઘન્યથી પુલાકને આઠપૂર્વ સંપૂર્ણ અને નવમા પૂર્વના ત્રીજા આચાર વસ્તુ નામના પ્રકરણ સુધીનું, બકુશ, કુશીલ અને નિર્ગ્રંથને અષ્ટપ્રવચનમાતાનું (પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું) શ્રુત હોય છે. સ્નાતક કેવળી હોવાથી શ્રુત રહિત હોય છે.

(૩) **પ્રતિસેવના** :–કોણ કેવા દોષોનું સેવન કરે તેની વિચારણા. પુલાક રાજા આદિના બળાત્કારથી અહિંસા આદિ વ્રતનું ખંડન કરે, પણ પોતાની ઇચ્છાથી ન કરે. ઉપકરણ બકુશો વિવિધ રંગનાં, વિવિધ આકારનાં, બહુમૂલ્યવાળાં વસ્ત્ર–પાત્ર આદિને મેળવવામાં લક્ષ્યવાળા હોય, જરૂરિયાતથી વધારે ઉપકરણો રાખે, ઉપકરણોને વારંવાર સાફસૂફ કર્યા કરે, સારાં મનગમતાં ઉપકરણો મળે તો આનંદ પામે, તેવાં ન મળે તો ખેદ પામે. શરીર બકુશો શરીરને સાફસૂફ કરવા તરફ લક્ષ્ય રાખે. ઉત્તર ગુણોમાં અતિચારો લગાડે. પણ મૂલ ગુણોમાં વિરાધના ન કરે. કષાયકુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતકમાં પ્રતિસેવનાનો અભાવ છે.

(૪) **તીર્થ** :–તીર્થમાં જ હોય કે અતીર્થમાં પણ હોય તેની વિચારણા. જ્યારે તીર્થંકર ચતુર્વિધ સંઘની સ્થાપના કરે ત્યારથી તીર્થની શરૂઆત થાય છે અને જ્યાં સુધી ચતુર્વિધ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંઘ વિદ્યમાન હોય ત્યાં સુધી તીર્થ રહે છે. એટલે ચતુર્વિધ સંઘની સ્થાપના પહેલાં અને ચતુર્વિધ સંઘનો વિચ્છેદ થયા પછી અતીર્થ–તીર્થનો અભાવ હોય છે. સર્વ પ્રકારના નિર્ગ્રંથો સર્વ તીર્થંકરોના તીર્થોમાં હોય છે. મતાંતર–પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલ તીર્થમાં જ હોય. કષાયકુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક તીર્થમાં પણ હોય અને અતીર્થમાં પણ હોય. કારણ કે મરુદેવી માતા વગેરે અતીર્થમાં થયા છે.

(૫) લિંગ :–લિંગ એટલે નિર્ગ્રંથનું ચિહ્ન. દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે લિંગ છે. રજોહરણ, મુહપત્તિ વગેરે દ્રવ્યલિંગ અને જ્ઞાન–દર્શન–ચારિત્ર ભાવલિંગ છે. પાંચે પ્રકારના નિર્ગ્રંથોને ભાવલિંગ અવશ્ય હોય છે, દ્રવ્યલિંગ હોય કે ન પણ હોય. મરુદેવી માતા વગેરેને દ્રવ્યલિંગનો અભાવ હતો. (૬) લેશ્યા :–કોને કઈ લેશ્યા હોય તેની વિચારણા. પુલાકને તથા પરિહાર વિશુદ્ધિ ચારિત્ર-વાળા કષાયકુશીલને ત્રણ શુભ લેશ્યા હોય છે. બકુશ તથા પ્રતિસેવના કુશીલને છ લેશ્યા હોય છે. સૂક્ષ્મસંપરાય સંયમવાળા કષાયકુશીલ, નિર્ગ્રંથ અને સયોગ સ્નાતક એ ત્રણને શુકલ લેશ્યા હોય છે. અયોગ સ્નાતકને લેશ્યાનો અભાવ હોય છે.

(૭) ઉપપાત :–મૃત્યુ પામીને કોણ કયાં ઉત્પન્ન થાય તેની વિચારણા. પુલાક સહસ્રાર (આઠમા) દેવલોકમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દેવોમાં ઉત્પન્ન થાય છે. બકુશ અને પ્રતિસેવના કુશીલ ૨૨ સાગરોપમની સ્થિતિવાળા ૧૧–૧૨મા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવલોકના સ્થાનોમાં ઉત્પન્ન થાય છે. કષાયકુશીલ અને નિર્ગ્રંથ સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થાય છે. જઘન્યથી સર્વ સૌધર્મ દેવલોકમાં બેથી નવ પલ્યોપમ સુધીની સ્થિતિવાળા દેવોમાં ઉત્પન્ન થાય છે. સ્નાતક મોક્ષ પામે છે.

(૮) **સ્થાન** :–સ્થાન એટલે આત્માના સંક્લેશ–વિશુદ્ધિના પર્યાયોની તરતમતા. પાંચે પ્રકારના સંયમીઓ જ્યાં સુધી કર્મોથી સર્વથા મુક્ત ન બને ત્યાં સુધી દરેકના આત્મામાં અન્ય અન્ય સંયમીની અપેક્ષાએ વિશુદ્ધિની તરતમતા અવશ્ય રહેવાની. કારણ કે આત્મવિશુદ્ધિમાં કષાયોનો હ્રાસ કારણ છે. જેમ જેમ કષાયોનો હ્રાસ અધિક તેમ તેમ વિશુદ્ધિ અધિક અને સંક્લેશ ન્યૂન. તથા જેમ જેમ કષાયોનો હ્રાસ ન્યૂન તેમ તેમ વિશુદ્ધિ ન્યૂન અને સંક્લેશ અધિક. દરેક સંયમીના આત્મામાં કષાયોનો હ્રાસ સમાન હોતો નથી. નિર્ગ્રંથ અને સ્નાતકમાં કષાયોનો અભાવ હોવાથી નિષ્કષાયત્વ (કષાયના અભાવ) રૂપ વિશુદ્ધિ સમાન હોવા છતાં યોગની તરતમતાથી આત્મવિશુદ્ધિમાં તરતમતા રહે છે. ૧૩મા ગુણસ્થાને યોગનો વ્યાપાર હોય છે. ચૌદમા ગુણઠાણે યોગનો સર્વથા અભાવ હોય છે. પાંચ પ્રકારના સંયમીઓમાં ઉક્ત સંયમસ્થાનો નીચે મુજબ છે.

પ્રારંભના સર્વ જઘન્ય સંયમસ્થાનો પુલાક અને કુશીલને હોય છે. તે બંને એકી સાથે અસંખ્ય સંયમસ્થાનો સુધી જાય છે. બાદ પુલાક અટકી જાય છે. જ્યારે કષાય-કુશીલ પુનઃ અસંખ્ય સંયમસ્થાનો સુધી જાય છે. ત્યાર બાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કષાયકુશીલ, પ્રતિસેવનાકુશીલ અને બકુશ એ ત્રણ અસંખ્ય સ્થાનો સુધી જાય છે. બાદ બકુશ અટકી જાય છે, પણ પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ ત્યાંથી અસંખ્ય સ્થાનો સુધી જાય છે. ત્યાં પ્રતિસેવનાકુશીલ અટકી જાય છે, અને કષાયકુશીલ ત્યાંથી પણ અસંખ્ય સ્થાનો સુધી જઈને પછી અટકે છે. ત્યાર બાદ અકષાય (કષાયનો અભાવ) સંયમ-સ્થાનો આવે છે. તે નિર્ગ્રંથને હોય છે. નિર્ગ્રંથ અસંખ્ય અકષાય સંયમસ્થાનો સુધી જઈને અટકે છે. ત્યાર પછી એક જ સંયમસ્થાનક બાકી રહે છે. સ્નાતક એ અંતિમ એક સંયમસ્થાનને પ્રાપ્ત કરી મોક્ષ પામે છે. આ સંયમ-સ્થાનોમાં પૂર્વ પૂર્વના સંયમસ્થાનથી પછી પછીના સંયમ-સ્થાનમાં સંયમલબ્ધિ=વિશુદ્ધિ અનંતગુણી હોય છે.

**પ્રશ્ન**—સંવર અને નિર્જરા એ બે જુદાં (સ્વતંત્ર) તત્ત્વો હોવાથી એ બેનું નિરૂપણ સ્વતંત્ર (અલગ અલગ) અધ્યાયમાં ન કરતાં એક જ અધ્યાયમાં કેમ કર્યું?

**ઉત્તર**—પ્રાયઃ સંવરનાં કારણોથી નિર્જરા પણ થાય છે. અર્થાત્ જે જે સંવરનાં કારણો છે તે તે નિર્જરાનાં પણ કારણો છે. એથી જેમ જેમ સંવર અધિક તેમ તેમ નિર્જરા પણ વધારે. આ હકીકતને જણાવવા અહીં સંવર અને નિર્જરાનું નિરૂપણ એક જ અધ્યાયમાં કરવામાં આવ્યું છે. યદ્યપિ અહીં નિર્જરાના કારણ તરીકે તપ જણાવેલ છે, પણ તે મુખ્યતાની દૃષ્ટિએ કે સ્થૂલદૃષ્ટિએ છે. સૂક્ષ્મ રીતે વિચાર કરવામાં આવે તો સંવરના કારણોથી (ગુપ્તિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમિતિ આદિથી ) પણ નિર્જરા થાય છે.[૧] સંવરનાં કારણો ગુપ્તિ આદિ ચારિત્રસ્વરૂપ છે. ચારિત્ર સંયમ અને તપ એમ ઉભય સ્વરૂપ છે. આથી જ " सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः " એ સૂત્રમાં તપનો નિર્દેશ નથી. સંયમથી સંવર થાય છે અને તપથી નિર્જરા થાય છે.[૨] તપ ચારિત્રનો જ એક વિભાગ કે ચારિત્ર સ્વરૂપ[૩] હોવા છતાં સામાન્ય બુદ્ધિવાળા જીવો સંવર અને નિર્જરાનાં કારણોને જલદી અને સહેલાઈથી સમજી શકે એ માટે તપનો અલગ નિર્દેશ કરવામાં આવ્યો હોય એમ સંભવિત છે. જૈન શાસનમાં પ્રસિદ્ધ અરિહંત આદિ નવ પદોમાં તપપદને ચારિત્રપદથી અલગ ગણવામાં આવ્યું છે. [૪૯]

---

૧ જુઓ રાજવાર્તિક અ. ૧૦. સૂ. ૧.

૨. જુઓ વિશેષાવશ્યક ગા. ૧૧૭૪ અને તેની ટીકા.

૩. જુઓ હારિ. અષ્ટકમાં પ્રત્યાખ્યાન અષ્ટક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દશમો અધ્યાય

નિર્જરાથી કર્મનો ક્ષય થાય છે, પણ આઠે કર્મોનો એકી સાથે ક્ષય થતો નથી. પ્રથમ ચાર ઘાતી કર્મોનો ક્ષય થાય છે. પછી શેષ ચાર અઘાતી કર્મોનો ક્ષય થાય છે. આથી અહીં ચાર ઘાતી કર્મોના ક્ષયથી આત્મામાં કયો ગુણ પ્રગટ થાય છે તે જણાવે છે.

मोहक्षयाद् ज्ञान-दर्शनावरणा-ऽन्तरायक्षयाच्च
केवलम् ॥ १०-१ ॥

**મોહનીય, જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય —એ ચાર કર્મોના ક્ષયથી[1] કેવળજ્ઞાન પ્રગટ થાય છે.**

યદ્યપિ ચાર કર્મના ક્ષયથી આત્મામાં ચાર ગુણ ઉત્પન્ન થાય છે, પણ આઠ કર્મોમાં જ્ઞાનાવરણ કર્મ પહેલું હોવાથી અને જ્ઞાન આત્માનું લક્ષણ હોવ થી અહીં જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી ઉત્પન્ન થતા ગુણનો નિર્દેશ કર્યો છે. આ ચાર કર્મોના ક્ષયમાં પ્રથમ મોહનીય કર્મનો ક્ષય થાય છે. અંતર્મુહૂર્ત પછી જ્ઞાનાવરણ આદિ ત્રણે કર્મોનો એકી સાથે ક્ષય થાય છે. આઠ કર્મોમાં જ્ઞાનાવરણ આદિ ચાર ઘાતી કર્મો મુખ્ય છે. આથી એ ચારનો ક્ષય

૧. કેવળજ્ઞાનના સ્વરૂપનું વર્ણન પ્રથમ અધ્યાયમાં આવી ગયું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયા પછી જ અઘાતી કર્મોનો ક્ષય થઈ શકે. ચાર ઘાતી કર્મોમાં પણ મોહનીય કર્મ પ્રધાન છે. આથી મોહનીય કર્મનો ક્ષય થયા પછી જ અન્ય ત્રણનો ક્ષય થઈ શકે છે. [૧]

મોહનીય આદિ કર્મોના ક્ષયમા હેતુ–

**बन्धहेत्वभाव–निर्जराभ्याम् ॥ १०–२ ॥**

**બંધહેતુના અભાવથી, અર્થાત્ સંવરથી, અને નિર્જરાથી મોહનીય આદિ કર્મોનો ક્ષય થાય છે.**

કર્મ એ રોગ છે, રોગ દૂર કરવા બે કારણો જરૂરી છે. (૧) રોગના હેતુઓનો ત્યાગ (પથ્ય પાલનાદિ). જેથી રોગ વૃદ્ધિ પામતો અટકી જાય. (૨) થયેલ રોગના નાશ માટે ઔષધિનું સેવન. તેમ અહીં કર્મરૂપ રોગને દૂર કરવા તેના હેતુ મિથ્યાત્વાદિના ત્યાગ (સંવરનું સેવન) રૂપ પથ્ય–પાલન અને બંધાયેલ કર્મરૂપ રોગને દૂર કરવા નિર્જરા-રૂપ ઔષધનું સેવન અનિવાર્ય છે. સંવર અને નિર્જરાથી પ્રથમ ચાર કર્મોનો ક્ષય થાય છે, બાદ અન્ય ચાર કર્મોનો ક્ષય થાય છે. [૨]

મોક્ષની વ્યાખ્યા–

**कृत्स्नकर्मक्षयो मोक्षः ॥ १०–३ ॥**

**સર્વ કર્મોનો ક્ષય એ મોક્ષ છે.**

મોક્ષ થતાં જન્મ–મરણ આદિ દુઃખોનો વિચ્છેદ થાય છે. જેમ બીજ બળી જવાથી તેમાંથી અંકુરની ઉત્પત્તિ થતી નથી, તેમ કર્મરૂપ બીજ બળી જવાથી જન્માદિરૂપ અંકુરની ઉત્પત્તિ થતી નથી. [૩]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧]પાંચ પ્રકારના ભાવોમાંથી કયા ભાવોનો અભાવ થતાં મોક્ષ થાય તેનો નિર્દેશ–

**औपशमिकादि–भव्यत्वाभावाच्चान्यत्र केवलसम्यक्त्व–ज्ञान–दर्शन–सिद्धत्वेभ्यः ॥ १०–४ ॥**

**કેવલ (ક્ષાયિક) સમ્યક્ત્વ, કેવળજ્ઞાન, કેવળદર્શન અને સિદ્ધત્વ વિના ઔપશમિક આદિ ભાવોના તથા ભવ્યત્વના અભાવથી મોક્ષ થાય છે.**

સર્વ કર્મોના ક્ષયથી મોક્ષ થતો હોવાથી સર્વ કર્મોનો અભાવ મોક્ષનું કારણ છે. સર્વ કર્મોનો ક્ષય થતાં જીવના ઔપશમિક વગેરે ભાવોનો પણ અભાવ થાય છે. આથી ઔપશમિકાદિ ભાવોનો અભાવ પણ મોક્ષમાં કારણ છે. સઘળાં કર્મોનો ક્ષય થતાં ઔપશમિક, ક્ષાયોપશમિક, ઔદયિક એ ત્રણ ભાવોનો સર્વથા અભાવ થાય છે. કારણ કે એ ત્રણ ભાવો કર્મજન્ય છે. પારિણામિક ભાવમાં ભવ્યત્વનો અભાવ થાય છે, પણ અન્ય જીવત્વાદિ રહે છે. ક્ષાયિકભાવનો અભાવ થતો નથી. કારણ કે સમ્યક્ત્વ, કેવળજ્ઞાન, કેવળદર્શન, સિદ્ધત્વ વગેરે ક્ષાયિક ભાવો રહે છે. સૂત્રમાં ભવ્યત્વ શબ્દનો ઉલ્લેખ કર્યા વિના આદિ શબ્દથી ભવ્યત્વરૂપ પારિણામિક ભાવનો નિર્દેશ કરી શકાતો હોવા છતાં, પારિણામિક ભાવમાં કેવળ ભવ્યત્વ ભાવની નિવૃત્તિ થાય છે, શેષ જીવત્વાદિ

---

૧. પાંચ ભાવોનું સ્વરૂપ બીજા અધ્યાયના પ્રારંભમાં આવી ગયું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવોની નિવૃત્તિ થતી નથી; એમ જણાવવા સૂત્રમાં ભવ્યત્વ શબ્દનો અલગ ઉલ્લેખ કર્યો છે. [૪]

સર્વ કર્મોનો ક્ષય થતાં આત્માનું ઊર્ધ્વગમન–

**तदनन्तरमूर्ध्वं गच्छत्यालोकान्तात् ॥ १०–५ ॥**

**સઘળાં કર્મોનો ક્ષય થતાં આત્મા ઉપર લોકાંત સુધી જાય છે.**

જે સમયે સઘળાં કર્મોનો ક્ષય થાય છે એ જ સમયે દેહનો વિયોગ, ઊર્ધ્વગમન કરવા માટે ગતિ અને લોકાન્તે ગમન પણ થાય છે. અર્થાત્ સર્વ કર્મ ક્ષય, દેહવિયોગ, ઊર્ધ્વગતિ, લોકાન્તગમન એ ચારેય એક જ સમયમાં થાય છે.. લોકના ઉપરનાં અંતિમ એક ગાઉના અંતિમ છઠ્ઠા ભાગમાં (૩૩૩$\frac{1}{3}$ [1]ધનુષ્ય જેટલા ભાગમાં) સિદ્ધો વસે છે. અર્થાત્ લોકાકાશની છેલ્લી પ્રતર શ્રેણીથી ૩૩૩$\frac{1}{3}$ ધનુષ્ય પ્રમાણ ભાગ સુધીમાં સિદ્ધ જીવો વસે છે. દરેક સિદ્ધ ભગવંતના મસ્તકનો અંતિમ પ્રદેશ લોકાકાશના અંતિમ પ્રદેશને સ્પર્શીને રહે છે. કારણ કે કર્મક્ષય થતાંની સાથે જ જીવ જ્યાં હોય ત્યાંથી જ સીધી ઊર્ધ્વગતિ કરે છે. પણ અલોકાકાશમાં ગતિમાં સહાયક ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી લોકાકાશનો અંતિમ પ્રદેશ આવતાં અટકી જાય છે. સિદ્ધોની અવગાહના પોતાના પૂર્વના શરીરના $\frac{2}{3}$ ભાગની રહે છે. કારણ કે શરીરમાં $\frac{1}{3}$ ભાગ જેટલા પોલાણમાં વાયુ ભરાયેલો છે.

૧. ૨૦૦૦ ધનુષનો એક ગાઉ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગ નિરોધ થતાં વાયુ નિકળી જવાથી $\frac{1}{3}$ ભાગનો સંકોચ થઈ જાય છે. આથી શરીરનો $\frac{2}{3}$ ભાગ રહે છે.

વધારેમાં વધારે ૫૦૦ ધનુષ્યની કાયાવાળા જ જીવો મોક્ષે જઈ શકે છે. ૫૦૦ ધનુષ્યની કાયાનો $\frac{2}{3}$ ભાગ ૩૩૩$\frac{1}{3}$ ધનુષ્ય થાય છે. એટલે આકાશના ઉપરના અંતિમ પ્રદેશથી નીચેના ૩૩૩$\frac{1}{3}$ ભાગ સુધીમાં સિદ્ધ જીવો રહે છે. આમ એક ગાઉનો છઠ્ઠો ભાગ અને ઉત્કૃષ્ટ અવગાહનાવાળા શરીરનો $\frac{2}{3}$ ભાગ સમાન (૩૩૩$\frac{1}{3}$ ધનુષ્ય) થાય છે.

આકાશના ઉપરના છેડાથી નીચે એક યોજન બાદ સિદ્ધ શીલા ( કે ઈષત્પ્રાગ્ભારા ) નામની પૃથ્વી આવેલી છે. જેમ રત્નપ્રભા વગેરે સાત પૃથ્વીઓ આવેલી છે, તેમ સિદ્ધ શીલા પણ આઠમી પૃથ્વી છે. આ પૃથ્વી સ્ફટિક જેવી સફેદ છે. ઉપરના ભાગમાં સપાટ છે. કથરોટ જેવી ગોળ છે. તેનો વિષ્કંભ(=લંબાઈ પહોળાઈ) ૪૫ લાખ યોજન છે; તે બરોબર મધ્યના ભાગમાં આઠ યોજન જાડી છે. મધ્ય ભાગ પછી બધી બાજુ તેની જાડાઈ ક્રમશઃ ઘટતી જાય છે. આથી તે છેડાના ભાગમાં માખીની પાંખ કરતાં પણ પાતળી છે. આથી એનો આકાર બીજના ચંદ્ર સમાન છે.

સિદ્ધ શીલાના ઉપરના ભાગથી સિદ્ધ જીવોના નીચેના અંતિમ ભાગ સુધીમાં ૩$\frac{1}{2}$ ગાઉ થાય છે. એટલે સિદ્ધ જીવો અને સિદ્ધશીલા વચ્ચે ૩$\frac{1}{2}$ ગાઉનું અંતર છે. આનો અર્થ એ થયો કે સિદ્ધશીલા પછી ૩$\frac{1}{2}$ ગાઉ ઉપર જતાં સિદ્ધ જીવો આવે છે. અઢી દ્વીપમાં જ જીવો મોક્ષ પામે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અઢી દ્વીપનો વિષ્કંભ ૪૫ લાખ યોજન પ્રમાણ છે. ૪૫ લાખ યોજનથી બહાર સિદ્ધિમાં જનાર કોઇ જ ન હોવાથી સિદ્ધ જીવો ઉપર ૪૫ લાખ યોજન પ્રમાણ ભાગમાં જ હોય છે. સિદ્ધ શીલાનો વિષ્કંભ પણ ૪૫ લાખ યોજન છે. આથી જેટલા ભાગમાં સિદ્ધ શીલા છે તેટલા જ ભાગમાં સિદ્ધશીલાથી ૩½ ગાઉ ઉપર સિદ્ધ જીવો છે.

જીવ જે સ્થાનમાં સર્વ કર્મોનો ક્ષય કરે છે તે જ સ્થાનથી સીધો ઉપર જાય છે. એક જ સ્થાનેથી અનંતા જીવો મોક્ષમાં ગયા છે. એટલે મોક્ષમાં જ્યાં એક સિદ્ધ પરમાત્મા છે ત્યાં જ અનંતા સિદ્ધ પરમાત્માઓ છે. કોઈ એકાદ સ્થાનેથી અનંતા જીવો મોક્ષમાં ગયા છે એવું નથી, સઘળી જગ્યાએથી અનંત જીવો મોક્ષમાં ગયા છે. ૪૫ લાખ યોજન પ્રમાણ અઢી દ્વીપનો તસુ જેટલો પણ કોઈ ભાગ એવો નથી કે જ્યાંથી અનંતા જીવો મોક્ષમાં ન ગયા હોય. આથી સિદ્ધ જીવોના ૪૫ લાખ યોજન ભાગમાં એકે એક પ્રદેશમાં અનંતા સિદ્ધ ભગવંતો બિરાજમાન છે. છતાં જરા પણ સંકળામણ થતી નથી. કારણ કે સિદ્ધો અરૂપી છે. સિદ્ધો અરૂપી હોવાથી જ્યોતિમાં જ્યોતિ મળી જાય તેમ એક-બીજામાં મળી જાય છે. [૫]

સર્વ કર્મક્ષય થતાં આત્માની ઊર્ધ્વગતિનું કારણ-

**पूर्वप्रयोगाद्, असङ्गत्वाद्, बन्धच्छेदात्, तथागति-परिणामाच्च तद्गतिः ॥ १०-६ ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પૂર્વપ્રયોગ, અસંગ, બંધવિચ્છેદ તથાગતિ-પરિણામ એ ચાર હેતુઓથી આત્મા સર્વકર્મ-ક્ષય થતાં ઊર્ધ્વ ગતિ કરે છે.**

અહીં ત્રણ પ્રશ્નો ઊઠે છે. (૧) સર્વ કર્મ ક્ષય થતાં આત્માની ગતિ ઊર્ધ્વ જ કેમ થાય છે? તિર્છા (વાંકી) કે અધો (–નીચે) કેમ થતી નથી? (૨) સંસારી આત્માની ગતિ ઊર્ધ્વ, અધો અને તિર્છા એમ ત્રણ પ્રકારની કેમ થાય છે? (૩) આત્માને ગતિ કરવામાં યોગ સહાયક છે. યોગ વિના આત્મા ગતિ કરી શકતો નથી. સર્વ કર્મ ક્ષય થતાં આત્મા યોગ રહિત હોવાથી ગતિ કેમ કરી શકે? આ ત્રણ પ્રશ્નોના ઉત્તરો આ સૂત્રમાં આપવામાં આવ્યા છે. તેમાં પ્રથમ પ્રશ્નનો ઉત્તર તથાગતિપરિણામાદ્ એ શબ્દથી આપવામાં આવ્યો છે. બીજા પ્રશ્નનો ઉત્તર અસઙ્ગત્વાદ્ બન્ધવિચ્છેદાત્ એ બે શબ્દોથી આપવામાં આવ્યો છે. ત્રીજા પ્રશ્નનો ઉત્તર પૂર્વપ્રયોગાત્ એ શબ્દથી આપવામાં આવ્યો છે. એ ઉત્તરો આ પ્રમાણે છે.

**પ્રથમ પ્રશ્નનો ઉત્તર**–પાંચ દ્રવ્યોમાં જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યોનો ગતિ કરવાનો સ્વભાવ છે. તેમાં પુદ્ગલનો ઊર્ધ્વ, અધો અને તિર્છા એમ ત્રણે તરફ ગતિ કરવાનો સ્વભાવ છે. જેમકે–દીપકજ્યોતિ, અગ્નિ આદિનો ઊર્ધ્વ-ગતિ કરવાનો સ્વભાવ છે. પવનનો તિર્છા ગતિ કરવાનો સ્વભાવ છે. પથ્થર આદિનો અધોગતિ કરવાનો સ્વભાવ છે. પણ આત્માનો કેવળ ઊર્ધ્વગતિ કરવાનો સ્વભાવ છે. ઊર્ધ્વગતિ કરવાના સ્વભાવથી આત્મા સર્વ કર્મ ક્ષય થતાં ઊર્ધ્વ ગતિ કરે છે.

**બીજા પ્રશ્નનો ઉત્તર**–જો આત્માનો કેવળ ઊર્ધ્વગતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવાનો સ્વભાવ છે તો સંસારી આત્મા ઊર્ધ્વ આદિ ત્રણેય પ્રકારની ગતિ કેમ કરે છે? એ પ્રશ્ન વિદ્વાનોના મગજમાં ઉપસ્થિત થાય એ સહજ છે. આનું સમાધાન એ છે કે સંસારી આત્માને કર્મોનો સંગ છે, કર્મોનું બંધન છે. આથી તેને પોતાના કર્મ પ્રમાણે ગતિ કરવી પડે છે, સંગ (બંધન) દૂર થતાં આત્મા સીધી ઊર્ધ્વ ગતિ જ કરે છે. જેમ શુષ્ક તુંબડાનો સ્વભાવ જળમાં ડૂબવાનો ન હોવા છતાં તેને માટીનો લેપ લગાડીને જલમાં નાખવામાં આવે તો તે જળમાં ડૂબી જાય છે. થોડીવાર પછી પાણીથી માટીનો લેપ ધોવાઈ જતાં તે તુંબડું જળની ઉપર આવી જાય છે. તેમ પ્રસ્તુતમાં સંસારી જીવને કર્મરૂપ માટીનો લેપ હોવાથી તે સંસારરૂપ સલીલમાં (પાણીમાં) ડૂબી ગયેલ છે, એ લેપનો સંગ દૂર થતાં સંસારરૂપ સલીલમાંથી બહાર નીકળી લોકાંતે આવીને રહે છે. પ્રસ્તુત પ્રશ્નનું બીજી રીતે સમાધાન આ પ્રમાણે છે—એરંડાનું ફળ પાકતાં તેની ઉપરનું પડ સૂકાઈ જવાથી ફાટી જાય છે, અને તેના બે ભાગ થઈ જાય છે. આથી તેમાં રહેલ બીજ એકદમ ઉપર ઉછળે છે. જ્યાં સુધી પડના બે ભાગ ન થાય ત્યાં સુધી બીજ એ પડમાં જ રહે છે, કારણ કે તેને પડનું બંધન છે. તેમ સંસારી જીવને કર્મનું બંધન છે. કર્મના બંધનનો વિયોગ થતાં જીવ એરંડાના બીજની જેમ ઊર્ધ્વગતિ કરે છે.

**ત્રીજા પ્રશ્નનો ઉત્તર**—સર્વ કર્મ ક્ષય થતાં યોગનો અભાવ હોવા છતાં યોગ નિરોધની પહેલાના યોગના—પ્રયોગના સંસ્કારો રહેલા હોવાથી તેમની સહાયથી આત્મા ઊર્ધ્વગતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે છે. જેમ કુંભાર ચાકડાને હાથની પ્રેરણાથી ગતિમાન કરીને હાથ લઇ લે છે છતાં પ્રેરણાના સંસ્કારોથી ચકની ગતિ થયા કરે છે. તેમ અહીં વર્તમાનમાં યોગનો અભાવ હોવા છતાં પૂર્વના યોગના–પ્રયોગના સંસ્કારોથી જીવ ઊર્ધ્વ ગતિ કરે છે. ઊર્ધ્વગતિથી આત્મા લોકાંતે જઈને અટકે છે. કારણ કે આગળ અલોકમાં ગતિ સહાયક ધર્માસ્તિકાય નથી. જેમ જળમાં ડુબેલા તુંબડામાંથી માટીનો લેપ ધોવાઈ જતાં તુંબડું જળની ઉપર આવીને અટકે છે, ઉપગ્રાહક જળના અભાવે જળના ઉપરના ભાગથી અધિક ઉપર જઈ શકતું નથી તેમ અલોકમાં ગતિ સહાયક ધર્માસ્તિકાય ન હોવાથી જીવ લોકાંતે આવીને અટકે છે. [૬]

સિદ્ધ જીવો સંબંધી વિશેષ વિચારણાનાં દ્વારો–

**क्षेत्र-काल-गति लिङ्ग-तीर्थ-चारित्र-प्रत्येकबुद्धबोधित-ज्ञानाऽवगाहना-ऽन्तर-संख्या-ऽल्पबहुत्वतः साध्याः ॥१०-७॥**

**ક્ષેત્ર, કાળ, ગતિ, લિંગ, તીર્થ, ચારિત્ર, પ્રત્યેક બુદ્ધ બોધિત, જ્ઞાન, અવગાહના, અંતર, સંખ્યા, અલ્પ-બહુત્વ એ બાર દ્વારોથી સિદ્ધ જીવોની વિશેષ વિચારણા કરવી જોઈએ.**

અહીં ભાષ્યમાં દરેક દ્વારની વિચારણા વર્તમાન અને ભૂત એ બે કાળની દૃષ્ટિથી કરવામાં આવી છે.

(૧) **ક્ષેત્રઃ**–કયા કયા ક્ષેત્રમાં સિદ્ધ થાય તેની વિચારણા. વર્તમાનકાળની દૃષ્ટિએ જીવ સિદ્ધિ ક્ષેત્રમાં (લોકાન્તે) સિદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય છે. ભૂતકાળને આશ્રયીને જન્મ અને સંહરણ એ બે દૃષ્ટિએ વિચારણા થઈ શકે છે. (૧) જન્મથી–પંદર કર્મ-ભૂમિમાં જન્મેલા જીવો સિદ્ધ થાય છે. (૨) સંહરણથી–અઢી દ્વીપ પ્રમાણ ક્ષેત્રમાં સિદ્ધ થાય છે. સંહરણ એટલે જીવને એક સ્થાનથી લઈ બીજા સ્થાને મૂકવો. દેશ વિરતિ અને પ્રમત્ત સંયતનું સંહરણ થાય છે. કોઈના મતે અવિરત સમ્યગ્દૃષ્ટિનું પણ સંહરણ થાય છે સાધ્વી, અવેદી, પરિહારવિશુદ્ધિ સંયત, પુલાક, ચૌદપૂર્વધર, આહારક શરીરી અને અપ્રમત્ત સંયત એ સાતનું સંહરણ થતું જ નથી.

(૨) કાળ :–કયા કાળે સિદ્ધ થાય એની વિચારણા. વર્તમાનકાળની દૃષ્ટિએ અકાળે સિદ્ધ થાય છે. કારણ કે વર્તમાનકાળની દૃષ્ટિએ જીવ સિદ્ધિ ક્ષેત્રમાં સિદ્ધ થાય છે. ત્યાં કાળ નથી. ભૂતકાળને આશ્રયીને પૂર્વ મુજબ જન્મ અને સંહરણ એ બે દૃષ્ટિએ વિચારણા થઈ શકે છે. જન્મથી અવસર્પિણી, ઉત્સર્પિણી અને અવસર્પિણી–ઉત્સર્પિણી રહિત એ ત્રણેય કાળમાં જન્મેલા સિદ્ધ થઈ શકે છે. આ સામાન્યથી વિચાર થયો. વિશેષ વિચાર કરતાં અવસર્પિણીમાં ત્રીજા આરાના સંખ્યાતા વર્ષો બાકી હોય ત્યારે અને ચોથા આરામાં જન્મેલ જીવ સિદ્ધ થાય છે. એટલે પહેલા અને બીજા આરામાં, ત્રીજા આરાના અંતિમ સંખ્યાતા વર્ષ સિવાયના કાળમાં, તથા પાંચમા અને છઠ્ઠા આરામાં જન્મેલા જીવો સિદ્ધ થતા નથી. ચોથા આરામાં જન્મેલા પાંચમા આરામાં સિદ્ધ થઈ શકે છે, પણ પાંચમા આરામાં જન્મેલા પાંચમા આરામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધ ન જ થઇ શકે. ઉત્સર્પિણીમાં બીજા, ત્રીજા અને ચોથા આરામાં જન્મેલ જીવ સિદ્ધ થાય છે.[૧] સંહરણથી સર્વકાળમાં સિદ્ધ થાય છે.

(૩) ગતિ :–કઈ ગતિમાંથી સિદ્ધ થાય તેની વિચારણા. વર્તમાન કાળની દૃષ્ટિએ સિદ્ધિ ગતિમાં સિદ્ધ થાય. ભૂતકાળને આશ્રયીને અનંતર ગતિ અને પરંપર ગતિ એમ બે રીતે વિચાર થઈ શકે છે. અનંતર ગતિની દૃષ્ટિએ મનુષ્યગતિમાંથી જ સિદ્ધ થાય છે. પરંપર ગતિએ ચારેય ગતિમાંથી સિદ્ધ થાય છે. અર્થાત્ નરકાદિ ગમે તે ગતિમાંથી મનુષ્ય ગતિમાં આવીને સિદ્ધ થઈ શકે છે.

(૪) લિંગ:–પુરુષ આદિ કયા કયા લિંગે સિદ્ધ થાય તેની વિચારણા. સ્ત્રી, પુરુષ અને નપુંસક એ ત્રણ લિંગ છે. વર્તમાનકાળની દૃષ્ટિએ લિંગ રહિત જીવ સિદ્ધ થાય છે. ભૂતકાળને આશ્રયીને અનંતર લિંગ અને પરંપર લિંગ એમ બે રીતે વિચારણા થઈ શકે છે. આ બંને પ્રકારના લિંગની દૃષ્ટિએ ત્રણે લિંગથી સિદ્ધ થાય છે. અર્થાત્ પૂર્વભવમાં ગમે તે લિંગવાળો જીવ વર્તમાન ભવમાં ગમે તે લિંગે સિદ્ધ થઈ શકે છે. અથવા દ્રવ્યલિંગ અને ભાવલિંગ એ બે લિંગની દૃષ્ટિએ આ દ્વારની વિચારણા થઈ શકે. દ્રવ્યલિંગના ત્રણ ભેદ છે.

---

૧. અવસર્પિણીમાં ત્રીજા અને ચોથા આરાના ૮૯ પખવાડિયા બાકી રહે ત્યારે અનુક્રમે પહેલા અને છેલ્લા તીર્થંકર નિર્વાણ પામે છે. ઉત્સર્પિણીમાં ત્રીજા અને ચોથા આરાના ૮૯ પખવાડિયા વ્યતીત થાય ત્યારે અનુક્રમે પહેલા અને છેલ્લા તીર્થંકર જન્મે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) સ્વલિંગ–જૈનલિંગ, (૨) અન્યલિંગ–પરિવ્રાજક આદિનું લિંગ, (૩) ગૃહસ્થલિંગ. જ્ઞાન દર્શન ચારિત્ર ભાવલિંગ છે. વર્તમાનકાળની દૃષ્ટિએ દ્રવ્યલિંગ રહિત જ્ઞાન દર્શન ચારિત્ર-રૂપ ભાવલિંગથી સિદ્ધ થાય છે. ભૂતકાળની દૃષ્ટિએ ભાવલિંગને આશ્રયીને સ્વલિંગે (જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ) સિદ્ધ થાય છે અને દ્રવ્યલિંગને આશ્રયીને સ્વલિંગ આદિ ત્રણે લિંગે સિદ્ધ થાય છે.

(૫) **તીર્થ**:–તીર્થમાં જ સિદ્ધ થાય કે અતીર્થમાં પણ સિદ્ધ થાય તેની વિચારણા. તીર્થમાં પણ સિદ્ધ થાય અને અતીર્થમાં પણ સિદ્ધ થાય છે. મરુદેવી માતા વગેરે અતીર્થ સિદ્ધ છે.

(૬) **ચારિત્ર**:–કયા ચારિત્રમાં સિદ્ધ થાય તેની વિચારણા. વર્તમાન કાળની દૃષ્ટિએ જીવ નોચારિત્રી નોઅચારિત્રી રૂપે સિદ્ધ થાય છે. ભૂતકાળની દૃષ્ટિએ અનંતર ચારિત્ર અને પરંપર ચારિત્ર એ બે રીતે વિચારણા થઈ શકે છે. અનંતર ચારિત્રની અપેક્ષાએ યથાખ્યાત ચારિત્રમાં સિદ્ધ થાય છે. પરંપર ચારિત્રની અપેક્ષાએ સામાયિક, સૂક્ષ્મ સમ્પરાય, યથાખ્યાત એ ત્રણ, અથવા છેદોપસ્થાપનીય, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત એ ત્રણ, અથવા સામાયિક, છેદોપસ્થાપનીય સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત એ ચાર, અથવા છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત એ ચાર, અથવા સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત એ પાંચ ચારિત્રોમાં સિદ્ધ થઈ શકે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭) પ્રત્યેક બુદ્ધ બોધિતઃ–કોણ સ્વયં બોધ પામીને સિદ્ધ થાય અને કોણ બીજાથી બોધ પામીને સિદ્ધ થાય તેની વિચારણા. કોઈ સ્વયં બુદ્ધ રૂપે અર્થાત્ અન્યના ઉપદેશ વિના કોઈ નિમિત્તથી સ્વયં બોધ પામીને સિદ્ધ થાય છે. કોઈ બુદ્ધબોધિત રૂપે અર્થાત્ બીજાના ઉપદેશથી બોધ પામીને સિદ્ધ થાય છે. તીર્થંકરો તથા પ્રત્યેકબુદ્ધો સ્વયં બુદ્ધ હોય છે. બીજા જીવો બુદ્ધબોધિત હોય છે.

(૮) જ્ઞાનઃ–કયા જ્ઞાનથી સિદ્ધ થાય તેની વિચારણા. વર્તમાન કાળની દૃષ્ટિએ કેવળજ્ઞાનથી સિદ્ધ થાય છે. ભૂતકાળની દૃષ્ટિએ મતિ–શ્રુત એ બે જ્ઞાનથી, અથવા મતિ–શ્રુત, અવધિ એ ત્રણ જ્ઞાનથી, અથવા મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ એ ચાર જ્ઞાનથી સિદ્ધ થાય છે. અર્થાત્ કેવળજ્ઞાન પામતાં પહેલાં તે તે જ્ઞાન હોઈ શકે છે.

(૯) અવગાહનાઃ–કેટલી અવગાહનાવાળા જીવો સિદ્ધ થાય તેની વિચારણા. અવગાહના એટલે આત્મપ્રદેશોને રહેવાની જગ્યા, અર્થાત્ શરીરનું પ્રમાણ–ઊંચાઈ. ઉત્કૃષ્ટથી ૫૦૨ થી ૫૦૯ ધનુષ્યની કાયાવાળા જીવો સિદ્ધ થઈ શકે છે. જઘન્યથી ૨ થી ૯ અંગુલ ન્યૂન બે હાથની કાયાવાળા જીવો સિદ્ધ થઈ શકે છે. વર્તમાનકાળની દૃષ્ટિએ પોતાની કાયાના $\frac{2}{3}$ ભાગની અવગાહનામાં સિદ્ધ થાય છે. ભૂતકાળની દૃષ્ટિએ પોતપોતાની કાયાની અવગાહનામાં સિદ્ધ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૦) અંતરઃ—સતત પ્રત્યેક સમયે સિદ્ધ થાય કે અંતર પડે? અંતર પડે તો કેટલું અંતર પડે તેની વિચારણા. જીવો અનંતર (–સતત) સિદ્ધ થાય છે, અને અંતરથી પણ સિદ્ધ થાય છે. એટલે કે કેટલીક વખત સતત અનેક સમય સુધી સિદ્ધ થયા કરે છે. આ પ્રમાણે સતત સિદ્ધ થયા કરે તો જઘન્યથી બે સમય સુધી અને ઉત્કૃષ્ટથી આઠ સમય સુધી સિદ્ધ થાય છે. અર્થાત્ પહેલા સમયે કોઈ જીવ સિદ્ધ થાય, પછી તુરત બીજા સમયે કોઈ જીવ સિદ્ધ થાય, પછી ત્રીજા સમયે કોઈ જીવ સિદ્ધ થાય, આમ સતત પ્રત્યેક સમયે સિદ્ધ થાય તો વધારેમાં વધારે આઠમા સમય સુધી સિદ્ધ થાય. નવમા સમયે અંતર પડી જાય. સતત આઠ સમય સુધી મોક્ષ થયા પછી નવમા સમયે કોઈ પણ ક્ષેત્રમાંથી કોઈ પણ જીવ મોક્ષમાં ન જાય. આ અંતર જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ માસ પડે છે. અર્થાત્ કોઈ એક સમયે કોઈ પણ જીવ મોક્ષે ન જાય, બીજા સમયે પણ કોઈ પણ જીવ મોક્ષે ન જાય, ત્રીજા સમયે પણ કોઈ પણ જીવ મોક્ષે ન જાય. એમ સતત છ માસ સુધી કોઈ પણ જીવ મોક્ષે ન જાય. છ મહિના પછી અવશ્ય કોઈ જીવ સિદ્ધ થાય.

(૧૧) સંખ્યા—એક સમયમાં એકી સાથે કેટલા સિદ્ધ થાય તેની વિચારણા. એક સમયમાં જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી ૧૦૮ જીવો સિદ્ધ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૨) અલ્પબહુત્વ—ક્ષેત્ર આદિ ૧૧ દ્વારોને આશ્રયીને કયા દ્વારમાં કયા દ્વારથી વધારે કે ઓછા સિદ્ધ થાય તેની વિચારણા. દા. ત. ક્ષેત્ર દ્વારમાં સંહરણ સિદ્ધોથી જન્મ સિદ્ધો સંખ્યાતગુણા છે. કાળ દ્વારમાં ઉત્સર્પિણીકાળ સિદ્ધોથી અવસર્પિણીકાળસિદ્ધો વિશેષાધિક છે. અવસર્પિણીકાળ સિદ્ધોથી અનુત્સર્પિણી અનવસર્પિણીકાળ સિદ્ધો સંખ્યાતગુણા છે. આ પ્રમાણે બીજા ગતિ આદિ દ્વારોમાં અલ્પબહુત્વનો વિચાર થઈ શકે. વિશેષ જિજ્ઞાસુઓએ મૂળ ગ્રન્થની ટીકા જોઈ લેવી. [૭]

## સમાપ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# अन्तिमोपदेशः

एवं तत्त्वपरिज्ञानाद्, विरक्तस्यात्मनो भृशम् ।
निरास्रवत्वाच्छिन्नायां, नवायां कर्मसन्ततौ ॥ १ ॥
पूर्वार्जितं क्षपयतो, यथोक्तैः क्षयहेतुभिः ।
संसारबीजं कात्स्न्र्येन, मोहनीयं प्रहीयते ॥ २ ॥
ततोऽन्तरायज्ञानघ्न-दर्शनघ्नान्यनन्तरम् ।
प्रहीयतेऽस्य युगपत्, त्रीणि कर्माण्यशेषतः ॥ ३ ॥
गर्भसूच्यां विनष्टायां, यथा तालो विनश्यति ।
तथा कर्मक्षयं याति, मोहनीये क्षयं गते ॥ ४ ॥

---

(૧–૨) આ પ્રમાણે તત્ત્વોને સારી રીતે જાણવાથી સર્વથા વિરક્ત બનેલો જીવ આસ્રવોનો સર્વથા નિરોધ કરીને નવાં કર્મો બાંધતો નથી, અને પૂર્વે બાંધેલાં કર્મોને શાસ્ત્રોક્ત કર્મક્ષયનાં કારણોથી ખપાવી નાખે છે; આથી સંસારનું બીજ મોહનીય કર્મ સર્વથા નાશ પામે છે.

(૩) ત્યાર બાદ તરત જ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણ કર્મો એકી સાથે સર્વથા નાશ પામે છે.

(૪) જેમ ગર્ભસૂચિનો–મધ્યમાં રહેલાં તંતુનો નાશ થતાં સંપૂર્ણ તાડવૃક્ષ નાશ પામે છે તેમ, મોહનીય કર્મનો ક્ષય થતાં શેષ સઘળાં કર્મોનો ક્ષય થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ततः क्षीणचतुष्कर्मा, प्राप्तोऽथाख्यातसंयमम् ।
बीजबन्धननिर्मुक्तः, स्नातकः परमेश्वरः ॥ ५ ॥

शेषकर्मफलापेक्षः, शुद्धो बुद्धो निरामयः ।
सर्वज्ञः सर्वदर्शी च, जिनो भवति केवली ॥ ६ ॥

कृत्स्नकर्मक्षयादूर्ध्वं, निर्वाणमधिगच्छति ।
यथा दग्धेन्धनो वह्नि-र्निरुपादानसन्ततिः ॥ ७ ॥

दग्धे बीजे यथाऽत्यन्तं, प्रादुर्भवति नाङ्कुरः ।
कर्मबीजे तथा दग्धे, नारोहति भवाङ्कुरः ॥ ८ ॥

---

(૫–૬) ત્યાર બાદ ચાર ઘાતીકર્મોથી રહિત, યથાખ્યાત સંયમને પામેલા અને બીજ રૂપ મોહનીયાદિ કર્મના બંધનથી મુક્ત તે મહાત્મા સ્નાતક (=અંતર્મલ દૂર કરવાથી નાહેલા) અને પરમેશ્વર (કેવળજ્ઞાન રૂપ ઋદ્ધિ–ઐશ્વર્ય પ્રાપ્ત થવાથી પરમ ઐશ્વર્યવાળા) બને છે, આ અવસ્થામાં તે મહાત્મા શેષ ચાર અઘાતી કર્મોના ઉદયવાળા હોય છે, તે છતાં, શુદ્ધ (મોહાદિ મલ દૂર થવાથી), બુદ્ધ (કેવળજ્ઞાની હોવાથી), નિરામય (બાહ્ય અભ્યંતર સઘળાં રોગનાં કારણો દૂર થવાથી), સર્વજ્ઞ, સર્વદર્શી, જિન અને કેવળી બને છે.

(૭) નાખેલાં સઘળાં કાષ્ઠો બળી જવાથી કાષ્ઠથી રહિત બનેલા અગ્નિની જેમ, સઘળાં કર્મોનો ક્ષય થવાથી સંસારનાં મૂળ કારણોની પરંપરાથી રહિત બનેલા તે મહાત્મા ઉપર (સિદ્ધિક્ષેત્રમાં) નિર્વાણ–મોક્ષ પામે છે.

(૮) જેમ બીજ સર્વથા બળી જતાં તેમાંથી અંકુર ઉત્પન્ન થતો નથી, તેમ કર્મરૂપ બીજ સર્વથા બળી ગયા બાદ ફરીથી ભવ રૂપ અંકુરની ઉત્પત્તિ થતી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तदनन्तरमेवोर्ध्वं-मालोकान्तात् स गच्छति ।
पूर्वप्रयोगासङ्गत्व,-बन्धच्छेदोर्ध्वगौरवैः+ ॥ ९ ॥

कुलालचक्रे दोलाया,-मिषौ चापि यथेष्यते ।
पूर्वप्रयोगात् कर्मेह, तथा सिद्धगतिः स्मृता ॥ १० ॥

मृल्लेपसङ्गविनिर्मोक्षाद् यथा दृष्टाप्स्वलाबुनः ।
कर्मसङ्गविनिर्मोक्षात्, तथा सिद्धगतिः स्मृता ॥ ११ ॥

एरण्डयन्त्रपेडासु, बन्धच्छेदाद् यथा गतिः ।
कर्मबन्धविच्छेदात्, सिद्धस्यापि तथेष्यते ॥ १२ ॥

---

(૯) સઘળાં કર્મોનો ક્ષય થયા બાદ તુરત જ તે મહાત્મા લોકાંત સુધી ઊંચે જાય છે. (૧) પૂર્વ પ્રયોગ, (૨) અસંગ(૩) બંધ છેદ, (૪) ઊર્ધ્વ ગૌ વ એ ચાર ઊંચે જવાનાં કારણો છે.

પૂર્વપ્રયોગ—

(૧૦) પ્રેરણા વિના પણ પૂર્વપ્રયોગથી (=પૂર્વના વેગથી) જેમ કુંભારનું ચક્ર–ચાકડો ભ્રમણ કરે છે, હિંડોળો હાલે છે, બાણ આગળ જાય છે, તેમ પ્રસ્તુતમાં યોગો ન હોવા છતાં પૂર્વપ્રયોગથી (=પૂર્વના યોગવ્યાપારની અસરથી) સિદ્ધ જીવોની ગતિ થાય છે.

અસંગ—

(૧૧) જેમ માટીનો લેપ દૂર થતાં હળવી બનેલી તુંબડી પાણીની ઉપર આવે છે, તેમ કર્મનો લેપ દૂર થતાં હળવા બનેલા સિદ્ધપરમાત્માની ઊર્ધ્વગતિ થાય છે.

બંધછેદ:—

(૧૨) એરંડફળ, યંત્ર અને પેડા (?)નું બંધન છેદાતાં અનુક્રમે બીજ, કાષ્ઠ અને પેડાપુટ (?)ની ગતિ થાય છે, તેમ કર્મનું બંધન છેદાતાં સિદ્ધજીવની ગતિ થાય છે.

---

+ ऊर्ध्वगमनमेव गौरवम्

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ऊर्ध्वगौरवधर्माणो, जीवा इति जिनोत्तमैः ।
अधोगौरवधर्माणः, पुद्गला इति चोदितम् ॥ १३ ॥

यथाऽधस्तिर्यगूर्ध्वं च, लोष्ठवाय्वग्निवीतयः ।
स्वभावतः प्रवर्तन्ते, तथोर्ध्वं गतिरात्मनाम् ॥ १४ ॥

अतस्तु गतिवैकृत्य-मेषां यदुपलभ्यते ।
कर्मणः प्रतिघाताच्च, प्रयोगाच्च तदिष्यते ॥ १५ ॥

अधस्तिर्यगधोर्ध्वं च, जीवानां कर्मजा गतिः ।
ऊर्ध्वमेव तु तद्धर्मा, भवति क्षीणकर्मणाम् ॥ १६ ॥

---

ઊર્ધ્વગૌરવ—

(૧૩) જીવો ઊંચે જવાના સ્વભાવવાળા અને પુદ્ગલો નીચે જવાના સ્વભાવવાળા છે એમ જિનેશ્વરોએ કહ્યું છે.

(૧૪) જેમ સ્વભાવથી પાષાણ નીચે જાય છે, વાયુ તિર્યગ્-તિછી ગતિ કરે છે, અગ્નિ ઊંચે ગતિ કરે છે, તેમ સ્વભાવથી જ આત્માની ગતિ ઊર્ધ્વ થાય છે. [ वीतयः=गतयः ]

આત્મા આદિની સ્વભાવથી વિરુદ્ધ ગતિ થવાનું કારણ:—

(૧૫) આત્મા આદિની પોતાના સ્વભાવથી વિરુદ્ધ ગતિ જે દેખાય છે, તે કર્મ (=ક્રિયા), પ્રતિઘાત (ભીંત આદિનો) અને પ્રયોગ (પુરુષની ઇચ્છા પ્રમાણે) એ ત્રણ કારણોથી થાય છે.

કર્મથી સ્વભાવવિરુદ્ધ ગતિ:—

(૧૬) કર્મયુક્ત જીવોની કર્મના કારણે ઊર્ધ્વ, અધો અને તિછી એમ ત્રણે ગતિ થાય છે. પણ કર્મરહિત જીવોની સ્વાભાવિક ઊર્ધ્વગતિ જ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

द्रव्यस्य कर्मणो यद्वद्-उत्पत्त्यारम्भवीतयः ।
समं तथैव सिद्धस्य, गतिमोक्षभवक्षयाः ॥ १७ ॥

उत्पत्तिश्च विनाशश्च, प्रकाशतमसोरिह ।
युगपद् भवतो यद्वत्, तथा निर्वाण-कर्मणोः ॥ १८ ॥

तन्वी मनोज्ञा सुरभिः, पुण्या परमभास्वरा ।
प्राग्भारा नाम वसुधा, लोकमूर्ध्नि व्यवस्थिता ॥ १९ ॥

नृलोकतुल्यविष्कम्भा, सितच्छत्रनिभा शुभा ।
ऊर्ध्वं तस्याः क्षितेः सिद्धा, लोकान्ते समवस्थिताः ॥ २० ॥

तादात्म्यादुपयुक्तास्ते, केवलज्ञान-दर्शनैः ।
सम्यक्त्वसिद्धतावस्था-हेत्वभावाच्च निष्क्रियाः ॥ २१ ॥

---

(૧૭) જેમ દ્રવ્યની ક્રિયાની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ એક સાથે ( એક જ સમયે ) થાય છે, તે જ પ્રમાણે સિદ્ધ જીવના ( લોકાંતે) ગતિ, મોક્ષ અને ભવક્ષય એ ત્રણે ભાવો એકી સાથે થાય છે.

(૧૮) પ્રકાશની ઉત્પત્તિ અને અંધકારનો નાશ જેમ એકી સાથે થાય છે, તેમ નિર્વાણની=મોક્ષની ઉત્પત્તિ અને કર્મનો નાશ એ બંને એકીસાથે થાય છે.

સિદ્ધોનું સ્થાનઃ—

(૧૯-૨૦) સૂક્ષ્મ, મનોહર, સુગંધી, પવિત્ર અને પરમ પ્રકાશમય પ્રાગ્ભારા નામની પૃથ્વી લોકના અગ્રભાગે રહેલી છે. આ શુભ પૃથ્વી મનુષ્યલોક તુલ્ય (૪૫ લાખ યોજન) વિસ્તારવાળી અને ખુલ્લી કરેલી સફેદ છત્રીના જેવા આકારવાળી છે. આ પૃથ્વીની ઉપર લોકાંતે સિદ્ધો બિરાજમાન છે.

(૨૧) સિદ્ધો તાદાત્મ્યભાવે કેવળજ્ઞાન અને કેવલદર્શનથી ઉપયુક્ત (=કેવલજ્ઞાન-દર્શનના ઉપયોગવાળા) છે, સમ્યક્ત્વ અને સિદ્ધત્વમાં અવસ્થિત છે, ક્રિયાનું કારણ ન હોવાથી ક્રિયારહિત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ततोऽप्यूर्ध्वं गतिस्तेषां, कस्मान्नास्तीति चेन्मतिः ।
धर्मास्तिकायस्याभावात्, स हि हेतुर्गतेः परः ॥ २२ ॥

संसारविषयातीतं, मुक्तानामव्ययं सुखम् ।
अव्याबाधमिति प्रोक्तं, परमं परमर्षिभिः ॥ २३ ॥

स्यादेतदशरीरस्य, जन्तोर्नष्टाऽष्टकर्मणः ।
कथं भवति मुक्तस्य, सुखमित्यत्र मे शृणु ॥ २४ ॥

लोके चतुर्ष्विहार्थेषु, सुखशब्दः प्रयुज्यते ।
विषये वेदनाभावे, विपाके मोक्ष एव च ॥ २५ ॥

सुखो वह्निः सुखो वायु-र्विषयेष्विह कथ्यते ।
दुःखाभावे च पुरुषः, सुखितोऽस्मीति मन्यते ॥ २६ ॥

पुण्यकर्मविपाकाच्च, सुखमिष्टेन्द्रियार्थजम् ।
कर्मक्लेशविमोक्षाच्च, मोक्षे सुखमनुत्तमम् ॥ २७ ॥

---

(२२) પ્રશ્નઃ—લોકાંતથી ઉપર સિદ્ધોની ગતિ કેમ થતી નથી ? ઉત્તરઃ—લોકાંતથી ઉપર ગતિમાં સહાયક ધર્માસ્તિકાય ન હોવાથી ત્યાં સિદ્ધોની ગતિ થતી નથી.

(૨૩) સિદ્ધોને સંસારના વિષય સુખથી ચઢિયાતું, શાશ્વત અને દુઃખથી રહિત પરમસુખ હોય છે એમ તીર્થંકરોએ કહ્યું છે.

મોક્ષસુખની સિદ્ધિઃ—

(૨૪–૨૭) પ્રશ્નઃ—આઠ કર્મ અને શરીરથી રહિત સિદ્ધ જીવને સુખ શી રીતે હોય ?

ઉત્તરઃ—આ લોકમાં વિષય, દુઃખનો અભાવ, વિપાક અને મોક્ષ એ ચાર અર્થોમાં સુખ શબ્દનો પ્રયોગ થાય છે. (૧) અગ્નિ સુખ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सुखप्रसुप्तवत् केचि,-दिच्छन्ति परिनिर्वृत्तिम् ।
तदयुक्तं क्रियावत्त्वात्, सुखानुशयतस्तथा ॥ २८ ॥
श्रमक्लममदव्याधि,-मदनेभ्यश्च संभवात् ।
मोहोत्पत्तेर्विपाकाच्च, दर्शनघ्नस्य कर्मणः ॥ २९ ॥
लोके तत्सदृशो ह्यर्थः, कृत्स्नेऽप्यन्यो न विद्यते ।
उपगीयेत तद् येन, तस्मान्निरुपमं सुखम् ॥ ३० ॥
लिङ्गप्रसिद्धेः प्रामाण्या-दनुमानोपमानयोः ।
अत्यन्तं चाप्रसिद्धं तद्, यत् तेनानुपमं स्मृतम् ॥ ३१ ॥

કારી છે, વાયુ સુખકારી છે એ પ્રમાણે લોકમાં વિષયોમાં સુખ-શબ્દનો પ્રયોગ થાય છે. (૨) દુઃખ ન હોય તો પુરુષ પોતાને હું સુખી છું એમ માને છે. (૩) પુણ્યકર્મના વિપાકથી ઇષ્ટ ઇંદ્રિયવિષયથી ઉત્પન્ન અનુભવને સુખ કહેવામાં આવે છે. (૪) કર્મ અને કલેશથી સર્વથા મુક્તિ થવાથી મોક્ષમાં સર્વથી ઉત્તમ સુખ હોય છે.

(૨૮–૨૯) કેટલાક મોક્ષને=મોક્ષ સુખને સુખપૂર્વક ગાઢનિદ્રામાં સૂતેલા પુરુષના સુખ જેવું માને છે તે યુક્ત નથી કારણ કે નિદ્રામાં ક્રિયા હોય છે, અને સુખનું તારતમ્ય હોય છે. તથા શ્રમ, ખેદ, મદ, રોગ અને મૈથુનક્રિયાથી, રતિ–અરતિ આદિ મોહથી, અને દર્શનાવરણ કર્મના ઉદયથી નિદ્રા આવે છે. (મોક્ષમાં આ કારણો હોતાં નથી.)

(૩૦) સંપૂર્ણ વિશ્વમાં મોક્ષસુખ સમાન અન્ય કોઈ પદાર્થ નથી, કે જેની સાથે મોક્ષસુખને સરખાવી શકાય. આથી મોક્ષસુખ અનુપમ છે.

(૩૧) મોક્ષસુખ અનુમાન અને ઉપમાનથી જાણી શકાય તેમ નથી. કારણ કે તેને જાણવા માટે કોઈ લિંગ-ચિહ્ન પ્રસિદ્ધ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रत्यक्षं तद् भगवता-मर्हतां तैश्च भाषितम् ।
गृह्यतेऽस्तीत्यतः प्राज्ञै,-र्न छद्मस्थपरीक्षया ॥ ३२ ॥

---

જે પદાર્થનું લિંગ (ઉપમાનમાં સાદૃશ્ય રૂપ લિંગ અને અનુમાનમાં અન્વયવ્યતિરેકી લિંગ) પ્રસિદ્ધ હોય તે જ પદાર્થ અનુમાન અને ઉપમાન પ્રમાણનો વિષય બને છે.

(૩૨) મોક્ષસુખ અરિહંતોને પ્રત્યક્ષ છે, અને તેમણે તેનો ઉપદેશ આપ્યો છે; માટે બુદ્ધિમાન પુરુષો મોક્ષસુખનો સ્વીકાર કરે છે, નહિ કે છદ્મસ્થ જીવોની પરીક્ષાથી.

---

## तत्त्वार्थसूत्रप्रशस्तिः

वाचकमुख्यस्य शिवश्रियः, प्रकाशयशसः प्रशिष्येण ।
शिष्येण घोषनन्दि,-क्षमणस्यैकादशाङ्गविदः ॥ १ ॥

वाचनया च महावाचक,-क्षमण मुण्डपादशिष्यस्य ।
शिष्येण वाचकाचार्य,-मूलनाम्नः प्रथितकीर्तेः ॥ २ ॥

न्यग्रोधिकाप्रसूतेन, विहरता पुरवरे कुसुमनाम्नि ।
कौभीषणिना स्वाति,-तनयेन वात्सीसुतेनार्ह्यम् ॥ ३ ॥

अर्हद्वचनं सम्यग्गुरुक्रमेणागतं समुपधार्य ।
दुःखार्तं च दुरागम-विहतमतिं लोकमवलोक्य ॥ ४ ॥

इदमुच्चैर्नागरवाचकेन. सत्त्वानुकम्पया दृब्धम् ।
तत्त्वार्थाधिगमाख्यं, स्पष्टमुमास्वातिना शास्त्रम् ॥ ५ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**यस्तत्त्वार्थाधिगमाख्यं, ज्ञास्यति करिष्यते च तथोक्तम् ।**
**सोऽव्याबाधं सौख्यं, प्राप्स्यत्यचिरेण परमार्थम् ॥ ६ ॥**

(૧-૫) જેમનો યશ જગતમાં પ્રગટ છે, તે **શિવશ્રી** નામના વાચકમુખ્યના પ્રશિષ્ય, અગિયાર અંગોના જ્ઞાતા **ઘોષનંદી** ક્ષમાશ્રમણના શિષ્ય, વાચનાથી (ભણાવનારની અપેક્ષાએ) મહાવાચક ક્ષમણ **મુંડપાદના** શિષ્ય વિસ્તૃત કીર્તિવાળા **મૂલ** નામના વાચકાચાર્યના શિષ્ય, **કૌભીષણ** ગોત્રવાળા, સ્વાતિ નામના પિતાના અને **વાત્સી** ગોત્રવાળી (ઉમા નામની) માતાના પુત્ર, **ન્યગ્રોધિકા** ગામમાં જન્મેલા, **કુસુમપુર** (પાટલીપુત્ર) નામના શ્રેષ્ઠ નગરમાં વિચરતા, **ઉચ્ચનાગર શાખાના** વાચક શ્રી **ઉમાસ્વાતિજીએ** ગુરુપરંપરાથી મળેલા ઉત્તમ અરિહંત વચનોને સારી રીતે સમજીને, જગતને (શરીર-મનનાં) દુઃખોથી પીડિત તથા અસત્ય આગ્રહથી નષ્ટ બુદ્ધિવાળું જોઈને જીવોની અનુકંપાથી, સ્પષ્ટ અર્થવાળા આ તત્ત્વાર્થાધિગમ નામના શાસ્ત્રની રચના કરી છે.

(૬) જે તત્ત્વાર્થાધિગમ નામના શાસ્ત્રને જાણશે અને તેમાં કહ્યા મુજબ કરશે તે અવ્યાબાધ સુખરૂપ પરમાર્થને (-મોક્ષ) અલ્પકાળમાં પ્રાપ્ત કરશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આર્થિક સ્પષ્ટીકરણ

(૧) પૃષ્ઠ ૪ પંક્તિ ૧૩ :–**સમ્યક્ ચારિત્ર એટલે યથાર્થ જ્ઞાનપૂર્વક અસત્ ક્રિયાથી નિવૃત્તિ અને સત્ ક્રિયામાં પ્રવૃત્તિ. પ્રશ્નઃ**–ચારિત્રનું આ લક્ષણ સિદ્ધના જીવોમાં નહિ ઘટે? **ઉત્તરઃ**–કંઈ વાંધો નહિ. કારણ કે સિદ્ધોમાં ચારિત્ર સાધ્યરૂપ છે, જ્યારે અહીં સાધનરૂપ ચારિત્રનું વર્ણન છે. અહીં મોક્ષમાર્ગનું વર્ણન હોવાથી મોક્ષના સાધનરૂપ ચારિત્ર બતાવવું જરૂરી છે. મોક્ષના સાધનરૂપ ચારિત્ર અહીં જણાવ્યું છે તે જ છે. સિદ્ધોમાં યોગની સ્થિરતા (=સ્વભાવ રમણતા) રૂપ ચારિત્ર હોય છે. **પ્રશ્નઃ**–સયોગી કેવલીમાં મોક્ષનાં ત્રણે સાધન પરિપૂર્ણ હોવા છતાં તેમનો મોક્ષ કેમ થતો નથી? **ઉત્તરઃ**–તેમને મોક્ષ થવામાં અઘાતી કર્મોનો ઉદય પ્રતિબંધક છે. કારણ સંપૂર્ણપણે હાજર હોવા છતાં જો પ્રતિબંધક વિદ્યમાન હોય તો કાર્ય ન થાય. પક્ષીમાં ઉડવાની શક્તિ છે, પણ પાંજરામાં પૂરાયો હોય તો ન ઉડી શકે. તેમ અહીં સયોગી કેવલી સમ્યગ્જ્ઞાનાદિ ત્રણે પૂર્ણ હોવા છતાં અઘાતી કર્મ રૂપ પાંજરામાં પૂરાયેલા હોવાથી મોક્ષમાં જઈ શકતા નથી.

(૨) પૃષ્ઠ ૨૩ પંક્તિ છેલ્લી:–**અંતરકરણમાં રહેલ જીવ મિથ્યાત્વ મોહનીયના દલિકોને શુદ્ધ કરે છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચસંગ્રહ ઉપશમના કરણ ગાથા ૨૨ મી તથા કર્મપ્રકૃતિ ઉપશમના કરણ ગાથા ૧૬મીની ટીકામાં અનિવૃત્તિકરણના ચરમ સમયથી અંતર્મુહૂર્ત સુધી મિથ્યાત્વના દલિકોને શુદ્ધ કરે છે એવા ભાવનું જણાવ્યું છે. કર્મગ્રંથ, લોક-પ્રકાશ વગેરે પ્રસિદ્ધ ગ્રંથોમાં અંતર કરણમાં પ્રવેશ કરે છે એ સમયથી (=ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિના પહેલા સમયથી) અંતર્મુહૂર્ત સુધી કર્મદલિકોને શુદ્ધ કરે છે એમ જણાવ્યું છે.

(૩) પૃષ્ઠ ૨૫ પંક્તિ ૧૯ :–**સૈદ્ધાંતિક મતે ઉત્કૃષ્ટ સ્થિતિ પણ ન બંધાય. પ્રશ્નઃ**–ઉત્કૃષ્ટ સ્થિતિ ન બંધાય પણ મધ્યમ સ્થિતિ બંધાય કે નહિ? **ઉત્તરઃ**–ઉત્કૃષ્ટ સ્થિતિ ન બંધાય એ ઉપલક્ષણ હોવાથી મધ્યમસ્થિતિ પણ ન બંધાય. અર્થાત્ અંતઃકોડાકોડિ સાગરોપમથી વધારે સ્થિતિ ન બંધાય.

(૪) પૃષ્ઠ ૨૫ ટીપ્પણઃ–**કાર્મગ્રંથિક અને સૈદ્ધાન્તિક એ બંનેના મતે મિથ્યાદૃષ્ટિ જીવ ક્ષાયિક સમ્યક્ત્વ પામતો નથી**.....શ્રી વિશેષાવશ્યક શ્રી કોટ્યાચાર્યની ટીકામાં મિથ્યાદૃષ્ટિ પણ ક્ષાયિક સમ્યક્ત્વ પામે એમ જણાવ્યું છે.

(૫) પૃષ્ઠ ૬૪ પંક્તિ ૪ :–**"જે દ્રવ્યને જ વસ્તુ માને"** એના સ્થાને **"જે મુખ્યતયા દ્રવ્યને વસ્તુ માને"** એમ સમજવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬) પૃષ્ઠ ૯૪ પંક્તિ ૪:–" જે પર્યાયને જ વસ્તુ માને " એના સ્થાને " જે મુખ્યતયા પર્યાયને વસ્તુ માને " એમ સમજવું.

(૭) પૃષ્ઠ ૧૧૦ પંક્તિ ૪ :–" કેટલાક **ઔદારિક** સ્કંધોમાં " એના સ્થાને " ઔદારિક આદિ બધા કર્મ-સ્કંધોમાં " એમ સમજવું. આ માટે જુઓ ચોથા કર્મ-ગ્રંથની ૬૯ મી ગાથાની ટીકા.

(૮) પૃષ્ઠ ૪૨ પંક્તિ ૯ :–" **ભાવથી મોહનીય કર્મના ઉદયથી ત્રણે અવસ્થા હોવા છતાં દ્રવ્યથી** " આટલું લખાણ અશુદ્ધ સમજવું.

(૯) પૃષ્ઠ ૧૫૩ પંક્તિ ૫ :–' **ભવના નિમિત્તથી** '

એના સ્થાને ' સ્વાભાવિક પણે ' એમ સમજવું. કારણ કે જેમ નારક–દેવોને બધાને અવધિજ્ઞાન હોય છે તેમ વાયુકાયના બધા જીવોને વૈક્રિય લબ્ધિ હોતી નથી.

(૧૦) પૃષ્ઠ ૧૬૪ પંક્તિ ૧૭ :–**ઘરભાગના સૌથી** ઉપરના વગેરે ૭ લાઈનોમાં જણાવેલ હકીકત અસત્ય છે. સત્ય હકીકત માટે ૧૬૪ મા પૃષ્ઠમાં બારમી લાઈનથી બતાવેલ હકીકત વાંચવી.

(૧૧) પૃષ્ઠ ૧૬૫ માં પ્રારંભમાં " **બાદ વાલુકા-પ્રભા વગેરે પૃથ્વીની જાડાઈ ક્રમશઃ ચાર ચાર હજાર યોજન ન્યૂન છે આથી** " આટલું લખાણ અશુદ્ધ છે. તથા ૧૨૪૦૦૦, ૧૨૦૦૦૦, ૧૧૮૦૦૦ મા ગ્રંથ

સંખ્યાના સ્થાને અનુક્રમે ૧૨૦૦૦૦, ૧૧૮૦૦૦, ૧૦૮૦૦૦ સંખ્યા સમજવી. નીચે આપેલા કોઠામાં પણ આ પ્રમાણે સમજવું.

(૧૨) પૃષ્ઠ ૧૬૫ પંક્તિ ૧૪ :–" દરેક પૃથ્વીમાં તિર્છુ અંતર " એના સ્થાને " દરેક પૃથ્વીમાં એક પૃથ્વીથી બીજી પૃથ્વી વચ્ચેનું અંતર " એમ સમજવું.

(૧૩) પૃષ્ઠ ૧૬૫ પંક્તિ ૧૫ :–" યોજન છે. " આ શબ્દો પછી " દરેક પૃથ્વીનો તિર્યક્ વિસ્તાર અસંખ્યાત કોડાકોડિ યોજન છે. નીચે નીચેની પૃથ્વીમાં અસંખ્યાતું મોટું જાણવું." આટલું ઉમેરવું.

(૧૪) પૃષ્ઠ ૧૬૬ પંક્તિ ૨૦ :–" એ જ પ્રમાણે દરેક પૃથ્વીમાં પણ જાણવું " એ લખાણ પછી " પણ સાતમી પૃથ્વીમાં ઉપર સાડા બાવન હજાર અને નીચે પણ સાડાબાવન હજાર યોજનમાં નરકાવાસો છે." આટલું ઉમેરવું.

(૧૫) પૃષ્ઠ ૨૧૨ પં૦ ૧૯ :–'પરમાણુને' એ શબ્દ પહેલાં અત્યંત મંદ (=સર્વ જઘન્ય) ગતિવાળા આટલું ઉમેરવું, કારણ કે તીવ્ર ગતિવાળો પરમાણુ એક સમયમાં લોકના નીચેના છેડાથી ઉપરના છેડા સુધી જઈ શકે છે.

(૧૬) પૃ૦ ૪૨૬ ૧૬ મી લાઈન પછી નીચેનું લખાણ ઉમેરવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્ન:–સંબોધ પ્રકરણ વગેરે ગ્રંથોમાં દેશાવગાસિક વ્રતમાં સર્વ વ્રતોનો સંક્ષેપ થાય છે એમ જણાવ્યું છે. જ્યારે અહીં (આ વિવેચનમાં) પાંચ અણુવ્રત અને ત્રણ ગુણવ્રત એમ આઠ વ્રતોનો સંક્ષેપ કરવાનું વિધાન છે એવા ભાવનું જણાવ્યું છે તેનું શું કારણ? ઉત્તર:–ચાર શિક્ષાવ્રતોનો સંકોચ ન થાય. કારણ કે તે આત્માને ઉપકારી છે. શિક્ષાવ્રતો શુભ પ્રવૃત્તિ રૂપ છે. (જો કે પરમાર્થથી સામાયિક આદિ પાપથી નિવૃત્તિરૂપ છે. પણ બાહ્યદૃષ્ટિએ શુભપ્રવૃત્તિરૂપ પણ છે) આથી તેનો સંકોચ ન થાય. તથા ધર્મસંગ્રહમાં શ્રાદ્ધદિનકૃત્યની બે ગાથાની (ગા૦ ૩૦૦–૩૦૧) સાક્ષીપૂર્વક આઠ વ્રતોનો સંક્ષેપ જણાવ્યો છે. સંબોધ પ્રકરણ વગેરેમાં "દેશાવગાસિકમાં સર્વ વ્રતોનો સંક્ષેપ થાય છે" એમ સ્પષ્ટ પાઠ હોવા છતાં અર્થાપત્તિથી આઠ વ્રતોનો સંક્ષેપ થાય.

(૧૭) ૨૨૦ મા પેજમાં નીચેનું લખાણ ઉમેરવું.

## ભવનપતિ–વ્યંતર–જ્યોતિષ્કમાં અવધિક્ષેત્ર.

ઉત્કૃષ્ટ તિર્યંચ–જે દેવોનું અર્ધા સાગરોપમથી ન્યૂન આયુષ્ય હોય તેમને સંખ્યાત યોજન, તેથી અધિક આયુષ્ય વાળાને અસંખ્યાત યોજન. જેમ જેમ આયુષ્ય અધિક તેમ તેમ અસંખ્યાતનું પ્રમાણ મોટું સમજવું.

ઉત્કૃષ્ટ–ઊર્ધ્વ–ભવનપતિને સૌધર્મ સુધી, વ્યંતર–જ્યોતિષને સંખ્યાતયોજન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્કૃષ્ટ અધઃ–ભવનપતિને ત્રીજી નરક સુધી, વ્યંતર–જ્યોતિષને સંખ્યાત યોજન સુધી.

ઊર્ધ્વાદિ ત્રણેમાં જઘન્યઃ–ભવનપતિ અને વ્યંતરમાં ૨૫ યો૦ જ્યોતિષમાં સંખ્યાત યોજન.

(૧૮) પૃ૦ ૪૦૩ પં૦ ૧૬ માં સંવેગનો અર્થ ભાષ્યના "संवेगो नाम संसारभीरुत्वं" એ પાઠના આધારે લખ્યો છે. સામાન્યથી સંવેગનો મોક્ષાભિલાષ અર્થ અને નિર્વેદનો સંસાર ભય અર્થ વધારે પ્રસિદ્ધ છે. છતાં કોઈ કોઈ ગ્રંથોમાં આનાથી વિપરીત એટલે કે સંવેગનો નિર્વેદ અને નિર્વેદનો સંવેગ અર્થ પણ જોવા મળે છે.

(૧૯) પૃ૦ ૪૫૮ પં. ૧૨ :–"અવધિપૂર્ણ થતાં લઈ લે" આ લખાણ પછી નીચેનું લખાણ ઉમેરવું.

અથવા નિયમ ઉપરાંત આવેલી રકમ બહાર દેખાવ માટે પોતાના પુત્ર, પુત્રી, સ્ત્રી આદિ સ્વજનના નામે ચઢાવી અંતરથી પોતાની માલિકી રાખે. આ રીતે બીજાને આપવા છતાં કે બીજાના નામે ચઢાવવા છતાં માલિકી પોતાની રહેતી હોવાથી નિયમ ભંગ થાય. પણ મેં નિયમ ઉપરાંત રાખ્યું નથી એવી બુદ્ધિ હોવાથી વ્રત સાપેક્ષ હોવાથી અંશાભંગ રૂપ અતિચાર ગણાય.

(૨૦) પૃ૦ ૪૫૮ પં૦ ૨૩–'ચાંદીના' એ શબ્દના બદલે ચિત્તા બનેરે કોઈ હલકો અન્ય ધાતુ વાચી શબ્દ સમજવો. કારણ કે યોજન આદિ પરિમાણ અનુક્રમે ઓછું-વધતું

આદિ પાંચમાં અતિચાર લાગે છે. આથી ભાવથી કુપ્યમાં અતિચાર લાગે છે. કુપ્યમાં પિત્તળ આદિ હલકી ધાતુનો સમાવેશ થાય છે, ચાંદીનો નહિ. ચાંદી વિગેરે કિંમતી ધાતુઓનો હિરણ્ય-સુવર્ણમાં સમાવેશ થાય છે.

(૨૧) પૃ૦ ૪૫૮ છેલ્લી પંક્તિ પછી નીચેનું લખાણ ઉમેરવું.

અથવા પરિગ્રહ પરિમાણથી વધેલ વસ્તુને પરિગ્રહ પરિમાણથી ઓછી રહેલ વસ્તુરૂપે ફેરવી નાખવી. જેમકે પિત્તળના કથ્થા પ્યાલા અને પિત્તળની કથ્થા વાટકીથી વધારે ન રાખવાનો નિયમ કર્યા પછી, ભેટ આદિથી પિત્તળના પ્યાલાની સંખ્યા વધી જતાં, નિયમ ભંગના ભયથી વધેલા પ્યાલાઓને ભંગાવીને, વાટકીઓની સંખ્યા ઓછી હોવાથી વાટકીઓ બનાવી દે.

(૨૨) પૃ. ૫૨૨ પં. ૧૮:-"આઠ પ્રત્યેક પ્રકૃતિઓ" આ લખાણની ઉપર નીચેનું લખાણ ઉમેરવું.

પ્રશ્નઃ-જો પિંડ પ્રકૃતિમાં આવેલ ગતિનામ કર્મથી આ ચાલવા રૂપ ગતિ નામ કર્મને અલગ પાડવા જ વિહાયસ્ શબ્દ જોડવામાં આવ્યો છે તો બીજો કોઈ શબ્દ ન જોડતાં વિહાયસ્ શબ્દ જ કેમ જોડયો ? ઉત્તરઃ-ગતિ-ચાલ આકાશમાં (=ખાલી જગ્યામાં) થતી હોવાથી વિહાયસિ[૧] ગતિઃ= આકાશમાં ગતિ તે વિહાયોગતિ એમ અર્થ પણ ઘટતો

[૧] આ વિગ્રહ તત્ત્વાર્થભાષ્યની ટીકામાં છે. કર્મગ્રંથમાં વિહાયસો ગતિઃ=વિહાયોગતિઃ એવો વિગ્રહ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોવાથી નીચે કોઈ શબ્દ ન જોડતાં વિદ્યમાન શબ્દ જોડ્યો છે.

(૨૩) પૃ. ૫૬૨ પં. ૧૩:–"જેઓ કોઈ પણ જાતના" અહીંથી સંપૂર્ણ પેરેગ્રાફના સ્થાને નીચેનું લખાણ સમજવું.

નિરતિચાર એટલે અતિચાર રહિત. સાતિચાર એટલે અતિચાર સહિત. અહીં અતિચાર એટલે મૂલગુણનો સર્વથા ભંગ. મૂલગુણના સર્વથા ભંગથી રહિત સાધુને નિરતિચાર અને મૂલગુણના સર્વથા ભંગવાળા સાધુને સાતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર હોય છે. ઇત્વર સામાયિકવાળા સાધુને છેદોપસ્થાપનીય ચારિત્ર નિરતિચાર છે. તથા એક તીર્થંકરના તીર્થમાંથી બીજા તીર્થંકરના તીર્થમાં જતા સાધુને પણ છેદોપસ્થાપનીય નિરતિચાર હોય છે. જેમકે–શ્રી મહાવીર ભગવાનના સાધુઓ પાસે ઉપસંપદા સ્વીકારનાર શ્રી પાર્શ્વનાથ ભગવાનના સાધુઓનું છેદોપસ્થાપનીય ચારિત્ર. મૂલગુણના ભંગથી જેને પુનઃ મહાવ્રતો ઉચ્ચરાવવામાં આવે તેને સાતિચાર છેદોપસ્થાપનીય હોય છે.

(૨૪) પૃ૦ ૫૬૬ પં. ૫ 'સામાયિકથી' ના સ્થાને "ઇત્વરકાલિક સામાયિકથી" એમ સમજવું.

(૨૫) પૃ૦ ૫૮૮ ૧૩ મા સૂત્રમાં અંતે નીચેનું લખાણ ઉમેરવું.

પ્રજ્ઞાઃ–૧૧ મા અને ૧૨ મા ગુણસ્થાને મોહનીય કર્મનો ઉદય ન હોવાથી ગર્વના અભાવે પ્રજ્ઞા અને હીન-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાનો અભાવે અજ્ઞાન પરીષહ કેમ સંભવે ? ઉત્તરઃ— પ્રજ્ઞાપરીષહનું ગર્વ અને અજ્ઞાન પરીષહનું દીનતા કારણ નથી, કિંતુ જ્ઞાન અને અજ્ઞાન છે. અર્થાત્ વિશિષ્ટ બુદ્ધિ મળવાથી ગર્વ કરવો એ પ્રજ્ઞાપરીષહ નથી, કિંતુ વિશિષ્ટ બુદ્ધિની પ્રાપ્તિ એ જ પ્રજ્ઞાપરીષહ છે. વિશિષ્ટ બુદ્ધિ મળવાથી ગર્વ કરવો એ પ્રજ્ઞાપરીષહનો અજય છે. તે રીતે વિશિષ્ટ જ્ઞાનની પ્રાપ્તિ ન થવાથી દીનતા કરવી એ અજ્ઞાન પરીષહ નથી, કિંતુ વિશિષ્ટ જ્ઞાનની પ્રાપ્તિ ન થવી એ જ અજ્ઞાન પરીષહ છે. વિશિષ્ટ જ્ઞાનની પ્રાપ્તિ ન થવાથી દીનતા કરવી એ અજ્ઞાન પરીષહનો અજય છે. ૧૧ મા અને ૧૨ મા ગુણસ્થાને પ્રજ્ઞા=વિશિષ્ટ બુદ્ધિ અને અજ્ઞાન બંને સંભવે છે.

અલબત્ત, ૧૧ મા અને ૧૨ મા ગુણસ્થાને ગર્વ અને દીનતા ન હોવાથી પ્રજ્ઞા અને અજ્ઞાન પરીષહનો અજય ન થાય, જય જ થાય, પણ પરીષહ તો આવે. કારણ કે ૧૧ મા અને ૧૨મા ગુણસ્થાને પ્રજ્ઞા અને અજ્ઞાન બંને સંભવે છે. તેરમા ગુણસ્થાને કેવલજ્ઞાન હોવાથી પ્રજ્ઞા=વિશિષ્ટ બુદ્ધિ અને અજ્ઞાન ન હોય. એથી એ બે પરીષહો પણ ન હોય.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ–પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૧૦–૧૬ | દુખં | દુઃખં |
| ૨૪–૨૨ | સમ્યકત્વ | સમ્યક્ત્વ |
| ૨૪–૨૨ | કામગ્રંથિક | કામંગ્રંથિક |
| ૨૭–૧૬ | આસવમાં | આસ્રવમાં |
| ૩૦–૨૨ | વળી | × |
| ૩૪–૨૪ | સાધના | સાધન |
| ૩૬–૦૨ | સ્પર્શના | સ્પર્શન |
| ૩૬–૧૪ | અર્ધ | ઇશાન અર્ધ |
| ૫૭–૧૭ | દરેક જીવોને | દરેક પ્રકારના જીવોને |
| ૬૪–૬ | ઋજુગતિ | ઋજુમતિ |
| ૮૦–૧૦ | ગ્રોના | ગ્રોમાં |
| ૮૦–૨૪ | નિર્બળતા | નિર્ભયતા |
| ૯૨–૧૯ | ભૂપતિ | ભૂપ |
| ૯૪–૪ | જે દ્રવ્યને | જે મુખ્યતયા દ્રવ્યને |
| ૯૪–૫ | જે પર્યાયને | જે મુખ્યતયા પર્યાયને |
| ૧૦૪– | જ્ઞાન | જ્ઞાન |
| ૧૧૩–૧૩ | સિદ્ધિ | સિદ્ધ |
| ૧૨૧–૧૧ | ન્દ્રિદ્વારા | ન્દ્રિય દ્વારા |
| ૧૨૨–૩ | ચક્ષુ | ચક્ષુઃ |
| ૧૨૭–૧૮ | સંમુ– | સંમૂ– |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| પૃષ્ઠ–પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૧૩૮–૧૦ | વૈક્રિય | વૈક્રિય |
| ૧૫૩–૫ | ભવના નિમિત્તથી | સ્વાભાવિકપણે |
| ૧૫૯–૧૦ | અપનવર્તનીય | અનપવર્તનીય |
| ૧૬૦–૧૬ | વિશેષાવશ્યકમ | વિશેષાવશ્યકમાં |
| ૧૭૭–૩ | પૃથ્વીમાં | પૃથ્વીમાં |
| ૧૯૦–૯ | **विदेहा** | **विदेहाः** |
| ૧૯૭–૧૯ | હલકાં | હલકા |
| ૧૯૭–૨૦ | હલકા | હલકાં |
| ૧૯૯–૮ | પ્રભુનો | તેમનો |
| ૨૧૯–૧૦ | હાવાથી | હોવાથી |
| ૨૨૦–૩ | પૃથ્વીના સુધી છેડા | પૃથ્વીના છેડા |
| ૨૨૦–૧૦ | નલિકાના | નાલિકાના |
| ૨૨૪–૨૨ | પ્રેક્ષપાહાર | પ્રક્ષેપાહાર |
| ૨૩૧–૩ | સ્થિતિના | સ્થિતિના= |
| ૨૪૫–૧૭ | આદિ | સુધીનાં |
| ૨૪૫–૧૯ | આદિ | સુધીનાં |
| ૨૪૬–૭ | આકાશાદિ | આકાશ સુધીનાં |
| ૨૪૬–૯ | સુધીના | સુધીનાં |
| ૨૫૬–૧૪ | **स्थित्ययुग्रहौ** | **स्थित्युपग्रहौ** |
| ૨૭૦–૪ | આદું | આટો |
| ૨૭૦–૮ | આદિનો | આદિની |
| ૨૭૦–૯ | આદિનો | આદિની |
| ૨૮૦–૧૫ | પ્રકારનો [ | પ્રકારનો રપર્શ હોય છે. |
| ૨૮૬–૯ | ધ્રાવ્યથી | ધ્રૌવ્યથી |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| પૃષ્ઠ-પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૨૮૮–૧૪ | રહે કોઈ | રહે કે કોઈ |
| ૨૮૯–૧૧ | પ્રતિક્ષણ | પ્રતિસમય |
| ૨૯૩–૧૬ | નિયમ | નિર્ણય |
| ૩૧૦–૨૨ | પમનારા | પામનારા |
| ૩૧૫–૧૦ | ૧૭૧ | સાધિક ૧૭૧ |
| ૩૧૫–૧૧ | ૬ | ૭ |
| ૩૧૯–૯ | ચતન્યગુણના | ચૈતન્યગુણના |
| ૩૪૨–૧૫ | નિનિત્ત | નિમિત્ત |
| ૩૪૩–૭ | નિર્વિતના | નિર્વર્તના |
| ૩૭૭–૨ | પરિણુત | પરિણુતિ |
| ૩૮૨–૨૧ | આપે | આવે |
| ૩૮૫–૧૮ | કરવા | કરવો |
| ૩૮૬–૧૨ | વ્યવહારિક | વ્યાવહારિક |
| ૪૦૧–૮ | રહેલી | રહેલા |
| ૪૦૩–૧૬ | સંસારના | સંસારનો |
| ૪૧૬–૧૭ | અહાર | આહાર |
| ૪૨૦–૨૦ | વ્રતની | વ્રતીની |
| ૪૨૧–૭ | નિઃશલ્યાતાની | નિઃશલ્યતાની |
| ૪૨૬–૧૧ | ભોગોપભોપ | ભોગોપભોગ |
| ૪૩૩–૧૫ | ભિનજરી | ભિનજરૂરી |
| ૪૫૭–૨૧ | સગ્રહ | સંગ્રહ |
| ૪૬૩–છેલ્લી | સંયુક્તધિકરણ | સંયુક્તાધિકરણ |
| ૪૬૭–૧૭ | ચરવળો | ચરવળા |
| ૪૭૦–૧૭ | તથી | નથી |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| પૃષ્ઠ-પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૪૯૪-૧૨ | હય | હય[૧] |
| ૪૯૯-૯ | કે વિપરીત શ્રદ્ધા | × |
| ૫૧૯-૨૧ | મધુર[૧] | ૧ નંબરનું ટિપ્પણ પર૦મા પેજમાં છે. |
| ૫૩૧-૫ | (–રસ છે.) | (–રસ) છે. |
| ૫૪૨-૭ | છે.[૧] | છે. |
| ૫૪૯-૨૦ | જાણુમ છે કે | જાણાય કે |
| ૫૭૭-૮ | આવ્યે | આવ્યો |
| ૫૯૨-૧૮ | ઉચ્ચારવામાં | ઉચ્ચરાવવામાં |
| ૬૧૦-૧૪ | –ડનુપ્રક્ષા | –ડનુપ્રેક્ષા– |
| ૬૨૮-૨૧ | ધ્યાનના | ધ્યાનમાં |
| ૬૩૯-૧૦ | આભેગ | આભોગ |
| ૬૪૬-૧૩ | હોવ થી | હોવાથી |
| ૬૫૧-૧૩ | અન ત | અનંત |
| ૬૫૧-૨૨ | ક્વિચ્છેદાત્ | વિચ્છેદાત્ |
| ૬૫૩-૬ | બ ધન | બંધન |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા

અને

શ્રી જૈન ગ્રેયસ્કર મંડળ-મહેસાણા

# ધાર્મિક પુસ્તકોની યાદી

| | | |
|---|---|---|
| બે પ્રતિક્રમણ મૂળ (ગુજરાતી) .... | .... | ૧-૧૦ |
| ,, (હિંદી) .... | .... | ૧-૫૦ |
| પંચપ્રતિક્રમણ મૂળ (ગુજરાતી) .... | .... | ૩-૨૫ |
| ,, (હિંદી) .... | .... | ૩-૭૫ |
| જિન ગુણ પ્રદ્યાવલી .... | .... | ૩-૫૦ |
| સામાયિક ચૈત્યવંદન સાર્થ .... | .... | ૦-૪૧ |
| ,, ,, મૂળ .... | .... | ૦-૩૦ |
| બે પ્રતિક્રમણ સાર્થ | ( છપાય છે ) | |
| પંચપ્રતિક્રમણ સાર્થ | ( છપાય છે ) | |
| જીવવિચાર સાર્થ | ( છપાય છે ) | |
| નવતત્ત્વ .... .... | .... | ૨-૦૦ |
| દંડક તથા લઘુસંઘયણી | ,, | ૨-૫૦ |
| ભાષ્યત્રયમ્ .... | ,, | ૪-૭૫ |
| કર્મગ્રંથ ૧-૨ ( ભા. ૧ લો ) | ( છપાય છે ) | |
| કર્મગ્રંથ ૩-૪ ( ભા. ૨ જો ) | ,, | |
| કર્મગ્રંથ ૫-૬ ( ભા. ૩ જો ) | | ૨-૭૫ |
| તત્ત્વાર્થ ભા. ૨ જો વિવેચન સાથે | .... | ૧૦-૫૦ |
| આનંદઘન ચોવીશી સાર્થ .... | .... | ૪-૭૫ |
| સમકિત સડસઠ બોલની સજ્ઝાય વિવેચન સાથે | | ૦-૭૫ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ ટબા સાથે | .... | .... | ૧-૦૦ |
| આત્મહિતકર આધ્યાત્મિક પત્ર સંગ્રહ | .... | .... | ૧-૦૦ |
| ધર્મોપદેશ તત્ત્વજ્ઞાન | .... | .... | ૦-૨૫ |
| અભક્ષ્ય અનંતકાય વિચાર (ગુજરાતી) | .... | .... | ૧-૫૦ |
| ,, ,, ,, (હિંદી) | .... | .... | ૧-૭૫ |
| બ્રહ્મચર્યવ્રત .... | .... | .... | ૦-૫૦ |
| આત્મજાગૃતિ ... | .... | .... | ૦-૨૫ |
| દંડક ટીકા (પ્રતાકાર) | .... | .... | ૦-૫૦ |
| સ્નાત્ર પૂજા .... | .... | .... | ૦-૫૦ |
| સમાસ સુબોધિકા .... | (છપાય છે) | | |
| શ્રી સિદ્ધહેમ રહસ્ય વૃત્તિ | .... | .... | ૬-૦૦ |
| શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્ર સાર્થ | .... | .... | ૧૨-૦૦ |

અન્યત્ર છપાયેલ

| | | | |
|---|---|---|---|
| મુક્તિ કે પથ પર | .... | .... | ૧-૦૦ |
| છ કર્મગ્રંથ સાર્થ .... | .... | .... | ૫-૦૦ |
| વીતરાગ સ્તોત્ર .... | .... | .... | ૧-૨૫ |
| જ્ઞાનસાર અષ્ટક .... | .... | .... | ૨-૫૦ |

---

આહકોને સૂચના—(૧) પુસ્તકો ઉગાઉથી નાણાં મળ્યા પછી કે વી. પી. થી મોકલી શકાય છે. (૨) પોસ્ટેજ, પેકીંગ વગેરે ખર્ચ અલગ સમજવાનું છે.

—: પ્રાપ્તિસ્થાનો :—

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
મહેસાણા (ઉ. ગુજરાત)

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org